Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદનો કોમી ત્રિકોણ

અશોક મહેતા
અચ્યુત પટવર્ધન

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

......द० ग/३

.......२१.६७३

सर्व प्रकार की निशानियां
कोई महाशय १५ दिन से
तक अपने पास नहीं रख
तक रखने के लिये पुनः
ाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ६०ग/२
आगत सं० २१९७३
तिथि० २८ मार्च-२००३
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદનો કોમી ત્રિકોણ

અશોક મહેતા
અચ્યુત પટવર્ધન

CHECKED 1973
Initial

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

આવૃત્તિ પહેલી પ્રત, ૨૨૦૦

ત્રણ રૂપિયા

ઑક્ટોબર, ૧૯૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

શ્રી. અશોક મહેતા અને શ્રી. અચ્યુત પટવર્ધને લખેલો નિબંધ 'ધિ કૉમ્યુનલ ટ્રાયેન્ગલ ઇન ઇન્ડિયા' ૧૯૪૨ ની સાલના એપ્રિલ માસમાં પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયો હતો. તે પુસ્તક પ્રસિદ્ધ થયું કે તરત જ સદ્‌ગત મહાદેવભાઈએ તેની લાંબી સમાલોચના લખીને તેને અંતે એવું સૂચન કર્યું હતું કે, આ પુસ્તકને હિંદની એકેએક પ્રાન્તિક ભાષામાં ઉતારવું જોઈએ.

તે સૂચનાને અનુસરીને, એ પુસ્તકના ગુજરાતી તરજુમાનું કામ ૧૯૪૨ના જૂન માસના અરસામાં હાથ પર લેવાનો વિચાર કરવામાં આવ્યો હતો. પરંતુ, તે વખતે 'હરિજન' ના કામને અંગે એટલી બધી ભીડ રહેતી હતી કે, તે વિચારનો અમલ શરૂ ન થઈ શક્યો. ત્યાં તો ઑગસ્ટની ૯મીએ લડત શરૂ થઈ, અને આખું ટાઇમટેબલ ખોરવાઈ ગયું. પણ એક અનુકૂળતા થઈ, અને તે એ કે, ભાષાન્તરનું કામ જેલમાં જ પૂરું થઈ ગયું. કાગળ વગેરેની સગવડ મળતાં હવે તે ગુજરાતના વાચકો આગળ અમે રજૂ કરીએ છીએ.

મૂળ અંગ્રેજી પુસ્તક જેલમાં લખાયું હતું એમ તેના લેખકો 'ઋણ-સ્વીકાર' માં જણાવે છે. તેનું ભાષાન્તર પણ જેલમાં જ થયું એ બહુ સુભગ યોગ ગણાય. આપણી મુક્તિની લડતનું એ એક લક્ષણ જ બંધાઈ ગયું છે કે, આપણાં ઘણાં કીમતી લખાણો જેલમાં મળતી ફુરસદ દરમિયાન થાય છે!

મૂળ પુસ્તકના ભાષાન્તરની પુરવણી તરીકે 'ગાંધી–ઝીણા' પત્રવહેવાર ('હિંદુસ્તાન ટાઇમ્સે' પ્રસિદ્ધ કરેલી 'ગાંધી-ઝીણા ટૉક્સ' ચોપડી ઉપરથી) ગુજરાતીમાં ઉતારવામાં આવ્યો છે. 'કોમી ત્રિકોણ' માં જે પ્રશ્નની ચર્ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં આવેલી છે, તેને અંગે એ પત્રવહેવાર એક મહત્ત્વનો દસ્તાવેજ છે. તેને આ ભાષાન્તર સાથે લેવામાં જે ઔચિત્ય છે, તે વાચકોના ધ્યાનમાં સહેજે આવશે.

સદ્‌ગત મહાદેવભાઈની સૂચનાથી આ પુસ્તકનું ભાષાન્તર કરવાનું માથે લેવામાં આવ્યું હતું. તેઓ આપણી વચ્ચે હોત તો તેમણે ભાષાન્તરને માટે પ્રસ્તાવના રૂપે બે બોલ જરૂર લખ્યા હોત. તેમની ગેરહાજરીમાં તેમણે જે સમાલોચના ૧૯૪૨માં લખેલી, તેને જ આ ભાષાન્તરની પ્રસ્તાવના લેખે ઉતારવામાં આવી છે.

તા.૧૦-૧૦-'૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

(મહાદેવ દેસાઈ)

શ્રી. અશોક મહેતા તથા અચ્યુત પટવર્ધને પોતાના જેલવાસ દરમિયાન આવા રહસ્યમય નામ નીચે હિંદુ–મુસ્લિમ ઝઘડાઓ પર આ દળદાર પુસ્તક અંગ્રેજીમાં પ્રસિદ્ધ કર્યું છે. લેખકો તરીકે બે જણાનાં નામ છે, પણ પ્રસ્તાવનામાં કહ્યા મુજબ, તેની પાછળ જેલમાં ભેગા થયેલા ઘણાક સમાજવાદી મિત્રોનો સહકાર રહેલો છે. પુસ્તકની પાછળ અત્યંત પરિશ્રમ અને ઊંડો અભ્યાસ થયેલો જણાઈ આવે છે. અંગ્રેજી તેમ જ બીજી વિદેશી ભાષાઓનાં જ નહીં, પણ હિંદુસ્તાની, ફારસી, મરાઠી વગેરે ભાષાઓનાં પણ જેટલાં મળી શકે તેટલાં આધારભૂત પુસ્તકોને શોધીને તેમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઉપર કહ્યું તેમ પુસ્તકનું નામ રહસ્યમય છે. 'સનાતન ત્રિકોણ' અંગ્રેજીમાં જાણીતો સમાસ છે. ત્રિકોણને ત્રણ બાજુ હોય, તેનો પાયો જેમ જેમ નાનો થાય તેમ તેમ બે બાજુઓ નજીક આવે. પાયો નીકળી જાય તો બે બાજુઓ એક થાય. પાયો મોટો થાય તેમ અંતર વધે. આમ પાયો બે બાજુઓ — પક્ષો — માં અંતરાયરૂપ બને છે. 'કોમી ત્રિકોણ'માં હિંદુ–મુસલમાન બે બાજુઓમાં અંગ્રેજોનો પાયો શી રીતે ભેદ પડાવે છે, એ સિદ્ધ કરેલું છે. એ નીકળી જાય તો બે કોમોના સતત ઝઘડાનો પાયો જ ખસી જાય, અને સૈકાઓ પૂર્વે સારે કે માઠે નસીબે જેઓ એકબીજાની સાથે ભેગા થયા તેનો સુંદર મેળ જામે. પોતામાં જ દોષો જોવાની ટેવવાળા ગાંધીજી, લગભગ ૨૫ વર્ષથી અંગ્રેજોના અસ્તિત્વને વજન ન આપતાં એકતા માટે પ્રયત્ન કરતા આવ્યા. પણ જ્યારે તેમના અવિશ્રાંત અને ઈશ્વરપ્રીત્યર્થે કરેલા પ્રયત્ન સફળ ન થયા, ત્યારે દુ:ખપૂર્વક તેમને એ સ્વીકારવું પડ્યું કે, જ્યાં સુધી ખરાબીનું મૂળ જાય નહીં ત્યાં સુધી આ રોગ નિર્મૂળ થવાનો નથી. ક્રિપ્સની યોજના આ નિર્ણય પર આવવામાં છેલ્લી પૂણી થઈ. એમાં ભેદનિતી પર કળશ ચડાવવામાં આવ્યો છે. આથી દિલ્હીથી જ ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના મનમાં એ નિશ્ચય કરીને આવ્યા કે, જ્યાં સુધી આ કમનસીબ દેશમાંથી તેના સામ્રાજ્યવાદી શાસકો ખસી ન જાય, ત્યાં સુધી આપણો ઉદ્ધાર નથી. અંગ્રેજોએ આપણા દેશમાં પગ મૂકયો ત્યારથી તેમણે જે રીતે ભેદનીતિ ચલાવી છે, તેનો લેખકોએ એવો કુશળ પૃથક્કરણ અને ચોકસાઈથી ભરેલો ઇતિહાસ રજૂ કર્યો છે કે, કોઈ પણ તટસ્થ વાચક — હિંદુ હોય કે મુસલમાન – એમના નિર્ણયો સાથે સહમત થયા વિના રહી શકશે નહીં. ખાસ નોંધવા જેવી વાત એ છે કે,' આ પુસ્તક ક્રિપ્સના આવ્યા પહેલાં, અને ગાંધીજીએ સરકારે વિદાય થવું જોઈએ એ હવે જગજાહેર થયેલો સ્ફૂર્તિદાયક પોકાર ઉઠાવ્યો તેના 'મહિનાઓ પહેલાં છપાવા માંડયું હતું, છતાં લેખકો પણ આ જ નિર્ણય પર આવ્યા છે. 'ત્રિકોણની અંગ્રેજ ભુજા'નું વેધક વર્ણન કર્યા બાદ તેઓ કહે છે: ''આ કારણસર મહાસભા હંમેશાં સરકારને પડકાર કરતી આવી છે કે, હિંદુ–મુસ્લિમ ભેદોનો જલદી નિકાલ લાવવાની પહેલી શરત એ છે કે, ત્રિકોણની આ ત્રીજી બાજુએ વગર શરતે ખસી જવું જોઈએ અને બન્ને પક્ષોને પોતાના ભયો અને માગણીઓનો પરસ્પર ફેંસલો કરી લેવા માટે એક ચોખ્ખી તક આપવી જોઈએ." વળી: ''જ્યાં સુધી અંગ્રેજોનું ધણીપદું અહીં ચાલુ છે, ત્યાં સુધી શાસનતંત્રની કોઈ પણ વ્યવસ્થા, પ્રજામતની ઉપર અવલંબેલી, તો થઈ શકે એમ જ નથી". અંગ્રેજો આવ્યા પહેલાંના હિંદુ–મુસ્લિમ સંબંધનો ઇતિહાસ ગ્રંથકારોએ બહુ ઝીણવટથી તપાસ્યો છે; મુસલમાનો વેપાર કરવાને અને પાછળથી દેશ જીતવાને આવ્યા, તેઓ પોતે જિતાયા, પોતે પારકા દેશને પોતાનું વતન કરીને બેઠા, દેશની સંસ્કૃતિથી પોતે રંગાયા અને પોતાની સંસ્કૃતિથી એ દેશની સંસ્કૃતિને રંગી. અંગ્રેજો આથી ઊલટી રીતે જ વર્ત્યા, અતડા રહ્યા તે આજ સુધી અતડા જ રહ્યા છે, આ દેશ એમને ચૂસવાના કામ પૂરતો જ ખપનો લાગ્યો, બાકી અકારો લાગ્યો, એમનાં મૂળ અહીં જામી જ ન શકયાં. એટલે જ આજે પણ એમની અને આપણી વચ્ચે ઉત્તર દક્ષિણનાં અંતર રહ્યાં છે, આજે પણ એ માલિકીને દાવે — શિકાર કરનારને દાવે — રહે છે અને આપણને શિકાર અને ગુલામ માને છે. એનું પ્રાયશ્ચિત્ત એ વિદાય થઈને જ કરી શકે, બીજી રીતે ન કરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક દૃષ્ટિએ આખો પ્રશ્ન લેખકોએ છણ્યો છે, અને બધી દૃષ્ટિએ એક જ અનુમાન ઉપર એઓ આવ્યા છે. પ્રથમથી તે આજ સુધી એ બિલાડીને લડાવનાર વાંદરાની જ નીતિ એમની રહી છે. છેક ઓગણીસમા સૈકાના આરંભથી માંડીને આજ સુધીનો ઇતિહાસ લેખકોએ રસિક રીતે, પણ શુદ્ધ ઇતિહાસદૃષ્ટિએ રજૂ કર્યો છે. મુસલમાનોનું રાજ્ય ગયેલું એટલે પ્રથમ મુસલમાનોને ચગદ્યા, તે એટલે સુધી કે અંગ્રેજ ઇતિહાસલેખકોએ સાક્ષી પૂરી છે કે, અંગ્રેજો આવ્યા પછી મુસલમાનોની જેવી અવદશા થઈ તેવી અગાઉ કોઈ વાર ન હતી; લશ્કરમાંથી તેમને કાઢ્યા, દીવાની જગ્યાઓ તેમને માટે જૂજજાજ રહી, તેમની સંસ્કૃતિને ખીલવવાને બદલે તેને કચડવાનાં જેટલાં પગલાં લેવાય તેટલાં લીધાં. લેખકો પૂછે છે કે, "કૉંગ્રેસ સરકારની ઉપર પાપનો પોટલો ચઢાવનારા અને કૉંગ્રેસ સરકારમાંથી મુક્તિ મેળવીને મુક્તિનો દિવસ ઊજવનારા મુસલમાન ભાઈઓ જાણે છે ખરા કે તેમની અંગ્રેજોએ શી દશા કરી હતી?"

ત્રિકોણની સરકારી બાજુનું વર્ણન જરાય અત્યુક્તિ વિનાનું, અણિશુદ્ધ હકીકતની ઉપર બાંધેલા પ્રમાણને આધારે અપાયેલું છે. સરકારની પાસે કોઈ નીતિ નથી કે જેને ધોરણે એણે કામ લીધું હોય — હા, એક નીતિ છે ખરી; તે એ કે એના રાજ્યના પાયા જે ધોરણે મજબૂત થાય તે ધોરણ ચાલવવું, જે કોમને થાબડવાથી મજબૂત થાય તેને થાબડવી, અને રાજ્યના પાયા મજબૂત કરવાને માટે એક પગલાની સાથે બીજાનો વિરોધ જણાય તો વિરોધની શરમ ન રાખવી. આજે હિંદુઓને ઉત્તેજન આપવામાં લાભ છે તો તેમને ઉત્તેજન આપવું; કાલે મુસલમાનને આપવામાં લાભ છે, તો કાલે તેમ કરવું; આજે આગાખાનને આસમાને ચઢાવવા, કાલે એમને જ ઉતારી પાડવા ઘટે તો ઉતારી પાડવા; આજે ઝીણા સાહેબ સરકારની દેશદ્રોહી નીતિનો વિરોધ કરે છે માટે તેને "અભરાઈએ ચઢાવી રાખવા", અને કાલે તે પાકિસ્તાની બની દેશને એકત્ર થવામાં જબરું વિઘ્ન નાખે છે માટે તેમને આસમાને ચઢાવવા; '૧૬માં હિંદુ મુસલમાને એક થઈને એક માગણી કરી એ કારણે જુદાં મતદારમંડળ આપ્યાં, જો કે સરકારને એ ગમતાં ન હતાં, પણ એક થઈને જે રાજકીય માગણી કરી તેને ઠોકર મારી; ૧૯૩૩માં કોમી લવાદનામું બહાર પાડયું, કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ મુસલમાન એક થઈ શકતા ન હતા; ૧૯૧૯ માં બંનેને કોમવાદ પસંદ હતો માટે દાખલ કરવામાં આવ્યો, અને ૧૯૩૫ માં હિંદુ મુસલમાનો એક થઈ ન શક્યા એટલે કોમવાદને વધારે વિસ્તારવામાં આવ્યો. આ નીતિ હિંદુમુસલમાનોના સંબંધમાં જ લાગુ પડી છે એમ નહીં, પણ હિંદુ હિંદુ વચ્ચે અને મુસલમાન મુસલમાન વચ્ચે પણ લાગુ પડી છે. એ જ નીતિથી 'મૉડરેટ' પક્ષ ઉત્પન્ન થયો, એ જ નીતિથી બ્રાહ્મણેતર પક્ષને ઉત્તેજન મળ્યું, એ જ નીતિથી ગોળમેજી પરિષદમાં માઇનોરિટી પૅક્ટ કરાવવામાં અને કોમી લવાદનામામાં વડા પ્રધાન મૅકડોનાલ્ડે ભાગ લીધો.

હિંદુસ્તાનનો ઇતિહાસ તો આપણી શાળા અને વિદ્યાલયોમાં શીખવવામાં આવે છે, અને બ્રિટિશ અહીં આવ્યા ત્યારથી તે કર્ઝન કે હાર્ડિંજની કારકિર્દી સુધીની લૂખી હકીકત તે ઇતિહાસમાં અપાય છે, પણ એલ્ફિન્સ્ટન અને લૉરેન્સથી માંડીને તે બેક, મિન્ટો, બર્કનહેડ, હોર, મૅકડોનાલ્ડ અને એમેરીએ બ્રિટિશ સામ્રાજ્ય કાયમ કરવામાં કેવા કેવા ચાલાકી ભરેલા ભાગ ભજવ્યા છે, તે આ ઇતિહાસમાં જોવાનું નથી મળતું. એ જોવાને માટે આ પુસ્તક સૌએ વાંચવું જોઈએ.

લેખકોએ અંગ્રેજોનાં પરાક્રમો અનેક રીતે, અનેક ક્ષેત્રમાં વર્ણવ્યાં છે — ખાસ કરીને રાજકીય ક્ષેત્રમાં અને સામાજિક ક્ષેત્રમાં. આર્થિક ક્ષેત્રનાં પરાક્રમ આપણને રમેશચંદ્ર દત્ત અને દાદાભાઈનાં પુસ્તકોમાંથી જાણવા મળ્યાં હતાં. મેજર બસુનાં પુસ્તકો — ભારતમાં અંગ્રેજી રાજ્ય — માંથી પણ ઘણું મળે છે, પણ સામાજિક અને રાજકીય કારસ્તાનોનો આધુનિક ઇતિહાસ આવો રસિક કોઈ પણ સ્થળે મળે એમ નથી. લેખકોએ કેવળ અંગ્રેજોનો જ દોષ નથી કાઢ્યો; આપણો પણ કાઢ્યો છે. આપણે એની ફૂટનીતિને માટે ક્ષેત્ર તૈયાર રાખ્યું હતું એમ એઓ જણાવે છે, પણ સાથે સાથે કહે છે કે, "આપણું સામાજિક અંધિયારપણું, આર્થિક નબળાઈ અને સાંસ્કારિક ઉદાસીનતા, જે આપણા જીવનમાં વણાઈ ગયાં છે, તેને માટે મોટે ભાગે બ્રિટિશ રાજ્ય જવાબદાર છે."

એટલે જ એનો વિરોધ કરી સ્વતંત્ર થવું જોઈએ એમ ડાહ્યા માણસો સમજ્યા, પણ સ્વાર્થીઓ કોમવાદી બન્યા. કોમવાદી બન્યા એટલે બંનેએ વિવેકનું દેવાળું કાઢ્યું; હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગ બંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર રાષ્ટ્રીય ઉદ્દેશથી સ્થાપવામાં આવ્યાં હતાં, પણ ઉત્તરોત્તર એમની રાષ્ટ્રીયતા પાતળી પડતી ગઈ અને સંકુચિત કોમીપણું ભારોભાર વધતું ગયું. છેવટે બંને રાષ્ટ્રીય ઉત્થાનને માટે સહકાર આપવાને બદલે એક-બીજાના દુશ્મન બન્યા છે. પાકિસ્તાનીઓ અને હિંદુમહાસભાવાદીઓની મનોદશાનાં પ્રકરણો સૂક્ષ્મ અવલોકન અને માર્મિક ટીકાથી ભરેલાં છે.

અને અંતે શુદ્ધ રાષ્ટ્રીયતા — કોમી રાષ્ટ્રીયતા નહીં, પણ લોકશાહીયુક્ત રાષ્ટ્રીયતા — કેવી હોય તેનું એ વિદ્વત્તાપૂર્ણ પ્રકરણોમાં લેખકોએ સુંદર નિરૂપણ કર્યું છે, અને બતાવ્યું છે કે શુદ્ધ રાષ્ટ્રીયતા, શુદ્ધ નીતિ અને નિર્ભેળ લોકશાહીના પાયા વિના શાંતિનું નહીં, પણ અશાંતિનું સાધન થઈ પડે એવી છે.

એ રાષ્ટ્રીયતાને માટે આપણે ત્યાં પૂરી સામગ્રી છે. હેવેલના શબ્દોમાં લેખકો કહે છે: "હિંદના તત્ત્વદ્રષ્ટાઓએ અનેકમાં એક અદ્વૈતનો, અનેક ભેદોમાં અભેદનો વાદ જગતને જાહેર કર્યો, અને એ અદ્વૈત અને અભેદનો ભૌતિક અને બૌદ્ધિક દૃષ્ટિએ હિંદુસ્તાન પોતે એક ભારે નમૂનો છે." એ રાષ્ટ્રીયતામાં સંકુચિતતા નથી, કારણ અહીં સત્યાગ્રહ વિના લોકશાહી અશક્ય છે એમ બતાવાયું છે, લડાઈના ઝેરનો ઉતાર સત્યાગ્રહ છે એમ હિંદુસ્તાને બતાવ્યું છે અને હજી બતાવી શકે એમ છે.

આ પુસ્તકનો ટૂંકા અવલોકનમાં સાર આપવો અશક્ય છે. કારણ આખું અર્થગર્ભ અને સારગર્ભ છે, એમાં બધું જ વાંચવા જેવું છે, કશું જ કાઢવા જેવું નથી, એની પુરવણીઓ આંકડા અને હકીકતોથી ભરેલી છે, એક પણ કથન અપ્રમાણ નથી, અને કડવાં સત્ય અનેક ઠેકાણે કહેવાનાં હોવા છતાં ભાષામાં ભારે સંયમ અને તટસ્થતા જળવાયેલાં છે. આ પુસ્તકનો આપણા દેશનો સાચો ઇતિહાસ જાણનારા ધ્યાનપૂર્વક અભ્યાસ કરશે એવી આશા છે.

જુલાઈ, ૧૯૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋણસ્વીકાર

આ પુસ્તક જેલમાં લખાયું હતું. તેથી જેલોમાં થતાં આવાં કામોના જે લાભ અને ગેરલાભ હોય છે તે બન્ને એમાં જણાશે. જેલમાં લખાયું તેથી ઘણા મિત્રોની ભેગી મહેનતનું એ ફળ થયું એ લાભ થયો છે, તો તે જ કારણે લખાણને માટે મૂળ આધાર જેવા લેખો અને પુસ્તકો તથા આ નિબંધના વિષયને લગતાં પુસ્તકો મેળવવાની મુશ્કેલીને લીધે ગેરલાભ થયો ગણાય.

શ્રી. પી. એચ. પટવર્ધનના સૂચન ઉપરથી આપણા કોમી પ્રશ્ન વિષેનો આ નિબંધ લખવાનું અમે યરવડાની જેલમાં શરૂ કરેલું. છેક શરૂઆતના દિવસથી જ તેમનું સહકાર્ય અત્યંત કીમતી નીવડ્યું અને નિબંધની રચનામાં તેમનો ફાળો ઘણી વાર તદ્દન મૌલિક માલૂમ પડ્યો છે. એ જ જેલમાં શ્રી. પટવર્ધન ઉપરાંત શ્રી. હેરીસ, શ્રી. મુસ્તફા ફકીહ અને ડૉ. આંત્રોલીકરે અમને મન મૂકીને સહાય કરી છે.

૧૯૪૧ના જુલાઈ મહિનામાં અશોક મહેતા અને શ્રી. પી. એચ. પટવર્ધનને યરવડા જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા અને પાછા પકડીને નાશિકરોડ સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા. નાશિકમાં પુસ્તકના લખાણને શ્રી. યુસુફ મહેરઅલી તેમ જ શ્રી. આર. એન. ગોળે અને શ્રી. એમ. એલ. દાંતવાળા એ બે અધ્યાપકોની પ્રેરક ટીકાનો લાભ મળ્યો. એ ત્રણે ભાઈઓએ આ પુસ્તકના લખાણ પર સારી પેઠે વખત આપ્યો અને તેના પર મહેનત પણ ખૂબ કરી. એટલે અમારે એમ કહેવું જોઈએ કે અમારા મિત્રોએ અમને અમારું આ પુસ્તક લખી આપ્યું! એકંદરે આ પુસ્તક લખવાના કામમાં એક સમાનશીલ સમૂહની ભેગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામગીરીનો અનુભવ અમે મેળવ્યો. અને એ અનુભવ ખરેખર એવો આહ્લાદક નીવડ્યો છે કે ઘરથી વિખૂટા પડેલા માણસને જેમ પાછા ઘર ભેગા થવાની ભૂખ રહે છે તેવી અમને જેલનિવાસની ભૂખ રહી ગઈ! ૧૯૪૧ના ઑક્ટોબરની ૨૪મી તારીખે પુસ્તકનું છેવટનું લખાણ પૂરું થયું હતું.

જુદાં જુદાં પુસ્તકો મેળવવાનું, અમે આ પુસ્તકમાં કરેલા ઉલ્લેખો મૂળ ગ્રંથોમાંથી જોઈ લેવાનું અને જુદા જુદા ઉતારાઓને જોઈને મૂળની સાથે સરખાવીને તે બરાબર છે કે નથી તે તપાસવાનું એકંદરે કંટાળો ઉપજાવે એવું કામ શ્રી. માણિક પટવર્ધન અને શ્રી. વાસંતી શ્રોફે અમારે માથેથી લઈ લઈને અમને ખૂબ રાહત આપી છે.

અને પુસ્તક લખવાનું અમે શરૂ કર્યું ત્યારથી તે ઠેઠ પૂરું થયું ત્યાં સુધી ભાઈ મીનુ મસાણીએ એમાં જે એકધારો રસ લીધો છે તે તેમણે ન લીધો હોત તો આજે જેવું એ બન્યું છે તેવું ન બની શક્યું હોત.

અશોક મહેતા
અચ્યુત પટવર્ધન

મુંબઈ, ૧લી જાન્યુઆરી, ૧૯૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન		૩
પરિચય	મહાદેવ દેસાઈ	૫
ઋણસ્વીકાર		૧૦
૧. પ્રાસ્તાવિક		૩
૨. હિન્દુઓ અને મુસ્લિમો : ઐતિહાસિક અવલોકન		૬
૩. મુસ્લિમ રાજકારણનો વિકાસ (૧૮૫૭–૧૯૪૦)		૨૧
૪. ત્રિકોણની બ્રિટિશ બાજુ		૬૧
૫. કોમી પ્રશ્ન : સામાજિક અંતરંગ		૧૦૩
૬. કોમી પ્રશ્ન : મૂઢગ્રાહરૂપી બહિરંગ		૧૩૬
૭. જગદ્વર્ચસ્વનું મુસ્લિમ સ્વપ્નું		૧૬૩
૮. રાષ્ટ્રવાદની ભાવનાનો વિકાસ		૧૭૪
૯. રાષ્ટ્ર અને રાજ્ય		૧૯૪
૧૦. હિન્દમાં બે પ્રકારના રાષ્ટ્રવાદ		૨૧૨
૧૧. હિન્દુ કોમવાદ		૨૫૨
૧૨. પાકિસ્તાનની હિલચાલનું રહસ્ય		૨૬૯
૧૩. પાકિસ્તાનનાં સંભવિત પરિણામ		૨૯૭
૧૪. ઉપસંહાર		૩૧૪
પરિશિષ્ટો		૩૩૨ થી ૩૪૯
૧. સરકારી નોકરીઓમાં કોમવાદ		૩૩૨
૨. કોમવાદ અને સરકારના ચાલુ ધોરણનો સંબંધ		૩૩૭
૩. પાકિસ્તાન		૩૪૩
૪. આંકડાઓ		૩૪૪
વિષયને લગતાં પુસ્તકો		૩૫૦
પુરવણી		૩૫૯ થી ૪૦૬
શ્રી. રાજગોપાલાચારીની ઉકેલની યોજના		૩૬૧
(હિંદી રાજ્યસંઘમાં) પ્રાન્તોના ન જોડાવાના અધિકાર વિષે રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિનો ઠરાવ		૩૬૨
ગાંધી–ઝીણા પત્રવહેવાર		૩૬૩
સૂચિ		૪૦૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દનો કોમી ત્રિકોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧ લું

પ્રાસ્તાવિક

હિન્દના રાજકીય ભાવિની ચર્ચાની ભૂમિકામાં તેની બે પ્રમુખ કોમ, હિન્દુ અને મુસ્લિમ, એ બન્નેના પરસ્પરના સંબંધો રહેલા છે એમ હમેશ માલૂમ પડ્યું છે. આ દેશમાં કોમી સવાલે જેટલી તીખી ચર્ચા અને ઉગ્ર લાગણીઓ જગાડી છે તેવી બીજા કોઈ પ્રશ્નથી જાગી નથી. ખાસ કરીને હમણાં હમણાં છેલ્લાં થોડાંક વર્ષોથી તો કોમ કોમ વચ્ચેના સંબંધોના આ સવાલે હિન્દી રાજકારણને એવું ઘેરી લીધું છે કે તેના ઉકેલનો પ્રયાસ કરવો એ આજની સૌથી મોટી જરૂરિયાત થઈ પડી છે.

આ નિબંધનું નામ 'હિન્દનો કોમી ત્રિકોણ' રાખવામાં આવ્યું છે, અને કોમી પ્રશ્નની અમે કઈ દૃષ્ટિથી વિચારણા કરી છે તે એ નામ પરથી જ સમજાય એવો અમારો આશય છે. એ પ્રશ્નને ઉપર ઉપરથી તપાસનારને પણ તેનું ત્રિકોણાત્મક સ્વરૂપ તરત જણાઈ આવે છે. કોમી સવાલના ત્રણ પક્ષકારો એટલે કે હિન્દુઓ, મુસ્લિમો અને બ્રિટિશ લોકો, દરેકે એ પ્રશ્નને તેનું આજનું સ્વરૂપ આપવામાં પોતપોતાનો અમુક પ્રકારનો ભાગ ભજવેલો છે અને તેથી તે દરેકની તે સ્વરૂપને અંગેની ચોક્કસ જવાબદારી પણ છે. કોમી સવાલને કેવળ હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે મેળ બેસાડવાના એક પ્રશ્ન લેખે જ ઓળખવો એ તેનું યથાર્થ દર્શન નથી, કેમ કે ત્રીજા પક્ષે એટલે કે બ્રિટિશ સરકારે હિન્દુ-મુસ્લિમ સંબંધો ઘડવામાં બહુ મોટો અને ઘણી વખત તો અસરકારક ભાગ ભજવેલો છે. આ પુસ્તકમાં કોમી સવાલના આ ત્રિકોણાત્મક ઘાટનું પરીક્ષણ કરવાનું એક મુખ્ય કામ માથે લેવામાં આવેલું છે.

કોમી ત્રિકોણની હિન્દુઓ, મુસ્લિમો અને બ્રિટિશ સરકાર એ ત્રણ ભુજાઓ છે એમ અમે ઉપર જણાવ્યું. પરંતુ બીજી કેટલીક દૃષ્ટિથી વિચારતાં પણ એ પ્રશ્ન ત્રિકોણ આકૃતિનો દેખાય છે. આ આકૃતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકીય બાજુ સૌથી વધારે પરિચિત છે કેમ કે તે સહેજે નજરે ચઢે છે. પણ જે સવાલો મૂળે જ જટિલ એટલે કે અટપટા હોય છે તેમનાં તદ્દન સીધાં, સાદાં અને ચોક્કસ દેખાય તેવાં કારણો આપી દેવાથી કામ પતી જતું નથી. કોમી ત્રિકોણની રાજકીય બાજુનું મહત્ત્વ ઓછું નથી. પણ તેથી કોમી પ્રશ્નના ઉકેલનો એક માત્ર મુદ્દો એ જ છે એમ માની લેવું બરાબર નહીં થાય. રાજકીય ઉપરાંત આવા પ્રશ્નોના પાયામાં રહેલાં બીજાં જે જે બળોએ કોમી સવાલનું આજનું સ્વરૂપ નિપજાવ્યું છે તે દરેકની તેના પર કેવી અસર પડી છે તે પણ બરાબર ઓળખવું જોઈએ. આવું એક બળ તે આજની કોમી ગૂંચના પાયામાં રહેલો સામાજિક પ્રશ્ન છે. વળી હમણાં હમણાં લોકમાનસના રાજકીય વ્યાપારોનું અન્વેષણ કરનારા માનસશાસ્ત્રીઓએ ભિન્ન ભિન્ન માનવસમૂહોના સંબંધોમાં કાર્ય કરતા ચિત્તના મૂઢગ્રાહોનાં જે બળો તરફ ધ્યાન આપવા માંડ્યું છે તેવું એક મૂઢગ્રાહનું બળ પણ કોમી પ્રશ્નની ગૂંચમાં રહેલો એક ઓળખી લેવા જેવો મુદ્દો છે. છેલ્લાં દોઢસોએક વર્ષોથી આપણા ભારતીય સમાજ ઉપર જે રાજકીય, સામાજિક અને મૂઢગ્રાહોનાં બળોની ખેંચ-તાણની અસર પહોંચી છે તે ત્રણને પણ કોમી ત્રિકોણની ત્રણ બાજુઓ ગણવી જોઈએ.

આ બધાં બળો કેવા પ્રકારનાં છે, અને તેમનો એકબીજા પર કેવો પ્રભાવ પડ્યો છે તે વસ્તુના પરીક્ષણમાંથી જ કોમી પ્રશ્નના ઉકેલની ચાવી મળવી જોઈએ. ગૂંચવાઈ ગયેલા કોમી કોકડાના આવા સમગ્રપણે કરવામાં આવેલા અવલોકનમાંથી જ આપણે તેનું યથાર્થ જ્ઞાન મેળવી શકીશું. એ તો સૌ કોઈ સહેજે કબૂલ રાખશે કે કોમી પ્રશ્નના આવી જાતના આમૂલાગ્ર પરીક્ષણનું કામ સહેલું નથી.

આ પુસ્તક અમે ધર્મબુદ્ધિથી પ્રેરાઈને લખ્યું છે. યુદ્ધના દાવાનળના ભડકાઓથી ઢંકાઈ ગયેલી આજની દુનિયાના, સત્તાનો કબજો કરવાના એક માત્ર હેતુથી ખેલાતા રાજકારણમાં નીતિના સર્વ ખ્યાલોને કોરે મૂકવામાં આવ્યા છે, અને જે જે આદર્શો અથવા ધ્યેયોને કારણે જીવન અર્થપૂર્ણ અને રસમય બને છે તે બધાને નેવે ચઢાવવામાં આવ્યા છે. એક બાજુથી એ રાજકારણના હેતુઓની સિદ્ધિને અર્થે પશુબળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવામાં આવતી માન્યતા, ને માણસજાતના હીન આવેગો અને વૃત્તિઓની થતી ઉશ્કેરણી તથા બીજી બાજુથી સામ્રાજ્યવાદની કરણીએ ઉપજાવેલી કરુણ પરિસ્થિતિ એ બન્નેની વચ્ચે આજે તો જાણે કે મૂઢતાનાં બળો વિજયી નીવડચાં છે અને સર્વત્ર વિફલતાની ભાવના ફેલાઈ છે. પણ માનવજીવનમાં તંગ કરનારી પરિસ્થિતિના આવા ગાળાઓની પાછળ ખસૂસ એવા બીજા ગાળાઓ આવે છે જ્યારે માણસો પોતાના મનના ઊંડાણમાં ઊતરીને ફરીથી ગણતરી કરે છે અને જ્ઞાન તેમ જ ડહાપણની પ્રવૃત્તિ શાન્ત, નિર્મળ વાતાવરણમાં પાછી શરૂ થાય છે.

આજની દુનિયામાં ચાલી રહેલી આદર્શોની અથડામણોમાંથી અને તેમાંથી નીપજતી ઊથલપાથલોમાંથી હિંદ શી રીતે બચી શકવાનું હતું? અને તેથી તેના રાજકારણમાં પણ ધૂંધવાતા અને વણમીટચા કલેશનાં લક્ષણો નજરે પડે છે. આ પુસ્તકના લેખકોની એવી દૃઢ શ્રદ્ધા છે કે આજની આ સ્થિતિ કાયમની નથી, ક્ષણિક છે. પરન્તુ માત્ર બેસી રહીને જે કંઈ આપમેળે બની આવે તેની રાહ જોયા કરવી એ વર્તમાનને સમજવા માટેની અથવા ભવિષ્યને આવકારવા માટેની ઉત્તમ પ્રકારની તૈયારીનું લક્ષણ નથી. એ માટેની સૌથી ઉત્તમ તૈયારી તો એ છે કે આજના આપણા અસંતોષો અને અસમાધાનોના મૂળમાં નીડરતાથી અને દૃઢતાથી ઊંડા ઊતરીને તેમનો બરાબર તાગ કાઢવો.

લગભગ એક પેઢીના ગાળા કરતાં પણ વધારે સમયથી આ કોમી સવાલ હિન્દી રાજપુરુષોનાં મન અને બુદ્ધિની કસોટી કરતો આવ્યો છે, અને તેથી વાસ્તવિકતામાં દૃઢમૂલ થયેલી, રાગદ્વેષથી મુક્ત થઈને તપાસવામાં આવેલી હકીકતો તેમ જ જેમને વિષે તકરાર ન લઈ શકાય એવા દસ્તાવેજી પુરાવાઓને આધારે મેળવેલી અને સર્વ પ્રકારના પૂર્વગ્રહોથી મુક્ત એવી નવી દૃષ્ટિથી એ સવાલને ફરીથી જોવાની અત્યંત જરૂર ઊભી થઈ છે. એ નવી દૃષ્ટિ કેળવવાના પ્રયાસમાં આ પુસ્તકનું લખાણ એ અમારો નાનો સરખો ફાળો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨ જું

હિંદુઓ અને મુસ્લિમો : ઐતિહાસિક અવલોકન

મુસ્લિમો સાથે હિંદનો પ્રથમ સંપર્ક થયો તે સમયની અને આપણા જમાનાની વચ્ચે એક હજારથીયે વધારે વર્ષો વહી ગયાં છે. કાળના એ લાંબા ગાળા ઉપર નજર ફેરવતાં, શાન્તિપ્રિય વેપારીઓ તરીકે અથવા મગરૂર વિજેતાઓ તરીકે પરદેશીઓનાં એક પછી એક ટોળાં, દરિયાની ભરતીનાં ઉપરાછાપરી ચઢી આવતાં મોજાંઓની માફક આ ધનધાન્યથી છલકાતી ભૂમિ ઉપર ઊતરી આવતાં દેખાય છે. વિજેતાઓ સ્થાનિક જાતિઓ સાથે યુદ્ધ કરીને તેમને લાંબા અને કડવાશભર્યા ઝઘડાઓને અંતે તાબે કરે છે. પણ ત્યાર પછી થોડા જ વખતમાં એ જ વિજેતાઓ આ ભૂમિના જાદુની અદ્ભુત મોહિનીને વશ થાય છે. ખુદ કલેશના સમયમાં પણ આ લડતા ઝઘડતા લોકોમાં પરસ્પર સમરસ થવાનો એક એવો અણછતો પ્રયોગ ચાલી રહેલો ભાળી શકાય છે કે જે વરસાદનો નાનો સરખો છંટકાવ જેમ કોઈ ખડબચડા ભૂમિપ્રદેશના આંખને ખૂંચતા દેખાવને રુચિકર બનાવી દે છે તેમ એ કલેશની કઠોરતાને સૌમ્ય બનાવે છે. ઝઘડાઓને અંતે આખરે પરસ્પર સહચાર શરૂ થાય છે અને એ સહચારમાંથી બે સંસ્કૃતિઓનો સમન્વય પ્રગટ થાય છે. હિન્દની સરિતાઓની અને તેનાં હરિયાળાં મેદાનોની રેખાઓના લાવણ્યની સાથે મધ્ય એશિયાનાં વિશાળ રણોની રેખાઓની ભવ્ય શોભાનું મનોહર સંમિશ્રણ આ સમન્વયમાં જોવાનું મળે છે. લાવણ્યની છટા અને ભવ્યતાનું ગૌરવ એ બે વિશિષ્ટ લક્ષણોથી યુક્ત એવો જે આ નૂતન સમન્વય તે જ આપણી હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિ.

એક હજાર વર્ષના ઇતિહાસમાંથી આ સમન્વયની હકીકતને પુરવાર કરવાને જેટલા પુરાવાઓ મળે છે તેટલા તેનાથી ઊલટા, એટલે કે યુદ્ધો અને કલહોના વલણના ટેકામાં મળતા નથી. હિન્દુ-મુસ્લિમ સંસર્ગને અંગે જે વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચરજ ઉપજાવે છે તે એ નથી કે તેમાંથી પરસ્પર ઝઘડાઓ અને વિરોધો નીપજ્યા — એ તો પાછળથી હિન્દીઓ અને બ્રિટિશ લોકો વચ્ચે સત્તાને માટે જે ખેંચતાણ ચાલી તેના જેવા જ અનિવાર્ય હતા. જે અર્થપૂર્ણ હકીકત ઘણી વાર વીસરી જવાય છે તે તો એ છે કે હિન્દુઓ અને મુસલમાનોએ પોતપોતાના વિરોધોને સમાવી દઈને એક નવી સંસ્કૃતિ ખીલવી. હિન્દુ-મુસ્લિમ સંસર્ગના જેવા જ હિન્દી અને બ્રિટિશ લોકોના સંસર્ગમાંથી જે ફલપ્રાપ્તિ થઈ છે તેની સાથે સંસ્કૃતિના આ વિકાસને સરખાવી જોવાથી જ તેને ઓળખવાની સાચી સપ્રમાણ દૃષ્ટિ આપણને મળે છે. હિન્દી અને બ્રિટિશ પ્રજાઓ પરસ્પર સંસર્ગમાં આવી તે વાતને આજે ત્રણસોથીયે વધારે વર્ષો થયાં છે. અને છતાં તેમના પરસ્પરના વહેવારમાંથી જેને હિન્દી-બ્રિટિશ સંસ્કૃતિ નામ આપી શકાય તેવો કોઈ ફળપ્રદ સમન્વય નીપજેલો દેખાતો નથી. અંગ્રેજો જે દિવસે પહેલવહેલા અહીં આવ્યા તે દિવસે જેવા પારકા હતા તેવા જ આજની ઘડીએ છે, અને હિન્દુ સમાજમાં અમલમાં છે તેનાથીયે કડક જ્ઞાતિવ્યવસ્થાથી તેમણે પોતાની અસલ ન્યાતને બહારની કોઈ પણ જાતની અસરમાંથી બચાવીને ચીવટથી સાચવી રાખી છે. એનાથી ઊલટું ઇતિહાસને નીરખવાની જે એક માત્ર સાચી પદ્ધતિ છે તે મુજબ સૈકાઓના અંતરનું પ્રમાણ જાળવીને આપણે હિન્દુ-મુસ્લિમ સંબંધોનું નિરીક્ષણ કરીશું તો તેમની વચ્ચેના કલહોની આકૃતિઓ ઝાંખી થઈને ભૂંસાઈ જતી દેખાય છે અને તેમના પરસ્પર અનુકૂળતાના ગાઢ સંબંધોનો આકાર સાફ અને સુરેખ જણાય છે.

અચરજ ઉપજાવે તેવી છતાં સાચી હકીકત એવી છે કે હિન્દ સાથેનો પહેલવહેલો મુસ્લિમ સંપર્ક સુલેહભરેલો અને શાન્તિપૂર્વક થયો હતો. હિન્દની વાયવ્ય સરહદ પરથી મુસલમાનો ચઢાઈઓ લઈને આવ્યા તે પહેલાં ઘણા વખત પૂર્વે તેમણે દક્ષિણ ભારતમાં પોતાની સંસ્કૃતિના વિશિષ્ટ ઘાટવાળી વેપારી વસાહતો જમાવી હતી.

આરબોએ ઇસ્લામનો અંગીકાર કર્યો તે પૂર્વે ઘણા લાંબા સમય પહેલાંથી તેમના વેપારને અંગેના સંબંધો હિન્દ સાથે બંધાયા હતા અને મુસ્લિમ આરબોને પોતાના બિન-ઇસ્લામી પૂર્વજોનો, દરિયાઈ માર્ગોનો તેમ જ તે માર્ગો પરથી ચાલતા આવેલા હિંદ સાથેના દરિયા પારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપારનો વારસો મળ્યો હતો. દાખલા તરીકે ઘોડાઓનો તેમનો વેપાર ધમધોકાર ચાલતો. દર વરસે ફારસમાંથી મલબારને માટે દશ હજાર ઘોડાઓની નિકાસ થતી અને તેમની એકંદર કિંમત બાવીસ લાખ દીનાર સુધી પહોંચી જતી. વેપારની જરૂરિયાતને કારણે મુસલમાન વસાહતીઓની નાની જમાતો હિન્દના મલબાર કિનારા પર આવીને વસી હતી. વેપારને ઉત્તેજન આપવાને માટે ધર્મસમભાવની તથા સર્વ ધર્મોમાંથી ઉત્તમ તત્ત્વોને સંઘરવાની પ્રચલિત નીતિને અનુસરીને મુસલમાનોને અહીં આવકાર મળતો, તેમને પોતાની મસીદો બાંધવાની છૂટ હતી એટલું જ નહીં પણ પોતાના ધર્મનો પ્રચાર કરવાની પણ સ્વતંત્રતા હતી. મલેક કાફૂરનું લશ્કર દક્ષિણમાં પહોંચ્યું તે પહેલાં જ મુસલમાનોએ વેપારનાં મહત્ત્વનાં મથકોમાં પોતાની વસાહતો જમાવી દીધી હતી; તેમની ફરતે વસતા સ્થાનિક લોકો સાથે તેમનો વેપારનો વહેવાર ચાલુ થઈ ગયેલો હતો; અને આરબો તથા તામિલ લોકોના પરસ્પરના વહેવારના સંબંધોમાંથી રાવુત્તન અને લબ્બે જેવી અનેક મિશ્ર વંશની જાતિઓ હસ્તીમાં આવી હતી.

મુસ્લિમો આખા મલબાર કિનારા પર ફેલાયા હતા એટલું જ નહીં પણ તેમણે રાજદરબારમાં અને સમાજમાં પ્રતિષ્ઠા પણ જમાવી હતી. માર્કો પોલોએ પોતાની મુસાફરીના હેવાલમાં તકીઉદ્દીનનું રાજા સુંદર-પાંડેના મંત્રી અને સલાહકાર તરીકે વર્ણન કરેલું છે. તેનો દીકરો સિરાજુદ્દીન અને પૌત્ર નિજામુદ્દીન તેની પાછળ એ જ અધિકાર પર આવ્યા હતા. કુબલાઈ ખાનને (૧૨૮૬) ત્યાં ગયેલો પાંડે રાજાનો એલચી ફખ્રુદ્દીન અહમદ પણ મુસલમાન હતો. હિંદુ અને મુસ્લિમ હિતસંબંધો એવા તો એકાકાર થઈ ગયા હતા કે એક પછી એક થયેલી મુસલમાનોની ચઢાઈઓના પ્રતિકારમાં હિંદુઓની સાથે જ મુસ્લિમો પણ સામેલ હતા. મલેક કાફૂરના લશ્કરનો સામનો કરનાર રાજા વીર બલ્લાળના સૈન્યની મોટી સંખ્યામાં વીસ હજાર જેટલી સંખ્યા તો મુસલમાન સૈનિકોની હતી.

ત્યાર પછી જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ આ હિંદુ-મુસ્લિમ હિતોની એકતાની હકીકત વધારે ને વધારે ધ્યાન ખેંચે છે. હિંદમાં ચાલેલા મુસ્લિમ શાસનની તવારીખ ધર્મ ધર્મ વચ્ચેનાં નહીં પણ જુદાં જુદાં ખાનદાનો વચ્ચે થયેલાં યુદ્ધોના ઉલ્લેખોથી ભરેલી છે. પાણીપતના ઇતિહાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મશહૂર રણમેદાન પર બાબરને એક મુસ્લિમ વિરોધીનો, સુલતાન ઇબ્રાહીમ લોદીના લશ્કરી બળનો સામનો કરવો પડ્યો હતો. હિંદ પર ચઢી આવનાર એ મોગલને કોઈ ધર્મપ્રેરણાના ઉત્સાહને કારણે નહીં પણ ઝડપથી હિલચાલ કરનારા ઘોડેસવાર લશ્કરની પાયદળ અને હાથીદળના ભારદસ્ત જમાવની મંદ ગતિ પરની સરસાઈને કારણે વિજય મળ્યો હતો. હુમાયુના લશ્કર પર શેરશાહે જ્યારે વિજય મેળવ્યો ત્યારે ફરી પાછું એની એ જ ઘટનાનું પુનરાવર્તન થયું હતું.

દક્ષિણમાં પણ આનાથી કંઈ જુદી પરિસ્થિતિ નહોતી.

> વિજયનગરનું રાજ્ય પડોશના મુસ્લિમ રાજ્યોની સાથે કાયમ યુદ્ધમાં સંડોવાયલું રહેતું હતું તે છતાં તે સમયે એકબીજાના ધર્મ વિષે ખૂબ સહિષ્ણુતા બતાવવામાં આવતી અને એકબીજાની સંસ્કૃતિની ભારે કદર થતી હતી એમ દેખાય છે. બીજાપુરના આદિલશાહી સુલતાનો અને અહમદનગરના નિઝામશાહો મરાઠા સરદારોને છૂટથી આશ્રય આપતા અને પોતાના રાજવહીવટને માટે હિંદુ અમલદારોને તેમ જ પોતાના લશ્કરમાં હિંદુ સિપાઈઓને રાખતા. પાછળથી જેનો ઉલ્લેખ થયો છે તે એટલે કે અહમદનગરની નિઝામશાહીએ પોતાના રાજવહીવટના વહેવારને માટે મરાઠી ભાષા મુકરર કરીને તેની ખિલવણીને ખૂબ ઉત્તેજન આપ્યું હતું. વિજયનગરના હિંદુ રાજાઓ આ ધર્મસહિષ્ણુતાની અને સંસ્કૃતિની કદરની ભાવનાનો તેવો જ ઉત્તર વાળતા; તે લોકો પોતાના લશ્કરમાં મુસલમાન સિપાઈઓને રાખતા, મુસ્લિમ વેપારીઓને ઉત્તેજન આપતા અને તેમને નમાજ માટે તથા ધર્મક્રિયા કરવાને માટે મસીદો બાંધી આપતા.[૧]

અને તે ઉપરાંત મોગલ બાદશાહો અને દક્ષિણનાં બ્રાહ્મણી રાજ્યો વચ્ચે ઘણા સમય સુધી ચાલતી રહેલી યુદ્ધ પ્રવૃત્તિ, આ બધી લડાઈઓ જુદા જુદા રાજવંશો વચ્ચેની લડાઈઓ હતી અને ધર્મ ધર્મ વચ્ચેની લડાઈઓ નહોતી એ વાતનો છેવટનો નિકાલ લાવનારી સાબિતી છે.

ધાર્મિક બાબતોને અંગે પણ ધીરે ધીરે મધ્યમ માર્ગ ખોળી કાઢવામાં આવ્યો હતો. અકબરથી ઘણા સમય પૂર્વે કાશ્મીરનો સુલતાન ઝૈન-ઉલ-આબિદિન પોતાની વિદ્વત્તાને માટે જેટલો મશહૂર થયો હતો

---

૧. તારાચંદ: 'ઇન્ફ્લ્યુઅન્સ ઑફ ઇસ્લામ ઑન ઇન્ડિયન કલ્ચર' (હિંદી સંસ્કૃતિ પર ઇસ્લામની અસર), પા. ૨૫૦–૫૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલો જ તેના ધર્મસમભાવને વિષે પણ વિખ્યાત થયો હતો. ભૂંડો જજિયા વેરો તેણે રદ કર્યો હતો, અને કેટલાક સંસ્કૃત ગ્રંથોના તેણે જાતે કરેલા ફારસી અનુવાદોમાં તેની વિદ્વત્તાની સાથે જ તેની સહાનુભૂતિનું પ્રતિબિંબ પડેલું છે. પંદરમા સૈકાની આખરમાં બીજો એક મુસ્લિમ રાજકર્તા આપણું ધ્યાન ખેંચે છે. હુસેની વંશના પ્રથમ રાજકર્તા ગૌડના સુલતાન અલ્લાઉદ્દીન હુસેનશાહે (૧૪૯૩–૧૫૧૯) બંગાળમાં એક નવા યુગનું મંડાણ કર્યું હતું. સાહિત્ય અને કળાને ઉદાર આશ્રય આપનાર એ રાજાની સહાનુભૂતિ ભરેલી રાજનીતિથી તેની પ્રજાના જુદા જુદા વર્ગો વચ્ચે ભાઈચારો પાછો શરૂ થયો હતો.

શેરશાહ (૧૪૮૬–૧૫૪૫) પણ એ જ નીતિને અનુસર્યો હતો. ઉલેમાની સલાહને અવગણીને તેણે પોતાની પ્રજા પ્રત્યે ધર્મસમભાવ અને સમાન ન્યાયની નીતિ અખત્યાર કરી હતી.

પોતાના હિન્દુ પ્રજાજનોની કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી તેણે તેમને વક્ફો બક્ષિસ કર્યાં હતાં અને તે વક્ફોના વહીવટમાં તેમને તેમની મરજી પ્રમાણે ચાલવાની છૂટ આપી હતી. તેની ઉદાર અને માયાળુ રાજનીતિને કારણે તે પોતાના બધી જાતિઓના અને બધા ધર્મોના પ્રજાજનોને પ્રિય થયો હતો.૨

મહાન એવા ઉપનામથી વિખ્યાત થયેલા અકબરનો સમજપૂર્વક કેળવેલો ધર્મસમભાવ એટલો તો પ્રસિદ્ધ છે કે તેનો ખાસ ભારપૂર્વક ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી. પણ એટલું અનુમાન ખુશીથી કરી શકાય કે તેની ધર્મવિષયક નીતિની સફળતા ઘણે મોટે અંશે ઉપર વર્ણવેલી લાંબી પરંપરા ઉપરાંત આપણા દેશમાં તે જમાનામાં પ્રવર્તતી ધર્મ-સહિષ્ણુતાની ભાવનાની સાથેની તેની નીતિની સુસંગતતાને આભારી હતી. અને અકબરની સિદ્ધિઓ તો સાચે જ અસાધારણ હતી.

એ યાદ રાખવા જેવું છે કે જે સમયે યુરોપ એક જ ધર્મના પરસ્પર ઝઘડતા જુદા જુદા સંપ્રદાયોના ઝઘડાઓમાં ડૂબી ગયું હતું, જે સમયે રોમન કૅથલિક લોકો પ્રોટેસ્ટંટોને થાંભલે બાંધીને બાળી મૂકતા હતા અને પ્રોટેસ્ટંટો રોમન કૅથલિકોને શૂળીએ ચઢાવતા હતા તે જ જમાનામાં

---

૨. ઈશ્વરીપ્રસાદ: 'હિસ્ટરી ઑફ મુસ્લિમ રૂલ ઇન ઇંડિયા' (હિન્દના મુસ્લિમ શાસનનો ઇતિહાસ), પા. ૩૩૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકબરે 'પરસ્પર ઝઘડતા એક ધર્મના સંપ્રદાયોને' જ નહીં પણ એકબીજાથી તદ્દન ભિન્ન એવા ધર્મોને શાંતિની બાંયધરી આપી હતી. જે જાતિઓ પર ધર્મસમભાવની નીતિનો તેણે પ્રયોગ કર્યો હતો તેમનો, તેમ જ તેની સમકાલીન દુનિયામાં જે પરિસ્થિતિ હતી તેનો જો ખ્યાલ રાખીએ તો આધુનિક યુગમાં ધર્મસહિષ્ણુતાના ક્ષેત્રનો તે પ્રથમ અને લગભગ સૌથી શ્રેષ્ઠ પ્રયોગવીર હતો એમ કહેવું જોઈશે.

અકબરની પછીના મોગલ બાદશાહોના શાસનમાં તેની નીતિનો એકધારો અમલ થયેલો જણાતો નથી છતાં તે નીતિનું મૂળભૂત વલણ કદી અવળું તો નહોતું જ થયું. મોગલ બાદશાહોની ધર્મવિષયક નીતિ વિષે ખાસ લખેલા પોતાના પુસ્તકનો ઉપસંહાર પ્રો. શર્માએ નીચેના શબ્દોમાં કર્યો છે:

યુરોપમાં તે વખતે એવો જમાનો ચાલતો હતો કે આપખુદ રાજાઓ અથવા પાર્લામેન્ટની સહાયથી પોતાના દેશ પર શાસન ચલાવતા રાજકર્તાઓ, બધા જ પોતપોતાના પ્રજાજનોએ ધર્મની કેવા પ્રકારની માન્યતાઓ રાખવી તે વિષે તેમને રાજાજ્ઞા ફરમાવતા હતા. દાખલા તરીકે, છઠ્ઠા એડવર્ડની વતી ઇંગ્લંડ પર જે લોકો રાજ ચલાવતા હતા તેમણે એવું ફરમાન કર્યું કે દેશે પ્રૉટેસ્ટંટ પંથ સ્વીકારવો એટલે ઇંગ્લંડ પ્રૉટેસ્ટંટ બની ગયું. તેની પાછળ મેરીનું રાજ શરૂ થતાંની સાથે જાણે કે જાદુની લાકડી ફરી ગઈ હોય તેમ ઇંગ્લંડ પાછું રોમન કૅથલિક પંથને રસ્તે વળી ગયું. તેની પાછળ ઇલિઝાબેથનો અમલ શરૂ થતાંની સાથે ચક્કર વળી ફરી ગયું, અને ઇંગ્લંડની પ્રજાએ કયા પંથને અનુસરવું જોઈએ, એ બાબતમાં જે ખેંચતાણ ચાલી તેમાંથી આખરે તે ઍંગ્લિકન (પ્રૉટેસ્ટંટ) પંથનું બનીને બહાર આવ્યું. સોળમા અને સત્તરમા સૈકામાં પોતાના પ્રજાજનોની ધાર્મિક માન્યતા એ યુરોપના રાજકર્તાઓની મોટી ચિંતાનો વિષય હોય એમ જણાય છે. તેથી તે જ જમાનામાં જ્યારે મોગલ બાદશાહો પોતાના પ્રજાજનોને તેમની ધાર્મિક માન્યતાઓની બાબતમાં તદ્દન સ્વતંત્ર રહેવા દેતા એમ આપણે જોઈએ છીએ ત્યારે તે જમાનાના રાજકર્તાઓના સામાન્ય વલણથી તેમનું વર્તન અપવાદ પેઠે જુદું તરી આવે છે. પોતાની પ્રજાના ઘણા મોટા ભાગની વસ્તીને માથે નથી તેમણે સુપ્રિમસીનો એટલે કે કયો ધર્મપંથ શ્રેષ્ઠ છે તે નક્કી કરીને તેના અમલને માટેનો કાયદો ઠોકી બેસાડ્યો કે

૩. શ્રી રામ શર્મા : 'ધિ રિલિજિયસ પૉલિસી ઑફ ધિ મુગલ ઍમ્પરર્સ' (મોગલ બાદશાહોની ધર્મ વિષયક નીતિ), પા. ૫૯–૬૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી ધર્માચાર અને ધર્મસિદ્ધાન્તોની ઓગણચાલીસ કલમો ઘડી કાઢીને તેમનો અમલ કરાવ્યો. ખુદ મોગલ બાદશાહોના ધર્મને અનુસરનારા મુસ્લિમ પ્રજાજનોની બાબતમાં પણ તેઓ માત્ર મજહબનો ત્યાગ કરનારને જ સજા ફરમાવતા અને મુસ્લિમોએ જાહેરમાં પાળવાના આચારોને અંગે અમુક પ્રકારની એકવાક્યતા જળવાય તેનો જ માત્ર આગ્રહ રાખતા.

ધર્મસહિષ્ણુતાની સાથે સાથે ચાલતા એકબીજાની સંસ્કૃતિના સંમિશ્રણમાંથી તેમ જ બન્ને જાતિના લોકોની ભેળસેળમાંથી બહુ થોડા વખતમાં ધર્મનું અને તત્ત્વજ્ઞાનનું સંમિશ્રણ શરૂ થયું. બહારથી આવેલા વિજેતાઓ અહીં વસવાટ કરીને રહેવા લાગ્યા એટલે તેમણે જેમને તાબે કર્યા હતા તે લોકોની માફક જ ભારતીય રવિના તાપથી પરિપક્વ થઈને તેમણે પોતાની ઉગ્રતાને છોડીને નરમાશનું માધુર્ય કેળવ્યું. સમય અને ...થી ઊભી થયેલી પરંપરાઓ એ બન્નેએ મળીને ધીરે ધીરે બન્ને સમાજો વચ્ચેના અંતરાયોને ઘસી નાખ્યા. જે મુસ્લિમ શાસકો મુસ્લિમ વિદ્વાનો અને દરબારીઓની જેમ હિન્દુ વિદ્વાનો અને દરબારીઓને આશ્રય આપતા તેમના દરબારો હિન્દુ અને મુસ્લિમ સંસ્કૃતિનાં મિલનનાં ક્ષેત્રો બન્યાં. હિંદુ પંડિતોએ ફારસી અને અરબીની અધરી ખૂબીઓને હાથ કરી અને મુસ્લિમ સાક્ષરો ગિર્વાણ ભાષાની સનાતન છતાં નિત્ય નૂતન મોહિનીથી આકર્ષાઈને તેને વશ થયા.

આને અંગે જે લોકો પ્રસિદ્ધ થયા છે તે પૈકી સૌથી વધારે નામાંકિત થયેલા અમીર ખુશરૂ અને શાહજાદા દારા શિકોહનાં નામો સહેજે યાદ આવે છે.

ખુશરૂ પોતાના જમાનાનો સૌથી પ્રસિદ્ધ કવિ અને ખિલજી તથા તઘલક વંશના સમયનો દિલ્લીના રાજદરબારનો અત્યંત તેજસ્વી સાક્ષર હતો એ વિષે કશી શંકા નથી. શહેનશાહ બલબનના સૌથી વડા દીકરાનો તે શિક્ષક હતો અને રાજદરબારમાં તેને બહુ આદર મળતો. તેણે અનેક પુસ્તકો લખ્યાં છે અને આજે પણ તેના ગ્રંથો ઘણા લોકો હોંશથી વાંચે છે. હિન્દી ભાષાના ઉપયોગને તેણે ઉત્તેજન આપ્યું હતું એટલું જ નહીં પણ તેણે જાતે હિન્દીમાં લખાણો કરેલાં છે.

---

૪. શ્રી રામ શર્મા: ૩ માં જણાવેલા પુસ્તકનાં પા. ૨૦૦–૨૦૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેનશાહ ઔરંગઝેબનો મોટો ભાઈ શાહજાદો દારાશિકોહ એક સંસ્કારી વિદ્વાન હતો અને હિન્દુ તત્ત્વજ્ઞાન તથા સંસ્કૃત વિદ્યાનો ભારે પ્રશંસક હતો. તેના આશ્રયથી થયેલાં ઉપનિષદોનાં ફારસી ભાષાન્તરોએ જ પશ્ચિમના વિદ્વાનોને સારુ હિન્દી તત્ત્વજ્ઞાનના એ સમૃદ્ધ ભંડારનાં દ્વાર ખોલી આપ્યાં અને હિન્દુ સંસ્કૃતિમાં વધારે ઊંડા ઊતરીને નવું નવું મેળવવાની તેમની જિજ્ઞાસાને જાગ્રત કરી. શ્રીમદ્ ભગવદ્ગીતા અને યોગવાસિષ્ઠ ઉપરાંત બીજા અનેક સુવિખ્યાત સંસ્કૃત ગ્રંથોનાં ફારસી ભાષાન્તરો પણ તેના આશ્રયથી જ થયાં હતાં. તેણે જાતે પણ અનેક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો રચેલા છે: વળી હિન્દુ અને મુસ્લિમ સંસ્કૃતિઓને જોડનારો એક પુલ બાંધવાના આશયથી તેણે પોતાની આસપાસ સૂફી વિદ્વાનોનું એક ધ્યાન ખેંચે એવું મંડળ એકઠું કર્યું હતું. આવા પાર વગરના દાખલાઓ ગણાવી શકાય એમ છે.[૫] આની પૂર્વે શહેનશાહ અકબરના હુકમથી રામાયણ અને મહાભારત તથા બીજા અસંખ્ય સંસ્કૃત ગ્રંથોનું ફારસીમાં ભાષાન્તર થયું હતું.

બન્ને લોકો વચ્ચે અથડામણો બેશક થતી હતી. પણ જીવનનો પ્રવાહ તે ઝઘડાઓની ખરબચડી ધારોને તથા અણિયાળા ખૂણાઓને ઘસી નાખીને તેમને સુંવાળા બનાવી રહ્યો હતો અને એ ‘ખીલતા અને ગુંજારવ-ભર્યા’ પ્રાણવાન કોલાહલમાંથી એક સંવાદભર્યું સંગીત નિર્માણ થવા લાગ્યું હતું. સમાજજીવનના આ નવા વાતાવરણને અનુરૂપ વિચાર કરવાની શક્તિવાળા પુરુષો ચારે તરફ પેદા થવા લાગ્યા હતા. નૂતન સમન્વયનું આ વલણ એટલું તો સર્વવ્યાપી થયું હતું કે મરાઠી સત્તાના ઉદયની પૂર્વે થયેલી બુદ્ધિની નૂતન જાગૃતિ પણ તેના પ્રભાવમાંથી મુક્ત રહી નહોતી.

મુસલમાનોના એકેશ્વરવાદી ધર્મની સરળતાની અસર આ ધર્મ-પ્રવર્તકો (કબીર, નાનક વગેરે)ના મન પર સ્પષ્ટપણે થઈ હતી. દત્તાત્રેય એટલે કે હિંદુ ત્રિમૂર્તિના અવતારના ભક્તો ઘણી વાર પોતાના ઇષ્ટદેવને મુસલમાન ફકીરનો વેશ પહેરાવતા. આ જ અસર ઘણા વધારે પ્રભાવથી મહારાષ્ટ્રના લોકમાનસ ઉપર કાર્ય કરી રહી હતી. ત્યાં બ્રાહ્મણ અને

૫: અતુલાનંદ ચક્રવર્તી કૃત ‘હિન્દૂઝ ઍન્ડ મુસલમાન્સ ઑફ ઇન્ડિયા’ (હિન્દના હિન્દુઓ અને મુસલમાનો) નામનું પુસ્તક જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્રાહ્મણ બંને જાતિના ધર્મોપદેશકો લોકોને રામ અને રહીમને એક જ માનવાનો અને કર્મકાંડનાં તેમ જ ન્યાતજાતનાં બંધનોમાંથી મુક્ત થઈને માનવ માત્ર માટેના પ્રેમની તથા ઈશ્વર વિષેની શ્રદ્ધાની ભાવનાથી એક થવાનો ઉપદેશ કરતા હતા.[૬]

વળી આ ઋણ એક બાજુનું નહોતું. ઇસ્લામે હિંદુ વિચારસરણીમાં અનેક રીતે પ્રવેશ કર્યો હતો. શંકર અને રામાનુજના તત્ત્વજ્ઞાન પર ઇસ્લામની વિચારસરણીની અસર પહોંચી છે એ વાત પુરવાર થઈ શકે એવી નથી એમ માનીએ તો પણ રામ અને રહીમના મિલનથી જે મંથન પેદા થયું હતું તેને અવગણી શકાય તેમ નથી. અનેક સાધનો દ્વારા તે મંથનનો ક્ષોભ પ્રગટ થતો જ રહ્યો છે. કબીર અને નાનક, ચૈતન્ય અને તુકારામ બધા જ એ બે ધર્મોના સંસર્ગમાંથી નીપજેલા નવસર્જનના સામર્થ્યનો પુરાવો આપે છે. આ પ્રમાણે આત્મા અને પરમાત્માનો યોગ સાધવાની વિદ્યાનાં શિખરો પર ચઢીને માણસ જ્યાં પોતાના વિશ્વ સાથેના સંબંધના સવાલનો જવાબ મેળવવાને મથે છે ત્યાં હિંદુ અને મુસલમાન સમાન ક્ષેત્ર પર એકઠા મળ્યા. એ મિલનની પ્રેરણા હિન્દી માનવસમૂહની વિશાળ આમજનતા સુધી પહોંચી અને તેણે તેને એક પ્રજા બનાવી દીધી.

હિન્દની સ્થાનિક બોલીઓ અને ભાષાઓ ઉપર થયેલી પરમુલકની ભાષાની અસર પણ ઓછી ફલપ્રદ નહોતી. બ્રાહ્મણી રાજ્યોએ મરાઠી ભાષાની ખિલવણીને કેવી પ્રેરણા આપી હતી તે આપણે જોયું છે. બંગાળી ભાષાને પણ એવી જ જાતની પ્રેરણા મળી હતી. પોતાના ભવ્ય ઉદ્યોગ અને વિદ્વતાના પ્રતીક સમા 'હિસ્ટરી ઑફ બેંગાલી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર' (બંગાળી ભાષા અને સાહિત્યનો ઇતિહાસ) નામના ગ્રંથમાં દિનેશચંદ્ર સેન કહે છે કે

> એક સામાન્ય બોલીમાંથી બંગાળીને સાહિત્યની ભાષાને દરજ્જે ચઢાવી લઈ જનારી જે અનેક અસરો છે તે પૈકી મુસ્લિમ લોકોએ કરેલી બંગાળની જીતની અસરને નિ:શંકપણે પ્રમુખ અસરોમાંની એક ગણી શકાય. હિન્દુ રાજાઓ જો પોતાની સ્વતંત્રતાનો ઉપભોગ ચાલુ રાખી શકયા હોત તો

---

૬. રાનડે: 'રાઈઝ ઑફ ધિ મરાઠા પાવર' (મરાઠી સત્તાનો ઉદય), પા. ૫૦–૫૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તેમના સંસ્કૃત પ્રત્યેના પક્ષપાતને કારણે) બંગાળીને રાજાઓના દરબારો સુધી પહોંચવાની તક ભાગ્યે જ મળી હોત.૭

પણ આ સંસર્ગમાંથી જે સૌથી વધારે નોંધવા જેવી હકીકત નીપજી તે તો એ છે કે ખુદ મુસ્લિમ વિદ્વાનોએ પોતાની કૃતિઓ હિંદી ભાષામાં લખવાની શરૂઆત કરી. અકબરે પણ એ ભાષાને ખૂબ ઉદાર આશ્રય આપ્યો હતો, અને બિરબલને તેણે કવિરાજની બહુમાનભરી પદવી આપી હતી. અકબરનો જ એક મંત્રી અબ્દુર રહીમ ખાન-ઈ-ખાનાં નામાંકિત હિંદી કવિ હતો અને તેની કૃતિઓ આજે પણ પ્રચારમાં છે. હિંદી ભાષામાં લખનારો બીજો મુસલમાન કવિ રસખાં નામે થઈ ગયો છે. વ્રજભાષા પર ફારસીની જબરદસ્ત અસર પહોંચી છે અને ખુદ ફારસી હિંદીના અનેક નવા શબ્દો લઈને સમૃદ્ધ બની છે.

બે પ્રજાઓના સંયોગમાંથી સંસ્કૃત કે ફારસી એકે ભાષા ન જાણનારી આમજનતાની એક નવી જ બોલી જન્મ પામી. એ નવી બોલી ઉર્દૂ, જે શરૂઆતમાં લશ્કરમાં જ વપરાતી અને ત્યાર પછી મુખ્યત્વે ઉત્તરમાં જ બોલાતી, તે મલેક કાફૂરની ચઢાઈ સાથે દક્ષિણમાં પણ પહોંચી ગઈ. વખતના વહેવાની સાથે માત્ર વાતચીતની બોલીમાંથી ખીલીને સાહિત્યનું તે એક ઉમદા વાહન બની અને આજે તેનું સાહિત્ય હિંદનાં સૌથી સમૃદ્ધ સાહિત્યો પૈકીનું એક છે.

ધર્મ અને ભાષાની બાબતમાં બન્યું તેવી જ રીતે ચિત્રકળામાં અને સ્થાપત્યમાં હિંદુ અને મુસ્લિમ એ બન્ને પરંપરાઓમાંથી ઊતરી આવેલી રીતિઓનાં શ્રેષ્ઠ તત્ત્વોનો સમાવેશ કરનારા નવા નમૂનાના આકારો અને ઘાટો નિર્માણ થયા.

હેવેલે દર્શાવ્યું છે તે પ્રમાણે

> દિલ્હી, અજમેર, આગ્રા, ગૌડ, માળવા, ગુજરાત, જોનપુર અને બીજાપુર, એ બધાં સ્થળોના સ્થાનિક રાજાઓ આરબ, પઠાણ, તુર્ક, ફારસી, મંગોલ કે હિંદી ગમે તે વંશના હોય તો પણ તે સર્વ સ્થળોએ જોવા મળતી ભાત ભાતની મુસ્લિમ શૈલીઓની મસ્જિદોના, હજીરાઓના કે મહેલોના ઘૂમટોના ઘાટ અને રચના, કે તેમનાં શિખરો પર મૂકવામાં આવેલાં હિંદુ પ્રતીકો; હિંદુ સમાધિઓના અનુકરણમાં બાંધવામાં આવેલા મહેરાબો; રચનામાં

૭. પા. ૧૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી વખત અને ઘાટમાં તો લગભગ હમેશ હિંદુ શૈલીની કમાનો; શણગારની અને બાંધકામની પદ્ધતિના ગર્ભમાં રહેલી હિંદુ પ્રતીકશૈલી; એ બધાં જ દર્શાવે છે કે હિંદી સ્થપતિઓ અને કારીગરોને મન મક્કાના પેગંબરનો ધર્મ હિંદુત્વના સમન્વયમાં સમાઈ જતા અનેક પંથો પૈકીનો એક વધારાનો પંથ જ છે; અને ધર્મચુસ્ત મુસ્લિમો થયા હોવા છતાં તે બધા પોતાની કળાને વ્યક્ત કરવામાં હિંદુ જ રહ્યા છે.[૮]

હિંદમાં પ્રથમ પ્રવેશ કરનારા આરબો હિંદુ સ્થાપત્યના ભારે પ્રશંસકો હતા. ગઝનીનો સુલતાન મહમદ હિંદમાંથી પોતાની સાથે સેંકડો કારીગરોને તેના પાટનગરમાં લઈ ગયો હતો અને ત્યાંથી તેમાંના ઘણાને મધ્ય એશિયાના જુદા જુદા રાજદરબારોમાં મોકલવામાં આવ્યા હતા. ગુજરાતમાં જોવાને મળતા હિંદુ અને મુસ્લિમ શૈલીઓના સંમિશ્રણના સંબંધમાં હિંદી સરકારના પુરાણવસ્તુસંશોધન ખાતાના શ્રી. ઓ. એમ. મુનીર કહે છે:

ગુજરાતનાં ઇસ્લામી બાંધકામો માટે યોજવામાં આવેલી શૈલી, તે જમાના પહેલાં જ જેમાંથી ઉજ્જ્વળ સિદ્ધિઓ નીપજી હતી તે મધ્યયુગનું હિંદી સ્થાપત્ય, અને જેણે તે સમય પૂર્વે જ કુતુબમિનાર, દિલ્હીની મસ્જિદ–ઈ-કૌવત-ઉલ-ઇસ્લામ અને નિઝામુદ્દીનમાં આવેલી જમાતખાના-મસ્જિદ એ બધી રચનાઓ પ્રગટાવી હતી તે સ્થાપત્ય, એ બંને પ્રાણવાન શૈલીઓના પરસ્પર સંઘર્ષમાંથી ઉત્પન્ન થઈ હતી. સ્થાપત્યની મહાન કૃતિઓ નિપજાવી શકે તેવું કૌશલ્ય મુસલમાનોએ સ્થાનિક પરંપરાની કેળવણીમાંથી હસ્તગત કર્યું હતું એ વાત સાચી છે છતાં દિલ્હીના પઠાણ સ્થાપત્યને નામે ઓળખાતી પ્રણાલીમાં કેળવાયેલા પોતાના સ્થપતિઓને તે લોકો પોતાની સાથે લેતા આવ્યા હતા અને તે જ સ્થપતિઓ બીજી રીતે ભવ્ય એવાં ગુજરાતના પ્રદેશનાં હિંદુ બાંધકામોમાં જણાતી વિશાળતા અને વિસ્તારની ઊણપોને દૂર કરીને તેમનો ગુજરાતનાં ઇસ્લામી બાંધકામોની આકૃતિઓમાં સમાવેશ કરી શકે એમ હતું. આનું પરિણામ એ થયું છે કે હિંદમાં મુસ્લિમોને આશ્રયે બાંધકામોની જે જે શૈલીઓ ખીલી છે તે સર્વમાં સૌથી વધારે પ્રમાણયુક્ત તેમ જ લાવણ્યયુક્ત અને છતાં પોતાનાં અસલ લક્ષણો સાચવી રાખનારી શૈલી ગુજરાતના આ મુસ્લિમ બાદશાહોએ કરાવેલાં બાંધકામોમાં જોવાની મળે છે.[૯]

---

૮. 'ઇન્ડિયન આરકિટેક્ચર' (હિંદી સ્થાપત્ય), પા. ૧૦૧.

૯. સર જોન કુમીંગે પ્રસિદ્ધ કરેલું 'રિવીલીંગ ઇન્ડિયાઝ પાસ્ટ' (હિંદના ભૂતકાળનું દર્શન), પા. ૭૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગીતમાં પણ આ સંમિશ્રણની પ્રક્રિયા બહુ સ્પષ્ટપણે જોઈ શકાય છે. હિંદુ રાગોને ગાવાની રીતિઓમાં ખ્યાલની રીતિનો ઉમેરો બહુ ધ્યાન ખેંચે તેવો છે. એ રીતિની શોધ અમીર ખુશરૂએ કરી હતી, અને પોતાના હિન્દુ અને મુસ્લિમ પ્રજાજનો વચ્ચે વધારે સાચી સમજ કેળવાય તેમ જ તેમની વચ્ચે ભાઈચારો વધે તે માટે પ્રયાસ કરનારા બીજા એક મુસ્લિમ રાજા, જોનપુરના સુલતાન હુસેનશાહ શરકીએ તેને વધારે ખીલવીને સર્વાંગશુદ્ધ બનાવી હતી. બન્ને જાતિઓને સમાન એવી સંગીતની પદ્ધતિઓ સૈકાઓથી ઊતરી આવેલી છે અને નામાંકિત હિંદુ તેમ જ મુસ્લિમ ઉસ્તાદોના હિંદુ અને મુસ્લિમ બન્ને જાતના શાગિર્દોની વાતો તો છેક સામાન્ય થઈ પડી છે.*

સંસ્કૃતિઓના આવા પ્રકારના સુમેળને કારણે મુસ્લિમ શાસનમાં હિંદુઓ રાજકારણના અસ્પૃશ્યો ઠરીને તેમાંથી બાદ રહેતા બચી ગયા. ધર્માંધતાની ઝનૂનના સૌથી અંધકારભર્યા સમયોમાં પણ, પોતાના શાસનકર્તાના પંથથી ભિન્ન ધર્મપંથને અનુસરતા યુરોપના કોઈ પણ સમકાલીન સમાજ કરતાં હિંદુઓની સ્થિતિ બહેતર હતી.

સોમનાથ મહાદેવના સુવિખ્યાત દેવાલયની લૂંટ કરનારા ગઝનીના સુલતાન મહમદને પણ, તેણે મુસ્લિમો પર જે જે ચઢાઈઓ કરી હતી તેમને માટે એક હિંદુ સેનાપતિને અને મોટા હિંદુ લશ્કરને પોતાની નોકરીમાં રાખતાં સંકોચ થયો નહોતો. હકીકતમાં તો એ જ હિંદુ સેનાપતિ તિલકે મહમદના ફિતૂરી થયેલા મુસ્લિમ સેનાપતિ નિયાલતિજિનના બંડને દબાવી દીધું હતું. સુલતાનના દીકરા મસૂદે તો બાપથીયે એક ડગલું આગળ વધીને, તિલકને પોતાના આખા હિંદી સૈન્યનો વડો સેનાધિપતિ નીમ્યો હતો.

---

* જ્ઞાનના વિસ્તારને અને વિકાસને જે બીજી એક વસ્તુએ એકદમ આગળ ધપાવ્યો, તેની નોંધ લેવા જેવી છે. હિંદમાં કાગળનો ઉપયોગ દાખલ કરનારા મુસ્લિમો હતા. તેમણે વળી અસલમાં કાગળ બનાવવાની કળા ચીની લોકો પાસેથી મેળવી હતી. કાગળનો ઉપયોગ શરૂ થતાંની સાથે જ જ્ઞાનપ્રચારની અનેક મુશ્કેલીઓ દૂર થઈ અને પુસ્તકો પ્રસિદ્ધ કરવાને અંગેના ખર્ચમાં ઘટાડો થવાથી તેનો વેગ ખૂબ વધી શક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકબરના હિંદુ વડા લશ્કરી અમલદારોની વાત તો જાણીતી છે, પણ જે હકીકત એટલી જાણીતી નથી તે એ છે કે, ઔરંગઝેબે પણ પોતાના લશ્કરમાં હિંદુ અમલદારોને મોટી સંખ્યામાં રાખ્યા હતા. તે પૈકી મહારાજા જશવંતસિંગ અને રાજા જયસિંગ મનસબદારો તરીકે ઊંચો દરજ્જો ભોગવતા હતા અને ઉપરાંત પ્રાંતોના સૂબાઓ તરીકે પણ તેમની નિમણૂકો થઈ હતી.

વળી એ પણ એક એવી જ ધ્યાન ખેંચે એવી બીના છે કે, શિવાજીએ પણ સારી એવી સંખ્યામાં મુસ્લિમ લશ્કરી અમલદારો રાખ્યા હતા. સેનાપતિ સીદી હુલ્લાળ અને સેનાપતિ નૂરખાં જેવા તે પૈકીના કેટલાક તો મહત્ત્વની જગ્યાઓ પર કામ કરતા. શિવાજીની નૌકાસેનામાં કંઈ નહિ તો ત્રણ નૌકા સેનાધિપતિઓ, સીદી સમ્બલ, સીદી મિસરી અને દૌલતખાન મુસ્લિમો હતા.

રાજવહીવટના બીજા વિભાગોમાં, ખાસ કરીને મહેસૂલી અને નાણાં ખાતાંઓમાં મોટા પ્રમાણમાં નોકરીએ રહીને, હિંદુઓ પોતાનો ફાળો આપતા. ઈ. સ. ૧૩૨૫માં દિલ્હીની ગાદીએ આવેલા સુલતાન મહમદ તઘલકની નોકરીમાં ઘણા હિંદુઓ હતા. તેના નાણાખાતામાં સૌથી વડા અમલદારો પૈકીનો એક રતન નામનો હિંદુ હતો. અકબરના નામાંકિત મહેસૂલી અને નાણાખાતાના મંત્રી રાજા ટોડરમલે રાજવહીવટમાં ઘણા દૂરગામી સુધારાઓ દાખલ કર્યા હતા, અને તેની ગણના રાજ્યના સૌથી વડા અધિકારીઓમાં થતી હતી. ઔરંગઝેબનો નાણાખાતાનો મંત્રી રઘુનાથ પણ હિંદુ હતો.

આ બધા કંઈ છૂટાછવાયા દાખલાઓ નથી એ વાત સર વિલિયમ હંટરે નોંધેલા, અને એ આખી વાતને સ્પષ્ટરૂપે સ્ફુટ કરતા એક ટુચકા ઉપરથી પુરવાર થાય છે. મુસ્લિમ ઉમરાવો પૈકીના ઘણાખરા પોતાની ઊપજની ઉઘરાણીને સારુ તેમ જ ખેડૂતો સાથેના બીજા કામકાજને માટે હિંદુ એલિફો રાખતા.

આ રિવાજ એટલો તો પ્રચલિત હતો કે, અકબરે પોતાના નાણાખાતાના હિન્દુ પ્રધાનની પસંદગીના બચાવમાં તેનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો. સામ્રાજ્યની તિજોરીના વડા તરીકે ટોડરમલની નિમણૂક થઈ તેની સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની તકરાર રજૂ કરવાને મુસ્લિમ ઉમરાવોએ એક પ્રતિનિધિમંડળ બાદશાહ પાસે મોકલ્યું.

'કહો ત્યારે તમારી મિલકતનો અને જમીનજાગીરોનો વહીવટ કોણ કરે છે?' અકબરે પૂછ્યું.

'અમારા હિન્દુ મુનીમો,' તેમણે જવાબ આપ્યો.

'વારુ,' અકબરે જણાવ્યું, 'તો મારી મિલકતના વહીવટને સારુ મને પણ એક હિન્દુને જ રાખવા દો.'[૧૦]

તેથી એમ કહેવું સાચું થશે કે, એકંદરે સામાન્ય વખતમાં હિન્દુઓ ઉચ્ચ અધિકારનાં સ્થાનો પર રહીને બહોળી સત્તા ભોગવતા હતા. એકલા નાણાખાતામાં જ નહીં પણ લશ્કરમાં પણ હિન્દુઓને, તેમને ભાગે આજે આવે છે તેના કરતાં ઘણો વધારે ઊંચો દરજ્જો મળતો હતો.[૧૧]

આ રીતે સૈકાઓના અંતરનું પ્રમાણ જાળવીને જોતાં આપણે હિન્દુઓ અને મુસ્લિમોને કલહને બદલે સહકારનો સફળ પ્રયોગ કરતા અને એકબીજાની સાથે ઝઘડવાને બદલે કે યુદ્ધો માંડી બેસવાને બદલે પરસ્પર એકમેકને ઓળખીને સમજવાનો તેવો જ સફળ પ્રયોગ કરતા જોઈ શકીએ છીએ. આ ડહાપણભરેલી સહિષ્ણુતાથી તેમણે જે જે ફળો મેળવ્યાં તે બધાં તે બંનેની કીમતીમાં કીમતી સમૃદ્ધિ હતી અને આપણો સૌથી પ્રિય અને સાચવી રાખવા જેવો વારસો છે. એ વારસાનો ઇન્કાર કરવો એ આપણા પૂર્વજોએ મેળવેલી ઉજ્જ્વળ સમૃદ્ધિને, ડાહ્યા પૂર્વજોનો કોઈ ઉડાઉ દીકરો ટૂંકી દૃષ્ટિથી વેડફી નાખે, તેના જેવું છે.

આજે આ દેશમાં એવા ઘણા લોકો છે કે જેઓ આપણા આ વારસાનો ઇન્કાર કરે છે અને ઊલટું આપણા પર એવાં અનુમાનો ઠસાવવા માગે છે કે જે આપણી પરંપરામાં દૃઢમૂલ થયેલાં નથી, અને જેમને વિષે બહુ બહુ તો એટલું કહી શકાય કે, તે બધાં ઇતિહાસનાં અર્ધસત્યો પરથી તારવેલાં છે.

ડૉ. આંબેડકર લખે છે કે, હિન્દુઓ અને મુસલમાનોને જે અંતરાય એક થતા અટકાવે છે તે તેમની બંનેની વચ્ચે રહેલો કોઈ નજીવો ફરક

---

૧૦. સર વિલિયમ હંટરકૃત 'ધિ ઇન્ડિયન મુસલમાન્સ' (હિંદના મુસલમાનો), પા. ૧૫૭.

૧૧. અ. શ્રીરામ શર્માનું ૩માં જણાવેલું પુસ્તક જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. સાચું જોતાં એ અંતરાય એવા પ્રકારના ફરકથી તદ્દન ભિન્ન પડી આવતો એક ઊંડો વિરોધ છે. વળી તે બંનેની વચ્ચેનો આ વિરોધ કેવળ ભૌતિક કારણોથી નીપજેલો નથી. તે સમગ્ર વિરોધનું ઘડતર કરનારાં કારણોનાં મૂળિયાં હેઠ ઐતિહાસિક, ધાર્મિક, સામાજિક અને સંસ્કૃતિવિષયક વિરોધવૃત્તિઓમાં પહોંચેલાં છે અને રાજકારણને અંગેના વિરોધની વૃત્તિ તો તેનું પ્રતિબિમ્બ માત્ર છે.૧૨

આ આખું વિધાન ઇતિહાસની હકીકતોની અત્યંત વિપરીત રજૂઆત કરે છે અને માનવ ચિત્તના વ્યાપારોના તથા માનવ આચરણોના પરીક્ષણને માટે સર્વમાન્ય થયેલા સિદ્ધાન્તોથી ઇતિહાસને તપાસવામાં આવે તો જે અનુમાન પર આવવું પડે, તેનાથી સાવ ઊલટું છે. એક હજાર વર્ષ સુધી હિન્દુઓ અને મુસ્લિમો એક સાથે, એક ભૂમિ પર વસ્યા તે સલાહ સંપ અને શાન્તિથી નહોતા રહ્યા, પણ જેનો એક ઘોડો સૂર્ય તરફ ઊડે છે અને બીજો પૃથ્વી તરફ ખેંચે છે તેવી પ્લેટોની ઘોડાની જોડીની ચાલે ચાલ્યા હતા એમ કહેવું એ ઇતિહાસને અનુસરીને તો નથી જ નથી, પણ વાહિયાત છે, કારણ કે માણસો એ રીતે નથી સાથે રહેતાં કે નથી મૂલ્યવાન વસ્તુઓનું સર્જન કરતાં.

અને છતાં એવી દલીલ થઈ શકે કે ભૂતકાળમાં હિન્દુઓના અને મુસ્લિમોના સંબંધો કેવા પ્રકારના હતા તે વાતની સાથે નહિ, પરંતુ આપણા ઇતિહાસના બ્રિટિશ જમાના દરમિયાન તે સંબંધો કેવી રીતે ઘડાયા છે તે વાતની સાથે આપણને વધારે લેવાદેવા છે. એટલે આપણે હવે તે જમાના તરફ વળીશું અને બ્રિટિશ લોકો સાથેના સંસર્ગની અસર એ બન્ને કોમો પર કેવી કેવી થઈ અને તેમના પરસ્પર સંબંધો પર તેનાં કેવાં કેવાં પરિણામો આવ્યાં તે જોઈશું.

---

૧૨. ડૉ. બી. આર. આંબેડકર; 'થોટ્સ ઓન પાકિસ્તાન' (પાકિસ્તાન વિષે વિચારો), પા. ૩૩૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी

६० ग
२
२११६२

પ્રકરણ ૩ જું

મુસ્લિમ રાજકારણનો વિકાસ

(૧૮૫૭–૧૯૪૦)

૧૮૫૭ની સાલના દિલ હલાવી નાખનારા દિવસોના બનાવોમાં હિંદના મુસલમાનોએ ઘણો આગળ પડતો ભાગ લીધો હતો. પરંતુ બળવો સફળ ન થયો, અને વિજયી થયેલા બ્રિટિશ લોકોનો લોખંડી પંજો રાષ્ટ્રવાદી મુસ્લિમોને સાથે જોરથી ઝીંકાયો. મુસ્લિમોને દબાવી દેવાની બળવા પહેલાંની રાજનીતિ ત્યાર પછી એવી નિષ્ઠુરતાથી ચાલુ થઈ કે, તેના અમલને પરિણામે, અંતે હિંદના શૂરા અને મગરૂર મુસ્લિમ લોકોનું સત્ત્વ હણાઈ ગયું, તેમનું ગૌરવ ધૂળમાં મળી ગયું, અને તેમની સ્થિતિ અજ્ઞાનના અંધકારમાં ડૂબેલી આમજનતાના જેવી બની ગઈ.

ગયા સૈકાનાં એ અંધકારભર્યાં વરસોમાં મુસ્લિમ લોકોની વહારે ધાઈને સર સૈયદ અહમદખાન તેમની વતી લડ્યા. બળવાના દિવસોમાં સહેવાં પડેલાં દુઃખ અને વિટંબણાઓથી, તથા બળવા પછીના દાયકાઓ દરમિયાન વેઠેલાં કલેશ અને યાતનાઓથી પોતાની કોમને તેમણે છિન્નભિન્ન થઈ ગયેલી જોઈ. કેળવણીમાં પછાત પડી ગયેલી અને રાજકર્તાઓના વહેમનો ભોગ થઈ પડેલી, એક વખતના હિંદના મગરૂર તેમ જ મશહૂર રાજકર્તાઓની કોમ હિંદી રાજકીય જીવનની રંગભૂમિ પરથી જાણે કે નાબૂદ થઈ જવા બેઠી હતી. છિન્નભિન્ન થઈને પછાત પડી ગયેલી પોતાની કોમને જાગ્રત કરવાના તથા તેમાં એકી સ્થાપવાના કાર્યમાં પોતાની મહાન શક્તિઓને યોજવાનો સર સૈયદ અહમદે નિશ્ચય કર્યો.

એ કાર્યને માટેની તેમની લાયકાત ઉચ્ચ પ્રકારની હતી. સુવિખ્યાત પૂર્વજોથી ઊતરી આવેલા — તેમના આજા અકબર બીજાના મુખ્ય પ્રધાન હતા — સૈયદ અહમદ નાની ઉંમરે બ્રિટિશ સરકારની નોકરીમાં દાખલ થયા અને હિંદ પર જ્યારે સત્તાવનના બળવાનું તોફાન તૂટી પડ્યું ત્યારે

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિજનોરમાં અમલદાર હતા. બળવાના દિવસો દરમિયાન તે સરકારને પક્ષે રહ્યા, અને પોતાની કુનેહ તેમ જ સૂઝથી કટોકટી ભરેલી પરિસ્થિતિમાંથી તોડ કાઢીને તેમણે ઘણા અંગ્રેજોના જાન ઉગારી લીધા. બળવાખોરોને જ્યારે આ વાતની ખબર પહોંચી ત્યારે તેમણે સૈયદ અહમદનું દિલ્હીનું ઘર અને મિલકત લૂંટી લઈને તેમને ઘણું મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યું.

તે પછીનાં વર્ષોમાં તેમણે પોતાનું 'ધિ કોઝિઝ ઑફ ધિ ઇન્ડિયન રિવોલ્ટ' (હિંદમાં થયેલા બંડનાં કારણો) નામનું પુસ્તક ઉર્દૂમાં[1] પ્રસિદ્ધ કર્યું. તેમની દલીલ એ હતી કે જાહેર પ્રજામતની સાથે સરકારનો કોઈ જાતનો સંપર્ક રહ્યો નથી, અને તેની તેને કશી પડીયે નથી. કાયદા ઘડનારી ધારાસભામાં કોઈ હિંદીને બેસવાની પરવાનગી નથી, અને સરકાર પાસે લોકલાગણીનું ચોક્કસ માપ મેળવવાનું બીજું એકે સીધું સાધન નથી. તેમના અભિપ્રાય મુજબ બળવાનું આ મૂળ કારણ હતું.

પરંતુ મુસ્લિમોને કેળવણીમાં આગળ વધારવાના પ્રયાસો કરનાર તરીકે તેમની ખ્યાતિ સૌથી વધારે થઈ છે. જાહેર પ્રજાના દિલમાં તેમનું નામ અલીગઢમાં આવેલી કેળવણીની મહાન સંસ્થા સાથે કાયમનું સંકળાયેલું છે. પોતાના સહધર્મીઓને પ્રમાદમાંથી જગાડવાને તેમણે કરેલા પ્રયત્નોથી, અને તે લોકોની રૂઢિઓ પર તેમણે કરેલા જોરદાર હુમલાઓથી રૂઢિમૂઢ મુસલમાનો એવા તો રોષે ભરાયા હતા કે, તે લોકોએ તેમના પર અલ્લાનો ઇન્કાર કર્યાનો અને ઇસ્લામને દગો દીધાનો આરોપ મૂક્યો હતો. તેમને કોમમાંથી બાદ મૂકવામાં આવ્યા હતા અને તેમનું ખૂન કરવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ બધા વિરોધથી જરા પણ ડર્યા વિના તેમણે પોતાની યોજનાઓ સફળતાપૂર્વક પાર પાડી અને પરિણામે અલીગઢની એમ. એ. ઓ. (મહોમેડન એંગ્લો ઓરિએન્ટલ) કોલેજ હસ્તીમાં આવી.[2]

---

૧. મૂળ ઉર્દૂ પુસ્તકનું નામ 'અસબાબ-ઇ-બગાવત' (૧૮૫૮) છે. સર ઑકલેન્ડ કોલવિન અને લે. કર્નલ જી. એફ. આઈ ગ્રેહામે તેનો અંગ્રેજીમાં તરજુમો કરીને તે ૧૮૭૩માં પ્રસિદ્ધ કર્યો હતો.

૨. આ આખી વાત મૌલાના અલતાફ હુસેન હાલીના 'હયાતે જવીદ' નામના, સર સૈયદ અહમદખાનના જીવનચરિત્રના સારી પેઠે જાણીતા થયેલા ઉર્દૂ પુસ્તકમાં કહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાં વર્ષો બાદ તેમણે મહોમેડન એજ્યુકેશનલ કૉન્ફરન્સ (મુસ્લિમ કેળવણી પરિષદ)ની યોજના કરી અને તે પરિષદ ત્યારથી આજ સુધી લગભગ નિયમિતપણે કાર્ય કરતી આવી છે.

પોતાની કારકિર્દીનાં શરૂઆતનાં વર્ષોમાં સર સૈયદ અહમદ રાષ્ટ્રવાદી અને પ્રગતિશીલ વિચારના હતા. સરકારી અમલદાર હતા તે વખતે પણ, અને ત્યાર બાદ પેન્શન પર ઊતર્યા પછી જ્યારે જ્યારે સરકારી તંત્રની ટીકા કરવાની તેમને જરૂર લાગી ત્યારે ત્યારે તેવી ટીકા તેમણે નીડરપણે કરી હતી. અંગ્રેજ અમલદારોના હિન્દીઓ તરફના તુમાખી ભરેલા વર્તનથી તેમનો રોષ ઘણી વાર ઊકળી ઊઠતો.

હિન્દમાં બ્રિટિશ હકૂમત શરૂ થઈ તે પછી તેનાં શરૂઆતનાં વર્ષોમાં લોકો દિલોજાનથી તેની તરફેણ કરતા હતા. પણ સરકારે લોકોનો સદ્‌ભાવ હવે ગુમાવી દીધો છે. અને દેશીઓ હવે ઘણે મોટે ભાગે એવી ફરિયાદ કરે છે કે અમારી સાથે તોછડાઈ ભરેલું વર્તન રાખવામાં આવે છે. મામૂલી દરજ્જાનો કોઈ પણ સરકારી અમલદાર એક ડ્યુક (સૌથી શ્રેષ્ઠ દરજ્જાના અંગ્રેજ ઉમરાવ)ની સરખામણીમાં પોતાની જાતને જેટલી તુચ્છ સમજે છે, તેટલા જ પ્રમાણમાં તે કોઈ પણ દેશી ગૃહસ્થને પોતાના કરતાં હલકો લેખે છે. આવા ઘણા અમલદારોનો તો એવો પણ અભિપ્રાય થઈ ગયો છે કે, કોઈ પણ દેશી માણસ સદ્‌ગૃહસ્થ તો હોય જ નહીં.

પ્રજાને વિષેના સરકારના આશયો ગમે તેટલા સારા હોય તો પણ, જ્યાં સુધી દેશીઓ સાથે સદ્‌ભાવ ભરેલું વર્તન રાખીને આ નોકરો તેમને સરકારના તે આશયોની પ્રત્યક્ષ પ્રતીતિ નહિ કરાવે, ત્યાં સુધી સરકારના શુભ આશયોની વાત લોકો હવે માનવાના નથી. સિદ્ધાન્ત અને તેનો પ્રત્યક્ષ અમલ, એ બે વચ્ચે હવે મેળ રહ્યો નથી.

વાઇસરોયની ધારાસભામાં પણ તેમણે હિન્દી પ્રજાની માગણીઓની હિમાયત કરી હતી.

રાષ્ટ્ર શબ્દમાં હું હિંદુ અને મુસલમાન, બન્નેનો સમાવેશ કરું છું કેમ કે એ સિવાય તે શબ્દનો બીજો કોઈ અર્થ હું કરી શકતો નથી.

મારી દૃષ્ટિથી કોમનો ધર્મ કયો છે તે વાતને ગણતરીમાં લેવા જેટલું મહત્ત્વ નથી, કેમ કે ધર્મની વાત પ્રત્યક્ષ ક્યાંય જોવામાં આવતી નથી. પરંતુ આપણે બધા એક જ ભૂમિ પર વસીએ છીએ, એક જ રાજકર્તાના શાસનનો આપણા પર અમલ ચાલે છે, બધાને જે કંઈ લાભ થાય છે તેનું મૂળ પણ એક જ છે અને દુકાળની વિટંબણાઓ પણ આપણે બધા એકસરખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વેઠીએ છીએ, એ બધું આપણને પ્રત્યક્ષ છે. આ બધાં જુદાં જુદાં કારણોને લઈને હિંદમાં વસતી આ બંને જાતિઓને હું હિન્દુઓ એટલે કે હિંદુસ્તાનના વતનીઓ, એવા એક જ નામથી ઓળખું છું. ધારાસભામાં જ્યારે હું બેસતો હતો ત્યારે પણ આ રાષ્ટ્રની આબાદી કેમ થાય તેની જ મને હરહમેશ ફિકર રહેતી હતી.

અને ઘણી વખત તો કોઈ કવિની છટાથી તે હિંદુ અને મુસલમાન, ભારત કન્યાની બે આંખો છે એવું વર્ણન કરતા.

પરંતુ ૧૮૮૫ ના અરસામાં આ મહાપુરુષની ભાવનામાં એકાએક ફેરફાર થયેલો દેખાય છે. પહેલાં પોતાની કારકિર્દીમાં તેમણે જે જે નીતિનો પુરસ્કાર કર્યો હતો તેમાંની લગભગ એકેએકનો હવે તેમણે વિરોધ કરવા માંડ્યો: આઈ. સી. એસ.ની એટલે કે હિંદી સનદી નોકરીમાં દાખલ થવા માટેની પરીક્ષા વિલાયતમાં તેમ જ હિંદમાં એકી સાથે લેવાની માગણીના જેવી હિંદી રાષ્ટ્રીય મહાસભાની બીજી અનેક માગણીઓનો વિરોધ કરવાનું ભૂંડું કામ તેમણે પોતાને માથે ઓઢી લીધું હતું.

સર સૈયદ અહમદની સાથે રહીને અલીગઢ કૉલેજનું પંદર વર્ષ સુધી કાર્ય કરનાર અને એ ભવ્ય વ્યક્તિમાં થયેલા કરુણ પરિવર્તનના પ્રત્યક્ષ સાક્ષી, અલ્લામા શિબ્લી નુમાનીએ તેને વિષે આ પ્રમાણે લખ્યું છે :

'કૉઝિઝ ઑફ ધિ ઇન્ડિયન રિવોલ્ટ'(હિંદમાં થયેલા બંડનાં કારણો) જેવું પુસ્તક જેની સમર્થ કલમમાંથી ઊતર્યું તે કલમબાજ અને જે જમાનામાં અનેક લોકોને રાજસત્તા તરફથી લશ્કરી અદાલતોમાં કામ ચલાવીને દેહાન્ત શિક્ષા ફરમાવવાનું ચાલી રહ્યું હતું તે જમાનામાં તેને પ્રસિદ્ધ કરવાની હામ ભીડનાર નીડર અને પ્રભાવશાળી લેખક; પંજાબ યુનિવર્સિટી બિલનો વિરોધ કરીને જેણે લૉર્ડ લિટને રજૂ કરેલી એકેએક દલીલના ચૂરેચૂરા કરી નાખ્યા હતા, અને તે બિલની ચર્ચા ચાલતી હતી તે દરમિયાન, મહાસભાથી પણ જેની સરસાઈ નથી થઈ શકી તેવી કડક ભાષામાં ત્રણ લેખો લખીને હિંદી પ્રજાકીય માગણીઓને ભારપૂર્વક રજૂ કરનાર પુરુષસિંહ; આગ્રાના સરકારી દરબારમાં બેઠકોની ગોઠવણીની બાબતમાં હિંદીઓ અને અંગ્રેજો વચ્ચે અંતર કરવામાં આવ્યું હતું તે કારણે તેમાંથી ચાલી નીકળનાર ભડવીર; જેમના ઉત્સાહ અને પરાક્રમને પરિણામે રાષ્ટ્રીયતાના વિચારો આપણી પ્રજામાં વ્યક્ત થવા લાગ્યા હતા તે બંગાળીઓ આખા દેશનું ગૌરવ છે, એમ જાહેર કરીને તેમનું અભિનંદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર દેશભક્ત — કુદરતે ચારિત્ર્યનાં આવાં લક્ષણોથી યુક્ત સર સૈયદ અહમદને અખિલ હિંદના નેતૃત્વને માટે ઘડ્યા હતા. પણ સંજોગોને તથા પોતાની આસપાસના વાતાવરણને વશ થઈને તેમણે મુસ્લિમોને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પોતાનો યોગ્ય ફાળો આપતા રોક્યા. આમ કેમ બન્યું ? આમ થયું તેનાં કારણો ક્યાં હતાં ? તેમની ભાવનાને આમ એકાએક આવું અવળું વળણ આપનારું શું હતું ? આજની ઘડીએ આ બધા સવાલોના જવાબો આપવાની જરૂર નથી. ના, એટલું જ નથી. એ બધા સવાલોના જવાબો આજે આપવાથી આપણા કાર્યને ધોકો પહોંચશે. પણ તેમ છતાં એટલું તો કહેવું જ જોઈશે કે તેની તે અસલ નીતિને આંધળા થઈને અનુસર્યા કરવાનો વખત હવે ખરેખર રહ્યો નથી. સ્વતંત્ર રીતે વિચાર કરવાનો વખત હવે આવી ગયો છે.[3]

આ આખા સવાલનું સ્પષ્ટીકરણ તે વખતે ન કરવાનાં મૌલાના શિબલીનાં કારણો ગમે તે હશે, પણ કાળના વહેવાની સાથે આપણને તેનો જવાબ મળી ગયો છે. સર સૈયદ અહમદના ઘડપણમાં અલીગઢ કૉલેજના યુરોપિયન પ્રિન્સિપાલોએ તેમના પર સૂક્ષ્મ રીતે જે પ્રભાવ જમાવ્યો હતો, તેને લીધે મોટે ભાગે તેમના રાજકારણને લગતા વલણમાં આ કરુણ ફેરફાર થવા પામ્યો હતો.[4] ભરોસે રહીને ચાલવાના તેમના ભલા સ્વભાવનો, હિન્દી રાષ્ટ્રવાદના વિરોધમાં તેમને ઊભા કરવાને હલકી રીતે લાભ લેવામાં આવ્યો હતો. તેમને એવી ઊંધી સમજ પાડવામાં આવી હતી કે, અંગ્રેજો અને મુસ્લિમોની મૈત્રી મુસ્લિમ કોમની સ્થિતિ સુધારવામાં મદદગાર થશે, પણ રાષ્ટ્રવાદની હરોળમાં ભળવાથી મુસ્લિમોને કપાળે પાછી તેની તે જ મહેનતમજૂરીની અને કલેશની અવદશા ચોંટી રહેશે. વળી તેમને ગળે એવી વાત પણ ઉતારવામાં આવી હતી કે, બીજી કોમ સાથેની જીવનની હરીફાઈમાં મુસ્લિમો જે પાછાત પડી ગયા છે, તે ખોટ ભરી કાઢવાનો ચોક્કસ ઇલાજ સરકારને ટેકો આપવાનો છે. આ બધાંને પરિણામે પોતાની કોમ પરના તેમના અનન્ય પ્રભાવનો ઉપયોગ મુસ્લિમોને, વિશેષે કરીને ઉત્તર હિન્દમાં, મહાસભાથી દૂર રાખવાને માટે થયો.

૩ મૌલાના સૈયદ તુફૈલ અહમદ માંગલોરીએ પોતાના 'મુસલમાનોંકા રોશન મુસ્તકબીલ' નામના પુસ્તકમાં આપેલું અવતરણ.

૪. પ્રકરણ ૪ થું જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ મહાસભાના જન્મથી જ તેને પડખે જઈને ઊભા રહેનારા પ્રભાવશાળી મુસ્લિમોની ખોટ નહોતી. મદ્રાસમાં ૧૮૮૭ની સાલમાં ભરાયેલા રાષ્ટ્રીય મહાસભાના ત્રીજા અધિવેશનનું પ્રમુખપદ બદરુદ્દીન તૈયબજીએ લીધું હતું. એ જ બેઠકમાં હાજરી આપનાર નામદાર મીર હુમાયુન ઝાએ રૂ. ૫૦૦૦ મહાસભાને આપ્યા હતા. મુંબઈના એક આગળ પડતા વેપારી ભાઈ અલી મહમદ ભીમજી, મહાસભાના ઉદ્દેશો અને આશયોની લોકોને સમજ આપવાને માટે, આખા દેશમાં ફર્યા હતા. મહાસભા માટેની આ લાગણી માત્ર કેળવાયેલા થોડાક મુસ્લિમો કે વેપારી વર્ગ પૂરતી જ મર્યાદિત રહી નહોતી. ઉલેમાનો સમર્થ આધાર પણ તેને મળ્યો હતો. મૌલાના રશીદ અહમદ ગંગોહી, અલીગઢના મોલવી લુતફુલ્લા, અને મુઝફ્ફરનગરના મુલ્લાં મુરાદ અહમદ જેવા અગ્રગણ્ય આલિમોએ મુસ્લિમોને એવી સલાહ આપી હતી કે, આપણી દુન્યવી હાલત સુધારવાને માટે આપણા હિન્દુ કોમના દેશી ભાઈઓની સાથે ભળીને પુરુષાર્થ કરવો, એ તદ્દન ધર્મયુક્ત છે. ઉલેમાએ જાતે મહાસભાના કામકાજમાં પ્રત્યક્ષ ભાગ નહોતો લીધો કારણ કે તેની બધી કાર્યવાહી તે વખતે અંગ્રેજીમાં ચાલતી, અને તે ભાષા તેમને આવડતી નહોતી.

સ્વતંત્ર રીતે વિચાર કરવાની અને રાષ્ટ્રવિરોધી નીતિનો ત્યાગ કરવાની મૌલાના શિબલીએ પોતાની કોમને જે હાકલ કરી હતી, તેને પણ લાગવગવાળા અને મોભાદાર લોકોનો ટેકો મળ્યો હતો. નવાબ મોશીન-ઉલ-મુલ્ક, ખ્વાજા અલ્તાફ હુસેન હાલી અને નવાબ વિકાર-ઉલ-મુલ્કના જેવા સર સૈયદ અહમદની સાથે રહીને જીવનભર કામ કરનારા લોકોની દૃષ્ટિ કદાચ મૌલાના શિબલીના જેટલી સાફ નહીં હોય તો પણ તે બધાના વિચારો તો તેમના જેવા જ હતા. અલીગઢ કૉલેજના મંત્રી નવાબ વિકાર-ઉલ-મુલ્કે જે નીચે પ્રમાણે લખ્યું છે તેનાથી આ હકીકતનો પુરાવો મળી રહે છે.

> ગયા સૈકાનાં આખરનાં વર્ષો દરમિયાન અલીગઢ કૉલેજના કેટલાક ટ્રસ્ટીઓને એવી લાગણી થવા માંડી હતી કે, સર સૈયદ અહમદની નીતિમાં સારો સરખો ફેરફાર કરવાની જરૂર છે. સર સૈયદ અહમદે પોતાની કોમની જે અનન્ય સેવા બજાવી હતી તે માટે તેમના પ્રત્યેની ઉપકારની લાગણીને વશ થઈને તે લોકોએ તેમનો જાહેર રીતે વિરોધ કર્યો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ આખરે તે લોકોની ધીરજ પણ ખૂટી.

અમને એમ લાગ્યું કે સર અહમદ પ્રત્યેની અમારી પ્રીતિને કારણે અથવા તેમના પ્રત્યેની અંગત વફાદારીની અમારી લાગણીને કારણે, કોમના હિતને ખાતર અમારા વિચારો જાહેર કરવાનો અને અમારા દિલમાં જે ગડમથલ ચાલી રહી હતી તે સ્પષ્ટતાથી કહી નાખવાનો અમારે સંકોચ રાખવો ન જોઈએ. તેથી લાહોરના એક પત્રમાં પ્રસિદ્ધ કરવાને માટે એક લેખ લખીને મેં નવાબ મોશીન–ઉલ–મુલ્ક અને ખ્વાજા અલ્તાફ હુસેન હાલીને, તેમની અનુમતિ અને મંજૂરીને માટે મોકલી આપ્યો, કારણ કે અમારા ત્રણેની સહીથી તે પ્રસિદ્ધ થાય એવી મારી ઇચ્છા હતી. પણ દરમિયાન અમને સર સૈયદ અહમદના દુ:ખદ અવસાનના દિલગીરી ભરેલા સમાચાર મળ્યા. તેમના મરણથી કોમને મોટો ફટકો પડ્યો હતો અને તેવા આફતના વખતમાં તે લેખ પ્રસિદ્ધ કરવાનો વિચાર કુદરતી રીતે જ પડતો મૂકવામાં આવ્યો.[૫]

એ રીતે તે પ્રારંભનાં વર્ષોમાં સર સૈયદ અહમદના પ્રભાવને કારણે ઘણા કેળવાયેલા મુસલમાનો હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં મૂર્તિમંત થયેલી અને વિકાસ પામતી જતી રાષ્ટ્રવાદની ભાવનાથી અલિપ્ત રહ્યા. તેમના અવસાન પછી ઓગણીસમા સૈકાની આખરમાં જે હિન્દી–ઉર્દૂનો વાદ ઊપજ્યો તે વળી એક બીજો વધારાનો અંતરાય થઈ પડ્યો. આખા ઉત્તર હિંદુસ્તાનમાં તે વખતે બધી અદાલતોમાં ચાલતી ફારસી લિપિને બદલે નાગરી લિપિ દાખલ કરાવવાનો કેટલાક હિન્દુઓએ પ્રયાસ કરવા માંડ્યો હતો. ઉર્દૂ ભાષા સૈકાઓથી જે દરજ્જો ભોગવતી આવી હતી તે પરથી તેને ઉતારી પાડવાના આ પ્રયાસથી ચિડાઈને મુસ્લિમો રોષે ભરાયા, એટલે એ બાબતને અંગે આખા સંયુક્ત પ્રાન્તમાં જે ચળવળ ચાલી તેને પરિણામે ‘અંજુમને ઉર્દૂ’ નામની સંસ્થાની સ્થાપના થઈ. અલીગઢ કૉલેજના તે વખતના મંત્રી નવાબ મોશીન–ઉલ–મુલ્ક અંજુમનના સરનશીન થયા. પરંતુ આ તક પર મુસ્લિમો પોતાનો કોઈ પણ જાતનો અસંતોષ કોઈ સંગઠિત સંસ્થા દ્વારા વ્યક્ત કરે તે સરકારને રુચતું નહોતું. એટલે પ્રાન્તના લેફ્ટેનન્ટ ગવર્નરે જાતે ઠેઠ અલીગઢ જઈને કૉલેજના ટ્રસ્ટીઓને જણાવ્યું કે, નવાબ મોશીન–ઉલ–મુલ્ક આ લિપિના વાદમાં સક્રિય ભાગ લે તે સરકારને મંજૂર

૫. ‘વિકારે હયાત’, પા. ૪૨૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. નવાબ સાહેબે તેથી, કાં તો કૉલેજના મંત્રીનું અથવા અંજુમનના પ્રમુખનું, એ બે પૈકી કયું સ્થાન રાખવું છે તે નક્કી કરી લેવું પડશે. અહીં એ વાત ધ્યાનમાં લઈ લેવા જેવી છે કે, જ્યારે મુસલમાનોને જરૂર લાગે ત્યારે તે લોકો જાતે સંગઠિત થાય તે સરકારને મંજૂર નહોતું, પણ જ્યારે અમલદારશાહીને લાગે કે મુસ્લિમોનું સંગઠન સરકારની કોઈક નીતિને આગળ ધપાવવામાં મદદરૂપ થાય એમ છે ત્યારે તે તેને માન્ય રાખવાને તૈયાર હતી.

૧૯૦૪ની સાલમાં જ્યારે બંગાળના બે વિભાગ કરીને તેના બે અલગ અલગ પ્રાન્તો બનાવવાનો લૉર્ડ કર્ઝને ઘાટ ઘડ્યો, ત્યારે સરકારનું આ વલણ સાફ દેખાઈ આવ્યું. કર્ઝનને એમ થયું કે પૂર્વ બંગાળની એકાદ સંગઠિત મુસ્લિમ સંસ્થાનો જો મને ટેકો મળી જાય તો મારી યોજના પાર પાડવામાં તે બહુ ઉપયોગી થઈ પડે. બંગાળના ભાગલા કરવાની યોજના પ્રજાની પ્રગતિને પાછી પાડનારી હતી, તેથી તો વળી આવી મદદની તેને વધારે જરૂર લાગી. કર્ઝનનો ચરિત્રકાર લૉર્ડ રોનાલ્ડશે, જે હવે ઝેટલૅન્ડના મારકિવસને નામે ઓળખાય છે અને જે પોતે પણ એક વખત બંગાળના ગવર્નરના અને ત્યાર પછી હિન્દી વજીરના હોદ્દા પર હતો તેણે દરશાવ્યું છે તે પ્રમાણે :

> પૂર્વના ગીચ વસ્તીવાળા અને તે પ્રદેશના વિશિષ્ટ પ્રશ્નોવાળા જિલ્લાઓથી દૂર અંતરે આવેલાં કલકત્તા તેમ જ દાર્જિલિંગમાં પોતાનાં થાણાં રાખનારો લેફ્ટેનન્ટ ગવર્નર એવડા મોટા વિશાળ પ્રદેશનો વહીવટ ત્યાં દૂર બેઠો ચલાવી શકે, એવી અપેક્ષા રાખવી નકામી હતી. લૉર્ડ કર્ઝનની યોજનાનો વિરોધ કરનારા લોકોમાંથી પણ ઘણા તેની આ દલીલ સાથે સંમત થવાને તત્પર હતા. એ મુશ્કેલી દૂર કરવાનો તેમનો ઉપાય જો કે જુદો હતો. પરંતુ લૉર્ડ કર્ઝન જાતે જ આ ઉપાયનો કટ્ટર વિરોધી હતો. તે લોકોની સૂચના એવી હતી કે, પ્રાંતના લેફ્ટેનન્ટ ગવર્નરને બદલે તેની જગ્યાએ મુંબઈ અને મદ્રાસની જેમ કારોબારી કાઉન્સિલની સલાહથી ચાલનારો ગવર્નર રાખવો; પણ જે વાઈસરોય ઘણા વખતથી ખુદ મદ્રાસ અને મુંબઈને જ તેમના દરજ્જા પરથી ઉતારી પાડીને બીજા પ્રાન્તોના જેવા કરી નાખવાનો આગ્રહ રાખતો હતો — જો કે એ વાતમાં તે ફાવ્યો નહોતો — તે આવી કોઈ દરખાસ્ત પર મહેરબાની બતાવે, એવું તો થોડું જ બનવાનું હતું ?[૬]

---

૬. 'ધિ લાઈફ ઑફ લૉર્ડ કર્ઝન'– વૉ. ૨ (લૉર્ડ કર્ઝનનું જીવનચરિત્ર– ભાગ ૨જો), પા. ૩૨૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આ કડવી ગોળીને કોમી હિતનું ગળ્યું પડ ચઢાવીને પૂર્વ બંગાળને ગળે ઉતારવાનો ઉપાય યોજવામાં આવ્યો. ખાસ એ જ હેતુથી ઢાકામાં બોલાવવામાં આવેલી સભામાં વાઇસરૉયે નવા પ્રાન્તની એક મુસ્લિમ પ્રાન્ત તરીકે જાહેરાત કરી. બંગાળના બે વિભાગ કરવાની કર્ઝનની યોજનાના દૃઢ વિરોધી, અને તેને એક 'ભૂંડી વ્યવસ્થા' ને નામે ઓળખાવનાર નવાબ સલિમુલ્લાખાનને તે દિવસથી પોતાને પક્ષે વાળી લેવામાં કર્ઝન આ રીતે ફાવ્યો. બંગાળના ભાગલા પાડી નાખવામાં આવ્યા તે પછી તરત જ સરકારે નવાબ સાહેબને એક લાખ પાઉન્ડની રકમ હલકા વ્યાજથી ધીરી.[૭] પરંતુ કર્ઝનની રમત પારખી જનારા મુસલમાનો પણ થોડા નહોતા. ૧૯૦૬ માં રાષ્ટ્રીય મહાસભાની બેઠકમાં નવાબજાદા ખ્વાજા અતિકુલ્લાખાને જાહેર કર્યું હતું કે:

> મારે તમને એકદમ ખુલાસો કરી દેવો જોઈએ, કે પૂર્વ બંગાળના મુસ્લિમો બંગાળના ભાગલા પાડવાની તરફેણમાં છે એ વાત સાચી નથી. સાચી વાત તો એ છે કે, થોડીક આગળ પડતી મુસલમાન વ્યક્તિઓએ પોતાના અંગત સ્વાર્થોથી પ્રેરાઈને એ યોજનાને ટેકો આપ્યો હતો.[૮]

કલકત્તાની 'સેન્ટ્રલ મહોમેડન એસોસિયેશન' (મધ્યવર્તી મુસ્લિમ મંડળ)ના મંત્રી નવાબ અમીર હસનખાને પણ બંગાળના ભાગલા પાડી નાખવાની યોજનાનો વિરોધ કર્યો હતો. એક પેઢીનો ગાળો વીતે તે પહેલાં જ ઇતિહાસે તેમના વિરોધનું સમર્થન કર્યું.

પરંતુ તે પછીની બીજી એવી જ સરકારી ચાલ વધારે સફળ થઈ. ૧૯૦૬ની સાલમાં નામદાર આગાખાનને આગેવાન કરીને એક મુસ્લિમ પ્રતિનિધિમંડળે વાઇસરૉયની મુલાકાત કરી. આ પ્રતિનિધિમંડળના ઉગમની અત્યંત રસિક વાર્તા હવે પછીના એક પ્રકરણમાં આવશે. પરંતુ વાઇસરૉયે તેમના દાવાના કોઈ ઉસ્તાદની હથોટીથી કરેલા સમારોપ પરથી, તે પ્રતિનિધિમંડળને તરતને તરત કેવી સફળતા મળી ગઈ હતી, તેનો બરાબર ખ્યાલ આવી જશે.

---

૭. ગુરુમુખ નિહાલ સિંઘ: 'લૅન્ડ માર્ક્સ ઇન ઇન્ડિયન કૉન્સ્ટિટ્યૂશન ઍન્ડ ડેવેલપમેન્ટ – ૧૯૦૦ થી ૧૯૧૯' (હિન્દના રાજબંધારણ અને વિકાસના સીમાસ્તંભો — ૧૯૦૦ થી ૧૯૧૯), પા. ૩૧૯.

૮. ૭માં જણાવેલું પુસ્તક, પા. ૨૯૮–૯૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(લૉર્ડ મિન્ટોએ સમારોપ કરતાં કહ્યું કે) તમારી અરજનો સાર અને મતલબ હું આ પ્રમાણે સમજ્યો છું. તમારો દાવો એવો છે કે, મ્યુનિસિપાલિટી, કે લોકલ બોર્ડ અગર ધારાસભાને અંગેના પ્રતિનિધિઓ મોકલવાની કોઈ પણ વ્યવસ્થામાં જ્યાં ચૂંટણીની પદ્ધતિ નવી દાખલ કરવાનો અથવા તે ચાલુ હોય ત્યાં તેનો વિસ્તાર કરવાનો સરકારનો ઇરાદો હોય ત્યાં મુસ્લિમોને એક કોમ તરીકે પોતાના પ્રતિનિધિઓ મોકલવાનો અધિકાર મળવો જોઈએ. તમે તમારી અરજમાં એમ દર્શાવ્યું છે કે, અત્યારે જે રીતે પ્રતિનિધિઓની ચૂંટણી કરનારાં મતદારમંડળો રચવામાં આવેલાં છે તે પૈકી ઘણા મોટા ભાગનાં મંડળો કોઈ મુસ્લિમ ઉમેદવારને ચૂંટી મોકલે એવી અપેક્ષા રાખવી નકામી છે. અને ધારો કે કોઈ અકસ્માતથી એ મંડળો મારફતે કોઈ મુસ્લિમ ઉમેદવાર ચૂંટાઈને આવે જ તો તે ઉમેદવારને પોતાની કોમની વિરોધી વધુમતીને મનાવી લેવાને, પોતાના વિચારોનો ભોગ તેને ચઢાવવો પડે. એટલે અલબત્ત તે ઉમેદવાર કોમનો પ્રતિનિધિ કોઈ પણ રીતે નહીં હોય. વળી તમે જે એવો દાવો રજૂ કરો છો કે, તમારી દરખાસ્તનો વિચાર કરતી વખતે તમારી કોમની સંખ્યાનો નહીં, પણ તેના રાજકીય મહત્ત્વનો તથા તેણે સામ્રાજ્યની જે સેવા બજાવી છે તેનો ખ્યાલ રહેવો જોઈએ, તે તમારી વાત તદ્દન વાસ્તવિક છે. હું તમારી સાથે બિલકુલ મળતો થાઉં છું.[૯]

શો છટાદાર સમારોપ અને દ્વિઅર્થી તેમ જ વ્યાજસ્તુતિનાં વચનોની કેવી ઉસ્તાદી! જે મગરૂર મુસ્લિમોને એક પેઢીના ગાળાથી થોડા જ સમય પૂર્વે સામ્રાજ્યની લોખંડી એડીનો ભરપૂર સ્વાદ ચાખવો પડતો હતો તે જ લોકો હવે સામ્રાજ્યની સેવા બજાવનારી મહત્ત્વની કોમ બની ગયા! વળી કોમના રાજકીય મહત્ત્વને પહેલી જ વખત ખોળી કાઢીને તેના પર ખાસ ભાર દેવામાં આવ્યો, એટલે કોમી મતદાર મંડળોની જરૂરિયાત આપોઆપ જ સ્વીકારી લેવામાં આવી. અને પછી મોરલી-મિન્ટો સુધારાની યોજનામાં તે તત્ત્વને આમેજ કરવામાં આવ્યું એટલે અલગ કોમી મતદાર મંડળો બંને કોમોને ઉત્તરોત્તર એક બીજીથી દૂર કરતી જતી ફાચરની પાતળી ધાર જેવાં નીવડ્યાં.

આ પ્રતિનિધિ મંડળને મળેલી સફળતાથી તેના પુરસ્કર્તાઓ મુસ્લિમોને માટેની એક અલગ સંસ્થા કાઢવાને પ્રોત્સાહિત થયા. એટલે ૧૯૦૬ની સાલમાં એક પરિષદ ભરવાને માટે નવાબ સલિમુલ્લાખાને નિમંત્રણો કાઢ્યાં.

૯. જે. બુચાન: 'લૉર્ડ મિન્ટો', પા-૨૪૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦મી ડિસેમ્બર ૧૯૦૬ને દિવસે અખિલ હિન્દ મુસ્લિમ લીગની રીતસર સ્થાપના થઈ. લીગના ઉદ્દેશો તથા આશયો નીચે પ્રમાણે રાખવામાં આવ્યા :

(૧) હિન્દી મુસ્લિમોમાં બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારીની ભાવના કેળવવી અને સરકારનાં કોઈ પગલાંને અંગે તેના ઇરાદા વિષે કોમમાં કોઈ જાતની ગેરસમજ ફેલાય તે દૂર કરવી. (૨) હિન્દના મુસ્લિમોના રાજકીય તેમ જ બીજા હકોનું રક્ષણ કરવું અને તેમની આકાંક્ષાઓ તેમ જ જરૂરિયાતોની સરકાર સમક્ષ વિનીત ભાષામાં રજૂઆત કરવી. (૩) બની શકે ત્યાં સુધી અને (૧) તથા (૨)માં જણાવેલા ઉદ્દેશોને બાધ ન આવે તેવી રીતે મુસ્લિમો તેમ જ હિન્દની બીજી કોમો વચ્ચે ભાઈચારાની ભાવના કેળવવી.

પરંતુ એકેએક મુસલમાન કંઈ નામદાર આગાખાનની દોરવણીને અનુસરવાને તત્પર નહોતો. ઘણા ઓભાદાર અને વગવસીલાવાળા મુસ્લિમો વાઇસરૉયની મુલાકાતે ગયેલા પ્રતિનિધિમંડળમાં સામેલ થયા હતા એ વાત બેશક સાચી છે. છતાં તેને ચારે તરફથી ટેકો મળ્યો હતો એમ કહેવું સાચું નહીં થાય. પ્રતિનિધિમંડળે જે વખતે વાઇસરૉયની સમક્ષ પોતાની અરજી રજૂ કરી તે વખતે નવાબ સૈયદ મહમદ જેવી મહત્ત્વની વ્યક્તિ સીમલામાં જ હાજર હતી, છતાં તેમણે એ પ્રતિનિધિમંડળ અથવા તેની અરજ, એમાંથી એકેની સાથે પોતાનો સંબંધ રાખવાનો ઇન્કાર કર્યો હતો. અને લીગની કારકિર્દી પણ બહુ સરળપણે આગળ ન વધી. લીગની સ્થાપનાને એક વર્ષ પૂરું થાય તે પહેલાં જ શ્રી. (પાછળથી સર થયેલા) મહમદ શફીની આગેવાની નીચે એક, અને મિયાં(પાછળથી સર થયેલા) ફઝલી હુસેનની આગેવાની નીચે બીજી, એમ બે લીગો હસ્તીમાં આવી. અલીગઢમાં ભરાયેલી બેઠકમાં એ બંને પાછી એક થઈ પણ ૧૯૨૮ની સાલમાં બે લીગની ઘટના ફરી પાછી થવાની હતી.

૧૯૦૮ની સાલના ડિસેમ્બર માસમાં લીગની બેઠક અમૃતસરમાં સર સૈયદ અલી ઇમામને પ્રમુખપદે મળી. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને અંગે પણ કોમી ધોરણે પ્રતિનિધિઓ મોકલી શકાય એવી વ્યવસ્થા વધારવાની માગણીનો, પ્રિવી કાઉન્સિલમાં એક મુસ્લિમ અને એક હિંદુ નીમવાની ભલામણનો, સરકારી નોકરીઓમાં મુસ્લિમોને પણ ભાગ મળવો જોઈએ એવી મતલબનો, અને તે ઉપરાંત હિન્દી રાષ્ટ્રીય મહાસભાના બંગાળની બે અલગ અલગ પ્રાંતોમાં વહેંચણી કરવાની યોજનાને અંગેના વલણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે નાપસંદગી વ્યક્ત કરતો, એવા ઠરાવો એ બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા. ૧૯૦૯માં વળી પાછા લગભગ એના એ જ ઠરાવો કરવામાં આવ્યા.

૧૯૦૯–૧૦નાં વરસોમાં હિંદી મુસ્લિમોના રાજકીય જીવનમાં સહેજે નજરે પડી આવે એવો ફેરફાર થયો. અલીગઢ કૉલેજના સૅક્રેટરી નવાબ વિકાર-ઉલ-મુલ્ક, જે મુસ્લિમ લીગના પણ મંત્રી હતા તેમની અને કૉલેજના પ્રિન્સિપાલ શ્રી. આર્કિબાલ્ડ વચ્ચે ટંટો થવાથી લીગના પ્રમુખ નામદાર આગાખાને લીગની કચેરી અલીગઢથી ખસેડાવીને લખનૌમાં રખાવી. આ સ્થળાંતરને લીધે અલીગઢ કૉલેજના યુરોપિયન પ્રિન્સિપાલનું મુસ્લિમોની રાજકીય પ્રવૃતિ પર જે વર્ચસ્વ રહેતું હતું તેનો અંત આવ્યો. શરૂઆતનાં વર્ષોમાં રાજકારણના પ્રદેશમાં એ યુરોપિયનોની આંગળીએ વળગીને ચાલનારા મુસ્લિમો હવે જાતે ચાલતા થયા એટલે પોતાના અસલ રાષ્ટ્રીય દરજ્જે પહોંચી જતાં તેમને વાર ન લાગી.

એ સમય દરમિયાન લીગનું જે વિફળ અને નિસ્તેજ રાજકારણ ચાલતું હતું તેની મૌલાના શિબ્લી નુમાનીના જેવી કડક ટીકા કોઈએ કરી નથી. લખનૌના મુસ્લિમ ગૅઝેટ નામના પત્રમાં લખેલા પોતાના એક લેખમાં તે કહે છે :

> સીમલે ગયેલા પ્રતિનિધિમંડળનો આશય, હિન્દુઓએ જે રાજકીય હકો મેળવ્યા હતા તેમાં મુસ્લિમો માટે ભાગ ભરવાનો હતો, અને એ આશય નિખાલસપણે જાહેર કરવામાં આવ્યો હતો. પોતાનું મોઢું લાલ રાખવાને ખાતર રાષ્ટ્રીય હિતના કેટલાક ઠરાવો લીગે મંજૂર કર્યા હતા એ વાત સાચી છે; છતાં સૌ કોઈ જાણે છે કે એ તંદુરસ્તીની અસલ સુરખી નથી પણ ગાલે ચોપડેલી નકલી લાલી છે. દિવસ ને રાત લીગ એકનાં એક રોદણાં રડયા કરે છે કે, હિન્દુઓ મુસ્લિમોને દબાવે છે અને તેથી તેમની સામે મુસ્લિમોને કાયદેસરની સલામતીઓ મળવી જોઈએ. સીમલાવાળા પ્રતિનિધિમંડળના મહત્વને અમે ઉતારી પાડવા નથી માગતા. કોમી તખ્તા પર આજ સુધી રજૂ કરવામાં આવેલા વેશો પૈકી તે સૌથી ભવ્ય હતો. પરંતુ બન્ને કોમ વચ્ચેના આ કજિયાઓને રાજકારણનું નામ આપી શકાશે શું? એ કજિયાઓ જ જો રાજકારણ હોય તો પછી ન્યાયની વરિષ્ઠ અદાલતને જ દેશની સૌથી વડી ધારાસભા ગણવી જોઈએ! સાચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતાં દેશના રાજવહીવટમાં લોકોને જે ભાગ ભરવાનો છે, તેનો વિચાર કરવા માંડીએ ત્યારે જ આપણે રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો કહેવાય. જેમના પર રાજનો અમલ ચાલે છે તેમના અંદર અંદરના કજિયાઓ કંઈ રાજકારણ નથી; પરંતુ રાજસત્તા અને જેમના પર તેની હકૂમત ચાલે છે તે લોકો, એ બન્નેના પરસ્પરના સંબંધો નક્કી કરવા, તેનું નામ રાજકારણ છે.

રાજકારણ એ માનવ અંતઃકરણની સૌથી જોરાવર પ્રેરણાઓ પૈકીની એક છે. માનવહૃદયની સૌથી ઉદાત્ત ભાવનાઓ તેના પ્રભાવથી જાગ્રત થાય છે. આખી પ્રજાઓને તે પુરુષાર્થ કરવાને પ્રેરે છે અને વ્યક્તિઓને ઉચ્ચ આદર્શોને માટે કષ્ટ સહન કરવાની તેમ જ ઉચ્ચ પ્રકારનાં બલિદાનો આપવાની તાકાત આપે છે. પરંતુ આપણા રાજકારણથી કોઈ પણ એક વ્યક્તિના દિલમાં આવી ભાવનાઓ જાગ્રત થઈ છે ખરી? આપણા રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ કરનારા કોઈને પણ, પોતે ત્યાગ કરવાને તત્પર થયો છે એવી જરા સરખી ભાવના થઈ છે ખરી? કોઈ આદર્શની પ્રેરણાથી પોતે પ્રવૃત્તિ કરે છે એવું તેને લાગે છે ખરું? આપણા રાજકારણના તખ્તા પર જે અનેક લોકો ટોળે વળે છે, તેમાંનો એક પણ માણસ પોતે ગ્રેજ્યુએટ હોય કે તેથીયે ઊંચી પદવી ધરાવતો હોય છતાં માસિક ત્રીસ રૂપિયાનું પેટપૂરતું વેતન સ્વીકારીને પોતાનું આખું જીવન પ્રજાની સેવાને અર્થે અર્પણ કરવાને તૈયાર છે ખરો? ભારત સેવક સમાજના આવા એક નહીં, ત્રીસ સભ્યો છે.

જ્યારે વાઇસરૉયની મુલાકાત લેવાને જવાનું હતું ત્યારે તે પ્રતિનિધિમંડળમાં દાખલ પડીને પોતાની સેવા આપવાને દેશમાંથી ચારે તરફથી અનેક લોકો નીકળી આવ્યા. પણ ધારો કે એવા જ, અથવા એથીયે મહત્ત્વના કાર્યને માટે વાઇસરૉયને બદલે કોઈ નાના અમલદારની મુલાકાતે જવાનું હોત, તો પ્રતિનિધિમંડળમાં સામેલ થવાને માટે કેટલા લોકોએ તેવી જ જાતની આતુરતા બતાવી હોત? અથવા એથી આગળ ચાલીને ધારો કે, મુલાકાત વખતે વાઇસરૉયના મુખ પર રોષના કટાક્ષનું દર્શન કરવું પડશે એવો ધાક હોત, તો તે પ્રતિનિધિમંડળમાં જોડાવાને કોઈક જ તૈયાર થાત. પરંતુ એ આખી વાતમાં સાચી હકીકત એટલી જ છે કે, એ બધા લોકો આત્મવંચનાની માયામાં લપટાઈ ગયા છે. ઝાડનું પારખું તેના ફળ પરથી થાય છે. આપણું રાજકારણ જો ખરેખરું રાજકારણ હોત તો તેણે આપણામાં લડત કરવાનો ઉત્સાહ અને ઉચ્ચ આદર્શો માટે કષ્ટ સહન કરવાની તેમ જ ત્યાગ કરવાની તત્પરતા જાગ્રત કરી હોત.

શિબ્લીએ આ શબ્દોથી તે સમયના મુસ્લિમ રાજકારણનું જેવું સમર્થ પૃથક્કરણ કર્યું છે, તેવું જ દર્દભર્યું તેની સામે તહોમતનામું પોકાર્યું છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકારણને ઓળખવાની વિચક્ષણતા, વિશાળ દૃષ્ટિ અને રાષ્ટ્રવાદની ખડતલ ભાવનાની બાબતોમાં મૌલાના શિબ્લી હિંદુઓ પૈકીની સર્વોત્તમ વ્યક્તિને મુકાબલે સરખા ઊતરે તેવા હતા. વિદ્વાન તરીકેની તેમની ઉચ્ચ પ્રકારની યોગ્યતાને વિષે કોઈથી તકરાર ઉઠાવી શકાય તેમ નથી. તેમણે લખેલા ફારસી અને ઉર્દૂ, બન્ને ભાષાના ગ્રંથોને આંતરરાષ્ટ્રીય માન્યતા મળેલી છે, અને ઉદ્યોગ તથા વિદ્વત્તાના પ્રતીક સમા, તેમણે લખેલા ફારસી કાવ્ય સાહિત્યના ઇતિહાસના ગ્રંથ નામે 'શાઅર-ઉલ-અજમ'નો, કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયના અધ્યાપક ઈ. જી. બ્રાઉન જેવા અધિકારી વિદ્વાને, પોતાના 'લિટરરી હિસ્ટરી ઑફ પર્શિયા' (ઈરાની સાહિત્યનો ઇતિહાસ) નામનું પુસ્તક લખવામાં છૂટે હાથે ઉપયોગ કર્યો છે. વળી મૌલાના શિબ્લીનું એટલું જ વિખ્યાત પુસ્તક 'સીરત–ઉન–નબી', એ જાતની સાહિત્યકૃતિઓમાં નમૂનારૂપ અને પયગંબર સાહેબના ચરિત્રગ્રંથોમાં અસામાન્ય લેખાય છે. દુનિયાના જુદા જુદા દેશોમાં સફરે જનારા મૌલાનાએ નજીક પૂર્વના અને મધ્ય પૂર્વના દેશોની પોતાની મુસાફરીનું 'સફરનામા' નામથી લખેલું વર્ણન પણ ખૂબ વખણાય છે.

મુસ્લિમ કોમની હિંદી રાષ્ટ્રીયતાની ભાવનાની ખિલવણીમાં શિબ્લીએ પાડેલા પ્રભાવની મહત્તા પણ કંઈ નાનીસૂની નથી. સર સૈયદ અહમદના મિત્ર તેમ જ અલીગઢમાં તેમના સહકાર્યકર હોવા છતાં, સર સૈયદની મોટી કીર્તિ અને ભવ્ય પ્રભાવનો ઉત્તરોત્તર પ્રબળ થતી જતી રાષ્ટ્રીય હિલચાલને રૂંધવાને, અને તેના મુખ્ય પ્રવાહથી મુસ્લિમોને અલગ રાખવાને માટે નોકરશાહી ગેરઉપયોગ કરે છે, એમ શિબ્લીને લાગ્યું, ત્યારે પોતાના એ વિખ્યાત દેશબાંધવની ટીકા કરવામાં પણ તેમણે સંકોચ રાખ્યો નહોતો. તેમની સમર્થ કલમ પ્રગતિવિરોધી અથવા નવીન વિચારોને આગળ વધતા અટકાવનારી વૃત્તિઓની સચોટપણે ખબર લઈ નાખતી, અને મૌલાના અબુલ કલામ આઝાદની જે પેઢીમાં ગણના કરવી જોઈએ તે નવી પેઢીને પણ તેમણે જ પ્રેરણા આપી હતી.

મુસ્લિમ કોમની રાજકીય ભાવનાની જાગ્રતિ આમ મૌલાના શિબ્લીની સમર્થ કલમને ઘણે અંશે આભારી છે. વળી તે દરમિયાન બીજા પણ અનેક મહત્ત્વના બનાવો બન્યા. મુસ્લિમોને જરાયે પૂછ્યાગાછ્યા વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૧૧માં સરકારે બંગાળના ભાગલા રદ કર્યા, તેથી તેમને ભારે આઘાત લાગ્યો. શરૂઆતમાં લૉર્ડ કર્ઝનની બંગાળના ભાગલા પાડવાની યોજનાનો થોડોક વિરોધ કરનાર, પણ પાછળથી જેમને તેણે પોતાની યોજનાની તરફેણમાં મનાવી લીધા હતા તે નવાબ સલીમુલ્લા ખાનને તો એથી એટલી બધી નામોશી લાગી કે, તેમણે રાજકીય પ્રવૃત્તિ કરવાનું જ છોડી દીધું. કલકત્તામાં ભરાયેલી મુસ્લિમ લીગની બેઠકને પ્રમુખપદેથી તેમણે પોતાનું છેવટનું અને મહત્ત્વનું જે ભાષણ કર્યું, તેમાં પોતાની આંખનાં પડળ કેવી રીતે દૂર થયાં તે વિષેની વરાળ કાઢી તેમણે જાહેર કર્યું કે, બંગાળના બે ભાગ કરવાથી મુસ્લિમોની મુસીબતો જરાયે ઓછી થઈ નથી. નિરાશાના આ અનુભવ પછી મુસ્લિમો હિંદી રાષ્ટ્રીય ભાવનાના મુખ્ય પ્રવાહ તરફ વળ્યા.

વળી યુરોપમાં બનેલા કેટલાક બનાવોએ પણ મુસ્લિમોની રાષ્ટ્રીય ભાવનાને વેગ આપ્યો. ઓગણીસમા સૈકાની શરૂઆતનાં વર્ષોમાં તુર્કી સામ્રાજ્યના બાલ્કન પ્રાંતોએ તુર્ક શાસનમાંથી મુક્ત થવાનો સફળ પ્રયાસ કર્યો. આ પ્રયાસમાં તેમને ઇંગ્લંડ અને રશિયાએ મોટી મદદ કરી હતી, કેમ કે બાલ્કન પ્રદેશોમાં તેમને પોતપોતાના જુદા જુદા ઘાટ ઘડવા હતા. કેવળ ઇંગ્લંડ, ઑસ્ટ્રિયા હંગેરી અને રશિયાની ત્રિમુખી હરીફાઈને લીધે જ એ 'યુરોપનો બીમાર પુરુષ' એટલે કે તુર્કીનો સમ્રાટ ઇસ્તંબૂલનો કબજો પોતાની પાસે રાખી શક્યો હતો.

તે ઉપરાંત અનવર પાશા, તલાત પાશા અને જમાલ પાશાની મશહૂર ત્રિપુટીની આગેવાની નીચે ચાલેલી 'તરુણ તુર્ક' હિલચાલ પણ તે સમયે જોરમાં ચાલતી હતી. શરૂ શરૂમાં તે પ્રવૃત્તિને જે સફળતા મળી તેનાથી હિન્દના મુસ્લિમ રાજકારણને પણ પ્રગતિની પ્રેરણા મળી.

• એ 'તરુણ તુર્ક' હિલચાલનો ઉદ્દેશ, પુરાણા ઠકરાતી તુર્ક સામ્રાજ્યને એક સમર્થ અને પ્રગતિશીલ આધુનિક રાજ્યમાં ફેરવવાનો હતો. એ ઉદ્દેશ પાર પાડવાના હેતુથી ૧૯૦૮ની સાલમાં તે હિલચાલના આગેવાનોએ તુર્કીમાં એક સફળ દરબારી ક્રાન્તિ કરીને તુર્કીને આધુનિકતાને માર્ગે લઈ જનારા પહેલા પગલા દાખલ, રાજબંધારણમાં કેટલાક પ્રગતિશીલ સુધારાઓ કરવાની સુલતાનને ફરજ પાડી. પણ તેમની એ સફળતાનું આવરદા ટૂંકું નીવડ્યું. ઇંગ્લંડને આ નવી હિલચાલ ભયજનક લાગતી હતી. ભૂમધ્ય સમુદ્રના પૂર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિનારા પર અને ડાર્ડેનલ્સની સામુદ્રધૂની પર કાબૂ ધરાવતું સમર્થ આધુનિક તુર્કી સામ્રાજ્યના સંરક્ષણના અને વિસ્તારના ઇંગ્લંડના હેતુઓને ફાવતું આવે તેમ નહોતું. તેથી ઇંગ્લંડે સુલતાનને આ તરુણ તુર્ક હિલચાલને કચડી નાખવામાં સહાય કરી.

આ બન્ને બનાવોએ હિન્દના મુસ્લિમોમાં રાષ્ટ્રીય ભાવનાની ચઢતી જતી ભરતીને વધારે ચઢાવી.[૧૦] મુસ્લિમ રાજકારણના આકાશમાં નવા સિતારાઓ ચમકવા લાગ્યા; શિબ્લીની પ્રેરણાથી પ્રાણવાન થયેલા નવા સાદો સંભળાતા થયા. ૧૯૧૨ની સાલમાં ડાકટરોનું એક સેવાભાવી મંડળ લઈને ડૉ. અનસારી તુર્કી પહોંચ્યા. યુવાન અબુલ કલામ આઝાદે, જેને માટે ઐતિહાસિક કારકિર્દીનું ભાવી નિર્માણ થયું હતું એવું પોતાનું ‘ અલ હિલાલ ’ નામનું પત્ર શરૂ કર્યું. માણસોની બુદ્ધિને તેમ જ અંતઃકરણને ભય અને નિરાશાની ભાવનાઓથી મુક્ત કરીને આશા અને હિંમતની ભાવનાની ઉચ્ચ સપાટી પર ઊંચકીને મૂકવામાં તે પત્રે સહાય કરી. અબુલ કલામના સાદની સાથે મૌલાના મહમદ અલીનો સાદ પણ ભળ્યો. તેમના અંગ્રેજી પત્ર ‘કૉમરેડે’ અને ઉર્દૂ અખબાર ‘હમદર્દે’ પોતાની કામગીરીથી આપણા રાષ્ટ્રીય વૃત્તવિવેચનના મંદિરમાં નોખું પ્રતિષ્ઠાનું સ્થાન મેળવી લીધું. આ પ્રબળ પ્રવાહોએ લીગના બંધિયાર પાણીમાં દાખલ થઈને તેને તાજું બનાવ્યું. ૧૯૧૩ની સાલમાં લખનૌમાં ભરાયેલી લીગની બેઠકમાં, ‘ બ્રિટિશ તાજના આશ્રય નીચે હિન્દને માફક આવે તેવી સ્વરાજ્યની વ્યવસ્થા સ્થાપવી’,[૧૧] એવો લીગના ઉદ્દેશમાં સુધારો કરવામાં આવ્યો. ત્યારપછી ભરાયેલી લીગની બેઠકમાં ડૉ. અનસારી, મૌલાના અબુલ કલામ આઝાદ અને હકીમ અજમલખાને હાજરી આપી. એ જ બેઠકમાં બન્ને કોમ વચ્ચેનો ભાઈચારો વધારે ગાઢો થવો જોઈએ, એ વાત પર ખાસ ભાર દેવામાં આવ્યો.

૧૯૧૪ની સાલમાં ઑગસ્ટ માસમાં મહાયુદ્ધ શરૂ થયું અને આખી દુનિયા ચકડોળે ચઢી. આમજનતાના નેતાઓ ફરીથી પોતાનું સ્વાભાવિક

૧૦. ‘સિડિશન કમિટિ (૧૯૧૮) રિપોર્ટ’ (રાજદ્રોહના ગુનાની તપાસ માટે નિમાયેલી સમિતિ (૧૯૧૮) નો હેવાલ), પા. ૧૭૩,૧૭૯ જુઓ.

૧૧ મિરઝા અખ્તર હસન : ‘ તવારીખે મુસ્લિમ લીગ ’ (મુસ્લિમ લીગનો ઇતિહાસ), પા. ૭૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન લેવા લાગ્યા. પોતાનાં સ્વતંત્રતાનાં સ્વપ્નાંઓને અનુસરીને તેમણે સાહસિક યોજનાઓ ઘડવા માંડી. દેવબંદના મૌલાના શેખ-ઉલ-હિંદ મહમદ-ઉલ-હસને પોતાના એક શાગિર્દ મૌલાના ઓબેદુલ્લા સિંધીને કાબુલમાં રહેતા જર્મન અને તુર્કી એલચીઓ સાથે વાટાઘાટ કરવાને, તેમ જ ત્યાંના અમીરને બ્રિટિશ લોકો સાથે બળવો કરવાનું સમજાવવાને કાબુલ મોકલ્યા. રાજા મહેન્દ્રપ્રતાપ જેના પ્રથમ પ્રમુખ હોય એવા હિંદના એક પ્રજાસત્તાક રાજ્યનું મૌલાનાનું સ્વપ્નું હતું, પરંતુ મૌલાના સાહેબ તથા તેમની સાથે કાર્ય કરનારા મૌલાના હુસેન અહમદ નદવી અને મૌલવી અઝીઝ ગુલને પકડીને માલ્ટાના બેટ પર અટકમાં રાખવામાં આવ્યા.[૧૨] ૧૯૧૫ ના મે મહિનામાં મૌલાના મહમદ અલી અને મૌલાના શૌકત અલીને પણ નજરકેદ કરવામાં આવ્યા. એવી જ રીતે મૌલાના આઝાદ અને મૌલાના હઝરત મોહાનીને પણ અટકમાં લેવામાં આવ્યા. હિંદી મુસલમાનો પોતાની પચાસ વર્ષની ઘોર નિદ્રામાંથી જાગીને, આળસ મરડીને બેઠા થયા હતા.

૧૯૧૫ની સાલ લીગની તવારીખમાં એક સીમાસ્તંભ જેવી બની. પહેલી જ વખત લીગ તેમ જ રાષ્ટ્રીય મહાસભાની બેઠકો એક જ સ્થળે અને એક જ સમયે ભરાઈ. પંડિત મદનમોહન માલવીય, મહાત્મા ગાંધી, શ્રીમતી સરોજિની નાયડુ અને મહાસભાના બીજા અનેક આગેવાનોએ લીગની બેઠકમાં હાજરી આપી. એ બધાંનું તાત્કાલિક પરિણામ એ થયું કે, લીગના કાયમના પ્રમુખ તરીકેની પોતાની જગ્યાનું નામદાર આગાખાને રાજીનામું આપી દીધું. રાષ્ટ્રીય ભાવનાવાળા મુસ્લિમો આખરે વિજયી થયા; અને લીગે સિમલા અને વ્હાઈટ હૉલના પ્રભાવમાંથી મુક્ત થઈને પોતાની સ્વતંત્રતા પ્રસ્થાપિત કરી.

શ્રી. મહમદઅલી ઝીણાના ઠરાવને અનુસરીને લીગે મહાસભાની સાથે મળીને હિન્દને માટે રાજબંધારણની એક યોજના ઘડવાને સારુ એક સમિતિ નીમી. એ વાટાઘાટોને અંતે થોડા જ વખતમાં જે સમજૂતી થઈ, તે ઇતિહાસમાં લખનૌ કરારને નામે ઓળખાઈ છે. કોમ કોમ વચ્ચે બાંધછોડ કરીને મેળ બેસાડવા ઉપરાંત, મહાસભા અને લીગ વચ્ચે થયેલા

---

૧૨. ૧૦ માં જણાવેલો 'સિડિશન કમિટિ (૧૯૧૮) રિપોર્ટ' (રાજદ્રોહના ગુનાની તપાસ માટે નિમાયેલી સમિતિ (૧૯૧૮) નો હેવાલ) જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કરારમાં રાજકીય સુધારાઓની એક યોજના વિગતે તૈયાર કરવામાં આવી. 'આ યોજનામાં દર્શાવેલા સુધારાઓ તરત અમલમાં મૂકીને સ્વરાજ્યની દિશામાં ચોક્કસ પગલું મંડાવું જોઈએ', એવી માગણી કર્યા પછી કરારની પ્રસ્તાવનામાં એમ સૂચવવામાં આવ્યું છે કે, 'સામ્રાજ્યની જે નવેસરથી રચના થાય તેમાં હિંદને એક આધીન દેશની સ્થિતિમાંથી ઊંચકીને બીજાં સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોની સાથે સરખો દરજ્જો ભોગવતા સમાન ભાગીદારની કક્ષાએ મૂકવો જોઈએ.' કરારની બીજી બધી શરતોનો વિચાર કરતી વખતે આ પ્રસ્તાવનાનો ખ્યાલ રાખવાની જરૂર છે.

મુસ્લિમો વસ્તીની અથવા મતદારોની સંખ્યામાં જ્યાં લઘુમતીમાં હોય, ત્યાં તેમને અલગ મતદાર મંડળો અને વધારાની બેઠકો આપવાની જોગવાઈ આ કરારમાં રાખવામાં આવી. નીચે મુજબનું વધારાનું અલગ પ્રતિનિધિત્વ સ્વીકારવામાં આવ્યું :

	ચૂંટાયેલા પ્રતિનિધિઓના સેંકડે ટકા
પંજાબ	૫૦
બંગાળ	૪૦
મુંબઈ (સિંધ સાથે)	૩૩$\frac{1}{3}$
સંયુક્ત પ્રાંત	૩૦
બિહાર અને ઓરિસ્સા	૨૫
મદ્રાસ	૧૫
મધ્યપ્રાંત	૧૫

ઉપરાંત નીચે મુજબની એક શરતી કલમ પણ કરારમાં રાખવામાં આવી :

કોઈ પણ બિનઅધિકારી સભ્યે રજૂ કરેલો કોઈ પણ કાયદાનો ખરડો કે તેની કલમ, અથવા કોઈ પણ ઠરાવ કે જેનો એક અથવા બીજી કોમની સાથે સંબંધ આવતો હોય, તે ખરડો અથવા તેની કલમ, અથવા તે ઠરાવ જે ધારાસભામાં રજૂ થાય, તે પ્રાંતિક ધારાસભામાં કે વડી ધારાસભામાં તેની વિરુદ્ધ જો તે કોમના ત્રણ ચતુર્થાંશ સભ્યો હોય, તો તેની ચર્ચા આગળ ચલાવવામાં નહીં આવે.

લીગની નવમી બેઠકને પ્રમુખસ્થાનેથી કરેલા પોતાના ભાષણમાં શ્રી. ઝીણાએ કહ્યું કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢંગધડા વગરના રાજકીય સિદ્ધાન્તો ઉપજાવી કાઢીને તેમની વારંવાર રજૂઆત કરવામાં આવે છે અને તેમને હિંદી પ્રજાને માથે ઝીંકવામાં આવે છે. રાજકારણનો અભ્યાસ કરનારા લોકોને એ 'સિદ્ધાંતોનો સારો પરિચય છે. દાખલા તરીકે એવું કહેવામાં આવે છે કે, 'લોકશાહીની સંસ્થાઓ અને રૂઢિઓ પૂર્વના લોકોની પ્રકૃતિને અનુકૂળ નથી.' શ્રી. ઝીણાએ ખખડાવીને સવાલ કર્યો કે, હિન્દુઓ અથવા મુસ્લિમોને લોકશાસન અજાણ્યું છે શું? અને તે પછી પોતે જ તે સવાલનો જવાબ આપ્યો કે, તો પછી હિન્દની ગ્રામપંચાયતો શું હતી? અને ઇસ્લામનો યશસ્વી ભૂતકાળ શાનો પુરાવો આપે છે? લોકશાસનની વૃત્તિનો અને તેની રૂઢિઓનો અનુભવ જેટલો મુસલમાનોને છે તેટલા અનુભવનો દાવો દુનિયાની કોઈ પ્રજા કરી શકે તેમ નથી.[૧૩]

લખનૌ કરારને મંજૂરી આપતો; હથિયારબંધીના કાયદાને, છાપખાનાઓને લગતા કાયદાને અને હિંદ સંરક્ષણ ધારાને રદ કરવાની માગણીનો; વગેરે મહત્ત્વના ઠરાવો મંજૂર કરવામાં આવ્યા. લખનૌની લીગની બેઠકે હિંદુ-મુસ્લિમ સમાધાન પર પોતાની સંમતિની મહોર મારી.

લીગના કલેવરમાં જે નૂતન પ્રાણનો સંચાર થયો હતો તેનું પારખું તેની ત્યાર પછીની બેઠકના પ્રમુખની ચૂંટણીમાંથી મળ્યું. તે વખતે અટકમાં રાખવામાં આવેલા મૌલાના મહમદ અલીને તે બહુમાન આપીને મુસ્લિમ કોમે તેમને વિષેની પોતાની શ્રદ્ધા અને પોતાનો આદર વ્યક્ત કર્યાં. તેમની ગેરહાજરીમાં કલકત્તામાં ભરાયેલી લીગની બેઠકનું (૧૯૧૭) પ્રમુખસ્થાન મહમુદાબાદના રાજાએ સંભાળ્યું. પોતાના ભાષણમાં તેમણે કહ્યું:

દેશનું હિત સર્વોપરી હિત છે આપણે પહેલા મુસ્લિમ છીએ કે પહેલા હિન્દી છીએ, એ વાતની ચર્ચામાં વખત બગાડવાની જરૂર નથી. હકીકત એ છે કે આપણે, બન્ને એટલે કે મુસ્લિમો પણ છીએ અને હિન્દીઓ પણ છીએ, અને અમારા દિલમાં એ બેમાંથી અમે પ્રથમ કયા અને પછી કયા એ વાતનું કશું મહત્ત્વ નથી. લીગે મુસ્લિમોને મઝહબને માટે ત્યાગ કરવાની જે પ્રમાણે કેળવણી આપી છે, તે જ પ્રમાણે દેશને ખાતર ત્યાગ કરવાની કેળવણી પણ આપી છે.

---

૧૩. મિરઝા અખ્તર હુસેનના 'તવારીખે મુસ્લિમ લીગ' (મુસ્લિમ લીગનો ઇતિહાસ)માંથી તરજુમો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલી ભાઈઓને છોડી મૂકવાની માગણીના ઠરાવને મહાત્મા ગાંધીએ અને શ્રીમતી સરોજિની નાયડુએ લીગના તખ્તા પરથી ટેકો આપ્યો. એકંદરે આ બેઠકમાં જે ઠરાવો મંજૂર થયા તેમનું આખું વલણ કોમી નહીં પણ રાષ્ટ્રીય હતું.

લીગનું અગિયારમું અધિવેશન ૧૯૧૮ની સાલમાં દિલ્હીમાં મળ્યું. સ્વાગત સમિતિના અધ્યક્ષ ડૉ. અનસારીના છાપેલા ભાષણને ગેરકાયદે ગણીને સરકારે તેની સામે મનાઈ જાહેર કરી. હિન્દી ઉલેમા રાજકારણમાં ભાગ લેવાને પાછા આવ્યા, એ આ બેઠકનું ધ્યાન ખેંચે એવું અંગ હતું. એ બેઠકના કામકાજમાં ફિરંગી મહાલનાં મૌલાના અબદુલ બારી, મૌલાના કિફાયતુલ્લા, મૌલાના મહમદ સયીદ વગેરે અગ્રગણ્ય આલિમોએ ભાગ લીધો. આ બેઠકમાં લીગે આત્મનિર્ણયનો સિદ્ધાન્ત હિન્દને પણ લાગુ પાડવામાં આવે એવી માગણી કરી.

૧૯૧૮ની સાલમાં મહાયુદ્ધ પૂરું થયું. લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ સારી પેઠે વધી ગઈ હતી. એકંદરે આખી, અને ખાસ કરીને હિન્દની મુસ્લિમ દુનિયાના દિલમાં આશાનો ઊભરો આવ્યો હતો.

જર્મનીની મહત્ત્વાકાંક્ષાએ જે યુદ્ધ પ્રગટાવ્યું છે તેને પૂર્વના દેશોમાં ચલાવવામાં ફ્રાન્સ અને ગ્રેટબ્રિટને જે ધ્યેય પોતાની સમક્ષ રાખ્યું છે તે એ છે કે, તુર્ક લોકોના જુલમ નીચે આજ સુધી કચડાતી આવેલી પ્રજાઓને તે જુલમમાંથી સંપૂર્ણપણે તેમ જ કાયમની છોડાવીને, મુક્ત થયેલા દરેક પ્રદેશની સ્થાનિક વસ્તીઓ આપમતીથી અને પોતાની પસંદગીથી જે અધિકાર આપે તે જ અધિકાર જેમની સત્તાનો એકમાત્ર આધાર હોય તેવી રાષ્ટ્રીય સરકારો અને વહીવટી તંત્રો તે તે પ્રદેશોમાં ઊભાં કરવાં,૧૪

એવી જાહેરાત મિત્ર રાજ્યોએ ૧૯૧૮ની સાલમાં કરી હતી. પરંતુ યુદ્ધને અંતે સુલેહના જે કરારો થયા તેને પરિણામે ઇસ્લામનાં પાક સ્થળોને મુક્તિ તો ન જ મળી, ઊલટું મિત્રરાજ્યોનું વાલીપણું અને તેમની પાસેથી રાજકારણના પાઠ લેવાની ફરજ તેમને માથે પડ્યાં. ખિલાફતની સંસ્થાને તોડી નાખવામાં આવશે કે શું એવો ભય ઊભો થયો. આ બધાંની સામે વિરોધની અને રોષની જે લાગણી હિંદભરમાં જાગી તેમાંથી જ

૧૪. મોડ રોયડને પોતાના 'પ્રોબ્લેમ ઑફ પૅલેસ્ટાઈન' (પૅલેસ્ટાઈનનો પ્રશ્ન) નામના પુસ્તકમાં આપેલું અવતરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખિલાફત આંદોલનનો જન્મ થયો. ખિલાફત પરિષદે બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાની અને સરકાર સાથે અસહકાર કરવાની હાકલ કરી. વળી તે પરિષદે મહાત્મા ગાંધીનો અને સામાન્યપણે સર્વ હિંદુઓનો, મુસ્લિમ કોમ પર આવી પડેલી આફતમાં તેની સાથે બતાવેલા સમભાવને માટે અને તેમણે આપેલા સહકારને માટે આભાર માન્યો.

ખિલાફત અંગેની હિલચાલમાં મહાસભા અને લીગનું જે ભેગું દબાણ પહોંચ્યું તેની અસર સત્તાનાં ઉચ્ચ સ્થાનો પર તરત દેખાઈ.

મિ. મૉન્ટેગ્યુ અને લૉર્ડ રીડિંગ બન્ને બ્રિટિશ સરકારની તુર્કી વિરોધી નીતિથી એટલા બધા ભડક્યા કે, મિ. મૉન્ટેગ્યુએ એક હિંમતભરેલો અને અસાધારણ રસ્તો લેવાનો નિશ્ચય કર્યો. લૉર્ડ રીડિંગને તેણે પોતાના પર એક તાર મોકલવાનો અધિકાર આપ્યો અને તે જેવો મળ્યો તેવો તરત જ છાપાંઓમાં પ્રસિદ્ધ કરવાને આપી દીધો. તે તારમાં 'હિંદી મુસ્લિમોની ખિલાફત અંગેની પ્રવૃત્તિને હિંદમાં ચારે તરફથી જે ટેકો મળી રહ્યો છે' તેની વાત શાહેનશાહની સરકારના ધ્યાન પર લાવવામાં આવી, અને વિલાયતની સરકારને 'ઇસ્તંબૂલ ખાલી કરવાને, ઇસ્લામનાં પાક સ્થળો પર તુર્કીના સુલતાનનું સર્વોપરી વર્ચસ્વ માન્ય રાખવાને અને તુર્કી થ્રાસ (એડ્રિયાનોપલના બંદર સહિત) તેમ જ સ્મર્ના સુલતાનને પાછાં સોંપવાને' આગ્રહ ભરેલું દબાણ કરવામાં આવ્યું. તારની આખરમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, 'આ ત્રણે મુદ્દાઓનો બરાબર અમલ થાય એ હિંદને માટે સૌથી મહત્ત્વની બાબત છે.[૧૫]

૧૯૧૯ની સાલમાં હિંદના મુસ્લિમ આલિમોએ પોતાના અભિપ્રાયો તેમ જ કોમને માટે વિચારેલી સલાહ સ્પષ્ટપણે અને સચોટ રીતે રજૂ થાય તે હેતુથી પોતાનું એક મંડળ સ્થાપવાનો નિર્ણય કર્યો.

૧૯૧૯ની સાલમાં દિલ્હીમાં ભરાયેલી ખિલાફત પરિષદ વખતે હિંદના આલિમોને લાગ્યું કે, હિંદના મુસ્લિમ ધર્મશાસ્ત્રીઓ, જેમની સામુદાયિક શક્તિ અને પ્રભાવ ૧૮૫૭ના બળવા પછી છિન્નભિન્ન થઈ ગયાં છે તેમણે પાછા સંગઠિત થઈને ભેગા થવું જોઈએ. આજની ઘડી સુધી રાજકારણનો અર્થ સરકારની ખુશામત કરવી અને તેના તરફ વફાદારી બતાવવી એટલો જ સમજવામાં આવ્યો છે. રાજ્યશાસન ચલાવનારી સત્તાને જે સૌથી

૧૫ રૉય સ્મિથ : 'નૅશનૅલિઝમ ઍન્ડ રિફૉર્મ્સ ઇન ઇન્ડિયા' (હિંદમાં રાષ્ટ્રવાદ અને રાજકીય સુધારાઓ) પા. ૩૧૮-૧૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વફાદાર હોય તેને મુસ્લિમોનો આગેવાન ગણી લેવામાં આવતો હતો. તે કારણે જેમને ખુશામત અને ખુશખિદમતી તરફ નફરત છે અને જેઓ સત્યને ખાતર જાલિમોની સામે થવાને ટેવાયેલા છે તે હિંદના ઉલેમા રાજકારણથી અળગા રહેતા હતા. પણ હવે જ્યારે મુસ્લિમ રાજકારણમાં આ બાબતમાં યોગ્ય દિશામાં સુધારો થતો દેખાય છે ત્યારે ઉલેમાએ એ ક્ષેત્રમાં ફરીથી પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો છે. અને તેટલા માટે જમિયત-ઉલ-ઉલેમા-ઈ-હિંદની સ્થાપના કરવામાં આવે છે.૧૬

જમિયતના સ્થાપક મૌલાના મહમદ-ઉલ-હસન હિંદના સૌથી વિખ્યાત આલિમો પૈકીના એક અને અસાધારણ પ્રામાણિકતા અને ચારિત્ર્યયુક્ત તથા દીર્ઘદર્શી પુરુષ હતા. યુદ્ધ દરમિયાન સરકાર વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાને માટે તેમને માલ્ટામાં નજરકેદ રાખવામાં આવ્યા હતા ત્યાંથી તેને અંતે લગભગ અનન્ય કીર્તિ અને મોભો લઈને તેઓ હિંદમાં પાછા આવ્યા. આવતાંની સાથે જ તે ખિલાફત અને અસહકારની હિલચાલમાં પડ્યા. અને દેશના ખૂણેખૂણામાંથી મુસ્લિમ આલિમો તેમની ફરતે એકઠા થયા.

૧૯૨૧ની સાલમાં જમિયત-ઉલ-ઉલેમાએ પોતાનો પ્રસિદ્ધ ફતવો બહાર પાડ્યો. ૧૮૫૭ના મહાન બંડ પછી તેના જેટલું વજન પાડનારું અને તેની જાતનું મઝહબી ફરમાન નીકળ્યું નહોતું. સરકાર સાથે અસહકાર કરવાની, ધારાસભાઓની ચૂંટણીઓના, સરકારી શાળાઓ, કૉલેજો તેમ જ અદાલતોના બહિષ્કારમાં સામેલ થવાની અને પરદેશી સરકારે બક્ષેલા ખિતાબો અને પદવીઓનો ત્યાગ કરવાની ફરજો, એ ફતવામાં સર્વ મુસ્લિમોને બતાવવામાં આવી હતી. મુસ્લિમ શરિયતના ચારસો પચાસ મશહૂર આલિમોએ આ ફતવા સાથે પોતાનું નામ જોડ્યું હતું અને પાછળથી તરત જ બીજી ચારસો સિત્તેર સહીઓ તેમાં ઉમેરવામાં આવી હતી. આ રીતે ખિલાફત અને અસહકારની પ્રવૃત્તિઓને ઉચ્ચ અધિકારયુક્ત મઝહબી માન્યતાની મહોર મળી હતી. જમિયતના અનેક આગેવાનોએ જેલ જવાનું જોખમ ખેડ્યું હતું અને હજારો મુસલમાનો મુહાજરીન થઈને દેશ છોડીને ચાલતા થયા હતા.

મહમદ-ઉલ-હસનનું ત્યાર પછી થોડા જ સમયમાં અવસાન થયું, અને તેમના કાર્યનો ભાર મુફતી કિફાયતુલ્લાને માથે આવ્યો. તેઓ પોતે

૧૬. જમિયતના કામકાજના ઉર્દૂમાં રાખવામાં આવતા હેવાલમાંથી તરજુમો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મશાસ્ત્રપારંગત પંડિત હતા અને જમિયતની નીતિના સિદ્ધાન્તો નક્કી કરવામાં પ્રમુખ હતા. તેમની આગેવાની નીચે જમિયત-ઉલ-ઉલેમાએ ૧૯૩૦ અને ૧૯૩૨ની સવિનય કાયદાભંગની હિલચાલોને ટેકો આપ્યો અને તેના નેતાઓએ વારંવાર જેલ ભોગવી. ૧૯૩૯માં દિલ્હીમાં મળેલી પહેલી આઝાદ મુસ્લિમ પરિષદને ટેકો આપનારી સંસ્થાઓમાં જમિયત જ મુખ્ય હતી.

જમિયત-ઉલ-ઉલેમા-ઈ-હિન્દે હરહમેશ, એકસરખી રીતે પોતાના ભારે પ્રભાવનો ઉપયોગ મુસ્લિમ અભિપ્રાયને પરદેશી શાસનની વિરુદ્ધ એકાગ્ર કરવાને માટે કર્યો છે. દેવબંદમાં આવેલી તેની ધર્મશાસનનું શિક્ષણ આપનારી વિખ્યાત પાઠશાળા, જે મુસ્લિમ આલિમોને કેળવનારી દેશની પ્રમુખ સંસ્થા છે તેને લીધે મુખ્યત્વે કરીને તેનો ઉલેમા પર કાબૂ રહે છે. જમિયતના હાલના આગેવાનોમાં મુફતી કિફાયતુલ્લા, મૌલાના અહમદ સયીદ અને મૌલાના હુસેન અહમદ જેવાં મશહૂર નામોનો સમાવેશ થાય છે. તેનું દફતર દિલ્હીમાં છે.

પણ હવે આપણે આપણી મૂળ વાતને આગળ ચલાવીએ. મહાસભા, લીગ, ખિલાફત પરિષદ અને જમિયત-ઉલ-ઉલેમા, એ બધાંએ પોતાની બેઠકો જલિયાંવાલા બાગની કતલ વિષે વિચારણા ચલાવવાને માટે ૧૯૧૯માં અમૃતસર મુકામે એકી સાથે ભરી. લીગના પ્રમુખ તે વર્ષે હકીમ અજમલખાન હતા. ત્યાર પછી બનાવો ઉપરાછાપરી બનતા જ ગયા. આમજનતાએ પોતાનો પુરુષાર્થ પાછો અજમાવવા માંડયો હતો. વિદ્યાર્થીઓએ સરકારી નિશાળો અને કૉલેજોનો બહિષ્કાર કર્યો; રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાઓ સ્થપાવા લાગી. આ બધા મંથનમાંથી જે અનેક ફળો નીપજ્યાં તે પૈકી જામિયા મિલિયા ઇસ્લામિયાની સ્થાપના, એ તે સમયનો કાયમનો ફાળો છે.

ડૉ. અનસારીને પ્રમુખપદે ભરાયેલી ત્યાર પછીની લીગની બેઠકે મહાસભાના સવિનય કાયદા ભંગના કાર્યક્રમને પૂરેપૂરો ટેકો અને સહકાર આપ્યો. ૧૯૨૧માં લીગે પોતાનું અધિવેશન મહાસભાના અધિવેશનની સાથે જ અમદાવાદમાં ભર્યું. પોતાના ભાવનાથી ઉદ્દીપ્ત ભાષણના અંગારઝરતા વક્તૃત્વથી તે અધિવેશનના પ્રમુખ મૌલાના હઝરત મોહાનીએ જેલ વહોરી લીધી. તે ભાષણમાં તેમણે કહ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાનોએ એ વાત બરાબર સમજવી જોઈએ કે, હિંદના પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરવાથી તેમને બેવડો લાભ છે. એક તો લોકશાહી પદ્ધતિના પ્રજાસત્તાક રાજ્યના નાગરિકો થવાથી તેમને બીજા લોકોના જેવા જ અધિકારો પ્રાપ્ત થશે અને તેમના જેવા જ લાભો મળશે; અને બીજું બ્રિટિશ લોકોની લાગવગના પ્રદેશમાં ગાબડું પાડીને તેઓ ઇસ્લામની દુનિયાને રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસાવવાને માટે જે શાન્તિ અને આરામની જરૂર છે તે શાન્તિ અને આરામ તેને મેળવી આપશે. (ઉર્દૂમાંથી તરજુમો).

તે દરમિયાન મુસ્લિમોએ હિંદમાંથી અફઘાનિસ્તાનમાં હિજરત કરી જવાની એક યોજનાનો અમલ કરવા માંડયો, કેમ કે તેમને એમ લાગ્યું કે ઇંગ્લંડે તુર્કી સાથે જે જાતના સુલેહના કરારો કર્યા છે તે પછી પોતે બ્રિટિશ હકૂમત નીચે હિંદમાં રહી ન શકે. આ પ્રવૃત્તિની શરૂઆત સિંધમાં થઈ અને પછી તે વાયવ્ય સરહદના પ્રાંતમાં ફેલાઈ. દેશ બહાર જનારા હિજરતીઓ અને બ્રિટિશ લશ્કર વચ્ચે કચ્ચાગઢીમાં એક કારમી અથડામણ થઈ, તેને લીધે લોકો વીફર્યા અને ઑગસ્ટ (૧૯૨૦) માસમાં એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો કે, અઢાર હજાર જેટલી લોકસંખ્યા અફઘાનિસ્તાનને રસ્તે પડી હતી. પણ ત્યાર પછી તરત જ અફઘાન સત્તાધીશોએ હિજરતીઓને પોતાના મુલકમાં પ્રવેશ કરવાની બંધી ફરમાવી અને ઘણી પ્રાણહાનિ અને કેટલીયે વિટંબણાઓ વેઠયા પછી તેમનો હિજરતનો અસલ ખ્યાલ મોળો પડયો.૧૭

પરંતુ આમજનતાના ઉત્સાહમાં આવેલી આ ભરતી કાયમ ચઢતી જ રહે એ શક્ય નહોતું. ચૌરીચોરા ખાતે બનેલો બનાવ અને તે પછી જે કંઈ થયું તેની પછી ઉત્સાહની ભરતીમાં પણ અનિવાર્ય એવી ઓટ શરૂ થઈ. ૧૯૨૩ની સાલમાં લખનૌ ખાતે ભરાયેલી લીગની બેઠકમાં હાજરી એટલી કંગાળ હતી કે, કાર્યસાધક સંખ્યાને અભાવે ખુલ્લી બેઠક ભરવાનું માંડી વાળવું પડયું. ત્યાર પછીની બીજી ત્રણ બેઠકોમાં દિવસે દિવસે બગડતી જતી કોમી પરિસ્થિતિની જ વિચારણા ચાલી. પરંતુ એ બધી બેઠકોનું મુખ્ય લક્ષણ નિષ્પ્રાણતાનું જ હતું, કેમ કે અસલ ધગશ તે બધીમાંથી ઊડી ગયેલી હતી.

૧૯૨૭માં, એક દાયકાથીયે વધારે સમયથી નિકોલાઈ ગયેલાં પ્રગતિ-વિરોધી તત્ત્વોએ લીગમાં પોતાનું વર્ચસ્વ પાછું જમાવવાનો દાવ અજમાવી

---

૧૭. બી. પટ્ટાભી સિતારામૈયા : 'હિસ્ટરી ઑફ ધિ ઇંડિયન નૅશનલ કૉંગ્રેસ' (હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ), પા. ૩૩૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયો. તેને માટેનું તરતનું બહાનું તેમને સાયમન કમિશનની નિમણુકનું જડી ગયું. એ કમિશનનો આખા હિંદુસ્તાને બહિષ્કાર પોકાર્યો હતો એટલે લીગને પાછી કબજે કરીને એ બહિષ્કારની અખંડ હરોળમાં ગાબડું પાડી જોવાનો પ્રયાસ થયો. એ હેતુ ધ્યાનમાં રાખીને લાહોરમાં લીગની બેઠક ભરવાનું નિમંત્રણ કાઢવામાં આવ્યું. લીગની અંદર રહેલાં રાષ્ટ્રીય તત્ત્વો આવો શરમજનક દગો રમાતો અટકાવી શકે એટલાં હજીયે પ્રબળ હતાં. એટલે લીગની કાઉન્સિલે તે પછીનું અધિવેશન કલકત્તામાં ભરવાનું ઠરાવ્યું. આ ઠરાવ થતાંની સાથે મલિક ફિરોઝખાન નૂન, સર મહમદ ઇકબાલ અને બીજા કેટલાક લોકો કાઉન્સિલની સભા છોડીને ચાલી નીકળ્યા. તે લોકોએ મળીને અસલ લીગની હરીફાઈમાં લાહોરમાં એક બેઠક ભરવાનું ગોઠવ્યું, અને તેનું પ્રમુખસ્થાન સર મહમદ શફીએ લીધું. તેમાં હિંદના જુદા જુદા વિભાગોમાંથી નીચે પ્રમાણેની સંખ્યામાં પ્રતિનિધિઓની હાજરી નોંધાઈ: પંજાબ: ૩૦૦, સંયુક્ત પ્રાંત: ૨૧, વાયવ્ય સરહદનો પ્રાંત: ૧૨, મુંબઈ: ૬, દિલ્લી: ૬, કલકત્તા: ૪ અને સિંધ: ૩, કુલ: ૩૫૨.[૧૮]

મિ. (પાછળથી સર થયેલા) ઝફરુલ્લા ખાને કમિશનને આવકારવાનો ઠરાવ રજૂ કર્યો અને તે અસલ લીગની હરીફાઈમાં થયેલી આ બેઠકમાં મંજૂર થયો.

લીગનું પ્રમાણિત અધિવેશન કલકત્તામાં શ્રી. મહમદઅલી ઝીણાને પ્રમુખપદે મળ્યું, અને અદાલતમાં કામ ચલાવ્યા વિના અટકમાં રાખવામાં આવેલા કેદીઓની મુક્તિની માગણીના ઠરાવની સાથે સાયમન કમિશનના બહિષ્કારનો ઠરાવ પણ તેમાં મંજૂર થયો. બ્રિટિશ સરકારના હિન્દ ખાતાના મંત્રી લૉર્ડ બર્કનહેડે હિન્દી નેતાઓને એક સર્વસંમત બંધારણ ઘડી કાઢવાનું જે આહ્વાન કર્યું હતું તે એ જ બેઠકની સભાએ ઉપાડી લીધું. લીગની કાઉન્સિલને, મહાસભા તેમ જ દેશની બીજી સંસ્થાઓની સાથે મળીને બંધારણનો ખરડો અને જરૂરી સલામતીઓની સૂચનાઓ તૈયાર કરવાને માટે એક સમિતિ નીમવાનું કાર્ય સોંપવામાં આવ્યું. વળી વધારામાં એવો

૧૮. મિરઝા અખ્તર: 'તવારીખે મુસ્લિમ લીગ' (મુસ્લિમ લીગનો ઇતિહાસ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નિર્ણય થયો કે માર્ચ માસમાં દિલ્હીમાં રાષ્ટ્રીય સમારંભની જે પરિષદ થવાની હતી તેમાં પણ તે સમિતિએ ભાગ લેવો.

૧૯૨૮ની સાલના ડિસેમ્બર માસમાં ભરાયેલા લીગના અધિવેશનનું કામકાજ મુલતવી રાખવામાં આવ્યું અને તેનાં જાહેર થયેલાં કાર્યો પૈકી જે બાકી રહ્યાં હતાં, તે દિલ્હીમાં ૧૯૨૯ના માર્ચ માસમાં તે જ અધિવેશનનું કામ પાછું ચાલુ થયું ત્યારે હાથ પર લેવામાં આવ્યાં. તે દરમિયાન શફીની આગેવાની હેઠળ અલગ પડીને જુદી ભરાયેલી લીગે મુસ્લિમોની એક સર્વપક્ષીય પરિષદને માટે કોમને હાકલ કરી હતી. અધિકૃત લીગે પણ તે પરિષદમાં ભાગ લીધો. પરિષદે નેહરુ રિપોર્ટ નામંજૂર કર્યો પણ લીગનાં રાષ્ટ્રવાદી તત્ત્વો તે રિપોર્ટને કેટલાક સુધારા વધારા કરીને મંજૂર રાખવાને આતુર હતાં. નેહરુ રિપોર્ટ આ રીતે નામંજૂર થયો તેથી પરિષદમાં ભંગાણ પડ્યું. વધારામાં શ્રી. મહમદઅલી ઝીણાએ એ મુદ્દાનો નિકાલ લાવ્યા વિના લીગની બેઠકનું કામકાજ મુદત ઠરાવ્યા વિના મુલતવી રાખવાનો નિર્ણય આપીને વાતને વધારે વિફરાવી મૂકી. આ જાતની તરકીબોથી રાષ્ટ્રવાદી મુસ્લિમો દુભાયા અને તેમણે રાષ્ટ્રીય મુસ્લિમ પક્ષ નામની નવી સંસ્થા કાઢીને લીગનો ત્યાગ કર્યો. લીગ હવે સંપૂર્ણપણે મધ્યમસરની ચાલે ચાલનારા લોકોના કબજામાં આવી ગઈ. ૧૯૩૩ સુધીમાં તો લીગ પાછી તેની ૧૯૧૦ની સાલની પહેલાના દિવસોની સ્થિતિમાં સરકી પડી.

૧૯૩૧ની સાલમાં હિન્દના બધા વિભાગોમાંથી રાષ્ટ્રવાદી મુસલમાનો લખનૌ મુકામે એક પરિષદમાં એકઠા મળ્યા. તેને પ્રમુખપદેથી સર અલી ઇમામે જે ભાષણ કર્યું તેમાં તેમણે જણાવ્યું :

> આજે આ મોટા સમુદાયને આ જલસામાં એકઠો મળેલો જોઈને મને મોર્લી મિન્ટો સુધારાના દિવસો યાદ આવે છે. તે વખતે સંયુક્ત મતદાર મંડળોની યોજનાના પુરસ્કર્તાઓ આંગળીને વેઢે ગણાય એટલા પણ નહોતા. હું પોતે રાજકીય વિચારનો જે પક્ષ અલગ મતદાર મંડળોની વાત પર ભાર મૂકતો હતો, તે જ પક્ષનો હતો એટલું જ નહીં, પણ જે પ્રતિનિધિ મંડળે ૧૯૦૬માં લોર્ડ મિન્ટોની મુલાકાત લઈને તેને માટે અરજ ગુજારી હતી તેનો એક સભ્ય હતો. પરંતુ ૧૯૦૫ અને ૧૯૦૯ના ગાળામાં એ આખાયે સવાલનો બારીકીથી વિચાર કરવાનો મને જે વખત મળ્યો તે પછી હું એવા ઠામ નિર્ણય પર આવ્યો કે, અલગ કોમી મતદાર મંડળોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથા હિંદી રાષ્ટ્રીયતાનો નિષેધ કરે છે, એટલું જ નહીં પણ ખુદ મુસ્લિમોને પણ ખસૂસ કરીને નુકસાન કરે છે. છેક ૧૯૦૯માં આમ અલગ પડવાની સામે મેં મારો અવાજ ઉઠાવ્યો હતો. પણ તે વખતે મારા વિચારોને મુસલમાનોએ વર્તમાનપત્રોમાં અને સભાઓના મંચ પરથી એકે અવાજે ધુત્કારી કાઢ્યા હતા.

સર અલી ઇમામે આગળ ચાલતાં જણાવ્યું કે, "મને જો એવો સવાલ કરવામાં આવે કે મને હિન્દી રાષ્ટ્રીયતા પર આવી જાતની અઢળ શ્રદ્ધા ક્યાંથી બેઠી, તો તેનો મારો જવાબ એ છે કે, તેના વિના હિન્દની સ્વતંત્રતાની સિદ્ધિ અશક્ય છે. અલગ મતદાર મંડળોના સિદ્ધાન્તના ગર્ભમાં 'રાષ્ટ્રીયતા'નો નિષેધ જ રહેલો છે." પ્રમુખે વધારામાં કહ્યું કે આ પરિષદ "સમસ્ત કેળવાયેલા મુસ્લિમ વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવે છે અને એવા લોકોની બનેલી છે કે જે રાષ્ટ્રવાદના પ્રવાહથી ફંટાઈને અલગ પડવાની નીતિને વરેલા નથી. આ પરિષદના વરાયેલા પ્રમુખ તરીકે દેશના ખૂણેખૂણામાંથી જુદા જુદા અનેક આગેવાનો તરફથી મારા પર સંદેશાઓની જે એક રેલ જેવી ચઢી આવી છે, તે એકેએક, સંયુક્ત મતદારમંડળોનો સિદ્ધાંત મૂળભૂત છે, એ વાતનો આગ્રહ રાખે છે."[૧૯]

પરિષદમાં જે મહત્ત્વના ઠરાવો મંજૂર થયા તેમાંના એકમાં મૂળભૂત હકોની જાહેરાત કરીને તેને રાજબંધારણના કાયદામાં આમેજ કરવાની માગણી કરવામાં આવી હતી. બીજા એક ઠરાવથી આગ્રહપૂર્વક એવી ભલામણ કરવામાં આવી કે, પુખ્ત ઉંમરની સર્વ વ્યક્તિઓનો મતાધિકાર, સંયુક્ત મતદારમંડળો, અને સંયુક્ત રાજ્યોની વડી તેમ જ પ્રાંતિક ધારાસભાઓમાં ત્રીસ ટકાથી ઓછી વસ્તીવાળી લઘુમતીઓને વસ્તીના પ્રમાણમાં વધારાની જગ્યાઓને માટે હરીફાઈ કરવાની છૂટ સાથે અનામત બેઠકો આપવાની એક યોજના, એટલી વાતો પાયામાં સ્વીકારીને મતભેદના બાકીના બધા મહત્ત્વના સવાલોનો સમજૂતીથી ઉકેલ કરવો.

તે દરમિયાન અખિલ હિન્દ મુસ્લિમ લીગની બેઠક અલ્લાહાબાદમાં સર મહમદ ઇકબાલને પ્રમુખપદે મળી. હાજર રહેલા સભ્યોની પંચોતેરથી પણ ઓછી સંખ્યા, બંધારણમાં મુકરર કરવામાં આવેલી કાર્યસાધક

૧૯. 'મોડર્ન રિવ્યૂ': મે ૧૯૩૧, પા. ૬૧૧ અને તે પછીનાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંખ્યાને માટે પૂરતી નહોતી. ત્યાર પછી ભરાયેલી બેઠક પણ એવી જ રીતે કોઈ પણ જાતના ખાસ બનાવ વિના પૂરી થઈ. તે મળી જ દિલ્હીના એક ખાનગી ઘરમાં. શ્રી. ઝફરુલ્લા ખાન તેના પ્રમુખ થયા હતા અને તેમાં આશરે સોએક સભ્યોએ હાજરી આપી હતી.

એ તો સ્પષ્ટ દેખાય છે કે, રાષ્ટ્રવાદી મુસ્લિમો લીગમાંથી નીકળી ગયા અને તેમણે દેશભરમાં ચાલેલી સત્યાગ્રહની બે હિલચાલોમાં ભાગ લીધો તેથી લીગનું રાજકારણ વળી પાછું છેક નિર્જીવ થઈ ગયું હતું. સત્યાગ્રહ પાછો ખેંચી લેવામાં આવ્યો તેથી ૧૯૩૦–૩૪નાં વર્ષો દરમિયાન વેઠવી પડેલી તાણનો પ્રત્યાઘાત શરૂ થયો. તે દરમિયાન લીગનું સંગઠન પાછું બેઠું થયું પણ રાષ્ટ્રવાદી મુસ્લિમો તેના વાડામાં પાછા ન પેઠા. ફરી એક વાર લીગ શ્રી. મહમદઅલી ઝીણાને પ્રમુખપદે રાજકારણના મેદાનમાં દાખલ થઈ.

૧૯૩૪ની સાલના એપ્રિલ માસની પહેલી તારીખે લીગની કાઉન્સિલ નવી દિલ્હીમાં મળી. લગભગ ચોવીસેક સભ્યો હાજર રહ્યા. કાઉન્સિલે જે ઠરાવો મંજૂર કર્યા તેમાં એક જુદી જુદી કોમો એકમતે થઈને કોઈ બીજો નિકાલ ન સૂચવે ત્યાં સુધી બ્રિટિશ સરકારે આપેલા નવા બંધારણને અંગેનો કોમી ચુકાદો સ્વીકારી લેવાનો હતો. એ જ ઠરાવથી લીગે પોતાની એવી તત્પરતા વ્યક્ત કરી કે, "દેશને માન્ય થાય એવી જાતનું ભવિષ્યનું રાજબંધારણ મેળવવાને માટે બીજા પક્ષો અને બીજી કોમો સાથે આપણે સહકાર કરવો."

કાઉન્સિલની સભાની પોતાના દિલ પર જે છાપ પડી હતી તેનો સમારોપ કરતાં શ્રી. ઝીણાએ કહ્યું કે,

> લીગ તદ્દન નીરોગ અને તંદુરસ્ત છે, અને હું એવા અનુમાન પર આવ્યો છું કે હિન્દનાં સર્વોચ્ચ હિતો સાચવવામાં મુસલમાનો બીજી કોઈ પણ કોમ કરતાં પાછળ નહીં પડે.

બ્રિટિશ સરકારે બહાર પાડેલી 'વ્હાઈટ પેપર' (શ્વેતપત્ર)ની યોજનાને 'દગાબાજ યોજના', તરીકે ધુતકારી કાઢ્યા પછી શ્રી. ઝીણાએ આગળ ચાલીને કહ્યું કે,

> હિન્દ આજે એક સાચા, સંગીન, સંયુક્ત મોરચાની અપેક્ષા રાખે છે. ભેગા મળીને આ સારુ વિચારણા ચલાવવાની ફરજ આગેવાનોની છે, અને મુસ્લિમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ હિંદુઓ વચ્ચે પૂરેપૂરો સહકાર અને સંપૂર્ણ ભાઈબંધી કરાવવાથી મને જેવું સમાધાન થશે તેવું બીજી કોઈ વાતથી નહીં થાય. અને મારી આ જાતની આકાંક્ષાને મુસ્લિમોનો સંગીન ટેકો છે, એવો મારો ખ્યાલ છે.

આ પછી લીગની જે સૌથી મહત્ત્વની બેઠક થઈ, તે મુંબઈમાં ૧૯૩૬ના એપ્રિલ માસમાં મળી. પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં, બ્રિટિશ લોકોએ હિંદને માથે મારેલાં રાજબંધારણને વખોડી કાઢચા પછી સર સૈયદ વઝીર હસને હિંદની સર્વ કોમોને પરસ્પર એક થવાની જોરદાર અરજ કરી.

દેશનાં સર્વોચ્ચ હિતને ખાતર હું માત્ર હિંદુઓ અને મુસ્લિમો, એ બન્ને કોમોને જ નહીં પણ દેશના ભિન્ન ભિન્ન વર્ગો અને જુદી જુદી સંસ્થાઓને પણ આપસઆપસમાં એકી સ્થાપવાની અરજ કરું છું. આવી જાતનો ભાઈચારો એક આદર્શને વાસ્તવિકતાનું સ્વરૂપ તો આપશે જ, અને તે ઉપરાંત હિતસંબંધ ધરાવતા બધા લોકોને રાજકીય બાબતોમાં પરસ્પર બાંધછોડ કરીને એક થવાની તક આપશે. ભૂતકાળમાં પણ રાજકારણને અંગે પાયાની ગણી શકાય એવી બાબતોમાં કશો મતભેદ નહોતો, અને આજે પણ નથી. વળી વિગતોને અંગે જે મતભેદ ગણાય તે પણ મટી ગયેલા છે. આજે જ્યારે દેશને પોતાની મુક્તિને માટેની લડતમાં એકસંપની સૌથી મોટી જરૂરિયાત ઊભી થઈ છે, ત્યારે ચાલતા આવેલા મતભેદોને કાયમ ચાલુ રાખવાને કોઈ નૈતિક સમર્થન છે ખરું?

ત્યાર પછી તેમણે એક એવો ચતુર્વિધ કાર્યક્રમ સૂચવ્યો કે જેના પાયા પર એક રાષ્ટ્રવ્યાપી આંદોલનનું સંગઠન કરી શકાય, અને જેના અમલથી પરસ્પર વિશ્વાસ કેળવીને ભિન્ન ભિન્ન કોમો એકત્ર આવી શકે. નવા રાજબંધારણ (૧૯૩૫)નું વર્ણન આપતાં સર વઝીર હસને જણાવ્યું કે, "જે શક્તિઓ આજે લોકશાહી અને મુક્તિની સ્થાપનાને પોષક છે તે બધીને એ બંધારણ પહેલાં જકડી લઈને પછી કચડી નાખશે. દેશની વસ્તીના બીજા કોઈ પણ વિભાગની જેમ એ નવી યોજનાથી મુસ્લિમ ખાસ વર્ગ અને મુસ્લિમ આમ વર્ગ, બન્નેને એકસરખું જ ભોગવવાનું રહેશે."

લીગની આ બેઠકના સૌથી મહત્ત્વના ઠરાવથી ૧૯૩૫ના હિન્દી સરકારના બંધારણને લગતા કાયદાને વખોડી કાઢીને તેનો તદ્દન અસ્વીકાર કરવામાં આવ્યો, કારણ કે 'તે કાયદો હિન્દના જવાબદાર રાજતંત્ર સ્થાપવાના ધ્યેયને આંતરીને, અચોક્કસ મુદત સુધી તેને નેવે મૂકવાના હેતુથી ઘડાયેલો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૩૭ની સાલમાં લીગે આનાથી જુદો જ સૂર છેડ્યો. તેની લખનૌમાં (ઑક્ટોબરની ૧૫મીથી ૧૮મી તારીખ સુધી) ભરાયેલી વાર્ષિક બેઠકનું સ્વાગત કરતાં મહમુદાબાદના રાજાએ જે ભાષણ કર્યું, તેમાં તેમણે કહ્યું :

> આપણા પોતાના દેશમાં પણ એક નાજુક પરિસ્થિતિ ઊભી થઈ છે. દેશની વધુમતી કોમ મુસ્લિમ કોમની એક કોમ તરીકેની હસ્તીને પણ સ્વીકારતી નથી અને તેમ કરીને રાષ્ટ્રીય પ્રગતિને અર્થે આપણા નેતાઓ સાથે સહકારથી કાર્ય કરવાનો ઇન્કાર કરે છે.

આ બેઠકના પ્રમુખ શ્રી. ઝીણાએ કહ્યું કે, લીગનો ઉદ્દેશ હિન્દને માટે લોકશાહી પદ્ધતિની સંપૂર્ણ રાષ્ટ્રીય સરકાર સ્થાપવાનો છે. વળી, નવા બંધારણને તોડી પાડવાની પ્રવૃત્તિ કરવાની મહાસભાએ જે જાહેરાત કરેલી, તેનાથી અવળી ચાલ ચાલીને તેણે તો તેનો રીતસર અમલ ચાલુ કર્યો છે, એવી મહાસભાની સામે તેમણે ટીકા કરી.

ભવિષ્યમાં બનનારા બનાવોનો વેધ લીગના કામકાજને લાગી ચૂક્યો હતો. પોતાના ભાષણમાં શ્રી. ઝીણાએ કહ્યું :

> મહાસભાની હાલ જે લોકો દોરવણી કરે છે તેઓ ખાસ કરીને છેલ્લાં દશ વર્ષ દરમિયાન મહાસભાના કામકાજમાં કેવળ હિન્દુ હિતોને આગળ વધારનારાં ધોરણોને અનુસરીને, હિન્દના મુસ્લિમોની સહાનુભૂતિ ઉત્તરોત્તર ગુમાવી દેવાને માટે જવાબદાર છે. અને જ્યારથી છ પ્રાંતોમાં તેમને વધુમતી મળી છે, અને તે બધાની તેમણે સરકારો રચી છે, ત્યારથી તો પોતાનાં વાણી, વર્તન અને કાર્યક્રમથી તેમણે દર્શાવી દીધું છે કે, મુસલમાનોને તે લોકોને હાથે ન્યાય અગર પ્રામાણિક વર્તન મળે એવી અપેક્ષા રાખવી ફોકટ છે. જે કંઈ થોડી સરખી સત્તા અને જવાબદારી રાજકર્તાઓ તરફથી હિન્દી પ્રજાને આપવામાં આવી છે તેના અમલના મૂરતમાં જ વધુમતી ધરાવતી કોમે હિંદુસ્તાન એકલા હિંદુઓનો જ છે એવી માન્યતાનો પોતાનો અંદરખાનેનો દાવ ખુલ્લો કર્યો છે.[૨૦]

૧૯૩૮ની સાલના એપ્રિલ માસની ૧૭ અને ૧૮ તારીખોએ લીગની એક ખાસ બેઠક કલકત્તા મુકામે શ્રી. ઝીણાને પ્રમુખપદે મળી. તેમાં થયેલાં ભાષણોમાંથી રાષ્ટ્રીય મહાસભાની સાથે વધતા જતા વિરોધનો અને

---

૨૦. 'ધિ ઇન્ડિયન એન્યુઅલ રજિસ્ટર', ભા. ૨, પા. ૪૦૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોંગ્રેસરાજના જુલમોની સામેની ફરિયાદોનો સૂર એક સરખો સંભળાયો. મહાસભાએ લીગની સાથે મળીને સંયુક્ત પ્રધાનમંડળો રચવાનો ઇન્કાર કર્યો, તે વાતને મુસ્લિમોને કચડી નાખવાના મહાસભાના આશયના પુરાવામાં આગળ કરવામાં આવી. ઇસ્લામને નામે મુસલમાન માત્રને એક થવાની જોરદાર અપીલ કરતાં શ્રી. ફઝલુલ હકે શ્રોતાઓને સંભળાવ્યું કે, કાયદાથી યોજવામાં આવેલા સલામતીઓના ઉપાયોથી મુસ્લિમ કોમને હવે રક્ષણ મળે, એવી આશા રાખવી વ્યર્થ છે. અને તે પછી તેમણે ઉમેર્યું કે, "પાણીપત અને થાણેશ્વરમાં થયેલી લડાઈઓ જો પાછી થવાની જ હોય તો તે લડાઈઓમાં મુસ્લિમોના પૂર્વજોએ જે યશસ્વી પરાક્રમ દેખાડ્યું હતું, તેવું પરાક્રમ ફરીથી કરી બતાવવાને આપણે તૈયારી રાખવી પડશે."

પ્રમુખે શ્રી. હકના ભાષણના મુદ્દાઓનો ભારપૂર્વક નિર્દેશ કરીને શ્રોતાઓનું તે તરફ ધ્યાન ખેંચ્યું. મહાસભાનો સર્વોચ્ચ અધિકાર ધારણ કરનારા મંડળને એક જ પક્ષનો દોર ચલાવનારી, અને સત્તાના મદથી ઉન્મત્ત થયેલી એક ટોળકી તરીકે વર્ણવીને શ્રી. ઝીણાએ રાષ્ટ્રીય મહાસભાને દેશના બીજા બધા પક્ષોને અને ખાસ કરીને લીગને કચડી નાખવાને ઉદ્યુક્ત થયેલી એક હિંદુ સંસ્થા તરીકે ઓળખાવી. વળી પોતાના ભાષણના ચાલાકીથી તૈયાર કરેલા એક ભાગમાં શ્રી. ઝીણાએ આગળ વધીને જણાવ્યું કે, લીગ કેવળ મુસ્લિમોના હિતને ખાતર જ લડત કરતી નથી, પણ રાષ્ટ્રીય મહાસભાની દમદાટીના ભયની સામે હિંદની બીજી બધી લઘુમતી કોમોને રક્ષણની બાંયધરી મેળવી આપવાને, અને તેમને હિંદની ભૂમિ પર પોતપોતાનું હકનું સ્થાન મેળવી આપવાને માટે તેમની વતી ઝઘડનારી સંસ્થા છે.

૧૯૩૮ની સાલના ડિસેમ્બર માસમાં પટનામાં ભરાયેલી લીગની બેઠકમાં શ્રી. ઝીણાએ આવા જ ભાવના ઉદ્‌ગારો કાઢ્યા. તેમના અભિપ્રાય મુજબ હિંદુ-મુસ્લિમ પ્રશ્નના ઉકેલના સર્વ પ્રયાસો મહાસભાના ફાસીવાદના ખડક પર અફળાઈને જ તૂટી પડ્યા હતા. મહાસભાએ જે આદર્શો અને ધ્યેયો સ્વીકારીને પોતાની કારકિર્દી શરૂ કરી હતી તે બધાનો શ્રી. ગાંધીએ નાશ કરીને તેનું એક કોમી હિંદુ સંસ્થામાં રૂપાન્તર કરી નાખ્યું છે. પોતાની અલગ અને સ્વતંત્ર રાષ્ટ્રીય ભાવના કેળવવાની મુસ્લિમોને અપીલ કરીને તેમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી હિંદનાં દેશી રજવાડાંઓને અંગેની મહાસભાની નીતિની ટીકા કરતાં શ્રી. ઝીણાએ કહ્યું કે, એ તો નવા બંધારણ પ્રમાણેની મધ્યવર્તી ધારાસભામાં વધુમતીની સંખ્યા મેળવવાને માટેનો એક દાગો છે. જો દેશી રજવાડાંઓમાં મહાસભા પોતાના હીન આશયોને પાર પાડવાનો નિશ્ચય જ કરી બેઠી હશે તો મારે એ રજવાડાંઓની મુસ્લિમ વસ્તીની વહાર કરવી પડશે.

૧૯૩૯ની સાલના માર્ચ મહિનામાં અખિલ હિંદ મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિએ મીરતમાં મળીને હિંદમાં વસતા મુસ્લિમોના હક અને હિતો જાળવવાના હેતુથી રાજકીય સુધારાઓની જે જુદી જુદી કાચી યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી, તે બધીને તપાસી જવાને માટે એક સમિતિ નીમી.

આ સમિતિએ જે વિચારણા ચલાવી, તેને અંતે સંસ્કૃતિઓને ધોરણે હિંદના જુદા જુદા પ્રાદેશિક વિભાગો કરવાની, અને તે વિભાગોનાં સ્વાધીન રાજ્યોનું એક સંયુક્ત રાજ્ય સ્થાપવાની હવે તો મશહૂર થઈ ચૂકેલી યોજના જાહેર થઈ. હૈદરાબાદના ડૉ. સૈયદ અબ્દુલ લતીફે એ યોજના તૈયાર કરી હતી. સંસ્કૃતિઓને ધોરણે હિંદના જે પ્રાદેશિક વિભાગો પાડવામાં આવે તે બધાને વસ્તીની ફેરબદલી કરીને બને તેટલા પ્રમાણમાં એક પ્રકારના લોકોની વસ્તીવાળા બનાવવાની એ યોજનામાં જોગવાઈ કરવામાં આવેલી છે. એ વિભાગો થાય, અને તેમનાં સ્વતંત્ર રાજ્યો સ્થપાય તે દરમિયાન મુસ્લિમોને પૂરેપૂરી સલામતીઓની બાંયધરી આપવામાં આવે અને પ્રાંતોનો વહીવટ કરનારી જે સરકારો રચાય તે એકલા વધુમતી ધરાવતા પક્ષમાંથી ન થાય, એવી પણ એ યોજનામાં સૂચના છે.

૧૯૩૯ના સપ્ટેમ્બર માસમાં ઇંગ્લંડની સરકારે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું અને અહીં તે પછી વાઇસરૉયે જે જાહેરાત કરી તેનાથી હિંદ પણ એ યુદ્ધમાં લડનારો એક દેશ ગણાયો. લીગની કાર્યવાહક સમિતિએ દિલ્હીથી પ્રગટ કરેલા એક નિવેદનમાં એવી માગણી કરી કે, હિંદના મુસ્લિમો યુદ્ધપ્રયાસમાં સરકાર સાથે સહકાર કરવાનો વિચાર કરી શકે તે પહેલાં તેમની માગણીઓ પૂરેપૂરી સંતોષાવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમ લીગ હિંદની મુક્તિનો આદર્શ રાખે છે, પણ તેની સાથે સમિતિ શહેનશાહની સરકારને એવો આગ્રહ કરે છે અને તેની પાસે માગણી કરે છે કે, હિંદના રાજબંધારણમાં સુધારો કરવાને અંગે કોઈ પણ જાતની જાહેરાત અખિલ હિંદ મુસ્લિમ લીગની અનુમતિ અને મંજૂરી વગર નહીં થાય, એવી તેને ખાતરી મળવી જોઈએ, અને એવી જાતની લીગની અનુમતિ અને મંજૂરી વિના શહેનશાહની સરકાર કોઈ પણ જાતનું હિંદ માટેનું રાજબંધારણ તૈયાર નહીં કરે અને પાર્લામેન્ટ તેનો કાયદો નહીં કરે, એવી પણ તેને બાંયધરી મળવી જોઈએ.[૨૧]

મુસ્લિમ લીગના પ્રમુખ જ્યારે આ રીતે વાઇસરૉય સાથે વાટાઘાટ કરવામાં રોકાયેલા હતા, ત્યારે દેશનું ધ્યાન દીર્ઘકાળ સુધી જેની અસર જણાય એવાં પરિણામો લાવનારા બનાવો પર ચોંટ્યું હતું. યુદ્ધ કરવાને માટેના હેતુઓની હિંદને સંતોષ થાય તેવી જાહેરાત કરવાની અખિલ હિંદ મહાસભા સમિતિની માગણીનો યોગ્ય જવાબ બ્રિટિશ સરકાર પાસેથી ન મળવાથી, સમિતિએ હિંદના અગિયારમાંથી આઠ પ્રાંતોનો વહીવટ કરતાં મહાસભાનાં પ્રધાનમંડળોને, આ દેશને તેની સંમતિ વિના યુદ્ધમાં ઘસડીને નાખવામાં આવ્યો તે વાતનો વિરોધ જાહેર કરવાને રાજીનામાં આપી દેવાને ફરમાવ્યું. બધાં પ્રધાનમંડળોએ એ ફરમાનનો તરત જ અમલ કર્યો. આ રીતે પહેલાં કોઈ વખત ન અનુભવેલી બંધારણને લગતી કટોકટીની સ્થિતિ સામે આવીને ઊભી રહેતાં, જુદા જુદા પ્રાંતોના ગવર્નરોએ મહાસભાનાં પ્રધાનમંડળોની જગ્યાએ બીજાં પ્રધાનમંડળો બની શકે એવું નથી એમ જોઈને બંધારણનો અમલ મોકૂફ રાખ્યો, અને આપખુદ શાસનની સત્તા ધારણ કરી લીધી.

આખા દેશમાં આ બનાવોથી એવી અપેક્ષા ઘણા મોટા પ્રમાણમાં ઊભી થઈ કે, મહાસભાનાં પ્રધાનમંડળોનાં રાજીનામાંથી "મુસ્લિમ લઘુમતી કોમની મહાસભાએ ચલાવેલી રંજાડ, અને તેમની કોમ પરના મહાસભાના જુલમાટ"નું ઉમરાણ અટકી જશે, અને જુલમ અને રંજાડની એ વાતો વારંવાર પોકારી પોકારીને જે કોમી ગરમી પેદા કરવામાં આવી હતી તે

૨૧ 'ઑલ ઇંડિયા મુસ્લિમ લીગ' (અખિલ હિંદ મુસ્લિમ લીગ)ની કાર્યવાહક સમિતિએ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૩૯ને દિવસે દિલ્લીમાં કરેલા ઠરાવમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપોઆપ શમી જશે. વળી એવી પણ આશા રાખવામાં આવતી હતી કે, શ્રી. ઝીણા અને પંડિત જવાહરલાલ નેહરુ વચ્ચે તરતમાં જ જે વાતચીતો થવાની છે તેને પરિણામે પરિસ્થિતિમાં સ્પષ્ટ ફેરફારો થશે, અને બ્રિટિશ સરકારનો સામનો કરવાને માટે એક સામાન્ય નીતિનું ધોરણ બન્ને જણ મળીને ઘડી કાઢશે. પરંતુ મહાસભાનાં પ્રધાનમંડળો ઘેર બેઠાં તે પ્રસંગે એક "મુક્તિ દિન"ની ઉજવણી કરવાની સૂચનાઓ મુસ્લિમ લીગની બધી શાખાઓ પર જાહેર રીતે મોકલીને શ્રી. ઝીણાએ દેશને ભારે આશ્ચર્યમાં ડુબાડી દીધો.

શ્રી. ઝીણાની આ જાહેરાતની પાછળ વાદાવાદનું જે તોફાન જાગ્યું તેનાથી મહાસભા અને લીગ વચ્ચેના સમાધાનની આશાના ચૂરેચૂરા થઈ ગયા.

ડિસેમ્બર માસની ૨૩મી તારીખે વાઇસરૉય લૉર્ડ લિનલિથગોએ શ્રી. ઝીણા પર લખેલા પત્રમાં જણાવ્યું કે,

> હિંદના રાજબંધારણના વિકાસની સ્થિરતા અને સફળતાની બાબતમાં મુસ્લિમ કોમના સંતોષ તેમ જ સમાધાનનું કેટલું મહત્ત્વ છે તે વિષે શાહેનશાહની સરકારના દિલમાં કોઈ જાતની ગેરસમજ નથી, એટલે તમારી કોમનું દેશમાં જે સ્થાન છે, અને તે સ્થાનને લીધે તેના અભિપ્રાયને ખરૂસ કરીને જે વજન મળી રહે છે તેની કિંમત ઓછી અંકાશે, એવો ડર તમારે મુદ્દલ ન રાખવો.૨૨

આવી ભૂમિકાના વાતાવરણમાં અખિલ હિંદ મુસ્લિમ લીગની સત્તાવીસમી બેઠક, ૧૯૪૦ની સાલના માર્ચ માસની ૨૨ અને તે પછીની તારીખોએ લાહોરમાં મળી. એ અધિવેશન ભરાયું તે જ અરસામાં પંજાબની સરકારે ખાકસાર સંગઠનની સામે કડક પગલાં લેવાં શરૂ કર્યાં હતાં. પંજાબ સરકારનું પોલીસદળ અને તેની સામે થનારા ખાકસારો વચ્ચે કેટલીક અથડામણો થઈ ચૂકી હતી, અને તેમાં પોલીસે જે ગોળીબાર ચલાવ્યો હતો તેથી થોડાંક મરણ નીપજ્યાં હતાં, અને કેટલાક ખાકસારો ઘવાયા

---

૨૨. શ્રી. મહમદ અલી ઝીણાને ૧૯૩૯માં લખેલા એક પત્રમાંથી. એ આખો પત્રવહેવાર 'ઇંડિયન એન્યુઅલ રજિસ્ટર'—૧૯૪૦, ભાગ ૨માં પા. ૨૪૮-૨૫૭ પર આપેલો છે. આની અને લૉર્ડ મિન્ટોની ૧૯૦૬ની સાલમાં મુલાકાત કરનારા પ્રતિનિધિમંડળને તેણે આપેલા જવાબની વચ્ચેનું મળતાપણું એટલું બધું છે કે, તરત કોઈના પણ ધ્યાનમાં આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. આ બનાવોને લીધે મુસ્લિમ લીગની એ બેઠક પર ગમગીનીની ઘેરી છાયા ફરી વળી હતી, કેમ કે લીગના એક સૌથી પ્રમુખ આગેવાન સર સિકંદર હયાત ખાનના વડપણ નીચે ચાલતી એક ' મુસ્લિમ સરકારે ' એવાં પગલાં લીધાં હતાં કે જેને પરિણામે ત્રીસ મુસ્લિમ ખાકસારોનાં મરણ નીપજ્યાં અને ઉપરાંત બીજા કેટલાયને ઈજા થઈ હતી. આ કારણે જે લોકો રાતદિવસ મહાસભાનાં પ્રધાનમંડળો સામે ' જુલમ જુલમ 'નું બુમરાણ મચાવી રહ્યા હતા તેમની દશા બહુ કફોડી થઈ પડી. તેમ છતાં સમો વરતીને બધું છાવરી લેવામાં આવ્યું, જો કે પંજાબ સરકારના વડા પ્રધાનને એ બેઠકમાં હાજરી ન ભરવા જેટલું ડહાપણ બતાવવું પડ્યું હતું.

પોતાના ભાષણમાં ફરીથી પોતાને પ્રિય એવા બે રાષ્ટ્રના સિદ્ધાંતનું ગાયન શ્રી. ઝીણાએ ચાલુ રાખ્યું.

(તેમણે જણાવ્યું કે) ઇસ્લામ અને હિંદુત્વ ધર્મ શબ્દના અસલ અર્થમાં કેવળ ધર્મો નથી પરંતુ હકીકતમાં ભિન્ન અને સ્પષ્ટપણે જુદી પડી આવતી બે સમાજવ્યવસ્થાઓ છે; અને હિંદુઓ તેમ જ મુસ્લિમો ભેગા મળીને કોઈ કાળેયે સમાન રાષ્ટ્રીય ભાવના કેળવી શકશે એમ માનવું, એ એક વ્યર્થ સ્વપ્નું છે હિંદની વસ્તી એક પ્રજા છે એવો ખોટો ખ્યાલ હવે વાસ્તવિકતાની હદ વટાવી ગયો છે, અને તે જ આપણાં ઘણાંખરાં દુ:ખોનું મૂળ છે. આપણે વેળાસર સમજીને આપણો આ ખ્યાલ સુધારી નહીં લઈએ તો તે હિંદને પાયમાલીને રસ્તે ખેંચી જવાનો છે.

તેમના ખ્યાલ મુજબ હિંદમાં આજે દેખાતી એકતા કૃત્રિમ છે અને તેનો દેખાવ બ્રિટિશ જમાનાથી શરૂ થયેલો હોઈને તે બ્રિટિશ લશ્કરના દાબથી જ ટકી રહેલો છે. વળી તેમણે જાહેર કર્યું કે, રાજ્યશાસનની લોકશાહી પદ્ધતિ હિંદની પરિસ્થિતિને અનુકૂળ નથી, અને ઉપરાંત " રાષ્ટ્ર શબ્દની કોઈ પણ વ્યાખ્યાની કસોટીથી તપાસતાં મુસ્લિમ કોમ એક રાષ્ટ્ર છે, અને તેથી તેને પોતાના વસવાટ માટેનું અલગ વતન, તેનો પોતાનો પ્રદેશ અને તેનું પોતાનું રાજ્ય હોવું જોઈએ." લીગનું સંગઠન મજબૂત કરવાને માટે તેમણે સભાની આગળ છટાદાર રજૂઆત કરી. બ્રિટિશ સરકારને ચેતવણી (૧૯૪૦ના ફેબ્રુઆરી માસની ત્રીજી તારીખે મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિએ આ પહેલાં જ વાઇસરૉયના જવાબથી પોતાને થયેલો અસંતોષ વ્યક્ત કર્યો હતો.) આપીને તેમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું અહીં સાફ સાફ જાહેર કરું છું કે, અમારી અનુમતિ અને અમારી મંજૂરી વગર શહેનશાહની સરકાર જો કોઈ પણ જાહેરાત કરશે તો મુસ્લિમ હિંદ તેનો પ્રતિકાર કરશે, અને એ બાબતમાં જો કોઈ ગફલતમાં રહેશે તો તે ખત્તા ખાશે.

લીગની સભાએ શ્રી. ઝીણાએ આપેલી દોરવણી સ્વીકારીને બીજે દિવસે બંગાળ સરકારના વડા પ્રધાન શ્રી. ફઝલુલ હકે રજૂ કરેલો ઠરાવ મંજૂર રાખ્યો. તે ઠરાવ લંબાણ હોવા છતાં અહીં આખો ને આખો ઉતારવા જેવો છે.

૧૯૩૯ના ઑગસ્ટની ૨૭મી, સપ્ટેમ્બરની ૧૭મી તેમ જ ૧૮મી અને ઑક્ટોબરની ૨૨મી તથા ૧૯૪૦ના ફેબ્રુઆરીની ૩જી તારીખોએ અખિલ હિંદ મુસ્લિમ લીગની કાઉન્સિલ તથા કારોબારી સમિતિએ કરેલા ઠરાવોમાં દર્શાવેલાં, હિંદના રાજબંધારણના મુદ્દાને અંગેનાં પગલાંઓને અનુમતિ આપીને તથા મંજૂર રાખીને, અખિલ હિંદ મુસ્લિમ લીગની આ બેઠકની સભા ફરીથી ભારપૂર્વક જાહેર કરે છે કે, ૧૯૩૫ના હિંદી રાજબંધારણના કાયદામાં આમેજ કરવામાં આવેલી સમવાયી રાજ્યતંત્રની યોજના, આ દેશની વિશિષ્ટ પરિસ્થિતિને જરાયે ફાવે તેવી તેમ જ અમલમાં મૂકી શકાય તેવી નથી, અને મુસ્લિમ હિંદને છેક જ અસ્વીકાર્ય છે.

વળી અખિલ હિંદ મુસ્લિમ લીગની બેઠકની આ સભા પોતાનો એવો દૃઢ અભિપ્રાયની નોંધ કરે છે કે, શહેનશાહની સરકારની વતી નામદાર વાઇસરોયે ૧૯૩૯ના ઑક્ટોબરની ૧૮મી તારીખે કરેલી જાહેરાત જેટલા પ્રમાણમાં એમ જણાવે છે કે, જે ધોરણ અને યોજનાના પાયા પર ૧૯૩૫નો હિંદી રાજબંધારણનો કાયદો ઘડવામાં આવેલો છે તે ધોરણ અને યોજનાની ફરીથી વિચારણા, હિંદના જુદા જુદા પક્ષો, હિતો અને કોમોની સાથે મસલત કરીને કરવામાં આવશે, તેટલા પ્રમાણમાં તે અમારી આશંકાઓનું નિવારણ કરે છે. પરંતુ જ્યાં સુધી બંધારણને લગતી આખી યોજનાની તદ્દન 'નવેસરથી' ફરી વિચારણા કરવામાં નહીં આવે ત્યાં સુધી મુસ્લિમ હિંદને સમાધાન નહીં થાય, અને મુસ્લિમોની અનુમતિ તથા મંજૂરી વિના ઘડવામાં આવેલી કોઈ પણ સુધારેલી યોજના તેમને સ્વીકાર્ય નહીં થાય.

ઠરાવ કરવામાં આવે છે કે, અખિલ હિંદ મુસ્લિમ લીગની બેઠકની આ સભાનો પુખ્ત વિચારણાને અંતે એવો અભિપ્રાય થયો છે કે, નીચે જણાવેલા મૂળભૂત સિદ્ધાન્તોના પાયા પર ન રચાયેલી હોય એવી કોઈ પણ રાજબંધારણની યોજનાનો આ દેશમાં અમલ થઈ શકે તેમ નથી, અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમોને તે સ્વીકાર્ય થાય તેમ નથી. તે સિદ્ધાંતો આ પ્રમાણે છે: મુલકોના યોગ્ય ફેરફારો કરીને ભૌગોલિક દૃષ્ટિએ પાસે પાસે આવેલા એકમોના એવા વિભાગો કરવામાં આવે કે, સંખ્યાની દૃષ્ટિએ મુસ્લિમ વસ્તીની વધુ-મતીવાળા હિંદના વાયવ્ય અને પૂર્વ પ્રદેશ જેવા વિસ્તારોના, સ્વરાજ્યની તેમ જ સર્વોપરી સત્તા ધારણ કરનારા એકમોને, 'સ્વતંત્ર રાજ્યો'માં એકઠા કરી શકાય.

એ વિસ્તારોમાં અને એકમોમાં વસતી લઘુમતીઓ માટે, તેમની સાથે મસલત કરીને, તેમના ધાર્મિક, સંસ્કૃતિને અંગેના, આર્થિક, રાજકીય, રાજવહીવટને અંગેના તેમ જ એવા જ બીજા હકોનાં તથા હિતોનાં સંરક્ષણને માટેની પૂરતી, અસરકારક, અને સ્પષ્ટ ફરમાનના સ્વરૂપની સલામતીઓને વિગતવાર ગણાવીને બંધારણમાં જોગવાઈ કરવામાં આવે, અને હિંદના બીજા ભાગોમાં જ્યાં મુસ્લિમો લઘુમતિમાં હોય ત્યાં, તેમની અને બીજી લઘુમતીઓની સાથે મસલત કરીને, તેમના ધાર્મિક, સંસ્કૃતિને અંગેના, આર્થિક, રાજકીય, રાજવહીવટને અંગેના તેમ જ એવા જ બીજા હકોનાં અને હિતોનાં સંરક્ષણને માટેની પૂરતી, અસરકારક અને સ્પષ્ટ ફરમાનના સ્વરૂપની સલામતીઓને વિગતવાર ગણાવીને બંધારણમાં જોગવાઈ કરવામાં આવે.

વળી આ મૂળભૂત સિદ્ધાંતોને આધારે, તે તે વિભાગો આખરે સંરક્ષણ, પરદેશો સાથેના સંબંધો, દેશની અંદરનાં વહેવારનાં સાધનો, દરિયાપારથી આવતા માલ પરની જકાત અને જરૂર જણાય તેવી એવી જ બીજી બાબતો અંગેની સર્વોપરી સત્તા ધારણ કરી શકે તેવી જોગવાઈ સાથેની બંધારણની એક યોજના તૈયાર કરવાને, કારોબારી સમિતિને આ બેઠકની સભા અધિકાર આપે છે.

આ રીતે લીગે પાકિસ્તાનના ધ્યેયનો સ્વીકાર કર્યો.

મુસ્લિમ લીગની લાહોરની બેઠક મળી તે પહેલાં ત્રણ જ દિવસ આગળ રામગઢમાં મળેલી હિંદી રાષ્ટ્રીય મહાસભાના ત્રેપનમા અધિ-વેશનને પ્રમુખપદેથી, બીજા એક મહાન મુસ્લિમ રાજપુરુષે પ્રેરણાદાયી અને પડકાર કરતા શબ્દોમાં શ્રી. ઝીણાના આદર્શથી તદ્દન ભિન્ન એવા એક અને અવિભાજ્ય હિન્દનો, તથા સમાન ઇતિહાસ અને સમાન પુરુષાર્થના ઘડતરથી એક બનેલા રાષ્ટ્રનો આદર્શ પોતાના દેશબાંધવો સમક્ષ રજૂ કર્યો.

(મૌલાના અબુલ કલામ આઝાદે કહ્યું કે) હિંદના ઐતિહાસિક ભાવીનું એવું નિર્માણ હતું કે, અનેક માનવ વંશો, સંસ્કૃતિઓ અને ધર્મોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહો દૂર દૂરથી વહી આવીને, સર્વને મોકળે દિલે આવકાર આપનારી આ ભૂમિ પર એકત્ર થાય અને વસવાટ કરે, અને એવી અનેક વણઝારો અહીં આખરે ઠરીઠામ થઈને રહે. . . આગળથી આવીને વસેલી બીજી વણઝારોને પગલે ચાલીને અહીં આવીને ઠરીઠામ થઈને રહેનારી છેલ્લી વણઝારો પૈકીની એક ઇસ્લામના અનુયાયીઓની હતી. . . આ વણઝારે હિંદમાં પ્રવેશ કર્યો, એટલે બે ભિન્ન માનવવંશની સંસ્કૃતિઓના પ્રવાહો અહીં એકત્ર થયા. ગંગા અને જમનાના પ્રવાહોની માફક એ બે ભિન્ન સંસ્કૃતિઓના પ્રવાહો પણ પહેલાં તો જુદાં જુદાં પાત્રોમાં વહ્યા. પરંતુ પ્રકૃતિના અટળ નિયમે તેમને ભેગા કર્યા અને તેમના સંગમના પ્રવાહને એક પાત્રમાં પ્રેર્યો

એક હજાર વર્ષના આપણા સહજીવને આપણી રાષ્ટ્રીયતાને ઘડી છે. આવું કંઈ કૃત્રિમ રીતે થઈ શકતું નથી. પ્રકૃતિ પોતાની અગમ્ય પ્રક્રિયાઓ વડે સૈકાઓના ગાળાઓ દરમિયાન આવું ઘડતર કરે છે. સંસ્કૃતિનાં બીબાંનો ઘાટ હવે ઘડાઈ ગયો છે, અને નિયતિએ તેના પર મહોર મારી છે. આપણને ગમે કે ન ગમે પણ આપણે હવે એક અને અવિભાજ્ય એવું હિંદી રાષ્ટ્ર બન્યા છીએ. જુદા પાડવાના તથા વહેંચી નાખવાના કોઈ અકુદરતી કાવતરાંથી, અથવા કોઈ ઘેલછાભર્યા મગજના ધખારાથી આ એકતા હવે તોડેલી તૂટે તેવી, અને વહેંચેલી વહેંચાય તેવી નથી.૨૩

ત્યાર પછી થોડાંક અઠવાડિયાં રહીને અખિલ હિંદ આઝાદ મુસ્લિમ પરિષદ દિલ્હીમાં (૧૯૪૦ની સાલના એપ્રિલ માસની ૨૭ થી ૩૦ તારીખોએ) સિંધની સરકારના હાલના વડા પ્રધાન ખાન બહાદુર અલ્લાબક્ષને પ્રમુખપદે મળી. તેના પ્રમુખનું ભાષણ, લીગે જેનો પ્રચાર ચાલુ કર્યો હતો તે હિંદમાં બે ભિન્ન ભિન્ન પ્રજાઓ વસે છે એવા સિદ્ધાંતની ઝાટકણી કાઢવાને માટે નોંધવા જેવું થયું છે.

નવ કરોડ મુસ્લિમો પૈકીના ઘણાખરા જેઓ હિંદમાં પૂર્વે વસતા આવેલા લોકોના જ વંશજો છે, તે બધા કોઈ પણ રીતે જોતાં આ ભૂમિનાં સંતાનો નથી એમ કેવી રીતે કહી શકાય? જુદા જુદા દેશોમાં વસતા તે તે દેશના રાષ્ટ્રિકો કેવળ એક અથવા બીજા ધર્મનો અંગીકાર કરે તેટલા જ કારણે પોતાની અસલ રાષ્ટ્રીયતાને મૂકી બેસતા નથી. શ્રી. અલ્લાબક્ષે જીવનના જુદા જુદા વહેવારોમાં હિંદુઓ અને મુસ્લિમોને એક બંધે બાંધનારાં બંધનો તે પછી ગણી બતાવ્યાં. . . વળી તેમણે મુસ્લિમ લીગ હિંદના મુસ્લિમોની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા છે, એવા લીગના દાવાનો ઇન્કાર

૨૩. રામગઢ મહાસભાને પ્રમુખપદેથી કરેલું ભાષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો, અને પાકિસ્તાનની યોજના મુસ્લિમોને, રોગીઓના એક "બંધિયાર વાડામાં" ધકેલીને પૂરી દઈને અલગ પાડી દેશે, એવી તે યોજનાની કડક ટીકા કરી.

પરિષદે જે મુખ્ય ઠરાવ મંજૂર કર્યો તેમાં આ જ વિચારોનું પ્રતિબિંબ પડ્યું છે. જમિયત-ઉલ-ઉલેમા-ઈ-હિંદના સરનશીન મુફતી કિફાયતુલ્લાએ તે પરિષદ સમક્ષ રજૂ કર્યો હતો. તેમાં જણાવ્યું છે કે :

> પોતાની વિશિષ્ટ ભૌગોલિક અને રાજકીય સીમાઓની વચ્ચે સમાયેલો હિંદનો પ્રદેશ, એક અને અવિભાજ્ય એવો અખંડ દેશ છે, અને તે કારણે તે તેના સર્વ ધર્મના અને સર્વ વંશના નાગરિકોનું વતન છે; અને તે સર્વ નાગરિકો તેની સર્વ સાધનસંપત્તિના સહિયારા ધણી છે. મુસ્લિમોનાં ઘરબાર અને તેમને પ્રિય તેમ જ મૂલ્યવાન એવાં તેમના ધર્મ અને સંસ્કૃતિનાં પ્રતીકો સમાં બાંધકામો દેશના ખૂણેખૂણામાં પથરાયેલાં પડ્યાં છે. . . . રાષ્ટ્રીયતાની દૃષ્ટિથી વિચારતાં હિંદનો એકે એક મુસ્લિમ હિંદી છે.

એ જ ઠરાવથી પોતાના બીજા દેશબાંધવોની સાથે ખભેખભો ભિડાવીને પૂર્ણ સ્વરાજની પ્રાપ્તિને માટે લડવાનો મુસ્લિમોનો નિશ્ચય જાહેર કરવામાં આવ્યો.

પાકિસ્તાનના મુદ્દા પરનો તે પછીનો બીજો ઠરાવ, પરિષદ સમક્ષ મૌલાના હબીબુર રહેમાને રજૂ કર્યો તે નીચે પ્રમાણે હતો :

> આ પરિષદનો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે, જે કોઈ યોજના હિંદના હિંદુ હિંદ અને મુસ્લિમ હિંદ એવા બે અલગ અલગ વિભાગો કરે છે તે અવહેવારુ છે, તેમ જ સામાન્યપણે આખા દેશના અને ખાસ કરીને મુસ્લિમોના હિતને નુકસાન કરનારી છે . . . આ પરિષદની એવી ખાતરી થઈ છે કે, એવી જાતની યોજનાને પરિણામે હિંદની મુક્તિના માર્ગમાં અનિવાર્ય રીતે અંતરાયો ઊભા થશે, અને બ્રિટિશ સામ્રાજ્યવાદ તેનો પોતાના સ્વાર્થને સારુ દુરુપયોગ કર્યા વિના નહીં રહે.

આની સામે મુસ્લિમ લીગે પોતાનું તે પછીનું અધિવેશન ઈસ્ટરની રજાના દિવસોમાં (૧૯૪૧ના એપ્રિલની ૧૨થી ૧૫ તારીખોએ) મદ્રાસમાં ભર્યું. શ્રી. ઝીણા પાછા પ્રમુખ ચૂંટાયા હતા. પોતાના ભાષણમાં તેમણે જણાવ્યું :

> અખિલ હિંદને માટેનું એક મધ્યવર્તી સરકારના તંત્રવાળું રાજ્યબંધારણ અમને કોઈ સંજોગોમાં ખપે તેમ નથી. અમે કોઈ દિવસ, કદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાતની સાથે સંમત થવાના નથી. . . . આ ઉપખંડની ભૂમિ ઉપર અમારા એક સ્વતંત્ર રાષ્ટ્રનો દરજ્જો અને તેનું સ્વાધીન રાજ્ય સ્થાપવાનો અમે નિરધાર કરેલો છે.

લીગના ધ્યેય તરીકે પાકિસ્તાનનો લાહોરમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. મદ્રાસમાં લીગના બંધારણમાં ફેરફાર કરીને મુસ્લિમ લીગના ઉદ્દેશોની કલમમાં પાકિસ્તાનની સ્થાપનાનો ઉદ્દેશ ઉમેરવામાં આવ્યો.

આ રીતે મુસ્લિમ રાજકીય ભાવનાના વિકાસમાં એક હિંદી રાષ્ટ્રીયતાની પ્રવૃત્તિમાં ભળી જવાનો પ્રયત્ન કરતો, અને બીજો પોતાના સ્વતંત્ર વલણની દિશા શોધતો, એવા બે જુદા જુદા વિચારપ્રવાહોની વચ્ચેનો તીવ્ર વિરોધ આપણે જોઈ શકીએ છીએ. એ બન્ને વિચારપ્રવાહોએ મુસ્લિમ રાજકીય જાગૃતિના વિકાસ પર પોતપોતાની અસર પાડી છે પણ બન્નેની અસર હમેશ એક સરખી રીતે જોરાવર માલૂમ પડતી નથી. ૧૯૧૬ની સાલથી ૧૯૨૪ની સાલ સુધી અલગ પડીને સ્વતંત્ર વહેવા મથતા વિચારપ્રવાહના કરતાં એક રાષ્ટ્રીયતાની ભાવનાનો વિચારપ્રવાહ વધારે બળવાન જણાય છે, અને હમણાંના વર્ષોમાં સ્થિતિ એથી ઊલટી માલૂમ પડે છે.

મુસ્લિમ રાજકીય જાગૃતિના આ દ્વિવિધ વિકાસને સમજવાને માટે આપણે કેવળ છેલ્લાં થોડાંક વર્ષોનો ઇતિહાસ જાણીને બેસી રહીએ તે બસ નથી; કેમ કે તે પરથી આપણે એવાં અનુમાનો પર આવીશું કે જે તારવવામાં સહેલાં હોવા છતાં આખરે એ સમગ્ર પ્રશ્નના આપણા પૃથક્કરણને દૂષિત કરે છે. છેલ્લાં દોઢસો, કે તેથીયે થોડાંક વધારે વર્ષોથી હિંદી રાજ્ય-વ્યવસ્થા પર કેટલાંક સામાજિક અને મૂઢગ્રાહનાં બળોએ પોતપોતાનું કાર્ય કરેલું છે, અને વળી ચાલુ શાસનતંત્રે જે નીતિઓ વખતોવખત અખત્યાર કરી છે તેમની તે બન્ને બળો પર ઊંડી અસર પહોંચી છે. મુસ્લિમ રાજકારણના જે માર્ગે વિકાસ થવા પામ્યો તે જ માર્ગે તેનો વિકાસ શા કારણે થયો, તે સવાલને સમજવા માટે જ નહિ, પણ હિંદુઓ અને મુસ્લિમોના પરસ્પર સંબંધોના તેથીયે વધારે વિશાળ પ્રશ્નનું આકલન કરવાને માટે, શાસનતંત્રે વખતોવખત ધારણ કરેલાં જુદાં જુદાં ધોરણોનું આપણે ઊંડા ઊતરીને, ઝીણવટથી પરીક્ષણ કરવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું

ત્રિકોણની બ્રિટિશ બાજુ

આધુનિક રાજ્યસંસ્થા પોતાની એકધારી ચીવટથી, તેની હકૂમત નીચેના લોકોના જીવનને અચૂક રીતે ધારે તેવો ઘાટ આપી શકે છે. મૂળે નજીવા લાગતા અને અર્થ વગરના દેખાતા સેંકડો નિર્ણયો રોજ-બરોજના વહીવટને અંગે લેવામાં આવે છે, અને નજીવા લાગતા તેમ જ અર્થ વગરના દેખાતા એ નિર્ણયોને અમલમાં મૂકવાનાં અનેકવિધ પગલાં-ઓથી જ, પ્રજાનું ભલું થાય એવા કે પછી બૂરું થાય એવા ફેરફારો, તેના જીવનમાં સિદ્ધ થાય છે. રાજ્યતંત્ર વખતોવખત જે ધોરણો અખત્યાર કરે છે તેમને આંટીઘૂંટીવાળાં અને અટપટાં બળો સાથે કામ લેવાનું હોય છે. અને તેમાંયે જ્યારે, જેમની જીવન પ્રત્યેની દૃષ્ટિ ભિન્ન હોય અને જેમનાં હિત ઘણી વાર પરસ્પર વિરોધી હોય, એવી બે સંસ્કૃતિઓના સંગમની સાથે, અથવા તે બન્નેના એકબીજાને છેદીને વહેતા અલગ અલગ પ્રવાહોની સાથે રાજ્યશાસનની કળાને પ્રસંગ પડે છે, ત્યારે તે પરિસ્થિતિમાંથી દીર્ઘકાળ સુધી પોતાની અસર પહોંચાડનારા મહત્ત્વના સવાલો ઊભા થાય છે. આ પ્રકરણનો આશય આવી જાતના એક સવાલની વિચારણા કરવાનો છે. તે સવાલ છે બ્રિટિશ હકૂમતમાં બ્રિટિશ રાજ-નીતિની હિન્દના કોમી પ્રશ્નપર ઊઠેલી છાપનો.

ફૂટ પાડીને રાજ્યનો અમલ ચલાવવાની નીતિમાં પાવરધા થયેલા બ્રિટિશ લોકોએ હિન્દમાં આવીને તરત જ આ દેશની પરિસ્થિતિ પર તે નીતિનો દાવ અજમાવવાની તૈયારી કરવા માંડી.[૧] લાંબા કાળના એકત્ર

---

૧ "ફૂટ પાડીને રાજ્યસત્તાનો અમલ કરવાનો રોમન લોકોની રાજનીતિનો પ્રાચીન સિદ્ધાન્ત છે, અને આપણે પણ તેને જ અનુસરવું જોઈશે."— માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન

હિન્દને જીતી લેવામાં આ સિદ્ધાન્તનો અમલ કેવી રીતે કરવામાં આવ્યો છે તે જાણવાને ડબલ્યુ. એમ. ટૉરેન્સનું 'એમ્પાયર ઇન એશિયા'–૧૮૭૨ (એશિયામાં સામ્રાજ્ય–૧૮૭૨) નામનું પુસ્તક જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસવાટને અંતે હિંદુ અને મુસ્લિમ, એ આ દેશની બે મહત્ત્વની કોમોએ મળીને, પ્રસંગોપાત્ત તેમની વચ્ચે કુદરતી રીતે જ કલહો થતા તે વાત સાચી હોવા છતાં, એકંદરે સહકારથી જીવન ગાળવાની એક સરસ પદ્ધતિ ખોલવી હતી. હિન્દમાં પગદંડો જમાવ્યો તે પહેલાં જ પોતાની મુત્સદ્દીગીરીને નાસચીન થયેલી જે આવડતથી અંગ્રેજ રાજકર્તાઓએ દુનિયાના રાજકારણમાં સૌથી જોરાવર બનાવી હતી, તે બધી આવડતથી તેમણે હિન્દુ અને મુસ્લિમ કોમોની વચ્ચે આડ મારીને, પોતે જેના પાયા તરીકે કાયમ રહી શકે એવો એક કોમી ત્રિકોણ અહીં ઊભો કરવાનો નિશ્ચય કર્યો.

હિન્દનો મુલક જિતાઈ રહ્યો એટલે સત્તાના કેન્દ્રમાંથી આખા દેશ પર એક સરખો કાબૂ રાખી શકાય એવા એકચક્રી રાજ્યવહીવટની યોજના કરવામાં આવી. અર્થસાધનાના પોતાના ઉદ્દેશો પાર પાડવાને માટે નવી સ્થપાયેલી સરકારને તૈયાર માલ ખરીદનારા એક સુસંયોજિત બજારની જરૂર હતી. રાજવહીવટ ચલાવવાની દૃષ્ટિથી આનો અર્થ એવો થાય કે, રાજ્યતંત્રના કેન્દ્રમાં, જેના પર માથેથી કાબૂ રહી શકે એવી એક સમર્થ એકચક્રી સરકાર હોય, અને તેનું આખું તંત્ર એક કાર્યકુશળ નોકરશાહી ગબડાવતી હોય. પરંતુ એક બાજુથી જેના અમલનું દબાણ આખા મુલકપર એક સરખી રીતે પહોંચતું હોય તેવી સમર્થ એકચક્રી સરકાર, બીજી બાજુથી પોતાની હકૂમત હેઠળના સર્વ લોકોને એક સમાન ભાવનાની જાગૃતિથી પ્રેરે છે, અને પારકા મુલકના લોકોની એ જ બિનજવાબદાર સરકારની સામે એક પ્રજામાન્ય અધિકારનું કેન્દ્ર નીપજે, એવી પરિસ્થિતિ નિર્માણ કરે છે.

અને આ ડર પાયા વગરનો નહોતો તે વાત ૧૮૫૭ની સાલમાં થયેલા બંડથી સાબિત થઈ. રાજ્યસંસ્થાને દૃઢ કરવાના, અને તેના બીજા હેતુઓ પાર પાડવાના આશયથી સરકારે સાધેલી હિંદની એકતા જ તેના અધિકારની સામે માથું ઊંચકે એવા, પ્રજામાન્ય અધિકારના બીજા એક કેન્દ્રનો પાયો બની. નવા એકચક્રી રાજવહીવટની ભાવના જેમાં મૂર્તિમંત થતી હતી, અને જે તેના અમલનું સાધન હતું, તે તેનું લશ્કર જ રાષ્ટ્રના બંડનું અગ્રણી થયું. આ બનાવ પરથી બરાબર ધડો લેતાં સરકારને વાર ન લાગી. ત્યાર પછીથી સરકારની નીતિનું ધોરણ એવા ઉપાયો અને સાધનો યોજવાના હેતુથી ઘડાયું કે, જે ઉપાયો અને સાધનો દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહીવટી તંત્રની તેમ જ મુલકની અર્થવ્યવસ્થાની એકરૂપતા એકમેકને આધારે નભે તેમ જ વિકસે, અને છતાં તે એકરૂપતાને પરિણામે લોકોમાં રાજકીય જાગૃતિની ભાવનાની એકરૂપતા પેદા થવા ન પામે. તેથી એક તરફથી વહીવટી તંત્રને એકચક્રી બનાવવાની સાથે સાથે બીજી એક ચોક્કસ નેમ પાર પડે એવી નીતિનો અમલ શરૂ થયો. તે નેમ હતી રાજકીય ભાવનાની જાગૃતિથી એકત્રિત થયેલી હિંદી પ્રજાના રાષ્ટ્રીય સંકલ્પને, ચાલુ સરકારને સ્થાને રાજ્યસત્તારૂઢ થવાની ઉમેદ રાખનારા, અધિકારના બીજા કોઈ એક કેન્દ્ર તરફ આકર્ષાઈને વળી જતો અટકાવવાની.

હિંદી લશ્કરનું ૧૮૫૭ના બંડ પછી જે તદ્દન નવેસરથી સંયોજન થયું, તેમાં આ નીતિના અમલની અસર પહેલવહેલી સ્પષ્ટ માલૂમ પડી. ૧૮૫૭ પહેલાં હિંદી લશ્કરની આખી બાંધણી એવી હતી કે, તેમાં સર્વ કોમના અને સર્વ પ્રાંતના લોકો, કોઈ જાતના ભેદભાવ વગર દાખલ થઈ શકતા.

> (મૅક્મુન અને લૉવેટે લખ્યું છે કે) કાયમ રાખવામાં આવતા લશ્કરમાં જે કોઈ માણસો નસીબ જોગે આવી ચઢે તે બધા ગમેતેમ ભરતી થતા. કોઈ એક જાતિ અગર વર્ગના ભેદ મુજબ જુદી જુદી ટુકડીઓ પાડવામાં આવતી નહોતી. લશ્કરને રહેવાને માટેની બરાકોની હારોમાં હિંદુ અને મુસલમાન, તેમ જ શીખ અને પૂરબિયા ગમેતેમ ભેળસેળ રહેતા. અને તેથી એવું બનતું કે દરેક સિપાઈ જાતે, અને બધા ભેગા, પોતાની જાતના અસલ સંસ્કારગત પૂર્વગ્રહોથી અમુક અંશે મુક્ત થઈને એક સર્વસામાન્ય ભાવનાથી પ્રેરાતા.[૨]

ભાવનાની આવી જાતની વધતી જતી એકરૂપતા હવે પછી ભયજનક ગણાવા લાગી. સર જૉન (પાછળથી લૉર્ડ થયેલો) લૉરેન્સ, જેણે ૧૮૫૭ના બંડને દબાવી દેવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો અને જેને તે પછી હિંદના વાઇસરૉયના પદ પર મૂકવામાં આવ્યો હતો, તેણે આ મુદ્દા પર સાફ વાત કરી છે.

> બળવા પૂર્વેના આપણા લશ્કરની ખામીઓ પૈકીની સૌથી મોટી ખામી નિઃશંકપણે બંગાળી લશ્કરની બંધુત્વની ભાવના અને તેના સિપાઈઓનો

---

૨. સર જ્યૉર્જ મૅકમુન અને સર વર્ન લૉવેટ: 'ધિ આર્મિઝ ઑફ ઇન્ડિયા' (હિંદનાં સૈન્યો), પા. ૯૪-૯૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકરાગ, એ હતી. એ વાત જ આપણે લગભગ ઉચ્છેદ કરી નાખે એટલી હદ સુધી બંડખોરોના કામમાં આવી હતી. આનો ઇલાજ છે લશ્કરની રચનામાં બળની સમતુલા જાળવવાનો. એક બાજુથી એવી સમતુલા જાળવનારું યુરોપિયન સિપાઈઓના બળનું ભારે વજન તો છે જ, અને બીજો ઉપાય એ છે કે સ્થાનિક જાતિઓના ભેદો મારફતે એ સમતોલપણું સાધવું.[3]

એટલે લશ્કરમાંથી સમાન ભાવના નાબૂદ કરવાની, અને સિપાઈઓમાં રાષ્ટ્રીય એકતાનો વિકાસ થતો અટકાવવાની હિંદી સરકારને પહેલી ફિકર થઈ પડી. લશ્કરની નવેસરથી રચના કરવાને અંગેની યોજના ચોખ્ખી ચટ હતી.

તે (લશ્કર)માં (કબીલાઓ, પંથો, અને ન્યાતોના ભેદો મુજબ) ચોક્કસ નમૂદ કરેલા વર્ગોમાંથી બટાલિયનો, કંપનીઓ, સ્કવૉડ્રનો અને કેટલીક વાર તો પ્લાટૂન નામથી ઓળખાતી પેટા ટુકડીઓના રીતસરના સમૂહો એવી રીતે ભરતી કરવામાં આવેલા છે કે, દરેકની સંખ્યાનું મુકરર કરવામાં આવેલું પ્રમાણ સચવાય. આ વર્ગો પૈકીનો ન હોય તેવા કોઈ પણ માણસને, તે વ્યક્તિગત રીતે લશ્કરમાં દાખલ થવાને ગમે તેવી લાયકાત ધરાવતો હોય, તો પણ ભરતી કરવામાં આવતો નથી. આ બધા સમૂહોની યોજના એવી રીતે કરવામાં આવેલી છે કે, તેથી તે બધા પોતપોતાના કબીલા કે કોમ પ્રત્યેની વિશિષ્ટ નિષ્ઠા જાળવી રાખે, અને સાથે સાથે એકબીજાના પ્રભાવની અને વિશિષ્ટ લક્ષણોની સમતુલા પણ જાળવે.[4]

લશ્કર સિવાયનાં બીજાં ક્ષેત્રોમાં પણ સમતુલાનો આ સિદ્ધાન્ત અમલમાં મૂકવાને માટેના, એટલે કે પોતાને પક્ષે વળગી રહે એવા વર્ગોનું

---

૩. નીરદ સી. ચૌધરીએ ૧૯૩૦ના 'મૉડર્ન રિવ્યૂ' માસિકમાં આપેલું અવતરણ.

૪. નીરદ સી. ચૌધરી: 'ધિ ડિફેન્સ ઑફ ઇંડિયા' (હિંદનું સંરક્ષણ).

આ અવતરણમાં આવતા લશ્કરના વિભાગોને લગતા શબ્દોનો આવી જાતનો અર્થ થાય છે: આધુનિક જમાનાના પાયદળ લશ્કરની આશરે પંદર પંદર સિપાઈઓની ચાર ટુકડીઓ મળીને એક પ્લાટૂન બને છે, એવી ચાર પ્લાટૂનોની એક કંપની બને છે અને એવી આઠ કંપનીઓની એક બટાલિયન થાય છે. એક બટાલિયનમાં એકંદરે આશરે એક હજાર સિપાઈઓ હોય છે. આવી કેટલીક બટાલિયનોને ભેગી કરવાથી લશ્કરનો જે એકમ તૈયાર થાય છે તેને રેજિમેન્ટ કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજન વધારી પ્રજાકીય બળોની સમતુલા જાળવી રાખવાને માટેના બીજા કીમતી ઉપાયો, સરકારને બળવાના બનાવમાંથી જ જડી ગયા. બળવા વખતે બતાવેલી વફાદારીની કદર કરીને વફાદાર લોકોને ઇનામો આપવામાં આવ્યાં, અને વિરોધીઓને કચડી નાખવામાં આવ્યા. સરકાર જે જાતની કદર કરીને, કે પોતાનો ભારે આશ્રય આપીને, લોકોને મોટા અને વગવાળા બનાવી શકે છે, તે આશ્રયનો ચાલાકીભર્યો ઉપયોગ હવેથી રાજકર્તાઓના ટેકેદારોની હરોળમાં વધારો કરવાને માટે શરૂ કરવામાં આવ્યો. એ રીતે સરકારના વફાદાર અને તેનો વિરોધ કરનાર વચ્ચે ભેદ પાડીને લોકોને સરકારને પક્ષે વાળવાનો એક પ્રયત્ન થયો. રાષ્ટ્રીય હિતથી અલગ પડીને ચાલનારાં જેટલાં હિતો મળી આવ્યાં, તે બધાંને સરકારી આશ્રયથી ઉત્તેજન આપવાનું શરૂ થયું, અને જ્યાં એવાં હિતો શોધેલાં ન જડ્યાં ત્યાં નવાં ઊભાં કરીને જમાવવામાં આવ્યાં. આમ જુદી જુદી, અને ઘણી વાર તો એક બીજી સાથે અથડામણમાં આવતી નિષ્ઠા અથવા વફાદારીનાં આલંબનો ઊભાં થયાં, એટલે હિંદની રાષ્ટ્રભાવનાની એકતા છિન્નભિન્ન થઈ ગઈ.[૫]

આ બધું સિદ્ધ થઈ શક્યું તેનું કારણ એ છે કે, પોતાની ધારણાનો અત્યંત કડકાઈથી અમલ કરનારી એકચક્રી તંત્રવાળી કાબૂદાર સરકારને હસ્તક સર્વ અધિકાર હતો, અને હજી પણ રહ્યો છે. પ્રજામાં નવીન પ્રાણનો સંચાર પ્રેરી શકે તેવી સર્વ શક્તિ તેણે પોતાના હાથમાં જમાવીને પકડી રાખી છે. સત્તાના એ કેન્દ્રમાંથી સમસ્ત પ્રજાના જીવનને તાજગી આપીને તેને સમર્થ બનાવી શકે એવા, અથવા કોમી અને ધાર્મિક વિખવાદોનાં બંધિયાર ખાબોચિયાંઓને તર કરી શકે એવી જાતના પ્રવાહો વખતોવખત છોડવામાં આવે છે. કેટલાંયે વર્ષોથી, હકીકતમાં લૉર્ડ રિપનની કારકિર્દી પછીના ખાસા અર્ધા સૈકા જેટલા સમયથી રાજકીય સુધારાઓની

---

૫. કર્નલ ચિઝની કૃત 'ઇંડિયન પૉલિટી' (હિંદની રાજ્યસંસ્થા) નામનું પુસ્તક જોવું.

ઉપરાંત સર જૉન સીલીનું 'એક્સ્પાન્શન ઑફ ઇંગ્લંડ' (ઇંગ્લંડના મુલકનો વિસ્તાર): "આ રીતે તમે સમજી શકશો કે, હિંદમાં થયેલું બંડ ઘણે અંશે હિંદની જાતિઓને એકબીજાની સામે ઊભી કરીને શમાવવામાં આવ્યું હતું."— નવી એવરસ્લી આવૃત્તિ, પા. ૨૭૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતો ચાલ્યા કરે છે, તે છતાં બ્રિટિશ સરકારની સત્તાના મધ્યવર્તી કિલ્લાને હજી જરાયે આંચ આવી નથી, તે કંઈ અકસ્માત બની ગયેલી ઘટના નથી. આજ સુધી રાજબંધારણમાં જે જે ફેરફારો દાખલ કરવામાં આવ્યા છે, તેમને લીધે પ્રાંતિક સરકારોની સત્તાના સ્વરૂપમાં ફેર પડ્યો છે, મધ્યસ્થ સરકારની સત્તાના સ્વરૂપમાં નથી પડ્યો. આને લીધે લોકોનું ધ્યાન મધ્યવર્તી સરકારના સૌથી ઊંચે આવેલા કિલ્લા પરથી ખસેડીને ઓછાં મહત્ત્વનાં પ્રાન્તિક થાણાંઓ પર ચોંટાડવામાં, અને પ્રજાની શક્તિને તે થાણાંઓ કબજે કરવાને વાળી દેવામાં સરકાર ફાવી છે.[૬]

પ્રજાની રાષ્ટ્રીય ભાવનાની આકાંક્ષાનો પ્રવાહ આ રીતે પ્રધાન લક્ષ્ય પરથી હઠીને જુદી દિશામાં વળ્યો તેથી સરકારને પ્રજાની એકતાનાં સાલ-પાંસળાં ઢીલાં કરવાની બીજી એક સંધિ મળી. આપખુદ મધ્યવર્તી સત્તાના કાબૂ નીચે રહીને અમલ ચલાવતી લોકશાહી સ્વરૂપની પ્રાન્તિક સરકારોની સ્થાપના થવાથી, લોકો મધ્યવર્તી સત્તાના કેન્દ્રને નજરમાં રાખવાને બદલે પ્રાંત પ્રાંત વચ્ચેના વિરોધો પર ભાર મૂકતાં શીખ્યા છે.[૭] આ રીતે પ્રજાને

---

૬. "તે લોકો (વિનીત હિંદી રાજદ્વારી કાર્યકર્તાઓ)એ પોતાની શક્તિ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમ જ શહેરોની સુધરાઈઓનો કબજો લેવાને માટે, અને મુલ્કી વહીવટના તંત્રમાં અમુક પ્રમાણમાં જવાબદારીની જગ્યાઓ મેળવવાને માટે ખરચી છે. તે લોકો સરકારની સામાન્ય આર્થિક નીતિની ટીકા કરતા, જાતિ જાતિ વચ્ચે કરવામાં આવતા ભેદભાવ અને અન્યાયના છૂટાછવાયા દાખલાઓ ઉપાડી લઈને લડત ચલાવતા અને કેળવણીની વધારે સારી સગવડો મેળવવાને માટે ચળવળો કરતા. પરંતુ હિંદી સરકારનાં ફલાણાં ફલાણાં કૃત્યોથી આગળ જતાં રાષ્ટ્રીય સરકારની સ્થાપનાના કાર્યના વિકાસમાં બાધા થશે, એવી જાતની તકરાર તેમણે ભાગ્યે જ ઉઠાવી છે."—એડવર્ડ થૉમ્સન અને જી. ટી. ગૅરેટ : 'રાઇઝ એન્ડ ફુલફિલમેન્ટ ઑફ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' (હિંદમાં બ્રિટિશ હકૂમતનો ઉદય અને તેની સાર્થકતા), પા. ૫૪૦.

૭. પોતાના હેવાલના ૨૬મા પૅરામાં 'જૉઇન્ટ પાર્લામેન્ટરી કમિટી' (પાર્લામેન્ટની સંયુક્ત સમિતિ) જણાવે છે: "બ્રિટિશ શાસને સૌથી કીમતી કહી શકાય એવી જે બક્ષિસ હિંદને કરી છે, તે એકતાની છે એમ અમે કહ્યું છે. પરંતુ રાજ્યશાસનના આટલા બધા અધિકારો પ્રાંતોને સોંપવાથી, અને તેમને પોતપોતાનું જોમદાર રાજકીય જીવન ખીલવવાને ઉત્તેજન આપવાથી આપણે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસલ વસ્તુના પડછાયા જેવી માયાવી સ્વતંત્રતાની પાછળ દોડવાને પ્રેરવામાં આવે છે, અને વાસ્તવિક સ્વતંત્રતા હમેશ તેના હાથમાંથી સરકી જાય છે. પરિણામે લોકો જે વિફલતા અનુભવે છે તેના વળતરમાં કોઈક જાતનું સમાધાન મેળવવાને, જે બાબતો વાસ્તવિક કશા મહત્ત્વની નથી તેને માટે અણછાજતા કજિયાઓ લઈ બેસે છે. છૂટાં છૂટાં ઝાડવાં પર નજર બંધાઈ જવાથી લોકોને આખા વનની શોભા સમગ્રપણે દેખાતી જ નથી, પર્વત શિખરની વિસ્તારભરી શોભા નીરખવાની વિશાળ દૃષ્ટિ મસ્જિદ કે મંદિરના દર્શનમાં જ રૂંધાઈ રહે છે, ને બક્ષિસો કે સલામતીઓની સંકુચિત મર્યાદાઓને ફોડીને પાર નીકળી શકતી નથી.

વળી ઇતિહાસની પરંપરાથી પોતપોતાના પ્રદેશો પ્રત્યે બંધાયેલી લોકોની સ્વાભાવિક નિષ્ઠાના બળ પર અંકુશ મૂકવાને ખાતર, તે બધા પ્રદેશોમાંથી કકડા પાડી તેમને જુદી રીતે પાછા એકઠા કરીને નવા જ પ્રાંતોની રચના કરવામાં આવી, અને કોમ કોમ વચ્ચેની અલગપણાની લાગણીને ઉત્તેજન આપીને પોષવામાં આવી.

પરંતુ પ્રજાકીય બળોની સમતુલા જાળવવાની આ નીતિનાં સૌથી નોંધવા જેવાં પરિણામો તો હિંદુ અને મુસ્લિમ કોમો વચ્ચેનું જે અંતર વધારવામાં આવ્યું, તેમાં જોવાનાં મળે છે. એકંદરે પરિસ્થિતિ પણ આને માટે બહુ સાનુકૂળ હતી. કંપનીને બદલે બ્રિટિશ પ્રજાના રાજકર્તાએ જ્યારે હિંદના શાસનની જવાબદારી પોતાને માથે લીધી, તે પછીના સમયમાં એ બન્ને કોમોની સ્થિતિમાં, પરસ્પરની સરખામણીએ એક જાતની વિષમતા દેખાવા માંડી હતી. આ વિષમતા ઊભી થઈ તેનાં કારણો અનેક હતાં.

સામાન્ય રીતે મુસલમાનો લશ્કરી વ્યવસાયની કારકિર્દીઓ પસંદ કરતા. પણ નવા રાજ્યઅમલને પોતાના લશ્કરમાં તે લોકોની હવે કોઈ જાતની જરૂર રહી નહોતી. હંટરે દર્શાવ્યું છે તે મુજબ:

એકતાને ઘણી ઢીલી પાડી નાખવાનું, અથવા કહો કે તેનો છેક નાશ કરી નાખવાનું જોખમ ખેડીએ છીએ, એમ અમને લાગે છે."

આ મુદ્દાની વિશેષ ચર્ચા સી. વાય. ચિંતામણિ અને એમ. આર. મસાણીએ લખેલા 'ઇન્ડિયાઝ કૉન્સ્ટિટ્યુશન ઍટ વર્ક' (હિન્દી રાજબંધારણનો અમલ)નાં પાનાં ૧૫થી ૨૧ પર કરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિપાઈગીરીના વ્યવસાયના દરવાજા હવે (તેમને માટે) તદ્દન બંધ થઈ ગયા છે. કોઈ પણ કુલીન મુસલમાન ગૃહસ્થ હવે રાજ્યના લશ્કરમાં ભરતી થઈ શકતો નથી. . . થોડાક મુસલમાન ગૃહસ્થો ગવર્નર જનરલના હુકમથી બક્ષવામાં આવતા લશ્કરી અધિકારની જગ્યાઓ પર છે ખરા, પરંતુ રાણીના ફરમાનથી આપવામાં આવતા લશ્કરી અધિકારના એક પણ સ્થાન પર કોઈ મુસલમાન હોય, એવી મને માહિતી નથી.[૮]

પરંપરાથી ચાલતા આવેલા પોતાના સિપાઈગીરીના વ્યવસાયની કારકિર્દીઓથી આ રીતે વંચિત થયેલા મુસલમાનોને માટે, તરત ને તરત મુલકી ખાતામાં નોકરી કરતા બાબુ બની જવાનું કામ ઘણું મુશ્કેલ હતું. સમાજમાં જે વર્ગો પહેલાં અગ્રસ્થાને હતા તેમને હવે બાજુએ હટી જઈને અંગ્રેજી બોલી જાણનારા અને રાજ્ય અમલની નવી પદ્ધતિને સમજનારા, તેમ જ તે ચલાવવામાં મદદ દેનારા નવા કેળવાયેલા વર્ગને, આ રીતે જગ્યા કરી આપવી પડી.

હિંદુઓએ મુસલમાનોના કરતાં આગળથી બ્રિટિશ રાજ્યની સાથે પોતાનો મેળ ખવડાવી લીધો હતો, તેથી કેળવાયેલા લોકોનો આ નવો વર્ગ મોટે ભાગે હિંદુઓનો જ બનેલો હતો. વળી એ પણ એક ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે, જાતજાતનાં કારણોસર મુસ્લિમ રાજકર્તાઓ પણ, પોતાના મુલકી, અને ખાસ કરીને મહેસૂલી ખાતાના વહીવટને માટે હિંદુઓને જ નોકરીએ રાખતા હતા. મોગલ બાદશાહોના શાસનમાં નાણાખાતાનો મંત્રી ઘણી વખત હિંદુ રહેતો, અને બ્રિટિશ હકૂમતના તે શરૂઆતના દિવસોમાં મહેસૂલી ખાતું મુલકી વહીવટનું મુખ્ય, હકીકતમાં તો એકમાત્ર ખાતું હતું. આજે જે બીજાં બધાં સરકારી ખાતાંઓને આપણે ઓળખતા થયા છીએ, તે બધાં તો પાછળથી ઉમેરવામાં આવેલાં છે. આ બધાં કારણોને લીધે હિંદુ કેળવાયેલા વર્ગને નવી પરિસ્થિતિને અનુકૂળ થવાનું, પોતાની અસલ સ્થિતિ સાચવી રાખવાનું અને વધારામાં વળી તેને સુધારવાનું સહેલું થઈ પડ્યું. એટલે હિંદુ પોતાના મુસ્લિમ દેશબાંધવના કરતાં નોકરશાહીના તંત્રમાં ઊંચે ચઢી જવામાં ફાવી ગયો, અને સરકાર તો આ વાતનો લાભ લેવાને ટાંપીને જ બેઠી હતી.

---

૮. સર ડબલ્યુ. ડબલ્યુ. હંટર: 'ધિ ઇન્ડિયન મુસલમાન્સ'–૧૮૭૨ (હિંદના મુસલમાનો–૧૮૭૨), પા. ૧૫૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ અંગ્રેજી કેળવણી પોતાની સાથે સ્વતંત્રતાના અને લોકશાહીના અંગ્રેજી ખ્યાલોને પણ લેતી આવી, અને અનેક મહાપુરુષોની[૯] પ્રેરણાદાયી દોરવણીથી, હિંદુઓએ બહુ ઝડપથી રાષ્ટ્રીયતાની ભાવનાનો વિકાસ સાધીને સરકારને મૂંઝવે એવા સવાલો કરવા માંડ્યા. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના જો કે સરકારના આશ્રયથી થઈ હતી, છતાં રાજવહીવટની જુદી જુદી નીતિમાં તે તરત જ ઘણી ભૂલો કાઢવા લાગી. આ રાષ્ટ્રીય પ્રવૃત્તિ કઈ રીતે સરકારના પાયાને ડગમગાવી શકે તે વાત, સુરેન્દ્રનાથ બૅનરજી જેવા આગેવાનોના અંગાર સમા ધગધગતા વક્તૃત્વે દર્શાવી આપી. તેમના ભાષણનો મુદ્દો સિવિલ સર્વિસ માટેની, એટલે કે સરકારી સનદી નોકરીમાં પ્રવેશ મેળવવા માટેની પરીક્ષા હિંદમાં રાખવાની માગણીના જેવો છેક નિરુપદ્રવી હોય, પરંતુ એવી છૂટીછવાઈ ફરિયાદોને બહાને વ્યક્ત થતી નવી દૃષ્ટિનું, અને તેના વિવેચનની નવી શૈલીનું મહત્ત્વ, તે ફરિયાદોના મુદ્દાઓ કરતાં વધારે હતું. આવા પ્રકારનું વક્તૃત્વ ઠરેલ બંગાળીઓને કાને પડે તેથી ઝાઝો ઉપદ્રવ થાય તેવો સંભવ નહોતો, પરંતુ તે વક્તૃત્વની ઉત્તેજક મદિરા લડાક, ભોળા અને સહેજમાં તપી જાય તેવા ઉત્તરના માણસોની આગળ ધરવામાં આવે તો શું થાય?

એટલે તે ઘડી સુધી અવકૃપાને પાત્ર બનેલા મુસ્લિમોને, આ નવી ઉપદ્રવકારક વૃત્તિનો ઉપાય યોજવાના હેતુથી સરકારે હવે પોતાની પાંખમાં લેવા માંડ્યા. બન્ને કોમોને સમાન રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિમાં ભળી જતી અટકાવીને, વળી પાછી પ્રજાકીય બળોની એક નવી સમતુલા ઊભી કરવાની જરૂર ઊભી થઈ હતી. અને બન્યું એવું કે એ કાર્યને એક મિશનરીના ઉત્સાહથી પાર પાડનારો કોઈ સામ્રાજ્યનો નાઈટ (ઉપાધિધારી), કે કોઈ આખા સગજનો મુલકી અમલદાર, કે કોઈ લશ્કરી અધિકારી નહીં, પણ એક પંતુજી નીકળ્યો. એ હતો મુસ્લિમોની નવી સ્થપાયેલી કેળવણીની મધ્યવર્તી સંસ્થા, અલીગઢ કૉલેજનો જુવાન પ્રિન્સિપાલ (વડો) મિ. બેક.[૧૦]

---

૯. આ પછીનું પ્રકરણ જોવું.

૧૦. અલીગઢ કૉલેજના પ્રિન્સિપાલો (આચાર્યો)ને વિષે વધારે માહિતીને માટે મોલવી સૈયદ તુફેલ અહમદ માંગલોરીનું 'મુસલમાનોંકા રોશન મુસ્તકબિલ' પુસ્તક જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના મિશનને આગળ ધપાવવાને માટે જે કાર્યો મિ. બેકે શરૂ કર્યાં, તેમાંનું પહેલું હતું સર સૈયદ અહમદ તરફથી વર્ષોથી ચલાવવામાં આવતા ‘ઇન્સ્ટિટ્યૂટ ગૅઝેટ’ (સંસ્થાની પત્રિકા)ના તંત્રીપણાનો કાબૂ મેળવવાનું.

બંગાળના હિંદુઓને વિષે સર સૈયદ અહમદનો ખ્યાલ ઘણો ઊંચો હતો તે વાત જાણીતી હતી. કેળવણીમાં તે લોકોએ જે પ્રગતિ સાધી હતી તેની તેમના દિલ પર ઊંડી છાપ પડી હતી. તે ઘણી વાર કહેતા કે, હિન્દી પ્રજાના કોઈ પણ વિભાગને વિષે “આપણે વાસ્તવિક રીતે ગૌરવ લઈ શકીએ” તો તે બંગાળીઓ છે, અને તેમને લીધે જ “આપણા દેશમાં સ્વતંત્રતા અને રાષ્ટ્રીયતાના આદર્શોની પ્રગતિ થઈ છે.” સર સૈયદના આવા ઉદ્‌ગારોથી વ્યક્ત થતી ‘પત્રિકા’ની નીતિને મિ. બેકે હવે ઉલટાવી નાખી. ‘ઇન્સ્ટિટ્યૂટ ગૅઝેટ’માં બંગાળી લોકોને વિષે હવે ટીકાનાં લખાણો થવા લાગ્યાં, અને તેમની રાજકીય માગણીઓનું વર્ણન મુસ્લિમ વિરોધી માગણીઓ તરીકે થવા લાગ્યું. આને લીધે જે વાદાવાદ શરૂ થયો તેમાં આવી જાતનાં લખાણોના કર્તા સર સૈયદ છે એમ સમજીને બંગાળનાં વર્તમાનપત્રો તેમની સામે પડ્યાં.

મિ. બેક સર સૈયદને રાષ્ટ્રીયતાની હરોળમાંથી ફેડી પાડવાને, બ્રિટિશ લિબરલો (ઉદારમતવાદીઓ) પ્રત્યેના તેમના આકર્ષણને કૉન્ઝરવેટિવો (રૂઢિચુસ્તો) તરફ વાળવાને અને તેમનામાં મુસ્લિમો અને સરકાર વચ્ચેના મેળને માટેનો ઉત્સાહ જગાડવાને આદુ ખાઈને મંડી રહ્યો. આ હેતુ સર કરવામાં તેને અસાધારણ સફળતા મળી.

હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પછી ત્રણ વરસે, ૧૮૮૭ની સાલમાં સર સૈયદ અહમદે તે સંસ્થાની સામે એક ભાષણ કર્યું. આ વિષય પરની તેમની એ પહેલવહેલી મહત્ત્વની જાહેરાત ગણાય.

સર સૈયદના ભાષણને પરિણામે મુસ્લિમોએ રાષ્ટ્રીય મહાસભાને ટેકો આપવાનું બંધ કર્યું; અને હિંદના રાજવહીવટને અંગે પ્રતિનિધિઓની ચૂંટણીના સિદ્ધાંતનો વિરોધ કરવા માંડ્યો. આને લીધે ગંભીર રાજકીય વાદ શરૂ થયો, અને ત્યાર પછીનાં થોડાંક વર્ષો સુધી મિ. બેક અને સર સૈયદે પોતાના પ્રયાસો મુખ્યત્વે કરીને એ મુસ્લિમ અભિપ્રાયને સંગઠિત કરવા માટે એકાગ્ર કર્યા. ગૌવધ સામેની સંગઠિત ચળવળ આ રાજકીય વાદાવાદના બનાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનતા હતા તે જ અરસામાં ચાલી, અને તેથી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેનું અંતર વળી વધી ગયું.૧૧

પરંતુ મુસ્લિમ વેપારીઓ, અને ઉલેમા જેવા ઘણા મુસલમાનોએ મહાસભાની પ્રવૃત્તિને ટેકો આપવાનું ચાલુ રાખ્યું તેથી મિ. બેકને ધર્મના ભેદ પર ભાર દેનારી પોતાની કોમી પ્રવૃત્તિને વધારે જોરથી ચલાવવાની જરૂર પડી. ૧૮૮૯ની સાલમાં હિંદને લોકશાહી પદ્ધતિના રાજવહીવટની સંસ્થાઓની બક્ષિસ કરવાના હેતુથી એક કાયદાનો ખરડો ચાર્લ્સ બ્રૅડલૉએ પાર્લામેન્ટમાં રજૂ કર્યો. મુસ્લિમોનું અલગપણાનું ભાન જાગૃત કરી તેને દૃઢ કરવાને માટે મિ. બેકે આ તક ઝડપી લીધી. તેણે હિંદના મુસલમાનોની વતી બ્રિટિશ પાર્લામેન્ટ સમક્ષ, આ કાયદાના ખરડાના વિરોધમાં રજૂ કરવાને એક અરજ ઘડી કાઢી. તે અરજમાં જે વિરોધ રજૂ કરવામાં આવ્યો, તેના આધાર રૂપે દલીલ એમ કરવામાં આવી હતી કે, હિંદ એક પ્રજા નથી, અને તેથી લોકશાહી પદ્ધતિનો સિદ્ધાન્ત તેને અનુકૂળ થાય તેવો નથી. આ અરજ ઉપર તેણે ૨૦,૭૩૫ સહીઓ મેળવી. અરજમાં કરવામાં આવેલી રજૂઆતનો આખો અર્થ સહી કરનારને બરાબર સમજાવીને આ પૈકીની કેટલી સહીઓ લેવામાં આવી હતી, તે કહેવું અશક્ય છે. પણ એ સહીઓ ભેગી કરવાને માટે મિ. બેકે અલીગઢના વિદ્યાર્થીઓનો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો, એ વિષે કશી શંકા નથી. તે પોતે જ તેમની એક ટુકડી લઈને દિલ્હી ઊપડ્યો હતો. તે બધા એક શુક્રવારને દિવસે નમાજ પૂરી થાય તે વખતે જુમ્મા મસ્જિદની પાસે જઈને ઊભા રહ્યા, અને પછી હિન્દુઓ ગોવધના પ્રતિબંધને માટે જે પ્રયાસો કરે છે તેની સામે આ અરજી છે, એમ સમજાવીને તેમણે પેલી મિ. બેકે ઘડી કાઢેલી અરજ પર સહીઓ મેળવી!

ત્યાર પછી ત્રણ વરસ બાદ, ૧૮૯૩ની સાલના ડિસેમ્બર મહીનામાં 'ધિ મહોમેડન ઍંગ્લો-ઓરિએન્ટલ ડિફેન્સ ઍસોસિયેશન ઑફ અપર ઇન્ડિયા' (ઉત્તર હિન્દની મુસ્લિમ ઍંગ્લો-ઓરિએન્ટલ સંરક્ષણ સભા) નામની, કેવળ મુસ્લિમોની બનેલી એક સંસ્થાની સ્થાપના થઈ. તેના ઉદ્દેશો

---

૧૧. સર થિયેડૉર મોરિસન: 'હિસ્ટરી ઑફ ધિ અલીગઢ કૉલેજ' (અલીગઢ કૉલેજનો ઇતિહાસ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે પ્રમાણે હતા : (૧) અંગ્રેજોને, અને વિશેષ કરીને સરકારને મુસ્લિમ કોમના અભિપ્રાયોનો પરિચય કરાવવો અને મુસ્લિમોના રાજકીય હકોનું સંરક્ષણ કરવું, (૨) હિન્દમાં બ્રિટિશ રાજને દૃઢ કરે તેવાં પગલાંઓનું સમર્થન કરવું, (૩) પ્રજામાં વફાદારીની ભાવનાનો ફેલાવો કરવો અને (૪) મુસ્લિમ કોમમાં રાજકીય ચળવળ ફેલાતી અટકાવવી.

મિ. બેક પોતે જ આ સંસ્થાનો મંત્રી થયો. એ મંડળની સ્થાપનાના સમારંભની સભામાં તેણે જે ભાષણ કર્યું તેમાં તેણે કહ્યું :

'ધિ ઇન્ડિયન પેટ્રિયોટિક એસોસિયેશન '૧૨ (હિન્દી સ્વદેશભક્તોના મંડળ)ની પ્રવૃત્તિઓએ જ્યારે સામુદાયિક ચળવળોનું સ્વરૂપ લેવા માંડયું ત્યારે તે સંસ્થા ખામીવાળી છે એમ સાબિત થયું. તે સંસ્થાની સાથે પચાસ જુદાં જુદાં મંડળો જોડાયેલાં હતાં. વળી તે કેવળ મુસ્લિમોનું બનેલું મંડળ નહોતું. તેના સભ્યોમાં હિન્દુઓ પણ હતા. આપણે જે નવા મંડળની સ્થાપના કરીએ છીએ, તેણે બીજી કોઈ પણ શાખાને માન્ય ન કરવી, અને જાહેર સભાઓ ન ભરવી, એવી સભાને અમારી દરખાસ્ત છે. સભાની કાઉન્સિલ (વહીવટ કરનારી સમિતિ)ને સર્વ સત્તા આપણે સોંપી દેવી જોઈએ.૧૩

લોકશાસનવિરોધી આ સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યા પછી પણ મિ. બેકને પૂરતું સમાધાન ન થયું, અને પોતાના એ પ્રિય વિષયનું વધારે પ્રતિપાદન કરવાના આશયથી, એક અંગ્રેજી પત્રમાં તેણે એક લેખ લખ્યો.

હમણાનાં થોડાં વર્ષો દરમિયાન આ દેશમાં બે ચળવળો શરૂ થઈને આગળ વધી છે. એક હિન્દી રાષ્ટ્રીય મહાસભાની, અને બીજી ગોવધના પ્રતિબંધ માટેની. એ પૈકીની પહેલી પ્રવૃત્તિ અંગ્રેજોની વિરુદ્ધ કરવામાં આવે છે, અને બીજી મુસ્લિમોની સામે. રાષ્ટ્રીય મહાસભાનું ધ્યેય દેશ પરનો રાજકીય કાબૂ અંગ્રેજો પાસેથી પડાવી લઈને હિન્દુઓને સોંપવાનો છે. તે હથિયારબંધીનો કાયદો રદ કરવાની, લશ્કરને માટે થતા સરકારી ખર્ચમાં ઘટાડો કરવાની અને તેને પરિણામે હિન્દની સરહદ પરનાં બચાવનાં થાણાંઓને દોદળાં કરવાની માગણી કરે છે. મુસલમાનોને આ જાતની માગણીઓ સાથે સમભાવ શાનો હોય? . . . . . ગોવધ અટકાવવાના

૧૨. રાષ્ટ્રીય મહાસભાના પ્રભાવના વિકાસનો વિરોધ કરનારી વફાદારોની એક સંસ્થા.

૧૩. 'મુસલમાનોંકા રોશન મુસ્તકબિલ' નામના ઉર્દૂ પુસ્તકમાંથી ફરીથી તરજુમો કરીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતુથી હિન્દુઓ મુસ્લિમોનો બહિષ્કાર કરવાની હદ સુધી પહોંચ્યા છે. . . . . તેનું પરિણામ આઝમગઢ અને મુંબઈનાં લોહિયાળ રમખાણોમાં જોવાનું મળે છે. તેથી આ ચળવળિયાઓની સામે લડત કરવાને, તેમ જ દેશની જરૂરિયાત તથા પ્રકૃતિને તદ્દન પ્રતિકૂળ એવા લોકશાહી સ્વરૂપના રાજ્યવહીવટને અહીં દાખલ થતો અટકાવવાને, બ્રિટિશ લોકોને અને મુસલમાનોને એક થવાનો ધર્મ પ્રાપ્ત થાય છે. તેથી અમે સરકાર તરફ વફાદારીની અને અંગ્રેજ-મુસ્લિમ સહકાર્યની હિમાયત કરીએ છીએ.[૧૪]

આ રીતે આપણને સમજાય છે કે, લોકશાહી પદ્ધતિનું રાજ્યશાસન હિંદની પ્રકૃતિને અનુકૂળ નથી, એ સિદ્ધાન્તની શ્રી. ઝીણાની શોધ કંઈ અસલ શોધ નથી. અંજુમન–ઇ–ઇસ્લામિયાના આશ્રયથી વિલાયતમાં કરેલા એક ભાષણમાં મિ. બેકે જાહેર કર્યું કે, અંગ્રેજ–મુસ્લિમ એકતાની દરખાસ્તનો અમલ થઈ શકે એટલી તે વહેવારુ છે, જ્યારે હિંદુ–મુસ્લિમ એકતા તો અસંભવિત છે. તેમની ઐતિહાસિક સ્મૃતિઓ, રિવાજો અને સંસ્કૃતિઓ વચ્ચે રહેલા વિરોધો એવી જાતના છે કે, તેમને મિટાવવાનો પ્રયત્ન ખાલી ફાંફાં મારવા જેવો થશે, અને તેથી તે બન્ને કોમો વચ્ચેની એકતાનો ખ્યાલ કરવો પણ નકામો છે. ભાષણના ઉપસંહારમાં તેણે જણાવ્યું કે, તે બન્ને ભેગા મળીને સ્વરાજ્યની સ્થાપના કરી શકે, અથવા લોકશાહી પદ્ધતિની સંસ્થાઓ સાથે રહીને ચલાવી શકે, એ વાત જ અસંભવિત છે. એટલે એ તો દીવા જેવું ચોખ્ખું દેખાય છે કે ડૉ. આંબેડકર જેવા સમર્થ વિદ્વાનને પણ પોતાની 'થૉટ્સ ઑન પાકિસ્તાન' (પાકિસ્તાન વિષે વિચારો) નામની કૃતિની રચનાને માટે સદ્‌ગત પ્રૉફેસર બેકના ગ્રંથસ્વામિત્વના હકની મર્યાદાઓ તોડવી પડી છે!

રાષ્ટ્રીય મહાસભાનો વિરોધ કરવાનું વ્રત ધારણ કરીને 'ઍંગ્લો મુસ્લિમ ડિફેન્સ ઍસોસિયેશન' (અંગ્રેજ–મુસ્લિમ સંરક્ષણ સભા)ની સ્થાપના થઈ, એટલે મિ. બેકે ઉપાડેલી જેહાદને સફળતાનો કળશ ચઢ્યો. હિંદની વાયવ્ય સરહદ પર સરકારે શરૂ કરેલી આક્રમક પ્રવૃત્તિના મહાસભાના વિરોધનો, અને લશ્કરી ખર્ચ ઘટાડવાની તેની માગણીનો આ સંરક્ષણ સભાએ જોરથી સામનો કર્યો.

---

૧૪. ૧૩માં જેનો ઉલ્લેખ કર્યો છે, તે પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલીગઢના રાજકારણ પર પૂરાં પંદર વર્ષ સુધી મિ. બેકે વર્ચસ્વ ભોગવ્યું. પરંતુ તેણે જે જે નીતિ અખત્યાર કરી હતી તેનો મુસ્લિમો તરફથી ઝાઝો વિરોધ ન થાય, તે સારુ સર સૈયદના વજનદાર અધિકારનું, તેમ જ તેમના નામનું ઓઠું રાખીને જ તે બની શકે ત્યાં સુધી પોતાની પ્રવૃત્તિઓ ચલાવતો. સર સૈયદે પોતાના પૂર્વાશ્રમના મોટા ગાળા દરમિયાન જે જે દરખાસ્તોની હિમાયત કરી હતી, તેમાંની લગભગ એકેએકનો, ખુદ તેમની પાસે જ મિ. બેક વિરોધ કરાવી શક્યો, એ તેની એક અસાધારણ સિદ્ધિ લેખાવી જોઈએ.

૧૮૯૯ની સાલના સપ્ટેમ્બર માસમાં મિ. બેકનું અવસાન થયું. લંડનના ‘ ટાઇમ્સ ’ પત્રે તેને ભાવભરી અંજલિ આપીને પુરવાર કર્યું કે, ઉચ્ચ અધિકારનાં સ્થાનોમાં બિરાજતા લોકોને તેના પરિશ્રમની માહિતી હતી, એટલું જ નહીં પણ તેની બધી પ્રવૃત્તિઓ તેમના આશીર્વાદથી જ ચાલતી હતી. સર જોન સ્ટ્રેચીએ બહુ ઔચિત્યપૂર્વક જણાવ્યું કે,

> દૂર આવેલા એક મુલકમાં, સામ્રાજ્યની બાંધણીના કાર્યમાં તન તોડીને લાગી રહેલો એક પુરુષ વિદેહ થયો છે ફરજના સ્થાન પર મરણને ભેટનારા સિપાઈનું મૃત્યુ તેણે મેળવ્યું. આ મુસ્લિમો એક વહેમી કોમ છે. મિ. બેક એક બ્રિટિશ જાસૂસ છે, એમ માનીને તે લોકોએ શરૂઆતમાં તેનો વિરોધ કર્યો હતો, પરંતુ પોતાની પારદર્શક પ્રામાણિકતા અને નિઃસ્વાર્થ વૃત્તિથી તરત જ તેમનો વિશ્વાસ સંપાદન કરી લેવામાં તેને સફળતા મળી હતી.

પોતાની પાછળ પોતાનું સ્થાન સંભાળી શકે એવા માણસને માટે તજવીજ કરી રાખવાનું, આ દીર્ઘ દૃષ્ટિવાળો મિ. બેક વિસર્યો નહોતો. ‘ ઍંગ્લો-મુસ્લિમ ડિફેન્સ એસોસિયેશન ’ની લંડનની શાખાનું દફતર જેણે થોડોક વખત સંભાળ્યું હતું, તે મિ. થિયોડોર મોરિસન અલીગઢ કૉલેજના પ્રિન્સિપાલની ખાલી પડેલી જગ્યાને માટે કુદરતી રીતે જ લાયક ગણાયો. મિ. બેકના જેટલી ધગશથી તો નહીં, પણ તેની જ અસલ નીતિ તેણે ચાલુ રાખી. વળી તેને ખાસ પરિશ્રમ લેવાની જરૂર પણ ન પડી, કારણ કે તેના જ ‘અમલ’માં હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે વિખવાદ વધારનારી એક નવી ચર્ચા ઊભી થઈ હતી. તે વાદ હતો હિંદી-ઉર્દૂના સવાલનો.

આપણે આ પહેલાં જ જોયું છે કે, હિંદી-ઉર્દૂના વાદને પરિણામે અંજુમન-ઇ-ઉર્દૂની સ્થાપના થઈ હતી, અને અલીગઢ કૉલેજના મંત્રી નવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોશીન-ઉલ-મુલ્ક તેના સરનશીન થયા હતા. વળી પ્રાંતના લેફ્ટેનન્ટ ગવર્નરે નવાબ સાહેબને કઈ ઢબે સાફ સાફ જણાવી દીધું કે, તમારે કૉલેજના મંત્રીની અથવા અંજુમનના સરનશીનની, એ બેમાંથી એક જગ્યા વચ્ચે પસંદગી કરી લેવી પડશે, તે પણ આપણે જોયું છે. "દૂર આવેલા મુલકમાં સામ્રાજ્યની બાંધણીના કાર્યમાં તન તોડીને લાગી રહેનારા" અલીગઢ કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલોને રાજકારણની પ્રવૃત્તિમાં ભાગ લેવાની આવી જાતની કોઈ મનાઈ કદી ફરમાવવામાં આવી નહોતી, એટલી જ વાત આને અંગે ધ્યાનમાં લેવાની જરૂર છે.

મિ. મોરિસને ૧૯૦૫ની સાલમાં કૉલેજ છોડી, અને મિ. બેકના મિશનનો ભાર, બહુ વેળાસર મિ. આર્કિબોલ્ડને માથે આવ્યો. આ મિ. આર્કિબોલ્ડની 'મુસ્લિમ હિતોની સેવા' ઉઠાવવાની ધગશ, મિ. બેકની ધગશના જેટલી જ તીવ્ર હતી. તેની નિમણુકને ઝાઝો સમય વીતે તે પહેલાં જ તેના ઉત્સાહને અનુરૂપ એક મહાન સંધિ તેને શોધતી આવીને ઊભી રહી. આ સમયે જ હિન્દના રાજ્યબંધારણમાં ફેરફાર કરવાની વિચારણા ચાલતી હતી. ૧૯૦૬ની સાલના ઑગસ્ટ માસની ૧૦ તારીખે નવાબ મોશીન-ઉલ-મુલ્ક પર મિ. આર્કિબોલ્ડે એક પત્ર લખ્યો, અને તેમાં વાઇસરૉયની મુલાકાતે જનારા એક પ્રતિનિધિ મંડળનો ખ્યાલ ઝીણવટથી રજૂ કર્યો. વળી આ પ્રતિનિધિ મંડળની દરખાસ્ત પર સરકારની મહેરબાની ઊતરી છે, એવી ખબર પણ તેણે નવાબ સાહેબને આપી. પોતાના પત્રમાં મિ. આર્કિબોલ્ડે લખ્યું :

> નામદાર વાઇસરૉયના ખાનગી મંત્રી કર્નલ ડનલોપ સ્મિથ મને જણાવે છે કે, તે નામદાર મુસ્લિમ પ્રતિનિધિમંડળને મુલાકાત આપવાને ખુશી છે. તેણે એવી સલાહ આપી છે કે, નામદાર વાઇસરૉયની મુલાકાત માટે પરવાનગી મેળવવાને માટે એક વિધિસરનો પત્ર, ખાનગી મંત્રીને મોકલવામાં આવે તો સારું. આ બાબતમાં મારે થોડીક સૂચનાઓ કરવાની છે. આપણે પરવાનગીને માટે જે પત્ર મોકલીએ, તે કોમનું પ્રતિનિધિત્વ ધરાવનારા કેટલાક મુસ્લિમોની સહીથી મોકલવો. પ્રતિનિધિમંડળમાં બધા પ્રાન્તોમાંથી પ્રતિનિધિઓને સામેલ કરવા. હવે જે ત્રીજો મુદ્દો વિચારવાનો છે તે જે અરજ નામદાર વાઇસરૉય સમક્ષ રજૂ કરવાની છે, તેના ખરડા વિષેનો છે. આ બાબતમાં મારી એવી સલાહ છે કે, આપણે વફાદારીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંભીર લાગણી વ્યક્ત કરીને અરજનો પ્રારંભ કરવો. સરકારે સ્વરાજ્યની દિશામાં પગલું માંડવાનો જે નિર્ણય કર્યો છે તેને આપણે આવકારીએ છીએ, એવું તે પછી આપણે સ્વીકારવું જોઈએ. પણ તે સાથે આપણે એમ પણ જણાવીએ કે, ચૂંટણીથી પ્રતિનિધિઓ મોકલવાનો સિદ્ધાન્ત જો રાજ-વહીવટમાં દાખલ કરવામાં આવશે, તો તે મુસ્લિમ લઘુમતી કોમના હિતને બાધા કરનારો નીવડશે, એવી અમને આશંકા રહે છે. તે પછી આદરપૂર્વક આપણે એવી દરખાસ્ત કરવી કે, મુસ્લિમ અભિપ્રાયને સંતોષવાને માટે અને તેની આશંકાનું નિવારણ કરવાને માટે પ્રતિનિધિઓની નિમણૂકો અથવા ચૂંટણીઓ, ધર્મને ધોરણે કરવાનો રિવાજ દાખલ કરવો જોઈએ. વળી આપણે એમ પણ જણાવવું કે, હિંદ જેવા દેશમાં જમીનદારોના અભિપ્રાયોને પણ વજન મળવું જોઈએ. .

મને પોતાને અંગત રીતે એમ લાગે છે કે, ચૂંટણીથી પ્રતિનિધિઓ મોકલવાનો પ્રયોગ કરવાનો સમય હજી પાક્યો નથી. તેથી મુસ્લિમો જો નિમણૂકોથી પ્રતિનિધિઓ લેવાના સિદ્ધાંતનું સમર્થન કરે તો તે તેમને માટે ડહાપણભરેલું લેખાશે. ચૂંટણીઓ દ્વારા મુસ્લિમોને રાજવહીવટમાં પોતાનો યોગ્ય હિસ્સો મેળવવાનું બહુ મુશ્કેલ થશે. પરંતુ આ બધા અભિપ્રાયોની બાબતમાં મને તો તમારે પાછળ જ રાખવો. આ બધા તમારા જ વિચારો રજૂ થયા છે એમ દેખાવું જોઈએ. . . તમારે જોઈએ તો અરજનો મુસદ્દો હું તમારે માટે ઘડી આપીશ, અથવા તેને સુધારી આપીશ. જો તે મુંબઈમાં તૈયાર થશે તો હું પછીથી તે જોઈ જઈશ ૧૫ કેમ કે તમે જાણો છો કે, આવી બાબતોને યોગ્ય ભાષામાં કેમ મૂકવી તે મને આવડે છે વળી કૃપા કરીને એટલું ભૂલશો નહીં કે, આપણી પાસે જે બહુ થોડો વખત રહ્યો છે, તેટલામાં જો એક પ્રબળ પ્રવૃત્તિનું સંગઠન કરવું હોય તો આપણે બધી બાબતમાં ઉતાવળ રાખવી જોઈશે.૧૬

અને આ મુજબ મુલાકાતની પરવાનગી મેળવવા માટેની અરજી મોકલવામાં

---

૧૫. અને હકીકતમાં નવાબ મોશીન-ઉલ-મુલ્કે નામદાર આગાખાન સાથે મસલત કરીને એક અરજ મુંબઈમાં જ તૈયાર કરી હતી. (મહમદ મિરઝાનું 'મુસ્લમાની હિન્દકી હયાતે સિયાસી' (મુસ્લિમ હિન્દની રાજકીય સ્થિતિ) નામનું પુસ્તક જોવું.) વળી સૈયદ અહમદ બિલગ્રામી અને સર અલી ઇમામ પણ આ અરજની સાથે બહુ ઘાડા સંબંધમાં આવ્યા હતા.

૧૬. ઉર્દૂમાંથી ફરીથી તરજુમો કરીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી.[૧૭] નામદાર આગાખાનને આગેવાન કરીને જુદા જુદા પ્રાન્તોમાંથી પ્રતિનિધિઓ તરીકે આવેલા પાંત્રીસ સભ્યોના બનેલા એક પ્રતિનિધિમંડળે વાઇસરૉયની મુલાકાત લઈને, તેની આગળ મુસ્લિમોની વતી, ઘણુંખરું મિ. આર્કિબોલ્ડે ઘડેલી અરજ રજૂ કરી!

પરંતુ આ દરમિયાન ૧૯૦૫ની સાલમાં બન્ને કોમ વચ્ચે વિખવાદ કરાવનારું નવું જ પગલું સરકારે લીધું. તે હતું બંગાળના બે ભાગ કરવાની યોજનાનું.

પરદેશીઓએ મુલકની જીત કરી લીધી, તે પછી આખો દેશ જે મૂર્છામાં સપડાયો હતો, તેમાંથી જાગીને પહેલો બેઠો થનારો પ્રાંત બંગાળ હતો. રાજા રામમોહન રાય અને રામકૃષ્ણ પરમહંસ જેવા પુરુષોનાં ચરિત્રો તથા પ્રવૃત્તિઓથી લોકમાનસમાં જે ક્ષોભ પેદા થયો, તે બંગાળમાં થયેલી રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિના પહેલા સળવળાટ જેવો હતો. એ જાગૃતિએ હિન્દની આકાંક્ષાઓને અનન્ય છટાથી વ્યક્ત કરી. એ જ જાગૃતિમાંથી એક નવીન તેજ, તેમ જ એક નવું જોમ પ્રગટીને ચારે તરફ ફેલાયું. બંગાળે જ દેશ સમસ્તને સ્વતંત્રતાની લડતને માટે પ્રેરણા આપીને સંગઠિત કર્યો.

સરકારને તો બંગાળના બાઉનું ભૂત જ વળગ્યું હતું. શરૂ શરૂમાં તો બંગાળી બાબુની ઠેકડી ઉડાવીને, તેને હસી કાઢવાનો પ્રયાસ થયો. પછી તેનું એક છૂપા અને કાબેલ કાવતરાખોરમાં રૂપાન્તર થઈ ગયું. એટલે બંગાળની પાંખો કાપી નાખવાની જરૂર ઊભી થઈ હતી, ને આવી સમર્થ સરકારની સામે માથું ઊંચકવાની ધૃષ્ટતા કરવાને માટે તેને એક થપ્પડ આપવાની જરૂર હતી. ૧૯૦૪ની સાલમાં બંગાળને કમજોર કરી નાખવાને માટે, અને ખાસ કરીને કલકત્તાનું મહત્ત્વ[૧૮] ઘટાડી નાખવાના હેતુથી તેના બે ભાગલા પાડી નાખવાની તરકીબ કર્ઝનને સૂઝી આવી.

---

૧૭. પ્રતિનિધિમંડળ કોઈ પણ રીતે સરકારની ટીકા નથી કરવાનું, એવું વાઇસરૉયના મનનું સમાધાન થયું, તે પછી જ આ અરજી સ્વીકારવામાં આવી હતી. (મહમદ મિરઝાના ૧૫માં જણાવેલા પુસ્તકનું ૫૭મું પાનું જોવું.)

૧૮. છેક ૧૮૭૬ના વરસમાં બંગાળની સરકારે કલકત્તાની સુધરાઈના વહીવટને માટે કંઈક અંશે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના જેવી પદ્ધતિ દાખલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્રાજ્યના શાસનનું કેન્દ્ર તે સમયે જે સ્થળે આવેલું હતું, તે જ સ્થળમાં હિન્દી રાષ્ટ્રીયતાનું કેન્દ્ર ઉદ્‌ભવ્યું, એ કંઈ છેક અકસ્માત બની ગયેલી ઘટના નથી. નવી પ્રગટ થતી રાષ્ટ્રીયતાનું આ કેન્દ્ર જ બંગાળના ભાગલા પાડવાની નીતિનું મુખ્ય લક્ષ્ય બન્યું હતું, કેમ કે તેથી પ્રજાના હિતનું અને તેની પ્રવૃત્તિનું મધ્યબિંદુ, રાષ્ટ્રીય ક્ષેત્રમાંથી ખસીને પ્રાંતિક ક્ષેત્રમાં, અને રાજકીય અધિકારો પરથી ખસીને કોમી ઈર્ષ્યાઓ તરફ વળી જશે, એવી ધારણા રાખવામાં આવી હતી.

પ્રાન્તના બે ભાગલા પાડવાની યોજનાની સામે આખા બંગાળમાંથી, પૂર્વમાંથી અને પશ્ચિમમાંથી, હિન્દુઓ તરફથી અને મુસ્લિમો તરફથી એક સામટો વિરોધ ઊઠ્યો. રાજવહીવટની સુધારણાના એક પગલા તરીકે કોઈએ તેનો પક્ષ ન કર્યો. મહાન કર્ઝને 'ઝાતે' ઢાકા જઈને, મુસ્લિમોના જ બનેલા એક સ્વતંત્ર, નવીન પ્રાન્તની તેમને ભેટ ધરવાની, લલચાવનારા શબ્દોમાં વાત કરી. પરંતુ સવાલ એ થાય છે કે મુસ્લિમોનો જ બનેલો એક નવીન પ્રાન્ત રચવાની ધારણા હતી તો તે પંજાબમાં અથવા વાયવ્ય સરહદ પર કેમ રચવામાં ન આવ્યો. તે પ્રાન્ત રચવાને માટે સમાન ઇતિહાસ, સમાન ભાષા, સમાન રિવાજો અને સમાન પરંપરાઓના બંધથી એકજીવ થયેલા પ્રાન્તના દેહને છિન્નભિન્ન કરવાની કંઈ જરૂર આવી પડી હતી?

કરી હતી. શહેરના વેરો ભરનારાઓ તરફથી પચાસ મ્યુનિસિપલ કમિશનરોની ચૂંટણી કરવામાં આવતી, અને પચીસની સરકાર નિમણૂક કરતી. બંગાળના ગવર્નર તરીકે જેણે તે લોકોની કામગીરી જોઈ હતી, તે સર ઍન્થની મૅકડોનાલ્ડના શબ્દો મુજબ, તે કમિશનરોએ "પોતાની ફરજો બજાવવામાં જે કાળજી રાખી હતી અને જે ધ્યાન આપ્યું હતું તે પ્રશંસાપાત્ર લેખાય. વળી કેટલીક વાર તો તેમણે પોતાનો ધર્મ સાચા ભક્તિભાવથી પાર પાડ્યો છે." લૉર્ડ કર્ઝને જો કે ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ઘટાડીને તે નિમાયેલા સભ્યોની પચીસની સંખ્યા જેટલી કરી નાંખી, એટલે સરકારી પ્રમુખ અને સરકારે નીમેલા પચીસ જણના હાથમાં સુધરાઈના વહીવટનો આખો કાબૂ આવ્યો. રમેશચંદ્ર દત્ત લખે છે કે, "પ્રગતિને પાછી પાડનારું આ પગલું લેવાયું તે પછી કલકત્તાના વહીવટનું ધોરણ ઊતરી ગયું."—'ઇન્ડિયા ઇન ધિ વિક્ટોરિયન એજ' (વિક્ટોરિયાના જમાનાનું હિંદ), પા. ૪૫૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારનાં આ પગલાનો હેતુ પ્રાંતની જે એકતા પ્રસ્થાપિત થઈ છે તેને તોડી નાખવાનો, અને પ્રાન્તની આખી પ્રજામાં ભાવનાની જે એકરૂપતા સિદ્ધ થઈ છે તેને ચૂંથી નાખવાનો છે. આ યોજનાના પાયામાં કોઈ પ્રકારનો, રાજવહીવટની સુધારણાનો આશય રહેલો નથી. સ્વદેશપ્રીતિની ભાવનાના સામર્થ્યને કમતાકાત કરી નાખવાનો, અને તેની રાજકીય આકાંક્ષાઓને કચડી નાખવાનો આશય લૉર્ડ કર્ઝનની નીતિનું એક મહત્ત્વનું અંગ છે.૧૯

સામ્રાજ્યના હેતુઓ સર કરવાને, મુસ્લિમોને કુટિલતાથી હથિયાર બનાવવામાં આવ્યા. 'સ્ટેટ્સમૅન' પત્રે ભાગલા પાડવાની નીતિનું સમર્થન કરતાં એ વાતનો સ્વીકાર કરી લઈને જણાવ્યું કે, "હિંદુ કોમના કૂદકે ને ભૂસકે વધતા જતા જોમને અંકુશમાં રાખે, એવી આશાથી પૂર્વ બંગાળમાં એક મુસ્લિમ સત્તાને પોષીને દૃઢ કરવાનો" એ યોજનાનો હેતુ છે.

વીસ વર્ષ સુધી એકધારી ચીવટથી માવજત કરીને ઉધારેલી મુસ્લિમ કોમવાદની કલમને હવે મોર આવવા માંડ્યો હતો. સરકારને જ્યારે એમ લાગવા માંડ્યું કે, હવે રાજકીય સુધારાઓ કર્યા વિના છૂટકો નથી, ત્યારે તે સુધારાઓનાં ફળને નાબૂદ કરવાને માટે બન્ને મહાન કોમોને અલગ પાડવાને તેમની વચ્ચે આ એક ફાચર ઠોકવામાં આવી હતી. તે જમાનાનાં આ વિષયને લગતાં આધારભૂત લખાણોનો ઊંડા ઊતરીને કાળજીથી અભ્યાસ કરવામાં આવે, તો આ અનુમાન પર આવ્યા વિના છૂટકો નથી.

૧૯૦૯ના રાજકીય સુધારાના કાયદાના ગર્ભમાં રહેલો અર્થ, તેના મુદ્દાઓ ઘડાતા હતા તે દરમિયાન જ બરાબર સમજાઈ ગયો હતો. વાઇસરૉય લૉર્ડ મિન્ટોએ ચોખ્ખે ચોખ્ખું કહી દીધું હતું કે, આ કાયદાનો આશય પાર્લમેન્ટની પદ્ધતિનો રાજવહીવટ દાખલ કરવાનો નથી, અને "પાર્લમેન્ટની પદ્ધતિના મતાધિકારનો જરાયે દેખાવ ન થાય, તેવી બરાબર કાળજી સરકારને રાખવી છે. દેખાવમાં પણ તેના જેવું કંઈ આ સુધારાઓમાં દાખલ કરવામાં આવે, તેની સામે મારો દૃઢ વિરોધ હતો. અમારે પાર્લમેન્ટનું નામ પણ

૧૯. સર હેન્રી કૉટન : 'ઇંડિયા ઇન ટ્રાન્ઝીશન' (સંક્રાન્તિકાળનું હિંદ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતું જોઈતું. . . . અમારે તો કાઉન્સિલો જોઈતી હતી; પરંતુ તે પણ પાર્લામેન્ટને ધોરણે ચૂંટાઈને રચાયેલી કાઉન્સિલો નહીં."[૨૦]

હવે પ્રજાના પ્રતિનિધિઓની ધારાસભાઓ દ્વારા નહીં, પણ પ્રજાની સાથે કેવળ મસલત કરીને રાજવહીવટ ચલાવવો, એવો સિદ્ધાન્ત સુધારાઓને અંગે આખરે સ્વીકારવામાં આવ્યો, એટલે લૉર્ડ મિન્ટોએ એવી દલીલ કરવા માંડી કે, મસલતને માટે જે કાઉન્સિલો રચાય તેમાં બધાં હિતોને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. તેના અભિપ્રાય મુજબ મુસ્લિમો, જમીનદારો અને વેપારી વર્ગને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું નહોતું, અને એથી ઊલટું વકીલોને વધારે પ્રમાણમાં મળ્યું હતું. તેથી બધાં હિતોનાં બળોની સમતુલા જાળવી રાખવાની જરૂર હતી.

પરંતુ આ માટેના વાઇસરૉયના પ્રયાસોનો ચારે તરફથી વિરોધ થયો. કલકત્તાના 'સ્ટેટ્સમૅન' પત્રે દર્શાવ્યું કે,

વિલાયતની આમની સભામાં, ફ્રાન્સના તે જ જાતના 'ચેમ્બર ઑફ ડેપ્યુટીઝ' (પ્રજાપ્રતિનિધિઓની સભા)માં, અમેરિકાના 'હાઉસ ઑફ રેપ્રેઝેન્ટેટિવ્ઝ' (પ્રજાપ્રતિનિધિઓની સભા)માં બધે જ વકીલોની બહુમતી છે. આપણા મહારાજાઓ તેમ જ મોટા જમીનદારો ઘણીવાર ડહાપણ ભરેલી અને સમજાય એવી રીતે બોલે છે ખરા, પરંતુ વકીલો બુદ્ધિના જે પ્રભાવથી સામા માણસને પોતાની વાતની પ્રતીતિ કરાવી શકે છે, તેવી જાતનો બુદ્ધિનો પ્રભાવ આ મહાશયો પાસે નથી. એટલે જમીનદારોની સંખ્યામાં વધારો કરવાનો પ્રયાસ કરીને, બીજાં સ્થળોમાં જે વર્ગે પોતાની શક્તિનો પરચો આપ્યો છે તેને ભોગે, ધારાસભાને જે જાતનું કાર્ય કરવાનું છે તેના આશયોની દૃષ્ટિથી જોતાં જે વર્ગ નકામો ગણાય, તે વર્ગનું પ્રતિનિધિત્વ સરકાર વધારી દેવા ઇચ્છે છે, એમ કહેવું પડે છે. सरकारनो आशय एवो मालूम पडे छे के जे लोको तेनी टीका करी शके एवा छे तेमने बदले जे लोको तेनी टीका करी शके एवा नथी तेमने लेवा.[૨૧] (બાળબોધ અમે કરેલું છે.)

---

૨૦. ગુરુમુખ નિહાલ સિંઘે 'લૅન્ડમાર્ક્સ ઇન ઇંડિયન કૉન્સ્ટિટ્યુશનલ ઍન્ડ નૅશનલ ડેવેલપમેન્ટ'—૧૬૦૦-૧૯૧૯ (હિંદના રાજબંધારણના અને રાષ્ટ્રીય વિકાસના સીમાસ્તંભો—૧૬૦૦-૧૯૧૯)માં આપેલું અવતરણ, પા. ૪૦૩.

૨૧. ૨૦માં જણાવેલું પુસ્તક, પા. ૩૯૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કાઉન્સિલોની સત્તા પરના બીજા એક અંકુશ દાખલ વિશિષ્ટ હિતોના પ્રતિનિધિઓને તે બધીમાં લેવા, એવી વાત વળી ઉમેરવામાં આવી. હિન્દી સરકારે સુધારાઓ વિષે વિલાયત મોકલેલા ખરીતામાં (૧૯૦૯) આ આખી વાતને સ્ફુટ કરી દેતો નીચે મુજબનો અભિપ્રાય દર્શાવેલો છે :

> હિન્દી વેપારી વર્ગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મેળવવાને માટે કોઈ જાતની વહેવારુ સૂચના એકે પ્રાન્તિક સરકાર તરફથી મળી નથી, પરંતુ અમને એમ લાગે છે કે, એ હિતને કાઉન્સિલમાં બે કાયમની બેઠકો અલગ કાઢી આપવામાં આવે, તો એવા પ્રતિનિધિઓની ચૂંટણી કરવાને માટે મતદાર મંડળો તરીકે કામમાં આવી શકે તેવાં, પૂરતી સ્થિરતાવાળાં અને તે હિતનું પ્રતિનિધિત્વ ધરાવતાં મંડળો, વખત જતાં જરૂર અસ્તિત્વમાં આવશે.

એટલે કે કાઉન્સિલમાં પ્રતિનિધિ ચૂંટીને મોકલનારા એક એકમ તરીકે કોઈ પણ હિત સંગઠિત થાય તે પહેલાં, અરે તે પોતાની વાત બોલતાં શીખે તે પહેલાં જ તેને માન્ય કરી લેવું !

પરંતુ ૧૯૦૯ના રાજકીય સુધારાના કાયદાનો આ બધાને ટપી જાય તેવો મુદ્દો તો હતો મુસ્લિમોને માટે અલગ કોમી મતદાર મંડળો દાખલ કરવામાં આવ્યાં તે. રાજ્યશાસનના વહીવટી તંત્રને હમેશ ટેકો આપવાને ટેવાયેલું 'સ્ટેટ્સમૅન' જેવું પત્ર પણ આની સામે પોકારી ઊઠ્યું :

> જમીનદારોનાં હિતોનું બળ વધારવાના પ્રયાસોના કરતાં પણ વધારે ડહાપણ વગરની, અને સરકારના આશયો વિષે શંકા પેદા કરે એવી વાત તો છે સરકારે મુસ્લિમ કોમને રાજી રાખીને, તેનો ટેકો મેળવવાને જે પગલાં લીધાં છે તે. . . . . પ્રજાના બીજા કોઈ પણ વિભાગ તરફ નથી બતાવવામાં આવી તેવી મહેરબાનીને માટે પ્રજાના એક જ વિભાગની પસંદગી કરવાના સરકારના આ કૃત્યથી, અમને ઊંડી ફિકર પેઠી છે. . . . . . હિન્દી સરકાર જે સુધારાઓની વિચારણા ચલાવી રહી છે તેનો જેમ જેમ વધારે ઝીણવટથી વિચાર કરીએ છીએ, તેમ તેમ એક વાત વધારે ને વધારે સ્પષ્ટ થતી જાય છે કે, સુધારાની એ આખી યોજનાની પેરવી, સરવાળે બને તેટલા વધારે જમીનદારોને અને મુસ્લિમોને ધારાસભામાં ઘુસાડવાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો એ વાત જાણીતી થઈ છે કે, અલગ કોમી મતદાર મંડળોની યોજનાનો અસલ પ્રણેતા લોર્ડ મિન્ટો જ હતો. ૧૯૦૭ની સાલમાં હિન્દી સરકારના એક અમલદાર સર 'હેરોલ્ડ સ્ટૂઅર્ટે' "દેશીઓની સામે દેશીઓને ગોઠવીને બળની સમતુલા" સાધવાના મૂળભૂત ખ્યાલના પાયા પર રચાયેલી રાજકીય સુધારાની એક યોજના પ્રસિદ્ધ કરી હતી. "તે યોજનામાં સમાવવામાં આવેલી દરખાસ્તો એવી તો પ્રગતિવિરોધી, એવી તો વાંધા ભરેલી, તેમ જ દેશને એવું તો નુકસાન પહોંચાડનારી હતી કે, હિન્દના કોઈ પણ સ્થળેથી, નામ લેવા જેવા કોઈ પણ માણસે તેને વિષે ભલામણનો એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહોતો."૨૨ મદ્રાસ સરકારના અમલદારો તો વળી પેલાને પણ કૂદી ગયા. તેમણે સાચેસાચ એવી દરખાસ્ત કરી હતી કે, દરેક ન્યાતના અને દરેક ધંધાના લોકોને સૌ સૌના અલગ પ્રતિનિધિઓ મોકલવાનો હક આપવો !

નામદાર આગાખાનને આગેવાન કરીને જે મુસ્લિમ પ્રતિનિધિમંડળ વાઇસરૉયની મુલાકાતે ગયું હતું, તેની યોજના પણ સિમલાથી જ થઈ હતી. મૌલાના મહમદ અલીએ તેનું "ફરમાન મુજબ ભજવાયેલો વેશ"૨૩ એવું વર્ણન કરેલું છે. રામ્સે મૅકડોનાલ્ડે પોતાનો એવો અભિપ્રાય નોંધેલો છે કે, અલગ કોમી મતદાર મંડળોની માગણી થઈ તેની, અને તેમને રાજબંધારણની યોજનામાં દાખલ કરવાની જવાબદારી નોકરશાહીની જ છે. "મુસ્લિમ આગેવાનોને અમુક ચોક્કસ ઍંગ્લો ઇન્ડિયન અમલદારો તરફથી પ્રેરણા મળી છે, અને એ જ અમલદારોએ લંડન તેમ જ સિમલામાં દોરીસંચો કરીને, અગાઉથી કેળવેલા મત્સરને વશ થઈ મુસ્લિમ કોમ તરફ ખાસ મહેરબાની બતાવીને, હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિખવાદનાં બી રોપ્યાં છે."૨૪ તે સમયનો બ્રિટિશ સરકારના હિંદ ખાતાનો મંત્રી લૉર્ડ મોરલી, જે પોતે અનામત બેઠકોની જોગવાઈ સાથે સંયુક્ત મતદાર મંડળોની

---

૨૨. રામ્સે મૅકડોનાલ્ડ: 'ધિ અવેકનિંગ ઑફ ઇન્ડિયા' (હિન્દની જાગૃતિ), પા. ૧૭૬.

૨૩. રાષ્ટ્રીય મહાસભાના કોકનદ અધિવેશનને પ્રમુખપદેથી કરેલું ભાષણ.

૨૪. ૨૨માં જણાવેલું રામ્સે મૅકડોનાલ્ડનું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજનાની તરફેણમાં હતો, તેણે પાછળથી કહ્યું છે કે, "વાઇસરૉયે મુસ્લિમોના ખાસ વધારાના દાવા વિષેનું પહેલાં જે ભાષણ કર્યું, તેથી જ સુધારાની યોજનાની મૂળ વાતની સાથે કશાયે સંબંધ વિનાનો, મુસ્લિમોના દાવાનો સવાલ તે યોજનાની ચર્ચામાં ઘૂસી ગયો હતો."૨૫

પરંતુ ત્યાર બાદ લખનૌના કરારથી રાષ્ટ્રીય મહાસભા અને મુસ્લિમ લીગ વચ્ચે સમજૂતી થઈ, અને એ રીતે કંઈ નહીં તો થોડા વખતને માટે એક કોમની આકાંક્ષાઓ તેમ જ પ્રવૃત્તિઓને વિફળ બનાવવાને માટે બીજી કોમનો ઉપયોગ કરવાની સરકારની ચાલ પર અંકુશ મુકાયો.

તેમ છતાં આગળ ઘણી વાર અજમાવી જોયેલી ચાલ ફરી એક વાર અજમાવીને, સરકારે મુસ્લિમોને એ કરારથી જે કંઈ મળતું હતું તેનાથી વધારે આપવાની લાલચ ધરીને, બન્ને કોમ વચ્ચે થયેલી સમજૂતીને તોડી પાડવાનો પ્રયાસ કરી તો જોયો જ. લખનૌ કરાર વિષે હિન્દી સરકારે જે અભિપ્રાય દર્શાવ્યો તેમાં તેણે જણાવ્યું:

> કરારમાં, બંગાળમાં મુસ્લિમોને જેટલું પ્રતિનિધિત્વ આપવાની દરખાસ્ત કરવામાં આવી છે, તેટલું દેખીતી રીતે જ પૂરતું નથી. રાષ્ટ્રીય મહાસભા અને લીગ વચ્ચેના આ કરારની શરતો ઘડાઈ તે સમયે પૂર્વ બંગાળની મુસ્લિમ વસ્તીનો દાવો જોઈએ તેટલા વજનથી રજૂ થયો હોય એમ લાગતું નથી. પૂર્વ બંગાળની મુસ્લિમ વસ્તી, બીજી કોઈ પણ એવી વસ્તીથી જુદી તરી આવે એ રીતે પછાત પડી ગયેલી અને ગરીબ થઈ ગયેલી કોમ છે. બંગાળના ઇલાકાની ૧૯૧૨ની સાલમાં નવેસરથી થયેલી રચનાથી તેમને ભારે નિરાશા સોસવી પડી છે. અને તેથી તેમનાં હિતોને ઉદારતાથી સંરક્ષણ મળવું જોઈએ એમ અમને લાગે છે. એ બાબતનો આગ્રહ રાખવામાં અમે ચૂકીએ તો તેથી અમને દુઃખ થાય. બંગાળના મુસ્લિમોને તેમની વસ્તીની સંખ્યાના પ્રમાણથી જરાયે વધારે નહીં એટલું પ્રતિનિધિત્વ આપવું હોય, તો પણ અમે તેમને (કરાર મુજબ તેમને મળતી) ચોવીસ બેઠકોને બદલે ચૂંવાળીસ બેઠકો આપીએ.

બંગાળની ગરીબ મુસ્લિમ વસ્તીને માટેની સરકારની ફિકર ખરે જ

---

૨૫. વાઈકાઉન્ટ મોરલી: 'રિકલેક્શન્સ' વો. ૨(સંસ્મરણો ભાગ–૨), પા. ૩૨૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ હલાવનારી છે, અને તેની તેને ઉદારતાથી સંરક્ષણ આપવાની વાત તો તેને બહુ શોભે એવી જ છે![૨૬]

પરંતુ બંગાળના મુસ્લિમો વિષેની સરકારની ફિકર તેમને ધારાસભાની બેઠકોમાં વધારો આપવાની વાતમાં જ સમાઈ જાય છે, એ શું અચરજ ઉપજાવે એવી વાત નથી? બંગાળના મુસ્લિમોની ગરીબીની વાત તદ્દન સાચી છે. પહેલાં હિંદમાં ડિરેક્ટર જનરલ ઑફ પબ્લિક હેલ્થ (જાહેર આરોગ્ય ખાતાના વડા) તરીકે આવી ગયેલા સર જૉન મેગૉની ગણતરી પ્રમાણે બંગાળના રહેવાશીઓની દર એકસોની સંખ્યા પૈકી માત્ર ૨૧ જણને જ પૂરતું, ૪૭ જણને જેવું તેવું અને ૩૨ જણને છેક નજીવું પોષણ મળે છે. (આખા હિંદને લગતા આ આંકડાઓ અનુક્રમે ૩૯, ૪૧ અને ૨૦ છે.) બંગાળના મુસ્લિમ ખેડૂતો "ગરીબ થઈ ગયા છે" એટલું જ કહેવું બરાબર નથી. તે લોકો તો ભૂખે મરે છે. આ દયાળુ સરકારે તેમને માટે શું કર્યું છે? બંગાળના ખેડૂતો ગણોત પેટે દર વરસે એકંદરે સત્તર કરોડ રૂપિયા જમીનદારોને આપે છે, તેમાંથી માત્ર ચાર કરોડ સરકારની તિજોરીમાં પહોંચે છે. ઝાડનો જ જીવન રસ ચૂસીને ઝાડ પર બેસતા વાંદાના જેવા, ખેડૂતવર્ગનો જીવનરસ ચૂસીને માતેલા આ જમીનદારોને ખુદ સરકારે જ પેદા કરેલા છે, અને તે જ તેમને નભાવી રહી છે. ગરીબ થઈ ગયેલા મુસ્લિમોની પીઠ પર ચઢી બેઠેલા, અને તેમની પ્રગતિને રૂંધનારા આ ભારને ઓછો કરવાની તેમને છૂટ ન મળે, ત્યાં સુધી ધારાસભાની વધારાની બેઠકોની બક્ષિસથી તેમને શો લાભ થવાનો હતો?

મિ. મૉન્ટેગ્યુ અને લૉર્ડ ચેમ્સફર્ડે હિન્દી રાજકીય સુધારાઓ વિષેના પોતાના હેવાલમાં અલગ કોમી મતદાર મંડળોનો એક સિદ્ધાન્ત તરીકે વિરોધ દર્શાવેલો છે. પરંતુ તે સાથે જ, અત્યાર સુધી વર્ણવેલી પરિસ્થિતિનાં બધાં જ લક્ષણોથી યુક્ત, અને પોતાના વિરોધના

૨૬. અહીં એ વાત જણાવવી પ્રસ્તુત છે કે, બંગાળના મુસ્લિમોની સ્થિતિને નબળી પાડવાની જવાબદારી સરકારની જ છે. ડબલ્યુ ડબલ્યુ, હંટર કૃત 'ઇન્ડિયન મુસલમાન્સ' (હિંદના મુસ્લિમો), એ પુસ્તકનાં ૧૪૩ અને તે પછીનાં પાનાં જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાન્તના અમલને મોકૂફ રાખવાને અંગેની એક મર્યાદા પણ તેમણે તે હેવાલમાં દાખલ કરી દીધી છે.

આ ભલામણ કરવાનું અમને જરાયે ગમતું નથી, પરંતુ પરિસ્થિતિ બદલાય નહીં ત્યાં સુધી, સમાન નાગરિકતાના આદર્શની સિદ્ધિની દિશામાં થતી પ્રગતિને ધીમી પાડી નાખવી પડે તો તે કિંમત ચૂકવીને પણ, કંઈ નહીં તો જેટલે અંશે મુસ્લિમોને અલગ કોમી મતદાર મંડળોની વાત સાથે સંબંધ છે તેટલા પૂરતી તો અત્યારની પદ્ધતિ ચાલુ રાખવી પડશે, એવી અમને ખાતરી થઈ છે. પરંતુ જે પ્રાન્તોમાં તેમની બહુમતી છે, તેવા કોઈ પ્રાન્તમાં કોમી ધોરણે પ્રતિનિધિઓ ચૂંટવાની પ્રથા ઊભી કરવાનું અમને કશું કારણ દેખાતું નથી.[૨૭]

પરંતુ એ જ હેવાલમાં શીખ કોમને અલગ મતદાર મંડળો આપવાની ભલામણ કરવામાં આવી છે, અને પંજાબમાં મુસ્લિમોની બહુમતી હોવા છતાં ત્યાં કોમી ધોરણે ધારાસભામાં પ્રતિનિધિઓ મોકલવાના તેમના હકનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ત્યાર પછી મતાધિકારનું ધોરણ તેમ જ વિસ્તાર નક્કી કરવાને નિમાયેલી 'ફ્રેન્ચાઈઝ કમિટી'(મતાધિકાર સમિતિ)એ મદ્રાસ પ્રાંતમાં હિન્દી ખ્રિસ્તી કોમનો, મદ્રાસ અને બંગાળ પ્રાંતમાં એંગ્લો ઇન્ડિયન કોમનો અને પંજાબ તથા મધ્ય પ્રાન્ત સિવાયના બીજા પ્રાન્તોમાં યુરોપિયન કોમનો, પોતપોતાના અલગ પ્રતિનિધિઓ ચૂંટીને મોકલવાનો હક માન્ય રાખ્યો. સુધારાના કાયદાના ખરડાની વિચારણા કરવાને નિમાયેલી 'જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી' (પાર્લામેન્ટની સંયુક્ત સમિતિ)ને હિન્દી મતદાર વર્ગના આટલા કકડા પડ્યા તેથી સમાધાન ન થયું, એટલે તેણે વળી મદ્રાસ અને મુંબઈ, એ બે પ્રાન્તોમાં તે તે પ્રાન્તની ધારાસભાઓમાં અબ્રાહ્મણોને માટે અમુક સંખ્યાની બેઠકો અનામત રાખવાની ભલામણ કરી. આવી બધી કોમોનાં હિતોને સંરક્ષણ આપવા ખાતર, તે બધીને અલગ કે અનામત બેઠકો આપીને, સમાન નાગરિકતાની ભાવનાના વિકાસની ગતિ ધીમી પાડી નાખવાની જે કિંમત ચૂકવવી પડે તે ચૂકવવાની મૉન્ટેગ્યુની તત્પરતા જોઈને દિગ્મૂઢ તો થઈ જ જવાય છે, પરંતુ જે સિદ્ધાન્ત લોકશાહી પદ્ધતિના સ્વરાજના વિકાસને બાધા કરનારો છે એમ સ્પષ્ટપણે કબૂલ રાખવામાં આવ્યું હતું, તેનો જ અમલ આટલી હદ સુધી જાણી-

૨૭. 'રિપોર્ટ' (હેવાલ): પૅરા ૨૩૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂજીને વિસ્તારવામાં આવ્યો તે છેક અકસ્માત જ બની ગયું, એમ કેમ માની લેવાય ?

બની શકે તેટલા વધારે લોકોને સરકારને પક્ષે વાળી લઈને એકઠા કરવા, અને મધ્યવર્તી સરકારમાં પ્રજાને જરા જેટલી સત્તા ન આપતાં છતાં લોકશાહી રાજવહીવટની પદ્ધતિનો દેખાવ ઊભો કરવો, એવો મોન્ટફોર્ડ સુધારાઓનો પ્રયત્ન હતો. રાષ્ટ્રીય મહાસભાના લખનૌના અધિવેશનમાં, તેના મવાલ અને જહાલ પક્ષો વચ્ચે એકતા થઈ હતી; મોન્ટફોર્ડ સુધારાઓએ તેમની વચ્ચે પાછી ફૂટ પડાવી. આ પણ કંઈ અકસ્માત નહોતો, ચીવટથી અમલમાં મુકાયેલી એક યોજનાની સિદ્ધિ હતી. તે સમયના બ્રિટિશ સરકારના હિન્દ ખાતાના મંત્રી મિ. મોન્ટેગ્યુએ, ૧૯૧૭ની સાલના ડિસેમ્બર માસની ૧૭મી તારીખની પોતાની યોજનામાં નોંધ કરેલી છે કે, "હિન્દીઓનું એક નવું સંગઠન જમાવવું, અને આપણી દરખાસ્તોનો પ્રચાર કરવાને, તેમ જ આપણને સહાય કરવાને માટે એક પ્રતિનિધિમંડળ ઇંગ્લંડ મોકલવાને તેને બધી જાતની મદદ સરકારે આપવી." તેણે પોતાની આ યોજના શ્રી. (પાછળથી સર થયેલા) ભૂપેન્દ્રનાથ બસુ અને સર સત્યેન્દ્ર પ્રસન્ન (પાછળથી લૉર્ડ થયેલા) સિંહ સાથે ચર્ચી. "અમે લોકોએ મળીને એક વિનીત પક્ષ રચવાની વાતો કરી; તે લોકો એ બાબતમાં બહુ ઉત્સાહી જણાયા, અને તેમણે નવાં છાપાંઓ કાઢીને ચલાવવાની ને એવી બધી વાતો કરી. મને એમ લાગે છે કે, તેમની દાનત ખરેખર કંઈક કરી છૂટવાની છે." અને તે લોકો સાચેસાચ કંઈક કરી છૂટવા માગતા હતા તે વાત ખરી હતી, કેમ કે આ વાતચીતો થઈ તે પછી થોડા જ સમયમાં વિનીત પક્ષનો જન્મ થયો.

વળી મુસ્લિમોને રાષ્ટ્રીયતાની હરોળમાંથી ફેડી પાડવાનો પ્રયાસ કરીને જ સરકાર બેસી ન રહી. હિન્દુઓમાં ફૂટ પાડવાની પણ તેણે મહેનત કરી જોઈ. આ જ સમય દરમિયાન ઉદય પામેલી અબ્રાહ્મણ ચળવળ પર નોકરશાહીની પ્રેરણાની છાપ દેખાય છે. મદ્રાસની 'જસ્ટિસ પાર્ટી' (ન્યાય પક્ષ) આ પ્રેરણાનો એક સરસ દાખલો પૂરો પાડે છે.

(સી. વાય. ચિન્તામણિએ લખ્યું છે કે) સર એલેકઝાન્ડર કારડયુ, જે એ વરસો દરમિયાન મદ્રાસની સરકારનો બહુ આગળ પડતો અમલદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, તે ૧૯૧૯ના હિંદી સરકારના બંધારણને લગતા કાયદાના ખરડાને વિષે પાર્લામેન્ટની 'જોઇન્ટ સિલેક્ટ કમિટી' (ખરડાની વિચારણા કરવાને નિમાયેલી પાર્લામેન્ટની બન્ને સભાઓની સંયુક્ત સમિતિ) સમક્ષ જુબાની આપવાને આવ્યો, ત્યારે તેની લૉર્ડ સિંહે જે ઊલટ તપાસ લીધી તે દરમિયાન આ આખી વાતને સ્ફુટ કરી દેનારો એક પુરાવો મળી આવ્યો. સર એલેકઝાન્ડરને પૂછવામાં આવેલા સવાલોના જવાબમાં તેણે ખરાવી ખરાવીને જણાવ્યું કે 'જસ્ટિસ પાર્ટી' (ન્યાય પક્ષ)ના ઉદયને અથવા વિકાસને ઉત્તેજન આપે, એવું કોઈ પણ પગલું મદ્રાસની સરકારે કોઈ પણ સમયે લીધું નથી. લૉર્ડ સિંહે એ. જી. કારડયુની સહીવાળા એક સરકારી ઠરાવનો એક ભાગ તેને બતાવીને તે વિષે તમારે શું કહેવું છે, એવો સવાલ કર્યો, અને તેનું પરિણામ એ આવ્યું કે, સાક્ષી બિચારો ભોંઠો પડી ગયો ને તેણે ખરાવીને વાત કરવાનું છોડી દીધું.[૨૮]

અબ્રાહ્મણ ચળવળને વિષે જે એક વાત ધ્યાન ખેંચે એવી છે તે એ છે કે, તેમાં એકલા સવર્ણ હિંદુઓ પૈકીના અબ્રાહ્મણો જ સામેલ થયા છે, અને તે બધાનું 'અસ્પૃશ્ય વર્ગો' પ્રત્યેનું વલણ, સનાતની બ્રાહ્મણોના જેટલું જ વાંધાભરેલું અને તેમના જેવું જ પ્રગતિવિરોધી છે. અને છતાં તે બધા મળીને પોતાને 'જસ્ટિસ પાર્ટી' (ન્યાય પક્ષ) ને નામે ઓળખાવે છે!

૧૯૧૯ના સુધારાઓથી રાજવહીવટમાં દ્વિમુખી પદ્ધતિ દાખલ થઈ, એટલે કે સરકારના વહીવટના પ્રદેશના બે વિભાગ પાડવામાં આવ્યા: એક પ્રજાકીય પ્રધાનોને હસ્તકના વિષયોનો, ને બીજો નોકરશાહીને હસ્તકના, અનામત રાખવામાં આવેલા વિષયોનો. પરંતુ પ્રત્યક્ષ અમલમાં 'બંદર પડે તો હું જીતું ને છાપ પડે તો તું હારે' તેના જેવી એ વાત હતી! મદ્રાસના સર કે. વી. રેડ્ડીએ નીચે મુજબની કષ્ટદાયક કબૂલાત કરેલી છે:

> જંગલોના વિષયને બાદ કરીને પ્રાંતના ખિલવણી ખાતાનો પ્રધાન હું છું. કારખાનાંઓ સિવાયનું ઉદ્યોગોનું ખાતું મારે હસ્તક છે, કેમ કે કારખાનાંઓના વહીવટની બાબત અનામત રાખવામાં આવેલો વિષય છે. અને કારખાનાંઓ વિનાનું ઉદ્યોગોનું ખાતું કેવું હશે તે કોઈ પણ કલ્પી શકશે. નહેરો પરના અંકુશને બાદ કરીને ખેતીવાડીનું ખાતું મને સોંપવામાં આવેલું

---

૨૮. સી. વાય. ચિન્તામણિ: 'ઇન્ડિયન પોલિટિક્સ સિન્સ ધિ મ્યુટિની' (બળવા પછીનું હિન્દનું રાજકારણ), પા. ૧૧૬–૧૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. . . . વળી ઉદ્યોગોના જે ખાતાનો વહીવટ મારે કરવાનો છે તેમાં, વીજળીનો વિષય અનામત હોવાથી તે મારે હસ્તક નથી. ઉપરાંત મજૂરો અને કારખાનાંઓનાં બોઇલરોના વિષયો પણ અનામત રાખવામાં આવેલા છે.[૨૯]

સરકારી વહીવટના બે વિભાગો કરવાનો આશય શો હતો તે આપણે આ નિખાલસ વચનો પરથી સમજી શકીએ છીએ. ચતુરાઈપૂર્વક યોજાયેલી આ વળી એક બીજી સમતુલા હતી.[૩૦]

પ્રજાકીય પ્રધાનોની સત્તા પર જાતજાતના અંકુશો મૂકવાને માટે, અને તેમના અધિકારની સામે બીજાં બળો ગોઠવીને સમતુલા સાધવાને માટે મતદારોના પાડવામાં આવેલા વિભાગોનું ઓઠું લઈને, કાયદામાં સ્પષ્ટપણે નમૂદ ન કરવામાં આવેલા બધા અને આપખુદ શેષ અધિકારો, આ સુધારાઓની યોજનામાં પ્રાન્તોના ગવર્નરોને હસ્તક રાખવામાં આવ્યા હતા. આ રીતે એ સુધારાઓના અમલ દરમિયાન આપખુદ સત્તાધારી ગવર્નરો વહીવટને અંગે પહેલ કરનારા, અને સત્તાના ઉગમસ્થાન સમા નીવડ્યા. છૂટછાટો, અંકુશો અને સમતુલાઓના આંટીઘૂંટીવાળા ઘાટના આ રાજવહીવટની સામે, રાષ્ટ્રીયતાની ભાવનાનાં બળો માથાં પછાડી પછાડીને થાકી ગયાં.

સરકારની આ બધી સાવચેતીઓ છતાં વીસમા સૈકાની બીજી વીશીના પહેલા દાયકાનાં શરૂઆતનાં વર્ષોમાં, બન્ને કોમોના બળના પૂર્વે કદી ન જોવામાં આવેલા સંપ અને સહકારમાંથી, અને આમજનતાની શક્તિના મુક્ત રીતે વહેતા પ્રવાહમાંથી નીપજેલાં ફળો જોવાનાં મળ્યાં. તે વરસોમાં રાષ્ટ્રીય મહાસભા પોતાના ધ્યેયની સિદ્ધિની લગભગ અણી પર આવીને ઊભી હતી.

આ અણધારેલી પરિસ્થિતિને પહોંચી વળવાને માટે સરકારે બીજા અનેક ઉપાયો ઉપરાંત દેશ પરના રાજકીય કાબૂની લગામ ખેંચી પકડવાનો, અને અર્થવ્યવસ્થાને અંગેની લગામ ઢીલી છોડવાનો ઉપાય અજમાવ્યો.

---

૨૯. બી. શિવરાવ અને ડી. ગ્રેહામ પોલે પોતાના 'પ્રોબ્લેમ્સ ઑફ ઇન્ડિયા' (હિન્દના પ્રશ્નો) નામના પુસ્તકમાં આપેલું અવતરણ, પા. ૪૦.

૩૦. પ્રજાકીય બળોની સમતુલા જાળવી રાખવાના સિદ્ધાંતને વિષે માહિતી મેળવવાને ડૉ. કે. બી. કૃષ્ણનું 'ધિ પ્રૉબ્લેમ ઑફ માઈનોરિટિઝ ઇન ઇન્ડિયા' (હિન્દમાં લઘુમતી કોમોનો પ્રશ્ન), એ પુસ્તક જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકીય સુધારાઓની વાત એ વરસો દરમિયાન ઊંચી મૂકવામાં આવી, ને તેને બદલે જાતજાતની તપાસોનો રાફડો ફાટ્યો, જેને પરિણામે હિન્દના બધા પ્રધાન પ્રશ્નોની તપાસ કરવાને નિમાયેલી કમિટીઓ અને કમિશનોના એક કોડી જેટલા હેવાલો પ્રસિદ્ધ થયા. આખો પ્રયાસ સરવાળે લોકોનું ધ્યાન રાજકીય પ્રશ્નો પરથી વાળીને આ કમિટીઓ અને કમિશનોની તપાસણીઓની નિરુપદ્રવી વિગતો તરફ ખેંચી જવાનો હતો.[૩૧] વાતાવરણ

૩૧. ૧૯૨૦–૨૧ રેલવે વિષેની એકવર્થ કમિટી.

૧૯૨૧–૨૨ હિન્દી ફિસ્કલ (સરકારની આવકની તપાસ અંગેનું) કમિશન.

૧૯૨૨–૨૩ ઇન્ચકેપ રિટ્રેન્ચમેન્ટ (સરકારી ખર્ચમાં કાપકૂપ કેમ કરવી તેની તપાસ માટેની) કમિટી.

૧૯૨૩–૨૪ ઇન્ડિયન મરકેન્ટાઈલ મૅરાઇન (હિન્દી વેપારી વહાણવટાની તપાસ કરવાને નિમાયેલી) કમિટી.

૧૯૨૫–૨૬ ઇન્ડિયન ટૅક્સેશન ઇન્ક્વાયરી (કરવેરા સંબંધે તપાસ કરવાને નિમાયેલી) કમિટી.

૧૯૨૫ ઇન્ડિયન ઇકોનૉમિક ઇન્ક્વાયરી (હિન્દની આર્થિક તપાસ માટેની) કમિટી.

૧૯૨૫ એક્સ્ટર્નલ કૅપિટલ (બહારની મૂડીના પ્રશ્ન વિષેની) કમિટી.

૧૯૨૬ ઇન્ડિયન કરન્સી (હિન્દી ચલણના પ્રશ્નની તપાસ માટે નિમાયેલું) કમિશન.

૧૯૨૬–૨૮ રૉયલ કમિશન ઑન એગ્રિકલ્ચર (ખેતીવાડીની તપાસ માટેનું શાહી કમિશન).

૧૯૨૯–૩૧ ઇન્ડિયન રોડઝ (હિન્દના રસ્તાઓની તપાસ માટે નિમાયેલી) કમિટી.

૧૯૨૯–૩૧ ઇન્ડિયન બૅંકિંગ ઇન્ક્વાયરી (હિન્દી શરાફી ઉદ્યોગની તપાસ માટે નિમાયેલી) કમિટી.

૧૯૨૯–૩૧ ઇન્ડિયન લેબર (હિન્દી મજૂરોની સ્થિતિની તપાસને માટે નિમાયેલું) કમિશન વગેરે વગેરે.

આ બધાં કમિશનોએ અને કમિટીઓએ પોતપોતાની તપાસને અંતે આપેલા નિર્ણયો, ને તેમણે કરેલી ભલામણોને આધારે કંઈક ચોક્કસ અમલી પગલાંઓ લેવાને માટે ખાસ કશી પ્રવૃત્તિ કરવામાં આવી નથી. આ બાબતના એક દાખલાનું વિગતે વિવરણ જોવું હોય તો અશોક મહેતાનું લખેલું 'ઇન્ડિયન શિપિંગ' (હિન્દી વહાણવટું), એ પુસ્તક જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે પાછું કોમ કોમ વચ્ચેના વિખવાદોથી તંગ બન્યું, ત્યારે રાજકીય સુધારાની વાત ફરીને હાથ પર લેવામાં આવી. તંગ પકડેલી લગામને તે સમયે ઢીલી છોડવામાં આવી, ને ઢીલી છોડેલી લગામને ખેંચીને તંગ કરવામાં આવી. વીસમી સદીની બીજી વીશીના બીજા દાયકાનાં વર્ષોમાં અનેક રાજકીય બનાવો બન્યા, અને આર્થિક તપાસ એકે થઈ દેખાતી નથી.

પરંતુ આ તો બધા આ નાટકના ગૌણ અંકો ગણાય. એ જ ગાળામાં કોમ કોમ વચ્ચેની સમતુલા જાળવવાને માટે તથા તેમનો પરસ્પર અંકુશ રહે તે માટેના વધારે સાહસભર્યા ઉપાયો સરકારે અજમાવી જોયા.

આ પહેલાં જે કારણોની મીમાંસા કરવામાં આવેલી છે તેમને લીધે, સરકારના મુલકી વહીવટના તંત્રમાં હિન્દુઓ જ મોટે ભાગે નોકરી કરતા હતા. જે સરકારને અસહકારના બાઉની બીક પેસી ગઈ હતી, તેને આ પરિસ્થિતિમાં જોખમ લપાઈ રહેલું લાગતું હતું. તેથી સરકારના લશ્કરી તંત્રમાં મુસ્લિમ તત્ત્વનો વધારો કરવામાં આવ્યો.

લશ્કરમાં ભરતી કરવામાં આવતી કોમોની ટકાવારી

	૧૯૧૪માં	૧૯૧૮માં	૧૯૧૯માં	૧૯૩૦માં
	ટકા	ટકા	ટકા	ટકા
શીખો	૧૯.૨	૧૭.૪	૧૫.૪	૧૩.૫૮
પંજાબી મુસ્લિમો	૧૧.૧	૧૧.૩	૧૨.૪	૨૨.૬
પઠાણો	૬.૨	૫.૪૨	૪.૫૪	૬.૩૫
ગુરખા	૧૩.૧	૧૬.૬	૧૨.૨	૧૬.૪
ગઢવાલીઓ	૧.૯	૨.૩	૨.૭	૫.૬
યુક્ત પ્રાંતના રજપૂતો	૬.૪	૬.૮	૬.૭	૨.૫૫
હિંદુસ્તાની મુસ્લિમો	૪.૧	૩.૪૨	૪.૪૫	—
બ્રાહ્મણો	૧.૮	૧.૮૬	૨.૫	—
મરાઠાઓ	૪.૯	૮.૩૫	૩.૭	૫.૩૩
મદ્રાસી મુસ્લિમો	૩.૫	૨.૭૧	૨.૧૩	—
તામિલો	૧.૫	૨	૧.૬૭	—

આ પત્રક સચોટ રીતે દર્શાવી આપે છે કે, હિંદી લશ્કરની બાંધણીની કોમવાર ટકાવારીમાં, આ વરસો દરમિયાન ભારે ફેરફાર થતો ગયો છે. તેમાં પંજાબી મુસ્લિમો અને પઠાણોનું વર્ચસ્વ વધતું ગયું છે. શીખો જે પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોચે હતા ત્યાંથી ત્રીજા સ્થાન પર ઊતરી ગયા છે, અને મદ્રાસીઓને, ખાસ કરીને બ્રાહ્મણોને તો લગભગ કાઢી જ નાખવામાં આવ્યા છે.

હિંદના લશ્કરની કોમી બાંધણીમાં થયેલો આ કંઈ પહેલવહેલો ફેરફાર નથી. બળવા પહેલાં મુસ્લિમોનો ભરોસો કરવામાં આવતો નહોતો, અને ઉચ્ચ વર્ણના હિંદુઓનું, ને તેમાંયે ખાસ કરીને બંગાળ તેમ જ વાયવ્ય સરહદ પ્રાંતના ઉચ્ચ વર્ણના હિંદુઓનું પ્રમાણ લશ્કરમાં ઘણું મોટું રહેતું હતું. બળવા પછી તેમને લગભગ કાઢી નાખવામાં આવ્યા, અને શીખોનું પ્રમાણ વધારવામાં આવ્યું હતું. અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં ગદર પક્ષની રચના થઈ, અને શીખ કોમમાં એ જ જાતની બીજી ચળવળો ફેલાઈ, ત્યારથી તે કોમ સરકારના વહેમનો ભોગ બની, અને લશ્કરમાંથી તેનું મોટું પ્રમાણ ઘટાડીને તેમને સ્થાને હવે મુસ્લિમોનું પ્રમાણ વધારવાનું શરૂ થયું છે.

અત્યાર સુધી અલગ મતદાર મંડળો દ્વારા કોમવાદને જેટલો અવકાશ મળતો હતો, તેના કરતાં વધારે મોટો અવકાશ તેને આપવાનો પ્રયાસ, સરકારી નોકરીઓમાં કોમી ધોરણે ભરતી કરવાનું શરૂ કરીને કરવામાં આવ્યો. આ નીતિની શરૂઆત ૧૯૨૫ની સાલથી થઈ, અને ૧૯૩૪ની સાલમાં તેની રીતસરની વિગતો નક્કી કરવામાં આવી. તે સાલમાં થયેલા સરકારી ઠરાવથી, જેમનું પ્રમાણ સરકારી નોકરીઓમાં પોતાની વસ્તીના પ્રમાણમાં ઘણું વધારે છે તે ઍંગ્લો ઇન્ડિયનો, તેમ જ આ દેશને પોતાનું વતન કરીને રહેલા યુરોપિયનો જેવી લઘુમતી કોમોને ખાતરી આપવામાં આવી કે, તેમની ચાલુ અનુકૂળ સ્થિતિ જાળવી રાખવાને માટે તેમને કાયદેસરની સલામતીઓથી સંરક્ષણ આપવામાં આવશે. વળી મુસ્લિમો અને હરિજનો જેવી જે કોમોનું પ્રમાણ તેમની વસ્તીની સરખામણીમાં સરકારી નોકરીઓમાં ઓછું છે, તેમને એ જ ઠરાવથી બાંયધરી આપવામાં આવી કે, તેમને માટે સરકારી નોકરીઓની ભરતીમાં (મુસ્લિમોને માટે ૨૫ ટકા અને બીજી લઘુમતી કોમોને માટે ૮⅓ ટકા) જગ્યાઓ અનામત રાખવામાં આવશે.

૧૯૩૫ના હિંદી સરકારના બંધારણના કાયદાથી મતાધિકારનો વિસ્તાર ઠીક ઠીક વધારવામાં આવ્યો. આખી વસ્તીના ૧૪ ટકા જેટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો એ ધોરણે મતદાર બન્યાં. હકીકતમાં તો આજે બ્રિટિશ હિન્દમાં પુખ્ત ઉંમરના પુરુષો પૈકી ૨૭.૮ ટકા પુરુષો મતાધિકાર ધરાવે છે. મતાધિકારના આ વિસ્તારથી જે સાધન ઊભું થયું તેને રાષ્ટ્રવાદ પોતાને પક્ષે સંગઠિત કરી શકે, એવો પૂરો સંભવ હતો. પરંતુ રાષ્ટ્રવાદના આ જાતના પ્રયાસોને વિફળ બનાવવાને માટે સરકારે અગમચેતી વાપરીને પૂરતી કાળજી રાખી.

૧૯૧૯ની સાલમાં હિન્દી મતદાર વર્ગના દશ ટુકડા પાડવામાં આવ્યા હતા, આજે હવે તેના સત્તર નાના મોટા ટુકડા પાડવામાં આવેલા છે. સ્ત્રીઓની અને હિંદી ખ્રિસ્તીઓની મરજી વિરુદ્ધ અલગ મતદાર મંડળો તેમને માથે મારવામાં આવ્યાં છે. 'અસ્પૃશ્ય વર્ગો'ને અલગ પ્રતિનિધિત્વ આપીને હિંદુ કોમને વળી કમજોર કરવામાં આવી છે. ધર્મ, ધંધા અને જાતિને ધોરણે મતદારોના અલગ અલગ વિભાગો કરવામાં આવ્યા છે. મતદારોના વિભાગો કરવા માટેની એક પેરવી જતી કરવામાં આવી નથી.

લખનૌ કરાર મુજબ, જે પ્રાંતોમાં મુસ્લિમોની વસ્તી લઘુમતીમાં હોય ત્યાં તેમને ધારાસભાઓની બેઠકોમાં ખાસ વધારો કાઢી આપવામાં આવ્યો હતો. બંગાળમાં અને પંજાબમાં પોતાનો વધુમતીનો દરજ્જો જતો કરવાને મુસ્લિમો કબૂલ થયા હતા, તેથી તેમનાં અલગ કોમી મતદાર મંડળોનો કરારમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. એ વાતને સામાન્યપણે માન્ય રાખવામાં આવી હતી કે, બદલી ન શકાય તેવી — મતદારોને અપીલ કરીને બદલી ન શકાય તેવી — કાયમની વધુમતી મુસલમાનોને આપવાથી બાકીની વસ્તીને અન્યાય થાય છે.[૩૨] એટલે બે શરતોએ મુસ્લિમોએ સંયુક્ત મતદાર મંડળોની વાત કબૂલ રાખી હતી. તે બે શરતો એ કે, તેમની વસ્તી જે પ્રાંતોમાં લઘુમતીમાં હોય ત્યાં તેમને મળતી વધારાની બેઠકોની સંખ્યા ઘટાડવામાં ન આવે, અને બીજું, પંજાબમાં અને બંગાળમાં તેમને તેમની વસ્તીની સંખ્યાને ધોરણે પ્રતિનિધિત્વ આપવામાં આવે. પરંતુ સરકારે તો તેમને કાયદેસરની કાયમની વધુમતીની, વધારાની બેઠકોની અને ઉપરાંત અલગ મતદાર મંડળોની, એમ બધી જ બક્ષિસ કરી.

---

૩૨. સાયમન કમિશનનો હેવાલ, ભા. ૨ જો, પા. ૭૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમો જ્યાં વસ્તીમાં વધુમતીમાં હતા, ત્યાં પણ તેમને પ્રતિનિધિત્વમાં વધારો આપવામાં આવ્યો. દાખલા તરીકે બંગાળમાં ગ્રામ વિસ્તારોમાંથી ચૂંટાઈને આવતા પ્રતિનિધિઓની દર એક બેઠકે 'સામાન્ય' વસ્તીનું પ્રમાણ ૩,૦૦,૭૦૬નું છે, અને 'મહોમેડનો' માટેનું તે પ્રમાણ દર એક બેઠકે ૨,૪૨,૧૬૮નું છે. 'સામાન્ય' બેઠકો માટે ચૂંટણી કરનારા ગ્રામવિસ્તારોના મતદારોની સંખ્યા, સરેરાશ એક બેઠકે ૩૭,૬૦૬ની આવે છે, અને 'મહોમેડન' મતદારોની એવા જ પ્રકારની સરેરાશ સંખ્યા ૨૯,૫૯૬ની છે.

મોટા પ્રાંતોની ધારાસભાઓના બે વિભાગ કરી, નીચલી 'ઍસેમ્બલી' ઉપરાંત, મોટી મિલકતોવાળા મતદારો તરફથી ચૂંટાઈને આવતા પ્રતિનિધિઓની બનેલી 'કાઉન્સિલ' નામની ઉપલી સભા રચવામાં આવી છે, અને તેથી રાષ્ટ્રીયતાનાં બળો પર એક વધારાનો અંકુશ મુકાયો છે. આમજનતાની પ્રગતિની આકાંક્ષાને બને તેટલે સ્થળેથી રૂંધવાની આ પેરવી છે.

આ બંધારણના કાયદાથી પહેલી જ વાર મધ્યવર્તી સરકારની રચનામાં જવાબદારીનું તત્ત્વ દાખલ થાય છે. એટલે રાષ્ટ્રીય બળોનું વજન ઘટાડી નાખવાને માટે રજવાડાંઓને સમજાવીને સમવાય તંત્રની યોજનામાં સામેલ કરવામાં આવ્યાં. ચૂંટણીઓથી નહીં, પણ નિમણૂકોથી ધારાસભામાં બેસનારા તેમના સભ્યોનો આખો સમૂહ, પ્રજાકીય બળોના સબળા હુમલાઓની સામે એક મજબૂત ગઢનું કામ આપશે, એવી અપેક્ષા રાખવામાં આવી છે. સાતસોથીયે ઓછાં રજવાડાંઓના બનેલા, મધ્યવર્તી ધારાસભાના આ સૌથી નાના મતદાર મંડળને સૌથી વધારે પ્રતિનિધિત્વ આપવામાં આવેલું છે. ઉપરાંત, પોતાની પ્રજાના પ્રતિનિધિઓ તરીકે સભ્યો નીમવાનો અધિકાર પણ રાજાઓને હસ્તક જ રાખેલો છે. આ રજવાડાંઓની વસ્તી આખા હિંદની કુલ વસ્તીના માત્ર ૨૩ ટકા છે, પરંતુ તેમના શાસકોને સમવાયી તંત્રની ધારાસભાની નીચલી સભામાં સેંકડે તેત્રીસ, અને ઉપલી સભામાં સેંકડે ચાલીસ ટકા મતો આપવામાં આવેલા છે. આ રજવાડાંઓને સંરક્ષણની જરૂર છે એ વાત કંઈ ખોટી નથી !

૧૯૩૫ ના હિંદી સરકારના બંધારણના કાયદાથી મતાધિકારનો જે વિસ્તાર થાય છે, અને સરકારના તંત્રમાં જવાબદારીનું તત્ત્વ વધે છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્નેની અસરને આ રીતે સચોટપણે નાબૂદ કરવામાં આવી છે. આ બંધારણના કાયદામાં આમેજ કરવામાં આવેલી સમવાય તંત્રની યોજનામાં જુદી જુદી કોમો, જુદા જુદા વર્ગો અને જુદાં જુદાં હિતોનો એક મોટો શંભુમેળો એકઠો થઈને, હિંદી રાષ્ટ્રવાદની સામે અટ્ટહાસ કરતો ઊભો છે, અને તે બિચારાની સ્થિતિ કોમવાદને હવાલે કરવામાં આવેલા આ દેશમાં બહારથી આવીને વસેલા કોઈ આશ્રિતના જેવી દીન બની ગઈ છે.

લૉર્ડ મિન્ટોએ એક એવા સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું હતું કે, 'કોઈ પણ એક કોમની સ્થિતિનું મહત્ત્વ તેની વસ્તીની સંખ્યાને ધોરણે નહિ, પરંતુ તેના રાજકીય દરજ્જાને ધોરણે, અને તેણે બજાવેલી સામ્રાજ્યની સેવાને ધોરણે અંકાવું જોઈએ.' પરંતુ કોઈ પણ કોમના મહત્ત્વનું આ ધોરણ શી રીતે જડે? કોઈ પણ કોમના "રાજકીય દરજ્જાની" અથવા તેણે બજાવેલી "સામ્રાજ્યની સેવા"ની આંકણી કરવાનું એકે માપ લૉર્ડ મિન્ટોએ સૂચવ્યું નથી. તેથી તેના સિદ્ધાંતનો જે પ્રત્યક્ષ અમલ થાય છે, તેના પરથી જ તેને યથાર્થપણે ઓળખવાનો પ્રયાસ કરવાનો રહે છે. ઇંગ્લંડની સરકારના વડા પ્રધાને ૧૯૩૩ની સાલમાં આપેલા કોમી ચુકાદા મુજબ બંગાળમાં ધારાસભાની બેઠકોની જે વહેંચણી કરવામાં આવી છે, તેના કરતાં મિન્ટોના સિદ્ધાંતના પ્રત્યક્ષ અમલનો બીજો વધારે સારો દાખલો મળે એમ નથી. એ વહેંચણીના પૃથકકરણથી મિન્ટોના સિદ્ધાંતનો પ્રત્યક્ષ અમલ કેવી રીતે થતો આવ્યો છે, તે બાબત અજબ રીતે સ્ફુટ થઈ જાય છે.

૧૯૩૧ના વસ્તીગણતરીના હેવાલ મુજબ બંગાળમાં મુસ્લિમોની સંખ્યા કુલ વસ્તીના ૫૪.૮ ટકા છે, અને પુખ્ત ઉંમરની વ્યક્તિઓની વસ્તીના ૫૧.૩ ટકા છે. હિંદુઓની (સામાન્ય મતદાર મંડળનો અર્થ વસ્તુતઃ હિંદુ મતદારો એવો જ થાય છે) વસ્તીની સંખ્યાના એ જ પ્રકારના ટકા અનુક્રમે ૪૪.૮ અને ૪૮.૩ છે. હવે ધારાસભાની કુલ ૧૯૯ બેઠકો બન્ને કોમ વચ્ચે વહેંચવામાં આવે તો (૧) કુલ વસ્તીને ધોરણે તે બન્નેને ભાગે અનુક્રમે ૧૦૯ અને ૯૦ અને (૨) પુખ્ત ઉંમરની વ્યક્તિઓની વસ્તીને ધોરણે અનુક્રમે ૧૦૩ અને ૯૬ બેઠકો આવવી જોઈએ. પરંતુ હકીકતમાં મુસ્લિમોને ૧૧૯ અને હિંદુઓને ૮૦ બેઠકો આપવામાં આવેલી છે. આ રીતે જે લઘુમતી કોમ છે તેને, એટલે કે હિંદુઓને નાહક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નુકસાન પહોંચાડવામાં આવ્યું છે અને જે વધુમતી કોમ છે તેને, એટલે કે મુસ્લિમોને વધારાનું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

નીચે આપેલું પત્રક જુદી જુદી કોમોને, તેમનાં હિતોના સંરક્ષણને માટે આપવામાં આવેલા વધારાના પ્રતિનિધિત્વની યોજનાનો ખ્યાલ આપે છે :

કોમ	કુલ વસ્તીના ટકા	કોમી ચુકાદા પ્રમાણે ધારાસભામાં મળતી બેઠકોના ટકા	વધારાના પ્રતિનિધિત્વના ટકા
મુસ્લિમો	૫૪.૮	૪૭.૬	—
હિંદુઓ	૪૪.૮	૩૨	—
હિંદી ખ્રિસ્તીઓ	.૩	.૮	૩૦૦
એંગ્લો ઇંડિયનો	.૧	૧.૬	૩૦૦૦
યુરોપિયનો	.૦૧	૨૫*	૨૫૦૦૦

* (યુરોપિયન વેપારી વર્ગને જે પ્રતિનિધિત્વ આપવામાં આવેલું છે તેને ગણી લઈને)

પરંતુ આ વાત આટલેથી અટકી નથી. આપણને એવું સમજાવવામાં આવ્યું હતું કે, હિંદની લઘુમતી કોમોના પ્રશ્નનું નિરાકરણ કરવાના આશયથી આ કોમી ચુકાદાની યોજના થયેલી છે. હકીકતમાં તે ચુકાદામાં બીજા પ્રાંતોની લઘુમતી કોમોના હિતની જેટલી ફિકર રાખવામાં આવી છે, તેટલી જ ફિકર બંગાળ, પંજાબ, વાયવ્ય સરહદનો પ્રાંત અને સિંધની મુસ્લિમ વધુમતી કોમના હિતને સારુ પણ રાખવામાં આવેલી છે. અને બેશક બીજી એક લઘુમતી કોમ — બ્રિટિશ લઘુમતી કોમના હિતની ફિકર તે ચુકાદામાં ન રાખવામાં આવે એમ તો કેમ બને? બંગાળમાં કુલ વસ્તીના સેંકડે એક દશાંશ ટકા જેટલી જ યુરોપિયનોની સંખ્યા હોવા છતાં, તેમને ધારાસભાની બેઠકોમાં, સેંકડે દશ ટકા જેટલું પ્રતિનિધિત્વ આપવામાં આવેલું છે.

કાર્ય ઉપરથી કારણનું અન્વેષણ કરવાની પદ્ધતિને અનુસરીને તેથી આપણે એવા અનુમાન પર આવીએ છીએ કે, કોઈ પણ કોમના મહત્ત્વની આંકણી, તે રાષ્ટ્રવાદનો કેટલો વિરોધ કરી શકે, અને રાજકર્તાઓને પોતાના વ્યૂહમાં તે કેટલી ઉપયોગી થઈ શકે, એ બે વાતોને ધોરણે કરવામાં આવે છે.

અહીં એ વાત નોંધવાની જરૂર છે કે, જે કોમી માગણીઓ દ્વારા રાષ્ટ્રવાદની પ્રવૃત્તિને વિફળ બનાવી શકાય એમ હોય, તેવી માગણીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાબડતોબ પૂરી પાડવામાં આવી છે, પરંતુ પ્રજા પર પોતાનો કાબૂ રાખવાને અંગે સરકારને જેટલી સત્તાની જરૂર હોય, તે સત્તાના પ્રદેશ પર જે કોમી માગણીઓ પૂરી કરવાથી સહેજ પણ આક્રમણ થતું હોય, તેમનો દઢતાથી પ્રતિકાર કરવામાં આવ્યો છે. આગાખાનની આગેવાની હેઠળ જે પ્રતિનિધિમંડળે વાઇસરૉયની મુલાકાત કરી હતી, તેણે વાઇસરૉયની કારોબારી કાઉન્સિલમાં (જો તેમાં લેવામાં આવેલો હિંદી સભ્ય હિંદુ કોમનો હોય તો) એક મુસ્લિમને નીમવાની માગણી કરી હતી. કોઈ પણ જાતની તપાસ કે પૂછપરછ કર્યા વિના આ માગણીનો સાફ ઇન્કાર કરવામાં આવ્યો હતો, કેમકે તેને મંજૂર રાખવાથી મધ્યવર્તી સરકારમાં બ્રિટિશ તત્ત્વને ભોગે હિંદી તત્ત્વનો વધારો થવાથી સત્તાની સમતુલા હાલી જાય એમ હતું.

વળી બીજી એક અર્થપૂર્ણ હકીકત એ છે કે, સરકારે ૧૯૧૬ના લખનૌ કરારનો કોમ કોમ વચ્ચેની સમજૂતીને લગતો આખો ભાગ અકબંધ સ્વીકારી લીધો હતો અને તેમાં કરવામાં આવેલી રાજકીય માગણીઓની અવગણના કરી હતી. લીગ અને મહાસભા વચ્ચે સમજૂતી થવાથી મહાયુદ્ધ પૂરું થયે હિંદને જવાબદાર સરકાર આપવાનું જે વચન સરકારે આપ્યું હતું, તે પૂરું કરવાનો રસ્તો મોકળો થશે, એવી આશાથી મહાસભાએ કરારમાં અલગ કોમી મતદાર મંડળની પ્રથા ચાલુ રાખવાને, કમને સંમતિ આપી હતી.

રાજકીય સુધારાઓને અંગેના મૉન્ટફર્ડ હેવાલમાં, તેના નામચીન ઘડવૈયાઓએ અલગ કોમી મતદાર મંડળોની પ્રથાની સામે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. પરંતુ મહાસભા અને લીગ વચ્ચે જ તે બાબતમાં સમજૂતી થઈ હતી એટલે તેમને તે પ્રથા ચાલુ રાખવાની ફરજ પડી! ૧૯૩૩માં એથી બરાબર ઊલટા જ કારણનો આધાર લઈને કોમી ચુકાદો હિન્દી પ્રજાને માથે મારવામાં આવ્યો હતો. બન્ને પક્ષો કોમી ધોરણે ધારાસભામાં પ્રતિનિધિઓ મોકલવાની વાત સાથે સંમત થયા હતા, તે કારણે ૧૯૧૯ની સાલમાં રાજકીય સુધારાઓમાં કોમવાદને દાખલ કરવામાં આવ્યો; અને ૧૯૩૩માં હિંદુઓ અને મુસ્લિમો એ વિષય પર સંમત ન થઈ શક્યા તેથી કોમવાદના પ્રદેશનો વિસ્તાર કરવામાં આવ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે કોઈ જાતની સમજૂતી હસ્તીમાં નહોતી ત્યારે કોમવાદનો વિસ્તાર વધારવાની જરૂર હતી ખરી? જે પરિસ્થિતિ ચાલુ હતી તેને જ ચાલુ રહેવા દઈને સરકારને સંતોષ કેમ ન થયો? બીજું, એક બાજુથી હિન્દી રાજકારણને કોમી મોરચે સરકારે ઉદાર હાથે બક્ષિસોની નવાજેશો કરી, અને બીજી બાજુથી રાજકીય મોરચા પર કંઈ પણ છૂટછાટ મૂકવામાં તેણે કંજુસાઈ બતાવી. આ બધી હકીકતોની જાણ થયા પછી સરકાર નિષ્પક્ષપાતપણાના અને ડાહી ડાહી વાતોના જે બુરખા પાછળ પોતાનું સાચું સ્વરૂપ સંતાડવાને મથે છે તે બુરખો કેટલુંક કામ આપી શકે?

ઇંગ્લંડમાં ભરાયેલી ત્રીજી ગોળમેજી પરિષદ વખતે, તે વખતના બ્રિટિશ સરકારના હિન્દ ખાતાના મંત્રી સર સેમ્યુઅલ હોરે, બ્રિટિશ હકૂમતના ઇતિહાસ દરમિયાન બનેલા કુટિલ મુત્સદ્દીગીરીના અનેક દાખલાઓ પૈકીનો એક સૌથી ભૂંડો દાખલો પૂરો પાડ્યો. બ્રિટિશ રાજપુરુષોએ વારંવાર જાહેર કર્યું હતું કે, બ્રિટિશ વડા પ્રધાને આપેલા કોમી ચુકાદાને બદલે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે જે કોઈ સમજૂતી થશે, તેને બંધારણમાં દાખલ કરવામાં આવશે. એ જાહેરાતોને સાચી માનીને પંડિત મદનમોહન માલવીયે અલ્લાહાબાદમાં બધી કોમોના પ્રતિનિધિઓની એક પરિષદ બોલાવી, અને તે પરિષદે સમજૂતીની દિશામાં એટલી બધી પ્રગતિ કરી કે, તેથી દેશભરમાં ખૂબ સંતોષ ફેલાયો. પરિષદ મળી તે પહેલાં જે બે મુદ્દાઓ ખાસ વિવાદગ્રસ્ત ગણાતા હતા, તેમને વિષે બહુ મૈત્રીભરી સમજૂતી થઈ ગઈ. મધ્યવર્તી ધારાસભામાં મુસ્લિમોને બ્રિટિશ હિન્દના પ્રતિનિધિઓની બેઠકોના ૩૨ ટકા આપવાને સૌ સંમત થયા, અને બીજું, સિન્ધને મુંબાઈ ઇલાકાથી છૂટો પાડીને તેનો ગવર્નરનો સ્વતંત્ર એક પ્રાન્ત બનાવવાની મુસ્લિમ માગણી પણ કબૂલ રાખવામાં આવી. એ નવા પ્રાન્તની હિન્દુ લઘુમતી કોમને અમુક પ્રકારની વિશિષ્ટ છૂટછાટો આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું, અને એવી પણ સમજૂતી થઈ હતી કે, સિન્ધને મધ્યવર્તી સરકારની આવકમાંથી મદદરૂપે કશી રકમ આપવામાં નહીં આવે. જે એક મુદ્દો નક્કી કરવાનો બાકી રહ્યો હતો, તે બંગાળની ધારાસભામાં બન્ને કોમોના પ્રતિનિધિઓની જરૂરી સંખ્યા મુકરર કરવાને અંગેનો હતો. આ બાબતના નિર્ણયમાં મુખ્ય મુશ્કેલી એ હતી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગાળની યુરોપિયન કોમ, જે એક અત્યંત નાની કોમ ગણાય — બંગાળની આખી વસ્તીના .૦૧ ટકા જેટલી — તેને અલબત્ત હિન્દી પ્રતિનિધિઓને ભોગે સેંકડે પચીસ હજાર ટકા જેટલું વધારાનું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હતું. ઐકય પરિષદની સમિતિ સ્થાન પર કંઈક વચલો રસ્તો નીકળી શકશે, એવી આશાથી કલકત્તે જવાને નીકળી.

બ્રિટિશ સરકારે એક અત્યંત ચાલાકીભરી નવી ચાલ ચાલવાને માટે આ ૪ અણીની પળ પસંદ કરી. સર સેમ્યુઅલ હોરે ગોળમેજી પરિષદમાં જાહેરાત કરી કે, બ્રિટિશ સરકારે મધ્યવર્તી ધારાસભામાં મુસ્લિમોને બ્રિટિશ હિંદમાંથી આવનારા પ્રતિનિધિઓની ૩૩⅓ ટકા બેઠકો આપવાનો નિર્ણય કર્યો છે, અને સિંધનો એક જુદો ગવર્નરનો પ્રાંત રચવાનું જ નહીં, પણ તે નવીન રચાયેલા પ્રાંતને મધ્યવર્તી સરકારની આવકમાંથી પૂરતી આર્થિક સહાય આપવાનું ઠરાવ્યું છે. અને આ નવા રચાનારા વહીવટી પ્રદેશમાં વસતી હિંદુ લઘુમતી કોમ માટેની સલામતીઓ વિષેની કોઈ જાતની વાત ઉચ્ચારવામાં ન આવી! બૉમ્બના એકાએક થનારા ધડાકા જેવી આ જાહેરાત થયા પછી ઐકય પરિષદની આખીયે કામગીરી નકામી થઈ પડી, કેમ કે મુસ્લિમો આપમેળે જે સ્વીકારવાને સંમત થયા હતા તેના કરતાં ઘણું વધારે બ્રિટિશ સરકારે તેમને આપી દીધું હતું. આ રીતે નાટકી અદાથી, બરાબર તક પર સર સેમ્યુઅલ હોરે બન્ને કોમોની વચ્ચે આવીને, જે નવા હિંદુ-મુસ્લિમ કરારની રૂપરેખા લગભગ નક્કી થઈ ગઈ હતી, તેમાં ફરી એક વાર આડ મારી.

પરંતુ સામાન્યપણે બંને કોમોની વચ્ચે આડ મારવાનું કામ આટલી બધી અણઘડ રીતે કે નફટાઈથી કરવામાં આવતું નથી; તેને માટે વધારે ચાલાકીભરેલી અને સૂક્ષ્મ રીતો પસંદ કરવામાં આવે છે. લૉર્ડ બર્કનહેડે વાઇસરૉયને એક પત્રમાં લખ્યું હતું :

> સાઇમનને હું એવી સલાહ આપું કે, તેની મુસાફરી દરમિયાન જે લોકોએ કમિશનનો બહિષ્કાર કર્યો ન હોય તેવા બધા લોકોને, ખાસ કરીને મુસ્લિમોને અને અસ્પૃશ્ય વર્ગના લોકોને બધાં સ્થળોએ તારે મળતા રહેવું. કોમનું પ્રતિનિધિત્વ ધરાવતા મુસ્લિમો સાથે તેને જેટલી મુલાકાતો થાય, તે એકેએકની હું હોઉં તો બહોળી જાહેરાતો કરાવું. આપણી આખી નીતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે સ્પષ્ટ છે. વિશાળ હિંદુ વસ્તીને આપણે એવા ભયથી બિવડાવી મારવી છે કે, મુસ્લિમો કમિશનનો કબજો કરી રહ્યા છે, અને તેથી કમિશન એવો હેવાલ રજૂ કરશે કે જે હિંદુઓની ચાલુ સ્થિતિનો સમૂળો નાશ કરી નાખશે. આ રીતે એક બાજુથી આપણને મુસ્લિમોનો સંગીન ટેકો મળી રહેશે, અને બીજી બાજુથી ઝીણા બિચારો એકલો અધ્ધર લટકતો રહી જશે.[૩૩]

આમાંના છેલ્લા થોડા શબ્દો ઊંડા અર્થવાળા છે. એનો અર્થ એ છે કે, બ્રિટિશ લોકોની નીતિને માટે જે કંઈ તત્કાળ જરૂરનું હોય તેને અનુકૂળ થાય, અથવા પ્રતિકૂળ થાય તે મુજબ વ્યક્તિઓનું મહત્ત્વ વધારી દેવામાં આવે છે, કે ઘટાડી નાખવામાં આવે છે. સરકારને જ્યારે ફાવતું આવ્યું ત્યારે તેણે નામદાર આગાખાનનું 'વજન વધારી દીધું', જ્યારથી તેમણે અનામત બેઠકોની જોગવાઈ સાથેના સંયુક્ત મતદાર મંડળોની હિમાયત કરવા માંડી છે, ત્યારથી તેમને રખડતા મૂકવામાં આવ્યા છે. જ્યારે શ્રી. ઝીણા સરકારની અરાષ્ટ્રીય નીતિનો વિરોધ કરતા હતા, ત્યારે 'ઝીણા બિચારાને અધ્ધર લટકતો રાખી દેવાનો હતો.' જ્યારથી તેમણે પાકિસ્તાનની હિમાયત કરવા માંડી છે ત્યારથી તે સરકારની મહેરબાનીને પાત્ર બન્યા છે.

સરકારે વખતોવખત અખત્યાર કરેલી જાતજાતની નીતિરીતિઓનું આ ટૂંક અવલોકન દર્શાવી આપે છે કે, એ બધી નીતિરીતિઓને પ્રેરનારી સરકારની નેમ એકની એક જ છે. તે નેમ છે રાષ્ટ્રવાદનો પ્રતિકાર કરવાની, અને પ્રજાની એકતાને છિન્નભિન્ન કરવાની. જરા જેટલી છૂટ મેળવવાને માટે રાષ્ટ્રવાદને સરકાર પર અસાધારણ સામર્થ્યનું દબાણ લાવવું પડે છે. રાષ્ટ્રીય મહાસભાનું સ્થાન અને દરજ્જો માન્ય કરવામાં સરકારને ખાસ કશી ખોટ નથી, એટલું જ તેને ગળે ઉતારવાને મહાસભાને પચાસ વરસ સુધી અથાક પરિશ્રમ લેવો પડયો, અને અનેક વિટંબણાઓ વેઠવી પડી. પરંતુ છેક ગઈ કાલે, અને બહુ તો પરમ દિવસે ઊભી થયેલી કોમી સંસ્થાઓની આળી લાગણીઓને કાળજીપૂર્વક પંપાળવામાં આવે છે, અને તેમને રાજી રાખવાને બંધારણીય સુધારાની બધી પ્રગતિને થંભાવી રાખવામાં આવે છે.

---

૩૩. કે બી. કૃષ્ણે પોતાના 'ધિ પ્રોબ્લેમ ઑફ માઇનોરિટીઝ' (લઘુમતી કોમોનો પ્રશ્ન) નામના પુસ્તકમાં આપેલું અવતરણ, પા. ૩૦૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધા અટપટા ચકરાવા ગોઠવવા છતાં, અને નાના તરેહની ચાલો ચાલવા છતાં ૧૯૩૬ની સાલમાં થયેલી ચૂંટણીઓમાં મહાસભાને જે ભવ્ય વિજય મળ્યો, અને હિન્દના અગિયારમાંથી આઠ પ્રાન્તોમાં મહાસભાના પ્રધાનો સત્તારૂઢ થયા, તે વાતોએ દર્શાવ્યું કે, સરકારનું સ્થાન લઈ શકે એવા પ્રજામાન્ય અધિકારનું એક કેન્દ્ર નિપજાવવામાં રાષ્ટ્રવાદ સફળ થયો હતો. જે સામ્રાજ્યવાદે દેવાળું કાઢ્યું છે તેની મિલકતનો કબજો લઈને, તેનો બરાબર વહીવટ કરી શકે એવી સમર્થ સત્તા દેશમાં અસ્તિત્વમાં આવી હતી. વર્ધામાં વ્હાઇટ હૉલનો હરીફ જાગ્યો હતો. મુસ્લિમોને બક્ષેલી ભાતભાતની સલામતીઓ છતાં સરકારને હવે ખુદ પોતાની જ સલામતી લાગતી નહોતી. આ મુસ્કેલીમાંથી રસ્તો કાઢવાને કોઈ છેવટનો ઉપાય અજમાવવાની જરૂર ઊભી થઈ હતી. એટલે પાકિસ્તાનના પયગંબર તરીકે હિન્દી રાજકારણના તખ્તા પર પ્રવેશ કરતા શ્રી. ઝીણાને, અસાધારણ ભાગ્યયોગે આવી મળેલા કોઈ ઈશ્વિરના દૂતને વધાવી લેવામાં આવે તેમ વધાવી લેવામાં આવ્યા.

સરકારની નીતિઓનું તકસાધુપણું પ્રાંતિક સ્વરાજના ટૂંકા ગાળાને અંગે જેટલું સ્પષ્ટ જણાઈ આવ્યું, તેટલું સ્પષ્ટ બીજે કોઈ સમયે દેખાયું નથી. મહાસભાના પ્રધાનો જેટલો સમય સત્તારૂઢ હતા તે સમય દરમિયાન, તે પ્રધાનોના લઘુમતી કોમોના હિતોને સંરક્ષણ આપવાને લગતા કોઈ પણ નિર્ણયને બદલવાનો કે સુધારવાનો એકે પ્રસંગ, ગવર્નરોને શોધેલો જડ્યો નહોતો. મહાસભાના વહીવટ નીચેના પ્રાન્તોના વડા પ્રધાનોએ પોતપોતાની જગ્યાનાં રાજીનામાં આપ્યાં, તે પહેલાં મહાસભાની પાર્લામેન્ટરી બોર્ડે (મહાસભાના ધારાસભાઓને અંગેના તેમ જ પ્રધાનમંડળોના કામકાજનું સંચાલન કરતી સમિતિએ) તેમને સૂચના કરી હતી કે, તમારે તમારા પ્રાંતોના ગવર્નરોને, લઘુમતી કોમોને લગતી અને તેમાંયે ખાસ કરીને મુસ્લિમ લઘુમતી કોમને લગતી મહાસભાની નીતિ અને વહીવટ વિષે મિત્રભાવે ટીકા કરીને કંઈ સૂચના કરવી હોય તો, કરવાને વિનંતી કરવી. કોઈ પણ ગવર્નર મહાસભાના પ્રધાનો કોઈ પણ દાખલામાં ચૂક્યા હોય, એવું દર્શાવી શક્યો નહોતો. આ એક જ હકીકત મુસ્લિમ લીગે 'જુલમ-જુલમ'નો જે હાહાકાર મચાવ્યો હતો, તેનું પોલ બહાર પાડવાને પૂરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પરંતુ આજે જ્યારે મહાસભા સત્તારૂઢ નથી ત્યારે સરકારને નામે વાતો કરનારા મહાનુભાવો, મહાસભા મુસ્લિમોના દિલનું સમાધાન કરવામાં નિષ્ફળ નીવડી છે, એવું તેને મહેણું મારતાં શરમાતા નથી.

હિન્દુઓ અને મુસ્લિમોના પરસ્પર સંબંધો ઘડવામાં સરકારે કેવો ભાગ ભજવેલો છે તેનું ઉપર કરેલું ટૂંક અવલોકન, હિન્દી રાજકારણના કોઈ પણ નિષ્પક્ષપાત અભ્યાસીને ખાતરી કરાવી આપવાને પૂરતું છે કે, હિન્દુ-મુસ્લિમ પ્રશ્નને નામે ઓળખાતા સવાલનું સ્વરૂપ ત્રિકોણાત્મક છે. બન્ને કોમો વચ્ચેના વિખવાદોને ઉગ્ર બનાવવામાં, અને તેમની વચ્ચે પરસ્પર અવિશ્વાસ ઊભો કરી આપવામાં એક છૂપા હાથે બહુ મોટો ભાગ ભજવેલો છે. એંગ્લો ઇન્ડિયન નોકરશાહીને માટે પાકિસ્તાનનો ખ્યાલ પણ કંઈ નવો નથી. નોકરશાહીનાં અમુક મંડળોમાં પાકિસ્તાનની ગંભીરપણે વિચારણા ચાલતી હતી, તે જોઈને શ્રી. એડવર્ડ થોમસનને થયેલા આશ્ચર્યનો ઉલ્લેખ અમે બીજે એક સ્થળે કરેલો છે. પરંતુ આજથી પહેલાં છેક ૧૯૩૨ની સાલમાં મિ. જે. કોટમૅને ભાવીમાં શું બનવાનું છે તે વિષે એક સૂચન કર્યું હતું.

> એક અને અવિભાજ્ય એવા સમર્થ હિંદનું ઘડતર કરવાનું કાર્ય . . . દિવસે દિવસે મુશ્કેલ બનતું જાય છે, અને તેને બદલે જેને હિંદને વિષે કશી મમતા નહીં હોય, એવું એક સમર્થ મુસ્લિમ રાજ્ય હિંદના ઉત્તર અને વાયવ્ય વિભાગમાં અસ્તિત્વમાં લાવી શકાશે એમ ભાસે છે.[૩૪]

આ જ કારણે મહાસભાએ હમેશ પડકારીને કહ્યું છે કે, હિંદુ-મુસ્લિમ મતભેદોનો ઝટ નિકાલ લાવવો હોય તો તેની પહેલી શરત એ છે કે, આ ત્રિકોણની ત્રીજી બાજુએ એ વાદમાંથી કોઈ પણ જાતની શરત મૂક્યા વિના ખસી જવું જોઈએ, અને બન્ને પક્ષોને પરસ્પરને વિષે રહેતા ડરને અને એકબીજાની માગણીઓને યથાર્થપણે ઓળખવાની પ્રામાણિક સંધિ આપવી જોઈએ.

હિંદુ-મુસ્લિમ સંબંધોએ હમણાં હમણાં જે કરુણ સ્વરૂપ પકડ્યું છે, અને તેમાં સરકારે જે ભાગ ભજવેલો છે તેની અવગણના કરવાથી તે સ્વરૂપનો

---

૩૪. જે કોટમૅન : 'ઇયર્સ ઑફ ડેસ્ટિની — ઇન્ડિયા, ૧૯૨૬ – ૩૨' (ભાવીનાં વર્ષો — હિંદ, ૧૯૨૬–૩૨), પા. ૨૩૦–૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયો ઓળખવામાં જ ભૂલ થશે. એ સવાલનું આજનું સ્વરૂપ ઘડવામાં કોઈ એકે કે બર્કનહેડે, અથવા કોઈ મિન્ટોએ કે મૅકડોનાલ્ડે જુદે જુદે સમયે જુદી જુદી પરિસ્થિતિઓ ઊભી કરી આપવામાં જે ફાળો આપેલો છે, તેને બરાબર ઓળખી લીધા વિના, આ પ્રશ્નનું કોઈ પણ પરીક્ષણ તદ્દન અધૂરું રહે છે. તે બધાએ પોતાની કરણીથી જે સ્થિતિ નિર્માણ કરી છે, તેને લીધે મુસ્લિમોને પોતાનું સાચું સામર્થ્ય શામાં રહેલું છે તે સમજવામાં મદદ નથી થઈ, કે નથી તેમની પરિસ્થિતિની કઠોર બનતી જતી વિષમતામાં, ખાસ કરીને તેમની આર્થિક અવદશામાં પ્રત્યક્ષ દેખાય એવો ફેર પડ્યો. પેલી સલામતીઓએ તો કેવળ સામ્રાજ્યવાદના સત્ત્વને, અને લાયકાત વગર મળી ગયેલા અધિકારોને જ સલામતી આપી છે.

આમ છતાં, આપણે આપણી કોમી ગૂંચને માટે સરકાર એકલી જ જવાબદાર છે એટલું સમજીને બેસી રહીએ, તો તેથી આપણને આપણી જાતને વિષે એવું અભિમાન લેવું પડે, જે વાસ્તવિક રીતે લઈ શકાય એવું નથી, અને અંગ્રેજો પર બુદ્ધિની સૂક્ષ્મતાનું એવું આરોપણ કરવું પડે કે, જે જાતની સૂક્ષ્મતા તેમનામાં જરાયે જણાતી નથી. સરકારે અત્યાર સુધી અખત્યાર કરેલી બધી નીતિને આવી ભારે સફળતા મળી શકી, તેનું કારણ એ છે કે, તે બધી નીતિનો અમલ, તે બધી બરાબર ફાલી શકે તેવી બહુ અનુકૂળ જમીનમાં થયો હતો, એટલે કે આપણા સામાજિક બંધારણમાં એવી તડો પડેલી છે કે તેના પર સરકારે અજમાવેલા ઉપાયોની સહેજે અસર થઈ. આપણા કોમી સવાલની બધી ગૂંચો ઓળખવાને માટે આપણે હવે આપણી રાજ્યવ્યવસ્થા પર જે સામાજિક બળો છેલ્લાં દોઢસો વર્ષથી કાર્ય કરી રહ્યાં છે, તેમની ચિકિત્સા કરવી પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું

કોમી પ્રશ્ન : સામાજિક અંતરંગ

કોઈ પણ રાજ્યતંત્ર ગમે તે સ્વરૂપ ધારણ કરે, પણ પોતાની હકૂમત નીચેના લોકોના જીવન પર ઊંડી અસર પાડ્યા વિના રહેતું નથી. સમાજજીવનના પ્રવાહમાં એક નવા જ વલણનો પ્રવાહ છોડીને તે, જે વસ્તુને આપણે બીજા વધારે સારા નામને અભાવે રાષ્ટ્રીય ચારિત્ર્ય કહીએ છીએ તેનું ઘડતર કરે છે. આપણા રાષ્ટ્રીય જીવન પર બ્રિટિશ અમલની એક સ્પષ્ટ છાપ ઊઠેલી છે. તે શાસનના વિશિષ્ટ લક્ષણને કારણે આપણું જીવન પ્રાચીન તેમ જ નૂતનની રંગબેરંગી સેળભેળ જેવું અને અર્થહીન થઈ ગયેલી પ્રણાલીઓ તેમ જ સમાજજીવનના કેન્દ્રમાંથી નવસર્જનની પ્રેરણાને અભાવે અધૂરા રહેલા મનોરથોના શંભુમેળા જેવું બની ગયું છે. હિન્દ પર ચઢી આવેલા મુસ્લિમ વિજેતાઓ આ ભૂમિના જાદુના રસાયણથી આખરે અહીંના સમાજજીવન સાથે કેવા એકરસ થઈ ગયા, અને આપણા રાષ્ટ્રીય વારસાના અંગરૂપ બન્યા તે આપણે આગળના એક પ્રકરણમાં જોયું છે. બ્રિટિશ હકૂમતનાં પ્રારંભનાં વર્ષોમાં બ્રિટિશ વિજેતાઓ પણ આપણા રાષ્ટ્રીય જીવનને એવી જ રીતે સમૃદ્ધ કરશે, એમ લાગતું હતું. શરૂ શરૂમાં અહીં આવેલા બ્રિટિશ શાસકો આ ભૂમિની મોહિનીને વશ થયા હતા, અને માઉન્ટ સ્ટૂઅર્ટ એલ્ફિન્સ્ટન તથા મનરો જેવા પુરુષો તેના સમભાવી પ્રશંસકો બન્યા હતા.

પરંતુ આગબોટ અને ટેલિફોનની શોધ થવાથી અંગ્રેજોને અહીં વસવાટ કરીને રહેવાની જરૂર ન રહી, એટલે એ બધી આશાઓના ચૂરા થઈ ગયા. તેમણે વિલાયતમાં વ્હાઇટ હૉલમાં બેસીને આ દૂરની ભૂમિ પર શાસન ચલાવવાનો નવો જ અખતરો શરૂ કર્યો, અને રાજ્યતંત્ર ગબડાવવાને અહીં આવતા તેમના આડતિયાઓએ હિંદને પોતાનું વતન ગણવાનો ઇન્કાર કર્યો. આ મહાન ઇન્કારને પરિણામે હિંદમાં અંગ્રેજોએ પોતાનું અસલ સ્વરૂપ અકબંધ જાળવી રાખ્યું. અહીંની 'નેટીવ' વસ્તી પરની પોતાની સરસાઈના ઘમંડવાળી, તેમ જ તેના અભડાવનારા સંપર્કથી અભિમાનમાં ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમાનમાં દૂર રહેતી સવાઈ બ્રાહ્મણોની પોતાની એક અલગ ન્યાત તેમણે અહીં ઊભી કરી. તે ન્યાતના એકેએક સભ્યના મનથી તેનું ખાણું પકાવનારો ખાનસામા, તેની પરિચર્યા કરનારો 'બેરા' અને તેના ઘોડાઓની માવજત કરનારો સાઈસ, એ ત્રણમાં જ આખું હિંદ સમાઈ જતું હતું. આ ત્રણ ઉપરાંત, જેમની પાસેથી તે ભાંગીતૂટી હિંદુસ્તાની બોલી શીખતો, તે લોકો કદાચ તેના હિંદના ખ્યાલમાં ઉમેરાતા હશે. આ ભાંગીતૂટી હિન્દુસ્તાની પણ તે જવલ્લે જ વાપરતો; બહુ તો પોતાના નોકરો સાથે વાત કરવી પડે ત્યારે. ઈશ્વરની મહેરબાનીથી કચેરીમાં તો સુધરેલી અંગ્રેજી ભાષા સમજનારો 'બાબુ' તેને મળી ગયો હતો.

આ અંગ્રેજે હિંદને પોતાનું વતન બનાવવાનો ઇન્કાર કર્યો, એટલે તેનું દિલ કાયમ દરિયાપાર આવેલા પોતાના બેટને માટે ઝંખ્યા કરતું, અને ઇંગ્લંડની હરિયાળી તેમ જ ખુશનુમા ભૂમિને માટે, ઘરથી વિખૂટા પડેલા માણસનું મન જેમ ઘરભેગા થવાને તલસ્યા કરે તેમ તલસ્યા જ કરતું. આ વતનભૂખ્યો અંગ્રેજ કુદરતી રીતે જ હિંદને મોટી કમાણી કરી લેવાના એક મુલક તરીકે માનવા લાગ્યો. પોતાના વતનનાં ડેવન અને ઇસ્ટ ઍંગ્લિયા જેવાં પરગણાંઓની સુંદર ભૂમિને તર કરવાને માટે આખરે ઉલેચી લઈ જવાનું સમૃદ્ધિનું આ એક વિશાળ સરોવર છે, એ ભાવ સિવાય બીજો કોઈ ભાવ હિંદને માટે તેના દિલમાં જાગ્યો નહીં. એટલે બ્રિટિશ પ્રજાની કોઈક જરૂરિયાત પૂરી પાડે તે સિવાયનું હિંદનું જે કંઈ હોય તે બધું જ નકામું ગણાવા લાગ્યું. આટલી એક વાત ખ્યાલમાં રાખીને હિંદમાં મરજી ફાવે તેમ રહી શકાય ને મરજી ફાવે તેમ કરી શકાય, એવી તેની બુદ્ધિ થઈ ગઈ. આલ્ડ્સ હક્સ્લેએ દર્શાવ્યું છે તે મુજબ :

> પોતાના વતનના સ્વાભાવિક, શાંતિભરેલા અને સુવ્યવસ્થિત વાતાવરણમાંથી, જિતાયેલા અને લશ્કરી દોરથી કબજે રાખવામાં આવેલા હિંદી સામ્રાજ્યમાં અંગ્રેજો પ્રવેશ કરે છે, ત્યારે તેમનાં નૈતિક ધોરણોમાં ભારે પરિવર્તન થઈ જાય છે. વતનમાં જે વાતોનો વિચાર સરખો ન થઈ શકે, તેવી વસ્તુઓ હિંદમાં ગયા પછી વિચારી શકાય એવી જ નહીં, કરી શકાય એવી લાગવા માંડે છે અને ઘણી વાર કરવામાં આવે છે.[૧]

૧. 'એન્ડ્ઝ એન્ડ મીન્સ' (સાધ્યસાધન મીમાંસા), પા. ૧૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદ એવડો મોટો વિશાળ દેશ છે કે, તેના પર શાસન ચલાવનારી નાની સરખી કોમને, તેની કીડીદર ઊભરાતી વસ્તી ગમે ત્યારે આપણું નામનિશાન રહેવા દેવાની નથી, એવો કાયમ ડર રહે છે. અંગ્રેજોએ પોતાની જાતને હિંદની ભૂમિ અને તેના લોકોની સાથે એકરસ થવા દીધી નથી, એટલે તેમનાં દિલમાંથી આ ડર સાચેસાચ કદી દૂર થયો નથી. આ ડર જ તેમની સર્વ રાજનીતિના અંતરંગમાં રહેલો છે. હિંદના લોકો પારકા મુલકની રાજકર્તા કોમની સામે એક ન થાય, તેને માટેનો જ એકધારો પ્રયાસ એ સર્વ નીતિ દ્વારા થયેલો છે. આવડા મોટા મુલકની આવી જાતની સરકાર, મૂળે તદ્દન પારકી અને હિંદી પ્રજાની બહોળી આમજનતાના જરાયે આધાર વિનાની સરકાર, બીજી કોઈ પણ રીતે નભી ન શકે, એ વાત ઘણા અંગ્રેજો સમજે છે, અને થોડા અંગ્રેજોએ તો નિખાલસપણે કબૂલ કરેલી છે.

> આમ તમે જોઈ શકશો કે હિંદની જાતિઓને પરસ્પર લડાવી મારીને, મોટે ભાગે આ બળવો શમાવવામાં આવ્યો હતો. જ્યાં સુધી આમ થઈ શકે છે, જ્યાં સુધી હિંદની વસ્તીને, પોતાને માથે જે સરકાર છે તેની ટીકા કરવાની આદત પડી નથી, અને તેની સામે બળવો જગાવવાનું સૂઝ્યું નથી ત્યાં સુધી અહીં વિલાયતમાં બેસીને હિંદનું શાસન ચલાવવાનું બની શકશે, અને એ વાતમાં કશો ચમત્કાર નથી. પરંતુ મેં જણાવ્યું છે તે પ્રમાણે એ સ્થિતિમાં જો ફેર પડે, કોઈ ભાગ્યયોગથી એ આખી વસ્તી સમાન રાષ્ટ્ર-ભાવનાથી પ્રેરાયેલી એક પ્રજા બની જાય, તો પછી હું એટલું જ કહીને અટકતો નથી કે આપણા વર્ચસ્વને વિષે આપણે ચેતીને ચાલવું પડશે, હું એમ કહું છું કે તે દિવસથી આપણે તેની આશા જ છોડી દેવી.[૨]

આ શબ્દોથી સર જોન સીલીએ જે વિધાન કર્યું તેમાંથી હિંદના બ્રિટિશ શાસનની નીતિને પ્રેરનારા બે સિદ્ધાંતો ફલિત થાય છે : (૧) "હિંદની જાતિઓને પરસ્પર લડાવી મારવી" અને (૨) હિંદના લોકોનું સમાન રાષ્ટ્રીય ભાવનાની પ્રેરણાથી એક અખંડ રાષ્ટ્રમાં ઘડતર થતું અટકાવવું.[૩]

---

૨. સર જોન સીલી : 'ધિ એક્સ્પાન્શન ઑફ ઇંગ્લંડ' (ઇંગ્લંડના મુલકનો વિસ્તાર), પા. ૨૭૦.

૩. એસ. ડી. જાવડેકરના પ્રતિભાશાળી મરાઠી ગ્રંથ 'આધુનિક ભારત'નાં પા. ૪–૫૯ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બેધારી નીતિનો પહેલો કારમો ફટકો મુસ્લિમોને વરતાયો. હિન્દનો મુલક જીતી લીધા પછી લગભગ એક સો વર્ષ સુધી બ્રિટિશ લોકોએ મુસ્લિમ કોમને દબાવી દેવાની પદ્ધતિસરની નીતિ આદરી.

અંગ્રેજો જે સત્તાને છિન્નભિન્ન કરીને તેનું સ્થાન લેવા માગતા હતા, તે મુસ્લિમ સત્તા હતી.

> એ એક બરાબર ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે, આપણે હિન્દમાં પહોંચ્યા ત્યારે ત્યાં સર્વોપરી સત્તા સુન્નીઓની હતી, કેમ કે સિપાઈઓનો એક માત્ર અપવાદ બાદ કરતાં આપણા પૂર્વના સામ્રાજ્યની અંતર્ગત શાન્તિમાં ખલેલ કરનારા સર્વે લોકો સુન્ની પંથના અનુયાયીઓ હતા.[૪]

મુસ્લિમ સત્તાને અંગ્રેજોએ હિન્દુઓની સહાયથી જ માત કરી. મિ. એસ. સિ. હિલે પોતાના 'બેંગોલ ઇન ૧૭૫૬–૧૭૫૭' (૧૭૫૬–૧૭૫૭નાં વર્ષોનું બંગાળ) નામના પુસ્તકની લંબાણ પ્રસ્તાવનામાં દર્શાવ્યું છે કે,

> આમ આપણે જોઈએ છીએ કે, બ્રિટિશ લોકોના પક્ષકારો લગભગ બધા જ હિન્દુઓ કે તેમના આશ્રિતો હતા. દેશનો વેપારઉદ્યોગ લગભગ આખો હિન્દુઓના હાથમાં હતો, એટલે કુદરતી રીતે જ તે લોકો હિન્દમાં વેપારને અર્થે આવી વસેલા યુરોપિયન વેપારીઓના ઘાડા સંબંધમાં આવ્યા, અને તે બન્નેની વચ્ચે પોતપોતાનાં ભૌતિક હિતો સાધવાને અંગેની એક જાતની વણબોલી મૈત્રી જામી.[૫]

---

૪. એચ. સી. બોવેન : 'મુહમ્મડેનિઝમ ઇન ઇન્ડિયા' –૧૮૭૩ (હિન્દમાં ઇસ્લામ –૧૮૭૩), પા. ૧૩.

ઉપરાંત જુઓ : "સોમનાથના મંદિરના દરવાજાનાં કમાડ આપણે પાછાં અસલ સ્થાને મુકાવ્યાં તેથી હિન્દુ કોમની મોટી વસ્તીનું દિલ આપણા તરફ આકર્ષાયું છે, અને તેમને સંતોષ થયો છે, એમ માનવાને મારી પાસે પૂરતાં કારણો છે. વળી આપણા એ કાર્યથી મુસ્લિમોને કશો રંજ થયો છે, એમ માનવાને મારી પાસે કશું કારણ નથી. પરંતુ તે જાત મૂળે આપણી સાથે વૈમનસ્ય રાખે છે, એ વાત તરફ હું આંખ આડા કાન કરી શકતો નથી, અને તેથી હિન્દુઓને રાજી રાખીને આપણા તરફ ખેંચવા, એ જ સાચી નીતિ છે." 'રાઈઝ ઑફ ધિ ક્રિશ્ચિયન પાવર ઇન ઇન્ડિયા, વૉ. ૫' (હિન્દમાં ખ્રિસ્તી સત્તાનો ઉદય — ભા. ૫)માં મેજર બસુએ પા. ૮૬ ઉપર આપેલું લૉર્ડ એલનબરોના વચનનું અવતરણ.

૫. ભાગ ૧લો, પ્રસ્તાવનાનું પા. ૨૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દના લોકો પૈકી સૌથી પહેલવહેલા બ્રિટિશ હકૂમતના કાબૂ નીચે આવનારા બંગાળના મુસ્લિમો મગરૂર અને લડાક લોકો હતા. નવી સ્થપાયેલી સરકારે છેક શરૂઆતના દિવસો (૧૭૯૨)માં કાયમી જમાબંધી કરીને તેમના પર એક જબરો તેમ જ સચોટ ફટકો લગાવ્યો. કાયમી જમાબંધી વિષે પ્રમાણભૂત ગણાતા લેખક મિ. જેમ્સ ઓકિનલીને કહેવું પડયું છે કે,

> કાયમી જમાબંધી થઈ તે પહેલાં જે હિન્દુ ઉઘરાતદારો નજીવો અધિકાર ભોગવતા હતા, તે બધાને તે જમાબંધીએ જમીનદારોને દરજ્જે ચઢાવી દીધા, તેમને જમીનની માલકીનો હક આપ્યો અને જે સંપત્તિ મુસ્લિમ શાસનમાં મુસ્લિમોને ભાગે જતી, તે બધી એકઠી કરી લેવાની સંધિ આપી.[૬]

આની સાથે સાથે જ બંગાળમાં, અને ત્યાર પછીથી આખા દેશમાં મુસ્લિમોને લશ્કરમાં પ્રવેશ મળતો બંધ થયો. "લશ્કરની કારકિર્દી તો મુસ્લિમોનો સૌથી વહાલો મનોરથ ગણાય."[૭] બંગાળની સનદી નોકરીમાં રહી ગયેલા ડબલ્યુ. ડબલ્યુ. હંટરે ૧૮૭૧ની સાલમાં પ્રસિદ્ધ થયેલા પોતાના નોંધપાત્ર પુસ્તકમાં દર્શાવ્યું છે તે પ્રમાણે આનું વિનાશક પરિણામ એ આવ્યું કે, ૧૮૭૦ સુધીમાં તો બંગાળનાં મુસ્લિમ ઘરાણાંઓ કાં તો પૃથ્વીના પડ પરથી નાબૂદ થઈ ગયાં, અથવા નવા રાજ્યઅમલની સહાયથી આબાદ થયેલા નવા સામાજિક થરની નીચે દબાઈ ગયાં.[૮]

જમીનદારોનો એક નવો જ વર્ગ ઊભો કરવામાં આવ્યો તે હકીકત બિનતકરાર પુરવાર કરે છે કે, ઠકરાતી સમાજવ્યવસ્થાની સામે ઉઠાવવામાં આવેલી આ કોઈ જેહાદ નહોતી.[૯] જૂના રાજકર્તાઓ પરતું આ કોઈ

---

૬. બંગાળના લોકોની સ્થિતિમાં થયેલા પરિવર્તનની સમાલોચના કરતાં ડૉ. પાનન્દીકર જેવો સાવધ લેખક પણ એવો અભિપ્રાય આપે છે કે, "આને મોટા ભાગની મિલકતો પર અસર પહોંચાડનારી એક સામાજિક ક્રાન્તિ જ ગણવી જોઈએ." —'ધિ વેલ્થ ઍન્ડ વેલફેર ઑફ ધિ બેંગોલ ડેલ્ટા' (બંગાળની રસાળ ભૂમિની સમૃદ્ધિ અને સુસ્થિતિ), પા. ૮૮.

૭. પૂર્વે ઉલ્લેખેલું એચ. સિ. બોવેનનું પુસ્તક, પા. ૪૫.

૮. પા. ૧૫૦ અને તે પછીનાં.

૯. બ્રિટિશ હકૂમત નીચેના પ્રદેશના આશરે ૨૦ ટકા મુલકમાં કાયમી જમાબંધીની પ્રથા ચાલે છે. એ મુલકની એકંદર વસ્તી બ્રિટિશ હિંદની કુલ વસ્તીના પાંત્રીસ ટકા જેટલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટુંછવાયું આક્રમણ નહોતું. આ તો એક મહાન કોમને કમકૌવત કરી નાખવાને, અને એક મગરૂર પ્રજાના જુસ્સાને ધૂળમાં રગદોળી નાખવાને જાણીબૂઝીને યોજવામાં આવેલી નીતિનું એક અંગ હતું. અમારા પોતાના શબ્દોના કરતાં એ વિષયના અધિકારી લેખક ડૉ. હંટરના શબ્દોમાં તેનું વર્ણન કરવું વધારે ઉચિત થશે:

> કોઈ પણ રાજ્યતંત્ર પર કદી મૂકવામાં ન આવ્યા હોય, તેવા આરોપો હિંદી મુસ્લિમો આપણા પર મૂકે છે તે હકીકતને અવગણવાનો કશો અર્થ નથી. અમારા ધર્મને અનુસરનારા લોકોને માટે એકેએક આબરૂદાર ધંધાનાં બારણાં તમે બંધ કરી દીધાં છે, એવો આક્ષેપ તેમણે આપણા પર કરેલો છે. અમારી કોમની જેમાં જોગવાઈ કરવામાં નથી આવી તેવી કેળવણીની પ્રથા દાખલ કરીને, અમને ભૂંડી અવદશામાં અને ગરીબીમાં તમે ધકેલી દીધા છે, એવો તે લોકોનો આપણા પર આરોપ છે. અમારાં લગ્નબંધનને ધાર્મિક માન્યતા આપનારા અમારી શરિયતના અધિકારીઓનું પદ ખૂંચવી લઈને અમારાં હજારો કુટુંબોના તમે હાલ હવાલ કર્યા છે, એવો આક્ષેપ તેમણે આપણી સામે કરેલો છે. . . . અમારી મઝહબી ફરજો અદા કરવાનાં સાધનો અમારી પાસેથી ખૂંચવી લઈને અમારી કોમના જીવોનું તમે અકલ્યાણ કર્યું છે, એવો મુસ્લિમોનો આપણા પર આરોપ છે. અને આ બધી વાતોને ટપી જાય તેવો એક આરોપ મૂકીને તે લોકો આપણને જણાવે છે કે, તમે અમારાં વકફોનાં નાણાંનો જાણીબૂઝીને ગેરઉપયોગ કર્યો છે, અને અમારાં કેળવણીનાં ફંડોનાં નાણાં બહુ મોટા પ્રમાણમાં તમે ઉચાપત કરી ગયા છો . . . ટૂંકમાં એકસો વરસ દરમિયાન અમારા પર તમે સમભાવ રાખ્યો નથી, અમારી સાથે તમે કૃપણતાનો વહેવાર રાખ્યો છે, અમારાં વકફોનાં નાણાં તમે ખાઈ ગયા છો, અને એવા જ બીજા અનેક સામાજિક અન્યાયો તમે અમારા પર ગુજાર્યા છે, એમ હિંદી મુસ્લિમો બ્રિટિશ સરકારને પોકારીને કહે છે.૧૦

રાજ્યના આશ્રયનો પણ મુસલમાનોની સામે સારી પેઠે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઊંચા દરજ્જાની મુલકી વહીવટની નોકરીઓની વહેંચણીનું કોમવાર પ્રમાણ દર્શાવનારું (૧૮૭૧માં) નીચે આપેલું પત્રક એકલા બંગાળની વિગતો આપે છે, છતાં તે વિષયની આખા દેશની પરિસ્થિતિનો ચિતાર રજૂ કરે છે.

---

૧૦. 'ઇન્ડિયન મુસલમાન્સ' (હિન્દના મુસલમાનો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	યુરોપિયનો	હિન્દુઓ	મુસલમાનો	કુલ
સનદી મુલકી નોકરીઓ	૨૬૦	૦	૦	૨૬૦
નૉન રેગ્યુલેશન (ચાલુ રાજબંધારણના નિયમોની મર્યાદા બહારના) જિલ્લાઓના ન્યાય ખાતાના અમલદારો	૪૭	૦	૦	૪૭
વધારાના આસિસ્ટંટ કમિશનરો	૨૬	૭	૦	૩૩
ડેપ્યુટી મૅજિસ્ટ્રેટો અને ડેપ્યુટી કલેકટરો	૫૩	૧૧૩	૩૦	૧૯૬
આવકવેરાની આંકણી કરનારા અમલદારો	૧૧	૪૩	૬	૬૦
નોંધણી ખાતું	૩૩	૨૫	૨	૬૦
નીચલા દરજ્જાના ન્યાયાધીશો	૧૪	૨૫	૮	૪૭
મુનસફો	૧	૧૭૮	૩૭	૨૧૬
પોલીસ ખાતું	૧૦૬	૩૩	૦	૧૩૯
તબીબી ખાતું	૮૯	૬૫	૪	૧૫૮
કેળવણી ખાતું	૩૮	૧૪	૧	૫૩
જાહેર બાંધકામ ખાતાના ઇજનેરો	૧૫૪	૧૯	૦	૧૭૩
જાહેર બાંધકામ ખાતાના નીચલા દરજ્જાના અમલદારો	૭૨	૧૨૫	૪	૨૦૧
જાહેર બાંધકામ ખાતાના હિસાબ વિભાગના અમલદારો	૨૨	૫૪	૦	૭૬
કસ્ટમ, દરિયાઈ વહાણવટું, જમીન-માપણી વગેરે બીજાં ખાતાંઓ	૪૧૨	૧૦	૦	૪૨૨
	૧૩૩૮	૭૧૧	૯૨	૨૧૪૧

મુસ્લિમોનું પ્રમાણ હિન્દુઓના સાતમા ભાગથીયે ઓછું છે. હિન્દુઓની સંખ્યા યુરોપિયનોના અરધા ભાગ કરતાં વધારે છે. અલબત્ત ઊંચા અધિકારની બધી જગ્યાઓ યુરોપિયનોને ભાગે જાય છે. મુસ્લિમોનું પ્રમાણ યુરોપિયનોના ચૌદમા ભાગથીયે ઓછું, એટલે કે આખા તંત્રના અમલદારોની સંખ્યાના તેવીસમા ભાગ કરતાં પણ ઓછું છે.

હકીકતમાં હાલમાં કલકત્તામાં[11] એવી એકે સરકારી કચેરી નથી કે, જેમાં કોઈ મુસલમાન મજૂરની, કે કાસદની કે શાહીના ખડિયા ભરનારા ને કલમ ઘડનારા પટાવાળાની નોકરીથી ચઢિયાતી નોકરી મેળવવાની આશા રાખી શકે, એમ કહીને ડૉ. હંટર પોતાનું વર્ણન સમાપ્ત કરે છે.[12]

---

૧૧. તે સમયનું સરકારી થાણું.

૧૨. સર વિલિયમ હંટરનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૬૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણેલા લોકોના વકીલાત વગેરેના ધંધાઓની કહાણી પણ આવી જ જાતની છે.

વકીલાતના ધંધાને અંગેની તેમની પરંપરાગત કેળવણી હવે નકામી થઈ ગઈ છે, કારણ કે શાસનતંત્રમાંથી બધી મુસ્લિમ પદ્ધતિઓ રદ્દ કરવામાં આવી છે; પરિણામ એ થયું છે કે એક જમાનામાં, છેક ૧૮૫૧ની સાલ સુધી હાઈકોર્ટમાં વકીલાત કરવાનો ઇજારો મુસ્લિમોનો ગણાતો હતો તે સ્થિતિમાંથી હવે તેમની એવી અવદશા થઈ છે કે, ૧૮૫૨ની સાલથી માંડીને ૧૮૬૮ની સાલ સુધીમાં જે ૨૪૦ જેટલી સંખ્યાના દેશીઓને વકીલાત કરવાની પરવાનગી મળી, તે પૈકી માત્ર એક જ મુસલમાન હતો, એમ માલૂમ પડે છે.[૧૩]

મુસ્લિમોને સરકારી નોકરીની ભરતીમાંથી જાણીબૂઝીને બાદ રાખવામાં આવતા હતા, અને એથી ઊલટું હિંદુઓને સામાન્યપણે ખાસ પસંદગી આપવામાં આવતી હતી.[૧૪] ડૉ. હંટરે કંઈક કડવાશથી અમસ્તું નહોતું લખ્યું કે, “આજથી એકસો ને સિત્તેર વરસ પહેલાં બંગાળમાં સારા ઘરમાં જન્મેલો કોઈ પણ મુસ્લિમ ગરીબ હોય એ વાત અશક્ય ગણાતી; આજે પોતાની સ્થિતિ પૈસાદાર હોય તો તે નભાવી રાખવાનું તેને લગભગ અશક્ય થઈ ગયું છે.”[૧૫]

---

૧૩. પૂર્વે ઉલ્લેખેલું એચ. સી. બોવેનનું પુસ્તક, પા. ૪૫.

૧૪. જુઓ: “હાલમાં સુંદરવન વિભાગના કમિશનરની કચેરીમાં કેટલીક જગ્યાઓ ખાલી પડી, ત્યારે તે જગ્યાઓ પૂરવાને માટે ઉમેદવારોની અરજી મંગાવવાને તે અમલદારે સરકારી ગેઝેટમાં જાહેરાત આપી, અને તેમાં ખાસ જણાવ્યું કે, એ જગ્યાઓ હિંદુઓ સિવાયની બીજી કોઈ પણ કોમના માણસોને આપવાની નથી” — તા. ૧૪મી જુલાઈ, ૧૮૬૯નું ‘દૂરબીન’

૧૫. પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૫૫

આવી સ્થિતિ કંઈ એકલા બંગાળના મુસ્લિમોની જ નહોતી. ઓરિસ્સાના મુસલમાનોએ વિક્ટોરિયા રાણીને એક અરજ મોકલી હતી તેમાં તેમની નિરાશાનું જે પ્રતિબિમ્બ પડેલું છે તે જુઓ: “ઉમદા ખાનદાનોમાં જન્મેલા, ધંધે ગરીબ, અને સર્વ પ્રકારના આશ્રયથી વંચિત થયેલા ઓરિસ્સાના મુસલમાનોની સ્થિતિ દિવસે દિવસે કથળતી જ ગઈ છે, અને હવે ઊંચે આવવાની એકે આશાનો આધાર તેમને રહ્યો નથી. . . પહેલાં જે સરકારી નોકરીઓ અમને મળતી હતી, તે હવે અમને મળતી નથી, તેથી અમારી પાસે એક કોડી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મુસલમાનોને આર્થિક દૃષ્ટિથી કચડી નાખીને જ સરકાર થોભી નહીં, સામાજિક દૃષ્ટિથી અને કેળવણીની દૃષ્ટિથી પણ તેણે તેમની જાણી જોઈને અવદશા કરી મૂકી. ૧૮૭૦ની સાલમાં મુસ્લિમ વકીલોએ હાઈકોર્ટને એ અરજ કરીને દર્શાવ્યું કે, ખ્રિસ્તીઓને જ્યારે કોર્ટના કામકાજને અંગે વરસમાં બાસઠ દિવસો રજાના મળે છે અને હિંદુઓને બાવન મળે છે, ત્યારે મુસ્લિમોને માત્ર અગિયાર જ દિવસોની રજાની પરવાનગી છે.[૧૬] એ અરજીઓના નિકાલમાં હાઈકોર્ટે હુકમ કાઢ્યો કે, સરકારી કચેરીઓમાં જેટલા 'દેશી તહેવારો'ની રજાઓ પાડવામાં આવે છે, તેટલી હાઈકોર્ટમાં પણ રાખવી. અને સરકારી કચેરીઓમાં તો એકે મુસ્લિમ તહેવારની રજા મંજૂર કરવામાં આવી નહોતી!

પરંતુ મુસ્લિમો પર જે સૌથી મોટો અન્યાય ગુજારવામાં આવ્યો, તે કેળવણીની બાબતમાં હતો. નિશાળોમાં ફારસી અને અરબી "બિલકુલ ભણાવવામાં આવતી નહોતી."[૧૭] અભ્યાસક્રમની યોજના પણ એવી કરવામાં આવી હતી કે જેથી મુસ્લિમો આકર્ષાવાને બદલે ઊલટા ભડકી જાય.

> (મિ. હેલીએ લખ્યું છે કે) તેમની રુચિઓ વિષે કે પૂર્વગ્રહો વિષે જેમાં જરાયે છૂટછાટ મૂકવામાં આવી નથી, તેવી પદ્ધતિથી મુસ્લિમો અળગા રહ્યા તેમાં કશી નવાઈ છે ખરી? જેના બંધારણથી તેમનાં હિતોનો વિરોધ થયા વિના રહે નહીં, અને જે પદ્ધતિનો તેમની બધી સામાજિક પરંપરાઓ સાથે જરાયે મેળ નહોતો, તેનાથી તે લોકો ભડકી ગયા તેમાં કશું આશ્ચર્ય નથી.

એક બાજુથી સરકારી પદ્ધતિથી મળતી કેળવણી "તેમની જરૂરિયાતોને પ્રતિકૂળ હતી", ત્યારે બીજી બાજુથી મુસ્લિમોની પરંપરાગત

રહી નથી, અને અમારી આવી અવદશામાં કાયમની નિરાશાથી ઘેરાઈ ગયા હોવાથી અમે અમારા હૃદયના ઊંડાણમાંથી બોલીએ છીએ કે, અમે પૃથ્વીના દૂરમાં દૂર આવેલા ખૂણા સુધી મુસાફરી કરી આવીએ, હિમાલયનાં હિમાચ્છાદિત શિખરો ઉપર પણ ચઢીએ, અને સાઇબિરિયાનાં વેરાનોમાં ભટકીએ, જો અમને ખાતરી થાય કે, એમ રઝળીને કે મુસાફરી કરીને આખરે અમારા પર માસિક ચાળીસ રૂપિયાના પગારની સરકારી નોકરીની મહેરબાની થવાની છે."

૧૬. પહેલાં સરકારે મંજૂર કરેલી મુસ્લિમ તહેવારોની રજાઓની સંખ્યા એકવીસની હતી.

૧૭. પૂર્વે ઉલ્લેખેલું એચ. સી. બોવેનનું પુસ્તક, પા. ૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરી આવેલી કેળવણીને કોઈ જાતનો આધાર રહ્યો નહોતો. યુવકોની કેળવણીને અર્થે અને દેવોની પૂજાઅર્ચાને અર્થે બક્ષિસોમાં જમીનો કાઢી આપવાનો, હિન્દના રાજાઓનો રિવાજ પરાપૂર્વથી ચાલી આવ્યો છે. મિ. જેમ્સ ગ્રાન્ટ નામના મહેસૂલી ખાતાના એક અધિકારીએ કાઢેલા અંદાજ મુજબ, અંગ્રેજોએ બંગાળના શાસનનો હવાલો લીધો તે સમયે, બંગાળના આખા ઇલાકાની જમીનનો ચોથા ભાગનો હિસ્સો મસ્જિદોના કે દેવળોના નિભાવ અર્થે, અને કેળવણીનાં કાર્યોના નિભાવ માટેની બક્ષિસો પેટે રાજ્યને દફતરે ચાલતો હતો. છેક વૉરન હેસ્ટિંગ્સના સમયથી આ બધી બક્ષિસોને રદ કરી, તેમની બધી જમીનો ખાલસા કરીને રાજ્યને નામે ચઢાવવાના એકધારા પ્રયાસો થયા હતા. આખરે ૧૮૨૮ની સાલમાં ખાસ અદાલતોની સ્થાપના કરવામાં આવી, અને ત્યાર પછીનાં થોડાં વર્ષો દરમિયાન આ બક્ષિસોને પાછી સરકારને નામે ચઢાવવાના કામમાં આઠ લાખ પાઉન્ડની રકમ રોકીને રાજ્યે વાર્ષિક ત્રણ લાખ પાઉન્ડની[૧૮] કાયમની આવક ઊભી કરી, અને દેશી કેળવણીની પ્રથાએ પોતાના નિભાવ માટેની એટલી આવક ગુમાવી.[૧૯]

આ બક્ષિસોની જમીનોને સરકારને નામે ચઢાવવાના કામ માટે નિમાયેલા અમલદારોની લોભી ઝડપમાંથી જે બક્ષિસો બચી ગઈ હતી, તે પણ આખરે પરંપરાથી કેળવણીનું કાર્ય કરતા આવેલા શિક્ષકોના હાથમાં તો ન જ રહી.[૨૦] આમ બચી ગયેલી બક્ષિસોનો વહીવટ પણ સરકારે પોતાને હસ્તક લઈ લીધો. આ જાતનો સૌથી હડહડતા અનાચારનો દાખલો હુગલી ટ્રસ્ટનો છે.

---

૧૮. પાંચ ટકાનો વ્યાજનો દર ગણતાં આ વાર્ષિક આવકની મૂડી સાઠ લાખ પાઉન્ડ થાય.

૧૯. તા. ૩૦-૪-૧૮૪૬નો 'ધિ ફ્રેન્ડ ઑફ ઇન્ડિયા' (હિન્દમિત્ર) પત્રનો અંક જુઓ.

૨૦. જુઓ: "તે સમયથી દેશી રાજાઓના અમલમાં સારી કમાણીનો અને મોભાદાર ગણાતો સાક્ષરનો વ્યવસાય નાબૂદ થઈ ગયો."—ડબલ્યુ. ડબલ્યુ. હંટર, પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૮૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અઢારમા સૈકામાં થઈ ગયેલા સૌથી નામાંકિત હિન્દીઓ પૈકીના એક"[૨૧] હાજી મહમદ મોશીને પોતાની, તથા પોતાની સાવકી બેન મનુ જાન ખાતુમની બહોળી મિલકતનું એક ટ્રસ્ટ સ્થાપ્યું, જેની આવકનો ઉપયોગ કેળવણીનાં કાર્યોમાં કરવાનો હતો. ૧૮૧૭ની સાલમાં ટ્રસ્ટનો વહીવટ સરકારને હસ્તક આવ્યો, અને તેણે ટ્રસ્ટની આવકમાંથી હુગલી કૉલેજ ચલાવવા માંડી. મિ. એચ. સિ. ઓવેન ૧૮૭૨ની સાલમાં લખે છે: "મેં જોયું કે થોડાં વર્ષો પહેલાં (કૉલેજમાં) શિક્ષણ લેતા ત્રણસો વિદ્યાર્થીઓ પૈકી માત્ર ત્રણ જ મુસ્લિમ હતા." આથીયે ભૂંડી વાત તો એ હતી કે, "ફારસી અથવા અરબીનો કક્કો ન જાણનારા" એક અંગ્રેજની સગવડભરેલી જોગવાઈ કરવાને માટે, તેને વાર્ષિક પંદરસો પાઉન્ડના દરમાયાથી કૉલેજના પ્રિન્સિપાલની જગ્યા પર નભાવવામાં આવતો હતો, અને તેના ખર્ચનો બધો ભાર ટ્રસ્ટને માથે પડતો હતો. વળી ટ્રસ્ટનું એકઠું થયેલું (પાઉન્ડ ૧,૦૫,૭૦૦)નું ભંડોળ પચાવી પાડીને સરકારે કૉલેજનું મકાન બાંધવામાં ખરચી નાખ્યું, અને વરસના ૫૦૦૦ પાઉન્ડ તે મકાનની મરામત ખાતે દર વરસે ટ્રસ્ટની આવકમાંથી લઈ લેવા માંડ્યા. સરવાળે આ બધી વાતનો અર્થ એટલો કે, વાર્ષિક ૫,૨૬૦ પાઉન્ડની ટ્રસ્ટની આવકમાંથી દર વરસે માત્ર ૩૫૦ પાઉન્ડ ખરચીને સરકાર એક નાનકડી નિશાળ નભાવતી એટલે કે મુસ્લિમ કેળવણીને માટે વાપરતી. જ્યાં આવું થાય ત્યાં મુસ્લિમ કોમ પર નિરક્ષરતાનું અંધારું ફરી વળે તેમાં શી નવાઈ?

એક સૈકાથીયે વધારે સમય સુધી દઢતાથી ચલાવવામાં આવેલા આવા દમનને અંતે મુસ્લિમો હિંમત હારી ગયા, અને પોતાને ભૂખમરામાં તેમ જ નામોશીમાં ડૂબી ગયેલા માનવા લાગ્યા તેમાં કશી નવાઈ છે ખરી? ડૉ. હંટરના નિખાલસ શબ્દોમાં કહીએ તો "તે લોકો બ્રિટિશ અમલથી હાલહવાલ થઈ ગયેલી એક કોમ છે."

મહાસભાની સરકારો સત્તારૂઢ હતી તે સત્તાવીસ મહીના દરમિયાન, તેમણે ગુજારેલા ભયંકર 'અત્યાચારો'ની સામે મુસ્લિમ લીગ આજે પોકાર પાડતાં થાકતી નથી. અને છતાં જે સરકારે લગભગ સો વર્ષના ગાળા

૨૧. સર આશુતોષ મુકરજી: 'ફેમસ લેટર્સ એન્ડ સ્પીચિઝ' (સુપ્રસિદ્ધ પત્રો અને ભાષણો), પા. ૬૨૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમિયાન મુસ્લિમ કોમ પર બધી જાતના અન્યાયો ગુજાર્યા, તેને વિષે લીગને ઝાઝું કહેવાનું હોય એમ લાગતું નથી. હાજી મહમદ મોશીને સ્થાપેલા કેળવણીના ગંજાવર ટ્રસ્ટની મિલકતને વેડફી નાખી; લશ્કરમાંથી, સરકારી નોકરીઓમાંથી અને વકીલાતના ધંધામાંથી મુસ્લિમોને લગભગ હાંકી કાઢ્યા; મુસ્લિમ કોમમાં અજ્ઞાનનો અંધકાર ફેલાવવાના જાણીબૂઝીને સેવેલા આશયથી મુસ્લિમ બાળકોની નિશાળોમાં અરબી અને ફારસી ભણાવવાની કશી જોગવાઈ ન રાખી; એ બધી સિદ્ધિઓ મહાસભાની નથી, પણ જે બ્રિટિશ સરકાર આજે હિંદની 'મહાન' મુસ્લિમ કોમને પ્રસન્ન રાખવાને જે કંઈ કરવું પડે તે કરવાને તત્પર થઈ છે, તે બ્રિટિશ સરકારની છે. માણસની પાસે જે કંઈ હોય તે બધું તેની પાસેથી બળજબરીથી પડાવી લઈને પછી તેની ઉદારતા પર વારી જવું, તેને ગરીબી તેમ જ અજ્ઞાનના અંધકારમાં ખોસી દેવાને માટે જે કંઈ કરવા જેવું હોય તે કરી રહ્યા પછી તેની સંસ્કૃતિને વિષે આફરીન આફરીનના પોકારો કરવા, તેની છેક ખાનાખરાબી કર્યા પછી તેને કહેવું કે, ભાઈ તારી કોમના જેવી મહાન કોમ બીજી એકે નથી; આવું બધું હિંદુસ્તાનમાં કરવાને વાંધો નથી, કેમ કે 'આ ભૂમિમાં પ્રવેશ કર્યા પછી પોતાના વતનમાં જેનો વિચાર સરખો ન થાય તે અહીં વિચારવા જેવું જ નહીં, કરવા જેવું લાગે છે, અને ઘણી વાર કરવામાં પણ આવે છે'.

મુસ્લિમ કોમનું આ જાતનું પદ્ધતિસરનું દમન લગભગ છેક ૧૮૮૫ની સાલ સુધી ચાલ્યું. તેને પરિણામે હિંદની બે મહાન કોમોની સ્થિતિ વચ્ચે સ્વાભાવિક રીતે જ એક ભારે વિષમતા ઊભી થઈ; કેમ કે સરવાળે મુસ્લિમોએ જે ગુમાવ્યું તે હિંદુઓને આવી મળ્યું. એક સૈકાના ચાલુ દમનથી મહાન મુસ્લિમ કોમ તૂટી ગઈ, અને એક સૈકા સુધી મળતા રહેલા સરકારી આશ્રયથી હિંદુઓમાં એક સામુદાયિક જાગૃતિની ભાવના પેદા થઈ. રાજા રામમોહન રાય, શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી શ્રી દયાનંદ સરસ્વતી, અને ન્યાયમૂર્તિ રાનડે જેવા પુરુષોએ કરેલી પ્રારંભની સાધનાને પરિણામે એ નવી જાગૃતિને રાષ્ટ્રવાદની દિશા મળી, અને તે જાગૃતિની ભાવનામાં રાષ્ટ્રીયતાનો રંગ પુરાયો. હિંદુ કોમ સરકારની જુદી જુદી નીતિરીતિઓમાં ઉત્તરોત્તર વધારે ને વધારે ખામીઓ કાઢવા લાગી. સરકારી આશ્રયથી સ્થપાયેલી (૧૮૮૫) હોવા છતાં હિંદી રાષ્ટ્રીય મહાસભા દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને માથે આવી રહેલા ભાવી ભયની નિશાની સરકારે પારખી લીધી. એ ભયનો પ્રતિકાર કરવાને માટે, તે દિન સુધી પોતાના આશ્રયને પાત્ર માનેલા હિંદુઓને તજીને, સરકારે હવે તે આશ્રય મુસ્લિમોને આપવા માંડ્યો. પોતે મારેલી આ ગુલાંટમાં, અસલમાં પોતે જ આદરેલી ચોક્કસ નીતિઓને પરિણામે ઊભી થયેલી બન્ને કોમ વચ્ચેની વિષમતાનો સરકારે ભારે આવડતથી, અને પોતાને વધારેમાં વધારે લાભ થાય એ રીતે ઉપયોગ કર્યો. બન્ને કોમ વચ્ચેના પ્રાચીન સંબંધો જે "ધર્મ સિવાયના બીજા હેતુઓના પાયા પર ઘડાયેલા હતા,"[૨૨] તેમની હવેથી એવી રજૂઆત થવા લાગી કે, તે બન્ને વચ્ચે હમેશ પરસ્પર વિરોધના અને ધાર્મિક ઝઘડાઓના સંબંધો જ ઊતરી આવ્યા છે. નિષ્પક્ષપાતપણાનો અંચળો ઓઢીને, એક નાની, અને દેખીતી રીતે જ પછાત પડી ગયેલી તથા ગરીબ બની ગયેલી (મુસ્લિમ) કોમને હિંદની વિશાળ હિંદુ વસ્તીની સામે રક્ષણ આપનારા વહારી તરીકે સરકાર હવે આગળ આવી.

પણ હવે આપણી મૂળ વાતને આગળ ચલાવીએ. બંગાળના ઉપલા વેપારીઓ અને મૂડીદાર વર્ગનો, ત્યાંના મુસ્લિમ હકરાતી ઉમરાવ વર્ગને કચડી નાખવાને કેવો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે આપણે જોયું છે. આ નીતિ હિંદમાં સર્વ સ્થળોએ એક સરખી રીતે અજમાવવામાં આવી હતી. હિંદના બંગાળ સિવાયના બીજા ભાગોમાં વસતા જૈન તેમ જ હિંદુ વેપારીઓએ બ્રિટિશ લોકોને તેમનું રાજ્ય આ દેશમાં સ્થાપવાના કાર્યમાં સહાય કરવાની માંહોમાંહે જાણે હરીફાઈ માંડી હતી.

તે લોકોનું એટલું બધું મહત્ત્વ ગણવામાં આવતું હતું, અને તેમની સાથે એટલો બધો ભરોસાનો વહેવાર રાખવામાં આવતો હતો કે, આજે જે પ્રમાણે ઊંચે દરજ્જે પહોંચેલા પ્રજાજનો વાઇસરૉય અથવા ગવર્નરની પધરામણીને દિવસે તેમનું સન્માન કરવાને ઉત્સુક હોય છે, તેવી જ રીતે મોટા બ્રિટિશ અમલદારો જે દિવસે આવે તેને તે જ દિવસે તે લોકોની મુલાકાતે જતા.[૨૩]

---

૨૨. એ. યુસુફ અલી : 'કલ્ચરલ હિસ્ટરી ઑફ બ્રિટિશ રૂલ ઇન ઇંડિયા' (હિંદના બ્રિટિશ શાસનનો સાંસ્કૃતિક ઇતિહાસ), પા. ૨૫.

૨૩. ટી. એસ. શેજવલકર : 'નેટિવ સપોર્ટ ઑફ ધિ બ્રિટિશ ડોમિનિયન ઇન ઇંડિયા (હિંદના બ્રિટિશ વર્ચસ્વને દેશી લોકોનો આધાર), પૂનાની ડેક્કન કૉલેજના 'બુલેટિન ઑફ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (પુરાતત્ત્વ સંશોધન મંદિરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ જેમ સમય વીતતો ગયો, અને બ્રિટિશ લોકો પોતાની સત્તાનો પાયો બરાબર જમાવતા ગયા, તેમ તેમ દેશના ઠકરાતી માલિકોની સત્તા તોડવાને માટે હિન્દુ વેપારીઓનો આધાર લેવાની જરૂર પણ ઘટતી ગઈ. એ સમય પૂરો થયો તે પહેલાં, કાયમી જમાબંધીની પદ્ધતિ દાખલ કરીને, ખાસ કરીને બંગાળ અને યુક્ત પ્રાન્તોમાં પોતાની જમીનની માલકીને અંગે બ્રિટિશ સરકાર પર સંપૂર્ણપણે આધાર રાખનારો જમીનદારોનો એક નવો વર્ગ ઊભો કરવામાં આવ્યો હતો. ઠકરાતી સમાજના અવશેષનો ઉપયોગ હવે નવો નીપજેલો ઔદ્યોગિક મૂડીદારોનો જે વર્ગ હિન્દમાં માથું કાઢવાને મથી રહ્યો હતો, તેના ઉદયને રૂંધવાને માટે કરવામાં આવ્યો. આ દેશમાં રોકવામાં આવેલી બ્રિટિશ ઔદ્યોગિક મૂડીનો મોટો ભાગ જમીનદારી પ્રદેશોમાં રોકાયેલો છે, તે છેક અકસ્માત નથી. અંગ્રેજ વેપારીઓનો જે મોભો કલકત્તામાં જળવાય છે તેવો મુંબઈમાં તેમને કદી મળ્યો નથી તેનું કારણ એ છે કે, તે પ્રદેશમાં આવેલા બ્રિટિશ મૂડીથી ચાલતા ઉદ્યોગો પર અંગ્રેજ વેપારીઓનો કાબૂ છે, અને જમીનદારોના નફાની મોટા ભાગની મૂડી તે ઉદ્યોગોમાં રોકાયેલી છે. વળી ૧૯૦૬ની સાલમાં મિ. આરકિબોલ્ડે કહ્યું હતું કે, હિન્દ જેવા દેશમાં જમીનદારોના અભિપ્રાયોને વજન મળવું જોઈએ, તે પણ છેક નિષ્પ્રયોજન નહોતું કહ્યું.[૨૪]

બળવો શમાવવાને માટે, અને તે પછી પણ એક હિન્દીને બીજા હિન્દી સાથે લડાવી મારવાની નીતિનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુસ્લિમોને લશ્કરમાંથી કેવી રીતે બાકાત રાખવામાં આવ્યા હતા, તે આપણે આ પૂર્વે જોયું છે. ૧૮૫૭ની સાલ સુધી બંગાળના લશ્કરમાં પંજાબના લોકોની ભરતી પર કડક અંકુશ રાખવામાં આવ્યો હતો. પરંતુ બળવા પછી,

> જે શીખો તેમ જ બીજા પંજાબીઓ તથા ડુંગરાળ પ્રદેશના લોકો પોતાનું જૂનું વેર લેવાને તલસી રહ્યા હતા, તેમને ભરતી કરીને બંગાળના લશ્કરમાં

પત્રિકા), ભાગ પહેલો, અંક ૨-૪, માર્ચ, ૧૯૪૦માંથી લીધેલું. બ્રિટિશ લોકોએ હિંદી શેઠિયાઓને વખતો વખત આપેલી સનદોના અસલ અને પ્રમાણભૂત ઉતારાઓ શ્રી. શેજવલકરે આપેલા છે.

૨૪. પ્રકરણ ૪ થું જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડેલાં ગાબડાં તુરતાતુરત પૂરી લેવામાં આવ્યાં હતાં. આ ભોળા લોકોને હિન્દુસ્તાની સિપાઈઓની મદદથી બ્રિટિશ લોકોએ જેર કર્યા હતા, અને તે બધા, જે મૂઠીભર અંગ્રેજો તેમના સાચા દુશ્મનો હતા, તેમને બદલે આ હિન્દુસ્તાની સિપાઈઓને જ પોતાના વેરી સમજતા. બળવો દબાવી દેવાના કાર્યમાં લશ્કરી અમલદારોએ આ વેરવૃત્તિનો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો. લૉર્ડ ડેલહાઉસીને ગુરખા સિપાઈઓની ભરતીના સમાચાર વિલાયતમાં મળ્યા ત્યારે તેણે લખ્યું કે, 'અવધના સિપાઈઓની સાથે ગુરખાઓ શેતાનની ઝનૂનથી લડશે એની મને પાકી ખાતરી છે.' ત્યાર બાદ થોડા સમય પછી હિન્દી લશ્કરના 'ચીફ ઑફ સ્ટાફ' (લશ્કરના જુદા જુદા વિભાગોના સંબંધોનું નિયંત્રણ કરનારા મંડળનો વડો અમલદાર) જનરલ મૅન્સફીલ્ડે પણ લખ્યું હતું કે, 'શીખો પોતાની હરાઈ ગયેલી સ્વતંત્રતા પાછી મેળવવાને માટે આ તકનો ઉપયોગ કરવાને બદલે આપણા ઝંડા નીચે આવીને એકઠા થયા હતા, તે આપણા પર તેમને એકાએક પ્રેમ ઉભરાઈ આવ્યો હતો તેથી નહીં, પરંતુ તેમને હિન્દુસ્તાની તેમ જ બંગાળી લશ્કર પર ઊંડા વેરની ભાવના હતી તેથી.[૨૫]

આ રીતે હિંદી લોકોના પરસ્પર અલગપણાના ભાનની વૃત્તિઓને એકધારી ચીવટથી કેળવીને પોષણ આપવામાં આવ્યું હતું, અને બ્રિટિશ રાજની સલામતી સાધવાને માટે તે વૃત્તિઓને કામમાં લેવામાં આવી હતી. આ પ્રયોગ માટેની ભૂમિ પણ અંગ્રેજોને ખરેખર બહુ અનુકૂળ મળી ગઈ. મોગલ સામ્રાજ્યની વ્યવસ્થા તૂટી પડી હતી, અને મરાઠાઓમાં અંદર અંદરના વિખવાદો ચાલ્યા કરતા હતા, તેથી આ આખા મુલકની પ્રજાને કોઈ એક મધ્યવર્તી આલંબન પ્રત્યેની નિષ્ઠાની ભાવનાના બંધથી એકત્ર બાંધી રાખી શકે, એવી એકે રાજ્યતંત્રની સંસ્થા શેષ રહી નહોતી, અને લોકોનાં દિલ પોતપોતાના પ્રદેશોના અને કોમોના વાડાઓની મર્યાદિત નિષ્ઠા તરફ ખેંચાવા લાગ્યાં હતાં. આ અણીની પળે અંગ્રેજોએ હિંદી રાજકારણના તખ્તા પર પ્રવેશ કર્યો. આ ભૂમિને પોતાનું વતન બનાવીને રહેવાની તેમની મરજી નહોતી, અને તેના પર રાજ કરવાનો લોભ તો છૂટતો નહોતો, એટલે અંગ્રેજોને સૂઝયું કે, આપણી સફળતાનો અને આપણું મધ્યવર્તી સ્થાન સાચવી રાખવાનો એક માત્ર યોગ હિંદની રાજ્યવ્યવસ્થામાં સમાતા, ભિન્ન ભિન્ન પ્રાદેશિક અને કોમી ભાવનાથી બંધાયેલા

---

૨૫. નીરદ સી. ચૌધરી : 'ડિફેન્સ ઑફ ઇન્ડિયા' (હિન્દનું સંરક્ષણ), પા. ૩૧–૩૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડાઓની પોતપોતાની અલગપણાની ભાવનાને પોષવામાં રહેલો છે. સમયના અંતરનું પ્રમાણ જાળવીને આ દૃષ્ટિથી જોતાં, જેને અમે આ દેશને પોતાનું વતન બનાવવાના અંગ્રેજોના મહાન ઇન્કારનું નામ આપેલું છે, તે ઘટનામાં રહેલા તેમના ગુનાનું વાસ્તવિક અને નગ્ન સ્વરૂપ નજરે પડે છે. અંગ્રેજોએ હિંદની ભૂમિને કેવળ લૂંટ ચલાવવા માટેના, અને અત્યાચારો ગુજારવાના ક્ષેત્ર તરીકે ગણવાને બદલે પોતાનું વતન બનાવવાની મમતાની ભાવના રાખી હોત, તો તેમની કાર્યકુશળતા, તેમ જ તેમની શિસ્તની અને સામાજિક સંપની ભાવનાનો, હિંદના સમાજજીવનનાં લાવણ્ય, ગૌરવ તેમ જ ઉદાર હૃદયની સમભાવની ભાવના સાથે સુંદર સુમેળ સધાયો હોત, અને તે સુમેળમાંથી દુનિયાને ગૌરવ લેવા જેવી એક પ્રજાનું નિર્માણ થયું હોત. પરંતુ સરાઈમાં રાતવાસો રહીને તેનો ઉપભોગ કરનારા, અને બીજી સવારે ઊઠીને તેને છોડીને ચાલી નીકળનારા મુસાફરોની માફક તેમણે અહીં રહેવાનું પસંદ કર્યું, અને હજી પણ તે જ ભાવથી તેઓ અહીં ચોંટી રહ્યા છે. પરિણામે તેમણે કરેલી ખાનાખરાબીના ઊંડા ઘા આ દુર્ભાગી ભૂમિના દેહ પર પડેલા છે.

અંગ્રેજોના મહાન ઇન્કારની અસર હિંદી જીવનના દરેકેદરેક પાસા પર ઊઠેલી છે. બ્રિટિશ હકૂમતનાં પ્રારંભનાં વર્ષો દરમિયાન, અંગ્રેજોએ આદરેલી આર્થિક નીતિએ પ્રજાના દમનનું જે સ્વરૂપ ધારણ કર્યું હતું, તે લગભગ હિન્દના લોકોની તેમણે ચલાવેલી એક લૂંટ જેવું જ બની ગયું હતું. તે જમાનાનો એક હેવાલ આપણને જણાવે છે :

> સાચી રીતે હવે કહીએ, તો આખા દેશનો અંતર્ગત વેપાર હાલમાં જે પદ્ધતિથી ચલાવવામાં આવે છે .. . તે પ્રજાના સતત કરવામાં આવતા દમનના સ્વરૂપની છે. તે દમનની ખાનાખરાબી કરનારી અસર દેશના એકેએક વણકર અને એકેએક કારીગરે અનુભવી છે, કેમ કે દરેક વસ્તુનું ઉત્પાદન એકહથ્થુ ઇજારા જેવું થઈ ગયું છે. એ ઇજારાની પદ્ધતિ અનુસાર દરેક કારીગરે કેટલો અને કેવો માલ અંગ્રેજોને પૂરો પાડવો, અને તેની તેને કેટલી કિંમત ચૂકવવી, તેનો તે જ લોકો સ્વૈર રીતે નિર્ણય કરે છે.[૨૬]

આ આર્થિક દમનનો પંજો "જે સરકારી મહેસૂલની પદ્ધતિની અસર

---

૨૬. ૧૭૭૨ની સાલમાં વિલિયમ બોલ્ટે કરેલું લખાણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દમનકારી અને હતાશ કરી નાખનારી હતી, તેનાથી કમજોર બની ગયેલા"[૨૭] ખેડૂતો પર જોરથી પડ્યો. ખેડૂતો પર જમીન મહેસૂલનો ભાર એટલો બધો વધી ગયો કે, તેની નીચે તે લોકો લગભગ ચગદાઈ મૂઆ. નાણાના પાયા પર ઊભી કરેલી અર્થવ્યવસ્થા સરકાર વધારે પસંદ કરતી હતી તેથી, અને ઈંગ્લંડનાં ઔદ્યોગિક હિતોનાં દબાણથી તેણે સ્થાનિક હાથકારીગીરીના ઉદ્યોગોને પ્રથમ આશ્રય આપવાનું બંધ કરી પાછળથી કચડી નાખ્યા. લોકોની સ્થિતિ આથી વળી વધારે કથળી.

રાજકર્તાઓની પ્રજાના કલ્યાણ વિષેની ઉપેક્ષા, અથવા સાચું કહીએ તો તે પ્રત્યેના વિરોધભાવની ખાનાખરાબી કરનારી અસર મુર્શિદાબાદની એકાએક થયેલી પડતીમાં બરાબર જોવાની મળે છે. ૧૭૫૭ની સાલમાં ક્લાઈવે એ શહેરને "લંડનના જેટલા જ વિસ્તારવાળું અને તેના જેટલું જ સમૃદ્ધ જોયું હતું. ફેર માત્ર તેના જોવામાં આવ્યો તે એટલો કે મુર્શિદાબાદમાં લંડનના કરતાં ઘણી વધારે સંપત્તિવાળી વ્યક્તિઓ વસતી હતી." બ્રિટિશ અમલના થોડા દાયકાઓ પછી એ આબાદ અને મગરૂર શહેર પોતાની હસ્તી ટકાવી રાખવાને ફાંફાં મારતા એકાદ નાના કસ્બાની પાયરીએ ઊતરી ગયું.

આ બધા વિશાળ આર્થિક ફેરફારોએ હિંદની વિશાળ આમજનતાને બહુ કપરી દશામાં મૂકી દીધી, અને તેથી સામુદાયિક માનસમાં એક જબરો ક્ષોભ જાગ્યો. પૂર્વ અને પશ્ચિમના સંપર્કથી, એટલે કે બે સંસ્કૃતિઓના સંયોગથી એવો જ એક બીજો ક્ષોભ પણ પેદા થયો હતો, પરંતુ આ એકે મંથનની પ્રેરણાએ, અનેક મહત્ત્વનાં કારણોને લીધે રાજકીય ચળવળનું સ્વરૂપ ન પકડ્યું. હિંદનાં ગામડાંઓની પ્રાચીન અર્થવ્યવસ્થા તૂટી ગઈ ખરી, પરંતુ તેની પાછળ યંત્રોથી ચાલતા ઉદ્યોગોનો ઝપાટાબંધ વિકાસ ન થયો, તેથી આમજનતાને પોતાનો સામુદાયિક પરિશ્રમ અસરકારક રીતે યોજવાના માર્ગો ન જડ્યા. વળી બે સંસ્કૃતિઓના સંઘર્ષથી લોકસમુદાયમાં નીપજેલું નવજીવન પણ વિધવિધ કારણોસર ક્ષીણ થતું થતું આખરે ઓસરી ગયું.

---

૨૭. 'રિપોર્ટ ઑફ ધિ ફેમિન કમિશન — ૧૮૬૦-૬૧' (દુકાળની તપાસ માટે નિમાયેલા કમિશનનો હેવાલ — ૧૮૬૦-૬૧), પા. ૨૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તો દૂર દેશમાં બેસીને રાજવહીવટ ચલાવવાના નવા અખતરાને લીધે વિજેતા કોમનું ગુમાન જિતાયેલી પ્રજાની સાથે સંસ્કારવિનિમયનો સંબંધ બાંધવા જેટલું કદી પીગળ્યું નહીં, અને પરિણામે જે સમાન ભાવથી બંનેને પરસ્પરની બરાબર ઓળખ થાત, તેમ જ વિચારોની પરસ્પર ફળદાયી આપલે થાત, તેવો સમાનભાવ પણ બન્ને વચ્ચે બંધાયો નહીં. મુસ્લિમ શાસનમાં સંસ્કારવિનિમયને પરિણામે સંસ્કૃતિનો જે મોટો ફાલ ઊતર્યો, તેને મુકાબલે હિંદની બ્રિટિશ પ્રજાએ કરેલી જીતને સાવ વંધ્ય ગણવી જોઈએ.[૨૮] બ્રિટિશ સંપર્કના શરૂઆતના દિવસોમાં, સંસ્કૃતિને અંગેની જે થોડી નવજાગૃતિ જોવાની મળે છે તે જે પ્રદેશો બ્રિટિશ શાસનમાંથી હજી મુક્ત રહ્યા હતા, અને જ્યાં બન્ને સંસ્કૃતિઓ સમાન અધિકારને ધોરણે મળી શકતી હતી, એવા પ્રદેશોમાં જ થવા પામી હતી, તે વાત ઊંડા અર્થથી ભરેલી છે. દાખલા તરીકે, લખનૌના રાજદરબારમાંથી સાહિત્ય, સંગીત અને કળાનાં ક્ષેત્રોમાં એક નવીન યુગ પ્રગટ્યો હતો.[૨૯] આ નવજાગૃતિની પ્રવૃત્તિ લોકોની બોલી ઉર્દૂના પાયા પર રચાયેલી હતી, તેથી તે આમજનતાના હૃદય સુધી પહોંચી અને તેણે તેને નવી તાજગી આપી. એટલે જ ૧૮૫૭ ની સાલના દિલ હલાવનારા દિવસોમાં અવધના લોકોએ બ્રિટિશ રાજનો સૌથી પ્રખર પ્રતિકાર કર્યો, અને બળવાએ ત્યાં આમજનતાના સામુદાયિક સામનાનું સ્વરૂપ લીધું,[૩૦]

૨૮. જુઓ: "કમનસીબે એટલું કબૂલ કરવું પડે છે કે, છેલ્લાં દોઢસો વર્ષનો યુગ છેક નિરાશાજનક છે, અને કેટલીક દૃષ્ટિથી હિંદની તવારીખમાં છેક વંધ્ય માલૂમ પડ્યો છે." — જી. ટી. ગૅરેટ: 'ધિ લિગસી ઑફ ઇંડિયા' — ૧૯૩૭ (હિંદનો વારસો — ૧૯૩૭), પા. ૩૯૪ અને તે પછીનાં.

૨૯. જુઓ: "વાજીદ અલી શાહના દરબારના રાજકીય અને વહીવટી ક્ષેત્રોમાં ગમે તેવા દોષો હોય, તો પણ બધી જાતની કળાઓને માટે તો તે સ્વર્ગ સમો હતો. કાવ્ય, વાદ્ય સંગીત, નૃત્ય, ગીત અને નાટક, એ બધી કળાઓને ત્યાં ઉદારતાથી ભરપૂર આશ્રય મળતો હતો . . . લખનૌના નવાબી વાતાવરણમાં પશ્ચિમની કળા હકૂમતનો દોર ચલાવવાને નહોતી ગઈ, પરંતુ સહકાર્ય કરવાને તેમ જ સેવા કરવાને ગઈ હતી." — એ. યુસુફ અલી: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક.

૩૦. જુઓ: "અવધ, રોહિલખંડ, બુંદેલખંડ અને સાગર તેમ જ નર્મદાનો પ્રદેશ, એ આપણા સામ્રાજ્યના ચાર મોટા પ્રાંતોમાં લોક સમુદાયનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં નવાઈ પામવા જેવું કશું નથી. અવધનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું, એટલે દરબાર તરફથી મળતો આશ્રય બંધ થવાથી નવી જન્મ પામેલી નવજાગૃતિની પ્રવૃત્તિ ચીમળાઈ ગઈ.[૩૧]

બીજાં સ્થળોએ આર્થિક સંક્ષોભ અને સંસ્કૃતિને અંગેની નવજાગૃતિ, એ બન્ને અંગ્રેજી શિક્ષણને નામે ઓળખાતી કેળવણીની પદ્ધતિના ફેલાવાને લીધે, કોઈ મોટા રાજકીય ખળભળાટને સ્વરૂપે એકત્ર ન થઈ શક્યાં. અહીં આપણે પેલા મહાન ઇન્કારની ખાનાખરાબી કરનારી અસરને વળી પાછી જોઈ શકીએ છીએ, કેમ કે તે ઇન્કારને કારણે અંગ્રેજી ભાષાને દેશની પ્રકૃતિની સાથે સમરસ થવાની સંધિ ન મળી. પરંતુ નવી વ્યવસ્થાને અંગે તેનું જ્ઞાન જરૂરી હતું, તેથી દેશનો ભણેલો વર્ગ તેની પાછળ મંડ્યો, અને તે વર્ગે પોતાની જન્મભાષાઓની સમૂળગી ઉપેક્ષા કરી. તે જમાનાના સાહિત્યમાંથી એ ઉપેક્ષાના પડઘા હજીયે સંભળાયા કરે છે. સૌદા (૧૭૧૩-૮૦) થી માંડીને ગાલિબ (૧૭૯૭–૧૮૬૯) સુધી નિરાશા અને લાચારીની ભાવનાનો સૂર એકધારો સંભળાયા કરે છે.

દેશી ભાષાઓની આવી ઉપેક્ષા થવા માંડી, તેથી આમ જનતાના વિશાળ સમુદાયો નિરક્ષરતાના અંધકારમાં વધારે ને વધારે ડૂબવા લાગ્યા. હિન્દની અસંખ્ય ન્યાતો અને જાતિઓમાં અંગ્રેજી ભણેલા હિન્દીની એક નવી ન્યાતનો ઉમેરો થયો. એ અંગ્રેજી ભણેલા હિન્દીનો, પોતાના નિરક્ષર દેશબાંધવો સાથેનો બધો સંપર્ક તૂટી ગયો, અને વરસો વીતતાં ગયાં તેમ તેમ તે બન્ને વચ્ચેનું અંતર વધતું જ ગયું. ભણેલા સાક્ષરો જે દુનિયામાં વિહરતા હતા, તે દુનિયા તેમના અભણ, ગરીબ અને કમનસીબ દેશબાંધવોને એક અજાણી તેમ જ પારકી ભૂમિ લાગવા માંડી.

મોટો ભાગ બ્રિટિશ રાજની સામે ઊઠ્યો હતો. (બાળબોધ અમારું કરેલું છે.) —કે અને માલેસન : 'હિસ્ટરી ઑફ ધિ ઇંડિયન મ્યુટિની,' વૉ. ૫ (હિંદી બળવાનો ઇતિહાસ, ભા. ૫ મો), પા. ૨૯૩.

૩૧. હિંદની કળાકારીગીરીને આશ્રય આપવામાં બ્રિટિશ સરકારે પોતાનું કંજૂસપણું હજી છોડ્યું નથી. નવી દિલ્હીનાં બાંધકામોની પાછળ ચૌદ કરોડ રૂપિયા ખરચાયા, તેમાંથી મોટા લોકોના ભોજન સમારંભમાંથી વધેલા એઠવાડના જેવી નાની નાની રકમો જ માત્ર હિંદી કળાકારો અને કારીગરોના હાથમાં આવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી કેળવણીને સૌથી પ્રથમ અપનાવનારા હિન્દુઓ, તે કેળવણીએ તેમની આંખ સામે ખુલ્લા કરેલા પ્રદેશથી એવા તો અંજાઈ ગયા કે, પોતાના દેશની પરંપરાઓમાંથી સમૂળ ઊખડી જઈને તેમણે પોતાના રાષ્ટ્રીય વારસાની તિરસ્કારપૂર્વક અવજ્ઞા કરવા માંડી. કેળવાયેલા લોકોમાં પશ્ચિમની કેળવણીની પાછળ જે નવજાગ્રતિ આવી, તેને માથે આ પતિત હિન્દુઓના ઉદ્ધારનું એવું મોટું કાર્ય આવી પડયું કે, આમજનતાના અસંતોષને સંગઠિત કરીને તેને રાજકીય દિશામાં વાળવાનો તેને વખત જ ન રહ્યો. અને એ નવજાગૃતિથી પ્રેરિત થયેલા લોકોને એવો વખત મળ્યો હોત તો પણ તે કામ તેમને હાથે યશસ્વી રીતે પાર ન પડત, કારણ કે તેમની કેળવણીએ તેમને એ કાર્યને માટે નકામા કરી મૂકયા હતા.

જેમનું બ્રિટિશ સંપર્ક પ્રત્યેનું વલણ હમેશ દૃઢ પ્રતિકારનું જ રહ્યું હતું, અને જેઓ એક ગૌરવભરી પરંપરાની સ્મૃતિને હમેશ પોતાની પ્રવૃત્તિની સહાયમાં જાગૃત કરી શકતા હતા, તે મુસ્લિમો દ્વારા જ આમજનતાની નિરાશાને વ્યક્ત થવાનો માર્ગ ફરી એક વાર જડી ગયો. જંગલમાં એકાએક સળગી ઊઠેલા દવની માફક જે ચળવળ આ વખતે મુસ્લિમોમાં ફરી વળી, તે આમજનતાની શક્તિના ભંડારને તેમ જ ઉત્સાહને ચેતાવી શકી, તેનું કારણ એ હતું કે, તે ચળવળે આમજનતાની આધ્યાત્મિક ભૂખને સંતોષવાનો, તેમ જ પારકી સરકારે પોતાના પગ નીચે કચડેલા આમજનતાના આર્થિક હકોને સ્પષ્ટતાથી વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ આંદોલનનો આગેવાન હતો સયીદ અહમદ બ્રેલવી. નિરાશાનાં કાળાં વાદળ જ્યારે ગાઢ અંધકાર વરસાવી રહ્યાં હતાં, માણસોનાં દિલ ભયથી વ્યાકુળ થઈને છેક હારી બેઠાં હતાં, અને જે સમયે ખુદ આશા પણ નિરાશા જેવી બિહામણી ભાસતી હતી, તે સમયે અનેક હૃદયોમાં જરા જરા સળવળાટ કરી રહેલી મૂક આકાંક્ષાને તેણે શૂરભર્યા શબ્દોમાં વ્યક્ત કરી. સામાન્યપણે વહાબી પંથને નામે ઓળખાયેલી જે પ્રવૃત્તિ તે જમાનામાં અરબસ્તાનમાં ઝપાટાબંધ ફરી વળી હતી, તેની પ્રેરણાથી પ્રભાવિત થઈને બ્રેલવી ૧૮૨૦ની સાલમાં મક્કાથી હિન્દમાં પાછો ફર્યો. હિન્દમાં એકેએક સ્થળે તેણે અને તેના અનુયાયીઓએ મુસ્લિમ વસ્તીને ઠેઠ ઊંડે સુધી હલાવી મૂકી, અને આખા દેશ પર ઉત્સાહનું એક પ્રચંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોજું ફરી વળ્યું.[૩૨] ડૉ. હંટરે તે પ્રવૃત્તિને "હિન્દની તવારીખમાં થઈ ગયેલી મહાન ધાર્મિક જાગૃતિઓ પૈકીની એક" તરીકે ઓળખાવી છે.

આમ જનતાની જડતાને ભેદીને તેના હૃદયને સ્પર્શ કરવાનું સામર્થ્ય વહાબી પ્રવૃત્તિને કેવળ તેની ધાર્મિક અથવા નૈતિક કડકાઈમાંથી નહોતું પ્રાપ્ત થયું; સમાજની અન્ય સર્વ પ્રવૃત્તિઓને અંગેની વહાબીઓની પ્રગતિની ધગશને લીધે તે તેજ તેમની પ્રવૃત્તિઓમાં પ્રગટ્યું હતું. જેમ ધાર્મિક બાબતોમાં તેમ રાજકીય બાબતોમાં ક્રાન્તિની ભાવનાથી પ્રેરાયેલા આ વહાબીઓએ પોતાનું કાર્ય ચાલુ પરિસ્થિતિમાં કેવળ સુધારો કરવાની લ્યૂથર કે ક્રોમવેલની વૃત્તિથી નહીં, પણ રૉબેસ્પિયર જેવા ઉગ્ર ક્રાન્તિકારની ઉચ્છેદક વૃત્તિથી ચલાવ્યું. "ધર્મના વિષયમાં તેમને એના બાપ્ટિસ્ટો જેવા કહી શકાય, અને રાજકીય બાબતોમાં તેમની વલણને રાતાતાતા પ્રજાસત્તાકવાદીઓ, અથવા સામ્યવાદીઓના વલણની સાથે સરખાવી શકાય.[૩૩] તેમને જે અસાધારણ સફળતા મળી તેનું રહસ્ય આ હકીકતમાં રહેલું છે. બંગાળના ખેડૂતોના ધૂંધવાતા અસંતોષને વહાબી પંથની પ્રવૃત્તિ દ્વારા પ્રગટ થવાનો માર્ગ મળ્યો.[૩૪] દાખલા તરીકે તીતૂ મિયાંની સરદારી નીચે ફરીદપુર, નદિયા

---

૩૨. વહાબી પંથના વિગતવાર વર્ણનને માટે 'કલકત્તા રિવ્યૂ'ના ૧૦૦, ૧૦૧ અને ૧૦૨, એ ત્રણ અંકો જુઓ.

૩૩. ડબલ્યુ. ડબલ્યુ. હંટરનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક. પા. ૧૦૬–૧૦૭.

૩૪. ૧૮૨૨ના અગિયારમા ધારાએ બંગાળના ગણોતિયાઓની સ્થિતિ નિરાશાજનક કરી મૂકી હતી. ૧૮૮૧ના અગિયારમા એક્ટ (કાયદાથી) તેમની સ્થિતિ "વળી વધારે કફોડી" થઈ હતી. "૧૭૯૩ની સાલની જમાબંધીની મૂળ યોજનામાં જમીનદારોને જે અધિકારો આપવામાં આવ્યા હતા, તેના કરતાં (ઉપર ગણાવેલા ધારાથી તેમ જ કાયદાથી) રૈયતની સામે તેમને ઘણી વધારે સત્તાઓ આપવામાં આવી હતી." બળવા પછી છેક ૧૮૫૯ની સાલના દશમા અને અગિયારમા ધારાઓને "ગણોતિયાઓને લગતા પ્રથમ આધુનિક કાયદાઓ" તરીકે ઓળખાવવામાં આવ્યા છે. (એસ. જી. પાનન્દીકરનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક જોવું.) વહાબી ચળવળના ઉદય અને ફેલાવાના આલેખનો વળાંક પણ ૧૮૨૦ અને ૧૮૬૦નાં વરસોની વચ્ચે આવે છે તે નોંધવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચોવીસ પરગણાંના જિલ્લાઓમાં ખેડૂતોએ બંડ ઉઠાવ્યાં. તેનાં માણસો "કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વિના મુસલમાન તેમ જ હિન્દુ જમીનદારોના ઘરોમાં હલ્લો કરીને પ્રવેશ કરતાં." "પરસ્પર સંપૂર્ણ સમાનતાનો આગ્રહ રાખનારા, અને સમાજના નીચલા વર્ગોમાંથી એકઠા થયેલા એંશી હજાર માણસોના સમુદાય" તરીકે વહાબીઓનું જે સરકારી વર્ણન કરવામાં આવેલું છે, તે સમયના અંતરને ભેદીને આજે પણ આપણને વહાબી પ્રવૃત્તિના ક્રાન્તિકારી જુસ્સાનો, તેમ જ તેની લોકપ્રિયતાનો કંઈક ખ્યાલ આપે છે.

બીજા કોઈ પણ દેશમાં લોકસમુદાયના આ જાતના આંદોલને સરકાર પર શક્તિવર્ધક ઔષધિના જેવું કાર્ય કર્યું હોત, અને તેની નીતિના સત્ત્વને ધરમૂળથી પલટી નાખ્યું હોત. ફૂટ પાડીને રાજ્યનો અમલ ચલાવવાના સિદ્ધાંતને વરેલી પરમુલકની સરકારના શાસન તળે આવી ગયેલા હિંદમાં તો આ ચળવળને કડક દમનથી દાબી દેવામાં આવે, એ જ સ્વાભાવિક હતું. પરંતુ એ પ્રવૃત્તિનો છેવટનો અંત આવે તે પહેલાં તેણે એવો ખળભળાટ મચાવ્યો કે જેથી હિંદમાં શરૂ થયેલા બ્રિટિશ અમલને સૌથી પ્રથમ ડગમગાવી દે એવો પડકાર મળ્યો. "(સર જૉન) કે આપણને જણાવે છે કે, બળવાની વાત લો તો પણ 'તે બંડના (૧૮૫૭) મુખ્ય પ્રણેતાઓ' તેમ જ તેના તણખાઓને ઉત્સાહથી ફૂંકી ફૂંકીને ભડકો કરનારા લોકો પણ નિઃશંકપણે મુસ્લિમો જ હતા' અને એ મુસ્લિમો વહાબી પંથના હતા."[૩૫]

૧૮૫૭ના બળવાનો મર્મ વહાબી પંથની પ્રવૃત્તિના મર્મ કરતાં વધારે ઊંડો છે. હિંદના બ્રિટિશ અમલની તવારીખમાં તે એક યુગપ્રવર્તક બનાવ તરીકે ઓળખાયો છે, કારણ કે તે અમલને ઉથલાવી પાડવાને માટે હિંદના લોકોએ પરસ્પર જમાવેલી એક મોટી મૈત્રીની તે ઘટના હતી. તેમાં મહાન મોગલ સમ્રાટ અને પેશવા, હિંદુઓ તેમ જ મુસ્લિમો, સર્વ પોતપોતાના માંહોમાંહેના કજિયાઓ ભૂલી જઈને સમાન શત્રુની સામે

---

૩૫. પૂર્વે ઉલ્લેખેલું એચ. સી. બોવેનનું પુસ્તક, પા. ૩૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખભેખભો ભિડાવીને ઝૂઝ્યા હતા.[૩૬] તે બન્ને કોમના દેશબાંધવોનું જે રક્ત લખનૌ, કાનપુર તેમ જ ઝાંસીમાં, અને વળી દિલ્હીની સનાતન નગરીની ભૂમિ પર ભેગું થઈને વહ્યું, તેનાથી હિંદની અસલ એકતા ફરી એક વાર સાબિત થઈ.

બળવાનો કરુણ અંત આવ્યો તે પછી પણ થાણેશ્વરના જાફર જેવા પુરુષો છૂપાં કાવતરાંઓથી કંઈ વળતું હોય, તો તે કરી જોવાને મોટા પ્રમાણમાં વિસ્તરેલી વહાબી લોકોની યોજનામાં સામેલ થયા હતા. વર્ષો સુધી આખા દેશમાંથી માણસો અને પૈસાનું સાધન ભેગું કરતા રહીને, વહાબીઓએ હિન્દની સરહદ પર યુદ્ધના જેવી સ્થિતિ જારી રાખી, અને નવા રાજકર્તાઓના બળને પૂરેપૂરું કસી જોયું. ડૉ. હંટર પોતાના પુસ્તકનો નીચે આપેલા શબ્દોમાંથી ઊઠતા સૂરથી પ્રારંભ કરે છે, તે છેક નિષ્પ્રયોજન તો નથી જ :

> વરસોથી બળવાખોરોની એક વસાહત આપણી સરહદ પર ઝઝૂમતી રહી છે; આપણી છાવણીઓ પર હુમલાઓ કરનારાં, આપણાં ગામડાંઓને બાળી મૂકનારાં, આપણા પ્રજાજનોનાં ખૂનો કરનારાં અને આપણા લશ્કરોને ત્રણ મોંઘાં યુદ્ધોમાં સંડોવનારાં ઝનૂની ટોળાંઓ, વખતોવખત તે વસાહતમાંથી આપણા મુલક પર મોકલવામાં આવ્યાં છે. સરહદ પર જમાવવામાં આવેલી આ દુશ્મન વસાહતે, ઠેઠ બંગાળના ઊંડાણમાં આવેલા પ્રદેશોમાંથી મહિને મહિને માણસોની પદ્ધતિસર ભરતી કરી છે . . પંજાબની પેલી પાર આવેલા વેરાન ડુંગરો, ઉષ્ણ-કટિબંધનાં ભેજવાળાં જંગલોમાં જામેલા ફિતૂરી અડ્ડાઓની એક સળંગ સાંકળથી બંગાળ સાથે જોડાયેલા છે, કેમ કે તે જંગલોમાંથી વહીને ગંગા બંગાળને વીંધીને સમુદ્રમાં ભળી જાય છે.

બળવો પડી ભાંગ્યો અને વહાબી પ્રવૃત્તિના આખરી ગીતના સૂરો સંભળાતા બંધ થતા જતા હતા, તે અરસામાં સામુદાયિક આર્થિક અસંતોષને વ્યક્ત કરનારાં ગળી ઉગાડનારા ખેડૂતોનાં હુલ્લડો (૧૮૫૯-૬૦) થયાં

---

૩૬. જુઓ "શિસ્તની ખામી, પોતાના રાજકર્તાઓની સામેની કડવાશ અને તેમને ઉથલાવી પાડવાની પોતાની શક્તિ વિષેનો વિશ્વાસ, એ બધી બાબતોમાં હિંદુ કે મુસ્લિમ, કોઈ એકબીજાથી ઊતરે એવા નહોતા."— કર્નલ ચિઝની; 'ઇન્ડિયન પોલિટી' (હિંદની રાજ્યવ્યવસ્થા).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. આ સંક્ષોભ એટલો બધો મહત્ત્વનો જણાયો છે કે 'ધિ રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનૅશનલ અૅફેર્સ' (આંતરરાષ્ટ્રીય વહેવારોની વિચારણા કરનારી શાહી સંસ્થા)એ તેને "હિન્દી રાષ્ટ્રવાદના ઇતિહાસના એક સીમાસ્તંભ" તરીકે ઓળખાવ્યો છે.[૩૭]

બ્રિટિશ રાજ્યની સ્થાપનાના આઘાતથી હિન્દી સમાજમાં પેદા થયેલા પ્રચંડ સંક્ષોભની આ બધી ચળવળો સાબિતી આપે છે. જ્યારે જ્યારે પુનરુત્થાનની કોઈ પણ પ્રવૃત્તિ આમજનતાને તરબોળ કરતી ઠેઠ તેના હૃદય સુધી પહોંચી છે, ત્યારે ત્યારે તે પ્રવૃત્તિઓએ પોતાની સાર્થકતા રાજકીય સિદ્ધિને સારુ મથવામાં શોધી છે. વહાબી પંથના અથવા આર્ય સમાજના આંદોલનની માફક, જે જે નવોત્થાનની પ્રવૃત્તિ સામાન્ય જનસમુદાય સુધી ઊતરી છે, તે બધી પ્રવૃત્તિઓએ તેમના દિલને સ્પર્શ કરતાંની સાથે જ, હમેશ તેમનામાં એક સમાન ભાવનાની જાગૃતિ પેદા કરી છે, અને તે જાગૃતિ તત્કાળ રાષ્ટ્રીય ભાવનાના એકાદ સ્વરૂપે ખીલી ઊઠી છે. દેશની ભૂમિમાં મૂળ નાખ્યા વિના જ અસ્તિત્વમાં આવેલી પારકા મુલકની સરકારે, નવોત્થાનની આવી જાતની કોઈ પણ પ્રવૃત્તિને પોષણ તો નથી જ આપ્યું, તેના એકેએક આવિર્ભાવ પ્રત્યે શંકા, વિરોધ અને છેવટે નિષ્ઠુર દમનનું જ વલણ રાખ્યું હતું. દેશની પ્રજામાં રાષ્ટ્રીય સંપ અને જાગૃતિની ભાવના ઉત્પન્ન થતી અટકાવવાને, પ્રજાના પુનરુત્થાનની એકેએક પ્રવૃત્તિનો વિરોધ કરવાની, અને આખરે તેને કચડી નાખવાની સરકારને ફરજ પડી હતી.

બળવા પછીનાં વર્ષો હિન્દના લોકોને માટે અંધકાર અને નિરાશાથી ભરેલાં ગયાં. બળવાને પરિણામે "ફાવે ત્યારે બંડ ઉઠાવી બેસે એવા દેશનો કબજો સાચવવાને રાખવવામાં આવેલા લશ્કર"ની[૩૮] માફક બ્રિટિશ રાજકર્તાઓએ કેળવેલું પોતાની જાતિ વિષેનું ગુમાન, અને અલગપણાનું ભાન તેમની દૃષ્ટિથી વાસ્તવિક ઠર્યું, અને વધારે દૃઢ થયું. તેને દબાવી

૩૭. 'નૅશનૅલિઝમ' (રાષ્ટ્રવાદ); 'રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનૅશનલ અૅફેર્સ' (આંતરરાષ્ટ્રીય વહેવારોનું સંશોધન કરનારી સંસ્થા)ના એક અભ્યાસી મંડળે તૈયાર કરેલું પુસ્તક, પા. ૧૫૪.

૩૮. થોમ્સન અને ગૅરેટનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવાને માટે સરકારને થયેલા ખર્ચના રૂપિયા ચાલીસ કરોડનો ભાર બળવો દેશને માથે લાદતો ગયો. આમ એક સૈકાથીયે ટૂંકા ગાળા દરમિયાન બ્રિટિશ લોકોએ હિન્દને હિન્દનાં નાણાં[૩૯] વાપરીને જ બબ્બે વખત જીતી લીધું. વિલાયત તરફ વહ્યો જતો દેશની સંપત્તિનો ઉત્તરોત્તર વધતો જતો સ્રાવ આમાં ઉમેરાયો. કંપનીના વહીવટનાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન, હિન્દની મહેસૂલી આવકની વાર્ષિક સરેરાશ ત્રણ કરોડ પાઉન્ડની આવતી હતી. આ રકમમાંથી દર વરસે પાંત્રીસ લાખ પાઉન્ડની રકમ, એટલે કે વાર્ષિક સરકારી આવકના ૧૧$\frac{૨}{૩}$ ટકા 'હોમ ચાર્જિઝ' (હિન્દના વહીવટને અંગે વિલાયતમાં કરવામાં આવતો ખર્ચ) પેટે વિલાયત મોકલી દેવામાં આવતા. ૧૮૭૬–૭૭ની સાલમાં આવકની રકમ છપ્પન કરોડ પાઉન્ડ સુધી પહોંચી ત્યારે 'હોમ ચાર્જિઝ' (વિલાયતમાં થતો ખર્ચ) એક કરોડને પાંત્રીસ લાખ પાઉન્ડ જેટલો, એટલે કે આવકના ૨૪ ટકા જેટલો થઈ ગયો. જ્યારે સરકારી આવકમાં ૮૬$\frac{૨}{૩}$ ટકાનો વધારો થયો હતો, ત્યારે 'હોમ ચાર્જિઝ'માં ૨૮૬ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

રેલવે માર્ગો અને આગબોટોના વહેવાર મારફતે હિન્દનાં બજારો પરદેશી માલની આયાત માટે ખુલ્લાં થયાં, ત્યારે હિન્દી આમજનતાની આર્થિક સ્થિતિ વળી વધારે કથળી. કરોડો લોકો પરદેશથી આયાત થયેલા સસ્તા માલની રેલમાં, પોતાના પરંપરાથી ઊતરી આવેલા ધંધા અને ઉદ્યોગોને ઘસડાઈને ધોવાઈ જતા, અસહાય થઈને દુઃખિત હૃદયે જોઈ રહ્યા.[૪૦] આથી થયેલી ખાનાખરાબીનું યથાર્થ વર્ણન પંડિત જવાહરલાલ નહેરુએ આ શબ્દોમાં કરેલું છે :

> બ્રિટિશ માલના, મુખ્યત્વે કાપડના ચૂપચાપ થતા જતા ફેલાવાથી, હિન્દના હાથકારીગીરીના ઉદ્યોગોને મરણતોલ ફટકો પડ્યો. પરંતુ આની એક બીજી બાજુ આનાથીયે વધારે ભયંકર હતી. જે કરોડો કારીગરો કામને અભાવે બેકાર થઈ ગયા તેમનું શું થયું ? જે સંખ્યાબંધ વણકરો, તથા એવા જ બીજા લોકોનો ધંધો જતો રહ્યો તેમનું શું થયું ? વિલાયતમાં

---

૩૯. સર જોન સીલીનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૨૨૮–૨૫૦.

૪૦. ૧૮૫૮ અને ૧૮૯૧નાં વર્ષો દરમિયાન દેશનો પરદેશ સાથેનો વેપાર પાંચ ગણો વધી ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જ્યારે મોટાં કારખાનાંઓ આવ્યાં ત્યારે કારીગરોનો ધંધો જતો રહેવાથી, તે બધા બેકાર થઈ ગયા હતા. તેમને પણ અનહદ વિટંબણાઓ ભોગવવી પડી હતી. પણ તેમને નવાં ઊભાં થયેલાં કારખાનાંઓમાં કામ મળી ગયું, અને એ રીતે તેમણે નવી પરિસ્થિતિ સાથે પોતાનો મેળ ખવડાવી લીધો. હિન્દમાં રોજી મેળવવા માટેના કામની આવી બીજી કોઈ જોગવાઈ નહોતી થઈ. બેકાર થયેલા હિન્દીઓ રોજી મેળવવાને માટે કારખાનાંઓમાં ક્યાંથી જાય? કારખાનાંઓ હિન્દમાં હતાં ક્યાં? હિન્દ આધુનિક ઉદ્યોગોને ખીલવનારો દેશ બને તે બ્રિટિશ સરકારને પરવડતું નહોતું, અને તેથી તેણે કારખાનાંઓ કાઢવાની વાતને જરાયે ઉત્તેજન ન આપ્યું. એટલે ગરીબ, ઘરબાર વિનાના, ધંધા વિનાના, ભૂખે મરતા અને બેહાલ થઈ ગયેલા કારીગરોએ જમીનનો આશરો શોધ્યો. પણ જમીન એટલે કે ખેતીના ધંધામાં પણ તે બધા ક્યાંથી સમાય? જેટલી જમીન ખેતીના કામમાં આવતી હતી, તેના પર તો પૂરતાં માણસો નભતાં હતાં, અને વળી નવી જમીન તો મળતી નહોતી. હાલહવાલ થઈ ગયેલા થોડાક કારીગરો જેમ તેમ કરીને ખેતીને ધંધે વળગીને ખેડૂતો બન્યા ખરા, પણ બાકીના બધાને માથે ધંધા માટે વલખાં મારવાનું, અને જમીન વિનાના કેવળ મજૂરો બનવાનું આવ્યું.૪૧ અને ઘણી મોટી સંખ્યાના કારીગરોનો તો ભૂખમરો વેઠતાં વેઠતાં મરણે આવીને તેમને છોડાવ્યા ત્યારે છુટકો થયો.૪૨

પોતાને માથે મુકાયેલા વધતા જતા ભારની સામે દખ્ખણની માફક એક બે સ્થળોએ ખેડૂતોએ બંડ ઉઠાવ્યાં ખરાં, પરંતુ બંડ ઉઠાવવાની તાકાત પણ સાધારણ રીતે હવે તેમનામાં રહી નહોતી. સરકારી નીતિરીતિએ ગામડાંનો એક આર્થિક એકમ તરીકે ઉચ્છેદ કરી નાખ્યો, અને એ રીતે

---

૪૧ ૧૮૯૦ની સાલથી જમીન ન ધરાવનારા મજૂરોની સંખ્યા એકસરખી વધતી જ ગઈ છે. ત્યાર પછી ચાલુ સદીમાં એ સ્થિતિ વળી વધારે ને વધારે બગડતી ગઈ છે, તે નીચે આપેલા આંકડાઓ પરથી જણાશે :

૧૯૦૧ : ૧૮૬.૯ લાખ, ૧૯૧૧ : ૪૬૫.૧ લાખ, ૧૯૨૧ : ૪૬૫.૦ લાખ.

૧૯૩૧માં ખેતી કરનારા લોકોની સંખ્યા અને જમીન વિનાના મજૂરોની સંખ્યાનું પ્રમાણ ૨૯૧ : ૧૦૦૦ થી વધીને ૪૦૭ : ૧૦૦૦ નું થયું છે, એટલે કે એક દાયકામાં જમીન વિનાના મજૂરોની સંખ્યામાં ૪૦ ટકાનો વધારો થયો છે.

૪૨. 'ગ્લિમ્પ્સિઝ ઑફ વર્લ્ડ હિસ્ટરી' (જગતના ઇતિહાસનું રેખાદર્શન), પા. ૪૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે એકમ દ્વારા સામાજિક જીવનમાં પરસ્પર સંપનું જે બળ વ્યક્ત થતું હતું, તે પણ ચૂંથી નાખ્યું. કળાકારીગીરીની દુર્દશા થવાથી, પરંપરાથી ઊતરી આવેલાં તે તે ધંધાનાં મહાજનો પણ નકામાં થઈ પડ્યાં. પ્રાચીન પરંપરાથી ઊતરી આવેલા જે તાણાવાણાને આધારે સમાજના બંધારણનો પટ જળવાઈ રહ્યો હતો, અને જેને લીધે લોકોના વ્યવસાયો સાર્થક થતા હતા, તે તાણાવાણાને એક બાજુથી રાજસત્તાએ તોડી નાખ્યા, પરંતુ બીજી બાજુથી લોકોને પોતાના જીવનવહેવારની પ્રવૃત્તિઓ ચલાવવાને જરૂરી સામાજિક સંગઠનનાં જે કેન્દ્રો આપવાં જોઈએ, તે ન આપ્યાં. આશાની પ્રેરણાનો તો સમૂળ ઉચ્છેદ જ થઈ ગયો હતો. એક સો વર્ષ પૂર્વે ખેડૂતનો દીકરો કોઈ હોલકર, કે કોઈ હૈદર અલીને દરજ્જે ચઢી શકતો હતો. એ કરોડે એકની વાત થઈ તે સાચું. પરંતુ એ જાતની તક હતી, એ જ મહત્ત્વની બાબત છે. એવી તકની આશાથી જ જીવનને કોઈ હેતુ, કોઈ અર્થ પ્રાપ્ત થતો હતો. બ્રિટિશ સરકારે એવી આશાના પણ ભૂકા ઉડાવી દીધા.

જીવનને ચિમળાવી નાખનારા, અને જીવનની વિફળતાની ભાવનાના ચારે બાજુ ફરી વળેલા આ ગાઢ અંધકારમાં, જ્યાં સામાન્ય માણસને માટે રાજકારણના, કેળવણીના તેમ જ સરકારી નોકરીઓના પ્રદેશનાં દ્વાર બિલકુલ બંધ થઈ ગયાં હતાં, ત્યાં સામાન્ય હિન્દીને આશાનું એક માત્ર કિરણ, સાર્થક જીવન સાથેનો એક માત્ર સંપર્ક, ડૂબતો માણસ તણખલાને પણ જે વ્યાકુળતાથી બાઝે છે તેવી વ્યાકુળતાથી વળગવાનું એક માત્ર આલંબન કોમ અને ન્યાત પ્રત્યેની નિષ્ઠાનું જ શેષ રહ્યું હતું. આ તેના નિત્ય પરિચયનો અને સમજ પડે તેવો વિષય હતો, અને ઉપરાંત અહીં, પોતાની ચૂંથાઈ જવા બેઠેલી સામાજિક દુનિયામાંથી બચી ગયેલો, સમાજજીવન સાથે સંપર્ક રાખવાનો તેમ જ તેમાં વળગી રહેવાનો આધાર તેને મળી ગયો. ન્યાતની સંસ્થા પર સરકારે હજી વહેમની નજરથી જોવા માંડ્યું નહોતું. તે તો ઊલટું ન્યાત પ્રત્યેની વફાદારીની ભાવનાને ઉત્તેજન આપતી હતી. એટલે બીધેલા, હારેલા લોકો, નાતો અને પેટા નાતોની અટપટી જાળમાં સપડાયા તેમાં કશું નવાઈ પામવા જેવું છે ખરું?

સામે આવીને ઊભી રહેલી કપરી ગરજને, ફાયદો કરી લેવાની તકમાં ગૌરવભરી રીતે પલટી નાખવાની અસાધારણ આવડતવાળી સરકારે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદના લોકોના ધાર્મિક તેમ જ સામાજિક રિવાજોમાં દખલગીરી ન કરવાની પોતાની નીતિની હવે જાહેરાત કરી. પ્રગતિવિરોધની દુષ્ટ વૃત્તિએ ઉદાર ધર્મસહિષ્ણુતાની ઊંચી ભાવનાને ઓથે રક્ષણ શોધ્યું. નકામી થઈ ગયેલી ચેતનહીન પરંપરાને કાયમ નભાવી રાખવી, એ સિવાય પ્રત્યક્ષ વહેવારમાં આ નીતિનો બીજો કશો અર્થ થતો નહોતો. દાખલા તરીકે, પ્રાચીન ન્યાતો અસલમાં બ્રિટિશ સત્તાએ જેમનો નાશ કર્યો હતો, તે ધંધાઓનાં જુદાં જુદાં મહાજનો જ હતાં. આ બધાં મહાજનો "સ્વયંપ્રેરણાથી અસ્તિત્વમાં આવ્યાં હતાં, અને તેમણે સૌએ પોતપોતાની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત ચલાવવાને અંગેના નિયમો જાતે વિકસાવી લીધા હતા".[૪૩] વેપારી મહાજનો અને ધંધાનાં મહાજનોનો નાશ થયા પછી આ બધી ન્યાતો કોઈ પણ સામાજિક હેતુ પાર પાડતી નહોતી, અને એકંદરે સમાજવ્યવસ્થા પર તે નિશ્ચેતન, મૃત કલેવરોના જેવી બોજારૂપ થઈ પડી હતી. જમાનાના પરિવર્તનની સાથે સામાજિક પરિવર્તનની જરૂરિયાતને યથાર્થ રીતે ઓળખનારી રાષ્ટ્રીય સરકારે, સામાજિક સંસ્થાઓનાં સ્વરૂપોમાં આવશ્યક ફેરફારો જરૂર કર્યા હોત. નફો કરવાની, અને પોતાની સત્તા ટકાવી રાખવાની એક માત્ર પ્રેરણાથી પ્રવૃત્તિ કરનારી પારકી સરકારે, સમાજસંગઠનનાં એ અનિષ્ટ સ્વરૂપોને નભાવી રાખ્યાં, તેમને કશી આંચ ન આવવા દીધી, એટલું જ નહીં પણ તેમને એવી ગંભીર બાંયધરી આપી કે, જાઓ તમારી વ્યવસ્થામાં કોઈ જાતની દખલ કરવામાં નહીં આવે. આ રીતે, સમાજની અર્થવ્યવસ્થામાં થતાં જતાં દીર્ઘ પરિણામકારી પરિવર્તનોથી જ્યાં જીવનના એકેએક પ્રદેશ પર ઊંડી અસર થવી જોઈતી હતી, ત્યાં એક સામાજિક હિમયુગનો પ્રારંભ થતો આપણે જોઈએ છીએ. જે સંસ્થાઓનું કામ પતી ગયું હતું, જે રિવાજો જીર્ણ તેમ જ અર્થહીન થતા થતા આખરે છેક હાસ્યાસ્પદ બની ગયા હતા, જે ધાર્મિક વહેમોનું સ્થાન નાગરિકતાના અને ધર્મના ક્ષેત્રની બહારના ગુણોની કેળવણીને મળવું જોઈતું હતું તે સર્વને, જે સરકાર પોતાની

---

૪૩. રેજિનોલ્ડ રેનોલ્ડ્ઝે પોતાના 'વ્હાઈટ સાહિબ્ઝ ઇન ઇંડિયા' (હિંદમાં વસતા ગોરા સાહેબો) નામના પુસ્તકમાં, પા. ૧૭૮ પર આપેલું લોર્ડ ઝેટલેંડના કથનનું અવતરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકૂમત હેઠળના લોકો એક સુસંગઠિત પ્રજા તરીકે વિચાર અથવા કાર્ય કરતા થાય એવું જરાયે ઇચ્છતી નહોતી, તેણે અમરપટો લખી આપ્યો.

આમ બ્રિટિશ રાજને પરિણામે લોકસમુદાયમાં જાગેલો સંક્ષોભ બે પરસ્પર વિરુદ્ધ દિશામાં જતા માર્ગોએ વ્યક્ત થયો. એક, સર્વનો સમાવેશ કરતી રાષ્ટ્રભાવનાનો માર્ગ. તેનો ધર્મ અંગીકાર કરનારા લોકોને ભેટ આપવાને તેની પાસે લોહી, પરસેવો ને પરિશ્રમ સિવાય બીજું કશું નહોતું, તેમને હમેશ સરકારના દૃઢ વિરોધનો સામનો કરવાનો રહેતો હતો, અને તેમને કોમી ચડસાચડસી અને ધાર્મિક વિખવાદોનાં કાંટાળાં ઝાંખરાંનાં જંગલો ભેદીને મહાકષ્ટે, અને અત્યંત મંદગતિથી પોતાનો રસ્તો કાઢવાનો હતો. બીજો, વધારે સહેલો, અને બ્રિટિશ રાજે ઊભી કરેલી પરિસ્થિતિમાં લગભગ સ્વાભાવિક કહી શકાય તેવો, કોમી નિષ્ઠાની ભાવનાનો માર્ગ. આ માર્ગે ચાલનારા લોકોનો સરકાર તરફથી વિરોધ નથી થતો, એટલું જ નહીં પણ કોમી નિષ્ઠાની ભાવનાને પોષવાની વૃત્તિને સરકારે હમેશ પોતાનો ટેકો અને આશીર્વાદ આપેલો છે. જે જે લોકોએ પોતપોતાની કોમનાં હિતો સાધવાને સારુ રાષ્ટ્રીય હિતોનો ભોગ આપ્યો છે, તે સર્વેને સરકારે અલગ કોમી મતદાર મંડળોના સ્વરૂપમાં, ધારાસભાઓમાં ખાસ અનામત રાખવામાં આવેલી બેઠકોના સ્વરૂપમાં, સરકારી ઊંચી નોકરીઓના અમુક હિસ્સાના સ્વરૂપમાં, અને પોતાની વડી તેમ જ પ્રાંતિક કારોબારીઓની જગ્યાઓના સ્વરૂપમાં, કોઈ ને કોઈ રીતે બક્ષિસો આપેલી છે. આ સુતરા કોમી માર્ગે ચાલનારા બધા લોકો, સરકારી આશ્રયની સુમધુર જેરકીમાં પડ્યા પડ્યા આરામ ભોગવે છે, અને તેની ઉષ્માએ તેમનાં વિફળ જીવનોમાં કંઈક અર્થ પૂર્યો છે.

કોમી પ્રવૃત્તિઓને આપવામાં આવતો આશ્રય, અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ, એ બન્નેની પ્રગતિ હિંદમાં એક સાથે થતી રહી છે. ૧૯૦૯ની સાલમાં હિંદી મતદારસમૂહના કોમ તેમ જ વર્ગને ધોરણે ચાર અલગ અલગ વિભાગો કરવામાં આવ્યા હતા. ૧૯૧૯માં તેના દશ ટુકડા પાડવામાં આવ્યા, અને ૧૯૩૫ની સાલમાં તે ટુકડાઓની સંખ્યા સત્તર સુધી પહોંચી છે. મતદારસમૂહના આ વિભાગીકરણે લોકોમાં રાષ્ટ્રીય સંપની ભાવનાને પ્રગટ થતી અટકાવી છે, એટલું જ નહીં પણ સામાજિક દૃષ્ટિથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રગતિવિરોધી છે એમ સાબિત થયું છે. કેળવણીનો ફેલાવો થતો ગયો તેમ તેમ હિન્દુઓના કેટલાક પછાત વર્ગોએ પોતપોતાની ન્યાતોનાં નામો બદલીને, પોતાનો સામાજિક દરજ્જો વધારવાનો પ્રયાસ કરવા માંડ્યો હતો. જેમ કે, ચાંડાલ નામે ઓળખાતી ન્યાતના લોકોએ પ્રથમ પોતાનું નામ નામશૂદ્રો રાખ્યું, અને ત્યાર પછી પોતાને બ્રાહ્મણ ગણાવવાની કોશિશ કરી જોઈ. રાજવંશી નામથી ઓળખાતા લોકોના જેવા બીજા અનેક વર્ગો પોતાને ક્ષત્રિય ગણાવવા લાગ્યા હતા. આવા તો અનેક દાખલા આપી શકાય. જમાનાઓથી ચાલતી આવેલી, આખા હિન્દુ સમાજની એકરસ અને એકરૂપ થવાની પ્રક્રિયાનો વેગ વધતો જતો હતો. પરંતુ સરકારની નીતિએ એ વેગને અવળી દિશાએ વાળી દીધો. "આપણને ખાસ અધિકારો કે હકો મળવાના છે એ વાતની દલિત વર્ગોને બરાબર સમજ પડી, એટલે તેમના વલણમાં એકાએક ફેર પડ્યો. જે લોકો ઊંચે ચઢવાને મથી રહ્યા હતા, તેમણે પાછા નીચે ઊતરવાની ઉતાવળ કરવા માંડી".[૪૪] ધારાસભા વગેરેના પ્રતિનિધિઓ ચૂંટવાના ક્ષેત્રમાંથી નોકરીઓના ક્ષેત્રમાં કોમી ધોરણ રાખવાના સિદ્ધાંતનો જે વિસ્તાર કરવામાં આવ્યો, તેનાથી પ્રજાના સમૂહોની કેન્દ્રથી અલગ પડવાની વૃત્તિને સરકારનો ટેકો છે, એ વાતની એક વધારાની સાબિતી મળે છે.

બ્રિટિશ રાજની એક બીજી ખાસિયતને લીધે પણ કોમ કોમ વચ્ચેનું અંતર પરોક્ષ રીતે વધ્યું છે. મોટા પગારની ઊંચા દરજ્જાની મહત્ત્વની જગ્યાઓ બાદ કરતાં, વહીવટી તંત્રની બાકીની નોકરીઓમાં, જે જે વર્ગોએ રાજકર્તાઓની જરૂરિયાતો સાથે પહેલેથી પોતાનો મેળ ખવડાવી લીધો હતો, તે વર્ગોના હિન્દીઓ ભરતી થયેલા હોય છે. રાજ્યઅમલનો પ્રત્યક્ષ વહેવાર આ લોકો મારફતે ચાલે છે, અને તેથી સરકારની નિરાકાર સત્તા તેમનામાં સાકાર થઈને પ્રત્યક્ષ થાય છે. સરકારી તંત્રની અટપટી રચના, અને તેના તેવા જ વહેવારથી ભુલાવામાં પડી જતા પ્રજાજનોને, જેની સાથે તેમનો સીધો સંબંધ થાય છે તે મામલતદાર, કે ડેપ્યુટી કલેક્ટર, કે

---

૪૪. ધીરેન્દ્રનાથ સેને પોતાના 'ધિ પ્રૉબ્લેમ ઑફ માઇનૉરિટીઝ' (લઘુમતી કોમોનો પ્રશ્ન) નામના પુસ્તકમાં, ૪૩૫મા પાના ઉપર બંગાળની વસ્તીગણતરી ખાતાના વડા મિ. થૉમ્સનના લખાણમાંથી આપેલું અવતરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો જ કોઈ બીજો અમલદાર પોતાની જાત જાતની ફરિયાદોના કારણરૂપ ભાસે છે, અને તેઓ તેને જ તે બધીને માટે જવાબદાર ગણે છે. કેમ કે જે અદૃશ્ય હાથ તેમને દોરે છે, તે તેમની નજરે પડતો નથી.[૪૬] વળી અમલદાર ઘણુંખરું ફરિયાદીના કરતાં જુદી ન્યાતનો હોય છે તેથી વાતમાં સુધારો તો નથી જ થતો, ઊલટું બળતામાં ઘી હોમાય છે.

આ ભૂમિકામાં હિન્દી પ્રજાનો અસંતોષ, રાષ્ટ્રીય ભાવના પ્રત્યેની નિષ્ઠાને માર્ગે પ્રગટ થવાને બદલે કોમી ભાવના પ્રત્યેની નિષ્ઠાને માર્ગે વ્યક્ત થયો, ભિન્ન ભિન્ન ન્યાતો, જાતો, ધર્મો અને કોમોની બનેલી અટપટી ભુલભુલામણી વટાવીને લોકોની નજર રાષ્ટ્રીયતાના ધ્યેય સુધી પહોંચી ન શકી, અને રાષ્ટ્રીય મોરચા પર થતા સરકારના નિષ્ઠુર દમનના ખ્યાલ માત્રથી ભડકીને હિન્દીઓએ પોતપોતાની કોમો તેમ જ ન્યાતોના કામકાજમાં પોતાની સામાજિક વૃત્તિનું સમાધાન શોધીને, પોતાની દૃષ્ટિને સંકુચિત કોમવાદના વાડામાં રૂંધી રાખી, તેમાં કશું નવાઈ પામવા જેવું છે ખરું ?

બ્રિટિશ અમલ નીચેના હિન્દની તવારીખની અટપટી તેમ જ ભુલાવામાં નાખી દે તેવી આકૃતિમાંથી, આપણે બે તદ્દન જુદા અને

---

૪૬. જુઓ : "જે અંગ્રેજ હિંદ જવાને ઊપડે છે, તેને કંઈક એવી અપેક્ષા હોય છે કે, તે હિન્દમાં જ્યાં જશે ત્યાં બધે તેને પોતાના દેશ-બાંધવો મળી રહેશે. કંઈ નહીં તો કચેરીઓમાં, સરકારી મકાનોમાં, ન્યાયની અદાલતોમાં અને મેજિસ્ટ્રેટોની બેઠકો ઉપર તો બસ એકલા અંગ્રેજો જ જોવાના મળશે, એવું તે માની લે છે. હકીકતમાં મોટાં મોટાં શહેરો બાદ કરતાં કોઈ સ્થળે કોઈ રડ્યોખડ્યો અંગ્રેજ તેની નજરે પડી જાય, તો તેનું સદ્-ભાગ્ય સમજવું. એક વખત એંશી હજારની વસ્તીવાળા એક શહેરમાં મારે જવાનું થયું હતું. ત્યાં એવડી મોટી વસ્તીમાં માત્ર બે જ અંગ્રેજ અમલદારો હતા, અને તે બન્ને પણ હું ત્યાં પહોંચ્યો ત્યારે ક્યાંક શહેર બહાર ગયા હતા." લૉર્ડ કર્ઝને 'ધિ પ્લેસ ઑફ ઇન્ડિયા ઇન ધિ એમ્પાયર' (સામ્રાજ્યમાં હિન્દનું સ્થાન) એ વિષય પર ૧૯૦૯ની સાલમાં, 'એડિનબરો ફિલૉસૉફિકલ ઇન્સ્ટિટ્યૂટ' (એડિનબરો શહેરની ફિલસૂફોની સંસ્થા) આગળ આપેલા ભાષણમાંથી, એમ. સી. મુકરજીએ ૧૯૪૧ના મે માસના 'મૉડર્ન રિવ્યૂ' માસિકમાં આપેલું અવતરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પષ્ટ તરી આવતા ધાગાઓની રેખાઓ જોઈ શકીએ છીએ, અને તેમને આધારે હિન્દની પ્રજાએ પોતાના દૈનિક જીવનનો ક્રમ ફરીથી બેઠો કરવાનો પ્રયાસ કરી જોયો છે. હિન્દના મુલકની બ્રિટિશ લોકોએ જીત કરી તેની પાછળ જે રાષ્ટ્રીય જાગૃતિ અને અસંતોષ પેદા થયાં, તેમણે બ્રિટિશ રાજના હથિયારબંધ પ્રભાવની સામે એક વાર માથું પછાડી જોયું. આ પ્રયાસમાં શિકસ્ત ખાઈને, પાછી પડીને અને કઠોર સજા વેઠીને તે લોકજાગૃતિ પોતાની અંતરની ભૂખ શમાવવાને માટે કોમ અને ધર્મના આલંબન તરફ વળી. આ પ્રદેશમાં સરકારી આશ્રયથી પોષણ મેળવીને તે બળવાન થઈ, અને હજારો વિફળ જીવનને તેથી કંઈક સાર્થકતાની ઝાંખી થઈ. સરકારે અગમચેતીથી સમજપૂર્વક યોજેલી, અને ચતુરાઈથી અમલમાં મૂકેલી નીતિ આખરે સફળ થઈ. હિન્દ આજે કોમી સંસ્થાઓ, કોમી વફાદારીઓ તેમ જ કોમ કોમ વચ્ચેની ચડસાચડસીનો દેશ બની ગયો છે, અને એ બધાંએ મચાવેલા કોલાહલ વચ્ચેથી રાષ્ટ્રીયતાની ભાવના પોતાનો અવાજ લોકોને સંભળાવવાને, અને પોતાનો અર્થ તેમને સમજાવવાને મથામણ કરી રહી છે. ચતુરાઈપૂર્વક યોજવામાં આવેલી પરસ્પર અંકુશ અને સમતુલાઓની રચનાની સહાયથી બ્રિટિશ સરકારે લોક–સમુદાયના રોષને પોતાની જાત પર ઊતરતો અટકાવીને, કોમી હરીફાઈને માર્ગે વાળી દેવાનો પ્રયાસ કર્યો છે.

આ રીતે જે સામાજિક, આર્થિક તેમ જ રાજકીય બળોએ હિન્દી સમાજ પર કાર્ય કર્યું છે, અને તે બધાંએ મળીને સરવાળે જે પરિસ્થિતિ નિર્માણ કરી છે તેનો પ્રધાન સૂર જીવનની વિફળતાનો છે. આપણા જીવનમાં, સામાજિક પ્રગતિની વૃત્તિનો અભાવ, આર્થિક કમજોરી અને સંસ્કૃતિ વિષેની ઉદાસીનતાનાં જે અંગો આજે નજરે પડે છે, તે ત્રણેને માટે બ્રિટિશ સરકાર જ જવાબદાર છે. આપણી રાજકીય ગુલામીએ, અને વિશેષે કરીને હિન્દમાં ચાલતા બ્રિટિશ શાસનના જે વિશિષ્ટ લક્ષણને આપણે અત્યાર સુધી ઓળખવાનો પ્રયાસ કર્યો. તે લક્ષણે આપણા પ્રવર્તમાન જીવનની ભૂમિકા પૂરી પાડી છે.

બ્રિટિશ રાજ સામેના સફળ વિરોધને એકત્ર કરીને સુસંગઠિત કરવો, અને નવરચનાના આપણા સર્વ પુરુષાર્થોને સમસ્ત હિન્દની મુક્તિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્શને કેન્દ્રમાં રાખીને યોજવા, એ આ વિષમ પરિસ્થિતિનો સ્વાભાવિક તેમ જ દેખીતો ઉપાય છે. પરંતુ એ કાર્યની સિદ્ધિને માટે ભગીરથ પ્રયત્ન અને અસાધારણ પરાક્રમની અપેક્ષા રહે છે. ઘણા લોકો તેથી ચાલુ રાજ્ય શાસન પર સીધો હૂમલો કરતાં ડરે છે, અને ઘણી વાર તો અણજાણ-પણામાં જ પોતાની અસમાધાનની ભાવનાને વ્યક્ત કરવાનો સુતરો રસ્તો પકડે છે. બ્રિટિશ લોકોએ ચલાવ્યે રાખેલા હિન્દના શોષણની સૂક્ષ્મ અને તેથી સહેજે ન ઓળખાય તેવી પ્રક્રિયા, અને સરકારી વહીવટી તંત્રની નીચેની કક્ષાઓમાં હિન્દીઓની ભરતી, એ બે હકીકતોને લીધે હિન્દ અને બ્રિટન વચ્ચે ચાલતા ઉગ્ર કલહની આકૃતિની રેખાઓ ઝાંખી પડી જાય છે, અને તેથી જીવનની વિફળતામાંથી પ્રગટ થતો રોષ એ મુખ્ય કલહને મિટાવવામાં વળવો જોઈએ તેને બદલે સહેલથી બીજે રસ્તે વળી જઈને અંદર અંદરના ઝઘડાઓમાં, હિન્દુ-મુસ્લિમ, બ્રાહ્મણ-અબ્રાહ્મણ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય, એવા બધા વિરોધોમાં વ્યક્ત થાય છે. બ્રિટિશ શાસન સામેના પ્રતિકારની અસલ ભાવના જ્યારે આમ આડે રસ્તે ચઢી જાય છે, ત્યારે તેને સરકાર તરફથી જ ઉત્તેજન મળે છે, એટલે તે ઝઘડાઓ વધારે ઉગ્ર બનતા દેખાય છે. બ્રિટિશ અમલની આપણા પર થયેલી અસર આમ બે સ્વરૂપો ધારણ કરતી માલૂમ પડે છે — એક સામ્રાજ્યવાદના વિરોધની અને બીજી કોમ કોમ વચ્ચેની ચડસાચડસીની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠ્ઠું

કોમી પ્રશ્ન : મૂઢગ્રાહરૂપી બહિરંગ

આપણો હિંદુ–મુસ્લિમ પ્રશ્ન એક ત્રિકોણ છે અને તેની ત્રીજી બાજુ, કેટલીક દૃષ્ટિથી ત્રણે પૈકીની સૌથી મહત્ત્વની બાજુ સરકાર છે એમ આપણે નહીં સ્વીકારીએ, ત્યાં સુધી તેનું યથાર્થ જ્ઞાન કદી થાય તેમ નથી. બીજી એક દૃષ્ટિથી પણ એ સવાલ ત્રિકોણનો આકાર ધારણ કરતો દેખાય છે. હિંદુઓ અને મુસ્લિમોના પરસ્પર સંબંધો પર કાર્ય કરતાં રાજકીય અને સામાજિક બળોનું આપણે અત્યાર સુધી અવલોકન કર્યું. પરંતુ માણસ માણસ વચ્ચેના સમૂહગત વહેવારોમાં મૂઢગ્રાહનું જે બળ હમેશ મહત્ત્વનો ભાગ ભજવે છે, તેની આ પ્રશ્નને અંગેની પૂરતી વિચારણા કરી લીધા વિના, કેવળ પેલાં બે બળોના પરીક્ષણથી આપણું પૃથક્કરણ અધૂરું રહી જશે.

હિંદી રાજકારણની એક સૌથી રસપ્રદ ઘટના એ છે કે પારસી, શીખ, તેમ જ હિંદી ખ્રિસ્તીઓ જેવી દેશની બધી નાની નાની લઘુમતી કોમોને પોતપોતાનાં ખાસ કોમી હિતોને, લોકશાહી પદ્ધતિના હિંદી રાજ્યમાં કોઈ જાતનું જોખમ આવશે, એમ લાગતું નથી. બીજી કોમોની સાથે સાથે તે બધી કોમોએ હિંદી રાષ્ટ્રીય જીવનના ઘડતરમાં પોતપોતાનો કીમતી ફાળો આપેલો છે, પરંતુ તેમણે સલામતીઓની માગણી કદી કરી નથી, અને પોતાનાં ખાસ કોમી હિતો જાળવવાને ખાતર હિંદની સ્વતંત્રતાના ધ્યેય તરફની પ્રગતિને કોઈ વખત થંભાવી રાખી નથી. વળી પંજાબ તેમ જ બંગાળની હિંદુ લઘુમતીઓએ પણ પોતાને માટે કોઈ ખાસ સલામતીઓની માગણી કરી નથી.[૧] હિંદની બે મુખ્ય મોટી કોમો પૈકીની એકને જ બિનસલામતીનું ભૂત વળગેલું છે, અને તેણે પોતાનાં વિશિષ્ટ હિતો જળવાય તે માટે પોતાને પૂરતું સંરક્ષણ મળવું જોઈએ એવી માગણી કરેલી છે.

---

૧. જુઓ : એમ. એન. દલાલ : 'વિધર માઇનોરિટીઝ?' (લઘુમતીઓ કઈ દિશામાં?), પા. ૧૫૭–૧૫૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બિનસલામતીના ડરનું નિવારણ કરવાને માટે બધી જાતના પ્રયાસો કરવામાં આવ્યા છે, અને મુસ્લિમોના હિતોને સંરક્ષણ આપવાને માટે તેમ જ સલામત રાખવાને માટે, માણસની બુદ્ધિને સૂઝે તેટલી બધી પેરવી થઈ છે. એ બધી પેરવીઓ ફોકટ ગઈ છે, એટલું જ નહીં પણ સલામતીના કાયદાના ઉપાયો અને સંરક્ષણ જેમ જેમ વધારવામાં આવ્યું છે, તેમ તેમ બિનસલામતીની લાગણી વધતી જ ગઈ છે. બાબુ રાજેન્દ્રપ્રસાદે દર્શાવ્યું છે તે પ્રમાણે,

> મુસ્લિમોને માટે યોજવામાં આવેલાં અલગ કોમી મતદાર મંડળો, અને ધારાસભાઓમાં તેમને આપવામાં આવેલું વધારાનું ખાસ પ્રતિનિધિત્વ, એ બે એવી પવિત્ર બાબતો ગણાતી કે, તેમને છેડી ન શકાય અને છેડો તો પાપ થાય. આજે હવે . . . એમ કહેવામાં આવે છે કે સલામતીઓ તેમને જરાયે કામમાં આવી નથી. . . . અને જેને તે લોકો આટલો બધો વખત વળગી રહ્યા હતા, તે વસ્તુ પોલી સાબિત થઈ છે. તેથી હવે એમ સૂચવવામાં આવે છે કે, સલામતીઓથી સંરક્ષણ આપવાના આખા સિદ્ધાન્તનો પાયો જ માનસશાસ્ત્રની દૃષ્ટિથી તદ્દન ખોટો છે.[૨]

આ સિદ્ધાંતનો પાયો માનસશાસ્ત્રની દૃષ્ટિથી ખોટો છે, તે વાત બીજી રીતે પણ સ્પષ્ટ થાય છે. દાખલા તરીકે મુસ્લિમ રાજકારણના વિકાસમાં 'લાગણી'એ કેટલો ભાગ ભજવેલો છે તે શોધી કાઢવાનું કામ બહુ રસિક થઈ પડે તેવું છે. ૧૯૦૫ની સાલમાં મુસ્લિમોને બિનસલામતીની લાગણી થઈ આવી, અને તેથી તેમણે પોતાનાં હિતોનાં સંરક્ષણને માટે સલામતીઓની માગણી કરી. ૧૯૩૮ની સાલના અરસામાં તેમને એવી લાગણી થઈ કે, અમે એક અલગ પ્રજા છીએ, અને તેથી તેમણે પોતાને માટે એક અલગ રાજ્યની માગણી કરવા માંડી છે. હવે આ લાગણી એ એક ભાવવાચક શબ્દ છે તેથી તેની ચોક્કસ વ્યાખ્યા બાંધી શકાતી નથી. ઑક્સ્ફર્ડ અંગ્રેજી શબ્દકોશમાં તેની આ પ્રમાણે વ્યાખ્યા કરેલી છે: લાગણી એટલે 'કેવળ બુદ્ધિના વ્યાપારથી નીપજી ન હોય તેવી પ્રતીતિ.' ઉપરાંત તે જ કોશમાં તેની માનસશાસ્ત્રની દૃષ્ટિથી નીચે પ્રમાણે વ્યાખ્યા આપેલી છે: લાગણી એટલે 'ભાન, અથવા કામના અથવા ભાવના (જ્ઞાન કે વિચાર

---

૨. 'પાકિસ્તાન,' પા. ૬–૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં).' આ બન્ને વ્યાખ્યાઓમાં વિચારને બદલે ભાવના અથવા લાગણી પર જે ભાર મૂકેલો છે, તેમાં ઊંડો મર્મ રહેલો છે.

ઘણાખરા ભાવવાચક શબ્દો ગોળગોળ તેમ જ ગોટાળાભરેલા હોય છે, તેથી તેમનો વપરાશ બહુ જોખમભરેલો હોય છે. આવા શબ્દો વિચારને પ્રેરણા આપતા નથી, ખાલી ભાવનાને સંકોરે છે, અને ચિત્તમાં 'કેવળ બુદ્ધિના વ્યાપારથી ન નીપજી હોય તેવી પ્રતીતિ' ઉત્પન્ન કરે છે. માણસે જે અનેક શસ્ત્રાસ્ત્રો નિપજાવ્યાં છે, તે બધાંમાં સૌથી ખતરનાક આ ભાવવાચક શબ્દો છે. આ વાત પુરવાર કરવાને જેટલી જોઈતી હોય તેટલી સાબિતી આધુનિક યુરોપનો ઇતિહાસ પૂરી પાડે છે.

રાજકારણ સરવાળે માણસ માણસ વચ્ચેના સમૂહગત વહેવારોનું શાસ્ત્ર હોવાથી, તેને અંગે જે જે ભાવવાચક શબ્દો અથવા પદો વપરાય, તે બધાંનો બને તેટલો વધારેમાં વધારે ચોક્કસ પ્રત્યક્ષ અર્થ કરવામાં આવે, તે અત્યંત જરૂરનું છે. નહીં તો તેવા શબ્દો વડે લોકોનાં ટોળેટોળાંને, અથવા આખાને આખા સમૂહોને, જ્યારે ગૌરવભેર જીવવાનું વધારે મહત્ત્વનું હોય ત્યારે તેને બદલે ગૌરવને નામે મરવાને માટે ઉશ્કેરી શકાય છે, અને રાષ્ટ્રીય ભાવનામાં સમાયેલો પ્રત્યક્ષ તેમ જ સામાજિક અર્થ વિચારપૂર્વક, ઠંડે કલેજે શોધી કાઢવાની મહેનત લેવાને બદલે, તે ભાવનાને નામે ગાંડાં કરી શકાય છે. તેથી રાજકારણના વહેવારમાં કેવળ લાગણીની પ્રેરણાને કદી પૂરતી ગણવી ન જોઈએ. લાગણીને હમેશ હકીકત તેમ જ વાસ્તવિક પરિણામોની કસોટી પર ચઢાવી જોવી જોઈએ.

એવી દલીલ જરૂર થઈ શકે એમ છે કે, મુસ્લિમોની બિનસલામતીની લાગણીની આવી જાતની પૂરતી કસોટી કદી થઈ નથી, અને તેનું ઊંડા ઊતરીને પરીક્ષણ કરવામાં આવ્યું નથી. વળી એ ભાવવાચક શબ્દથી વ્યક્ત થતી ડરની લાગણીનો પ્રત્યક્ષ વહેવારમાં શો અર્થ થાય તે તપાસવાનો પ્રયત્ન થયો નથી. પરિણામે તે બિનસલામતીની લાગણી વધતી વધતી, જ્ઞાનતંતુઓના ચાલુ ઉશ્કેરાટથી નીપજતા એક રોગ જેવી બની ગઈ છે, અને એ અસલ રોગને બિનસલામતીના ડરની લાગણીના મૂઢગ્રાહમાંથી નીપજતા, અને તેને જ ન્યાયે વાસ્તવિક ભાસતા ભયો તેમ જ વહેમોથી પોષણ મળ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા તરીકે સલામતીઓ માટેની જે માગણીઓ મુસ્લિમોએ વખતોવખત રજૂ કરી છે, તેમનો જ વિચાર કરીએ. આ જાતની માગણી પ્રથમ ૧૯૦૫ની સાલમાં કરવામાં આવી હતી, અને ૧૯૦૯ની સાલમાં થયેલા રાજકીય સુધારાઓની યોજનામાં તે આમેજ કરવામાં આવી હતી. તે યોજનામાં મુસ્લિમોને સામાન્ય વિભાગોમાંથી મત આપવાના અધિકાર ઉપરાંત આગવું પ્રતિનિધિત્વ પણ આપવામાં આવ્યું હતું.[૩] આ રીતે પોતાનાં અલગ મતદાર મંડળો દ્વારા ધારાસભાઓની ચૂંટણીને અંગે તેમને બીજો વધારાનો મત મળ્યો હતો.

૧૯૧૯ ની સાલમાં થયેલા રાજકીય સુધારાઓની યોજનામાં, મહાસભા અને લીગ વચ્ચે થયેલા કરાર મુજબ ધારાસભામાં મુસ્લિમોનું ખાસ અલગ પ્રતિનિધિત્વ વધારવામાં આવ્યું હતું. નીચે આપેલા પત્રક પરથી ફેર કેટલો પડ્યો હતો, તે સમજાશે.

ધારાસભા	ચૂંટાયેલા સભ્યો પૈકી મુસ્લિમ બેઠકોના ટકા	
	૧૯૦૯	૧૯૧૯
બ્રિટિશ હિન્દુસ્તાન	૧૮.૫	.૩૪
આસામ	૧૮	૩૫.૫
બંગાળ	૧૮	૪૦.૫
બિહાર અને ઓરિસ્સા	૧૯	૨૫
મુંબઈ (સિન્ધ સાથે)	૧૯	૩૫
મધ્યપ્રાંત	૧૯	૧૩
મદ્રાસ	૧૯	૧૪
પંજાબ	૧૯	૪૮.૫
યુક્તપ્રાંત	૧૯	૩૦

---

૩. વળી મતાધિકાર માટેની લાયકાતનું ધોરણ પણ તેમને માટે બહુ અનુકૂળ રાખવામાં આવ્યું હતું. મતાધિકાર મેળવવાને એક મુસ્લિમને વાર્ષિક ત્રણ હજારની આવક પર અને બિનમુસ્લિમને વાર્ષિક ત્રણ લાખની આવક પર આવકવેરો ભરવાની જરૂર રહેતી હતી. એક મુસ્લિમને ગ્રેજ્યુએટ થયા પછી ત્રણ વર્ષે મત આપવાનો હક મળી જતો ત્યારે બિન-મુસ્લિમને ગ્રેજ્યુએટ થયા પછી ત્રીસ વરસે મળી શકતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમોને ધારાસભાની બેઠકોમાં એક બાજુથી સંગીન વધારો મળ્યો[૪], એટલે બીજી બાજુ ત્યાર સુધી તેમને ભાગે આવતો સામાન્ય મતદાર મંડળો દ્વારા મત આપવાનો અધિકાર તેમણે જતો કર્યો. આ અધિકાર છોડી દઈને તેમણે હિન્દની સામાન્ય વસ્તી સાથે સંપર્કમાં રહેવાનું એક મહત્ત્વનું સાધન ગુમાવ્યું, અને હિન્દની બાકીની વસ્તીથી તે અલગ પડવા લાગ્યા. મહાસભાએ એ વરસો દરમિયાન ધારાસભાઓનો બહિષ્કાર કર્યો હતો, અને મૉન્ટફોર્ડ સુધારાઓની યોજના અનુસાર મળતાં પ્રધાનપદાંઓનો ત્યાગ કર્યો હતો, તેને લીધે ધારાસભાઓના મુસ્લિમ સભ્યસમૂહને જે અણધારેલું મહત્ત્વનું સ્થાન મળી ગયું, તેથી મુસ્લિમોને પોતાના અલગપણાની અસર તુરતાતુરત વરતાઈ નહીં. દાખલા તરીકે, સંયુક્ત પ્રાન્તમાં હિન્દુઓની વસ્તી કુલ વસ્તીના ૮૬ ટકા છે, ત્યાં ૧૯૨૧થી ૧૯૩૫નાં વરસો દરમિયાન કારોબારીના કાયદા અને વ્યવસ્થાનું ખાતું સંભાળનારા સભ્યનું સ્થાન, એક જ વખત એક હિન્દુને સોંપાયું હતું, અને તે પણ માત્ર બે વરસ પૂરતું જ. એથી ઊલટું એ જ જગ્યા પર એકંદરે બાર વરસની મુદતને માટે ત્રણ મુસ્લિમો આવી ગયા અને એક મુસ્લિમ, છતરીના નવાબ સાહેબ તો પ્રાન્તના કામચલાઉ ગવર્નર પણ થયા હતા.

૧૯૩૭ની સાલમાં મહાસભાએ પ્રધાનપદાં સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો, તે વચગાળાના સમયમાં જે વ્યવસ્થા થઈ હતી, તેને અંગે હિન્દુ વધુમતીવાળા ઘણા પ્રાંતોમાં મુસ્લિમો વડા પ્રધાનો બન્યા હતા. આ રીતે મહાસભાના ધારાસભાઓના તેમ જ પ્રધાનમંડળોના બહિષ્કારને લીધે, અલગ મતદાર મંડળોની નીતિને પરિણામે હિંદની સામાન્ય વસ્તીથી મુસ્લિમો અલગ પડતા જતા હતા, તે વાત છતી થઈ નહોતી.

૧૯૩૫માં આ જુદાઈ વધી. હિંદી સરકારના બંધારણના નવા કાયદાથી સિંધને મુંબઈથી છૂટો પાડવામાં આવ્યો, અને પંજાબ તથા બંગાળમાં કાયદાથી સ્પષ્ટપણે નહીં, તો પણ હકીકતમાં કાયદેસરની કહી શકાય તેવી ધારાસભાના સભ્યોની વધુમતી મુસ્લિમોને મળી ગઈ. આ

૪. વસ્તીના પ્રમાણમાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ બંગાળ તેમ જ પંજાબમાં અનુક્રમે ૨૪ અને ૯ ટકા જેટલું ઓછું થયું હતું, પરંતુ બીજા પ્રાન્તોમાં ૬૩ થી ૨૪૯ ટકા સુધી વધ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરફારોને પરિણામે બન્ને કોમોના પ્રતિનિધિઓ વચ્ચેના પરસ્પરાવલંબનના, તેમ જ સહકારભરી મૈત્રીના બંધ છેક ઢીલા પડી ગયા. સલામતીઓની કમાનો બહુ વપરાશથી ખેંચાઈ ખેંચાઈને ઢીલી પડતી ગઈ તેમ તેમ તેમને દબાવીને પાછી કામ આપે તેટલી તંગ કરવામાં આવતી હતી.

ધારાસભાઓ	ચૂંટાયેલા કુલ સભ્યોની સંખ્યામાં મુસ્લિમ સભ્યોના ટકા	
	૧૯૧૯	૧૯૩૫
બિહાર	૨૫	૨૬
મુંબઈ	૩૫	૧૭
મધ્યપ્રાંત	૧૩	૧૩
મદ્રાસ	૧૪	૧૩
ઓરિસ્સા	—	૭
યુક્ત પ્રાંત	૩૦	૨૮
આસામ	૩૫ ૫	૩૨
બંગાળ	૪૦.૫	૪૭
પંજાબ	૪૮.૫	૪૮
વાયવ્ય સરહદનો પ્રાંત	—	૭૨
સિંધ	—	૫૫

આ પત્રક ઉપર નજર ફેરવતાં તરત જ માલૂમ પડે છે કે, મુસ્લિમોની માગણીને માન્ય રાખીને ૧૯૩૫ના કાયદાથી પ્રાંતોની એવી રીતે પુનર્ઘટના કરવામાં આવી છે, કે જેથી અગિયારમાંથી ચારમાં ચોક્કસપણે અને પાંચમામાં ઘણુંખરું મોટે ભાગે મુસ્લિમોની બનેલી સરકારો અસ્તિત્વમાં આવે, અને બાકીના છ પ્રાન્તોમાં થનારી સરકારો પ્રધાનપણે હિંદુઓની બનેલી હોય. મુસ્લિમ લીગે બન્ને કોમો વચ્ચે વધતી જતી જુદાઈની વાત પર જે ભાર મૂકવા માંડ્યો હતો, તેમાંથી આવી જાતની વ્યવસ્થા અનિવાર્ય રીતે ફલિત થાય છે. એથી ઊલટું, જો કોમી મતદારમંડળોની સાથે, સિંધ સાથેના મુંબઈ ઇલાકા જેવા મિશ્ર પ્રાંતો રહેવા દેવામાં આવ્યા હોત, તો તેવા પ્રાંતોમાં મિશ્ર પ્રધાનમંડળોની રચના આવશ્યક થાત, અને કોઈ પ્રાંતના વહીવટમાં કોઈ પણ એક કોમનું વર્ચસ્વ થવાનો સંભવ ન રહેત. વળી કોમી ધોરણે પ્રાંતોની નવી સરહદો નક્કી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા છતાં જો સંયુક્ત મતદાર મંડળોની પ્રથા ચાલુ કરવામાં આવી હોત, તો બન્ને કોમ વચ્ચે પડી ગયેલું અંતર પુરાતું જાત, અને પ્રાન્તિક સરકારો મિશ્ર સ્વરૂપની થાત. પરંતુ પ્રાન્તોને કોમી ધોરણે અલગ પાડવામાં આવે, અને તેની સાથે જો ચૂંટણીઓ પણ અલગ ધોરણે રાખવામાં આવે, તો તેને પરિણામે સ્વાભાવિક રીતે જ એવા બે પ્રદેશો અસ્તિત્વમાં આવે, કે જેમાં નવી રચાનારી સરકારોમાં એક યા બીજી કોમનું વર્ચસ્વ થયા વિના ન રહે. અને આ રીતે જોતાં જે વ્યવસ્થા સરવાળે થઈ હતી, તેમાં અન્યાય નહોતો. વસ્તીની દૃષ્ટિથી જોતાં આ વ્યવસ્થામાં મુસ્લિમ વસ્તીના ૭૪ ટકા લોકો 'મુસ્લિમ શાસન' નીચે આવે છે, અને ૨૬ ટકા 'હિન્દુ શાસન' નીચે. એ જ જાતના હિંદુ વસ્તીને લગતા ટકા ૧૯ અને ૮૧ થાય છે. બન્ને કોમોના મતદારોની સંખ્યાની દૃષ્ટિથી તપાસતાં તો સ્થિતિ વધારે સંતોષકારક માલૂમ પડે છે—હિન્દુ મતદારોના ૨૨ ટકા 'મુસ્લિમ શાસન' નીચે છે અને મુસ્લિમોના ૨૩.૬ ટકા 'હિન્દુ શાસન' નીચે આવે છે.[૫]

એવી આશા સહેજે રહેતી હતી કે, આ વ્યવસ્થા થયા પછી મુસ્લિમ કોમને બિનસલામતીનું જે ભૂત વળગ્યું હતું, તે નીકળી જશે. પરંતુ એવું બનવા સરજિત નહોતું. તે પછીના વરસમાં શ્રી. ઝીણાએ દેશના વહીવટમાં પચાસ ટકા હિસ્સાની માગણી કરવા માંડી. શ્રી. ઝીણાના ચૌદ મુદ્દાઓ પૈકીના એકમાં કહેવામાં આવ્યું હતું કે, "દરેક પ્રાન્તમાં લઘુમતી કોમોને (ધારાસભાઓમાં) પૂરતું તેમ જ અસરકારક પ્રતિનિધિત્વ મળવું જોઈએ", અને "કોઈ પણ પ્રાન્તની બહુમતીનો દરજ્જો (પ્રાન્તોની પુનર્ઘટનાને અંગે વસ્તીની સંખ્યા ઘટાડીને) લઘુમતીનો તો શું, સરખો પણ ન થવો જોઈએ". આ નવી માગણીનો અર્થ એ થતો હતો કે, હિન્દુઓ અને મુસ્લિમોનો દરજ્જો સરખો થઈ જાત, અથવા હિન્દુઓ કદાચ લઘુમતીને દરજ્જે પણ ઊતરી જાત.[૬]

---

૫. પ્રાન્તોના હિંદુ અને મુસ્લિમ, એવા બે વર્ગો અમારા પાડેલા નથી. સલામતીઓની વિચારસરણીના પાયામાં જ એ વર્ગીકરણ સમાયેલું છે.

૬. એ એક ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે, મતદારોના વર્ગીકરણમાં હિન્દુઓનો જુદો વર્ગ પાડવામાં આવેલો નથી. તેમને બીજી નાની નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૧૯૪૦ સુધીમાં તો પચાસ ટકા હિસ્સાની માગણી પણ વાસી થઈને નકામી પડી ગઈ. તે સાલના માર્ચ માસની ૨૩મી તારીખે મુસ્લિમ લીગે, મુસ્લિમોની જે વિસ્તારોમાં લઘુમતી હોય તેવા હિન્દના વાયવ્ય અને પૂર્વ વિભાગોમાં આવેલા પ્રદેશોમાંથી "સ્વતંત્ર રાજ્યો" સ્થાપવાની માગણીની જાહેરાત કરીને, દેશ પર ભાગ વહેંચી લેવા માટેની પહેલી નોટિસ બજાવી. બિનસલામતીની "લાગણી"એ આખરે મુસ્લિમ લીગને પાકિસ્તાનની અંતિમ માગણીની હદ સુધી ધકેલી દીધી.૭

સલામતીઓના આ ટૂંક પૃથક્કરણમાં આપણને માનવ-ચિત્તના વ્યાપારોની એક અત્યંત રસિક ઘટના જોવાની મળે છે. મુસ્લિમ હિતોને સંરક્ષણ આપવાને માટે સલામતીઓની જે નીતિ અખત્યાર કરવામાં આવી, તેને પરિણામે મુસ્લિમ કોમ હિન્દની બાકીની વસ્તીથી અલગ થઈને એકલી પડી જવા લાગી. આ જુદાઈની લાગણીથી તેનો બિનસલામતીનો મૂળ ડર વળી વધતો ગયો, એટલે તેનું નિવારણ કરવાને નવી સલામતીઓ યોજવામાં આવી. પણ બિનસલામતીના અસલ ડરનું

લઘુમતીઓ જેવી કે પારસીઓ, જૈનો, બૌદ્ધો, યહૂદીઓ ભેગા જ 'સામાન્ય મતદાર મંડળો'ના વર્ગમાં સમાવી લેવામાં આવેલા છે. શ્રી. ઝીણાના દાવાનો જો એવો અર્થ થતો હોય કે, મુસ્લિમો અને બિન-મુસ્લીમો વચ્ચે પચાસ પચાસ ટકાને ધોરણે વહેંચણી થવી જોઈએ, તો બિનમુસ્લિમોમાં શીખો, ખ્રિસ્તીઓ, એંગ્લો-ઇન્ડિયનો વગેરે સમાઈ જતા હોવાથી, તે શબ્દનો અર્થ વધારે વ્યાપક બને છે. એ રીતે હિન્દુઓનો હિસ્સો મુસ્લિમોના હિસ્સા કરતાં નાનો થઈ જાય છે. લઘુમતીઓના સલામતીઓના હકો વિસ્તાર પામીને વધુમતીના અધિકારના પ્રદેશમાં ઊંડે સુધી ઘૂસી જાય છે.

૭. લીગના રાજકારણની ચર્ચા કરતાં મૌલાના શિબ્લીએ ટાંકેલી નીચે આપેલી ફારસી બેત, સલામતીઓની નીતિથી આખરે કેવું પરિણામ આવે તેનો બરાબર ખ્યાલ આપે છે.

> ખિશ્તે અવ્વલ ચૂં નેહાદ મેઅમાર કજ,
> તા સુરૈયા મીરવદ દીવાર કજ.
>
> (કડિયો પહેલી ઈંટ જો વાંકી મૂકે,
> દીવાલ કૃતિકા સુધી વાંકી પૂગે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવારણ ન થયું તે ન જ થયું. ઊલટું એ નીતિમાં જેમ જેમ આગળ પગલાં ભરવામાં આવ્યાં, તેમ તેમ મુસ્લિમોનો ડર વધારે ને વધારે ઊંડો ઊતરતો માલૂમ પડે છે, અને 'મૅકબેથ' નાટકમાંની પેલી ડાકણો જેમ મૅકબેથને એક કફોડી દશામાંથી ઊગરવાને તેનાથી વધારે કફોડી દશામાં હાંકી લઈ જાય છે, તેમ લીગ વધારે ને વધારે કફોડી સ્થિતિમાં સપડાતી જાય છે. પોતાના અસલ મૂઢગ્રાહના ન્યાયની ચૂડમાં દબાઈ ગયેલી લીગ, તેમાંથી છૂટવાને, દાંતે આવી જઈને પાકિસ્તાનના આખરી ઇલાજનું શરણું શોધે છે. પરંતુ આ પાકીસ્તાન પણ બિનસલામતીના ભૂતને કાયમને માટે કાઢી શકશે ખરું ? એ બાબતમાં ચોક્કસપણે કંઈ પણ કહેવું અશક્ય છે, પરંતુ છેલ્લાં પાંત્રીસ વરસના ઇતિહાસ પરથી ભાવીની કલ્પના કરવાનું કોઈ પણ ચતુર માણસને માટે અઘરું નથી. લાગણીઓ અને કામનાઓની ભૂખ, તેમને જેમ જેમ ઘેરવો તેમ તેમ બહેકતી જાય છે, તેમને સંતોષવાના પ્રયાસો ઘણુંખરું હમેશ ફોકટ જાય છે અને તેમને શાન્ત પાડવાના ઉપાયો ખરે જ કદી જડતા નથી. न जातु कामः कामानामुपभोगेन शाम्यति, हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ।

આજે પણ મુસ્લિમ લીગના હિમાયતીઓ મુસ્લિમ કોમની અપ્રત્યક્ષ ભાવનાઓ તેમ જ મૂઢ લાગણીઓને ઉશ્કેરીને પોતાનું કામ કાઢી લેવા માગે છે. હવે જ્યારે પાકિસ્તાનની સ્થાપનાને મુસ્લિમ લીગના બંધારણમાં લીગના ધ્યેય તરીકે સમાવવામાં આવ્યું છે, ત્યારે પણ પાકિસ્તાનને નામે ઓળખાતી વસ્તુની આકૃતિની રેખાઓ અસ્પષ્ટ રાખવામાં આવી છે, અને તેના આખા ખ્યાલની કોઈ ચોક્કસ વ્યાખ્યા કરવામાં આવતી નથી. ફરી પાછું તેની તે જ જૂની નીતિ મુજબ પાકિસ્તાનના તરંગને સાકાર, દૃશ્ય સ્વરૂપ આપે તેવી કોઈ ચોક્કસ દરખાસ્ત રજૂ કરવામાં આવતી નથી, કહો કે રજૂ થવા દેવામાં આવતી નથી. વળી એક વાર આપણે "લાગણીને વિચારોને ઢાંકી દેતી, અને કેવળ બુદ્ધિના વ્યાપારથી ન નીપજી હોય તેવી પ્રતીતિને ઉત્પન્ન કરતી" જોઈએ છીએ.

મુસ્લિમ લીગના રાજકારણમાં સમાયેલો આ મૂઢગ્રાહ કેવી રીતે કાર્ય કરતો આવ્યો છે, તે દર્શાવવાને જો એક આલેખ દોરવામાં આવે, તો આપણને માલૂમ પડે છે કે, તેના પ્રભાવની રેખા બંધારણને લગતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરફારો થવાના હોય તે અરસામાં સૌથી ઊંચે ચઢે છે, અને સુધારાઓનો કાયદો ઘડાયા પછીના સમયમાં નીચે ઊતરીને સપાટી પર થોભે છે. મૂઢગ્રાહની કરણીના આલેખની આકૃતિ આ જ જાતની થાય, તે દેખીતું છે. નવી સલામતીઓ મેળવી લીધા પછી કોમનું બિનસલામતીનું ભાન, કંઈ નહીં તો તરતપૂરતું મોળું પડે છે. ૧૯૩૩ અને ૧૯૩૭ની સાલ વચ્ચે, એટલે કે કોમી ચુકાદાની જાહેરાતનો સમય, અને મહાસભાએ છ પ્રાંતોમાં સરકારનો વહીવટ ચલાવવાની જવાબદારી પ્રથમ સ્વીકારી તે સમય, એ બે વચ્ચેનો ગાળો આવી જાતનો હતો. ૧૯૩૫ના કાયદામાં મુસ્લિમોની અંતિમ ધોરણની સર્વ માગણીઓ મંજૂર રાખવામાં આવી હતી, અને તેથી એવી આશા રહેતી હતી કે, હવે તો મુસ્લિમોના ચિત્તપ્રદેશની કોર પર ભૂતની માફક ભમ્યા કરતો બિનસલામતીનો ડર નાબૂદ થઈ જશે.

પરંતુ એ આશા ન ફળી. મહાસભાના પ્રધાનો સત્તારૂઢ થયા તે પછી તો મુસ્લિમો પર થતા દમનનો, અને તેમના પર ગુજારવામાં આવતા અત્યાચારોનો પોકાર, આગળ કોઈ વખતે નહોતો પડ્યો તેટલા જોરશોરથી પડવા લાગ્યો. ત્યાર પછી યુરોપનું મહાયુદ્ધ જાગ્યું, અને તેને લીધે ૧૯૩૯ની સાલમાં આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ.

યુદ્ધ શરૂ થયું, અને મહાસભાનાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં, એટલે હિંદના રાજબંધારણનો સવાલ ફરી એક વાર મોખરે આવ્યો. તેની સાથે જ આપણા આલેખની મૂઢગ્રાહની રેખા સડસડાટ ઊંચી ચઢી ગઈ. બંધારણના સવાલનું કંઈક નિરાકરણ થાય તે પહેલાં જ લીગે પોતાની માગણીઓ રજૂ કરવી રહી. પાકિસ્તાનની માગણી ૨૩મી માર્ચ, ૧૯૪૪ને દિને કરવામાં આવી. આપણે આગળ જોઈશું કે, મુસ્લિમ લીગ મુસ્લિમોને માટે અલગ રાજ્યની સ્થાપનાની માગણીથી ઓછી અથવા ઊતરતી માગણી કરવાની સ્થિતિમાં જ નહોતી. પરંતુ આ માગણીની જે તારીખ છે, તે પણ અત્યંત સૂચક છે. મૂઢગ્રાહની પ્રક્રિયાના આપણે દોરેલા આલેખમાં એ તારીખ બરાબર બંધબેસતી આવે છે, અને તે પરથી લીગનું રાજકારણ કઈ ઢબે ચાલે છે, તેની આપણને ઝાંખી થાય છે.

સલામતીઓની નીતિને બદલે કોમી સવાલનો જો આર્થિક હિતોની દૃષ્ટિથી ઉકેલ કરવાનો પ્રયાસ થાય, તો તેનું નિરાકરણ ઝટ થાય એમ લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનતા થયા હતા. દલીલ એ હતી કે, કોમી ચળવળ મુસ્લિમ કોમના ઉપલા અને મધ્યમ વર્ગ સુધી જ ફેલાયેલી છે, અને મુસ્લિમ આમજનતાને તેણે સાચું જોતાં જરાયે સ્પર્શ કર્યો નથી.

વળી ૧૯૨૯–૩૩ના ગાળામાં ફેલાયેલી આર્થિક મંદીને કારણે લોકોનું પોતાનાં આર્થિક હિતો વિષેનું ભાન વધારે જાગ્રત થયું છે, એવી માન્યતા દૃઢ થઈ હતી. એવી આશા રાખવામાં આવતી હતી કે, સમાન આર્થિક હિતોને ધોરણે જે લોકો જાગ્રત થઈને એકત્ર થશે, તે બધા કોમી નિષ્ઠાની ભાવનાએ પેદા કરેલા ગૂંચવાડામાંથી છૂટા થઈને, કોમ કોમ વચ્ચેના વિરોધની લાગણીમાંથી મુક્ત થશે, અને પોતાનાં આર્થિક હિતોને અનુસરીને, પોતાના વર્ગ પ્રત્યેની નિષ્ઠાને ઓળખતા થશે ને તેને કેળવશે. કોમી સવાલની મુશ્કેલીઓનો પાર નહોતો, છતાં તે નિરાકરણના પ્રદેશમાં પેઠો હતો, એવો ભાસ થવા લાગ્યો હતો.

એક મુસ્લિમનું લખેલું એક, અને હિંદમાં લાંબા વખતથી વસવાટ કરીને રહેતા એક અમેરિકને લખેલું બીજું, એમ તે સમય દરમિયાન પ્રસિદ્ધ થયેલાં બે પુસ્તકોમાં એક જ સૂર કાઢવામાં આવ્યો હતો, અને હિંદુ-મુસ્લિમ પ્રશ્નનું એક જ જાતનું પૃથક્કરણ રજૂ કરવામાં આવ્યું હતું.

> બ્રિટિશ સંસ્થાનોની દુનિયામાં એવો ખ્યાલ પ્રવર્તે છે કે, હિન્દી આમ જનતાના ધાર્મિક ઝનૂનમાંથી આ સવાલ ઊભો થયેલો છે; હિન્દી રાષ્ટ્રવાદ તેને બ્રિટિશ સામ્રાજ્યવાદની એક કરણી ગણે છે . હિંદની આખી સમાજરચનામાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે, અને દેશની સંપૂર્ણ રાજકીય મુક્તિ તો હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેના ઝઘડાને નાબૂદ કરવાનું કેવળ પહેલું પગલું છે . હિંદી મૂડીદાર વર્ગના હિંદુ અને મુસ્લિમ વિભાગોનો એક સરખો વિકાસ થયો નથી, તે જ હકીકત હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેના ઝઘડાના મૂળમાં રહેલી છે.[૮]

આ પછી ત્રણ વર્ષ બાદ એક ખ્રિસ્તી મિશનરીએ રજૂ કરેલું પૃથક્કરણ અને ભવિષ્યકથન, આ જ પ્રમાણે આર્થિક દૃષ્ટિથી કરવામાં આવેલું છે.

---

૮. રહમત અલી : 'કોન્ટ્રિબ્યૂશન અ' લ' એતુદ દુ કોનફ્લિક્ત હિંદુ મુસલમાન (હિંદુ-મુસલમાન ઝઘડાના નિરાકરણની વિચારણામાં એક ફાળો), પારિસ, ૧૯૩૩, પા. ૧૦, ૧૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડાંના પ્રદેશોમાં, જ્યાં અનેક કારણોની અટપટી પરંપરામાંથી આર્થિક કારણને જુદું તારવી કાઢવાનું મુશ્કેલ હોય છે, ત્યાં ભાગ્યે જ કોઈ જાતનું કોમી રમખાણ થાય છે. . . . કોઈ પણ એક હિંદુ ખેડૂતને પોતાની કોમના હિંદુ ઉદ્યોગપતિના કરતાં પોતાના જેવો મુસ્લિમ ખેડૂત વધારે નિકટનો સંબંધી લાગે છે. મજૂરો અને માલિકોનાં પરસ્પરવિરોધી હિતો, કોમી વાડાઓની આડી રેખાઓને છેદી નાખ્યા વિના રહેવાનાં નથી.[૯]

પરંતુ ઉપર આપેલા શબ્દો લખાયા પછી ત્રણ જ વરસ રહીને મહાસભાની જે સરકારે મિલકતો પર કર નાખ્યો હતો, તેની સામે વિરોધ દર્શાવવાને મુસ્લિમોનું એક ગંજાવર સરઘસ મુંબઈના રસ્તાઓ પર ફરી વળ્યું હતું. સરકારના દારૂબંધીના કાર્યક્રમને પાર પાડવાને માટેનાં નાણાં ઊભાં કરવાને માટે આ કર નાખવામાં આવ્યો હતો, અને તેનો ભાર બધી કોમોના મોટી મોટી મિલકતો ધરાવનારા લોકો પર પડ્યો હતો. જે મુસ્લિમ આમ જનતાનો મઝહબ કેફી પીણાંઓનો નિષેધ ફરમાવે છે, તે જ પોતાની કોમને નામે મિલકત પર નાખવામાં આવેલા કરની સામે વિરોધ દર્શાવવાને તૈયાર થઈ હતી. આ દાખલામાં આર્થિક હિતોને કારણે પેદા થતી સમાન ભાવનાની અસર કેમ ન થઈ? વર્ગ પ્રત્યેની વફાદારીની ભાવના કોમ કોમ વચ્ચેના વિરોધની લાગણી કરતાં જોરાવર કેમ ન જણાઈ?

મુસ્લિમ લીગ આ બધી બાબતોની જવાબદારી મહાસભાના સત્તાવીસ મહિનાના વહીવટને માથે ઢોળે છે.

(અખિલ હિંદ મુસ્લિમ લીગની કાઉન્સિલના એક સભ્ય લખે છે કે) જે પ્રાંતોમાં હિંદુઓની વસ્તી બહુ મોટા પ્રમાણમાં છે, ત્યાં રાષ્ટ્રીય મહાસભાનું વર્ચસ્વ જામ્યું હતું. અને તેથી તે પ્રાંતોમાં તે આપખુદ સત્તાના સ્થાન પર ગોઠવાઈ ગઈ. આ પ્રાંતોમાં કેવળ હિંદુઓની બનેલી સરકારો સ્થાપવામાં આવી, તે ઉપરથી રાષ્ટ્રીય મહાસભા એકલા હિંદુઓની સંસ્થા છે, તે વાત ખુલ્લી પડી ગઈ. જે એકાદ બે મુસલમાનો જાતે આગળ વધવાના સ્વાર્થી હેતુઓને વશ થઈને પોતાના અસલ પક્ષોને છેહ દઈને તેમાંથી નીકળી ગયા હતા, તેમને આ પ્રધાનમંડળોમાં લેવામાં આવ્યા હતા, તેથી તે પ્રધાનમંડળોના નિરપવાદ હિન્દુ લક્ષણમાં કશો ફરક પડતો નથી. કોંગ્રેસ અને બ્રિટિશ સરકાર વચ્ચે થયેલા 'ગૃહસ્થોના કરાર'ને અનુસરીને, લઘુમતી

૯. ક્લિફર્ડ મૅનશાર્ટ: 'ધિ હિન્દુ-મુસ્લિમ પ્રૉબ્લેમ' લંડન, ૧૯૩૬, (હિન્દુ-મુસ્લિમ સવાલ, લંડન, ૧૯૩૬), પા. ૫૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમોનાં હિતોના સંરક્ષણને માટે બંધારણમાં આમેજ કરવામાં આવેલી સલામતીઓને ખાંજરે નાખવામાં આવી હતી. પોતાનુંવર્ચસ્વ જમાવવાનાં, અને મુસ્લિમોને તેમ જ બાકીના બધા બિન-કોંગ્રેસી લોકોને અસહાય ગુલામોની અવદશામાં ધકેલી દેવાનાં પોતાનાં દુષ્ટ કાવતરાંઓને અમલમાં મૂકવાના કાર્યમાં, મહાસભાને ઘણી છૂટ મળી ગઈ હતી. આ રીતે મુસ્લિમો તેમ જ બીજી લઘુમતી કોમોના લોકોને, વહીવટની સત્તાના તેમ જ રાજ્ય-શાસનના અધિકારના પોતપોતાના વાજબી હિસ્સાથી વંચિત રાખવામાં આવ્યા હતા.૧૦

આ આખા ફકરામાં ખોટી રજૂઆતોનો કંઈ પાર નથી. રાજકારણનો કક્કો ઘૂંટનારો નિશાળિયો પણ જાણે છે કે, ૧૯૩૫ના કાયદા મુજબ 'ગોઠવાઈ ગયેલી' કોઈ પણ પ્રાન્તિક સરકાર આપખુદ સત્તા ધરાવતી નહોતી. હકીકતમાં તો બંગાળના વડા પ્રધાન શ્રી. ફઝલુલ હકે પોતે કબૂલ કર્યું છે કે, નવા બંધારણ હેઠળ નથી હિન્દુરાજ થવાનું કે નથી મુસ્લિમરાજ થવાનું, જે થશે તે બ્રિટિશ રાજ થવાનું છે.[૧૧] 'હિન્દુ પ્રાન્તો'માં જે ૭ મુસલમાનો પ્રધાનો બન્યા હતા, તે પૈકી ત્રણ તો કૉંગ્રેસ પક્ષના ઉમેદવારો તરીકે ચૂંટાયા હતા, અને બે સ્વતંત્ર ઉમેદવારો તરીકે ચૂંટાઈને આવ્યા હતા તે પાછળથી બીજી કેટલીક કોમોના ધારાસભ્યો કૉંગ્રેસ પક્ષમાં સામેલ થયા હતા, તે જ પ્રમાણે તેમાં દાખલ થયા હતા. ખુદ મુસ્લિમ લીગની બાબતમાં પણ આવું જ બન્યું હતું. સ્વતંત્ર ઉમેદવારો તરીકે ચૂંટાયેલા કેટલાયે મુસ્લિમ ધારાસભ્યો, અને ચૂંટણીઓમાં મુસ્લિમ લીગ પક્ષના ઉમેદવારોને સીધા હરાવીને ચૂંટાયેલા થોડાક બીજા ધારાસભ્યો, પાછળથી લીગ પક્ષમાં જોડાયા હતા. એટલું જ નહીં પણ તેના જુસ્સાદાર હિમાયતીઓ બન્યા હતા. આને અંગે એ વાત પણ યાદ રાખવી જરૂરની છે કે, શ્રી. ફઝલુલ હક પોતે તે સમયના બંગાળની મુસ્લિમ લીગના આગેવાન સર જી. નિઝામુદ્દીનને ચૂંટણીમાં સીધી હાર આપીને, ધારાસભાને માટે ચૂંટાયા હતા. બાકી રહેલા છઠ્ઠા મુસ્લિમ પ્રધાન જો કે મૂળ મુસ્લિમ લીગના પ્રતિજ્ઞાપત્ર પર સહી કરીને ચૂંટાયા

---

૧૦. જમાલુદ્દીન અહમદ: 'ધિ ઇન્ડિયન કૉન્સ્ટિટ્યૂટશનલ ટેંગલ' — ૧૯૪૧. (હિંદના બંધારણનું કોકડું—૧૯૪૧), પા. ૩-૪.

૧૧. 'ધિ ઇન્ડિયન ઍન્યુઅલ રજિસ્ટર.' ૧૯૩૭, ભા. રજો, પા. ૪૧૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, તો પણ તેમણે પોતાની ધારાસભાની બેઠકનું રાજીનામું આપ્યું હતું, અને તેને પરિણામે જે પેટા ચૂંટણી થઈ તેમાં વળી પાછા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે ઊભા રહ્યા હતા. એ પેટા ચૂંટણીમાં તેમના હરીફ તરીકે લીગનો એક ઉમેદવાર ઊભો રાખવામાં આવ્યો હતો, પરંતુ તેની એ ચૂંટણીમાં અસાધારણ મોટી બહુમતીથી હાર થઈ હતી. તેથી એ ૭ પ્રધાનોએ કોઈક સ્વાર્થી હેતુથી પ્રેરાઈને પોતાના અસલ પક્ષોને 'છેહ દીધો હતો', એવો આક્ષેપ કરવો એ નરમ ભાષા વાપરીએ તો પણ છેક હાસ્યાસ્પદ છે, એમ કહેવું જોઈએ.

પરંતુ આ લખાણમાં જે રસિક તેમ જ મહત્ત્વની બાબત છે તે તો એ છે કે, "મુસ્લિમોને વહીવટની સત્તામાં તેમ જ રાજ્યશાસનના અધિકારમાં જરાયે હિસ્સો મળ્યો નહોતો". એ પાછી પેલી પુરાણી કથા. આ જાતની વ્યવસ્થા, આપણે ઉપર જોયું તે પ્રમાણે સલામતીઓની યોજનાના પાયામાં જ સમાયેલી છે. હકીકતમાં કુલ મુસ્લિમ વસ્તીના ૭૪ ટકા જેટલી વસ્તી મુસ્લિમ સરકારોના શાસન નીચે હતી, અને છતાં આ જાતની ફરિયાદ ઠોકયે રાખવામાં આવે છે! અગિયાર પ્રાન્તોના મળીને એકંદરે જે ૭૧ પ્રધાનો થયા હતા, તે પૈકી મુસ્લિમો ૨૬, બીજી લઘુમતી કોમોના ૧૦, અને હિન્દુઓ ૩૫ હતા; "રાષ્ટ્રીય મહાસભાના હિન્દુ પ્રાન્તો"માં જે પાંત્રીસ પ્રધાનો હતા, તે પૈકી મુસ્લિમો છ હતા, અને બીજી લઘુમતી કોમોના પાંચ હતા. થોડા સમય બાદ મહાસભાએ વાયવ્ય સરહદના પ્રાન્તમાં તેમ જ આસામમાં બીજા પક્ષો સાથે મળીને સંયુક્ત પ્રધાનમંડળો રચ્યાં હતાં, તેથી મુસ્લિમ પ્રધાનોની સંખ્યામાં વળી વધારો થયો હતો. વાયવ્ય સરહદના પ્રાન્તમાં ચાર પ્રધાનો પૈકી વડા પ્રધાન ડૉ. ખાન સાહેબ સાથે ત્રણ મુસ્લિમો પ્રધાનો બન્યા હતા. અને આસામના પ્રધાનમંડળમાં મુસ્લિમ પ્રધાનો ત્રણ અને બિન-મુસ્લિમ પ્રધાનો પાંચ હતા. લીગની વતી દલીલ કરનારા લોકો જે બેફામ અને તરેહતરેહનાં તરંગી વિધાનો કરે છે, તેમને આ આંકડાઓ સહેલથી ખોટાં સાબિત કરે છે.[૧૨]

૧૨. મૉન્ટફર્ડ સુધારાઓના અમલ દરમિયાન, એક્ઝિક્યુટિવ કાઉન્સિલરો (ગવર્નરની કારોબારીના સભ્યો) અને પ્રજાકીય પ્રધાનો મળીને, તેમની વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ રાજકારણમાં મૂઢગ્રાહનું અંગ કેવી રીતે કાર્ય કરે છે, તેનું એ ફકરો એક સરસ ઉદાહરણ છે. જ્યાંથી દલીલો ખૂટીને પૂરી થઈ જાય છે, ત્યાંથી ગાળોની શરૂઆત થાય છે, અને વિચારના દળદરનું વળતર કડક ભાષા વાપરવાથી મળી રહે છે. પોતાના એક પ્રસિદ્ધ પુસ્તકમાં પિટર ડ્રકરે આપણા જમાનાનો એક નોંધવા જેવો ખુલાસો આપેલો છે. તેનાં કેટલાંક વચનોથી મુસ્લિમ લીગનું વલણ સમજવામાં આપણને બહુ મદદ થાય છે. "જે વિચારસરણી આ નહીં આ નહીં કહેવામાં, એટલે કે ઇન્કારમાં જ સમાઈ જાય છે અથવા પૂરી થાય છે, તે સામા માણસની પ્રતીતિ કરાવવાની અથવા તેના મનનું સમાધાન કરવાની પોતાની નિષ્ફળતાને જ, હજી વધારે ઇન્કારની જરૂર છે, તે જ યોગ્ય છે, અને ઇન્કાર જ સાચો છે, એ વાતની સાબિતીમાં પલટી નાખે છે."[૧૩] આવું છે મૂઢગ્રાહનું માનસ.

આર્થિક બાજુથી કોમી સવાલના ઉકેલનો પ્રયાસ નિષ્ફળ ગયો તેને માટે રાષ્ટ્રીય મહાસભા કેટલેક અંશે જવાબદાર છે ખરી, પરંતુ શ્રી. જમાલુદ્દીન અહમદ સૂચવે છે તે દિશામાં તો એ સવાલના ઉકેલ માટેની નિષ્ફળતાની જવાબદારી તેને માથે જરાયે ઢોળી શકાય તેમ નથી. ૧૯૩૬-૩૭ ના વરસમાં કોમી સવાલની આર્થિક બાજુને અંગે મહાસભાએ પ્રવૃત્તિ શરૂ કરી હતી. ખેડૂતોની સ્થિતિ વિષેના ઠરાવોથી તેણે પોતાના કાર્યક્રમની

ખાતાંઓનાં દફતરોની જે વહેંચણી થઈ હતી, તેની સાથે મુકાબલો કરવાથી કેટલીક રસપ્રદ હકીકતો જાણવાની મળે છે. તેમની એકંદરે ૪૧ની સંખ્યામાં યુરોપિયનો ૧૧, હિન્દુઓ ૧૬, મુસ્લિમો ૧૦ અને બીજી લઘુમતી કોમોના ૪ હતા. આ વહેંચણીમાં અતિશય વધારે પડતો જે બ્રિટિશ હિસ્સો છે તે ન ગણીએ, તો પણ એકંદરે ૧૬ હિન્દુઓની સરખામણીમાં ૧૪ મુસ્લિમો તેમ જ બીજી લઘુમતી કોમોના પ્રતિનિધિઓ હતા. ૧૯૩૫ ના કાયદા પછી ૩૫ હિન્દુઓને મુકાબલે ૩૬ જુદી જુદી લઘુમતી કોમોના પ્રતિનિધિઓ હતા. "લઘુમતી કોમોના દમન"ના બુમરાણનો જે તુક્કો ઉડાવવામાં આવ્યો છે, તે કેવો પાયા વગરનો છે, તે આ આંકડાઓ સચોટ રીતે પુરવાર કરી આપે છે.

૧૩. 'ધિ એન્ડ ઑફ ઇકૉનૉમિક મૅન' (કેવળ અર્થપ્રેરિત માનવીનો અંત), પા. ૨૦૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થિક બાજુ પર ભાર મૂકવા માંડ્યો હતો.[૧૪] આમજનતા સાથે સીધો સંપર્ક કેળવવાને માટે પણ એક કાર્યક્રમ તેણે શરૂ કર્યો હતો. પરંતુ આ નવી નીતિ જેટલા જોઈએ તેટલા ઉત્સાહથી અમલમાં મૂકવામાં

---

૧૪ રાષ્ટ્રીય મહાસભાના ૧૯૩૬ની સાલમાં લખનૌમાં ભરાયેલા અધિવેશનનો ૧૨મો ઠરાવ :

ખેડૂતોને અંગેનો કાર્યક્રમ: મહાસભાનો એવો અભિપ્રાય છે કે દેશનો સૌથી મહત્ત્વનો, તેમ જ તત્કાળ ઉકેલ કરવા જેવો સવાલ, અસલમાં જૂની પદ્ધતિની તેમ જ ખેડૂતોનું દમન કરનારી જમીન ધારણ કરવાને અંગેના હકોની, તથા જમીન મહેસૂલની પ્રચલિત પ્રથાઓને લીધે પેદા થયેલી, અને ચાલુ વર્ષોમાં ખેતીની પેદાશના ભાવોમાં આવેલી અસાધારણ મંદીને કારણે ઉગ્ર બનેલી, ખેડૂતોની ભયાનક ગરીબી, બેકારી અને દેવાદાર સ્થિતિનો છે. બ્રિટિશ સામ્રાજ્યવાદને હાથે થતા શોષણને નાબૂદ કરવાની, જમીન ધારણ કરવાને અંગેના હકોની તેમ જ જમીન મહેસૂલ આકારવાની પ્રથાઓમાં ધરમૂળથી ફેરફાર કરવાની, અને ગામડાંની બેકાર આમજનતાને કામ આપવાની ફરજ રાજ્યે પોતાને માથે લેવાની વાતો આ સવાલના કાયમના ઉકેલમાં સમાઈ જાય છે, તેથી મહાસભા પોતાની દરેક પ્રાંતિક સમિતિને ફરમાવે છે કે, નીચે જણાવેલી બાબતો ખાસ ધ્યાનમાં રાખીને, પોતાની આ સવાલના ઉકેલ માટેની ભલામણો તેમ જ સૂચનાઓ, કાર્યવાહક સમિતિને ૧૯૩૬ના ઓગસ્ટની ૩૧મી તારીખ પહેલાં તેમણે મોકલી આપવી.

(૧) ખેતીના ધંધામાં મજૂરી કરનારા મજૂરો તથા જમીન ખેડનારા ખેડૂતોને પોતપોતાનાં સંગઠનો કરવાની સ્વતંત્રતા.

(૨) જમીન ખેડનારા ખેડૂતો અને રાજ્યની વચ્ચે જ્યાં કોઈ જાતના આડતિયાઓ હોય ત્યાં તેવા આડતિયાઓની સામે ખેડૂતોનાં હિતોનું સંરક્ષણ કરવાને અંગેની સલામતીઓ.

(૩) ખેડૂતોનાં દેવાંઓને અંગે તેમ જ તેમના પર કાઢવામાં આવતી ગણોત તેમ જ જમીન મહેસૂલની બાકીને અંગે ન્યાયી તેમ જ વાજબી રાહત.

(૪) ખેડૂતો પાસેથી ઉઘરાવવામાં આવતા ઠકરાતી પદ્ધતિના અથવા અર્ધ-ઠકરાતી પદ્ધતિના લાગાઓમાંથી તેમની મુક્તિ.

(૫) ખેડૂતો પાસેથી વસૂલ લેવામાં આવતા ગણોત અને મહેસૂલના દરોમાં સંગીન ઘટાડો.

(૬) ગામડાંઓની સામાજિક, આર્થિક તેમ જ સંસ્કૃતિને અંગેની સગવડો પૂરી પાડવાને માટે રાજ્યે કરવાના ખર્ચની ન્યાયી જોગવાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી નહોતી. કાર્યક્રમના આર્થિક અંગનો પ્રયોગ તો અધકચરો જ થયો કહેવાય. કોઈ પણ કાર્યક્રમ અથવા નીતિનો આવો અધકચરો પ્રયોગ કરવાની રીત, તેની સફળતાની દૃષ્ટિથી, તેના અમલની સૌથી ખરાબ રીત છે. તે નીતિની કશી અસર ન નીપજી તેનું કારણ શરૂઆતથી જ તેને વિષે રાખવામાં આવેલા આવા મંદ ઉત્સાહમાંથી જડે છે.

પ્રાન્તિક ધારાસભાઓની ચૂંટણીઓ દરમિયાન લોકોના ઉત્સાહનું પૂર ટોચે પહોંચ્યું હતું. રાજકીય અને સામાજિક મુશ્કેલીઓમાં હવે આપણને રાહત મળશે, એવી આશાનો આમજનતાના દિલમાં સંચાર થયો હતો. લોકમાન્ય પ્રધાનમંડળો, અને ખાસ કરીને મહાસભાનાં પ્રધાનમંડળોની રચનાથી આમજનતાની શકિતનો ધોધ છૂટયો હતો. તે ધોધના પ્રવાહનાં મોજાંઓએ, સામાન્ય રીતે બંધિયાર ખાબોચિયાં જેવાં મનાતાં દેશી રજવાડાંઓને પણ સ્પર્શ કર્યો હતો. પરંતુ વસ્તુસ્થિતિ જ એવી હતી કે, આમજનતાની આશા કે આકાંક્ષા પૂરી ન થઈ શકે. પ્રધાનોને માથે આવેલાં કામો એટલાં બધાં ગંજાવર હતાં કે, કુદરતી રીતે જ તેમનાથી તેમને પહોંચી ન વળાયું, કેમ કે તેમને જે સત્તા મળી હતી તે બાહ્ય દેખાવ પૂરતી જ હતી આવક તેમ જ ખર્ચની કેટલીયે બાબતો પર તેમનો કાબૂ નહોતો. વળી કમનસીબે પ્રધાનોએ લોકોને પૂરતા પ્રમાણમાં પોતાના વિશ્વાસમાં લીધા નહોતા, અને તેમને પોતાની સત્તાની મર્યાદાઓ બરાબર સમજાવી નહોતી. બીજી બાજુથી બંધારણનો અમલ સરળપણે ચાલી રહ્યો છે, અને આ પ્રધાનમંડળો હવે

(૭) ખેડૂતોના ઘરવપરાશને માટે તથા ખેતીની જરૂરને અંગે સ્થાનિક કુદરતી સાધનોની સગવડના ઉપયોગ પર મૂકવામાં આવતા, હેરાનગતિભરેલા અંકુશો સામે સરંક્ષણ.

(૮) સરકારના અમલદારો તથા જમીનદારો તરફથી થતા દમન તેમ જ હેરાનગતિમાંથી ખેડૂતોની મુક્તિ.

(૯) ગામડાંની વસ્તીની બેકારી ટાળવાને માટે તથા તેને અંગે રાહત આપવાને માટે જરૂરી ઉદ્યોગોની ખિલવણી.

ઘણીખરી પ્રાંતિક સમિતિઓએ ઝીણવટપૂર્વક પૂરતી તપાસ કર્યા પછી, ખેડૂતોની સ્થિતિ વિષેનાં નિવેદનો તૈયાર કર્યાં હતાં. યુક્ત પ્રાંતના અને મહારાષ્ટ્રના ખેડૂતોની સ્થિતિ વિષેનાં નિવેદનો અલગ પુસ્તકરૂપે છાપીને પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે, અને અખિલ હિંદ મહાસભા સમિતિના દફતરમાંથી મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયમ રહેવાનાં છે, એવી છાપ લોકોના દિલ પર પાડવાને તેઓ ઉત્સુક હતા. એટલે લોકોને જ્યારે સમજાયું કે, આપણો ભાર હલકો કરવાની બાબતમાં આ પ્રધાનોથી ઝાઝું થઈ શકે તેમ નથી, ત્યારે આપોઆપ તેમના દિલમાં જે ઉત્સાહની ભરતી ચઢી હતી, તેને ઠેકાણે નિરાશાની ઓટ શરૂ થઈ. આશાના મોટા મોટા મનોરથો પૂરા થવાને બદલે તેમના નસીબમાં ભરમ ભાગ્યાનો કડવો અનુભવ લખાયો હતો. પ્રજાની સામ્રાજ્યવાદવિરોધની ભાવનાનો વેગ આમ પાછો પડયો, અને લોકસમુદાયનો ઉત્સાહ પાછો કોમી મોરચે વળ્યો. મહાસભા પોતે સત્તારૂઢ હતી, એટલે આ વળતાં પાણીને થંભાવવાને કશાં અસરકારક પગલાં ન લઈ શકી.

મહાસભાએ રાજવહીવટની સત્તા સ્વીકારી, તેથી સરકાર અને તેની વચ્ચે ચાલતા ઝઘડાની ઉગ્રતા કંઈક અંશે મોળી પડી હતી. એક અર્ધી સદીના આખા ગાળા દરમિયાન કોંગ્રેસ દેશ પર ચાલતા પરદેશી શાસનના અવિરત વિરોધમાં અડગપણે ખડી રહી હતી. તેથી તેણે જ્યારે રાજવહીવટનાં સૂત્રો એકાએક હાથમાં લીધાં, ત્યારે લોકમાનસ કંઈક અંશે નરમ પડીને એમ માનતું થયું કે, મહાસભાનાં પ્રધાનમંડળો જ શાસનની અસલ સત્તા ધરાવે છે. લોકોને એ ખ્યાલ ન રહ્યો કે, સુધારાઓથી કોઈ જાતની સાચી સત્તાની ફેરબદલી થઈ નહોતી, અને મહાસભાએ સત્તા તો બંધારણને તોડી પાડવાના ઉદ્દેશથી હાથમાં લીધી હતી. આ અસાધારણ પરિસ્થિતિના પરિણામમાંથી પ્રજાનો સામ્રાજ્યવાદવિરોધી મોરચો પણ બચી શકે તેમ નહોતું. આ વિશિષ્ટ પરિસ્થિતિનો જેટલો લાભ લઈ શકાય, તેટલો ઉઠાવી લેવાને ટાંપીને બેઠેલા, લીસા અંતઃકરણના હોશિયાર લોકોની દેશમાં ખોટ નહોતી. કચડાયેલી આમજનતાની વહારે ધાનારા આગેવાનોનો વેશ ધારણ કરીને તે બધા હવે બહાર પડ્યા, અને પરદેશી સરકારની કરણીથી પેદા થયેલાં આમજનતાનાં સર્વ દુઃખોની જવાબદારી, તેમણે મહાસભાને માથે ઓઢાડવા માંડી. પચાસ પચાસ વરસ લગી બ્રિટિશ સરકારનો અવિરતપણે અડગ વિરોધ કર્યા પછી, મહાસભા સત્તાવીસ મહીનાના ટૂંકા ગાળા દરમિયાન બ્રિટિશ સરકારના પડખામાં ભરાઈને તેની સાથે દિલોજાનીથી કાર્ય કરતી હોય, એવો ભાસ થયો હતો. મહાસભાને સરકાર સાથેના સહકારનો આટલો નાનો સરખો ટૂંક પ્રયોગ પણ બહુ મોઘો પડી ગયો; તેને પરિણામે દેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસ્તમાં હસ્તી ધરાવતાં બધાં મહાસભાવિરોધી બળો એકત્ર થયાં. એક ક્ષણની મૈત્રીથી વિરોધના એક આખા યુગ દરમિયાન કરેલી કમાણી જાણે ડૂબી જવા બેઠી હતી!

આવું કંઈક બનવાની વાટ જોઈને બેસી રહેલા મુસ્લિમ લીગના આગેવાનોએ આ પરિસ્થિતિનો બહુ ચલાકીથી ઉપયોગ કર્યો. મહાસભાએ તે સમય દરમિયાન સિદ્ધ કરેલા વિજયોના બનાવો પરથી પોતાના મહત્ત્વને સૌથી મોટું જોખમ શામાં રહેલું છે, તે તેમણે પારખી લીધું, અને તેમાંયે મહાસભાની અપીલ મુસ્લિમ આમજનતામાં ઝમીને ઠેઠ ઊંડીને ઊંડી ઊતરતી જતી હતી, તે જોઈને તેઓ છેક જ ભડકી ગયા હતા.[૧૫] પોતાનું જતું રહેલું સ્થાન પાછું હાથ કરવાને તેમણે હવે એક ભારે પ્રયાસ આદર્યો. મહાસભાના અમલ નીચેના પ્રાંતોમાં મુસ્લિમોની રંજાડ ચાલે છે, એવી ફરિયાદોથી તેમણે પોતાના પ્રયાસનો આરંભ કર્યો; મહાસભા તરફથી મુસ્લિમો પર થતા

૧૫. "હિંદના મુસ્લિમોમાં, કેળવાયેલા વર્ગોમાં તેમ જ આમજનતામાં પેદા થયેલું મંથન, એ આ સમયનું સૌથી વધારે ધ્યાન ખેંચનારું લક્ષણ છે. મુસ્લિમ યુવાનો ને વૃદ્ધો, અને તેમનાં વર્તમાનપત્રો, સૌ આત્મપરીક્ષણ કરવા મંડ્યાં છે, અને કોમી ઘરેડમાંથી નીકળી જઈને મુક્તિ અને પ્રગતિનાં બળોની હરોળની સાથે થઈ જવાની આકાંક્ષા રાખવા લાગ્યાં છે. રાષ્ટ્રીય મહાસભાએ હિંદુ કોમવાદી સંસ્થાને વાળી કાઢીને આમજનતાના દિલને કેવું વશ કર્યું છે, તે તેમણે જોયું છે, અને તેથી તેમને, આપણે આ બધામાંથી રહી ગયા એવો ચણચણાટ થયા કરે છે. તેમના દિલમાં આમજનતાને સ્પર્શતા આજના તેમ જ આવતી કાલના વિજયોમાં ભાગ લેવાની આકાંક્ષા જાગી છે, અને તેને અંગે તેમને માથે જે જવાબદારી કે ભાર આવે તે ઉઠાવવાને પણ તે તત્પર થયા છે. આ રીતે આપણી ચૂંટણીઓને, અને તેને માટેની આપણી લડતને પરિણામે, સામાન્યપણે આપણે મુસ્લિમ બેઠકો ગુમાવી છે તે છતાં, એકંદરે મુસ્લિમોની બાબતમાં પણ આપણને વિજય પ્રાપ્ત થયો છે. એ લડતના પ્રચારથી દેશના ચિત્ત પર સવાર થયેલું કોમવાદનું ભૂત કંઈ અંશે ઢીલું પડ્યું છે. એટલે હવે આપણે ઉત્સાહથી આગળ વધીને, આપણી મહાન સંસ્થામાં મુસ્લિમ આમજનતાને તથા મુસ્લિમ કેળવાયેલા વર્ગોને આવકાર આપવાને, અને દેશને કોમવાદના એકેએક પ્રકારમાંથી તથા એકેએક સ્વરૂપમાંથી મુક્ત કરવાને કમર કસવી જોઈએ." — દિલ્લીમાં ૧૯ માર્ચ, ૧૯૩૭ને દિને ભરાયેલા રાષ્ટ્રીય સમારંભને પ્રમુખસ્થાનેથી પંડિત જવાહરલાલ નેહરુએ કરેલા ભાષણમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યાચારોની ગોળગોળ વાતો તેમણે ફેલાવવા માંડી; અને સૌથી હોશિયારી-ભરેલું કામ તો તેમણે એ કર્યું કે, એકલા મુસ્લિમોની વતી નહીં, પણ મહાસભાના અમલ નીચેના પ્રાન્તોમાંના મુસ્લિમો ઉપરાંતની બીજી બધી લઘુમતી કોમોના લોકોની આવી જ જાતની રંજાડ થાય છે, એમ જાહેર કરીને, તેમણે તેમને નામે પણ વાતો કરવા માંડી. લોકોના મૂઢ ભયોની લાગણીઓને ઉશ્કેરવાનું આ કાર્ય જાણીબૂઝીને એટલું જ નહીં પણ તેનાં કેવાં પરિણામો આવવાનાં છે, તેની બરાબર ગણતરી રાખીને શરૂ કરવામાં આવ્યું હતું; તે ઉશ્કેરણી કરનારા આગેવાનોને પોતે શું માંડી બેઠા છે તેનું પૂરેપૂરું ભાન હતું; અને ખુદ તેમને પોતાને આવી જાતનો કોઈ ડર નહોતો; એ બધાં અનુમાનો પર આવ્યા વિના છૂટકો થતો નથી.

મહાસભાએ જ્યારે ધારાસભાઓનો બહિષ્કાર કર્યો હતો, ત્યારે તેની ગેરહાજરીને કારણે ઘણા મુસ્લિમ આગેવાનોને, ખાસ કરીને હિંદુ વસ્તીની વધુમતીવાળા પ્રાન્તોમાં સત્તાનાં અને મોભાનાં સ્થાનો આયતાં મળી ગયાં હતાં. મહાસભાએ પ્રધાનપદાં સ્વીકારવાનો નિર્ણય કર્યો, એટલે તે બધાને એ ફાયદાભરેલાં સ્થાનો મૂકી દેવાં પડ્યાં. વળી મુસ્લિમ વસ્તીની વધુમતીવાળા પ્રાંતોમાં, ખાસ કરીને બંગાળ તેમ જ પંજાબમાં અસ્તિત્વમાં આવેલી મુસ્લિમ સરકારોના વિરોધમાં ઊભો રહેનારો મુખ્ય પક્ષ પણ મહાસભાનો પક્ષ જ હતો. આ સરકારોના સભ્યોનું, અને તેમની નીતિઓ તેમ જ કાર્યક્રમોનું પૃથક્કરણ કરવામાં આવે, તો તે પરથી એમ માલૂમ પડી આવે છે કે, તે સરકારો સાચું જોતાં મુસ્લિમ નહીં પણ પ્રગતિવિરોધી સરકારો છે. દાખલા તરીકે બંગાળના પ્રધાનમંડળમાં ત્રણ મુસ્લિમ નવાબો, અને બે હિંદુ રાજાઓનો સમાવેશ થયો હતો. આ સરકારોને એવો ભય રહેતો હતો કે, મહાસભાનો વિરોધ પક્ષ જો પ્રગતિકારક કાર્યક્રમને માટે દબાણ કરશે, તો સત્તા પરથી આપણને હાંકી કાઢવાને માટે તે જોઈતો ટેકો મેળવી શકશે. આ ડરથી ભાગીને તો પંજાબ અને બંગાળ સરકારના વડા પ્રધાનો, ૧૯૩૭ની પાનખર ઋતુમાં લખનૌમાં ભરાયેલી મુસ્લિમ લીગની બેઠક વખતે તેમાં દાખલ પડી ગયા હતા.

ઉપરાંત લીગ પોતે પણ કસોટીએ ચઢી હતી. જે જે સલામતીઓની તેણે માગણી કરી હતી, તે બધી લગભગ તેને આપવામાં આવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પછી એક મળતી ગયેલી સલામતીઓ, તેમ જ એ જ જાતની બીજી પેરવીઓના ઉત્તેજનથી પોષાયેલી મુસ્લિમોની જુદાઈની ભાવનાના પાયા પર તેણે પોતાની ઇમારત ઊભી કરી હતી. હવે જ્યારે આપી શકાય તેટલી બધી સલામતીઓ લીગને મળી ગઈ હતી, ત્યારે તેની સામે ત્રણ માર્ગો પડ્યા હતા. પહેલો રસ્તો હતો લોકોની પ્રગતિમાં સૌથી મોટો અંતરાય બ્રિટિશ રાજ્યની હસ્તી છે, એ હકીકતનો સ્વીકાર કરીને પોતાની સર્વ શક્તિને તેની સામે વાળવાનો. એટલે કે, તેણે પોતાની કોમ કોમ વચ્ચેના વિરોધની ભાવનાનું સામ્રાજ્યવાદવિરોધી ભાવનામાં રૂપાંતર કરવું જોઈતું હતું. બીજો રસ્તો હતો, જેટલી મળી હતી તેટલી સલામતીઓને પૂરતી ગણીને, નવા બંધારણનો અમલ કરવાના કામમાં લાગી જવાનો. અને ત્રીજો રસ્તો હતો, પોતાનો જૂનો સૂર છેડવાનું ચાલુ રાખવાનો, સલામતીઓને અધૂરી જાહેર કરતા રહેવાનો અને બિનસલામતીના ભૂતને ફરી જગાડવાનો. પહેલે માર્ગે જવાનો અર્થ એ થાત કે, લીગે હકીકતમાં રાષ્ટ્રીય મહાસભામાં સમાઈ જવું—અને એ વાતને તો લીગના મોટા ભાગના આગેવાનો એક ભયંકર શાપ સમી ગણતા હતા; બીજો રસ્તો લેવાથી લોકસમુદાયના અસંતોષની જ્વાળાની દિશા ધીરે ધીરે બદલાતી જઈને આખરે તેમને, તેમ જ તેમની જુદાઈની નીતિને ખાખ કરી નાખત. ત્રીજો રસ્તો લેવાથી આ બધી મુશ્કેલીઓ તો આપોઆપ ટળી જ જતી હતી, ને વધારામાં લીગનો મોભો તેમ જ તેનો મુસ્લિમ કોમ પરનો પ્રભાવ કાયમ રહેતો હતો.

પરંતુ ત્યારે હવે નવી માગણી કઈ ઉપાડવી? અલગ મતાધિકાર, અલગ મતદાર મંડળો, પોતાના જુદા પ્રાન્તો, કાયદા મુજબની સલામતીઓ, જે બધું માગ્યું હતું તે તો મળ્યું હતું. મુસ્લિમ રાજકારણની અસલ વિચારસરણીને ન્યાયે હવે પછી જે પગલું ભરવાનું થાય, તે અલગ રાજ્યની સ્થાપનાની માગણીનું જ શેષ રહેતું હતું. મુસ્લિમ લીગના રાજકારણની વિચારસરણીમાં આ વસ્તુ ગર્ભિત રીતે રહેલી જ છે. લીગે આમજનતાના દિલ પરનો પોતાનો કાબૂ ઢીલો પડવા દેવો ન હોય, તો પોતાની માગણીને કાયમ વધાર્યા જ કરવી જોઈએ. જો માગણીઓને ઊંચી ચઢાવવાનું હમેશ ચાલુ રાખવામાં આવતું નથી, તો અસલમાં જ તંગ કરીને ટકાવી રાખવામાં આવેલો જુસ્સો તૂટુંતૂટું થઈ જાય છે. માનવચિત્તના મૂઢગ્રાહોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોષીને જ તે લોકો પોતાનું કામ પાર પાડે છે, તે વાતની આ એક વધારાની સાબિતી છે. લીગને જે એક વાત પરવડી શકે તેવી નથી, તે હિન્દુ-મુસ્લિમ સવાલનું સાચું નિરાકરણ છે, કેમ કે એ નિરાકરણ થતાંની સાથે જ, તે જે આધારને વળગીને નભી રહી છે તે જ આખો પડી ભાંગે છે.

મહાસભાએ કોમી સવાલના ઉકેલને માટે તેની આર્થિક બાજુ પર કાર્ય કરવા માંડયું હતું, તેમાં લીગને માટે બહુ જોખમભરેલાં તત્ત્વો સમાયેલાં હતાં. એ કાર્યક્રમની સફળતાથી આર્થિક હિતોની સમાનતાને ધોરણે રચાયેલા વર્ગો પ્રત્યેની વફાદારીનું પોષણ થવાથી, કોમી જુદાઈની ભાવનાનો ઉચ્છેદ થઈ જવાનો સંભવ રહેતો હતો. લીગને નભાવી રાખવી હોય, તો આમજનતાના ઉત્સાહને તેણે પોતાને પક્ષે વાળવો જોઈએ, અથવા તેણે મટી જવું રહ્યું. તેથી લીગની દૃષ્ટિથી સૌથી સલામતીભરેલો માર્ગ એ હતો કે, અલગ મુસ્લિમ રાષ્ટ્રીયતાની ભાવનાને મૂર્તિમંત કરતા પાકિસ્તાનના રાજ્યની સ્થાપનાની માગણીનો પોકાર ઉઠાવવો.

પ્રગતિવિરોધી રાષ્ટ્રવાદની ભાવનાએ, સમાજની આર્થિક વ્યવસ્થાને અંગેની પ્રગતિની ભાવનાની માણસોના દિલ પર થતી જોરાવર અસરનો મુકાબલો કરવાને માટે, માનવચિત્તના મૂઢગ્રાહોનું શરણું હંમેશ લીધું છે. અને હિન્દમાં સલામતીઓના ઇતિહાસની લાંબી ઊતરી આવેલી પરંપરાએ આ પ્રકારનો મૂઢગ્રાહ આપણે ત્યાં સારી પેઠે કેળવીને દૃઢ કર્યો હતો. લીગને પોતાનું કામ છેક એકડેએકથી શરૂ કરવાની જરૂર નહોતી. વળી લીગને સારે નસીબે માનવ ચિત્તના મૂઢગ્રાહોને ઉશ્કેરવાની સર્વાંગ સંપૂર્ણ કાર્યપદ્ધતિ પણ અસ્તિત્વમાં છે.[૧૬]

---

૧૬. જુઓ : પિટર ડ્રૂકર : 'ધિ એન્ડ ઑફ ઇકોનૉમિક મૅન' (કેવળ અર્થપ્રેરિત માનવીનો અંત)
ઓસબોર્ન : 'ધિ સાઇકોલૉજી ઑફ રિઍક્શન' (પ્રગતિ-વિરોધનું માનસ)
હરમેન રોશનિંગ : 'હિટલર્સ રેવોલ્યુશન ઑફ ડિસ્ટ્રક્શન' (હિટલરની વિનાશની ક્રાન્તિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાના રાજકારણની પ્રયોગશાળામાંથી આને અંગેના જરૂરી ઇલાજોની યાદી જેને જોઈએ તેને મળી શકે છે. લીગને તો એ ઇલાજોની માત્ર નકલ જ કરવાની રહેતી હતી.[17] આ કાર્યપદ્ધતિના અમલને માટે પહેલું કામ કરવાનું હોય છે આર્થિક બિનસલામતી અને સામાજિક પુરુષાર્થની વિફળતાની નિરાકાર લાગણીના બાઉને પ્રત્યક્ષ અને સાકાર વ્યક્તિઓનું સ્વરૂપ આપવાનું. તેથી મુસ્લિમોની એક એક વિટંબણાઓને માટે જવાબદાર ઠરાવી શકાય એવાં હોળીનાં નાળિયેરો શોધી કાઢવાં જોઈએ. ત્યાર પછી તેમના પર ચાલુ ઝેરીલા હુમલા કરીને એક બાજુથી આપણું દમન થઈ રહ્યું છે એવી લાગણી, અને બીજી બાજુથી દમન કરનારાઓ તરફના ઉગ્ર ધિક્કારની ભાવના, લોકમાનસમાં કેળવવી જોઈએ. વખત જતાં એક જ વ્યક્તિ અથવા સંસ્થા પ્રત્યેના ધિક્કારની ભાવનાથી

---

૧૭. જુઓ : "સૌથી વધારે તો ઝેકોસ્લોવાકિયામાં ચાલેલી સુડેટન ચળવળ, અને હિન્દમાં ભાગલા પાડવાની હિલચાલ વચ્ચે રહેલું એક પ્રકારનું સામ્ય જોવાનું મળે છે . . . તે ચળવળ અંગેના બનાવો જેમ જેમ બનતા ગયા તેમ તેમ તેમના સંપૂર્ણ હેવાલો હિન્દમાં પ્રસિદ્ધ થતા હતા, અને તેમનું બારિકીથી અવલોકન કરવામાં આવ્યું હતું. સુડેટન પ્રદેશના લોકો પ્રથમ રાજ્ય વહીવટ ચલાવવામાં, અને રાજ્યવહીવટની નીતિનો નિર્ણય કરવામાં પોતાને વધારે હિસ્સો મળવો જોઈએ, એવી માગણીમાંથી આગળ વધીને, પોતે એક લઘુમતિ કોમ છે એ વાતનો ઇન્કાર સુધી પહોંચ્યા; ત્યાર પછી તેમણે એક અલગ રાષ્ટ્રના દરજ્જાનો દાવો કરવા માંડ્યો; તેમણે ઝેકોસ્લોવાકિયાની વસ્તીની એકતાનો ઇન્કાર કરવો શરૂ કર્યો; કોઈ પણ જાતના પુરાવાના આધાર વિના તેમણે રાજવહીવટ ચલાવનારા લોકો પર મૂકવા માંડેલા દમનના આરોપો, તેમ જ પોતાના મુલકની સરહદની ફેરબદલીની તેમણે કરવા માંડેલી માગણી; સમસ્ત દેશની ભૂમિની વહેંચણી કરવાની હિમાયતની સાથે સાથે રાજ્યની મધ્યવર્તી, શેષ સત્તાઓ ધારણ કરનારી સર્વોપરી કારોબારીમાં પચાસ ટકા હિસ્સાની તેમણે કરેલી માગણી; — ૧૯૩૬–૩૭ની સાલમાં ચાલેલી સુડેટન ચળવળમાં નજરે પડતાં આ બધાં જ લક્ષણોની પ્રતિકૃતિઓ, મુસ્લિમ લીગના ૧૯૩૯–૪૧ના ઠરાવોમાં જોવાની મળે છે. હકીકતમાં લીગના ઠરાવોમાં વપરાયેલા કેટલાક શબ્દો અને વાક્યો પણ તેનાં તે જ છે." પ્રો. વેણીપ્રસાદના 'હિન્દુ-મુસ્લિમ ક્વેશ્ચન્સ' (હિન્દુ-મુસ્લિમ પ્રશ્નો) નામના, કિતાબિસ્તાને ૧૯૪૧ના વરસમાં પ્રસિદ્ધ કરેલા પુસ્તકમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરાયેલી કોમમાં એક પ્રકારની એકતા સ્થાપી શકાય છે, કેમ કે જે લોકો કોઈ પણ એક બાબતમાં સંમત નથી થઈ શકતા, તે કોઈકનો તિરસ્કાર કરવા પૂરતા હોંસે હોંસે એકઠા થાય છે. લીગે આ કાર્યને માટે જે હોળીનાં નાળિયેરો પસંદ કર્યાં, તે હતાં રાષ્ટ્રીય મહાસભા અને તેનો આગેવાન ગાંધી. મહાસભા જ્યાં સુધી સત્તાના સ્થાન પર રહી, ત્યાં સુધી વખત કવખતે એક જ બુમરાણ જારી રાખવામાં આવ્યું — 'અમારું દમન થાય છે, અમારા પર જુલમો થઈ રહ્યા છે.' અને મહાસભાના પ્રધાનમંડળો સત્તાનાં સ્થાનો છોડી ગયાં ત્યારે અલબત્ત એક 'મુક્તિ દિન'ની ઉજવણી કરવામાં આવી !

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય મહાસભાના સૌથી પ્રમુખ આગેવાન છે, એટલે તેમને આ ઝેરીલા હુમલાઓ માટેનું બીજું લક્ષ્ય બનાવવામાં આવ્યા. તેમને એક અત્યંત હીન, ધૂર્ત અને કાવતરાંબાજ વ્યક્તિ તરીકે ચીતરવામાં આવે છે, અને તેણે જ પોતાની શેતાનને પણ ટપી જાય તેવી ચાલાકી અને લુચ્ચાઈથી, મુસ્લિમ પ્રજાના ઉજ્જવળ ભાવીની સિદ્ધિને, ડગલે ને પગલે હર વખતે વિફળ કરી છે. મહાસભા અને મહાત્મા, બન્ને મળીને દર વખતે મુસ્લિમોની વાજબી માગણીઓને સફળ થવા દેતાં નથી, એમ રજૂઆત કરવામાં આવે છે. તેથી તે બન્નેની સામે લડત ચલાવવી એ જ મુસ્લિમ લીગની આખી ચળવળનું મુખ્ય ધ્યેય બને છે. કોમનું દમન થાય છે, એવી લાગણીના મૂઢગ્રાહને રાજકીય પ્રવૃત્તિની પ્રેરણાના એક કેન્દ્રમાં પલટાવી નાખવામાં આવ્યો છે. જે જે સલામતીને પ્રયોગ કર્યા પછી નકામી ગણીને ફેંકી દેવામાં આવી છે, તે બધી એક પછી મળતી જતી એવી સાબિતી બની જાય છે, જે 'હિંદુઓ' અને 'તેમની રાજકીય સંસ્થા એટલે કે રાષ્ટ્રીય મહાસભા, અને તેનો આગેવાન ગાંધી' મુસ્લિમોના કટ્ટા દુશ્મનો છે, એ વાત પુરવાર કરે છે. આ કટ્ટા વેરીઓથી બચીને જીવવાની એક માત્ર આશા, હવે હિંદુઓથી તદ્દન અલગ પડીને સર્વોપરી સત્તા ધારણ કરનારાં મુસ્લિમ રાજ્યોને ઓથે ભરાઈ જવું, એ સિવાય બીજી રહી નથી ! 'જુલમ'ની સામે ચલાવવામાં આવેલી આ પ્રકારની જેહાદ, આવાં ગંજાવર જૂઠાણાંનો પ્રચાર, તેને કોઈ મહાન, પ્રભાવશાળી, તેમ જ ગોળાઓ ગબડાવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસાધારણ શક્તિ ધરાવનારો આગેવાન સંગઠિત કરીને દોરવણી આપે તો જ થઈ શકે. આમજનતા તેને પોતાના તારણહાર તરીકે વધાવી લે છે, અને તેની સ્તુતિના જયઘોષો કરતી તેની પાછળ ચાલે છે. આ આખીયે પ્રચારપદ્ધતિને માટે આ જાતના આગેવાનની અનિવાર્ય જરૂર રહે છે. એ પ્રચારની આખી વ્યવસ્થા એક તેને જ આધારે લટકી રહે છે. લીગનું એ મોટું સદ્‌ભાગ્ય હતું કે શ્રી. ઝીણા જેવો, કોઈ પણ જાતની લાલચને વશ ન થાય તેવો, શક્તિશાળી તેમ જ સત્તાના મદથી ઉન્મત્ત થયેલો પુરુષ તેને આ તકે આગેવાન તરીકે મળી ગયો. આખી પ્રવૃત્તિ તેના પર લટકે છે, તે જ સર્વોપરી છે અને તેની જ વાત હમેશ સાચી હોય છે. કાયદે આઝમના મંત્રોચ્ચારથી પ્રગટેલા જુસ્સાને પરિણામે જ લીગના આ સાહસભર્યા પ્રયોગને આજ સુધીમાં જેટલી મળેલી દેખાય છે, તેટલી સફળતા મળી શકી છે.

પરંતુ એ આખી ચળવળ અસલ પ્રમાણિત વસ્તુ નથી, એટલે તેનાથી નિરાશામાં ડૂબેલી આમજનતાને કાયમનું સમાધાન થાય તેમ નથી. ‘ઍલિસ ઇન ધિ વન્ડરલૅન્ડ’ (અજાયબીઓની દુનિયામાં ઍલિસની મુસાફરી) નામના, બાળકો માટેના અદ્‌ભુત રસની વાર્તાના અંગ્રેજી પુસ્તકમાં, પોતાના પગ નીચેથી કાયમ સરતી રહેતી ધરતી પર એકની એક જગ્યાએ ટકી રહેવાને, પેલી રાતી રાણીને જેમ પોતાની દોડવાની ઝડપ વધાર્યા જ કરવી પડે છે, તેમ લીગને પણ પોતાનું સ્થાન જાળવી રાખવાને, પોતાના પ્રચારનો વેગ વધાર્યા જ કરવો પડે છે. લોકમાનસના મૂઢગ્રાહની ઉશ્કેરણીની પ્રવૃત્તિની ખાસિયત જ એ છે કે, તે ઉશ્કેરણીથી જે તંગ વાતાવરણ પેદા કરવામાં આવે છે તેને ટકાવી રાખવાને જે રાક્ષસોનો નાશ કરવાનો હોય છે, તેમની સામેના હુમલાની ઉગ્રતા તેમ જ ગતિ વધાર્યા જ કરવી પડે છે. આ હકીકતમાંથી જ આપણને લીગના વલણના વધતા જતા અણનમપણાનો, એટલે કે જક્કીપણાનો ખુલાસો મળી રહે છે. રાષ્ટ્રીય મહાસભા સામે ઉપાડવામાં આવેલો ઝનૂનભર્યો પ્રચાર, તેને પરિણામે પેદા થયેલા તંગ-વાતાવરણને ટકાવી રાખવામાં નિષ્ફળ જાય છે, ત્યારે વળી નવીનવી દલીલો શોધીને આગળ કરવી પડે છે, અને તે પણ જેમ વધારે વાહિયાત હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ વધારે સારી ગણાય છે. ‘बनिया साम्राज्यवाद’[૧૮] જેવા જે નવા નવા નુસ્ખાઓ કાઢવામાં આવ્યા છે, તેનું મૂળ આ હકીકતમાં રહેલું છે.

માણસોના મૂઢગ્રાહની આ જાતની ચાલુ ઉશ્કેરણી મુસ્લિમ કોમના મોટા ભાગના અભિપ્રાયને લીગના ટેકામાં વાળવામાં સફળ થઈ છે, એ વાતનો સ્વીકાર કરવો જોઈએ. મુસ્લિમ વસ્તીની વધુમતીવાળા પ્રાંતોમાં આ જાતની દલીલોનું વાહિયાતપણું એટલું બધું ખુલ્લું દેખાય છે કે, ત્યાં તે સહેલથી કોઈને ગળે ઊતરતી નથી. તેથી એ હકીકત આપણા ધ્યાન પર સહેજે આવે છે કે, બીજા પ્રાંતો કરતાં મુસ્લિમ લઘુમતીવાળા પ્રાંતોમાં લીગનો પ્રચાર વધારે ફેલાયો છે, ને આગળ વધ્યો છે. આ પ્રચારની સફળતાનું મુખ્ય કારણ એ છે કે, આખી એક પેઢીના ગાળા દરમિયાન મુસ્લિમોની અલગપણાની ભાવના પર ભાર મૂકવામાં આવ્યો છે, અને

---

૧૮ “વર્ધા છાપનો સામ્રાજ્યવાદ, સામ્રાજ્યવાદના અનેક પ્રકારો પૈકીનો એક અત્યંત દગાબાજ અને ભયાનક પ્રકાર છે. તેમાં લુચ્ચાઈનું, ઢોંગધંતૂરાનું અને આધ્યાત્મિક ધતિંગનું ચિત્રવિચિત્ર મિશ્રણ થયેલું હોવાથી તેનું બંધારણ એક બિહામણા પિશાચ જેવું થયેલું છે. તેના હિમાયતીઓ પરોપકાર અને સહિષ્ણુતાનો દાવો કરે છે, પરંતુ ધર્માન્ધતા અને સ્વાર્થ તો તેમની પ્રકૃતિનું સત્ત્વ છે. સૈકાઓના પ્રયોગ પછી યુરોપિયન લોકોએ સત્યનો ઢોંગ કરવાની આવડતને એક લલિત કળાનું સ્વરૂપ આપ્યું છે. પરંતુ તેમનો ઢોંગ પણ સરવાળે સામાના મન પર છાપ પાડવાને કરેલો એક દેખાવ જ હોય છે. વર્ધાના રાજકારણના ખેલાડીઓના ઢોંગનાં સ્વરૂપો તો અગમ્ય અને ભયાનક છે. તે ઢોંગ આધ્યાત્મિકતાનો દેખાવ ધારણ કરીને ખુદ ઈશ્વરના નામને અપવિત્ર કરે છે; જે લોકો પર તેનો પ્રયોગ કરવામાં આવે છે તેમને તે કહે છે કે, હું અસત્યનો વિનાશ કરવાને અને અપ્રામાણિકપણાનો ઉચ્છેદ કરવાને પૃથ્વી પર થયેલો અવતાર છું, એટલે તે બિચારા દિગ્મૂઢ બની જાય છે. તે ઢોંગ તેના આચરનારાઓની પ્રકૃતિ સાથે એટલો તો એકરસ થઈ ગયો છે કે, તેનું ઢોંગ તરીકે અલગ પૃથક્કરણ કરવું પણ અશક્ય થઈ ગયું છે. તેણે એક દેખાવ મટીને વાસ્તવિક હકીકતનું સ્વરૂપ ધારણ કરેલું છે.” [‘પાકિસ્તાન એ નેશન’ (પાકિસ્તાન : એક રાષ્ટ્ર), લેખક : અલ હમઝા (૧૯૪૧), પા. ૧૧૧,] આ પુસ્તકના લેખકે પોતાનું સાચું નામ એક તખલ્લુસને ઓથે છુપાવવાની બહાદુરી બતાવી છે, તેમાં ખરે જ કશું નવાઈ પામવા જેવું નથી !

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને પરિણામે તેમની એક એવી મનોદશા કેળવાઈ છે કે, તેના પર બિન-સલામતીના મૂઢગ્રાહની ઉશ્કેરણીની અસર સહેજે થાય છે.

લીગમાં ટોળે વળતા બધા જ લોકો આ બધી વાતો માને છે, એવું નથી. બેશક, તેમનામાંના થોડા એ બધી વાતોને સાચી માનીને ઉન્મત્ત થયા છે ખરા, પરંતુ ઘણા તો પોતાના ખાલી જીવનમાં સાર્થકતા પૂરનારા એક કૃત્રિમ ઉત્સાહ તરીકે તેને આવકારે છે. ઘણા લોકો તો એ વાતોને નથી માનતા તે કારણે જ તેમનું સમર્થન કરે છે. તેમને મન આ એક ફુસકાની ભરેલી ગંજાવર તોપ છે. તેમની શ્રદ્ધા એવી છે કે, આ તોપને ધરી રાખવાથી આપણને અણગમતી હિંદની ભૂમિની વહેંચણી તો નથી જ થવાની, પરંતુ થોડી વધારે છૂટછાટો મળશે ખરી.

પરંતુ માણસોની લાગણીઓની તેમ જ ભાવનાઓની, અને તેમના મૂઢગ્રાહોની આ ઉશ્કેરણી ક્યાં સુધી ચાલ્યા કરશે, તે ક્યાં સુધી કામ આપશે, અને તેનો અંત ક્યારે આવશે? શબ્દો અને લાગણીઓ સાથે રમત કરવી સહેલી છે, પરંતુ એ ખેલ જો હદ વટાવી જાય, તો પછી તે જ શબ્દો અને તે જ લાગણીઓ, તેમની સાથે રમત કરનારની સાથે રમત કરવા માંડે છે. પાકિસ્તાન અને મુસ્લિમ રાષ્ટ્રના પોકારનો નાદ ગંભીર લાગે છે ખરો, અને તેમની ઘોષણાનો અત્યારે ઘણા દિલમાંથી ભવ્ય પડઘો પડતો સંભળાય છે, એ વાત પણ સાચી છે. પરંતુ એક વખત પાકિસ્તાનની સિદ્ધિ થશે, તે પછી તેને માટે આજ સુધી ચલાવવામાં આવેલી પ્રવૃત્તિની વિચારસરણીનો કઠોર અને નિષ્ઠુર ન્યાય તેને ઇસ્લામના જગદ્વ્યાપી વર્ચસ્વની નિર્મિતિના ખ્યાલ તરફ હાંકી ગયા વિના રહેવાનો નથી. એ ખ્યાલ કેવો આકાર ધારણ કરશે, અને તે કેવી ઢબે અમલમાં આવશે તે વર્તમાનની નહીં, પણ ભવિષ્યની ફિકરનો વિષય છે. પરંતુ આ તરંગી ખ્યાલ ઉપર પણ આપણા પૃથક્કરણ દરમિયાન આપણે થોડી નજર નાખી લેવી જોઈશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭મું

જગદ્‌વર્ચસ્વનું મુસ્લિમ સ્વપ્નું

સામાન્યપણે પાકિસ્તાનને નામે ઓળખાતા અલગ મુસ્લિમ રાજ્યની સ્થાપનાનો દાવો મુસ્લિમ લીગે છેલ્લાં બે વર્ષથી ભારપૂર્વક કરવા માંડ્યો છે. એવા અલગ મુસ્લિમ રાજ્યની સ્થાપનાના અનેક વહેવારુ લાભો બતાવવામાં આવે છે, અને તે ઉપરાંત એવી દલીલ કરવામાં આવે છે કે, તેનો આદર્શ સેવવાથી હિન્દની મુસ્લિમ આમ જનતા, જે ઇસ્લામના જગદ્‌વ્યાપી વર્ચસ્વના સ્વપ્નની મોહિનીને વશ થઈ છે, તે આધ્યાત્મિક કૃતાર્થતા અનુભવશે, તેના દિલમાં આખી દુનિયાનો સમગ્રપણે વિચાર કરવાની ભાવના પેદા થશે અને આખરે તેને સ્વતંત્ર, સર્વોપરી-સત્તાધારી, દિગ્વિજયી રાજ્યના સ્વરૂપમાં સિદ્ધ કરશે. પાકિસ્તાનના આદર્શની વિચારણાની આ બાજુનું 'પંજાબી'ના લખેલા 'કૉનફિડરસી ઑફ ઇન્ડિયા' (હિન્દી રાજ્યસંઘ) નામના પુસ્તકમાં વિગતે નિરૂપણ કરવામાં આવેલું છે.

મુસ્લિમો પોતાના મઝહબને પોતાના રાજકારણથી છૂટો પાડી શકતા નથી, અને ઇસ્લામની વિચાર-સરણીમાં ધર્મની અને રાજકારણની માન્યતાઓને એકબીજીથી અલગ પાડવામાં આવેલી નથી. સર્વ મુસ્લિમોના હૃદયમાં તેમ જ બુદ્ધિમાં, ધર્મ અને રાજકારણ અવિભક્તપણે સંકળાયેલાં છે. . . . . . . તેમના રાજકારણનો તેમના ધર્મમાં જ સમાવેશ થઈ જાય છે, બલ્કે તે તેમની ધાર્મિક શ્રદ્ધાનું જ એક અંગ છે. તેમની મસ્જિદ કેવળ ખુદાની બંદગીને માટે ભેગા થવાનું સ્થાન નથી, ત્યાં જ તેમની જમાતો રાજકારણની વિચારણા કરવાને પણ ભેગી મળે છે. . . . તેમનો જન્મ આ જાતની વિચાર-સરણીની સળંગ વ્યવસ્થામાં થાય છે, એ વ્યવસ્થા તેમના પર ઠોકી બેસાડવામાં આવેલી નથી. તેમને મન ધર્મ અને રાજકારણ બે ભિન્ન વસ્તુઓ નથી, એક જ વસ્તુ છે. તેથી તો હિન્દુ-મુસ્લિમ એક્તાની, અથવા હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે સર્વ ધર્મબાહ્ય વહેવારોમાં એકરૂપતાની અપેક્ષા રાખતી સમાન રાષ્ટ્રીયતાની કલ્પના થઈ શકતી નથી. ઇસ્લામની રાજ્ય સંસ્થામાં ધર્મવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા અવિભક્તપણે એકત્ર થયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને તેથી તેની યોગ્ય ખિલવણીને માટે તેને સર્વ બાજુથી સંપૂર્ણપણે જુદી પાડવાની જરૂર રહે છે. ભિન્નભિન્ન પ્રકારના લોકોનો સમાવેશ કરનારી રાજ્ય સંસ્થાનો ખ્યાલ ઇસ્લામની પ્રકૃતિ સાથે બંધ બેસતો નથી, તેને પ્રતિકૂળ છે અને તેથી કદી ફળદાયી થઈ શકે તેવો નથી.[1]

હિન્દી સરકારના બંધારણનો કાયદો (૧૯૩૫) બ્રિટિશ પાર્લામેન્ટે મંજૂર કર્યો, ત્યાં સુધી મુસ્લિમોએ આવો દાવો કદી રજૂ કર્યો નહોતો. ઊલટું, મુસ્લિમોનાં વિશિષ્ટ હિતોનાં સંરક્ષણ માટેની એકેએક સલામતીની માગણીના સમર્થનમાં હિન્દના લોકોના એક સંયુક્ત રાષ્ટ્રના ઉજ્જ્વળ ભાવીની જુસ્સાથી હિમાયત કરવામાં આવી છે. આજથી લગભગ અર્ધી સદી પૂર્વે સર સૈયદ અહમદ ખાને દર્શાવ્યું હતું કે,

> જે બધા લોકો એક દેશની ભૂમિ પર એકત્ર વસે છે, તે સર્વ મળીને એક રાષ્ટ્ર થાય છે . . . . . હિન્દુઓ અને મુસ્લિમો, એ શબ્દો તો તે તે નામથી ઓળખાતા લોકોનો ધર્મ દર્શાવનારા શબ્દો છે. જે હિન્દુઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ આ મુલકમાં વસે છે, તે સર્વ મળીને રાષ્ટ્ર બનેલું છે. તે બધા મળીને એક પ્રજા અથવા રાષ્ટ્ર બને છે, તેથી તેમનાં રાષ્ટ્રીય હિતો સમાન છે. . . . . .એક જ દેશમાં વસતા જુદા જુદા ધર્મને અનુસરનારા લોકોને અલગ અલગ પ્રજા અથવા રાષ્ટ્ર ગણવાનો જમાનો હવે પૂરો થયો છે.[2] (ઉર્દૂમાંથી તરજુમો).

અને છેક હમણાં પહેલી ગોળમેજી પરિષદને સંબોધતાં શ્રી. ઝીણાએ જણાવ્યું હતું કે, બ્રિટિશ રાષ્ટ્રસંઘના, સ્વશાસનનો અધિકાર ધારણ કરનારા એક નવા સંસ્થાનના જન્મના સાક્ષી લેખે આપણે અહીં સેંટ જેમ્સ મહાલયમાં ભેગા મળ્યા છીએ. એટલે એમ લાગે છે કે, સંત પૉલનો આર્તનાદ સાંભળીને ઈશ્વરે જેમ તેને એકાએક દર્શન આપ્યું હતું, તેમ ભૂલા પડેલા અને સ્થિર થવાનું આલંબન શોધતા ઇસ્લામના આત્માનો આર્તનાદ સાંભળીને, હિંદના મુસ્લિમોને પાકિસ્તાને એકાએક દર્શન આપ્યું છે.

આગળના એક પ્રકરણમાં આપણે જોયું છે તે પ્રમાણે, મુસ્લિમ શાસનનો સૂર્ય અહીં સોળે કળાએ તપતો હતો, તે દિવસોમાં પણ હિંદના

---

૧. પા. ૮૮–૮૯.
૨. 'સંગ્રહિત ભાષણો', પા. ૧૬૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકર્તાઓને કાને ઇસ્લામના આત્માનો આ આર્તનાદ પડ્યો નહોતો. એ બિચારા અનધિકારી જીવોને મુસ્લિમ જગદ્‌વર્ચસ્વના આદર્શનું દર્શન થયું નહોતું, અને તેમણે તે આદર્શને ઇસ્લામના સર્વસત્તાધારી, એક જ પક્ષનો દોર ચલાવનારા રાજ્યતંત્રમાં મૂર્તિમંત કર્યો નહોતો. ઊલટું, તેમણે તો જુદી જુદી પ્રજાઓના મિશ્રણને, અને સંસ્કૃતિઓના એકીકરણને ઉત્તેજન આપ્યું હતું.

હિન્દુસ્તાન બહારની ઇસ્લામની દુનિયા પણ આવી જ કમનસીબ જણાય છે. પોતે જે 'સળંગ વિચારસરણીની વ્યવસ્થામાં જન્મ લીધો છે' તેને બરાબર ન ઓળખનારી મધ્ય એશિયાની મુસ્લિમ પ્રજાઓએ, પોતપોતાની રાજકીય ભાવનાને સૌ સૌનાં જુદાં જુદાં રાષ્ટ્રો પૂરતાં અલગ અલગ રાજ્યો સ્થાપીને વ્યક્ત કરી છે. પશ્ચિમમાં ઠેઠ મોરોક્કોથી માંડીને પૂર્વમાં આ બાજુ ચીન સુધી સર્વ સ્થળોએ, રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાને ધાર્મિક માન્યતાઓથી સ્વતંત્ર સમજવામાં આવે છે. ખુદ તુર્કીનું ભવ્ય સામ્રાજ્ય, જેમાં સામ્રાજ્યનો સૌથી વડો રાજ્યાધિકારી સુલતાન, અને સૌથી વડો ધર્માધિકારી, એ બન્ને ખલીફાની વ્યક્તિમાં એકત્ર થતા હતા, અને જે સામ્રાજ્ય ઇસ્લામની દુનિયાની એકતાનું પ્રતિક મનાતું હતું, તે પણ રાષ્ટ્રવાદના ખડક પર અથડાઈને જ છિન્નભિન્ન થઈ ગયું. ઉપરાંત, કમાલ આતાતુર્કની પ્રાણવાન આગેવાની હેઠળ તુર્કીનો નવો અવતાર થયો, ત્યારે પણ અરબ રાજ્યોને એક છત્ર નીચે એકત્રિત કરવાનો કોઈ પ્રયાસ થયો નહોતો, તે વાતમાં ઊંડો મર્મ રહેલો છે.[૩] મધ્ય પૂર્વનાં રાજ્યો

---

૩. 'ઇસ્લામ એ કેવળ ધર્મ નથી, મુસ્લિમોની પિતૃભૂમિ પણ છે', એવી દલીલનો જવાબ કમાલ આતાતુર્કે નીચેના સાચી વસ્તુસ્થિતિ દર્શાવનારા શબ્દોથી આપ્યો હતો: "મુસ્લિમોએ સૈકાઓથી એવું સ્વપ્નું સેવ્યું છે કે, ખિલાફત સર્વ મુસ્લિમોનો સમાવેશ કરનારું એક ઇસ્લામી પદ્ધતિનું રાજ્યતંત્ર થવું જોઈએ. આ સ્વપ્નું પ્રત્યક્ષ સિદ્ધ થઈ શકે એવું જણાયું નથી. ઊલટું એ આદર્શ ઇસ્લામના અનુયાયીઓમાં પરસ્પર મતમતાંતરનું, અરાજકતાનું, અને અંદર અંદર થયેલાં યુદ્ધોનું કારણ બન્યો છે. વધારે સાચી સમજ કેળવવામાં આવે, તો સર્વનાં હિતોની દૃષ્ટિથી એવું સત્ય સ્પષ્ટ થાય છે કે, જુદા જુદા પ્રદેશોના મુસ્લિમોની ફરજ, સૌ સૌનાં જુદાં જુદાં રાજ્યતંત્રોની વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે કાયમ ચાલ્યા કરતી ચડસાચડસી, અને સમાન ભયની સામે પણ તે બધાં એકત્ર થઈ શકતાં નથી, એ બન્ને વાતો પુરવાર કરે છે કે, મધ્ય એશિયાના મુસ્લિમોને મન, તુર્કો અથવા ઈરાનના વતનીઓ તરીકેની, અફઘાનો અથવા મિસરીઓ તરીકેની, અરબો અથવા સિરિયાવાસીઓ તરીકેની, સૌ સૌની અલગ અલગ રાજકીય એકતાની ભાવના, તે સર્વની સમાન ધર્મભાવનાની સરખામણીમાં વધારે મહત્ત્વની છે. આ જ હકીકત રશિયામાં અને ચીનમાં વધારે સ્પષ્ટપણે દેખાય છે. આજના જમાનામાં ધર્મભાવનાની સમાનતા પર ભાર દેવાનું ઓછું થયું છે, અને તેને બદલે સમાન રાષ્ટ્રીયતાની ભાવના પર વધારે ભાર મૂકવામાં આવે છે. પણ હિંદના આપણા કેટલાક મુસ્લિમ મિત્રોનો ખ્યાલ જુદો છે.

> ઇસ્લામના અનુયાયીઓના રાજકારણને લગતા સર્વ સવાલો સર્વ સ્થળોએ એક જ પ્રકારના છે. એક મુસ્લિમ પ્રદેશની મુક્તિ બીજા મુસ્લિમ દેશોને સીધી અસર પહોંચાડશે. હિન્દના મુસ્લિમોના ભાવીની સીધી અસર દુનિયાના બીજા ભાગો પર, ખાસ કરીને મુસ્લિમ વસ્તીની વધુમતીવાળા ચીનના પશ્ચિમ પ્રદેશના પ્રાન્તો, અને રશિયાના દક્ષિણ તેમ જ પૂર્વના વિસ્તારોના મુલકો પર પડ્યા વિના રહેવાની નથી. હિન્દના ઉપખંડની ભૂમિ પર આપણો દરજ્જો કેવળ લઘુમતી કોમનો છે, એ વાત માન્ય કરી લેવાથી હિન્દમાં વસતા નવ કરોડ મુસ્લિમોના ભાવીનો ફડચો તો કાયમને માટે થઈ જ જશે, પરંતુ વધારામાં તેને પરિણામે સોવિયેટ રશિયામાં વસતા ત્રણ કરોડ જેટલા અને પશ્ચિમ ચીનના પાંચ કરોડ (આ સંખ્યા વિષે શંકા નથી) મુસ્લિમો કાયમને માટે પરાધીન ગુલામોની દશામાં સબડ્યા કરશે. ૪

એમ જણાય છે કે, રશિયાના અને ચીનના મુસ્લિમો ગુલામો છે, એ

કરવાની છે. 'પેગંબર સાહેબના સર્વ અનુયાયીઓ ધર્મબાંધવો છે,' એ શ્રદ્ધા તે સર્વને એકસૂત્રે બાંધનારું સાચું બંધન છે."—આકી અલીએ 'ઇસ્લામ ઇન ધિ વર્લ્ડ' (જગતમાં ઇસ્લામ) નામના પોતાના પુસ્તકના પા. ૯૨ પર આપેલું અવતરણ.

૪. 'ઇન્ડિયાઝ પ્રૉબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂશન' (હિન્દનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ) એ નામનું શ્રી. ઝીણાએ લખેલી પ્રસ્તાવના સાથેનું પુસ્તક, પા. ૬૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકીકતનો વિશિષ્ટ સાક્ષાત્કાર તેમના હિન્દી ધર્મબાંધવોને એકલાને જ થયેલો છે.

અંગ્રેજ કવિ મિલ્ટને કોઈક સ્થળે કહ્યું છે કે, ઈશ્વરને જ્યારે જ્યારે પૃથ્વી પરનાં માણસોને પોતાની કોઈ ખાસ યોજનાનો પરિચય કરાવવાની જરૂર પડી, ત્યારે ત્યારે તેણે તે પ્રથમ પોતાના અંગ્રેજ બચ્ચાઓની આગળ ખુલ્લી કરી હતી. ઈશ્વરના પ્રીતિપાત્ર અંગ્રેજ બચ્ચાઓની સાથે હવે હિન્દના મુસ્લિમોને પણ ઈશ્વરની પ્રીતિના આ ખાસ અધિકારમાં હિસ્સો મળ્યો હોય એમ લાગે છે, કારણ કે મુસ્લિમ લીગની બહાર રાજકારણનો પ્રદેશ સર્વ સ્થળોએ ધર્મના ક્ષેત્રથી અલગ સમજવામાં આવે છે, અને દુનિયાના મુસ્લિમોની અસાધારણ મોટા ભાગની વસ્તીના ધ્યાનમાં હજી નથી આવ્યું કે, "ઇસ્લામની રાજ્યસંસ્થામાં ધર્મવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા અવિભક્તપણે એકત્ર થયેલી છે, અને તેથી તેની યોગ્ય ખિલવણીને માટે તેને સર્વ બાજુથી સંપૂર્ણપણે જુદી પાડવાની જરૂર રહે છે."[૫]

દુ:ખની વાત એ છે કે, ઈશ્વર અથવા ધર્મની સર્વોપરી સત્તા માન્ય રાખીને ચાલતી રાજ્ય સંસ્થાઓના દિવસો હવે પૂરા થયા છે. રાષ્ટ્ર રાષ્ટ્રનાં સ્વતંત્ર રાજ્યોની આજની દુનિયામાં, કોઈ પણ ઈશ્વરી અથવા ધર્મરાજ્યનું પાસું હમેશ દબાયેલું જ રહેવાનું. યુરોપમાં થયેલા રેફર્મેશને એટલે કે, ખ્રિસ્તી ધર્મસંઘની સામે યશસ્વી થયેલી સુધારણાની પ્રવૃત્તિએ કાયમને માટે પુરવાર કર્યું છે કે, સમાજની રાજ્ય સંસ્થાના ગંજાવર કદના પ્રાણીએ પોતાના જીવનની સ્ફુરણા માનવ અંતઃકરણની ધર્મપ્રેરણા સિવાયની બીજી પ્રેરણાઓમાંથી મેળવવી જોઈએ. અને આજની દુનિયામાં જ્યાં વાસ્તવિક રાજકારણનો પ્રભાવ પ્રવર્તે છે, તેમાં કોઈ પણ ઇસ્લામી રાજ્યને પૃથ્વી પરના કયા ભાગમાં અને કેવી રીતે 'પોતાની યોગ્ય ખિલવણીને માટે' જરૂરી 'સર્વ બાજુથી સંપૂર્ણપણે જુદાં પડવાની સ્થિતિ' મળી શકશે? આજની દુનિયામાં કોઈ પણ એક રાજ્ય એકલું એકલું પોતાની જ એક સ્વતંત્ર ધૂન પ્રમાણે ચાલીને, પોતાની જ વિશિષ્ટ પદ્ધતિ ખીલવે અને તેનાં ફળો મેળવવાની આશા રાખે, તે મિથ્યા છે.

---

૫. પૂર્વે ઉલ્લેખેલું 'પંજાબી'નું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પંજાબી'ને પોતાના દાવાની નબળી બાજુ ક્યાં છે, તેનું ભાન હોય એમ લાગે છે. એવી જ મુશ્કેલીમાં સપડાતા બીજા લોકોની માફક પોતાના દાવાની નબળાઈને તે મોટી મોટી બડાઈના આડંબરથી ઢાંકી દેવાને મથે છે. "ગેરઇસ્લામી દુનિયામાં લાંબા કાળ સુધી અમારું આદર્શ ઇસ્લામી રાજ્ય અમે નભાવી રાખી શકીએ, એમ અમને લાગતું નથી, તેથી અમારે ઇસ્લામને ધોરણે આખી દુનિયાની ક્રાન્તિ કરવાની ઝુંબેશ ઉઠાવવી પડશે."

આજની દુનિયામાં જેની જેની પાસે પોતાની એકાદ વહાલી ધૂન હોય છે, તે તેના પ્રચારને માટે આખી દુનિયામાં ક્રાન્તિ કરવાની વાતો શરૂ કરે છે. કહે છે કે ગધેડાની પીઠ પર સવાર થયા પછી તેને દોડાવવાને, તેનો સવાર, પોતાના હાથમાંની એક લાકડીને છેડે એક ગાજર લટકાવીને તેના નાક પર ધરી રાખે છે. ગાજર મોઢામાં પડતું નથી અને કાયમ ગધેડાની સાથે જ આગળને આગળ ચાલ્યા કરતું હોય એવું દેખાય છે, એટલે ગધેડો પણ તેને મોઢામાં નાખવાના લોભમાં ને લોભમાં આગળ ને આગળ દોડ્યા કરે છે. રાજકારણના ખેલાડીઓ મોટા મોટા માનવસમૂહોને પોતાને પક્ષે વળગાવી રાખવાને, પોતાના એકાદ રામબાણ નુસ્ખાનું ગાજર લોકસમુદાયની પીઠ પર સવાર થઈને તેના નાક આગળ લટકાવી રાખે છે. દુનિયાભરમાં ક્રાન્તિ કરવાનો આ નવો રામબાણ નુસ્ખો માનવગર્દભને લલચાવીને દોડાવ્યે રાખવાને માટે આધુનિક જમાનાને જડી ગયેલું સૌથી નવું ગાજર છે. જે જમાનામાં વિજ્ઞાનની શોધોને લીધે દેશદેશ વચ્ચેનાં અંતરો ભૂંસાઈ ગયાં છે, અને તેની સાથે જ ગમે તેવી વાતો માની લેવાનું લોકમાનસનું ભોળપણ અત્યંત વધી ગયું છે, તે આજના જમાનામાં લોક-માનસને કેફ ચઢાવીને ઉન્મત્ત કરનારી એક અત્યંત ઉત્તેજક મદિરા, આ દુનિયાભરની ક્રાન્તિની વાતો છે.

પરંતુ નાનાં છોકરાં કાગળનો ફુક્કો ફોડીને ભડાકો કરે છે, તેટલી સહેલાઈથી ક્રાન્તિનો ભડાકો થતો નથી. પ્રગતિની જહાલ વાતોના પોકારોને ઓથે રહીને, કાગળ પર ચીતરી કાઢેલી એકાદ પ્રગતિવિરોધી યોજનાનો ગોળો થોડા વખતને માટે ગબડાવી શકાય, એમ બને. પરંતુ કોઈ પણ ક્રાન્તિને સફળપણે પાર પાડવાને માટે બે વસ્તુઓની અનિવાર્ય જરૂર રહે છે: એક જ્યાંથી તેનું સંચાલન થઈ શકે તેવા દૃઢ અને સમર્થ આધારની, અને બીજી, તેને પ્રેરણાનું બળ આપનારી દારૂગોળાના જેવી અસાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ફોટક શક્તિ ધરાવતી ઉગ્ર વિચારસરણીની. દુનિયાભરની ક્રાંતિના પોતાના ભાવી સ્વપ્નને સિદ્ધ કરવાને માટે, પેલા ઇસ્લામી રાજ્યે આપણી નજર આગળ મોટાં મોટાં સામ્રાજ્યોને નમાવીને ધૂળ ચાટતાં કરનારા નાઝી જર્મનીના જેટલું સામર્થ્ય કેળવવું જોઈશે. પાકિસ્તાનનો આદર્શ આજે માટીમાંથી માણસો પેદા કરે એવો જબરો લાગતો હશે, તો પણ આ વાત તેના ગજા બહારની છે. અને પેલી દારૂગોળાના જેવી સ્ફોટક, ઉગ્ર વિચારસરણીનું શું? ઇસ્લામના જાદુભર્યા પ્રતીકથી અંકિત પાકિસ્તાનના ધ્વજ નીચે સર્વ ઇસ્લામી રાજ્યો એકઠાં થશે ખરાં? આ સવાલના જવાબમાં હા કહેનારને કહેવું પડે કે ભાઈ, તું કાગળની હોડીમાં બેસીને દુનિયાની પ્રદક્ષિણા કરવા નીકળ્યો છે.

એટલે પાકિસ્તાન ઇસ્લામને ધોરણે દુનિયાભરની ક્રાન્તિના સંચાલનને માટેનો આધાર બની શકે તેમ નથી, અને કેવળ ધર્મભાવના તેને જરૂરી પ્રચંડ ગતિની પ્રેરણા આપી શકે તેમ નથી. આજના લશ્કરી અને રાજકીય બળોનો ખ્યાલ કરીએ તો આ એક મિથ્યા સાહસકર્મ દેખાય છે. સાધનસામગ્રી, સંગઠન અને યુદ્ધોને લગતાં યંત્રોને લગતા કૌશલની દૃષ્ટિથી, દુનિયામાં આજે હસ્તી ધરાવતાં સર્વ મુસ્લિમ રાજ્યો ભેગાં મળીને એક ફ્રાન્સના રાજ્ય કરતાં પણ ઊતરતાં છે, કદાચ પોલેંડના કરતાં પણ ઊતરતાં હોય. તે બન્નેની નાઝી જર્મનીએ કેવી અવદશા કરી છે તે કોઈને અજાણી છે? આધુનિક યુદ્ધપ્રવૃત્તિને માટે પાયાની ગણાય તેવી કાર્યકુશળતા, અને સાધન–સામગ્રીની પૂર્વતૈયારી પાકિસ્તાન કરી શકશે એવી અપેક્ષા રાખવી હાસ્યાસ્પદ છે. સિરિયા, ઇરાક અને ઈરાન જેવા દેશોનું જે ભાવી થયું છે, અને ખુદ તુર્કીને પણ જે ભાવીનો વેધ લાગી ચૂક્યો છે, તે પરથી કશો ધડો ન લેવાની મમત રાખવી, એનો અર્થ એ થાય છે કે, વર્તમાનમાં થોડાક લોકોને રાજકારણની સાથે રમત કરવાની તક મળે તેટલા સારુ, નેવું કરોડ લોકોની વસ્તીના ભાવીને આજથી ગીરો મૂકી દેવું. એક વાર હિન્દના બાકીના ભાગથી છૂટું પડ્યા પછી પાકિસ્તાનનું ઇસ્લામની ચક્રવર્તી સત્તાનું રણશીંગડું ફૂંકવાનું તો આઘું રહી જશે, ને તે દુનિયાની મોટી રાજસત્તાઓ વચ્ચે ખેલાતી વર્ચસ્વ માટેની ખેંચાતાણની રમતનું એક પ્યાદું બની રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મોટી મોટી રાજસત્તાઓએ આ જ જાતના પ્રશ્નોનો યુરોપમાં કેવી ઢબે ઉકેલ કરવાનો પ્રયાસ કર્યો છે, તે આપણે સહેજ જોઈ લઈએ. વર્સાઈના સુલેહના કરારો થયા તે પૂર્વે, યુરોપની લઘુમતી કોમોનાં હિતોને પ્રધાન રાજદ્વારી પ્રશ્નો ગણવામાં આવતા નહોતા. એ વાત સાચી છે કે, ૧૮૭૮ની સાલમાં બર્લિનમાં ભરાયેલી યુરોપનાં મહારાજ્યોની પરિષદે, તુર્કીના સુલતાનની સરકારને, તેની હકૂમત નીચે વસતી ખ્રિસ્તી લઘુમતી કોમોને કેટલાક હકો આપવાની ફરજ પાડી હતી. પરંતુ જે રાજસત્તાઓની ખુદ પોતાની જ હકૂમતોમાં ભિન્ન ભિન્ન જાતિના લોકો વસતા હતા, તેમને લઘુમતી કોમોનાં હિતો વિષે એકધારો રસ લેવાનું પરવડે તેવું નહોતું. યુરોપના મધ્યના તેમ જ અગ્નિ ખૂણાના પ્રદેશોમાં, નાની નાની પ્રજાઓનો એવો શંભુમેળો જામ્યો હતો, અને રોમાનોવ (રશિયાનું), હેપ્સબર્ગ (ઑસ્ટ્રિયાનું), અને ઉસ્માનિયા (તુર્કીનું), એ ત્રણે સામ્રાજ્યોના પોતમાં તે બધી એવી વણાઈ ગઈ હતી કે, તેમના સવાલોને છેડતાંની સાથે તત્કાળ તે ત્રણે સામ્રાજ્યો વચ્ચે ભડાકો થયા વિના રહે નહીં.

બીજું, યુરોપની રાજસત્તાઓની સૌથી મોટી ફિકર ‘રાજ્યસત્તાઓનાં બળોની સમતુલા’ જાળવી રાખવાની હતી. તુર્કી સામ્રાજ્યના સનાતની ખ્રિસ્તી પ્રજાજનોની રશિયાએ જ્યારે વહાર કરવા માંડી, ત્યારે બ્રિટિશ રાજસત્તાની મદદથી સુલતાને તેનો મુકાબલો કર્યો, અને યુરોપના અગ્નિ ખૂણામાં વસતી સ્લાવ જાતિની કોમો સાથેની રશિયાના સામ્રાજ્યની સહાનુભૂતિના જર્મની અને ઑસ્ટ્રિયાના સામ્રાજ્યોની ટયુટોનિક મૈત્રીની અડગ દીવાલ પર અથડાઈને ચૂરેચૂરા થઈ ગયા.

પરંતુ રાજસત્તાઓનાં બળોની આ સમતુલા ડગુમગુ રહેતી હતી, અને તેને જેમ તેમ કરીને નભાવી રાખવામાં આવતી હતી. ઇટાલીમાં એક રાજદ્વારી પક્ષ ઊભો થયો હતો, ને તે એવી માગણી કરતો હતો કે, ઇટાલિયન બોલી બોલનારા લોકો જે જે વિસ્તારોમાં વસતા હોય, તે સર્વ ઇટાલીને સોંપી દેવા જોઈએ. આપણે ત્યાં પ્રચલિત થયેલી બૃહદ્ ગુજરાત અને બૃહન્મહારાષ્ટ્રની વિચારસરણીને કંઈક મળતી આવતી આ બૃહદ્-ઇટાલીની ચળવળને લીધે, એ સમતુલાને ઘણી તાણ પહોંચતી ને તે હાલી ઊઠતી, અને જુદાં જુદાં રાજ્યોમાં વસતી લઘુમતી કોમોની હસ્તી, તે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યોમાં ગડબડ મચાવવાનું એક જોરાવર સાધન બની ગયું હતું. પ્રો. અર્નેસ્ટ બારકરે આ પરિસ્થિતિનું યથાર્થ વર્ણન કરેલું છે:

આવી (સર્વ સ્લાવ પ્રજાની એકતાની અથવા સર્વ જર્મન લોકોની એકતાની) પ્રવૃત્તિઓના વિકાસમાં ત્રણ જુદાં જુદાં પગથિયાં જોવાનાં મળે છે. પહેલે પગથિયે, ભાષાશાસ્ત્રીઓ ટ્યુટોનિક કુટુંબની અથવા સ્લાવ કુટુંબની જુદી જુદી બોલીઓની કેટલીક સાદી સમાનતાઓના આધાર લઈને તે તે ભાષાકુટુંબોમાં એકતા રહેલી છે, એવો ખ્યાલ બાંધે છે. બીજે પગથિયે, વર્તમાનપત્રકારો એ મૂળ ખ્યાલનો ભળતો જ અર્થ કરીને તે ઉપરથી તે તે બોલીઓ બોલનારા લોકો સમાન જાતિના અથવા એક જ વંશના છે, એવો તદ્દન જુદો અને પાયા વગરનો નવો જ ખ્યાલ ઊભો કરે છે. ત્રીજે પગથિયે, રાજદ્વારી કાર્યકર્તાઓ આ વિપરીત અર્થને સ્વીકારી લઈને, એક અથવા બીજા સમૂહના લોકોમાં પરસ્પર સહાનુભૂતિની ભાવના જગાડવાને પ્રચાર આરંભે છે, અને માની લેવામાં આવેલી જાતિ અથવા વંશની એકરૂપતાનું એકાદ મહાન રાજ્યની એકતામાં પરિવર્તન કરવાનો પ્રયાસ કરે છે. વિદ્યારસિક પંડિતોનો ખ્યાલ વર્તમાનપત્રકારોને હાથે વિપર્યાસ પામે છે, અને રાજદ્વારી કાર્યકર્તાઓ પોતાના વહેવારુ ઉદ્દેશોને પાર પાડવાના એક સાધન તરીકે યોજીને તેને અત્યારે હસ્તી ધરાવતાં રાજ્યોની વ્યવસ્થાને તોડી ફોડી નાખવાના દારૂગોળા તરીકે વાપરે છે.[૬]

મૂળ જે વિદ્યાનો રસ, તેનું બૃહત્ પ્રજાની ભાવનામાં રૂપાંતર થાય છે, અને પછી તે ધીરે ધીરે સામ્રાજ્યવાદની ભાવનામાં પલટાઈ જાય છે.

૧૯૧૪ની સાલના ઑગસ્ટ માસમાં યુરોપના દારૂગોળાના ભંડાર પર જે તણખો પડવાથી ભડાકો થયો, તે રશિયાના સામ્રાજ્યની સ્લાવ લોકોની એકતાના ખ્યાલમાંથી પેદા થયો હતો. એ યુદ્ધ દરમિયાન, અને ખાસ કરીને ઝારશાહીનું પતન થયું, તે પછી જર્મનીવિરોધી મિત્ર-રાજ્યોએ રાષ્ટ્ર રાષ્ટ્રના આત્મનિર્ણયના સિદ્ધાન્તનો, દેખાવમાં યુરોપના લઘુમતી કોમોના હિતોનાં સંરક્ષણને અર્થે, પરંતુ સાચું જોતાં ભિન્નભિન્ન પ્રજાઓનાં બનેલાં જે રાજ્યો જર્મનીનાં મિત્રો હતાં, તેમને છિન્નભિન્ન કરવાને, અને પ્રધાનપણે પોતાના સામ્રાજ્યવાદી સ્વાર્થી હેતુઓને આદર્શવાદનો વેશ પહેરાવવાને માટે કર્યો હતો.

---

૬. 'નૅશનલ કૅરૅક્ટર' (રાષ્ટ્રીય પ્રકૃતિ), પા. ૨૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમનસીબે તેમણે લીધેલો ઇલાજ મૂળ રોગના કરતાંયે ભૂંડો નીવડ્યો. વર્સાઈના સુલેહના કરારોથી નાનાં નાનાં બચ્ચાં જેવાં ઘણાં રાષ્ટ્રીય રાજ્યો જન્મ પામ્યાં, છતાં લઘુમતી કોમોના સવાલનું નિરાકરણ તો ન થયું તે ન જ થયું. જે રાજપુરુષોએ નવાં રાજ્યોની સરહદો આંકી હતી, તેમને જાતિશાસ્ત્રે છક્કડ ખવડાવી. નવાં રચાયેલાં લગભગ એકેએક રાજ્યમાં ભાવી ભયની નિશાનીઓ જેવાં લઘુમતી કોમોનાં ટાપાંઓ રહી ગયાં. આ લઘુમતી કોમોને કેટલાક ખાસ હકો આપવામાં આવ્યા હતા, અને તેની દેખરેખ રાખવાનું કાર્ય રાષ્ટ્રસંઘને સોંપવામાં આવ્યું હતું; પરંતુ વર્સાઈના કરારો થયા તે પૂર્વે જે રાજ્યો અસ્તિત્વમાં હતાં, તે બધાં આ દેખરેખમાંથી છટકી ગયાં. ઇટાલીના રાજ્યમાં આવેલા ટીરોલ પ્રદેશમાં વસતી જર્મન લઘુમતી કોમનાં હિતોની કશી દરકાર રાખવામાં આવી નહીં, તેથી ઑસ્ટ્રિયા-હંગરીના સામ્રાજ્યના મુલકમાંથી રચવામાં આવેલાં રાજ્યોને ખાતરી થઈ ગઈ કે, આ નવી નીતિ માત્ર આપણને જ અંકુશમાં રાખવાની એક તરકીબ છે.

વર્સાઈના સંધિના કરારોથી જર્મન સામ્રાજ્યની સરહદ પરના પ્રદેશમાંથી ગાબડાંઓ કાઢી કાઢીને, નવાં રાજ્યોની લશ્કરી વ્યૂહની તેમ જ અર્થવ્યવસ્થાને અંગેની સલામતીની દૃષ્ટિથી, તે રાજ્યોને સોંપવામાં આવ્યાં હતાં. હિટલરના હાથમાં જર્મન લઘુમતી કોમોથી વસેલા આ પ્રદેશોનું, અસાધારણ સ્ફોટક શક્તિ ધરાવનારાં શસ્ત્રોમાં રૂપાંતર થઈ ગયું. રાષ્ટ્રવાદના જે સાધનનો ઉપયોગ જર્મનીવિરોધી મિત્રસત્તાઓએ જર્મનીના પ્રતિકારના સામર્થ્યને હણી નાખવાને કર્યો હતો, તે જ હવે વર્સાઈના કરારોને તોડી ફોડી નાખવાને, તેમ જ જે લોહીની રેલમાં ઘણાંખરાં રાષ્ટ્રીય રાજ્યો યુરોપના નકશા પરથી ઘસડાઈ ગયાં છે, તેને વહેવડાવવાને માટે યોજવામાં આવ્યું.

હિટલરે યુરોપમાં જે કાર્યપદ્ધતિ અખત્યાર કરી હતી, તે તો હવે સુવિદિત થઈ ચૂકી છે. ઝેકોસ્લોવાકિયાના રાજ્યના સુડેટન પ્રદેશમાં વસતી જર્મન લઘુમતી કોમો જેવી લઘુમતીઓનો, તેમની આસપાસનાં રાજ્યોને કમજોર કરવામાં ઉપયોગ કરવામાં આવ્યો, અને ત્યાર પછી જર્મનીને પ્રતિકૂળ રાજ્યોને છિન્નભિન્ન કરવાને માટે બીજી અસંતુષ્ટ લઘુમતી કોમોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉશ્કેરવામાં આવી, જેવી કે, ઝેકોસ્લોવાકિયામાં વસતી સ્લોવાક કોમ અને યુગોસ્લાવિયામાં વસતી ક્રોટ જાતિ. લઘુમતી કોમોમાં હિટલરને પોતાના નિર્મિત ભાવીની ચાવી જડી ગઈ.

આ રીતે આપણે જોઈએ છીએ કે, લઘુમતી કોમોના દાવાઓને સંતોષવાને માટે ઊભાં કરવામાં આવેલાં રાષ્ટ્રીય રાજ્યો, આખરે મોટી રાજસત્તાઓના શસ્ત્રાગારોમાં રાખવામાં આવેલાં એવાં શસ્ત્રો બન્યાં કે જેમનો તે બધી સત્તાઓ, તેમની વચ્ચે પરસ્પર ચાલ્યા કરતી વર્ચસ્વ માટેની ખેંચતાણમાં, પોતાની લાક્ષણિક કુટિલતાથી ઉપયોગ કરી શકે.

મદ્રાસમાં ભરાયેલી મુસ્લિમ લીગની બેઠક (૧૯૪૧) ને પ્રમુખપદેથી કરેલા ભાષણમાં, શ્રી. ઝીણાએ યુગોસ્લાવિયાનું જે ભાવી થયું હતું, તેનો નિર્દેશ કરીને અશુભસૂચક વાણીમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાન પોતાનો અલગ મુલક બ્રિટન પાસેથી નહીં મેળવી શકે, તો ઉપકાર કરવાને તત્પર એવી કોઈ બીજી રાજસત્તા પાસેથી ક્રોટિયાની માફક મેળવી લેશે. ત્યારે આવતી કાલનું પાકિસ્તાનનું જે રાજ્ય ઇસ્લામના સમગ્ર દુનિયા પરના વર્ચસ્વની ભાવનાને સિદ્ધ કરીને ઇસ્લામની પદ્ધતિની રાજવ્યસ્થામાં મૂર્તિમંત કરવાનું છે, તેની યોજનાનો નકશો શું આજના ક્રોટિયાના રાજ્ય પરથી તૈયાર થવાનો છે? અમે આ પહેલાં દર્શાવ્યું છે તે પ્રમાણે ક્રાન્તિની ઉગ્ર ભાષા વાપરવાનું અને ફ્યૂરર હિટલરની અદા ધારણ કરવાનું સહેલું છે, પણ તે રસ્તે પ્રયાણ કરવાથી આખરે લીલી ભોંય પર અંકિત થયેલો ચંદ્રકળા અને તારકના પ્રતીકવાળો સામ્રાજ્યવિજયી ધ્વજ જોવાનો નહીં મળે, પણ મળશે બીજું ક્રોટિયા — કોઈ યુદ્ધોન્મત્ત સત્તાના રાજકીય કાવાદાવાને અંગે જરૂર પડ્યે વપરાઈને રઝળતું મૂકી દેવામાં આવેલું રાજ્યરમકડું. મોટી મોટી રાજસત્તાઓ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણમાંથી પાકિસ્તાનને તેને ભાવતું ચક્રવર્તીનું નહીં, પરંતુ એક પરાધીન રાજ્યનું ભાવી પ્રાપ્ત થશે. પાકિસ્તાનની કલ્પનાની છીપનો આકાર અને તેની રંગછટા અદ્‌ભુત હશે તેની ના નથી, પરંતુ તેના અંતરંગમાં કોઈ ઝળહળતું મોતીબિન્દુ નહીં, કરુણ અશ્રુબિન્દુ છુપાયલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ મું

રાષ્ટ્રવાદની ભાવનાનો વિકાસ

કોઈ પણ રાષ્ટ્ર પોતાની રાષ્ટ્રભાવનાના આદર્શને ઈશ્વરને સ્થાને સ્થાપે છે, ત્યારે તેની રાષ્ટ્રભાવના જગદ્વર્ચસ્વની ભાવનાનું સ્વરૂપ ધારણ કરે છે. આ વાતને યથાર્થપણે સમજવી હોય, તો આપણે છેલ્લાં લગભગ એક સો વરસ દરમિયાન રાષ્ટ્રવાદની ભાવનાનો ખ્યાલ યુરોપમાં કેવી ઢબે વિકાસ પામ્યો છે, તેનું પરીક્ષણ કરવું જોઈશે. આ પરીક્ષણની વધારે જરૂર આજે એટલા માટે છે કે, પાકિસ્તાન વિષેની સર્વ દલીલો આખરે રાષ્ટ્રીયતાના સિદ્ધાન્ત પર આધાર રાખે છે. રાષ્ટ્ર શબ્દની વ્યાખ્યાઓ અનેક રીતે થઈ છે,[૧] પણ એવી કોઈ એક વ્યાખ્યાને હજી સંપૂર્ણ અથવા છેવટની માન્યતા મળી નથી. આનું કારણ એ છે કે, તે ખ્યાલ માનવ-હૃદયના ભાવોનો એક સ્થિર અને અવિકારી એકમ નથી, પરંતુ ભૂતકાળમાં પરસ્પરવિરોધી બળોના સંઘર્ષમાંથી નીપજેલો ઐતિહાસિક ખ્યાલ છે, વર્તમાનમાં રાજકીય તેમ જ આધ્યાત્મિક મંથનોની તેના પર અસર થયા કરે છે, અને ભવિષ્યના સંજોગોના ચઢતા ઊતરતા પ્રવાહોને લીધે તેનું સ્વરૂપ બદલાય એવી શક્યતા રહે છે. આવા પ્રકારના સતત પરિવર્તનશીલ, અને કંઈક અંશે લપસણા ખ્યાલનાં ચોક્કસ લક્ષણો બાંધવાનું કામ અત્યંત મુશ્કેલ છે, એટલે આપણે ઇતિહાસનું વિહંગાવલોકન

---

૧. જુઓ : "રાષ્ટ્રીયતા એ બહુ લપસણો ખ્યાલ છે, અને તેની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. કોઈ પણ એક વિશિષ્ટ અથવા ચોક્કસ શબ્દસમૂહના ચોકઠાને ધોરણે તેની કસોટી, કે તેનું પૃથક્કરણ થઈ શકતું નથી. . . . . ."—રામ્સે મૂર.

લૉર્ડ બ્રાઈસ રાષ્ટ્રીયતાની વ્યાખ્યા કરવાની પોતાની અશક્તિનો સ્વીકાર કરે છે, પણ સાથે સાથે જણાવે છે કે, "તમે જો તેને પ્રત્યક્ષ જુઓ તો ઓળખી શકો ખરા."

"રાષ્ટ્રીયતા એક આધ્યાત્મિક ખ્યાલ છે." —આલ્ફ્રેડ ઝીમર્ન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને "મૂળ પાયામાં એક માનવસમૂહના લોકો વચ્ચેનો પરસ્પર પ્રીતિનો સંબંધ", જે રાષ્ટ્રીયતાને નામે ઓળખાય છે, તે જુદે જુદે સમયે અને જુદા જુદા દેશોમાં કઈ કઈ રીતે, અને કયે કયે સ્વરૂપે વ્યક્ત થતો આવ્યો છે તે જોઈશું.

કોઈ પણ ભાવનાનું, અથવા ખ્યાલનું, અથવા આદર્શનું આ જાતનું ઐતિહાસિક પરીક્ષણ એટલા માટે આવશ્યક છે કે, વિજ્ઞાનના અભ્યાસીને જેવી પ્રયોગશાળા તેવો રાજકારણના અભ્યાસીને ઇતિહાસ છે. ઇતિહાસ રાજકારણના અભ્યાસીને આદર્શ માપોનું એક એવું ચોકઠું પૂરું પાડે છે, કે જેની સાથે સરખાવીને તે રાજકારણને લગતા વિચારો અથવા ખ્યાલોની યથાર્થતા કે અયથાર્થતા, વાસ્તવિકપણું કે અવાસ્તવિકપણું પારખી શકે છે. તેથી કયે સમયે અને કેવી રીતે રાષ્ટ્રીયતાને નામે ઓળખાતી સમૂહગત ભાવના માનવચિત્તમાં પ્રથમ જાગ્રત થઈ, અને સ્પષ્ટપણે વ્યક્ત થવા લાગી, તે આપણે ઇતિહાસમાંથી શોધી કાઢવાનું રહે છે. દાખલા તરીકે, અથર્વવેદ, જે ઓછામાં ઓછા અંદાજથી પણ ચાર હજાર વર્ષ જેટલો પ્રાચીન મનાય છે, તેમાંનું પૃથ્વી સૂક્ત એટલે કે, ધરતી માતાની સ્તુતિનાં તેમ જ તેના પ્રત્યેની આભારની લાગણી વ્યક્ત કરતાં મંત્રગીતો આપણી પાસે મોજૂદ છે. આ મંત્રગીતો પૈકીનાં કેટલાંકના શબ્દો, તેમ જ તે શબ્દોમાં સમાયેલા અર્થોનું, આધુનિક જમાનાનાં કેટલાંક રાષ્ટ્રગીતોના શબ્દો તેમ જ અર્થ સાથે અસાધારણ સામ્ય માલૂમ પડે છે. પરંતુ તેટલા પરથી જ એ મંત્રગીતો ગાનારા આર્ય ઋષિઓ પર, રાષ્ટ્રીયતાની ભાવનાનું આરોપણ કરવાનું આપણને વાજબી કારણ મળે છે ખરું? બેશક નહીં, કારણ કે, ધરતી માતા પ્રત્યેની આ સહજ પ્રીતિને સ્વદેશાભિમાન કહેવું, અથવા તેના પર કોઈ પ્રકારની રાષ્ટ્રીય ભાવનાનાં લક્ષણોનું આરોપણ કરવું, એ કેવળ મૂર્ખાઈભરેલું થાય. ખુદ ઐતિહાસિક કાળના પ્રારંભ પછીના સમય દરમિયાન પણ માણસો એકઠાં મળીને એક ઠેકાણે વસ્યાં છે, તેમણે સમાન પુરુષાર્થ કરીને રાજ્યોની સ્થાપના અને રચના કરી છે, અને વળી એવાં જ બીજાં રાજ્યોનો ઉચ્છેદ કર્યો છે, પરંતુ તેમને કદી રાષ્ટ્રીયતાની ભાવનાનો ખ્યાલ આવ્યો હોય, એમ જણાતું નથી. તેથી ઇતિહાસમાં કયે સમયે અને કેવી રીતે માણસોનું આ જાતનું ભાન પ્રથમ જાગૃત થયું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાસ પામ્યું અને સ્પષ્ટ સ્વરૂપે વ્યક્ત થયું, તે આપણે ખોળી કાઢવાનું રહે છે. કેમ કે, માણસો સમાજ બાંધીને રહેતાં શીખ્યાં તેના પ્રારંભના સમયથી જ તેમની વચ્ચે કોઈક પ્રકારના પરસ્પર કૌટુંબિક ભાવનું અસ્તિત્વ તો હોવું જ જોઈએ. પરંતુ તે ભાવને વ્યક્ત કરવાના પ્રયાસોએ, જુદે જુદે સમયે અને જુદા જુદા માનવસમૂહોમાં ભિન્નભિન્ન સ્વરૂપો ધારણ કર્યાં છે. આમ બનવું અનિવાર્ય છે, કેમ કે દરેક માનવ-સમૂહ એક જ પ્રકારના નમૂના પ્રમાણે વિકાસ પામતો નથી. સામાજિક સંગઠનની વ્યવસ્થા, ધાર્મિક અને કળાવિષયક ખ્યાલો તેમ જ માન્યતાઓ, એ બધાં એક માનવસમાજ અને બીજા માનવસમાજ વચ્ચે જુદા જુદા પ્રકારનાં હોય છે, અને તે તે માનવસમાજ જે જે સમૂહગત લાગણીઓ, વિચારો અથવા ભાવનાઓને જે જે રીતે વ્યક્ત કરે છે, તેના પર ઊંડી અસર પહોંચાડે છે. ફ્રાન્ઝ બોઆસે દર્શાવ્યું છે તે પ્રમાણે:

> કૌટુંબિક પદ્ધતિઓ, તેમના રિવાજો અને તેમનાં વલણો જુદા જુદા કબીલાઓમાં જેમ જેમ ખીલતાં જાય છે, તેમ તેમ તેમની વચ્ચે કોઈ સુસંગત સંબંધો અથવા મળતાપણું ન સચવાય, એ તદ્દન સ્વાભાવિક છે. અને એથી ઊલટું બનવાની અપેક્ષા રાખવી બરાબર નથી. આ જાતની એકરૂપતાના અભાવનાં, અને વિસંગતતાઓનાં કારણો અનેકવિધ હોય છે; એ કૌટુમ્બિક વ્યવસ્થાઓ, તેમના રિવાજો અને વલણો સામાજિક સંગઠનની વ્યવસ્થા પર અવલંબે છે, એટલું જ નહીં, કોઈ પણ કબીલાના સમગ્ર જીવન વહેવારનાં, આર્થિક, કળાવિષયક, ધાર્મિક તેમ જ એવાં જ બીજાં બધાં પાસાંઓ અને તે કબીલાઓની સામાજિક સંગઠનની વ્યવસ્થા, પરસ્પર એકબીજા પર અસર કરીને તેમનું ઘડતર કર્યા કરે છે. કોઈ એક કૌટુમ્બિક વ્યવસ્થા જો કે જાતે સંકુલ અને મિશ્ર હોય છે, તો પણ સરવાળે પ્રત્યેક માનવસંસ્કૃતિની વિશાળ આકૃતિનું ઝીણી ઝીણી અનેક વિગતોથી ભરેલું અને ઝીણવટથી ઘડાયેલું અંગ હોય છે.[૨]

તેથી સમાજ કોઈ એક વિશિષ્ટ સંસ્કૃતિનો ઘાટ ધારણ કરે, તે પછી જ રાષ્ટ્રીયતાની ભાવનાનો ખ્યાલ તેમાં સ્પષ્ટ આકાર ધારણ કરે છે.

---

૨ ફ્રાન્ઝ બોઆસ: 'જનરલ ઍન્થ્રૉપૉલૉજી' (માનવવંશશાસ્ત્રનું સામાન્ય નિરૂપણ), પા. ૪૫૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત, કોઈ એક વિશિષ્ટ સંસ્કૃતિનો ઘાટ રાષ્ટ્રીયતાના આદર્શને પ્રગટ કરે છે, તો તે સંસ્કૃતિનો ઘાટ પણ તેની રાષ્ટ્રીય ભાવનાના પ્રભાવથી પરિવર્તન પામે છે. તેથી રાષ્ટ્રીયતાના ભાનને, અથવા તેના ખ્યાલને કોઈ નિરપેક્ષ, અવિકારી ખ્યાલ તરીકે ઓળખવો, એ સતત વહેતા જીવન્ત ઝરણાને બંધિયાર ખાબોચિયામાં પલટી નાખવા બરાબર થાય છે. જ્યારે કોઈ પણ એક ભાવના અથવા આદર્શના ખ્યાલના ભીતરમાં સમાયેલા અર્થ પ્રત્યે દુર્લક્ષ થવા માંડે છે, ત્યારે ભૂતકાળનું સત્ય વર્તમાનની રૂઢી-મૂઢતા બની જાય છે એટલું જ નહીં, પણ ભવિષ્યની પ્રગતિ પર તે બંધન થઈને ચઢી બેસે છે. તેથી વિચાર માત્રનાં તાત્ત્વિક સ્વરૂપોનો નિર્ણય કરતી વખતે, તેમાં સમાયેલા પોચટ અથવા ગોળગોળ અંશોને ટાળી કાઢવાને, તેમને વાસ્તવિકતાની કસોટી પર ચઢાવવા જોઈએ.

પ્રાચીન યુરોપીય રાજ્યપદ્ધતિનું અવલોકન કરવાથી માલૂમ પડે છે કે, તેમાં ન તો શાસકો રાષ્ટ્રીયતાના અધિકારોને માન્ય રાખતા, કે ન તો શાસિતો તેમના પાલનને માટે આગ્રહ રાખતા. રાજ્યોની સરહદો કેવળ રાજ્ય કરનારા વંશોનાં હિતોને અનુસરીને નક્કી થતી, અને ઘણી વાર એકાદ રાજકુંવરીના લગ્ન સમયે આખા ને આખા પ્રાન્તો તેના પિયરના રાજ્યમાંથી કાઢીને, તેના સાસરાના રાજ્યમાં પહેરામણી દાખલ ઉમેરી દેવામાં આવતા.

રાષ્ટ્રીયતાના ખ્યાલને, અથવા તેના ભાનને જાગ્રત કરવાને આવશ્યક એવો સંસ્કૃતિનો ઘાટ, પ્રથમ ઇંગ્લંડ, ફ્રાન્સ અને નેધરલેન્ડના મુલકોના લોકોમાં સિદ્ધ થયો. ટ્યૂડર વંશના અમલ દરમિયાન ઇંગ્લંડમાં પહેલવહેલો એક સમર્થ એકચક્રી સરકારનો રાજવહીવટ શરૂ થયો, અને તેના લોકોમાં ઇંગ્લિશ રેનેસાંસ, એટલે કે અંગ્રેજ પ્રજાના નવજીવનના સામાન્ય નામથી ઓળખાયેલી રાષ્ટ્રીય શક્તિ અસાધારણ જુસ્સાથી પ્રગટી નીકળી. ભાષા અને સાહિત્યની, કળા અને સ્થાપત્યની અને જીવનનાં બીજાં વિધવિધ ક્ષેત્રોની પ્રવૃત્તિઓમાં અનેક અંગ્રેજોએ પહેલ કરીને, ઇંગ્લંડને માટે યુરોપની પ્રજાઓમાં શ્રેષ્ઠ સ્થાન મેળવવાને માટે પુરુષાર્થ ખેડવાની હરીફાઈ માંડી. ખ્રિસ્તી ધર્મસંઘના વડા અધિકારી, રોમના પોપની સાથેની તકરારમાંથી ઇંગ્લંડની પ્રજાના પોતાના અલગ અસ્તિત્વના ભાન પર વિશિષ્ટ છાપની મહોર લાગી ગઈ, અને એક રાષ્ટ્રનું નિર્માણ થયું. ઔદ્યોગિક ક્રાન્તિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રારંભ પછી આ રાષ્ટ્રીયતાની ભાવના સોળે કળાએ ખીલી, અને ઓગણીસમા સૈકા દરમિયાન તે પરિપકવ થઈ.[3]

યુરોપના બાકીના ભાગોમાં આ ખ્યાલ આના કરતાં મંદ ગતિથી વિકાસ પામ્યો. રાષ્ટ્રીયતાની આ સામાન્ય લાગણીને આદર્શની કક્ષાએ ચઢાવવાને માટે કોઈ અત્યંત મહત્ત્વના બનાવની, પ્રજાને થયેલા કોઈ ભારે અન્યાયની, અથવા કોઈ કરુણ ઐતિહાસિક ઘટનાની આવશ્યકતા રહે છે. પ્રુશિયા, રશિયા અને ઑસ્ટ્રિયાની રાજસત્તાઓએ પોલૅન્ડના લોકોની લાગણીની જરાયે દરકાર રાખ્યા વિના, તેના મુલકની ત્રણ ત્રણ વખત (૧૭૭૨, ૧૭૯૩, અને ૧૭૯૫ની સાલોમાં) કરેલી વહેંચણીને પરિણામે એક સુપ્ત અધિકાર એક પ્રબળ આકાંક્ષામાં પલટાઈ ગયો, એક સામાન્ય લાગણી રાજકીય હકના દાવાના રૂપમાં પરિવર્તન પામી, અને તેથી યુરોપમાં રાષ્ટ્રીયતાની ભાવના સ્પષ્ટ સ્વરૂપે પ્રગટ થઈ.

> આ વહેંચણીએ જે સિદ્ધાન્તને જન્મ આપ્યો, તેને ફ્રાન્સની ક્રાન્તિએ એક સ્પષ્ટ વિચારસરણીનો પાયો પૂરો પાડ્યો હતો; ત્યાર પછી તે વિચારસરણીએ સામ્રાજ્યની ભાવનાએ કરેલા દમનના પ્રતિકારમાં, એક ક્ષણ પૂરતો પરંતુ અત્યંત ઉગ્ર સંક્ષોભનો પ્રજાકીય પુરુષાર્થ પ્રગટાવ્યો; અને પુનઃસ્થાપનાની દીર્ઘકાળ સુધી લંબાયેલી ભૂલને પરિણામે, તે વિચારસરણી એક સુસંગત રાજકીય સિદ્ધાન્તને સ્વરૂપે પરિપકવ થઈ, યુરોપની તે સમયની પરિસ્થિતિમાં પોષાઈ, તેમ જ તેને જોઈતું સમર્થન મળી ગયું.

આ રીતે એકએ વાકયમાં ગયા સૈકાના મહાન વિચારકો પૈકીના એક લૉર્ડ ઍકટને, રાષ્ટ્રીય ભાવનાના યુરોપમાં થયેલા વિકાસની કારણ-પરંપરાનું નિરૂપણ કર્યું છે.[4]

---

૩. રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીયતા, એ બન્ને શબ્દો, થોડાક છૂટાછવાયા દાખલાઓ બાદ કરતાં તેમના આધુનિક અર્થમાં ઓગણીસમા સૈકા પહેલાં કવચિત જ વપરાયેલા માલૂમ પડે છે. જુઓ : જી. વીલ : "લ' યુરોપ દુ XIX સિસેલ એત આઇદી દ નૅશનૅલિતિ (ઓગણીસમા સૈકાનું યુરોપ અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ), પ્રસ્તાવના, પા. ૨-૬.

૪. 'હિસ્ટરી ઑફ ફ્રીડમ ઍન્ડ અધર એસેઝ' (મુક્તિનો ઇતિહાસ અને બીજા નિબંધો), પા. ૨૮૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રાન્સની ક્રાન્તિએ જે અનેક સિદ્ધિઓ મેળવી, તેમાં રાષ્ટ્રીયતાની ભાવનાનો પાયો વધારે વ્યાપક બન્યો, તે હકીકતનો આપણે સમાવેશ કરી લેવો જોઈએ. તે ક્રાન્તિએ રાષ્ટ્રીયતાની ભાવનાને, લોક સમસ્તની સત્તા રાજ્યની સર્વોપરી સત્તા છે, એ રાજકીય સિદ્ધાન્તની સાથે કાયમની જોડી દીધી,[૫] અને લોકસમસ્તની સત્તા રાજ્યની સર્વોપરી સત્તા છે, એ સિદ્ધાન્ત પ્રત્યક્ષ વહેવારમાં સિદ્ધ કરવાને અર્થે રાષ્ટ્ર રાષ્ટ્રનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપવાની આવશ્યકતા રહે છે, એ વાત ક્રાન્તિએ સ્પષ્ટપણે દર્શાવી આપી.

રાષ્ટ્રીયતાના આદર્શના ગર્ભમાં રહેલા સામર્થ્યને ઓળખનારો યુરોપનો પ્રથમ રાજપુરુષ નેપોલિયન હતો. યુરોપના લોકોને તેની વ્યક્તિમાં રાષ્ટ્રીયતાની ભાવના મૂર્તિમંત થયેલી ભાસતી હતી, અને તેથી જ તેણે આદરેલાં યુદ્ધોમાં તેને વિજયો પ્રાપ્ત થયા હતા. એ ભાવનાને અવગણીને તેણે જ્યારે તેને પોતાના પગ નીચે કચડવા માંડી, તે ક્ષણથી તેના પરાજયનું ભાવી પણ નિર્માણ થઈ ચૂક્યું હતું. જેનાની લડાઈથી પ્રુશિયાની પ્રજાનું એક મહાન રાષ્ટ્રમાં રૂપાન્તર થઈ ગયું, અને નેપોલિયને મોસ્કો પર કરેલી ચઢાઈથી રશિયા યુરોપનાં રાષ્ટ્રો પૈકીનાં એકમાં પલટાઈ ગયું.

વોટરલૂની લડાઈના જે વિજેતાઓ વિયેનાની પરિષદમાં (૧૮૧૫) ભેગા મળ્યા હતા, તેમણે નેપોલિયનની પડતીમાંથી યોગ્ય બોધ લેવાનો ઇન્કાર કર્યો. ઑસ્ટ્રિયાના સામ્રાજ્યનો વડો પ્રધાન મૅટરનિક, જેનો પરિષદ પર સૌથી વધારે પ્રભાવ પડ્યો હતો, તેણે નેપોલિયનનાં વિજયી સૈન્યોએ યુરોપભરમાં રાષ્ટ્રીયતાની ભાવનાનાં જે બળોને મુક્ત કર્યાં હતાં, તેમને રૂંધવાને પૂરેપૂરી મથામણ કરી જોઈ. રાષ્ટ્રીયતાના આદર્શના પ્રચંડ સામર્થ્યને હણવાને, યુરોપનાં હૅપ્સબર્ગ (ઑસ્ટ્રિયાનો), હોહેનઝોલર્ન (જર્મનીનો) અને રોમાનોવ (રશિયાનો), એ ત્રણે વંશોનાં ભિન્ન-ભિન્ન પ્રજાઓનો સમાવેશ કરનારાં તેમ જ આપખુદ સામ્રાજ્યો વચ્ચેના પવિત્ર મૈત્રીના કરારથી એક ગઢ તેણે ઊભો કરી જોયો. પરંતુ આ પ્રયાસને માટે પણ નિષ્ફળતાનું જ ભાવિ નિર્મિત થયું હતું. કેમ કે પવિત્ર મૈત્રીના કરારથી

૫. ઍબે સિયેસ : ‘ કવેસ્ત સે કવે તાયર્સ એતાત (રાજ્યાધિકારનાં ત્રણ અંગો કયાં ?), ૧૭૮૯ માં થયેલી ક્રાન્તિની આગળઆગળ પ્રસિદ્ધ થયેલું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીયતાની ભાવનાના જે આદર્શને રૂંધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, તે અસલમાં એક પ્રગતિશીલ બળ હતું. રાષ્ટ્રીયતાના આદર્શમાં બંધારણ મુજબનો કાયદેસરનો રાજવહીવટ, ઔદ્યોગિક વિકાસ, અને રાજ્યો રાજ્યો વચ્ચેની સુલેહભરી સમજૂતીની આકાંક્ષાઓનો સમાવેશ થતો હતો.

૧૮૧૫ની સાલમાં થયેલી બુર્બોં વંશની પુનઃસ્થાપના રાષ્ટ્રવાદના વિજયને થોડા સમય માટે થંભાવી શકી એટલું જ, બાકી તેના વિજયની કૂચને કાયમને માટે ખાળી રાખવાનું તેનું ગજું નહોતું. ક્રાન્તિનાં પરિબળો નજર આગળથી દૂર થયાં હતાં ખરાં, પરંતુ તેમની પ્રવૃત્તિ પ્રચ્છન્નપણે ભૂગર્ભમાં તો ચાલુ જ રહી હતી, અને તે બધાં ૧૮૪૮ની સાલમાં ફરી પ્રગટ થયાં, ત્યારે જ્વાળામુખીની પ્રચંડ ઉગ્રતાથી ધડાકાબંધ ફાટી નીકળ્યાં. ઑસ્ટ્રિયા-હંગેરી, ઇટાલી અને જર્મનીમાં ૧૮૪૮ની ક્રાન્તિ બે તદ્દન ભિન્ન ચળવળોને માર્ગે વળી : એક રાજ્યબંધારણને લગતી, અને બીજી રાષ્ટ્રીય. એકની નેમ રાજ્યના દોરમાંથી વ્યકિતની, અને બીજીની સમગ્ર રાષ્ટ્રની સ્વતંત્રતા સાધવાની હતી. લોક-સમુદાયે પરરાજ્યની ધૂંસરીમાંથી રાષ્ટ્રીય સમૂહોની મુકિતની અત્યંત ઉત્સુકતાથી ઝંખના કરી, કેમ કે, તે સ્વતંત્રતાની સિદ્ધિમાં વ્યકિતની સ્વતંત્રતાનો કોલ સમાયેલો હતો, અને તેનાથી સમાજની આર્થિક વિકાસની ભૂખ સંતોષાતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રીય સ્વતંત્રતાનો આદર્શ આટલો બધો પ્રેરણાદાયી નીવડયો તેનું કારણ એ હતું કે, તેમાં સામુદાયિક આર્થિક પ્રગતિની, અને વ્યકિતની સ્વતંત્રતાની ભૂખની તૃપ્તિનો સમાવેશ થયો હતો. આ આદર્શની પ્રેરણા એટલી બધી સમર્થ હતી કે, ત્યાર પછીના ત્રીસ વર્ષના ગાળામાં આઠ નવાં રાષ્ટ્રીય રાજ્યો યુરોપમાં પ્રગટ થયાં. ૧૮૪૦ અને ૧૮૭૦ની સાલ દરમિયાનના ગાળાને યુરોપના ઇતિહાસનો રાષ્ટ્રીય યુગ કહેવામાં આવે છે, તે તદ્દન ઉચિત છે.

સ્કેન્ડિનેવિયાના પ્રદેશમાં, એટલે કે નોર્વે સ્વીડન આદિ દેશોમાં, રાષ્ટ્રવાદનો આદર્શ સોળે કળાએ ખીલ્યો. તેમણે વ્યકિતને સંપૂર્ણ સ્વતંત્રતાની, અને પોતાના સર્વ રાષ્ટ્રિકોને સુસ્થિતિની બાંયધરી આપનારાં રાજ્યોની સ્થાપના કરી. એ રાજ્યો પર જે કટોકટીની સ્થિતિ આવી પડી, તેના સ્વરૂપ વિષે આપણે હવે પછી થોડી વાર રહીને વાત કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દરમિયાન જર્મનીમાં આનાથી જુદા જ નમૂનાનો રાષ્ટ્રવાદ, બહુ ઝડપભેર વિકસીને મોખરે આવવા લાગ્યો હતો. ૧૮૭૧ની સાલમાં પ્રુશિયાની આગેવાની નીચે જે વિજયી જર્મન રાષ્ટ્ર પ્રગટ થયું, તેની સાથે તે રાષ્ટ્રવાદને સફળતાની શાખ પ્રાપ્ત થઈ. રાષ્ટ્રીયતાના આદર્શ અથવા ખ્યાલમાં સમાતા અર્થ પર, ભિન્નભિન્ન પ્રકારના સંસ્કૃતિના ધારો કેવી ઢબે ઊંડી અસર પહોંચાડે છે, તેનો જર્મન રાષ્ટ્રવાદનો ઇતિહાસ એક સરસ દાખલો છે. પવિત્ર રોમન સામ્રાજ્યની અંદર આવેલાં જર્મન લોકોના રાજ્યોમાં, સમસ્ત જર્મન લોકોની એકતાની લાગણી પહેલેથી જ અસ્તિત્વમાં હતી. વળી રાજકારણમાં જર્મન લોકોને રસ નહોતો, તેથી જર્મનીની રાષ્ટ્રીય પ્રવૃત્તિ અનિવાર્યપણે સંસ્કૃતિના નવવિધાનને માર્ગે વ્યક્ત થઈ. "બીજા કોઈ પણ સ્થળના કરતાં જર્મનીમાં રાષ્ટ્રવાદની આકાંક્ષા એકાદ વિશિષ્ટ રાજકીય કાર્યક્રમને સિદ્ધ કરવાના ધ્યેય પૂરતી જ મર્યાદિત ન રહેતાં, સમગ્ર જીવનની એક સર્વાંગસંપૂર્ણ ફિલસૂફી ખીલવવાની મહેચ્છા જેટલી વ્યાપક બની હતી,"[૪] કેમ કે જર્મન પ્રજામાં પ્રગટેલી નવવિધાનની પ્રવૃત્તિએ જાતિ અથવા વંશ, ભાષા અને સંસ્કૃતિને અંગેની વ્યવસ્થા જેવી જે સર્વ બાબતો સર્વ જર્મન લોકોને સમાન હતી, તેમને મહત્ત્વ આપ્યું હતું. આ પ્રકારના રાષ્ટ્રવાદની ભાવનાના પ્રભાવ નીચે જર્મન લોકોને, ધીરે ધીરે તેમના કોઈ એક મધ્યવર્તી રાષ્ટ્રીય રાજ્યમાં તે ભાવના મૂર્તિમંત થાય, તે પૂર્વે જ પોતાના વિશિષ્ટ ભાવિનું ભાન થવા માંડ્યું હતું.

જર્મન લોકોમાં ઇતિહાસની વિચારણા કરનારી એક નવી વિચારસરણીની પાછળથી 'હિસ્ટોરિસ્મસ' નામે ઓળખાયેલી પ્રવૃત્તિનો ઉદય થવાથી તેમનું આ વલણ વધારે દૃઢ થયું. આ નવી વિચારસરણીને અનુસરનારા ઇતિહાસકારોએ રાષ્ટ્રીય ભેદો પર ભાર મૂકવા માંડ્યો, અને જર્મન પ્રજાના ભૂતકાળનું, વર્તમાનકાળનું તથા તેના નિર્મિત ભાવિનું એક નવું જ ચિત્ર રજૂ કર્યું. તે ઇતિહાસકારો જર્મન પ્રજાની પરંપરાઓ અને રિવાજો, તેના કાયદાઓ અને સંસ્થાઓ, સર્વને જર્મનીના વિશિષ્ટ

---

૬. 'રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનૅશનલ અફેર્સ' (આંતરરાષ્ટ્રીય વહેવારોનું સંશોધન કરનારી શાહી સંસ્થા) ના એક અભ્યાસી મંડળે તૈયાર કરેલું પુસ્તક 'નૅશનેલિઝમ' (રાષ્ટ્રવાદ), પા ૪૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિત્વની મૂર્તિરૂપે નિહાળવા લાગ્યા, અને એવો ખ્યાલ પ્રચલિત કરવા લાગ્યા કે, જર્મન પ્રજાનું આ વિશિષ્ટ વ્યક્તિત્વ કદાચ થોડા સમયને માટે દબાયેલું રહેશે, તો પણ તે ખરેખર નામશેષ નહીં થાય, અને કોઈ ને કોઈ કાળે પોતાનું સ્વાભાવિક મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યા વિના નહીં રહે.

અને અંતમાં હેગલના રાજ્યસંસ્થાને વિષેના સિદ્ધાન્તે જર્મન પ્રજાના રાષ્ટ્રવાદના વિકાસ પર ઊંડી અસર પહોંચાડી. હેગલના પ્રતિપાદન પ્રમાણે સ્થળકાળની મર્યાદાથી પર એવા નિરપેક્ષ સત્યનું રાજ્યસંસ્થા એ પ્રતીક છે, અને રાજ્યનો કાયદો વિશ્વના નૈતિક નિયમને પ્રત્યક્ષ સ્વરૂપે વ્યક્ત કરે છે. તેના અભિપ્રાય મુજબ તેથી, વ્યક્તિની સાર્થકતા અને સર્વોપરી સિદ્ધિ પોતાના વ્યક્તિત્વને રાજ્ય સંસ્થામાં સંપૂર્ણપણે સમાવી દેવામાં રહેલી છે.

વળી પ્રુશિયાનું રાજ્ય, કે જેમાં જર્મન પ્રજાની રાષ્ટ્રીયતાની ભાવનાનો આદર્શ મૂર્તિમંત થયો, તેની નોકરશાહીના તેમ જ લશ્કરના વર્ચસ્વની પરંપરાઓ સાથે, હેગલની યુદ્ધ વિષેની શ્રદ્ધાનો મેળ બેસી ગયો. એટલે અંગ્રેજ પ્રજાના અને ફ્રાંસની પ્રજાના વિનીત રાષ્ટ્રવાદની સાથે સાથે, ખુદ યુરોપના ભીતરમાં જ રાષ્ટ્રવાદની ભાવનાના આદર્શનું એક ભિન્ન સ્વરૂપ નિર્માણ થયું. તે સ્વરૂપમાં વ્યક્તિને ભોગે રાજ્યસંસ્થા પર ગૌરવનું આરોપણ થયું હતું, અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝઘડાઓના નિરાકરણની એક માત્ર પદ્ધતિ તરીકે હિંસાની શક્તિને માન્ય રાખવામાં આવી હતી.

આમ આપણે જોઈએ છીએ કે, યુરોપમાં રાષ્ટ્રીયતાનો ખ્યાલ બે ભિન્ન ભિન્ન ધોરણે વિકાસ પામ્યો. એકે રાજ્યવહીવટની લોકશાહી પદ્ધતિ અને વિનીતવાદ અથવા ઉદારમતવાદનો અંગીકાર કર્યો, અને બીજાએ રાજ્યશાસનમાં અધિકાર અથવા સત્તાના બળને, તેમ જ હિંસાને માન્યતા આપી. રાષ્ટ્રવાદના આ બે પ્રકારો વચ્ચેનો ભેદ ઇટાલી અને જર્મનીમાં જેટલો સ્પષ્ટતાથી માલૂમ પડે છે, તેટલો બીજાં કોઈ સ્થળોએ જણાતો નથી. બન્ને દેશના લોકોની ઐતિહાસિક પરિસ્થિતિ બહુ સમાન હતી, પરંતુ પોતપોતાની પ્રજાના એકીકરણની, તેમ જ તેની મુક્તિની મથામણમાંથી તેમણે બે તદ્દન જુદીજુદી વિચારસરણીઓ ખીલવી. મૅઝિની, જે એક સાચો ઉદારમતવાદી હતો, તેણે ઇટાલીના રાષ્ટ્રવાદને પ્રેરણા આપી. તે હમેશ કહેતો કે, "ઈશ્વરે દરેક રાષ્ટ્રના જન્મ વખતે જ તેના પારણા પર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશિષ્ટ સંદેશ અંકિત કર્યો છે, અને તે રાષ્ટ્રે તે સંદેશો દુનિયાને પહોંચાડવાનો છે." તેના રાષ્ટ્રવાદના ધ્યેયમાં કોઈને બાદ રાખવાપણું નહોતું; સમસ્ત માનવજાતિને એક બંધે બાંધનારી એક ભાવના તરીકે તેના રાષ્ટ્રવાદના આદર્શમાં જીવનની સાર્થકતા સમાયેલી હતી, અને તેની વિચાર-સરણીમાં 'માણસની બંધુભાવયુક્ત ઉદાર પ્રગતિ'[૭] પર ભાર દેવામાં આવતો હતો. "સંકુચિત રાષ્ટ્રવાદની ભાવનાને, અમે એકલા જ સમસ્ત માનવજાતના રાજકીય તેમ જ આર્થિક પ્રશ્નોનો ઉકેલ કરવાને સમર્થ છીએ, એવા દરેક પ્રજાના બેવકૂફી ભરેલા ઘમંડને, અને સર્વ પ્રજાઓનું કાર્ય વસ્તુતઃ એક જ છે, એ મહાન સત્યનું જે વિસ્મરણ દરેક પ્રજાને થાય છે, તે ભૂલને,"[૮] તે ખુદ રાષ્ટ્રીયતાની ભાવનાના આદર્શને નામે જ તિરસ્કારી કાઢતો. તેની શ્રદ્ધા એવી હતી કે, મોટા મોટા જાગૃત માનવસમાજોમાં સ્વતંત્રતા અને નિયમન, એ બન્નેના એકત્ર વહેવારની સ્થાપના કરીને, રાષ્ટ્રીય સજ્યો ટકરાતી રાજ્યપદ્ધતિના અવશેષોને વાળી ઝૂડીને સાફ કરવાનું, તેમ જ માનવ પ્રગતિને વધારે ઊંચી કક્ષાએ લઈ જવાનું માનવસમાજનું સામર્થ્ય કેળવે છે.

જર્મન પ્રજાનું એકીકરણ મથાળેથી સિદ્ધ કરવામાં આવ્યું હતું. નવા રાષ્ટ્રનું નામકરણ કરતાં, તેમ જ તેને રાષ્ટ્રવાદની દીક્ષા આપતાં બિસ્માર્કે જાહેર કર્યું હતું કે, "જર્મનીના સામ્રાજ્યનું ઘડતર આપણે આપણી પ્રજામાં વિચારો અથવા આદર્શોનો ફેલાવો કરીને કરવું નથી, પરંતુ તલવારથી મેળવેલી સિદ્ધિઓ દ્વારા કરવું છે." તેણે જર્મન પ્રજાના ઉદારમતવાદી તેમ જ રૂઢિચુસ્ત પક્ષો વચ્ચે મૈત્રીની સ્થાપના કરી. તે મૈત્રીના કરારની ઉભયમાન્ય વણલખી શરત એ હતી કે, રૂઢિચુસ્ત પક્ષના લોકોએ રાષ્ટ્રીય એકતાનું કાર્ય માથે લેવું, અને ઉદારમતવાદીઓએ લોકશાહીના આદર્શના સત્ત્વને જતું કરવું. અમે આ પૂર્વે દર્શાવ્યું છે તે પ્રમાણે, જર્મન પ્રજાની

૭. મેઝિની: 'ઇટાલી, ઑસ્ટ્રિયા ઍન્ડ ધિ પેપસી' (ઇટાલી, ઑસ્ટ્રિયાનું સામ્રાજ્ય અને પોપનો અધિકાર), પા. ૭૧-૭૩.

૮. જી. મેઝિની: 'ફેઈથ ઍન્ડ ધિ ફ્યુચર' (શ્રદ્ધા અને ભાવી)ની ૧૮૫૦ની આવૃત્તિની પ્રસ્તાવના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીયતાની ભાવનાના નવવિધાનના સંજોગો, અને તેના તત્ત્વવેત્તાઓની, ખાસ કરીને હેગલની તેમ જ ફિશની પ્રતિભા, એ બન્નેએ મળીને રાષ્ટ્રવાદની એક સર્વાંગસંપૂર્ણ, અને પોતાનાં તત્ત્વોની બાબતમાં જરાયે બાંધછોડ ન કરનારી કટ્ટર ફિલસૂફી નિર્માણ કરી. તે રાષ્ટ્રવાદના આદર્શે હમેશ 'તલવાર દ્વારા મેળવેલી સિદ્ધિઓ' પર ભાર મૂક્યો છે. આ બે આદર્શોની વિચારસરણીઓ વચ્ચે રહેલો તફાવત આધુનિક જર્મનીના ઘડવૈયા બિસ્માર્ક, અને આધુનિક ઇટાલીનું ઘડતર કરનાર કાવૂર, એ બન્નેનાં ચારિત્ર્યનાં લક્ષણોના મુકાબલામાંથી સ્પષ્ટપણે તરી આવે છે.

બન્નેની નજર એક જ લક્ષ્ય પર ચોંટેલી હતી; એકને જર્મન પ્રજાનું એકીકરણ કરવું હતું, અને બીજાને ઇટાલીનું; બન્નેને સામનો પણ એક જ દુશ્મનનો કરવાનો હતો; ઑસ્ટ્રિયાનું સામ્રાજ્ય પ્રુશિયાના વિસ્તારને જેમ બાધા કરતું હતું, તેવી જ રીતે પિયેડમોન્ટ (ઇટાલીના એક પ્રાંત)ના વિસ્તારને પણ રૂંધતું હતું. . . . તેમની બન્નેની વચ્ચે રહેલા ભેદ મુખ્યપણે બે પ્રકારના હતા. પહેલું તો એ કે, કાવૂર ઉદારમતવાદી એટલે કે પ્રગતિનો હિમાયતી હતો, અને બિસ્માર્ક હતો પ્રગતિવિરોધી. કાવૂર પિયેડમોન્ટના બંધારણવાદી પક્ષનો આગેવાન હતો, અને તેની રાજકીય શ્રદ્ધાનો મુખ્ય સિદ્ધાંત એ હતો કે, મુક્ત સંસ્થાઓની ખિલવણી કરવી . . . એથી ઊલટું, બિસ્માર્કની શ્રદ્ધા એવી દેખાય છે કે, રાજ્યશાસનનો પાયો વિચારો અથવા ભાવનાઓની કેળવણીથી નહીં, પરંતુ દંડના પ્રયોગથી દૃઢ થાય છે, અને તેથી તેણે પ્રુશિયામાં તેની પુરાણી રાજ્યપદ્ધતિના અવશેષો પર લશ્કરી પદ્ધતિની રાજાશાહીની રચના કરી. . . . બીજું એ કે, કાવૂર પિયેડમોન્ટને ઇટાલીમાં સમાવી દેવાને તત્પર હતો, જ્યારે જર્મન રાષ્ટ્રીયતાની ભાવનામાં પ્રુશિયાના અલગ વ્યક્તિત્વને ડુબાવી દેવાને બિસ્માર્કનું મન કદી માન્યું નહીં. પરિણામે પિયેડમોન્ટ ઇટાલીમાં સમાઈ ગયું, જ્યારે પ્રુશિયા સમસ્ત જર્મનીને હજમ કરી ગયું.[૯]

રાષ્ટ્રવાદનો આદર્શ જ્યારે સોળે કળાએ ખીલ્યો, ત્યારે બે પુરુષોએ તેના પ્રતિપાદન અને પ્રચારનું કાર્ય માથે લીધું: મૅઝિનીએ તેના સંદેશના પેગમ્બર તરીકે, અને મિલે તેની વિચારસરણીના સિદ્ધાંતો ઘડનારા મીમાંસક તરીકે. બન્નેએ આગ્રહપૂર્વક કહ્યું છે કે, રાષ્ટ્રની અને રાજ્યની સીમાઓ

---

૯. ઇ. લિપ્સન: 'યુરોપ ઇન ધિ નાઇન્ટીન્થ સેન્ચ્યુરી' (ઓગણીસમા સૈકાનું યુરોપ), પા. ૭૯–૮૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમવ્યાપી હોવી જોઈએ. મિલ જણાવે છે કે, "સ્વશાસિત સ્વતંત્ર સંસ્થાઓની ખિલવણીને માટેની સામાન્ય શરત એ છે કે, શાસનતંત્રના પ્રદેશની સીમાઓ પ્રધાનપણે વિશિષ્ટ રાષ્ટ્રીયતાનો ફેલાવો જે પ્રદેશમાં થયો હોય, તેની સીમાઓ સાથે મળતી આવવી જોઈએ."[૧૦] રાષ્ટ્રવાદ એક વિશિષ્ટ ધ્યેયને પહોંચવાનું સાધન છે, અથવા એક આદર્શને સિદ્ધ કરવાની સાધના છે તે કારણે, અને નહીં કે ખુદ તે જ એક ધ્યેય અથવા આદર્શ છે, તે કારણે તેને વિષે આગ્રહ રાખવામાં આવે છે. રાષ્ટ્રવાદની ભાવનાનો આદર્શ માણસોની વફાદારી અથવા નિષ્ઠાનો અધિકારી છે, કારણ કે, તે "મુક્ત સંસ્થાઓના વિકાસની સામાન્ય શરત છે;" માણસોને માટે તેનું આકર્ષણ તેના પૂરતું જ એટલે કે, તેનાથી ચડતા કેફને કારણે ઉત્પન્ન થતું નથી, પરંતુ તેમાં સમાયેલા લોકશાહીના અર્થને કારણે ઉત્પન્ન થાય છે. આ વાત આજની ઘડીએ સ્પષ્ટપણે દર્શાવવાની જરૂર છે, કારણ કે રાષ્ટ્રીય રાજ્યોનો સિદ્ધાંત વીસમી સદીમાં પણ જીવન્ત રહ્યો છે, છતાં તે સિદ્ધાંતની વિચારસરણીમાં જે વાત પર ભાર મૂકવામાં આવતો હતો, તેને હમણાં હમણાં વિસારી દેવામાં આવી છે.

૧૮૭૦ની સાલના અરસામાં ઔદ્યોગિક ક્રાન્તિએ જે બળોને મુક્ત કર્યાં હતાં, તેમનો રાષ્ટ્રવાદના આદર્શની વિચારસરણીની સાથે મેળ ખવડાવવાની જરૂર ઊભી થઈ હતી. યુરોપના જે દેશોમાં રાષ્ટ્રીયતાનાં બળો રાજ્યપદ પ્રાપ્ત કરવાને હજી મથી રહ્યાં હતાં, તે બધામાં લોકોની આર્થિક પરિસ્થિતિ સાથે રાષ્ટ્રવાદનો મેળ બેસાડી લેવાનું અનિવાર્ય થઈ પડ્યું હતું. 'રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનૅશનલ એફેર્સ' એટલે કે, આંતરરાષ્ટ્રીય વહેવારોનું સંશોધન કરનારી શાહી સંસ્થાએ યુરોપમાં થયેલા જુદાં જુદાં રાષ્ટ્રોના વિકાસના નમૂનાઓનું સારભૂત વર્ણન આ પ્રમાણે કર્યું છે :

> કેટલાક દાખલાઓમાં, વિશેષે કરીને ઇટાલી, પોલૅન્ડ અને હંગેરીમાં રાષ્ટ્રવાદની ભાવના, સમાજના ઉપલા અને મધ્યમવર્ગોની આકાંક્ષાઓની સાથે સંબંધ ધરાવતી હતી, અને તેથી જો કે મેઝિની અને પિલસુદસ્કી

---

૧૦. 'કનસિડરેશન્સ ઑફ રેપ્રેઝેન્ટેટિવ ગવર્નમેન્ટ' (પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા ચાલતા શાસનતંત્રને વિષે વિચારણા).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા આગેવાનોએ અમુક પ્રમાણમાં સામાજિક સુધારણાની ઇચ્છા રાખી હશે, તે છતાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનું લક્ષ્ય એકંદરે પ્રચલિત સમાજવ્યવસ્થાને નભાવી રાખીને સાથે સાથે ઇષ્ટ રાજકીય ફેરફારો સિદ્ધ કરવાનું હતું. બીજા દાખલાઓ જેવા કે, ફિનલૅન્ડ અને ઝેક પ્રજાના પ્રદેશોમાં રાષ્ટ્રવાદની પ્રવૃત્તિને મધ્યમ વર્ગોની પ્રગતિ માટેની આકાંક્ષાનો આધાર મળ્યો હતો. મધ્યમ વર્ગો કેવળ પોતાના જ સામર્થ્યથી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને સફળ કરી શકે એટલા જોરાવર નહોતા, અને તેથી તેમને ગામડાંના પ્રદેશમાં વસતા ખેડૂતવર્ગ પાસેથી હમેશ નવું બળ મેળવવું પડતું હતું. આ સિવાયની ઘણીખરી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ, ખેતી કરનારા વર્ગોની, અથવા ખેડૂતોની રાષ્ટ્રીય ભાવનાના નમૂનાને અનુસરતી હતી. તે બધા પ્રદેશોમાં રાષ્ટ્રીય સ્વતંત્રતાની સિદ્ધિ માટેની ચળવળ જમીનની નવેસરથી વહેંચણી કરવાની ચળવળની સાથે ગાઢ સંબંધથી સંકળાયેલી હતી, અને તેમાંથી જ તેને જોઈતું પ્રેરણાનું સામર્થ્ય મળતું હતું. ૧૧

જે દેશોનો વિકાસ રાષ્ટ્રીય રાજ્યોની સ્થાપના સુધી પહોંચી ગયો હતો, તે દેશોના આર્થિક વિકાસને કારણે ઉદારમતવાદની શ્રદ્ધા તેમની નવી પરિસ્થિતિને પહોંચી વળવામાં અધૂરી પુરવાર થઈ. રાષ્ટ્રવાદમાં સમાયેલા ઉદારમતવાદે એ પરિસ્થિતિમાં બે માર્ગો લેવાના રહેતા હતા. એક તો તેણે દેશની અંદર જ લોકશાહીના રાજકીય અધિકારોનો વિસ્તાર કરીને, દેશના આર્થિક લાભોને અંગે પણ તેમનો અમલ કરવો જોઈતો હતો, એટલે કે રાજકીય લોકશાહીનું સામાજિક લોકશાહીમાં રૂપાંતર કરવું જોઈતું હતું, અથવા સામ્રાજ્યવાદને સ્વરૂપે દેશની બહાર પોતાનો વિસ્તાર કરવાનો રહેતો હતો. રાષ્ટ્રવાદની ભાવનાનો વિકાસ પણ આ જ બે માર્ગોએ વધારે વ્યાપક થાય એમ હતું.

સ્કૅન્ડિનેવિયાનાં, એટલે કે ડેન્માર્ક, સ્વીડન વગેરે રાષ્ટ્રીય રાજ્યોએ પોતાના રાષ્ટ્રવાદની ભાવનાનો દેશની અંદર જ વિસ્તાર કર્યો, અને અર્થ-વ્યવસ્થાને અંગે ઊભા થયેલા વિરોધોનો ઉકેલ કાઢ્યો. પશ્ચિમનાં રાજ્યોએ તેનું નિરાકરણ સામ્રાજ્યસ્થાપનાના સાહસમાં શોધ્યું. ૧૯૦૨ની સાલમાં પ્રસિદ્ધ થયેલા સામ્રાજ્યવાદની ઘટનાના અભ્યાસના પોતાના પ્રારંભિક નિબંધમાં જે. એ. હૉબસને આ બન્ને માર્ગો વચ્ચેનો ભેદ બહુ કુશળતાથી દોરી બતાવ્યો છે.

---

૧૧. પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક: 'નૅશનૅલિઝમ' (રાષ્ટ્રવાદ), પા. ૮૨,૮૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ રાષ્ટ્ર કાં તો ડેન્માર્ક અથવા સ્વિટ્ઝરલેન્ડને પગલે ચાલીને, ખેતીના વ્યવસાયને ખીલવવામાં બુદ્ધિ વાપરે, સામાન્ય તેમ જ પોતાના વિશિષ્ટ ઉદ્યોગોને માટે જોઈતી આવડતને અંગેની કેળવણીની સરસ પદ્ધતિ વિકસાવે, તૈયાર માલ ઉત્પન્ન કરવાના પોતાના વિશિષ્ટ ઉદ્યોગોને પરિપક્વ થયેલા વિજ્ઞાનની શોધોને અનુસરીને ચલાવે, અને ઘણા જ મર્યાદિત પ્રદેશના વિસ્તારમાં વસતી પોતાની મોટી વસ્તીને, ઉત્તરોત્તર વધતી જતી ભૌતિક સગવડોમાં રાખી શકે, અને સાથે સાથે તેના ચારિત્ર્યને કેળવી શકે; અથવા ગ્રેટબ્રિટનને પગલે ચાલીને, તે પોતાના મુલકની ખેતી લાયક જમીનને પડતર રહેવા દે અને ખેતીના ધંધાની ઉપેક્ષા કરે, પોતાની વસ્તીને શહેરોમાં વધવા દે, પોતાની કેળવણીની પદ્ધતિની બાબતમાં, તેમ જ છેલ્લામાં છેલ્લી વિજ્ઞાનની શોધોના જ્ઞાનને પોતાની જરૂરિયાતો પૂરી પાડવાને માટે યોજવાની આવડતમાં, બીજાં રાષ્ટ્રોને મુકાબલે પછાત પડી જાય; અને તેથી, દુનિયાના દૂર દૂરના ખૂણાઓમાં આવેલાં બજારોને પોતે પેદા કરેલો તૈયાર માલ વેચવાને માટે કબજે કરવામાં, તેમ જ પોતાની મૂડી રોકવાને માટેનાં સટ્ટાખોર ક્ષેત્રોની શોધમાં, પોતાના સામ્રાજ્યના વિસ્તારમાં પોતાની પ્રજા સાથે કદી એકરસ ન થઈ શકે એવા લોકોથી વસેલા કરોડો ચોરસ માઈલો ઉમેરવામાં પોતાની આર્થિક તેમ જ લશ્કરી સાધનસામગ્રી વેડફી મારે.[૧૨]

પરંતુ સમ્રાજ્યવાદ પણ રાષ્ટ્રના અંતરમાં પેદા થયેલા આર્થિક સવાલનો ઉકેલ કરી ન શકયો. "જેમની બંનેની વચ્ચે પરસ્પર સમભાવનો વહેવાર ન જામી શકે એવાં બે રાષ્ટ્રો તેણે નિર્માણ કર્યાં : એક તવંગર લોકોનું, અને બીજું ગરીબ લોકોનું."[૧૩] આ રીતે સામ્રાજ્યવાદના અમલ નીચે દરેક દેશમાં બે રાષ્ટ્રો નિર્માણ થયાં અને ઘણાં રાજ્યોમાં બે દેશો પેદા થયા : એક મુક્ત અને એક પરાધીન.

ઉપરાંત સત્તાના અને નફો કરવાના રાજકારણની સાથે અનિવાર્યપણે બંધાયેલા સામ્રાજ્યવાદે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે હરીફાઈ જગાડી, અને પરિણામે તે બધાંને માથે યુદ્ધનો ભય કાયમ ઝઝૂમવા લાગ્યો.[૧૪] યુદ્ધના આ પડકારને

---

૧૨. 'ઇમ્પિરિયેલિઝમ' (સામ્રાજ્યવાદ), પા ૯૨–૯૩

૧૩. બેન્જામિન ડિઝરાયલી ' સીબિલ ' (એક નવલકથા.).

૧૪ જુઓ હેરોલ્ડ લાસ્કી : " ધિ ડેન્જર્સ ઑફ બીઇંગ એ જેન્ટલમૅન ઍન્ડ અધર એસેઝ (સદ્‌ગૃહસ્થ થવામાં રહેલાં જોખમો, અને બીજા નિબંધો) ૧૯૪૦ ની આવૃત્તિનાં પા. ૨૦૪–૨૦૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચી વળવાને માટે રાષ્ટ્રવાદની ભાવનાને લશ્કરવાદની ભાવના સાથે મૈત્રી કરવી પડી, અને તેણે સ્વરક્ષણ અને સ્વવર્ચસ્વની ભાષામાં વાત કરવા માંડી. રાષ્ટ્રવાદની વિચારસરણીમાં આ બન્ને ભાવનાઓ ભેળાવાથી તેનું અસલ સ્વરૂપ વિપરીત થઈ ગયું, અને પોતાની વિચારસરણીમાં સમાયેલા લોકશાહી રાજ્યવ્યવસ્થાના આદર્શનો તેણે ત્યાગ કર્યો, કેમ કે સ્વરક્ષણની ભાવના શું, કે સ્વવર્ચસ્વની ભાવના શું, બન્ને આખરે યુદ્ધમાં જ પરિણમે છે. આધુનિક યુદ્ધપદ્ધતિને માટે અત્યંત કુશળ તેમ જ લડાયક વ્યવસ્થાના સંગઠનની જરૂર રહે છે, અને રાજકીય તેમ જ સામાજિક ક્ષેત્રમાં લોકશાહીએ મેળવેલી મળેલી સિદ્ધિઓનો ભોગ આપ્યા વિના આવું સંગઠન જરાયે શક્ય નથી.

ઉત્તર યુરોપનાં નાનાં નાનાં રાષ્ટ્રીય રાજ્યો, રાષ્ટ્રવાદની વિચારસરણીમાંથી ફલિત થતા યુદ્ધના આ સતત ઝઝૂમતા ભયનો પ્રતિકાર કરવાને અસમર્થ નીવડ્યાં, તેટલા જ કારણસર ભાંગી પડ્યાં. આપણે આ પહેલાં જોયું છે તે પ્રમાણે, સ્કેન્ડિનેવિયાના પ્રદેશમાં આવેલા દેશો, લગભગ એક સૈકાથી પણ વધારે સમય સુધી પોતાની સર્વોપરી સત્તા ટકાવી રાખી શક્યા, અને લોકશાહી વ્યવસ્થાનો સમાવેશ કરનારા રાષ્ટ્રવાદના વિકાસથી સિદ્ધ થયેલા સામાજિક લાભોનું જતન કરી શક્યા. પરંતુ જે યુદ્ધ તેમણે નીપજાવ્યું નહોતું, તેના પડકારની સામે તેમનું કશું ચાલ્યું નહીં અને તે હારી બેઠા, એટલું જ નહીં પણ પશ્ચિમ યુરોપનાં સામ્રાજ્યવાદી રાજ્યો, અને લડાક રાષ્ટ્રવાદને વરેલાં મધ્ય યુરોપનાં રાજ્યો, એ બે મહારાક્ષસો વચ્ચે થયેલી અથડામણોના ભડકામાં સ્વાહા થઈ ગયાં.

યુરોપના જુદા જુદા સામ્રાજ્યોમાં સમાઈ ગયેલી, છતાં જેમણે પોતાની વિશિષ્ટ રાષ્ટ્રીયતા ખીલવી હતી, એવી યુરોપની નાનીનાની પ્રજાઓ છેક વીસમી સદી દરમિયાન પણ પોતપોતાની મુક્તિને માટે મથ્યા કરતી હતી. યુદ્ધનો ભય આખરે આપણને પણ જોખમકારક નીવડશે એમ તેમને લાગતું નહોતું. ઊલટું, તે બધી તો યુદ્ધ જેવી કોઈ પ્રચંડ ખળભળાટ મચાવનારી ઘટના જ આપણને આપણાં બંધનોમાંથી છોડાવશે, એમ કરીને તેની રાહ જોઈને બેઠી હતી. આ બધી નાનીનાની પ્રજાઓ, જેમણે પોતપોતાની વિશિષ્ટ રાષ્ટ્રીય ભાવના કેળવી હતી, તે બધી ઑસ્ટ્રિયા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંગેરીનાં, રશિયાનાં અને તુર્કીનાં સામ્રાજ્યોના વિશાળ પટોમાં વણાઈ ગયેલી હતી. આ જુદાં જુદાં સામ્રાજ્યોમાં પોતાની વિશિષ્ટ રાષ્ટ્રીયતાઓને સમાવી દેવાની તેમની જરાયે ખુશી નહોતી, છતાં તે સર્વ એકલી એકલી જાતે, તે તે સામ્રાજ્યના પટોને ફાડીને તેમાંથી પોતપોતાનાં અલગ અલગ રાષ્ટ્રીય રાજ્યોની સ્થાપના કરી લે એટલી સમર્થ પણ નહોતી. તેથી એ સામ્રાજ્યોને છિન્નભિન્ન કરીને, તે બધાંમાં ડૂબી ગયેલાં આ રાષ્ટ્રોને બહાર કાઢીને મુક્ત કરવાને માટે, એક મોટા યુરોપીય યુદ્ધની જરૂર હતી.

અને તેમ છતાં, આ દબાયેલી પ્રજાઓ કોઈ મોટી રાજસત્તાની, ઘણુંખરું ઇંગ્લંડ કે ફ્રાન્સની સહાય વિના પોતાની સ્વતંત્રતા સિદ્ધ કરી શકે એમ નહોતું. અને જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ તે બંનેની સહાય નિઃસ્વાર્થ અને નિરપેક્ષ ન રહેતાં એથી ઊલટી બનતી ગઈ. વર્સાઈની સંધિના કરારોએ આ વાત સચોટ રીતે પુરવાર કરી આપી. આ સંધિ પૂર્વે જે યુદ્ધ થયું હતું, તે દરેક પ્રજાના આત્મનિર્ણયના અધિકારની સ્થાપનાને અંગે મંડાયું હતું. સંધિના કરારથી આ અધિકારનો અમલ પરાજિત થયેલી મધ્ય યુરોપની રાજસત્તાઓના કાબૂમાં યુરોપનો જે વિભાગ હતો, તેમાં વસતી પ્રજાઓ પૂરતો જ કરવામાં આવ્યો. આ સંધિના કરારોનું બરાબર પૃથક્કરણ કરવામાં આવે તો માલૂમ પડે છે કે, આત્મનિર્ણયના સિદ્ધાંતે બ્રિટન અને ફ્રાંસની વેર લેવાની, તેમ જ પોતાની સત્તાનો વિસ્તાર કરવાની નીતિને માટે જરૂરી એવા એક ઓઠાની જ ગરજ સારી હતી. વળી મધ્ય તેમ જ દક્ષિણ યુરોપના પ્રદેશોમાં જુદી જુદી જાતિઓનો એવો શંભુમેળો જામેલો હતો કે, તે વિસ્તારોમાં આત્મનિર્ણયના સિદ્ધાંતનો સુસંગત રીતે અમલ કરવાનું અશક્ય હતું. તેમ કરવા જતાં યુરોપના અઠ્ઠાવીસ વર્તમાન રાજ્યોની નવેસરથી વહેંચણી કરીને અડસઠ રાજ્યોની સ્થાપના કરવાની થાત.

મહાયુદ્ધ અને તેના અનુસંધાનમાં થયેલી અસમાધાનકારક સંધિની અસરો, આખા યુરોપ ખંડમાં તરત જ વરતાવા લાગી. જે દેશોમાં ક્ષોભ જાગ્યો હતો, તે પાછા ઠરીઠામ ન થઈ શક્યા. રોજી મેળવવાની ઉત્તરોત્તર વધતી જતી મુશ્કેલી, અને તેની સાથે ઊતરતું જતું જીવનનું આર્થિક ધોરણ, એ બંનેએ મળીને બિનસલામતીનું જે ભૂત ઊભું કર્યું, તે માણસોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગજો પર સવાર થઈને બેઠું હતું. યુરોપનાં નાનાં શું કે મોટાં શું, સર્વ રાજ્યોમાં, સ્ત્રીઓ અને પુરુષો બધાં, જે વિષમ દશા સામે આવીને ઊભી રહી હતી, અને જે એવી અટપટી હતી કે તેની તેમને ગમ પડતી ન હતી, તેમાંથી ઊગરવાને માટે આકરા ઉપાયોની માગણી કરવા લાગ્યાં. આ માગણીઓ પૂરી કરવાને અસમર્થ નીવડવાથી ગ્રેટ બ્રિટનમાં, જર્મનીમાં અને ફ્રાંસમાં એક પછી એક સરકારો રાજવહીવટની સત્તા છોડીને ભાગી, અને તેમને સ્થાને જે બીજી સરકારોએ વહીવટનાં સૂત્રો હાથમાં લીધાં, તેમણે પોતાનાં રાજ્યોને આર્થિક દૃષ્ટિથી સંપૂર્ણપણે સ્વાવલંબી બનાવવાનાં, હૂંડિયામણના દરો પર નિયંત્રણ મૂકવાનાં અને યુદ્ધનો શસ્ત્ર-સરંજામ પેદા કરવાનાં પગલાંઓ લેવાની તત્પરતા બતાવી, પરંતુ આવા બધા ઉપાયો યોજવાથી રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંબંધો પર શી અસરો થશે, તે જોવાની દરકાર ન કરી. હકીકતમાં પોતાના રાષ્ટ્રમાંથી બિનસલામતી-ના ભૂતને હાંકી કાઢવાને દરેક રાષ્ટ્રે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની હરીફાઈને તીવ્ર બનાવી, અને તેને પરિણામે રાષ્ટ્રીયતાની સંકુચિત ભાવના વધારે ઉગ્ર થઈ. ભડકી ઊઠેલા અને ઉન્મત્ત થયેલા રાષ્ટ્રવાદે યુદ્ધનાં ચઢવા માંડેલાં વાદળોને વધારે ઘેરાં બનાવ્યાં.

વર્સાઈના કરારથી નવાં પેદા કરવામાં આવેલાં યુરોપનાં નાનાંનાનાં રાજ્યોની દશા તો આથીયે બૂરી થઈ હતી. પોતાનાં રાજ્યોની સામાજિક જરૂરિયાતોને પહોંચી વળવાને તે બધાં, અર્થવ્યવસ્થાના એકમો તરીકે બહુ નાનાં પડતાં હોવા છતાં, તે સર્વમાં સમાવવામાં આવેલી લઘુમતી કોમોની દૃષ્ટિથી એટલાં મોટાં હતાં કે, તે કોમોના સવાલોથી તેમની સરહદોની અંદર હમેશ ખળભળાટ મચ્યા કરતો. તેમનાથી પુરાણાં અને મોટાં યુરોપીય રાજ્યોના કરતાં, પોતપોતાના વિશિષ્ટ પ્રશ્નોના ઉકેલને માટે તે સર્વેએ દાંતે આવી જઈને વધારે આકરા ઉપાયો અજમાવ્યા. ૧૯૨૦ અને ૧૯૩૫ની સાલના ગાળામાં ઇટાલીમાં અને જર્મનીમાં, તેમ જ પોલૅન્ડ, યુગોસ્લાવિયા અને ગ્રીસ જેવાં નાનાંનાનાં રાજ્યોમાં સરમુખત્યારી હકૂમતો સ્થપાઈ, અને તેમને તેમની પ્રજાઓ તરફથી એવું ફરમાન મળ્યું કે, દેશની અંદર પ્રજામાં સંપની વધારે તાકાત ઊભી કરવાને ખાતર જોઈએ તો વ્યક્તિની સ્વતંત્રતાનો ભોગ આપવો. યુદ્ધ પછીનાં વર્ષોમાં યુરોપમાં સ્થપાયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરમુખત્યારી હકૂમતોએ કોઈ સુસંગત રાજકીય વિચારસરણી અથવા આદર્શોને ધોરણે પોતાના અમલની શરૂઆત કરી નહોતી. લોકસમુદાયમાં દૃઢ થયેલી જીવન વિષેની સરવાળે તદ્દન વહેવારુ, રાજસી તેમ જ મૂઢગ્રાહની વૃત્તિમાંથી તે બધી સરમુખત્યારી હકૂમતો ઊભી થઈ હતી.

યુરોપમાં યુદ્ધ થયું તે પહેલાં જ દરેક વ્યક્તિની અર્થપ્રાપ્તિ માટેની પ્રવૃત્તિમાં રાજસત્તાએ માથું ન મારવું, એ પ્રકારની વ્યક્તિને પ્રધાન ગણનારી વિચારસરણીને સ્થાને, સમાજવાદની અને સમૂહવાદની વિચારસરણીનો, તાત્ત્વિક દૃષ્ટિથી તેમ જ પ્રત્યક્ષ અમલમાં પ્રભાવ પડવા માંડ્યો હતો. યુદ્ધ બાદ સ્થપાયેલી સરમુખત્યારશાહીઓએ આ બે વાદોની વિચારસરણીમાં સમાયેલી વૃત્તિને, આપખુદ રાજ્યાધિકારનું પ્રતિપાદન કરનારા રાષ્ટ્રવાદને પોષવાના કામમાં લીધી. આ છાપના રાષ્ટ્રવાદની સૌથી સ્પષ્ટ તેમ જ ઉગ્ર વિચારસરણી અલબત્ત જર્મનીમાં ખીલી નીકળી. હિટલર કહે છે કે, "ફાસીવાદ અઢારમી સદીમાં પ્રચલિત થયેલા ભૌતિકવાદના પાયા પર રચાયેલી સર્વ પ્રકારની તાત્ત્વિક વ્યક્તિવાદી વિચારસરણીઓનો વિરોધ કરે છે. વિશ્વનું નિયમન કરનારા સત્યનું કેન્દ્ર વ્યક્તિ નથી, પણ રાષ્ટ્ર છે."[૧૫] નવા પ્રગટ થયેલા જે રાષ્ટ્રવાદના આદર્શમાં, રાજ્યસંસ્થા પ્રત્યેની નિષ્ઠા સિવાયની બાકીની સર્વ નિષ્ઠાઓને ખોટી ગણીને દબાવી દેવામાં આવે છે, તેનાં પ્રધાન લક્ષણો પૈકીનું એક એ છે કે, વ્યક્તિને રાષ્ટ્રમાં સમાવી દેવી. રાષ્ટ્રીય સરમુખત્યારીઓની વિચારસરણીનાં બીજાં બધાં તત્ત્વો, આ એક મૂળભૂત ખ્યાલની આસપાસ વળગી રહેલાં છે. એ જ ખ્યાલને આધારે વ્યક્તિના અથવા સમાજના જીવનના એકેએક ક્ષેત્રમાં માથું મારવાના રાજ્યના અધિકારનું સમર્થન કરવામાં આવે છે. આ મૂળભૂત ખ્યાલની આસપાસ રચાયેલા રાષ્ટ્રવાદના બર્લિનમાં થયેલા નવા અવતારમાં હેગલના નિરપેક્ષ સત્યે ફરી જન્મ લીધો છે.

આ પ્રકારના લડાક રાષ્ટ્રવાદના યુરોપમાં થયેલા વિકાસને, ભાવી યુદ્ધની અમંગળ છાયા બહુ માફક આવી. પરંતુ રાષ્ટ્રવાદના આદર્શમાં ઘૂસી ગયેલી આ લડાક વૃત્તિએ તેની અસલ સ્વતંત્રતાની ભાવનાને હાંકી કાઢીને,

---

૧૫. ૧૯૩૩ની સાલના માર્ચ માસની દશમી તારીખે આપેલા એક ભાષણમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રવાદને જાલિમોની દાસી બનાવી મૂકી છે. સ્વતંત્ર સંસ્થાઓ એક પછી એક અદૃશ્ય થઈ છે, અને રાષ્ટ્ર વ્યક્તિને હજમ કરી ગયું છે. હિટલરની વ્યક્તિમાં હેગલે પ્રતિપાદેલો રાષ્ટ્રવાદ વિજયી સ્વરૂપે મૂર્તિમંત થયો છે. વીસમી સદીમાં વિકસેલો રાષ્ટ્રવાદનો આદર્શ, અને ઓગણીસમી સદીનો રાષ્ટ્રવાદનો આદર્શ, એ બન્નેની વચ્ચે જે ભેદ રહેલો છે, તે તે બન્ને માનવહૃદયના જે ભાવોને જગાડે છે તેને અંગેનો નથી, પણ વીસમી સદીના રાષ્ટ્રવાદમાં પ્રજાજીવન પર રાજ્યસત્તાની જે ઉગ્ર અસર પડે છે તેને અંગેનો, અને સમાજની રાજ્યવ્યવસ્થાના તેમ જ અર્થવ્યવસ્થાના જે વાતાવરણમાં તે કાર્ય કરે છે, તેને અંગેનો છે. ઉપરાંત બીજાં બે કારણોસર તે વધારે ભયજનક લાગે છે: એક, પૃથ્વી પરના ખાલી પ્રદેશો આ જમાનામાં અદૃશ્ય થતા જાય છે તે કારણે, અને બીજું, આધુનિક યુદ્ધની વિનાશ કરવાની અપાર શક્તિ, તેમ જ આખી પૃથ્વીને પોતાના વ્યાપારમાં સંડોવવાની તેની શક્તિને — તેના સર્વભક્ષીપણાને કારણે. ગઈ સદીનો બિસ્માર્કની છાપવાળો રાષ્ટ્રવાદ, આધુનિક જમાનામાં વિકસેલી એક જ પક્ષના દોરને માન્ય કરનારી રાજવહીવટની આપખુદ પદ્ધતિની વિચારસરણી સુધી પહોંચી ગયો છે.

આ વિચારસરણીના ધ્યેયની સિદ્ધિ તરફની હિટલરની આગેકૂચથી લોકશાહી રાજ્યવહીવટની પદ્ધતિને માન્ય કરનારો રાષ્ટ્રવાદ યુરોપમાં કાયમને માટે અંધકારમાં ડૂબી ગયો છે. અઢારમી સદીમાં ત્રણ વખત થયેલી પોલૅન્ડના મુલકની વહેંચણીએ રાષ્ટ્રીયતાની ભાવનાને જન્મ આપ્યો; અને તે ભાવનાએ સર્વોપરીસત્તાધારી રાષ્ટ્રીય રાજ્યની સ્થાપનામાં પોતાની સાર્થકતા શોધી. હિટલર અને સ્ટૅલિને મળીને એ જ પોલૅન્ડના મુલકની વીસમી સદીમાં ફરી પાછી વહેંચણી કરી, ત્યારે નાનાં નાનાં સર્વોપરીસત્તાધારી રાષ્ટ્રીય રાજ્યોની હસ્તીના યુગનો ચોક્કસ અંત આવ્યો. આ રીતે કાળના ચક્રે એક પૂરો આંટો મારીને માનવજાતના રાજકીય વિચારના વિકાસના ઇતિહાસમાં એક ભવ્ય પ્રકરણ સમાપ્ત કર્યું છે.

રાષ્ટ્રીયતાની ભાવનાના ખ્યાલના યુરોપમાં થયેલા વિકાસનાં જુદાં જુદાં પાસાંઓનું વિહંગાવલોકન કરવાનો આપણે પ્રયાસ કર્યો છે. આપણે જોયું કે, રાષ્ટ્રીયતાની ભાવના, એ માનવ સમાજના રાજકીય વહેવારો પૈકીની અથવા માનવચિત્તના વ્યાપારો પૈકીની એક તદ્દન અટૂલી સ્વતંત્ર ઘટના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એમ કહેવું વધારે સાચું થશે કે, રાષ્ટ્રીયતાનો આદર્શ માનવસમૂહોના એકીકરણના, અથવા માનવસમાજના સમૂહગત વહેવારોને સ્પષ્ટ ઘાટ આપવાના સનાતન પ્રશ્નના ઉકેલનો સ્થળકાળની મર્યાદાઓથી નિર્માણ થયેલો એક વિશિષ્ટ પ્રકાર છે. આપણે એ પણ જોયું કે, રાષ્ટ્રીય હિલચાલોને આપણે આજે જે જે સ્વરૂપોએ ઓળખતા થયા છીએ, તે સર્વ સ્વરૂપોએ તે બધી મૂડીવાદી અર્થવ્યવસ્થાની તેમ જ ઔદ્યોગિક ક્રાંતિની ઘટનાઓને અભાવે પ્રત્યક્ષ થઈ ન હોત.

કોઈ પણ એક પ્રજાની ભૌગોલિક તેમ જ અર્થવ્યવસ્થાની, તથા તેની મૂળ સમાજવ્યવસ્થા તથા રાજકીય સંજોગોની ભૂમિકાના રંગનો પટ તેની રાષ્ટ્રીયતાની ભાવનાના ખ્યાલ પર ચઢયા વિના રહેતો નથી. દેશે દેશે અને જમાને જમાને તે ભિન્ન ભિન્ન સ્વરૂપે વ્યક્ત થાય છે. એક બાજુથી રાષ્ટ્રીયતાની ભાવનાએ માણસને પરસ્પર એક કરનારા બળ તરીકે કાર્ય કર્યું છે, તો બીજી બાજુથી તેમના સમૂહોને ચૂંથી નાખી છિન્નભિન્ન કરનારા એક અજોડ તેજાબનું કામ પણ કર્યું છે; માણસના વ્યક્તિત્વને તે ભાવનાએ અસાધારણ ગૌરવ આપ્યું છે, અને તેણે જ તેને અણુથી પણ તુચ્છ દશાએ ઉતારી પાડયો છે; તે જ ભાવનાની પ્રેરણાએ તેને બહાદુર બનાવ્યો છે, ને બાયલો પણ બનાવ્યો છે; ઉદ્દાત્ત બનાવ્યો છે, ને હીન દગાબાજ પણ બનાવ્યો છે; તેણે જ માણસમાં વીરતા પ્રેરી છે, ને હેવાનિયતભરી ક્રૂરતા પણ પ્રેરી છે. સાચે જ, રાષ્ટ્રીયતાની ભાવના એક અસાધારણ સામર્થ્યવાળી સમૂહગત ભાવના છે, પરંતુ માનવહૃદયની સર્વ ભાવનાઓની જેમ તેનું પારખું તેના મૂળ પરથી નહીં, તેના ફળ પરથી કરવું જોઈએ.

બર્કે કહ્યું છે તે પ્રમાણે, ભૌગોલિક દેશથી તદ્દન નિરાળો એવો માણસનો એક રાજકીય અને નૈતિક અથવા ભાવનાનો દેશ છે; અને એમ બને કે, તેના એ બન્ને દેશો વચ્ચે પરસ્પર અથડામણ પણ થતી હોય. રાષ્ટ્રવાદના આદર્શની સાધનામાં જીવનની સાર્થકતા રહેલી છે, અને તે આપણી નિષ્ઠાનો અધિકારી છે, એ વાત કબૂલ કરવા જેવી છે; પરંતુ તેના વિસ્તારની રાજકીય અને નૈતિક અથવા સમભાવની સીમાઓ સમવ્યાપી હોય તો જ, નહીં તો નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું

રાષ્ટ્ર અને રાજ્ય

પાછલાં પોણોસો વર્ષ દરમિયાન યુરોપમાં રાષ્ટ્રીયતાના ખ્યાલના થયેલા વિકાસના ઇતિહાસનું આપણે ટૂંકમાં નિરીક્ષણ કર્યું. રાષ્ટ્રીયતાની ભાવનાનો વિકાસ કઈ ઢબે ચાલે છે, તે આપણે જાણતા નથી ત્યાં સુધી તેનો આદર્શ ગૂઢ અથવા રહસ્યમય ભાસે છે. વસ્તુતઃ તે જે કંઈ છે તેનું, અને તે શાથી નિર્માણ થયો છે તેનું કારણ તેના ઇતિહાસમાંથી જ જડે છે. તેના ઇતિહાસમાં જ તેના સ્વરૂપના સર્વ રંગ અને તેનાં લક્ષણો અંતર્ભૂત છે. તેના અસ્તિત્વની ચાવી તેના વિકાસની પ્રક્રિયામાંથી જડે છે, અને તે પ્રક્રિયામાંથી જ આપણે તેનું રહસ્ય ખેંચી કાઢવું પડે છે.

આપણે જોયું કે, રાષ્ટ્રોને રાજ્યપદના દરજ્જા સુધી પહોંચવાની અસલ પ્રેરણાને જે ભાવનાનો આધાર મળ્યો, તે સર્વ સ્થળોએ એક જ પ્રકારની હતી, છતાં દેશે દેશે તે ભાવના જે જે સ્વરૂપોએ વ્યક્ત થઈ તે સ્વરૂપો અને જે જે સામાજિક બળોએ તેને ગતિ આપી, તે બળો વિવિધ પ્રકારનાં માલૂમ પડે છે. તેના વિકાસની પ્રક્રિયામાં બે પરસ્પર તદ્દન ભિન્ન અને અલગ અલગ વહેતાં વલણો જોવાનાં મળે છે: એક મૅઝિનીનું અને બીજું બિસ્માર્કનું. એ પૈકી પહેલાંની, એટલે મૅઝિનીની શ્રદ્ધા એવી હતી કે, "રાષ્ટ્રીયતાનો સમસ્ત માનવજાતિ સાથેનો સંબંધ તત્ત્વતઃ કારખાનામાં કામ કરનારા લોકો વચ્ચે જે શ્રમ વિભાગનો સંબંધ હોય છે, તે પ્રકારનો હોવો જોઈએ; કેમ કે કારખાનું એ સુસંયોજિત પ્રવૃત્તિને અર્થે એકત્રિત થતા માનવસમૂહોનું સર્વમાન્ય થયેલું પ્રતીક છે."[૧] બીજાના, એટલે કે બિસ્માર્કના વલણની શ્રદ્ધા એવી હતી કે, ભિન્ન ભિન્ન રાષ્ટ્રીયતાઓ વચ્ચે પરસ્પર ચાલતું ઘર્ષણ, એ જ જીવનનો અને

---

૧. આલ્ફ્રેડ કોબમૅને પોતાના 'ડિક્ટેટરશિપ' (સરમુખત્યારશાહી) નામના પુસ્તકમાં આપેલું જી. મૅઝિનીના વચનનું અવતરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસના વિકાસનો નિયમ છે. "આ અભિપ્રાયમાંથી જે ઉપસિદ્ધાન્ત ફલિત થાય છે, તે એવી આર્થિક વિચારસરણીને અનુસરે છે કે, નાણું એ જ સંપત્તિ છે; તે વિચારસરણી મુજબની પદ્ધતિ રાષ્ટ્રીય નીતિની દૃષ્ટિથી રાષ્ટ્રની પ્રગતિનું માપ તે રાષ્ટ્રનું રાજ્ય જે સત્તા ભોગવે છે તેને ધોરણે કાઢે છે, અને તેથી તે રાજ્ય બીજાં રાજ્યોની પ્રગતિની સાથે ઈર્ષાથી પ્રેરાઈને ટક્કર લેવાનો પ્રયાસ કર્યા કરે છે."[૨]

આ પ્રકરણમાં અમારો આશય, રાષ્ટ્રના અને રાજકીય સિદ્ધાન્તની વિચારસરણીમાં સમાયેલા રાજ્યસંસ્થાના ખ્યાલની વચ્ચે રહેલા પરસ્પર સંબંધનું બહુ ટૂંકમાં પૃથક્કરણ કરીને, મિલે પ્રતિપાદેલી રાષ્ટ્રીયતાની વિચારસરણી વિફળ કેમ નીવડી, તે શોધી કાઢવાનો છે.

રાષ્ટ્રવાદના ઇતિહાસકારોએ દર્શાવ્યું છે કે, અઢારમા સૈકામાં અમુક રીતે જોઈએ તો રાજ્યે રાષ્ટ્રને નિર્માણ કર્યું છે, અને ઓગણીસમી સદીમાં રાષ્ટ્રે રાજ્યને નિર્માણ કર્યું છે.[૩] બ્રિટન અને ગૉલના મુલકોમાં વસતા ભિન્નભિન્ન જાતિઓના લોકોને, તે તે મુલકનાં સમર્થ એકચક્રી રાજ્યતંત્રોએ પોતપોતાના અમલ નીચે એકત્ર કરીને, તેમનું પોતપોતાની વિશિષ્ટ રાષ્ટ્રીય ભાવનાવાળા ઇંગ્લંડ અને ફ્રાન્સના રાષ્ટ્રોમાં ઘડતર કર્યું હતું. પરંતુ મધ્ય તેમ જ પૂર્વ યુરોપના મુલકોમાં વસતાં જુદાં જુદાં રાષ્ટ્રોએ પોતપોતાને પોતપોતાની અલગ અલગ રાજ્ય સંસ્થાઓના બખ્તરમાં સજ્જ કરવાની મથામણ કરી છે. કાર્યકારણમાં થયેલા આ અર્થપૂર્ણ વિપર્યાસનું રાજકીય સિદ્ધાન્તની વિચારસરણીમાં પણ સ્પષ્ટ પ્રતિબિમ્બ પડેલું છે.

રાજ્ય સંસ્થાને અંગેના સર્વોપરી અધિકારના જે ખ્યાલને બોડિન અને હૉબ્સ જેવા તેના પ્રારંભના પ્રતિપાદકોએ વિકસાવ્યો, તેમાં યુરોપના રાજકર્તાઓને પોતાની આપખુદ સત્તાનું આયતું સમર્થન જડી ગયું. કાયદાના શાસ્ત્રને અંગેના સર્વોપરી અધિકારના આ મૂળ કેવળ તાત્ત્વિક

૨. પૂર્વે ઉલ્લેખેલું ઈ. લિપ્સનનું પુસ્તક, પા. ૨૬૪.

૩. જુઓ સી. એ. મેકાર્ટની : 'નેશનલ સ્ટેટ્સ ઍન્ડ નેશનલ માઇનોરિટીઝ' (રાષ્ટ્રીય રાજ્યો અને રાષ્ટ્રીય લઘુમતી કોમો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલ પર, પોતાના લોકસમસ્તના સામાન્ય સંકલ્પના સિદ્ધાંત દ્વારા રાષ્ટ્રીય એકતાના ગૂઢ રહસ્યમય તત્ત્વનું આરોપણ કરનાર પુરુષ રૂસો હતો. રાજ્યશાસનને અંગે સર્વોપરી અધિકાર ધારણ કરનારી વ્યક્તિ અથવા સમૂહ તરફથી મથાળેથી યોજવામાં આવતા દંડના સાધનના સિદ્ધાંતને બદલે રૂસોએ લોકસમસ્તના સામાન્ય સંકલ્પના સિદ્ધાન્તની વિચારસરણી રજૂ કરી. તે વિચારસરણી એવી હતી કે, લોકસમસ્તનો સામાન્ય સંકલ્પ માનવહૃદયનો એક ભાવ છે; તે ભાવના બંધથી બંધાઈને સમાજના પરસ્પર હિતવિરોધી સંબંધો ધરાવતા વર્ગો રાષ્ટ્રરૂપી દેવની સેવામાં પ્રવૃત્ત થાય છે, અને રાષ્ટ્રની દરેક વ્યક્તિ રાષ્ટ્રદેવનો એક એક અંશ છે. પરંતુ રૂસો પોતાના લોકસમસ્તના સામાન્ય સંકલ્પના સિદ્ધાંતની વિચારસરણીને કોઈ પ્રત્યક્ષ ઘાટમાં મૂર્તિમંત કરી શક્યો નહોતો. રૂસોની વિચારસરણીની આ ખામી બર્કે ભરી કાઢી. બર્કને મન ઇંગ્લંડના રાજ્યબંધારણનું અંગ્રેજોને રહેતું ભાન, અંગ્રેજ પ્રજાજનોના પરંપરાગત અધિકારો અને ફરજો અથવા ધર્મો, અને ઇંગ્લંડની સમૃદ્ધ રાષ્ટ્રીય સંસ્કૃતિનું જીવન્ત અસ્તિત્વ, એ બધી વસ્તુઓ ખાલી ભાવવાચક શબ્દો નહોતા, પરંતુ ઊંડી સ્વદેશપ્રીતિના ઉમળકાથી, તેમ જ નૈતિક ભાવના આવેગથી રંગાયેલી સાચી પ્રત્યક્ષ વસ્તુઓ હતી. બર્કે પોતાના હૃદયમાં ઇંગ્લંડના સમૂહગત જીવનનો સાચો સાક્ષાત્કાર કર્યો હતો. આ સામાજિક સમૂહગત જીવનનું ભાન જેટલે અંશે રાજ્યસંસ્થામાં મૂર્તિમંત થાય તેટલા પ્રમાણમાં જ રાજ્યની સાર્થકતા ગણાય. હેગલે આગળ વધીને બર્કના વિચારોને ખીલવીને સામાજિક ઉત્ક્રાંતિના નિયમોની એક વ્યાપક વિચારસરણી નિર્માણ કરી. પરંતુ હેગલની દૃષ્ટિથી રાજ્ય કેવળ રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવાને માટેનું સાધન જ નહોતું, તેમાં જ તત્ત્વતઃ રાષ્ટ્રીય સંકલ્પને દેશની અંદર તેમ જ દેશની બહાર અસરકારક બનાવી શકે એવું સામર્થ્ય મૂર્તિમંત થતું હતું. હેગલે પોતાના પ્રતિપાદનમાં રાજ્યો રાષ્ટ્રોને નિર્માણ કરે છે, એ વાત પરથી ભાર ઓછો કરીને રાષ્ટ્રોએ પોતપોતાનાં રાજ્યો નિર્માણ કરવાં જોઈએ, એ વાત પર વધારે ભાર મૂક્યો.[૪]

૪. જુઓ જી. એચ. સેબાઇન : 'એ હિસ્ટરી ઑફ પોલિટિકલ થિયરી (રાજકીય સિદ્ધાંતોની વિચારસરણીઓનો ઇતિહાસ), પા. ૫૭૫-૬૪૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભૂમિકામાં મિલની રાષ્ટ્રવાદના સમર્થન માટેની લાગણીથી ભરેલી દલીલોએ, અને મૅઝિનીના તેના આદર્શની સિદ્ધિ માટેના કાવ્યમય ઉત્સાહે ઇતિહાસના તખ્તા પર પ્રવેશ કર્યો. જ્યાર પછી તરત જ દરેક રાષ્ટ્રનું પોતાનું સ્વતંત્ર રાજ્ય હોવું જોઈએ, એ વાત એક સ્વતઃસિદ્ધ સિદ્ધાન્ત જેવી મનાવા લાગી. મિલ કહે છે કે, "રાજ્યના પ્રદેશની સરહદો મોટે ભાગે એક રાષ્ટ્રીયતાની સમાન ભાવનાથી બંધાયેલા લોકોથી વસેલા પ્રદેશની સરહદો જેટલી વ્યાપક હોય, એ સ્વતંત્ર સંસ્થાઓની હસ્તીની સામાન્ય શરત છે." અત્યંત વિશ્વાસથી એવું માની લેવામાં આવ્યું હતું કે, 'સુધરેલી દુનિયા' રાષ્ટ્રીય રાજ્યોની સ્થાપના દ્વારા પોતાની રાજકીય ભાવનાને વ્યક્ત કરશે, એટલે દેશની અંદર લોકશાહી રાજવહીવટની તેમ જ સામાજિક પ્રગતિની, અને દેશની બહાર રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સુલેહશાંતિની બાંયધરી મળી રહેશે. આ શ્રદ્ધા અતિશય ઉપરછલ્લી હતી, અને વાસ્તવિક પરિસ્થિતિના વધારે પડતા સરળ ખુલાસા પરથી બંધાયેલી હતી. મિલ બ્રિટિશ ઉદારમતવાદના સિદ્ધાંતો ઘડનારા મુખ્ય પુરુષો પૈકીનો એક હતો. તેણે હોંશભેર માની લીધું હતું કે, રાષ્ટ્રીય સ્વતંત્રતા, અને ઇંગ્લંડ તેમ જ ફ્રાન્સના નમૂનાની પ્રતિનિધિ સંસ્થાઓ સર્વ રાષ્ટ્રોમાં અસ્તિત્વમાં આવશે એટલે "એક દાખલામાંથી બીજા દાખલામાં ઉત્તરોત્તર વ્યાપક થતી જતી મુક્તિ"નું ઉદારમતવાદનું સ્વપ્નું, કંઈ નહીં તો યુરોપની દુનિયા પૂરતું તો સિદ્ધ થઈ શકશે. તે વખતે એ વાત કોઈને સમજાઈ નહોતી કે, ઇંગ્લંડ અને ફ્રાન્સને પોતાની ધીમી અને સ્થિર પ્રગતિનો ભાસ થયો હતો, તેનું કારણ, તે બન્નેના અત્યંત વિશિષ્ટ સંજોગોમાં છુપાયેલું હતું. એશિયા અને આફ્રિકામાં આવેલાં તેમનાં વિશાળ સામ્રાજ્યોમાંથી ખંડણીરૂપે જે સંપત્તિ તે બન્ને દેશોમાં વહી આવતી હતી, તેનાથી તે બન્નેનો ઉદારમતવાદ ઘર આંગણે નભી શકતો હતો. એટલે કે રાજ્યવહીવટને માટેની પ્રજાના પ્રતિનિધિઓની સંસ્થાઓની હસ્તી એકલી જ 'મુક્ત સંસ્થાઓ'ના સત્ત્વને સુરક્ષિત રાખવાને પૂરતી નહોતી; તેને માટે બીજી પણ કેટલીક વસ્તુઓની આવશ્યકતા રહેતી હતી. મિલના ધ્યાન પર એ વાત ન આવી કે, રાષ્ટ્રોએ આખરે આંતરરાષ્ટ્રીય અંધેરની દુનિયામાં જીવવાનું છે, અને બે રાષ્ટ્રો જ્યારે એકબીજાને સમાન ક્ષેત્રમાં સામસામાં મળે છે, ત્યારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાંથી એકે બીજા પર વર્ચસ્વ મેળવવું જ જોઈએ. રાષ્ટ્રીય રાજ્યોની સ્થાપનાથી જગતમાં વારંવાર ઉપસ્થિત થતો, અને દુનિયાને માથે કાયમ ઝઝૂમતો યુદ્ધનો ભય ઓછો થતો નહોતો. ઊલટું, એવા પ્રકારનાં રાષ્ટ્ર રાષ્ટ્રનાં સ્વતંત્ર રાજ્યોની સ્થાપના થવાથી યુદ્ધ છેક આંગણામાં આવીને ઊભું રહ્યું.

પરંતુ અંગ્રેજ પ્રજાના ઉદ્દારમતવાદની જાહોજલાલીનો એ જમાનો હતો. મિલની રાષ્ટ્રીયતાની વિચારસરણીનો સિદ્ધાંત, તેની ઉદ્દારમતવાદની શ્રદ્ધામાંથી એક ઉપસિદ્ધાંતરૂપે ફલિત થયો હતો. મિલને જો કે અંગ્રેજ ઉદ્દારમતવાદના રાજકીય સિદ્ધાંતની વિચારસરણી કંઈક અધૂરી છે, એ વાતનું ભાન થયું હતું, અને તેનો વાસ્તવિક દુનિયાની હકીકતો સાથે મેળ ખાતો નથી, એ વાત પણ તેને સમજાઈ હતી. ઓગણીસમા સૈકાના છેલ્લા ચરણ દરમિયાન અંગ્રેજ ઉદ્દારમતવાદ દુનિયામાં બનતી ઘટનાઓના પ્રવાહની સાથે તરતા રહેવાને તનતોડ પ્રયાસ કરતો હતો, છતાં સૌથી આગળ નીકળીને પ્રવાહની ઉપર તરવાનું તેને મુશ્કેલ લાગવા માંડ્યું હતું. સાર્વત્રિક સ્વતંત્રતાની આગલી મજલ તરફ આગળ વધવાને બદલે, જે દેશોમાં તૈયાર માલ પેદા કરવાને અંગેનાં કારખાનાંના ઉદ્યોગોની સ્થાપના થવા લાગી હતી, તેની પૂર્વે તે બધામાં જેટલી સ્વતંત્રતા અસ્તિત્વમાં આવી હતી, તેટલીનું ઉદ્દારમતવાદ માંડ માંડ જતન કરી શક્યો હતો. બીજાં સ્થળોએ તો મૂડીવાદી અર્થ-વ્યવસ્થાની અને રાષ્ટ્રની પ્રગતિની જોડીને, રાજ્યસત્તાના પુરાણા આપખુદ અધિકારના રથની ઝૂંસરીને જ જોતરી રાખવામાં આવી હતી. ખુદ ઉદ્દારમતવાદના ધામ જેવાં ઇંગ્લંડ અને ફ્રાંસમાં પણ તેમનાં પોતાનાં દુનિયાભરમાં વિસ્તરેલાં સામ્રાજ્યો હોવા છતાં, અને અમુક અંશે તેમને જ કારણે, તૈયાર માલ ઉત્પન્ન કરવાનાં કારખાનાંઓની કોઈ પણ પ્રકારના અંકુશ વિનાની પદ્ધતિના ઝપાટાબંધ થઈ રહેલા વિકાસને પરિણામે, પ્રજાની સ્વતંત્રતા તેમ જ સુસ્થિતિ વિષે ઊંડી આશંકાઓ પેદા થવા લાગી હતી.[૫]

---

૫. ૧૮૪૧ ની સાલમાં કોલસાની ખાણોના ઉદ્યોગની પરિસ્થિતિની તપાસ કરવાને નિમાયેલા શાહી કમિશને રજૂ કરેલા હેવાલથી આખું ઇંગ્લંડ ચોંકી ગયું હતું. તે હેવાલમાં, ખાણોમાં કામ કરવાને કુમળા વયનાં બાળકોને તેમ જ સ્ત્રીઓને રાખવામાં આવતી હતી તે હકીકતમાં, ખાણોની અંદર ઊંડે ભૂગર્ભમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી વર્ગ વર્ગ વચ્ચેના યુદ્ધનો જે ભય વધતો જતો હતો, તેને પરિણામે રાજ્ય સંસ્થાના લક્ષણોમાં પણ પરિવર્તન થવા લાગ્યાં હતાં. રાજ્યવહીવટ ચલાવનારી પ્રજાપ્રતિનિધિઓની સંસ્થાઓ, જામી ગયેલાં હિતો અને વિશિષ્ટ અધિકારોનો નાશ કરવાનાં સાધનો છે, એવી માન્યતા નબળી પડતી જતી હતી, અને તેને બદલે તે બધી સમાજના જુદા જુદા વર્ગો વચ્ચેનું ઘર્ષણ દૂર કરવાને માટેનાં, અને વેપારના તંત્રના સંગઠન માટેની જરૂરી કામગીરી બજાવનારાં સાધનો છે, એવી વૃત્તિ જોરાવર થતી જતી હતી. આ નવી વિચારસરણી અનુસાર રાજ્યને નભાવી લેવા જેવી એક આપત્તિ લેખે, અથવા મિલકતને લગતા સ્વાભાવિક હકોનું જતન કરનારા પોલીસના સિપાઈ તરીકે જ ઓળખવામાં આવતું નહોતું, પરંતુ રાજ્યની હકૂમત નીચેના સર્વ લોકોના કલ્યાણને માટે અત્યંત આવશ્યક એવું શ્રેયનું સાધન માનવામાં આવતું હતું.[૬]

મજૂરોને ક્રૂર અને જંગલી લેખી શકાય એટલા બધા કલાકો સુધી રોજ પુરાઈ રહેવું પડતું હતું તે હકીકતમાં, અને મજૂરોની તંદુરસ્તીને અંગેની તથા નીતિને અંગેની સૂગ ચઢે એવી સ્થિતિ આખા ઉદ્યોગમાં વ્યાપેલી હતી, તે હકીકતમાં સમાયેલી હેવાનિયત ખુલ્લી પાડવામાં આવી હતી. ઉપરાંત જુઓ: એડવર્ડ કાર્પેન્ટર: 'ટોવર્ડ્ઝ ડેમોક્રસી' (લોકશાહીના ધ્યેય તરફની કૂચ) માંનું વચન: "હે ઇંગ્લંડ, તારી આજની અવદશા જોઈ ને, અને તારા ભાવીની કલ્પના કરું છું ત્યારે મને રોવું આવે છે." વળી જુઓ: નીતિની તેમ જ સૌંદર્યની ભાવનાની થઈ રહેલી અવગણનાથી રોષે ભરાઈ ને, કારખાનાંઓની પદ્ધતિ પર, તેમ જ વ્યક્તિની દ્રવ્યાર્જનની પ્રવૃત્તિમાં રાજ્યે માથું ન મારવું જોઈએ, એવા તટસ્થતાના સિદ્ધાન્ત પર કાર્લાઈલ, રસ્કિન, વિલિયમ મૉરિસે કરેલા હુમલાઓ; અને જુઓ: કાર્લ માર્ક્સ: 'કૉમ્યુનિસ્ટ મૅનિફેસ્ટો, (યુરોપના સામ્યવાદી પક્ષનું જાહેરનામું), ૧૮૪૮, તેમાંનું વચન: "મજૂરોને માટે સ્વદેશ જેવી કોઈ વસ્તુ નથી."

૬. એ. વી. ડાઇસીના અભિપ્રાય મુજબ, અંગ્રેજ પ્રજાના કાયદાકાનૂનોનું વલણ તેનું નિયમન કરનારા એક આશયના કાબૂમાંથી નીકળીને બીજાના કાબૂમાં ૧૮૭૦ની સાલના અરસામાં ગયું. — 'લૉ ઍન્ડ પબ્લિક ઓપિનિયન ઇન ઇંગ્લંડ ઇન ધિ નાઇનટીન્થ સેન્ચ્યુરી' (ઓગણીસમા સૈકા દરમિયાન ઇંગ્લંડના કાયદાકાનૂનોનું ઘડતર અને તેના પર પડતો જાહેરના અભિપ્રાયનો પ્રભાવ), ૧૯૦૫, ભાષણ ૭મું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્ય સંસ્થા વિષેની આ વૃત્તિ, યુરોપમાં હેગલથી માંડીને ટી. એચ. ગ્રીન અને બોસાંકવેટ સુધીના રાજકીય તત્ત્વવેત્તાઓએ જે રાજકીય આદર્શવાદની વિચારસરણીને વિકસાવી, તેનાથી વધારે ખીલી, અને દૃઢ થઈ. આ પૂર્વે એકેએક પ્રગતિવાદી વિચારકે રાજ્યના સર્વોપરી અધિકારની વિચારસરણીની આસપાસ વીંટળાયેલા ગૂઢ તેમ જ રહસ્યમય આવરણને ચીરી નાખવાનો પ્રયાસ કરીને, રાજ્યના તંત્રને માણસોએ પોતાના ઉપયોગને માટે નીપજાવેલા એક તંત્ર તરીકે દર્શાવ્યું હતું. પેલા આદર્શવાદીઓએ જો કે હવે આ આખી પ્રક્રિયાને અવળે રસ્તે ચઢાવી દીધી. તે લોકો રાજકારણના ઉપયોગિતાવાદના પુરસ્કર્તાઓના ભૌતિકવાદને ઉતારી પાડવા લાગ્યા, અને તેમણે રાજ્ય સંસ્થાને રાજકારણની ગૂઢ રહસ્યમય વિચારસરણીના આચ્છાદનમાં લપેટીને, તે વિશ્વનું નિયમન કરનારી બુદ્ધિનો પૃથ્વી પરનો અવતાર છે, એવું પ્રતિપાદન કર્યું, અને રાજાઓના ઈશ્વરી અધિકારને સ્થાને રાજ્યના ઈશ્વરસદૃશ લક્ષણની સ્થાપના કરીને, વ્યક્તિને રાજ્યરૂપી ઈશ્વરની ચેતનામાંથી પ્રગટ થતા, અને તેને જ આધારે નભતા એક તુચ્છ અણુને દરજ્જે ઉતારી પાડી.[૭] રાજકારણની આ પ્રકારની વિચારસરણી, અને રાજ્ય સંસ્થા વિષેની આ જાતની ભાવના અંતે આંતરરાષ્ટ્રીય લોકશાહીની ભાવનાના આદર્શને નબળો પાડી નાખ્યા વિના રહે નહીં, અને રાષ્ટ્રીય રાજ્યના નિરપેક્ષ સર્વોપરી અધિકારની માગણીઓને જોરાવર તેમ જ વધારે ને વધારે ઉગ્ર બનાવ્યા વિના પણ રહે નહીં. માણસના આત્માના સર્વશ્રેષ્ઠ આવિષ્કાર તરીકે રાજ્યને સ્વીકારી લેવામાં આવે, પછી તેનાથી પર અથવા તેની મર્યાદા બહારની કોઈ પણ સત્તા તરફ નજર નાખવાના કોઈ પણ પ્રયાસને રાજદ્રોહનો ગુનો માનવામાં આવે, તે તદ્દન સ્વાભાવિક છે.

આ રીતે શરૂઆતમાં રાષ્ટ્રવાદના આદર્શમાં ગર્ભિત રહેલો લોકશાહી રાજ્યવહીવટનો આદર્શ ભૂંસાતો ગયો, અને તૈયાર માલ પેદા કરવાનાં કારખાનાંઓની પદ્ધતિના વિકાસની પ્રારંભિક કક્ષા, કે જે દરમિયાન તે પદ્ધતિનો આશય સ્વતંત્ર બજારોનો કબજો મેળવવાનો હતો, તેમાંથી તે જેમ જેમ આગળ વધતી ગઈ, તેમ તેમ આદર્શને સ્થાને સ્થપાયેલી રાજ્યસંસ્થા

૭. આર. એચ. એસ. ક્રોસમેન : ગવર્નમેન્ટ ઍન્ડ ગવર્ન્ડ (શાસનતંત્ર અને શાસિતો) પા. ૧૯૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂઢિચુસ્ત અથવા પ્રગતિવિરોધી રાષ્ટ્રવાદને ફાલવાનું બહુ અનુકૂળ ક્ષેત્ર બનતી ગઈ.[૮]

આ ઉપરાંત, રાજ્યને વિષેના આ આદર્શવાદે જે નાગાં આર્થિક તેમ જ ઔદ્યોગિક હિતો પોતાની નેમ પાર પાડવાને સામ્રાજ્યની ભાવનાનો ઉપયોગ કરતાં હતાં, તેમને શિષ્ટતાનું આવરણ પૂરું પાડ્યું.[૯] આને લીધે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંબંધોમાં કડવાશ બહુ વધી ગઈ, અને પરિણામે તેમની વચ્ચેનું યુદ્ધ અનિવાર્ય થઈ ગયું.[૧૦] આ ઉપરથી ૧૯૧૪ની સાલમાં (અને વળી પાછું ૧૯૩૯ ની સાલમાં) યુરોપમાં યુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે યુરોપનાં બધાં જ રાષ્ટ્રો તેને અંગે એક જ ઢબે કેમ વર્ત્યાં, તે વાતનો ખુલાસો મળી રહે છે. રાષ્ટ્રીય રાજ્યોના લોકોની વસ્તીના મોટા મોટા સમુદાયોની, પોતાના રાજ્ય પ્રત્યેની અડગ વફાદારીની તેમ જ તેની આજ્ઞા શિરસાવંદ્ય ગણવાની ભાવના દૃઢ રહી હતી. કોઈ પણ રાષ્ટ્રના રાજ્યે કરેલા દાવાઓના વાસ્તવિકપણા વિષે, અથવા તેના યુદ્ધ કરવાને માટેના હેતુના ન્યાયીપણા વિષે બહુ જ ઓછા લોકોએ વિરોધનો અવાજ ઉઠાવેલો સાંભળવાનો મળ્યો છે. એકેએક રાષ્ટ્ર એવો દાવો કરતું હતું કે, પોતે કેવળ પોતાના બચાવને માટે જ યુદ્ધ કરે છે, અને વધારે અર્થસૂચક વાત તો એ છે કે, એકેએક રાષ્ટ્ર પોતાનાં દુશ્મન રાષ્ટ્રો યુદ્ધમાં જોડાયાં તે માટે તેમના પર નૈતિક ગુનો કર્યાનો આરોપ કરે છે. ઇતિહાસમાં

---

૮. જી. એચ. સેબાઇન: 'એ હિસ્ટરી ઑફ પોલિટિકલ થિયરી' (રાજકીય સિદ્ધાન્તોની વિચારસરણીઓનો ઇતિહાસ), પા. ૬૪૫.

૯. કર્ઝને પોતાનું એક પુસ્તક "જે લોકો બ્રિટિશ સામ્રાજ્યને ઈશ્વરની વ્યવસ્થા નીચેનાં દુનિયાએ આજ સુધી જોયેલાં માનવજાતનાં કલ્યાણનાં સાધનો પૈકી સર્વ શ્રેષ્ઠ સાધન માને છે તેમને" અર્પણ કર્યું હતું. — 'પ્રૉબ્લેમ્સ ઑફ ધિ ફાર ઈસ્ટ' (દૂર પૂર્વના મુલકોના પ્રશ્નો) એ નામના ૧૮૯૧ ની સાલમાં લંડનમાં પ્રસિદ્ધ થયેલા પુસ્તકની અર્પણપત્રિકા. અને સેસિલ રૂહોડ્ઝે પોતાના વસિયતનામામાં એવી દરખાસ્ત કરી હતી કે, "બ્રિટિશ સામ્રાજ્યના વિસ્તારને માટે ધર્મક્ષેત્રની બહારના વિષયોને લગતા ધર્મસંઘના જેવા એક પ્રકારના સંઘની રચના કરવી"

૧૦. જુઓ. એલ. ટી. હૉબહાઉસ: 'ધિ મેટાફીઝિકલ થિયરી ઑફ ધિ સ્ટેટ (રાજ્યસંસ્થાને વિષેની આધ્યાત્મિક વિચારસરણીનો સિદ્ધાન્ત).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી જ વખત, આખી ને આખી પ્રજાઓ પરસ્પર યુદ્ધ કરવાને તત્પર થઈ હતી, ને યુદ્ધ કરતી હતી, અને પોતાના ધર્મની, પોતાના રાજાની, અરે પોતાની સ્વતંત્રતાની સિદ્ધિને અર્થે નહીં, પરંતુ રાષ્ટ્ર નામધારી કોઈ ગૂઢ રહસ્યમય વસ્તુની સેવામાં બલિદાન આપવાને હોંસથી તૈયાર થઈ હતી.

વિશિષ્ટ રાષ્ટ્રીયતાની સમાન ભાવના જેમણે જેમણે કેળવી છે, તે સર્વ લોકોનું સ્વતંત્ર રાજ્ય હોવું જોઈએ, એ વાતનો આગ્રહ રાખવામાં આવે, તો તેથી જુદી જુદી પ્રજાઓ અથવા રાષ્ટ્રોનો સમાવેશ કરનારાં સમવાયતંત્રોની સ્થાપનાની શકયતા આપમેળે નાબૂદ થાય છે.[૧૧] પરસ્પર આગળ વધવાની ચડસાચડસીએ ચઢેલાં રાષ્ટ્રો, જેમને પ્રત્યેકને પોતપોતાની મરજી એ જ કાયદો હોય છે, તેમની દુનિયા એક એવી સંસ્કૃતિ નિર્માણ કરે છે, જે કાયમ ટકી રહેવાને અસમર્થ નીવડે છે. તેનું કારણ એ છે કે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે પ્રવર્તતો નિયમ અથવા કાનૂન જંગલનાં જનાવરોનો કાનૂન છે. તે નિયમ ડગલે ને પગલે પરસ્પર તિરસ્કાર, ભય અને બિનસલામતીની લાગણીથી ભરેલો હોય છે. સુલેહના વાતાવરણને વિષમય કરનારી આ પરંપરામાં કોઈ પણ વાતનો આખરી, છેવટનો નિકાલ લાવવાનો ઉપાય યુદ્ધનો જ શેષ રહે છે. કોઈ પણ રાષ્ટ્ર શું કરશે ને શું રહેવા દેશે, તેને એક જ મર્યાદા નડે છે — તે જે કરવા માગતું હોય તેને પાર પાડવાના પોતાના સામર્થ્યની. કોઈ પણ રાષ્ટ્ર કોઈ પણ ઉદ્દેશ પાર પાડવાનો સંકલ્પ કરી લે, પછી તેના સમર્થનમાં રાષ્ટ્રવાદના

---

૧૧. ગયા સૈકાના વચગાળાના અરસામાં રાષ્ટ્રવાદની વિરુદ્ધના વાદાવાદ દરમિયાન લખેલા પોતાના એક લંબાણ નિબંધમાં પ્રુદોંએ દર્શાવ્યું છે કે, રાષ્ટ્રવાદની વિચારસરણીને છેક અંતિમ હદ સુધી લંબાવી લઈ જવાથી બે જ વિકલ્પો શેષ રહે છે: એક સમવાયતંત્રનો અને બીજો આપખુદ સામ્રાજ્યનો. "સમવાયતંત્રોની સ્થાપનાનો માર્ગ, જે સર્વ પ્રકારની રાજકીય તેમ જ અર્થ-વ્યવસ્થાને લગતી સ્વતંત્રતાનો માર્ગ છે, તે તરફ લોકોને વાળવાને બદલે તેમને ગંજાવર અને તરંગી આદર્શ રાજકીય વ્યવસ્થાઓની મદિરા પાઈને ઉન્મત્ત કરવામાં આવે છે, અને એ રીતે પોકળ આપખુદ સામ્રાજ્યવાદને રસ્તે ચઢાવી દેવામાં આવે છે."— 'ઑન પ્રિન્સિપ ફિડરેટિફ' (સમવાય તંત્રનો સિદ્ધાંત, ૧૮૬૩), પા. ૧૮૯-૯૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલમાં સમાયેલા સર્વ મૂઢગ્રાહોની વૃત્તિઓ ભેગી મળે છે, અને તે બધી મળીને તે સંકલ્પને સિદ્ધ કરવાને જરૂરી ભાવનાનું તેમ જ આવેગનું, સાચા ખોટાના કોઈ પણ વિધિનિષેધની મોટે ભાગે અવગણના કરનારું રાજસી બળ પૂરું પાડે છે.

સર્વોપરી સત્તા ધારણ કરનારાં રાષ્ટ્રીય રાજ્યોની પદ્ધતિ, તે બધાંને યુદ્ધના સંહારને માર્ગે નિષ્ઠુરપણે હાંકી ગઈ. પ્રો. ગિલ્બર્ટ મરે કહે છે કે, "રાષ્ટ્રનું સર્વોપરીસત્તાધારી રાજ્યમાં થયેલું પરિવર્તન એ જ ઓગણીસમી સદીની રાજકીય વ્યવસ્થાની પદ્ધતિની ખામી હતી." પરંતુ વીસમી સદીમાં તો એ ખામી એક ભયંકર આપત્તિરૂપ પુરવાર થઈ છે. પ્રો. લાસ્કી દર્શાવે છે કે, "વીસમી સદીનું સર્વ જ્ઞાન, ડહાપણ અને અનુભવ આપણે આંતરરાષ્ટ્રીય સુવ્યવસ્થાની ભાષામાં વિચારતાં શીખવાને વાપરવાં જોઈએ; અને ઉપરાંત આંતરરાષ્ટ્રીય વહેવાર અને સમભાવનાં જે તંત્રો સ્થાપવામાં પ્રતિવર્ષ થતી ઢીલને પરિણામે, યુદ્ધની આફત ઉત્તરોત્તર પાસે ને પાસે આવતી જાય છે, તે તંત્રો રચવામાં તે સકળ જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ."[૧૨] આજની દુનિયાની પરિસ્થિતિની આ બધી હકીકતો આપણને રાષ્ટ્રીય રાજ્યને વિષે એવો ખ્યાલ રાખવાના નિર્ણય તરફ દોરી લઈ જાય છે કે, તે એક સર્વોપરીસત્તાધારી સ્વતંત્ર સમાજ નથી, પરંતુ સમસ્ત માનવ જાતના સર્વોપરી શાસનતંત્રના પ્રદેશનો એક પ્રાન્ત માત્ર છે.

આ વાત વૂડ્રો વિલ્સનને સમજાઈ હતી, અને તેથી જ પ્રત્યેક રાષ્ટ્રના આત્મનિર્ણયના અધિકારના સિદ્ધાંતની સાથે સામુદાયિક સલામતીનું જતન કરનારા કોઈક પ્રકારના તંત્રની કલ્પનાને જોડી આપવાની તેને ફરજ પડી હતી. સામુદાયિક સલામતીનું જતન કરનારા તંત્રની વિલ્સનની વાતને વર્સાઈના કરારમાં છેક ફારસ જેવી બનાવી દેવામાં આવી, તે જ તેને નકામો ગણીને ફેંકી દેવાનું સાચું કારણ, અને તેના ઘડવૈયાઓનો સાચો ગુનો છે. પરાજિત થયેલાં રાજ્યોનાં સંસ્થાનોનો વહીવટ વિજયી રાજ્યોને સોંપવાની મેન્ડેટ અથવા રાષ્ટ્રસંઘના ફરમાનોની પદ્ધતિ ઉપરાંત "મનરો સિદ્ધાંત

૧૨. એચ. જે. લાસ્કી : 'ધિ ડેન્જર્સ ઑફ બીઇંગ એ જેન્ટલમૅન ઍન્ડ અધર એસેસ' (સદ્‌ગૃહસ્થ થવામાં રહેલાં જોખમો અને બીજા નિબંધો) — ૧૯૪૦, પા. ૧૯૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા અમેરિકા ખંડના વિસ્તારો અને દેશોને લગતી અમેરિકાનાં રાજ્યોની વચ્ચે થયેલી સમજૂતીને માન્ય રાખવાની રાષ્ટ્રસંઘની સ્થાપનાના અસલ કરારમાં જોગવાઈ રાખવામાં આવી હતી, અને તેને લીધે રાષ્ટ્રસંઘની સ્થાપનાનો સામુદાયિક સલામતીનું જતન કરવાનો આશય વિપરીત થઈ ગયો, અને તે સંઘ ઊલટો વિજયી રાજ્યોનું દુનિયાભરમાં વર્ચસ્વ જમાવવાના હથિયારરૂપ બન્યો."[13] યુરોપનાં રાષ્ટ્રીય રાજ્યોને પોતપોતાની સામાજિક વ્યવસ્થાની

---

૧૩. ડી. એન. પ્રિટ: 'મસ્ટ વૉર સ્પ્રેડ?' (યુદ્ધ શું દુનિયાભરમાં ફેલાશે જ?). ૯૮. રાષ્ટ્રસંઘની સ્થાપનાના કરારની કલમના શબ્દો આ પ્રમાણે છે: "સુલેહશાંતિની સલામતી સાધવાના આશયથી રાજ્ય રાજ્ય વચ્ચેની લવાદીની પ્રથાને અંગેનાં, તેમ જ અમેરિકા ખંડની ભૂમિ તથા વિસ્તારોને અંગેની સમજૂતીને લગતા કરારો જેવી મનરો સિદ્ધાંતના સ્વરૂપની આ પૂર્વે થયેલી આંતરરાષ્ટ્રીય સમજૂતીની શરતોનાં બંધનોને, રાષ્ટ્રસંઘની સ્થાપનાના આ કરારમાં સમાવવામાં આવેલી કોઈ પણ બાબતથી અસર પહોંચતી નથી, એમ સ્વીકારવામાં આવે છે."

આવી જ રીતે અમેરિકાનાં સંયુક્ત રાજ્યો તરફથી યુદ્ધને ગેરકાયદે ગણીને સુધરેલી દુનિયામાંથી દૂર કરવાના આશયથી કરવામાં આવેલા 'કૅલૉગ પૅક્ટ' નામથી ઓળખાતા કરારમાં, બ્રિટિશ સામ્રાજ્યની આળી લાગણીઓને સાચવવાની સગવડ રાખવી પડી હતી. ઇંગ્લંડની સરકારના પરદેશ સાથેના સંબંધોના ખાતાના મંત્રી સર ઑસ્ટિન ચેમ્બરલેઇને મિ. કૅલૉગને જણાવ્યું હતું કે, "કરારની કલમ (૧) માં રાષ્ટ્રીય નીતિને અમલમાં મૂકવાના એક સાધન તરીકે યુદ્ધની પ્રથાને છોડી દેવાને અંગે જે ભાષા યોજવામાં આવી છે, તેને અનુલક્ષીને આપ નામદારને જણાવવું મને ઇષ્ટ લાગે છે કે, દુનિયાના કેટલાક વિભાગો એવા છે કે, જેમની સલામતી અને અખંડિતતાને અમે અમારી સુલેહ અને સલામતીનું એક વિશિષ્ટ અને અત્યંત મહત્ત્વનું અંગ લેખીએ છીએ. શહેનશાહની સરકારે ભૂતકાળમાં એ વાત સ્પષ્ટ કરવાને પૂરતી કાળજી રાખી છે કે, આ પ્રદેશોમાં માથું મારવાની વાતને ચલાવી લેવામાં નહીં આવે તે પ્રદેશોનું બહારના હુમલાઓની સામે રક્ષણ કરવું, એ બ્રિટિશ સામ્રાજ્યને મન આત્મરક્ષણનો સવાલ છે. . . ."

સર ઑસ્ટિન ચેમ્બરલેઈનના લખાણમાં જે રાજ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, તે હકીકતમાં બ્રિટિશ સામ્રાજ્યના કોઈ વિભાગો નહોતા, પરંતુ જેમને સ્વતંત્ર દેશોને નામે ઓળખવામાં આવતા હતા, તેવા ઇરાક અને મિસરના જેવા મુલકો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિરતા અને રાજકીય સલામતી જાળવવાને માટે આકરા ઉપાયો અજમાવીને કેવી જીવસટોસટની મથામણ કરવી પડી હતી, તે આપણે આ પૂર્વે જોયું છે. તે સમયની યુરોપની વાસ્તવિક રાજકીય પરિસ્થિતિ દર્શાવનારા નકશામાં, જુદાં જુદાં અનેક સ્વતંત્ર રાજ્યોની સરહદો બતાવવાને બદલે, યુરોપની થોડીક મોટી રાજ્યસત્તાઓના પ્રભાવ નીચેના પ્રદેશો અને તેમનાં આશ્રિત રાજ્યોને સમાવતી સરહદો દર્શાવવી પડત. કાયદેસરના એકાયદાપણાની આ દુનિયામાં મોટી મોટી રાજસત્તાઓ પોતાના કરતાં ઓછી તાકાતવાળાં પોતાનાં પડોશી રાજ્યો પાસે પોતાનો જ કક્કો ખરો કરાવવાને, તેમ જ પોતપોતાના જુદા જુદા ઘાટ ઘડવાને માટે રાષ્ટ્રસંઘના તંત્રનો ઉપયોગ કરતી હતી, તે હકીકતથી સર્વ રાષ્ટ્રોની સમાનતાનો જે તુક્કો ચલાવવામાં આવતો હતો, તે આપોઆપ રદ પડી ગયો હતો. છેલ્લા યુરોપીય યુદ્ધને પરિણામે આખી દુનિયાનો આર્થિક કાબૂ વિજયી રાજ્યોના લોકોના થોડાક નાના નાના સમૂહોના હાથમાં આવી પડ્યો હતો. આવી સ્થિતિમાં દુનિયા પરનો કેવળ નાણાંની વ્યવસ્થાને અંગેનો જ નહીં, પરંતુ ખુશ્કી અને તરી લશ્કરો રાખવાનો ઇજારો પણ જ્યારે ફ્રાન્સ અને ઇંગ્લંડની સત્તાઓના હાથમાં હતો, ત્યારે રાષ્ટ્રસંઘના સભ્યોના સમાન રાજકીય દરજ્જાની વાતમાં ઝાઝો અર્થ રહ્યો નહોતો.

આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતની દૃષ્ટિથી બધાં સર્વોપરીસત્તાધારી રાજ્યો સરખી રીતે સ્વતંત્ર અને સરખા દરજ્જાનાં ગણાય છે. દુનિયાનો સામાન્ય આદમી આને લીધે છેતરાય છે, અને એમ માની લે છે કે આ સિદ્ધાંતનો વહેવારમાં પણ અમલ થાય છે. પરંતુ રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેની સુલેહના ઉત્તમોત્તમ ગાળાઓ દરમ્યાન પણ આ વાત, રૂઢિથી ચાલુ રહેલું એક પ્રતિષ્ઠિત જૂઠાણું જ રહ્યું છે. પરંતુ ચાલુ વર્ષોમાં જ્યારે આંતર-રાષ્ટ્રીય સંબંધોને લગતા નીતિનિયમો ઉત્તરોત્તર એક પછી એક તૂટતા જાય છે, અને ઉદ્યોગ, વેપાર તેમ જ નાણાંની વ્યવસ્થા વધારે ને વધારે અટપટી થતી જાય છે, ત્યારે "નાનાં નાનાં રાજ્યો મોટાં મોટાં રાજ્યોના આશ્રિતોની અથવા 'અસીલો'ની સ્થિતિમાં વધારે ને વધારે મુકાતાં જાય છે." મોટાં રાજ્યો એટલે કે, આ અસીલોના આશ્રયદાતાઓ તેમને કેવળ પોતાના તૈયાર માલના ઘરાકો તરીકે જ નહીં, પણ બીજાં મોટાં રાજ્યો સામેની વ્યૂહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચનાની ભાતભાતની ચાલો અંગેનાં પ્યાદાં તરીકે, અને અથડામણ વખતે વચ્ચે ધરવાનાં ઓઠાં તરીકે, કોઈ પણ જાતનો વિધિનિષેધ રાખ્યા વિના પૂર્ણ ઉત્સાહથી વાપરે છે.

સ્કેન્ડિનેવિયાના પ્રદેશનાં રાષ્ટ્રો જેવાં, કેટલાંક ડાહ્યાં અને સમજુ રાષ્ટ્રોએ યુદ્ધની ભયાનકતામાંથી બચવાને માટે કડક તટસ્થતા રાખવાના પ્રયત્નો કરી જોયા. પરંતુ હાલમાં જે યુદ્ધ ચાલી રહ્યું છે, તેણે નૉર્વે કે ફિન્લૅન્ડ એમાંથી એકે રાષ્ટ્રને છોડયું નથી. આંતરરાષ્ટ્રીય રાજકારણના તખ્તા પરથી ખસી જઈને અળગા રહેવાનું હવે શકય જ રહ્યું નથી. આંતરરાષ્ટ્રીય અંધેરનાં પાપોની કિંમત ઠરેલ કે ઉન્મત્ત, સમજુ કે ગાંડા, એકેએક રાષ્ટ્રને ચૂકવવી પડે છે.

પહેલા વિશ્વયુદ્ધ પછી નિર્માણ થયેલી નવી દુનિયામાં નાનાં નાનાં રાષ્ટ્રોના સવાલનો સફળતાથી મુકાબલો કરીને, તેનો ઉકેલ, એકલો રશિયાનો સોવિયેટ સમાજવાદી રાજ્યસંઘ જ કાઢી શક્યો છે. અનેક રાષ્ટ્રોને સમાવનારા સમવાયતંત્રનો અખતરો ત્યાં અજમાવવામાં આવે છે. સંસ્કૃતિને અંગેની બાબતોમાં રાષ્ટ્રીય આત્મનિર્ણય, અને મધ્યવર્તી સમવાયી રાજ્યતંત્ર તરફથી કરવામાં આવતું આયોજન, એ બંને વસ્તુ એકી સાથે નભી શકે છે, એ સિદ્ધાંતના પાયા પર તેમણે યુરોપની ભૂમિ પર, એક નવા ખંડવ્યાપી અતિરાષ્ટ્રીય રાજ્યની ઇમારત ઊભી કરી છે. એકસો ને પીસ્તાળીસ જેટલી સંખ્યાની જુદી જુદી બોલીઓ બોલનારી એકસો ને પંચ્યાશી ભિન્ન ભિન્ન પ્રજાઓના બનેલા સોવિયેટ રાષ્ટ્રસંઘે, થોડા સમયને માટે વિધવિધ પ્રકારની રાષ્ટ્રીય સંસ્કૃતિઓના ઉપભોગની સાથે સામુદાયિક સલામતીના તેમ જ સમસ્ત રાજ્યની સાધનસામગ્રીને એકઠી કરીને યોજનાપૂર્વક વાપરવાના ફાયદાઓનો મેળ બેસાડીને, પોતાનો વહેવાર સફળતાથી ચલાવ્યો. પરંતુ અહીં પણ યુદ્ધના ભયને કારણે પાછળનાં વર્ષોમાં તેનો વિકાસ કુંઠિત થયો છે, અને આજની ઘડીએ તે દેશને યુદ્ધે એક જીવ-સટોસટના દ્વંદ્વમાં સપડાવ્યો છે.

પરસ્પર સ્પર્ધાપ્રતિસ્પર્ધામાં મચેલાં સામ્રાજ્યોની દુનિયામાં નાનાં નાનાં રાષ્ટ્રોની સ્વતંત્રતા કેવી પાયા વગરની અને માયાવી હોય છે, તે હિટલરે પોતાની કરણીથી પુરવાર કર્યું છે. "આજે જર્મનીનું જે બળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાય છે, તે તેને તેની નિષ્ઠુર કાર્યકુશળતા, અને તેણે યુદ્ધ વ્યાપાર ચલાવવાને માટે નિર્માણ કરેલા તંત્રને લીધે જેટલા પ્રમાણમાં પ્રાપ્ત થયું છે, તેના કરતાં વધારે તો તે એક ઐતિહાસિક વિકાસની પ્રક્રિયાનું કદાચ અજાણપણે સાધન બન્યું છે, તે હકીકતમાંથી પ્રાપ્ત થયું છે."[૧૪] નાનાં નાનાં રાષ્ટ્રીય રાજ્યો સ્વયંસંપૂર્ણ સ્વતંત્ર એકમો તરીકે હવે દુનિયામાં ટકી શકે, એવી સ્થિતિ રહી નથી. હવે પછી જે રાજકીય એકમ અસ્તિત્વમાં આવશે, તે રાષ્ટ્રોના સમવાયી તંત્રના ઘાટનો હશે. ફ્રાંસનું પ્રજાસત્તાક રાજ્ય આ યુદ્ધ દરમિયાન મરવા પડ્યું હતું, તે વખતે જે ભયની ઘડી સામે આવીને ઊભી રહી હતી, તેમાંથી ઊગરવાને બ્રિટિશ સરકારને ફ્રાન્સના રાજ્ય સાથે જોડાઈને, બ્રિટન અને ફ્રાન્સનું એક સંયુક્ત રાજ્ય સ્થાપવાની અસાધારણ ગણાય તેવી દરખાસ્ત કરવાની ફરજ પડી હતી. ઇંગ્લંડની બાબતમાં હમેશ બનતું આવ્યું છે તેમ, આ વખતે પણ તે મોડું પડ્યું, અને તક ચૂકી ગયું. પરંતુ વીજળીના ઝબકારાથી જેવી રીતે કોઈ વસ્તુ એકાદ ક્ષણાર્ધ પૂરતી સ્પષ્ટ દેખાઈ આવે છે, તેમ એ દરખાસ્તની હકીકતે સ્વતંત્ર દેશોને વિષેના ખ્યાલો કેટલા જરીપુરાણા ને નકામા થઈ ગયા છે, તે વાતને સચોટપણે સાબિત કરી આપી.

સર્વોપરી સત્તાનો અધિકાર ધારણ કરનારાં રાજ્યોની જે કરુણ અવદશા થઈ છે, તે જોઈને છેલ્લી સદીના એક મહાન ઉદારમતવાદી ઇતિહાસકારનાં ભાવીનું નિદર્શન કરનારાં વચનો અમને યાદ આવે છે. જે જમાનામાં કોઈ પણ દેશનો સર્વોપરી રાજ્યાધિકારનો દરજ્જો તેની રાષ્ટ્રીય સ્વતંત્રતાની સિદ્ધિ માટેનો રામબાણ ઇલાજ સમજવામાં આવતો હતો, તે સમયે તેણે પોતાની અસાધારણ વિચક્ષણ દૃષ્ટિથી ભાવીનું સ્પષ્ટ સ્વરૂપ દીઠું હતું. આર્ષદૃષ્ટિથી જોઈને તેણે ભાખ્યું હતું કે, "મિલની રાષ્ટ્રીયતાના સિદ્ધાંતની વિચારસરણી રાષ્ટ્રીયતાના અધિકારોની મોટામાં મોટી દુશ્મન છે." એક અત્યંત પ્રતિભાશાળી દૃષ્ટાને થયેલા દર્શનનું નિરૂપણ કરનારું તેનું એક લંબાણ અવતરણ કોઈ પણ

૧૪. જવાહરલાલ નેહરુ: 'યુનિટી ઑફ ઇન્ડિયા' (હિન્દની એકતા), પા. ૩૨૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતના સંકોચ વિના અમે અહીં ઉતારીએ છીએ. તેને કોઈ અધ્યાપક કે પંડિતના તાર્કિક સિદ્ધાંત તરીકે, અથવા કોઈ તત્ત્વવેત્તાના કેવળ ધર્મ-ભાવથી ભરેલા આદર્શવાદી તરંગ તરીકે અવગણી શકાય તેમ નથી, કેમ કે તેના નિરૂપણના એકેએક શબ્દનું છેલ્લાં પોણો સો વર્ષ દરમિયાન બનેલા બનાવોના ક્રમથી સમર્થન થયેલું છે. આ એવા ડહાપણના બોલ છે કે, રાજકીય વહેવારોના કોઈ પણ અભ્યાસીને, તેમની તુચ્છ બુદ્ધિથી ઉપેક્ષા કરવાનું પરવડે તેમ નથી.

કોઈ પણ રાજ્યની હકૂમતમાં એકી સાથે અનેક રાષ્ટ્રોનો સમાવેશ થતો હોય, એ હકીકત તે રાજ્ય સ્વતંત્ર છે કે નથી; તે પારખવાની કસોટી છે, ઉપરાંત તેની સ્વતંત્રતાની ઉત્તમ પ્રકારની સલામતી છે. માણસો સમાજમાં હળીમળીને રહે, એ જેટલું સંસ્કારી જીવનને માટે આવશ્યક છે, તેટલું જ આવશ્યક એ પણ છે કે, ભિન્ન ભિન્ન રાષ્ટ્રો એક રાજ્યના છત્ર નીચે એકત્ર થાય. પોતાના કરતાં બુદ્ધિમાં ચઢિયાતી જાતિઓ સાથે એક રાજ્યના રાજકીય સંઘમાં વસવાથી બુદ્ધિમાં ઊતરતી જાતિઓનો દરજ્જો વધે છે, એટલે કે, તેમની બુદ્ધિ ખીલે છે. જુવાનીના ચેતનના સંપર્કમાં આવવાથી થાકી ગયેલાં અને જર્જરિત થઈ ગયેલાં રાષ્ટ્રોને નવજીવન પ્રાપ્ત થાય છે. એક રાજ્યના અમલ નીચે વસવાથી જ જુદી જુદી પ્રજાઓને ફળપ્રદ કરવાની, તેમ જ તેમને પુનર્જીવન આપવાની પ્રક્રિયા સિદ્ધ થઈ શકે છે. માનવજાતિના એક વિભાગની તાકાત, જ્ઞાન અને કૌશલ્ય બીજા વિભાગમાં સંક્રાન્ત થાય, તે માટે તેમનું જે મિશ્રણ થવું જોઈએ, તે રાજ્યસંસ્થાની ભઠ્ઠીમાં જ તૈયાર થાય છે.

એક પ્રજાની તાકાત અને તેની પ્રગતિ કેવળ તેની ભૌગોલિક સ્થિતિ, અને તેની ભૌતિક પરિસ્થિતિનું જ પરિણામ નથી; તે તાકાત અને પ્રગતિ તેના નૈતિક તેમ જ રાજકીય સત્ત્વમાં રહેલી છે; તે તાકાત અને પ્રગતિ તે રાષ્ટ્રના મુલકની ભૌગોલિક અથવા તેના લોકોની શારીરિક એકરૂપતામાંથી નીપજતી નથી, પરંતુ તેના ઇતિહાસના વિકાસ દરમિયાન તેના રાજ્યના કાર્યથી વિકાસ પામે છે. એક રાજ્ય વખતના વહેવાની સાથે એક રાષ્ટ્રનું ઘડતર અને નિર્માણ કરે એમ બને, પરંતુ એક રાષ્ટ્રનું જ એક રાજ્ય થાય, એ ઘટના આધુનિક સંસ્કૃતિની પ્રકૃતિથી વિરુદ્ધ છે.

પોતાની એકરૂપતા તેમ જ અખંડપણું જાળવી રાખવાને માટે નાનાં નાનાં રાષ્ટ્રીય રાજ્યોને સમવાયતંત્રનો સંઘ બનાવીને પરસ્પર અથવા કૌટુમ્બિક મૈત્રીના સંબંધથી મોટી મોટી રાજ્યસત્તાઓની સાથે જોડાવું પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને એ રીતે તેમની સ્વતંત્રતા અમુક અંશે મર્યાદિત થાય છે. તેમનું વલણ પોતપોતાના વતનીઓને બાકીની દુનિયાથી અલગ પાડીને રાજ્યની સરહદમાં પૂરી રાખવાનું હોય છે; તેમના ખ્યાલોની તેમ જ અભિપ્રાયોની મર્યાદાઓને સંકુચિત કરવાનું, અને તેમના વિચારોનું પ્રમાણ કંઈક અંશે નાનું કરી નાખવાનું હોય છે. આટલા નાના કદના પ્રદેશોમાં જાહેર પ્રજાના અભિપ્રાયની સ્વતંત્રતા અથવા શુદ્ધિ જળવાતી નથી, અને બીજા સમાજોમાંથી વહીને જે પ્રવાહો આ નાનાં રાજ્યોમાં દાખલ થાય છે, તે તેમના આખા મુલક પર ફરી વળે છે. ઉપરાંત એક જ જાતના લોકોની ટૂંકી વસ્તીમાં, રાજ્યની સર્વોપરી સત્તા પર મર્યાદા મૂકનારા અથવા અંકુશ રાખનારા સમાજના સ્વાભાવિક વર્ગીકરણને, અથવા વિશિષ્ટ હિતોના અંતરંગ જેવા સમૂહોની રચનાને નહીં જેવો જ અવકાશ મળે છે.

એવાં રાજ્યોમાં સરકારનું તંત્ર અને તેના પ્રજાજનો વચ્ચે જે ઝઘડાઓ થાય છે, તેને માટેનાં હથિયારો બન્ને પક્ષો બહારથી ઊછીનાં લઈ આવે છે. એકનાં એટલે કે રાજ્યનાં સાધનો અને બીજાની એટલે કે પ્રજાની આકાંક્ષાઓ, બન્નેનાં મૂળ રાજ્ય બહારના કોઈક પ્રદેશમાં હોય છે, અને તેનું પરિણામ એ થાય છે કે, ખુદ દેશને જેમાં રસ ન હોય એવા ઝઘડાઓનું તેને હથિયાર તેમ જ ક્ષેત્ર બનવું પડે છે.૧૫

રાષ્ટ્રોનું સર્વોપરીસત્તાધારી રાજ્યોમાં રૂપાન્તર થયું છે, તેથી રાષ્ટ્ર-વાદના આદર્શથી પર જવાની અત્યંત જરૂર ઊભી થઈ છે. જુદાં જુદાં રાજ્યોમાં સમવાયતંત્રોની વ્યવસ્થા, અને તટસ્થતા, એ બન્ને ઉપાયોથી કંઈક વધારે સલામતી અને દમ લેવાનો વધારે સમય મળે છે, એ વાત સાચી છે, પરંતુ તે ઉપાયોથી પણ યુદ્ધના જીવલેણ પડકારનો મુકાબલો થઈ શક્યો નથી, અને તે સવાલનું નિરાકરણ થતું નથી. રાજકીય સિદ્ધાન્તની વિચારસરણીઓ ઘડનારા તત્ત્વચિંતકો તેટલા ખાતર માણસોને રાષ્ટ્રવાદની કાંચળી ઉતારીને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના ધ્યેય તરફ આગળ વધવાનો અનુરોધ કરે છે. રાષ્ટ્રવાદનું વહાણ યુદ્ધના ખડક પર અફળાઈને ડૂબવા બેઠું છે. તેમાંયે ખાસ કરીને મૅઝિનીએ પ્રતિપાદેલા રાષ્ટ્રવાદના આદર્શને તો ટ્રૉટ્સ્કીના કરુણ શબ્દોમાં કહીએ તો, " દુનિયાભરમાં કોઈ સ્થળે પ્રવેશ કરવાની પરવાનગી મળતી નથી. "

---

૧૫. લૉર્ડ ઍક્ટન: 'હિસ્ટરી ઑફ ફ્રીડમ ઍન્ડ અધર એસેઝ' (મુક્તિનો ઇતિહાસ અને બીજા નિબંધો), પા. ૨૯૦-૯૫.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રવાદનો ઇતિહાસ આપણને એવો બોધ આપે છે કે, એક રાષ્ટ્રને માટે એક અલગ રાજ્યની સ્થાપના કરવી, એ વસ્તુ હવે શક્ય રહી નથી, ને સરવાળે ઇષ્ટ પણ નથી. બીજું, રાષ્ટ્રવાદને જો જીવવું હોય, તો તેણે સમવાયતંત્રની દિશામાં આગળ ચાલીને વધારે વ્યાપક બનવું જોઈશે. વીસમી સદીનો અનુભવ આપણને એવા નિર્ણય પર આવવાની ફરજ પાડે છે કે, એક એક રાષ્ટ્રના એક એક સર્વોપરીસત્તાધારી રાજ્યોના દિવસો હવે પૂરા થયા છે. એવાં રાજ્યો સ્વતંત્રતાને તેમ જ લોકશાહીના આદર્શને ભયરૂપ છે, અને યુદ્ધને ફાલવાની બહુ અનુકૂળ ભૂમિ પૂરી પાડે છે. હિટલરે પ્રગટાવેલા યુદ્ધમાંથી આખી દુનિયાને માટે સમવાયતંત્રોની કે લોકશાહી રાજ્યોની, અથવા સામ્રાજ્યોની કે એકપક્ષી દોર ચલાવનારાં આપખુદ રાજ્યોની, ગમે તે પ્રકારની રાજકીય વ્યવસ્થા પ્રગટ થશે, પરંતુ તે રાષ્ટ્રીય રાજ્યોના પ્રકારની તો નહીં જ હોય, કેમ કે સર્વોપરીસત્તાધારી રાષ્ટ્રીય રાજ્યો, નાનાં શું કે મોટાં શું, પોતપોતાનું બધું ખમીર અને સર્વ સાધનસામગ્રી યુદ્ધના પડકારને પહોંચી વળવાને વાપરે, તો પણ તેના સંહારમાંથી જીવતાં બહાર નીકળી શકે તેમ નથી.

રાજ્ય સંસ્થાને સમવાયતંત્રની દિશામાં વધારે વ્યાપક બનાવવાની જરૂર હવે અનિવાર્ય થઈ છે. "આજ ને આજે એકતા" એ જ માનવ-જાતિનું ધ્યેય થવું જોઈએ. પરંતુ આ સિદ્ધિ મેળવવાને માટે રાષ્ટ્રવાદે એક બાજુથી સામ્રાજ્યવાદની ભાવનાનો ત્યાગ કરવો જોઈશે, અને બીજી બાજુથી પૂરતા આર્થિક જીવન ધોરણની અને વ્યક્તિની સ્વતંત્રતાની બાંયધરી આપે, એવી સામાજિક લોકશાહી વ્યવસ્થાની સ્થાપનાની દિશામાં વ્યાપક થવાનું સ્વીકારવું પડશે. પરંતુ આ ત્યાગ તેમ જ નવી દીક્ષા પણ પૂરતાં નહીં થાય. ઑસ્લો, એટલે કે સ્કેન્ડિનેવિયાના પ્રદેશનાં રાજ્યોએ એ પ્રયોગ કરી જોયો, છતાં તેટલાથી જ યુદ્ધના પ્રલય-કારી સંહારમાંથી તે બચી ન શક્યાં. આ નૂતન રાજકીય આદર્શની સિદ્ધિ તો જ શક્ય થાય, જો માનવજાત નાગરિકતાના એક નવીન આદર્શને પોતાના એકીકરણની સાધનાનું સાધન બનાવે, અને પોતાની શાન્તિની આકાંક્ષાને એટલી તીવ્ર બનાવે કે, ગમે તે જોખમે સુલેહનું જતન કરવાને તે તત્પર થાય. ઇતિહાસની અનિવાર્ય જરૂરિયાતોએ બિસ્માર્ક છાપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રવાદના આદર્શને, મૅઝિનીના રાષ્ટ્રવાદના આદર્શ પર વિજય અપાવ્યો છે. પરંતુ રાષ્ટ્રોએ હવે પછી જો પોતાની હસ્તી ટકાવવી હોય, તો રાષ્ટ્રવાદે પોતાના આદર્શના દુનિયાભરમાંથી હડધૂત થયેલા બીજા વિકલ્પની દિશામાં વળવું જોઈશે, અને વધારામાં તે વિકલ્પમાં એક નવી ભાવનાનો ઉમેરો કરવો જોઈશે. તે ભાવના છે યુદ્ધના પડકારનો અહિંસાના સાધનથી મુકાબલો કરવાની. નવસર્જનની આકાંક્ષા રાખનારા રાષ્ટ્રવાદે જો કોઈ ધર્મ બજાવવાનો હોય તો તે આ જ છે, "કેમ કે, રાષ્ટ્રોના ઇતિહાસ પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે, નવસર્જનની આકાંક્ષા રાખનારા રાષ્ટ્રવાદનો આદર્શ, સમસ્ત માનવજાતના જીવનને સાર્થક કરનારી એકાદ વિશિષ્ટ પ્રજાની વિશિષ્ટ લક્ષણયુક્ત પ્રગતિની સિદ્ધિ પર જ પોષાયો છે."[૧૬] રાષ્ટ્રવાદે એ પણ સમજવું જોઈશે કે, સ્વતંત્રતાના ભાગલા થઈ શકતા નથી, અને સમસ્ત માનવજાતને માટે તે એક સળંગ વ્યવસ્થાને રૂપે જ સિદ્ધ થઈ શકે તેમ છે. વળી તેણે મુખ્યત્વે માનવજાતના આમજનતાના વિરાટ સમુદાયો માટે 'સુસ્થિતિ'ની, એટલે કે કલ્યાણની ફિકર રાખવી જોઈશે, અને સામાજિક ન્યાયના પાયા પર રચાયેલો સમાજ નિર્માણ કરવો જોઈશે. ઉપરાંત, રાષ્ટ્રવાદે લોકશાહી રાજવહીવટની પદ્ધતિનું જતન કરવું જોઈશે, અને વ્યક્તિને રાષ્ટ્રવાદના આદર્શની સિદ્ધિનું, કે રાજ્યની મહત્ત્વાકાંક્ષા પાર પાડવાનું કેવળ એક સાધન ન લેખતાં, તેના વિકાસને પોતાનું ધ્યેય ગણવું જોઈશે. આ માર્ગે જ રાષ્ટ્રના હેતુની એકરૂપતા નિર્માણ થાય તેમ છે, અને રાષ્ટ્રીય સ્વતંત્રતાની સિદ્ધિ થઈ શકે તેમ છે.

---

૧૬. જોન મિડલટન મરી : 'ધિ ડિફેન્સ ઑફ ડેમોક્રસી' (લોકશાહીનો બચાવ), પા ૬૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦ મું

હિન્દમાં બે પ્રકારના રાષ્ટ્રવાદ

હિન્દી રાષ્ટ્રવાદની પ્રવૃત્તિ કેવા પ્રકારની છે, અને તે રાષ્ટ્રવાદ પૂર્ણપણે વિકસીને કેવા પ્રકારના રાજ્યના સ્વરૂપમાં મૂર્તિમંત થવાની આકાંક્ષા રાખે છે, તે સવાલનું પરીક્ષણ કરવાની સ્થિતિએ આપણે હવે આવી પહોંચ્યા છીએ. આ સવાલનું અન્વેષણ સહેલું નથી, પરંતુ ચાલુ વર્ષો દરમિયાન કોમી સંસ્થાઓનો વિકાસ થયો છે, અને તેમણે પોતે જેને રાષ્ટ્રીયતાની લાગણી તરીકે ઓળખાવી છે, તેના પાયા પર પોતપોતાની પ્રવૃત્તિઓ ચલાવવાનો પ્રયાસ કર્યો છે, તેને પરિણામે જે પ્રવૃત્તિને હિન્દી રાષ્ટ્રવાદના એક નામથી ઓળખાવવામાં આવતી હતી, તેમાં સમાયેલાં પરસ્પર વિરોધી વિધવિધ તત્ત્વો, તેમના અસલ સ્વરૂપમાં ચોખ્ખેચોખ્ખાં તરી આવ્યાં છે. એટલે રાષ્ટ્રવાદની સાચી ભાવનાને તેનું નામ પચાવી પાડનારી નકલી ભાવનાઓથી જુદી તારવવાનું બની શકે તે પહેલાં, તે તત્ત્વોનું આપણે બહુ ઝીણવટથી પરીક્ષણ કરવું જોઈશે.

પાછલાં થોડાંક વર્ષોથી મુસ્લિમ લીગે ઠોકી ઠોકીને કહેવા માંડ્યું છે કે, હિન્દના મુસ્લિમો એક અલગ રાષ્ટ્ર છે. હિન્દુ મહાસભા એટલા જ જોરથી હિન્દુઓની વિશિષ્ટ તેમ જ અલગ રાષ્ટ્રીયતાની આગ્રહપૂર્વક જાહેરાત કરે છે. અમદાવાદ મુકામે ૧૯૩૭ની સાલમાં ભરાયેલા હિન્દુ મહાસભાના અધિવેશનને પ્રમુખપદેથી શ્રી. વી. ડી. સાવરકરે કહ્યું હતું કે, "હિન્દને આજે એક જ તત્ત્વનું બનેલું, કે એકરૂપ રાષ્ટ્ર માની શકાય તેમ નથી, પરંતુ એથી ઊલટું હિન્દમાં પ્રધાનપણે બે રાષ્ટ્રો અસ્તિત્વમાં છે: એક હિન્દુ અને એક મુસ્લિમ." મુસ્લિમ લીગે હિન્દમાં બે રાષ્ટ્રના અસ્તિત્વના પોતાના સિદ્ધાન્તની છેક હમણાં હમણાં ૧૯૩૮ની સાલના પાછલા ભાગમાંથી શરૂ કરીને ગંભીરપણે હિમાયત કરવા માંડી છે. એ બન્ને સંસ્થાઓ હિન્દમાં બે રાષ્ટ્રો છે, એટલું જ માનીને કે મનાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકતી નથી; પરંતુ બન્નેનો દાવો એવો છે કે, પોતે જે પ્રકારની વિશિષ્ટ રાજકીય ચળવળ ચલાવે છે, તે જ દેશની એક માત્ર સાચી રાષ્ટ્રીય પ્રવૃત્તિ છે. ૧૯૩૮ની સાલના ઑકટોબર માસમાં શ્રી. એમ. એ. ઝીણાએ દર્શાવ્યું હતું કે, "જે કોઈ પ્રામાણિક માણસે મુસ્લિમ લીગની નીતિ અને કાર્યક્રમનો અભ્યાસ કર્યો હશે, તે જો ખુલ્લા દિલથી સાચી વાત કરશે તો જરૂર સ્વીકારશે કે, લીગ સંપૂર્ણપણે રાષ્ટ્રીય અને સૌથી પ્રગતિશીલ સંસ્થા છે."[૧] ૧૯૩૮ની સાલના ડિસેમ્બર માસમાં હિન્દુ મહાસભાએ, પોતે મંજૂર કરેલા એક ઠરાવથી જાહેર કર્યું હતું કે, "હિન્દુ મહાસભા જ દેશની એક માત્ર રાષ્ટ્રીય સંસ્થા છે, અને હિન્દુ મહાસભાના રાજકારણ સિવાયનું બીજું એકે રાજકારણ રાષ્ટ્રીય નથી."[૨]

આની સાથે સાથે હિન્દી રાષ્ટ્રીય મહાસભાના દેશની રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચલાવનારી રાષ્ટ્રીય સંસ્થા તરીકેના દાવાને પડકાર આપવામાં આવ્યો છે, અને એક બાજુથી મુસ્લિમ લીગે તેને "મુસ્લિમોના હિતનો વિરોધ કરનારી કોમી સંસ્થાના નામથી ઓળખાવી છે,"[૩] અને બીજી બાજુથી હિન્દુ મહાસભાએ કૉંગ્રેસીઓને 'દંભી' અને 'હિન્દુઓ પ્રત્યે દગો કરવાનો'[૪] ગુનો કરનારા લોકો તરીકે નિંદ્યા છે.

આ દરમિયાન રાષ્ટ્રીય મહાસભા પણ ચૂપ બેઠી નહોતી. ૧૯૩૮ની સાલના ડિસેમ્બર માસમાં રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિએ "ઠરાવ કર્યો હતો કે, બંધારણની કલમ ૫(ક)નો અમલ કરવાને અંગે નીચે ગણાવેલી સંસ્થાઓને કોમી સંસ્થાઓ તરીકે જાહેર કરવામાં આવે છે: (૧) હિંદુ મહાસભા (૨) મુસ્લિમ લીગ."[૫]

---

૧. સિંધ પ્રાંતિક મુસ્લિમ લીગ પરિષદને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં.

૨. નાગપુર મુકામે મળેલી બેઠકનો ૮મો ઠરાવ.

૩. બંગાળની પ્રાન્તિક મુસ્લિમ લીગની સમિતિએ ૧૯૩૯ની સાલના એપ્રિલ માસની ૮મી તારીખે કરેલો ઠરાવ.

૪. ૧૯૩૯ની સાલના ફેબ્રુઆરી માસમાં બંગાળ હિન્દુ મહાસભા પરિષદને પ્રમુખપદેથી શ્રી. વી. ડી. સાવરકરે આપેલા ભાષણમાં.

૫. ૧૯૩૮ની સાલના ડિસેમ્બર માસની ૧૧મીથી ૧૬મી તારીખ સુધીના કાર્યવાહક સમિતિના કામકાજનો હેવાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીય મહાસભાના બંધારણની કલમ ૫(ક) નીચે મુજબ છે:

'જે કોઈ સંસ્થાના ઉદ્દેશ અને કાર્યક્રમમાં એવા પ્રકારની રાજકીય પ્રવૃત્તિ સમાયેલી હોય, જે કાર્યવાહક સમિતિના અભિપ્રાય મુજબ રાષ્ટ્ર-વિરોધી હોય, અને રાષ્ટ્રીય મહાસભાની પ્રવૃત્તિ સાથે ઘર્ષણમાં આવતી હોય, તેવી સંસ્થાનો કોઈ પણ સભ્ય રાષ્ટ્રીય મહાસભાની કોઈ પણ ચૂંટાયેલી સમિતિનો સભ્ય થઈ શકશે નહીં.

આમ દેશમાં આ ત્રણ જુદી જુદી સંસ્થાઓ પૈકીની દરેકને તે પોતે રાષ્ટ્રીય છે, એવો દાવો કરીને બાકીની બેને કોમી સંસ્થાઓ તરીકે અવગણી કાઢતી આપણે જોઈએ છીએ. આ ગોટાળો શી રીતે ઊભો થયો છે?

હિંદી રાષ્ટ્રવાદની પ્રવૃત્તિમાં પરસ્પર સ્પર્ધા કરતાં વલણોના જુદા જુદા પ્રવાહો વહે છે, એ વાતનો રાષ્ટ્રીય મહાસભાના આગેવાનોને બરાબર ખ્યાલ હતો. ૧૯૩૩ની સાલના મે માસમાં લખેલા એક પત્રમાં, અસહકારની હિલચાલની સમાલોચના કરીને પંડિત જવાહરલાલ નેહરુએ દર્શાવ્યું છે કે, હું જેને હિંદુઓ અને મુસ્લિમો, એ બન્નેનો સમાવેશ કરનારા સાચા અથવા હિંદી રાષ્ટ્રવાદને નામે ઓળખાવવાનું પસંદ કરું છું, તે ઉપરાંત કંઈ નહીં તો બે રાષ્ટ્રવાદ આ દેશમાં અસ્તિત્વમાં છે: એક હિંદુ અને બીજો મુસ્લિમ.[૬] ૧૯૨૦ની સાલમાં ચાલેલી હિલચાલ દરમિયાન થોડા સમયને માટે આ ત્રણે વલણોના પ્રવાહો સમાન્તરે એક દિશામાં વહ્યા હતા, તે હકીકતમાં તે હિલચાલની તાકાત સમાયેલી હતી. "સામાન્યપણે મુસ્લિમ દૃષ્ટિ તે સમયે આ રીતે મુસ્લિમ રાષ્ટ્રવાદની, અથવા વધારે સાચી રીતે કહેવામાં આવે, તો મુસ્લિમ આંતરરાષ્ટ્રીયવાદની હતી, અને અસલ હિંદી રાષ્ટ્રવાદની નહોતી એમ કહી શકાય. તત્કાળ પૂરતું એટલે કે, તે હિલચાલ પૂરતું બન્ને વચ્ચેનું ઘર્ષણ ઉપરથી દેખાતું નહોતું." બીજી બાજુથી હિંદુઓની રાષ્ટ્રવાદની ભાવના હિંદુ રાષ્ટ્રવાદની હતી, અને સાચા હિંદી રાષ્ટ્રવાદથી આ ભાવનાને જુદી તારવી કાઢવાનું મુશ્કેલ હતું, કેમ કે, હિંદ એ જ હિંદુઓનું એક માત્ર વતન હોવાથી "તે લોકો મુસ્લિમોની સરખામણીમાં રાષ્ટ્રવાદની ભાવનાથી સંપૂર્ણપણે રંગાયેલા ઉત્સાહી રાષ્ટ્રવાદીઓ જેવા ભાસતા હતા, પરંતુ

૬. 'ગ્લિમ્પ્સિઝ ઑફ વર્લ્ડ હિસ્ટરી' (જગતના ઇતિહાસનું રેખાદર્શન).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુતઃ તે બન્ને, એટલે કે મુસ્લિમો અને હિંદુઓ પોતપોતાની વિશિષ્ટ છાપવાળા અલગ અલગ રાષ્ટ્રવાદને વરેલા હતા."

વખત જતાં પંડિત નેહરુનું આ પૃથક્કરણ યથાર્થ સાબિત થયું છે. જે ત્રણ પ્રવાહો ૧૯૨૦-૨૧ દરમિયાન સમાન્તરે એક જ દિશામાં વહેતા દેખાતા હતા, તે પાછલાં પાંચ વર્ષથી એકમેકથી જુદા ફંટાઈને સૌ સૌના તદ્દન જુદા અને સ્વતંત્ર માર્ગોએ વહેવા લાગ્યા છે. ઉપરાંત, તે ત્રણે પોતપોતાની ભિન્નભિન્ન ભાષા બોલતાં શીખ્યા છે, અને પરસ્પર અળગા થયા છે.

આ કોમી અથવા ધાર્મિક રાષ્ટ્રવાદ પોતાના અંતિમ સ્વરૂપે બીજી કોમનું અલગપણાનું ભાન મિટાવવાનો પ્રયાસ કરીને જ અટકતો નથી, ખુદ તે કોમને જ મિટાવી દેવાની આકાંક્ષા રાખે છે! દાખલા તરીકે શ્રી. ફઝલૂલ હકે જણાવ્યું હતું કે, મહમદ-બિન-કાસિમ જેવો અઢાર વરસનો છોકરો જો થોડાક સિપાઈઓની મદદથી આખા સિંધને કબજે કરી શક્યો હતો, તો પછી નવ કરોડ મુસ્લિમો ધારે તો સમસ્ત હિંદનો કબજો ચપટી વગાડો એટલી વારમાં લઈ લે.[૭] લાલા હરદયાળે આથીયે આગળ જઈને હિંદુઓને સલાહ આપી હતી કે, "તમારે જો પોતાનું રક્ષણ કરવું હોય, તો અફઘાનિસ્તાન અને સરહદના મુલકો તમારે જીતી લેવા જોઈએ, અને (તેમને તથા) બધી પહાડી જાતિઓને ધર્માન્તર કરાવીને હિંદુ ધર્મમાં લઈ લેવી જોઈએ."[૮]

પોતાની પ્રવૃત્તિની એકેએક વિગતમાં મુસ્લિમ લીગ તેમ જ હિંદુ મહાસભા, બન્ને આવું પરસ્પર ઉચ્છેદક વલણ બતાવે છે. "અખિલ હિંદ મુસ્લિમ લીગ ઉર્દૂને હિંદની સાર્વત્રિક બોલી બનાવવાના સર્વ પ્રયાસો કરશે."[૯] "હિંદુ મહાસભા (આ ઠરાવથી) જાહેર કરે છે કે, હિન્દી (હિન્દુસ્તાની નહીં પણ સંસ્કૃતનિષ્ઠ હિંદી) જે સંસ્કૃત ભાષાના પાયા પર

---

૭. 'ધિ ઇન્ડિયન એન્યુઅલ રજિસ્ટર' — ૧૯૩૮, ભાગ ૨ જો, પા. ૩૫૯.

૮. 'થોટ્સ ઑન પાકિસ્તાન' (પાકિસ્તાન વિષે વિચારો) નામના પોતાના પુસ્તકમાં ડૉ. આંબેડકરે પાં. ૧૨૩ પર આપેલું અવતરણ.

૯. ૧૯૩૮ની સાલના ઑક્ટોબર માસમાં લખનૌ મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકનો ઠરાવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકસેલી છે, અને તેના શબ્દભંડોળમાંથી પોષણ મેળવે છે, તે જ હિન્દની રાષ્ટ્રભાષા છે અને તેવો દરજ્જો ધારણ કરવાની સાચી લાયકાત ધરાવે છે, અને દેવનાગરી હિન્દુસ્તાનની રાષ્ટ્રીય લિપિ થવાને યોગ્ય છે."૧૦ હિંદની સર્વમાન્ય ભાષાના સવાલને લગતો આ ઝઘડો, જેને મિટાવવાનાં ફાંફાં મારવાં નકામાં છે, તે બન્ને સંસ્થાઓ વચ્ચે સળંગ ચાલ્યા આવતા વિરોધનું દ્યોતક લક્ષણ છે.

૧૯૩૮ની સાલના ઑકટોબર માસમાં ભરાયેલી સિંધ મુસ્લિમ લીગ પરિષદે સર્વ મુસ્લિમોને અનુરોધ કર્યો હતો કે, તમારે મુસ્લિમ વણકરોએ વણેલી ખાદી પહેરવી, અને તેમણે જ વણેલું સ્વદેશી કાપડ વાપરવાનો આગ્રહ રાખવો, મુસ્લિમ દુકાનદારોને ઉત્તેજન આપવું અને પોતાના ધર્મબાંધવોને નોકરીઓ અગર રોજી મેળવી આપવી. હિન્દુ મહાસભાએ હિંદુઓને જણાવ્યું કે, તમારે "એકલી હિન્દુ દુકાનોમાંથી જ ખરીદી કરવી."૧૦ એટલે કે સ્વદેશીના આદર્શને પણ કોમી સ્વરૂપ આપવામાં આવ્યું છે!

આ ઉપરાંત એક બીજી રસિક હકીકત પણ નોંધવા જેવી છે. પાછલાં ત્રણ વર્ષ દરમિયાન બહુ ચાલાકીથી સંગઠિત કરવામાં આવેલી 'અત્યાચાર વિરોધી' લડતોના પ્રચાર પર હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગ, બન્ને ફાલ્યાં છે. આ બાબતમાં પહેલ મુસ્લિમ લીગે કરી હતી. શ્રી. ઝીણાએ ૧૯૩૭ની સાલમાં જાહેર કર્યું હતું કે, "હિન્દુઓની વસ્તી જે પ્રદેશોમાં વધુમતીમાં છે, ત્યાં તેમણે શ્રી તેમ જ કમળનાં પ્રતીકો, રાષ્ટ્રગીત તરીકે 'વંદેમાતરમ્'નું ગીત અને રાષ્ટ્રભાષા તરીકે હિન્દીને મુસ્લિમો પર જબરદસ્તીથી લાદવાનો પ્રયાસ ચલાવ્યો છે."૧૧ મુસ્લિમો પર થતા અત્યાચારની વાતના આ બાઉમાં મુસ્લિમ લીગને પોતાના પ્રચાર માટેનું એક ફાવે તેટલી હદ સુધી ખીલવી શકાય તેવું અજોડ સાધન જડી ગયું છે, અને તે મળ્યા પછી તેણે તેનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. જે

---

૧૦. ૧૯૩૮ની સાલના ડિસેમ્બર માસમાં નાગપુર મુકામે ભરાયેલી હિન્દુ મહાસભાની બેઠકનો ઠરાવ.

૧૧ ૧૯૩૭ની સાલના ઑકટોબર માસમાં ભરાયેલી અખિલ બંગાળ મુસ્લિમ પરિષદને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યાચારોની ફરિયાદો કરવામાં આવી છે, તે વાસ્તવિક કરતાં કલ્પિત વધારે હતા. જે આરોપ વારંવાર મૂકવામાં આવ્યો છે તે એ છે કે, હિંદુ વસ્તીની વધુમતીવાળા પ્રાન્તોમાં મુસ્લિમોની લઘુમતી પર હિંદુઓ અસહ્ય જુલમ ગુજારે છે. આ અત્યાચારોની હકીકત કદી સાબિત થઈ નથી, પરંતુ એ ભય ૧૯૩૫ની રાજબંધારણની યોજનામાં, અને ખાસ કરીને કોમી ચુકાદાથી થયેલી વ્યવસ્થામાં ગર્ભિત રીતે રહેલો હતો. પંડિત માલવીએ છેક ૧૯૩૪ની સાલમાં આ વિષે દેશને સાવધાન કર્યો હતો. તેમણે કહ્યું હતું કે,

> અત્યારે આપણે એક જ સરકારના અમલ નીચે વસીએ છીએ. એ સરકાર અલબત્ત પરદેશી લોકોની સરકાર છે, પરંતુ તેને બદલે કોમી મતદાર મંડળોની પ્રથા દ્વારા આપણને શું મળવાનું છે? તેનાથી આપણને લોકોના પોતાના વહીવટવાળી, લોકોના હિતને માટે શાસન ચલાવતી, લોકોની પોતાની સરકાર મળવાની નથી, પરંતુ એક કોમના ઉપર વર્ચસ્વ ચલાવતી બીજી કોમની સરકાર મળશે. પંજાબમાં હિન્દુઓ પર મુસ્લિમોનું શાસન ચાલશે, અને સંયુક્ત પ્રાન્તમાં મુસ્લિમો પર હિન્દુઓનું રાજ થશે. આ રાજ્ય અમલ લોકશાહી પદ્ધતિનો રાજવહીવટ નહીં હોય; તે એક વિશિષ્ટ પ્રકારનો જુલમી રાજવહીવટ હશે. એથી એક કોમ પર બીજી કોમનો જુલમ શરૂ થશે, અને કોમી ચુકાદાની વ્યવસ્થાથી જે જુલમી રાજ્યપદ્ધતિની સ્થાપના કરવાનો આશય રાખવામાં આવેલો છે, તે મેં ઉપર દર્શાવી છે તે જ છે.[૧૨]

કોમી ચુકાદાની વ્યવસ્થામાંથી જે પરિસ્થિતિ ઊભી થઈ હતી, તેનો આ જાતનો ખુલાસો કરવાની મહેનત લેવાને બદલે હિન્દુ મહાસભાએ પોતાનું ઢોલ પીટવાને માટે, મુસ્લિમ લીગની અત્યાચારવિરોધી લડતના જવાબમાં, પોતાની અત્યાચારવિરોધી લડતનો પ્રચાર શરૂ કર્યો. તેણે "પંજાબની સરકારે ચલાવેલા પ્રગતિવિરોધી, એક-પક્ષી અને દમન કરનારા રાજ્ય અમલને"[૧૩] કડક ભાષામાં વખોડી

---

૧૨. ૧૯૩૪ની સાલના ઑગસ્ટ માસમાં કલકત્તા મુકામે મળેલી મહાસભા રાષ્ટ્રીય પક્ષની પરિષદને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં.

૧૩. ૧૯૩૯ની સાલના ફેબ્રુઆરી માસમાં ભરાયેલી બંગાળ હિન્દુ મહાસભા પરિષદના ઠરાવમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢ્યો, અને તે ઉપરાંત, “હમણાંના બંગાળના ચાલુ હક પ્રધાનમંડળની અત્યંત પ્રગતિવિરોધી તેમ જ હિન્દુવિરોધી” નીતિને પણ તેવી જ રીતે વખોડી કાઢી.

આ જાતના અણનમ તેમ જ જક્કી વલણને લીધે બન્ને કોમ વચ્ચેની સમજૂતી અને મેળ લગભગ અશક્ય બની જાય છે. બન્ને સંસ્થાઓ તેથી જેને જામીનગીરીનો સિદ્ધાન્ત કહી શકાય, તેની વાત પર બહુ ભાર મૂકે છે. દાખલા તરીકે શ્રી. સાવરકરે નાગપુરમાં કહ્યું હતું કે,

> આપણે જ્યારે પ્રતિપક્ષી પર વળતો હુમલો કરવા જેટલી તાકાત કેળવીશું, અને વળતા હુમલાઓ કરતા થઈશું, ત્યારે મુસલમાનોની સાન એકે દહાડે ઠેકાણે આવી જશે. ત્યારે આપણે એકલા હિન્દુ પ્રાન્તોમાં જ નહીં, પણ જે પ્રાન્તોમાં આપણે હિન્દુઓ લઘુમતીમાં છીએ, તે પ્રાન્તોના હિન્દુઓના મોભાનું અને હકોનું પણ જતન કરી શકીશું. મુસ્લિમોને ત્યારે ખબર પડી જશે કે, હિન્દુઓ પર જુલમ ગુજારવાનો તેમનો એકેએક પ્રયાસ પાછો વળીને તેમના પર જ ઊલટવાનો છે, એટલું જ નહીં, પણ સમસ્ત હિન્દમાં મુસ્લિમ હિતો પર તેની એથીયે વધારે ભૂંડી અસર થવાની છે. આવી સ્થિતિએ આપણે પહોંચીશું, ત્યારે આ બેટાઓ ડાહ્યા થઈને વર્તવાનું એની મેળે શીખી જશે.૧૪

લીગે આનો જે જવાબ વાળ્યો, તેની ભાષા આટલી તોછડી નહોતી, છતાં તેનો અર્થ લગભગ એવો જ થાય છે.

> બિનમુસ્લિમ લઘુમતી કોમોને ધર્મ, ભાષા તેમ જ સંસ્કૃતિને લગતું તે જ જાતનું સંપૂર્ણ સંરક્ષણ મળશે, જેવું હિન્દુ હિન્દમાં મુસ્લિમ લઘુમતી કોમોને આપવામાં આવશે. અને પછી તેઓ પોતપોતાની મુસ્લિમ સરકારોની નાહકની પજવણી નહીં કરે, કારણ કે તેમ કરવાથી હિન્દુ હિન્દમાં વસતી મુસ્લિમ લઘુમતીઓ તે જ પ્રકારની કનડગત શરૂ કરવાને ઉશ્કેરાશે, એવો તેમને ડર રહેશે.૧૫

આ પ્રકારના ‘પરસ્પર ઘર્ષણના સમાન દાખલાઓ’ની યાદી હજી લંબાવવી હોય તો લંબાવી શકાય. પરંતુ અમે એક ગૌણ પરંતુ રસિક,

---

૧૪. ૧૯૩૮ ની સાલના ડિસેમ્બર માસમાં હિન્દુ મહાસભાની બેઠકને પ્રમુખપદેથી કરેલા ભાષણમાં.

૧૫. એમ. એ. ઝીણા ‘ઇન્ડિયાઝ પ્રૉબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂશન’ (હિન્દનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ), પા. ૪૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પ્રધાન તેમ જ અર્થવાળો, એવા બે વધારે દાખલાઓ આપીને આ વાતને પૂરી કરીશું.

૧૯૩૮ ની સાલમાં શ્રી સાવરકરે જાહેર કર્યું હતું કે, "જે રાજકીય માગણીથી 'એક મુસ્લિમને ત્રણ મત અને ત્રણ હિન્દુ મળીને એક મત!' નો દાવો કરવામાં આવશે, તેના માથા પર હિન્દુ રાષ્ટ્ર સીધો ફટકો લગાવશે."[૧૬] ગાંધીજીએ પ્રસંગોપાત જણાવ્યું હતું કે, "કાઇદે આઝમ ઝીણા વિષે વાત કરતી વખતે હું ગમે તેવી હલકી વાત નહીં કરી શકું. તેઓ મારા ભાઈ છે." આનો ઉલ્લેખ કરીને શ્રી. ઝીણાએ કડવાશથી કટાક્ષ કર્યો હતો કે, "ભાઈ તો ખરા. પણ ફેર એટલો કે ભાઈ ગાંધી પાસે ત્રણ મત છે, ને મારી પાસે એક જ મત છે."[૧૭]

બીજા દાખલામાં આનાથી ઘણો વધારે ઊંડો મર્મ રહેલો છે. જે સમયની આ વાત થાય છે, ત્યાં સુધી મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા, બન્નેએ દેશી રજવાડાંઓની પ્રજાની બિલકુલ ઉપેક્ષા કરી હતી. પરંતુ રજવાડાંઓમાં સમર્થ પ્રજાકીય હિલચાલો શરૂ થઈને ખીલવા લાગી, અને તેમણે રાષ્ટ્રીય મહાસભા તરફ પ્રેરણા તેમ જ માર્ગદર્શનને માટે વળવા માંડ્યું, એટલે આ કોમી સંસ્થાઓ ભડકી. રજવાડાંઓને સમવાયતંત્રની મધ્યવર્તી ધારાસભામાં જે પ્રતિનિધિત્વ મળવાનું હતું, તેમાં તેમની પ્રજાઓને પણ હિસ્સો મળે, એવી પૂરી શક્યતા રહેતી હતી. એટલે તે દિવસ સુધી રજવાડાંઓના સવાલોમાં વચ્ચે ન પડવાની લીગે અખત્યાર કરેલી નીતિ તુરતાતુરત બદલી નાખવામાં આવી, અને હિન્દુ મહાસભાએ પણ પોતાની તટસ્થતા છોડી દીધી. પરંતુ નીતિમાં થયેલા આ ફેરફારો બંને સંસ્થાઓએ પોતપોતાની લાક્ષણિક ઢબે એકપક્ષી રીતે કર્યા. જેટલે અંશે મુસ્લિમ રાજકર્તાઓવાળાં રજવાડાંઓને સંબંધ હતો, તેટલે અંશે લીગ પોતાની દરમિયાનગીરી ન કરવાની અસલ નીતિને વળગી રહી. પરંતુ હિન્દુ રાજકર્તાઓવાળાં રજવાડાંઓમાં માથું મારવાની વાતને તેણે ઉત્તેજન આપવા માંડ્યું. કાશ્મીર અને જયપુરના રાજ્યોમાં ચાલેલી ચળવળોને તેણે આવકાર આપ્યો, પરંતુ હૈદરાબાદના રજવાડાની પ્રજાના અસંતોષને

---

૧૭. લાહોર મુકામે ભરાયેલી મુસ્લીમ લીગની બેઠકને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામે શરૂ થયેલી ચળવળનો તેણે કડકાઇથી નિષેધ કર્યો. હૈદરાબાદની સરકારને લીગે આગ્રહ કર્યો કે, "આ જાતની નુકસાનકારક, તોફાની અને ભયજનક પ્રવૃત્તિઓને"[૧૮] તમારે અટકાવી દેવી જોઈએ. એથી ઊલટું હિન્દુ મહાસભાએ 'મુસ્લિમ રજવાડાં' એટલે કે જે રાજ્યોના રાજકર્તા મુસ્લિમ હોય અને પ્રજાની વસ્તી હિન્દુ વધુમતીની હોય, તેવાં હૈદરાબાદ, ભોપાલ, વગેરે રાજ્યોમાં ચાલતી ચળવળોને હોંશભેર ટેકો આપ્યો, અને 'હિન્દુ રજવાડાંઓ' એટલે કે, જે રાજ્યોના રાજકર્તાઓ હિન્દુ હોય અને પ્રજાની વધુમતી મુસ્લિમ વસ્તીની હોય, તેવાં કાશ્મીર અને ત્રાવણકોર જેવાં રાજ્યોની પ્રજાઓએ કરેલી માગણીઓ પ્રત્યે રોષ દર્શાવ્યો.[૧૯] અહીં એ વાત ધ્યાનમાં લેવા જેટલી પ્રસ્તુત છે કે, એમાંથી એકે સંસ્થાના દિલ ઉપર રજવાડાંઓની પ્રજાની લોકશાહીની સ્થાપના માટેની લડત પ્રત્યે સાચી સહાનુભૂતિ દર્શાવવા જેટલી અસર થઈ હતી, અને તેથી તેમની નીતિમાં ફેરફાર થયો હતો, એમ નહોતું, પરંતુ તેમના ઠરાવોમાંથી દેખાતી નીતિ સંપૂર્ણપણે નહીં, તો પણ મોટે ભાગે તક સાધી લેવાની ગણતરીથી અખત્યાર કરવામાં આવી હતી.

લોકોના લોકશાહી અધિકારો પ્રત્યેની આ ઉપેક્ષાવૃત્તિ બેશક આકસ્મિક નથી. મુસ્લિમ લીગનો જે દાવો છે કે, દેશના સર્વ મુસ્લિમોની પ્રતિનિધિ સંસ્થા તે એક પોતે જ છે, તે દાવામાંથી પણ એ વાત સ્પષ્ટપણે તરી આવે છે. "કોઈ પણ વ્યક્તિનો જન્મ ઇસ્લામની ધર્મવ્યવસ્થામાં થયો છે, અથવા તે ઇસ્લામને અનુસરે છે, તેટલી હકીકતનો ખસૂસ એવો અર્થ નથી થતો કે, તે વ્યક્તિએ મુસ્લિમ લીગની રાજકીય નીતિ અથવા કાર્યક્રમનો અંગીકાર કરવો જોઈએ."[૨૦] પરંતુ એકેએક મુસ્લિમે પોતાની નીતિ અને કાર્યક્રમને અનુકૂળ થવું જોઈએ, એવો

---

૧૮. ૧૯૩૯ ની સાલમાં કલકત્તા મુકામે ભરાયેલી લીગની બેઠકમાં થયેલા ઠરાવમાં.

૧૯. ૧૯૩૮ ની સાલમાં નાગપુરમાં થયેલી હિન્દુ મહાસભાની બેઠકમાં થયેલા ઠરાવમાં.

૨૦. જવાહરલાલ નેહરુ: 'એઇટીન મન્થ્સ ઇન ઇન્ડિયા' (હિંદમાં અઢાર માસ), પા. ૧૬૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમ લીગે આગ્રહ રાખ્યો છે, અને લીગની બહારના, દાખલા તરીકે રાષ્ટ્રીય મહાસભામાં દાખલ થયેલા મુસ્લિમોના મુસ્લિમ કોમની વતી બોલવાના અધિકારનો ઇન્કાર કર્યો છે. ૧૯૩૮ની સાલના ઑગસ્ટ માસની ૨જી તારીખે શ્રી. સુભાષચંદ્ર બોઝ પર લખેલા એક પત્રમાં શ્રી. ઝીણાએ જણાવ્યું હતું કે,

> રાષ્ટ્રીય મહાસભામાં જે મુસ્લિમો દાખલ થયેલા છે, તે હિંદના મુસ્લિમોના પ્રતિનિધિ નથી, થઈ શકે નહીં. . . . . રાષ્ટ્રીય મહાસભાના સભ્યો થવાથી મુસ્લિમ કોમના પ્રતિનિધિ થવાની, અથવા તેમની વતી બોલવાની તેમની લાયકાત રહી નથી.

લોકશાસનની પદ્ધતિ વિષેની શ્રદ્ધાનો આ અભાવ, અને આમજનતા પરના અણભરોસાની લાગણી, એ બન્ને મળીને રાષ્ટ્રીય મહાસભાની બંધારણ ઘડનારી લોકપ્રતિનિધિ સભાની યોજનાના મુસ્લિમ લીગના વિરોધને માટે જવાબદાર છે. રાષ્ટ્રીય મહાસભા સ્વતંત્ર હિંદનું રાજ્યબંધારણ ઘડવાને માટે પુખ્ત વયની સર્વ વ્યક્તિઓને મતાધિકાર આપીને ચૂંટવામાં આવેલી લોકપ્રતિનિધિ સભાની હિમાયત કરે છે. જે જે લઘુમતી કોમની મરજી હોય, તેમને તે સભા માટેના પોતાના પ્રતિનિધિઓની ચૂંટણીને અંગે અલગ મતદાર મંડળોની જોગવાઈ કરી આપવાને તે સંમત થઈ છે. વધારામાં તેણે એવો નિર્ણય આપેલો છે કે, લઘુમતી કોમોના હકોની બાબતોનો નિકાલ સભાની વધુમતિને ધોરણે ન કરતાં સમજૂતીથી કરવો, અથવા કમનસીબે આવી જાતના કોઈ મુદ્દાને અંગે સમજૂતી ન થાય, તો કોઈ નિષ્પક્ષ પંચ દ્વારા તેનો નિર્ણય મેળવવો.[૨૧] પરંતુ લીગે આ મુશ્કેલીનો આ પ્રકારનો ઉકેલ નામંજૂર કર્યો છે, અને તે તિરસ્કારથી પૂછે છે: "અજ્ઞાન તેમ જ નિરક્ષરતાના અંધારામાં કુટાતી અને વહેમોમાં, નાના નાના વાડાઓના પરસ્પર દ્વેષની લાગણીઓમાં, ન્યાતજાતની સંકુચિત ભાવનાઓમાં, તેમ જ ધાર્મિક પૂર્વગ્રહોમાં રચીપચી રહેલી કીડીદર ઊભરાતી કરોડોની વસ્તીવાળા ઉપખંડ જેવડા વિશાળ હિન્દમાં, પુખ્ત વયની એકેએક વ્યક્તિના મતાધિકારને ધોરણે ચૂંટાયેલી લોકપ્રતિનિધિ સભાની વાત

---

૨૧. જુઓ: જે નેહરુ: 'ધિ યુનિટી ઑફ ઇંડિયા' (હિંદની એકતા) પા. ૩૯૫-૯૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેવારુ છે ખરી ?"[૨૨] "કેવળ સંખ્યાની જબરસ્તીથી ચાલતું શાસન"[૨૩] તે લોકશાહી, એમ જણાવી લોકશાહી રાજવહીવટની પદ્ધતિને ધુત્કારી કાઢીને લીગે પોતાની આ દલીલને માથે કળશ ચઢાવ્યો છે.

હિન્દુ મહાસભાએ લોકશાહીની વિરુદ્ધ આવી જાતની ચોખ્ખીચટ જાહેરાત કરી નથી કેમ કે, પોતાના વિશિષ્ટ સંજોગોમાં તેને તેમ કરવાની મોટે ભાગે જરૂર પડી નથી, પરંતુ તેની કાર્યપદ્ધતિના અણુએ અણુએ લોકશાહીના વિરોધની લાગણી વ્યાપેલી છે.

તે બંને સંસ્થાઓના વલણમાં લોકશાહી વિષેના અવિશ્વાસની આ લાગણી સાથે હિંસા વિષેના પક્ષપાતની લાગણી પણ ઉમેરવી જોઈએ. શ્રી. સાવરકરનો અભિપ્રાય એવો છે કે, "હથિયારોથી સજ્જ થયેલા હિંદુ ક્રાંતિકારીઓએ જે લડત ચલાવી હતી, તે કોંગ્રેસી હિંદુઓએ ચલાવેલી હથિયાર વગરની ચળવળના કરતાં વધારે અસરકારક નીવડી છે."[૨૫] એવી જ રીતે એક વખત પંડિત જવાહરલાલ નેહરુએ લીગના એક આગેવાન આગળ ફરિયાદ કરી કે, રાષ્ટ્રીય મહાસભાના એક મુસ્લિમ કાર્યકર્તા ઉપર લીગના એક સ્વયંસેવકે કરેલા હિંસક અત્યાચારને મુસ્લિમ લીગના કોઈ પણ જવાબદાર માણસે ગુનાના કૃત્ય તરીકે વખોડી કાઢ્યો નથી, ત્યારે તેમને જવાબ મળ્યો હતો કે, "હું તમને એટલું જણાવું કે, આ બનાવની અમે તપાસ કરી હતી, અને તે પરથી અમને માલમ પડ્યું હતું કે, મજકુર સ્વયંસેવકને એટલો બધો ચીડવવામાં આવ્યો હતો કે, પ્રતિકારમાં તે આવી જાતનો હુમલો કરે તો ગેરવાજબી ન ગણાય !" આ જવાબ મળ્યા પછી પંડિત નેહરુને ખામોશ રાખીને પૂછવાની ફરજ પડી હતી કે, "ચીડ ચડાવે એવા બોલના પ્રતિકારમાં બોલનારને છરી મારવાને માટે તે પૂરતું વાજબી કારણ ગણાય ખરું ?"[૨૬] એ જ પત્ર-વહેવાર દરમિયાન પંડિત નેહરુએ વારંવાર દર્શાવ્યું હતું કે, હિંસા કરવાને

---

૨૨. જમાલુદ્દીન અહમદ : પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૫૪.

૨૩. ૨૨માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૪૦.

૨૫. જુઓ : એસ. ડી. જાવડેકર : 'આધુનિક ભારત' (મરાઠી), પા. ૬૨૨.

૨૬. નેહરુ–નવાબ ઇસ્માઇલ પત્રવહેવાર. ડૉ. આંબેડકર : 'મુસ્લિમ ગૅન્ગસ્ટરિઝમ' (મુસ્લિમ ગુંડાગીરી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે વારંવાર ઉશ્કેરણી કરવામાં આવી છે, ને હજી થાય છે. અમને ખાતરી છે કે, મુસોલિનીના નામીચા થયેલા નીચે આપેલા વચનને આપણાં કોમી મંડળો તરફથી સામાન્યપણે જરૂર ટેકો મળે: "હિંસાને વિષે ગમે તેટલો અફસોસ કરીએ, તો પણ એટલી વાત સ્પષ્ટ છે કે, આપણા આદર્શોની સમજ પાડવાને માટે જક્કી ખોપરીઓને આપણે બધે સંભળાય એવા ફટકાઓથી ફોડી નાખ્યા વિના છૂટકો નથી."

હિંદ જેવા નિઃશસ્ત્ર દેશમાં હિંસાના સમર્થનનો પ્રચાર શરીરની જડ ભૂમિકાને બદલે ચિત્તની સૂક્ષ્મ ભૂમિકાને ઉદ્દેશીને થાય, એ તદ્દન સ્વાભાવિક છે. આ વિષયમાં પણ કોઈ અસલ શોધ કરવાને બદલે હિટલરની પોથી-માંથી જ આપણી બન્ને કોમી સંસ્થાઓએ પાઠ લીધા છે. સૂક્ષ્મ માનસિક હિંસાને અંગેની કાર્યપદ્ધતિનું વિવરણ કરતાં હરમૅન રોશનિંગ લખે છે:

> આધ્યાત્મિક વસ્તુઓ પ્રત્યે નફરતની લાગણી, સત્યની ઉપેક્ષા, નૈતિક આચારને લગતા આબરૂ બેઆબરૂના અને ન્યાય અન્યાયના નૈતિક ખ્યાલોની અવગણના, એ બધી જે વસ્તુઓથી જર્મનીના અને તેની બહારના દેશોના પ્રાકૃત વતનીઓના દિલમાં, કેટલાંક 'નૅશનલ સોશિયેલિસ્ટ,' એટલે કે રાષ્ટ્રીય સમાજવાદી અથવા નાઝી લોકોનાં કાર્યો પ્રત્યે રોષની લાગણી પ્રગટે છે, તે બધી વસ્તુઓ નાઝીઓની હિંસાની ફિલસૂફીની વિચારસરણીના સિદ્ધાંતનાં, શરીરમાં પેદા થતા મળના જેવાં ફેંકી દેવા લાયક દૂષિત તત્ત્વો નથી, પરંતુ તેના ન્યાયમાંથી અનિવાર્યપણે ફલિત થતાં સ્વાભાવિક તત્ત્વો છે. બુદ્ધિ, વ્યક્તિવાદની વિચારસરણી અને વ્યક્તિત્વનું મહત્ત્વ, એ બધી વસ્તુઓ પ્રત્યેનો, અને શુદ્ધ કળા તેમ જ શુદ્ધ વિજ્ઞાન તરફનો વેરભાવ, એ કોઈ એક માનવ-વંશની ખાસ અવળચંડી ફિલસૂફીએ સ્વૈર બુદ્ધિથી ઉપજાવી કાઢેલી વૃત્તિ નથી, પરંતુ હિંસાની શક્તિને પોતાના એક માત્ર ઐતિહાસિક પ્રેરક બળ તરીકે ઓળખનારી, ક્રાન્તિકારી કાર્યને માટે યોજવામાં આવેલી રાજકીય વ્યવસ્થામાંથી અનિવાર્યપણે ફલિત થતી વૃત્તિ છે.૨૭

ક્રાન્તિની કાર્યપદ્ધતિની આ જાતની વિચારસરણી મુજબ "સમાજનો શ્રેષ્ઠ વર્ગ કોઈ પણ પ્રકારના વિધિનિષેધોથી, અને માનવદયાની કમજોર લાગણીથી મુક્ત અથવા પર હોય છે, અને હૃદયહીન નિષ્ઠુરતાની વૃત્તિને

---

૨૭. 'જર્મનીઝ રેવોલ્યૂશન ઑફ ડિસ્ટ્રકશન' (જર્મનીની વિનાશક ક્રાન્તિ), પા. ૩૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવવાનો એ શ્રેષ્ઠ વર્ગની દરેક વ્યક્તિનો ધર્મ સમજવામાં આવે છે."[૨૮] એટલે દેખીતી રીતે જ આ પ્રકારના શ્રેષ્ઠ વર્ગમાં, જે વ્યક્તિ પોતાના અંતઃકરણને પૂછીપૂછીને તેના આદેશ અનુસાર પોતાનાં કાર્યોની દિશા નક્કી કરવાનો પ્રયાસ કરે છે, તેને જરાયે સ્થાન નથી. આપણી કોમી સંસ્થાઓએ ઊભો કરેલો અત્યાચારોનો બાઉ, માણસોની લાગણીઓને ઉશ્કેરીને ખળભળાવી મૂકવાની તેમની સસ્તી કાર્યપદ્ધતિ, ધર્મ અને જાતિને નામે તેમના તરફથી વારે વારે કરવામાં આવતી અપીલો, અને ઇતિહાસની ઘટનાઓની તેમણે કરેલી વિપરીત રજૂઆત, એ બધું સરવાળે માણસોની સંકુચિત, કોમી સ્વાર્થની હીન વૃત્તિઓને ઉશ્કેરીને, તેમનાં દિલ તેમ જ બુદ્ધિ પર અત્યાચાર ગુજારવાનો એક પ્રયાસ નથી તો બીજું શું છે? હિંદની વિશાળ આમજનતાને માટે સાચી હમદર્દીની, અથવા તેના કલ્યાણ સાટેની ચિંતાની કોઈ પણ જાતની લાગણી, મુસ્લિમ લીગ અથવા હિંદુ મહાસભા, બન્નેની પ્રવૃત્તિઓના ઇતિહાસમાંથી શોધવાનો આપણો પ્રયાસ વ્યર્થ નીવડે છે. અને એ વાતમાં કશું અચરજ પામવા જેવું પણ નથી, કેમ કે તેમની સર્વ નીતિ અને તેમનાં સર્વ કાર્યો, અને તેમની ફિલસૂફીઓ, માણસોનું કલ્યાણ સાધવાના આશયથી ઘડાયેલાં નથી, પરંતુ સત્તાનો કબજો મેળવવાના એક માત્ર ઉદ્દેશથી ઘડાયેલાં છે.

ડૉ. આંબેડકરે કર્યું છે તે પ્રમાણે, આ હુમલાખોર, વિકૃત તેમ જ જરા જરામાં તલવાર ખખડાવીને લડવા ઊભા થઈ જવાની દાંડાઈની લાગણીને માટે રેનાંને નામે સમર્થન શોધવાનો પ્રયાસ કરવો, એ સાવ ખોટું છે.[૨૯] પોતાના 'કવેસ્ત સે કયુ યુને નેશન ?' (એક રાષ્ટ્ર એટલે શું?) નામના નિબંધમાં રેનાંએ ભાર દઈને પ્રતિપાદન કર્યું છે, તે પ્રમાણે તેનો રાષ્ટ્રીયતાનો આખો ખ્યાલ તત્ત્વતઃ એક આધ્યાત્મિક ખ્યાલ છે.[૩૦] રેનાંને કહેવામાં આવે કે, શ્રી. ઝીણા અને શ્રી. સાવરકર તારી આધ્યાત્મિક સંતતિ છે, તો તે તત્કાળ એ વાતનો ઇન્કાર કરશે. તેમનો સાચો આધ્યાત્મિક પૂર્વજ તો ટ્રિટ્સ્કે છે. તેના પ્રતિપાદન પ્રમાણે રાજ્યસંસ્થા

૨૮. ૨૭માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૩૩.
૨૯. પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૨૯–૩૦.
૩૦. 'ડિસ્કોર્સ એત કૉન્ફરન્સેઝ' (ભાષણો અને ચર્ચાઓ), પા. ૩૦૬–૩૦૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સત્તાનું સામર્થ્ય બન્ને એકરૂપ છે, અને રાષ્ટ્રીય સંસ્કૃતિને ટકાવી રાખવાને માટે, તેમ જ તેનો ફેલાવો કરવા માટેની આવશ્યક શરત તરીકે સત્તાના સામર્થ્યને સ્વીકારીને તેણે તેને નૈતિક દરજ્જો આપ્યો છે.

કોમી રાષ્ટ્રવાદના આદર્શનું જો બરાબર પરીક્ષણ કરવામાં આવે, તો માલૂમ પડે છે કે, તે બિસ્માર્ક છાપના રાષ્ટ્રવાદના પ્રકારનો છે. "રાષ્ટ્રીયતાની ઘટનાનું ઉગ્રપણે અલગ પડવાનું ધોરણ"[૩૧] મુસ્લિમ લીગની બાબતમાં સ્પષ્ટપણે દેખાય છે. હિન્દુઓ સિવાય બાકીના સર્વને પોતાના આદર્શમાંથી બાદ રાખીને અળગા પડવાની, હિન્દુ મહાસભામાં મૂર્તિમંત થતા હિન્દુ રાષ્ટ્રવાદની વૃત્તિને પણ ઓળખી કાઢવાનું મુશ્કેલ નથી. બન્ને સંસ્થાઓનો રાષ્ટ્રવાદ સમસ્ત દેશના કરતાં તેની એક કોમને વર્ચસ્વનું ગૌરવ આપીને તેને રાજ્યસંસ્થાના બખ્તરમાં સજ્જ કરવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. શ્રી. ઝીણા અને શ્રી. સાવરકર બન્ને જણ રાષ્ટ્રવાદના આદર્શને નામે વાતો કરે છે, અને તેને વિષે ઊંડી શ્રદ્ધાનો દાવો કરે છે, છતાં તે આદર્શની સાથે અવિભક્તપણે સંકળાયેલી લોકશાહીની ભાવનાનો તેમને જરાયે ખપ નથી. આ પ્રકારનો લોકશાહીવિરોધી રાષ્ટ્રવાદ, મુસ્લિમો પ્રત્યેની હિન્દુ મહાસભાની 'તોછડાઈ અને ગુમાનની લાગણી'[૩૨] પુરવાર કરે છે તે મુજબ, કાં તો સામ્રાજ્યવાદની ભાષામાં, અગર મુસ્લિમ લીગના હિન્દુ રાષ્ટ્ર પ્રત્યેના કાવાદાવા દર્શાવે છે તે મુજબ, પ્રજાની એકતાની ભાવનાને ચૂંથી નાખવાની ભાષામાં જ વાત કરી શકે.

મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા, બન્નેને લશ્કરી સામર્થ્ય અને લશ્કરી પદ્ધતિ પર ભારે શ્રદ્ધા છે. હિન્દુ મહાસભાએ તો હકીકતમાં 'હિન્દુ મિલિટેરિઝેશન મંડળ', એટલે કે હિન્દુઓના લશ્કરીકરણ માટેનું એક મંડળ રચ્યું છે. પરંતુ લશ્કરી પદ્ધતિને ગૌરવ આપવાની વાત વિષેની આ શ્રદ્ધાની સાથે તેનાં અનિવાર્ય પરિણામો પણ સંકળાયેલાં છે. મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા, બન્ને હવે પછી થોડા જ વખતમાં પ્રો. લાસ્કીએ જેમને યથાર્થ રીતે "સ્વયંસંપૂર્ણતાનાં સહેજે ઓળખાઈ આવે

---

૩૧. એચ. જે. લાસ્કી: 'એ ગ્રામર ઓફ પોલિટિક્સ' (રાજકારણનું વ્યાકરણ), પા. ૨૨૦.

૩૨. ડૉ. બી. આર. આંબેડકરનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૨૯૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવાં લક્ષણો" તરીકે ઓળખાવ્યાં છે, તેમની શોધમાં નીકળી પડશે, અને તેમને માટેની ખોજને પરિણામે તેમના રાષ્ટ્રવાદનો આદર્શ રાજકીય ક્ષેત્રની મર્યાદામાંથી ફેલાઈને અર્થવ્યવસ્થાના ક્ષેત્રને પણ વ્યાપી વળશે.[૩૩] આનો અર્થ એ થશે કે, લોકોની આર્થિક સુસ્થિતિના ધોરણ પર, અને તેમના રાજકીય અધિકારો પર કાપ મૂકવા પડશે. બિસ્માર્ક છાપના રાષ્ટ્રવાદના 'आंतरिक विकास'નો આ રસ્તો તે બન્નેથી ટાળેલો ટાળી શકાવાનો નથી. રાષ્ટ્રવાદના આ પ્રકારના અમલમાં એટલે કે, કોમી રાષ્ટ્રવાદના અમલમાં સૌથી પહેલી હત્યા લોકશાહી, સુલેહશાન્તિ અને સામાજિક કલ્યાણની ભાવનાની થવાની છે. કોમી રાષ્ટ્રવાદ બિસ્માર્ક છાપના રાષ્ટ્રવાદની વિચારસરણીનાં જુદાં જુદાં અંગોનો સ્વીકાર કરે, ને તે છતાં તે વિચારસરણીમાંથી નીપજતા સમગ્ર પરિણામનું ફળ તેને ભોગવવું નહીં પડે એ શી રીતે બનવાનું હતું?

મુસ્લિમ લીગના અને હિન્દુ મહાસભાના જેવા એકબીજા પર હુમલો કરનારા, અને પરસ્પર વિરોધી રાષ્ટ્રવાદો હમેશ એક જીવસટોસટના દ્વંદ્વ યુદ્ધમાં મચેલા રહેતા હશે, એવી ધારણા કોઈ બાંધે તો તે તદ્દન કુદરતી છે. વળી હિન્દુઓ અને મુસ્લિમોને એક સરખી રીતે ગૂંગળાવી રહેલા પરદેશી અમલની સામે પણ તે બન્ને રાષ્ટ્રવાદો એકધારી લડત ચલાવ્યા કરતા હશે, એવી અપેક્ષા કોઈને રહે તો તે પણ સ્વાભાવિક છે. પરંતુ અનુભવે આ બન્ને અપેક્ષાઓને ખોટી ઠરાવી છે. પોતપોતાના રાષ્ટ્રીય ભાવીનું ભાન થયા પછી પણ મુસ્લિમ લીગ, કે હિન્દુ મહાસભા એમાંથી એકે સંસ્થાને ફાળે, પરદેશી રાજ્યતંત્રની સામેના પ્રતિકારનું એકે કાર્ય નોંધાયું નથી. મદુરા મુકામે મળેલી હિન્દુ મહાસભાની બેઠક દરમિયાન સરકારના તંત્ર પર સીધો હુમલો કરવાના ઠરાવ પર ચાલેલી ગરમાગરમ ચર્ચા, અને સરવાળે તેને મળેલી નામંજૂરી, પરદેશી તંત્રનો પ્રતિકાર કરવાના જીવનમરણનો ગણી શકાય એવા આ સવાલ વિષે હિન્દુ મહાસભાના વલણને સ્પષ્ટપણે દેખાડી આપે છે. એ જ પ્રમાણે મુસ્લિમ લીગની કાર્યવાહીમાંથી બ્રિટિશ સરકારને આપવામાં આવેલી ઘોર ચેતવણીઓ અને કડક દમદાટીઓ અનેક જોવાની મળે છે. પરંતુ સરકાર પરના સામી

૩૩. આલ્ફ્રેડ કોબન: 'ડિક્ટેટરશિપ' (સરમુખત્યારશાહી), પા. ૨૧૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતીના હુમલાના સ્વરૂપમાં તે બધી પ્રત્યક્ષ થયેલી જાણવામાં નથી. પૅલેસ્ટાઈનના અરબ લોકોને વાજબી ન્યાય આપવામાં નહીં આવે તો જે ભયંકર પરિણામો આવશે, તેની શ્રી. ઝીણાએ બ્રિટિશ લોકોને કડક શબ્દોમાં ચેતવણી આપી રાખી હતી. મુસ્લિમ લીગનું પાણી કેટલું છે, તે પોતાની વિચક્ષણ દૃષ્ટિથી પારખી ગયેલી બ્રિટિશ સરકારે પૅલેસ્ટાઈનના અરબોની બાબતમાં પોતે જે ધારી રાખ્યું હતું તે જ કર્યું. તે જ પ્રમાણે મુસ્લિમ લીગના બધા ઉગ્ર ઠરાવોને ઘોળીને પી જઈને બ્રિટિશ લોકોએ સિરિયા, ઇરાક અને ઈરાનના મુલકોનો કબજો લેવાનો ધાર્યો હતો, તે લીધો જ. શ્રી. સી. વાય. ચિન્તામણિના શબ્દોમાં કહીએ, તો આપણા કોમી આગેવાનો સામાન્યપણે "ભાષણના તખ્તા પરના ફિલ્ડ માર્શલો"ની છટાથી શોભે છે, અને રાષ્ટ્રીય મહાસભા હજીયે સરકારના દમનનો આખો ભાર વેઠ્યા કરે છે.

બીજું, પરસ્પર જીવસટોસટના દ્વંદ્વ યુદ્ધમાં મચી રહેવાની વાત તો આઘી રહી, ઊલટું એકબીજાના નામના ઉચ્ચારને પણ ભયંકર શાપ સમાન લેખનારી આ બે સંસ્થાઓએ ઊંડા મર્મથી ભરેલા એક પ્રસંગે સહકાર્ય કર્યું હતું, અને દિલ પીગળાવી નાખે એવી પરસ્પર સમજૂતીની લાગણી દર્શાવી હતી. તે પ્રસંગની તારીખ હતી ૧૯૩૯ ની સાલના ડિસેમ્બર માસની ૨૨મી. તે દિવસે મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભાએ સાથે મળીને એક 'મુક્તિ દિન'ની[૩૪] ઉજવણી કરી હતી. કોઈ એમ માનવાની ભૂલ ન કરે કે, દોઢસો વરસથી ચાલતા આવેલા પરદેશી શાસનમાંથી હિન્દની મુક્તિ થઈ હતી, તેના ઉમંગની આ ઉજવણી હતી. આ ઉત્સાહ હતો રાષ્ટ્રીય મહાસભાએ પાછલા સત્તાવીશ માસ દરમિયાન સ્થાપેલી લોકશાહી સરકારોના શાસનમાંથી માંડ મુક્તિ મળી હતી તેનો! અહીં એ પણ

---

૩૪. "હું ઇચ્છું છું કે, હિન્દભરના મુસલમાનોએ ૨૨મી ડિસેમ્બર, ૧૯૩૯ ને શુક્રવારનો દિવસ મુક્તિના દિન તરીકે — રાષ્ટ્રીય મહાસભાની સરકારોના અમલનો આખરે અંત આવ્યો છે, તેથી આપણને થયેલી રાહતની લાગણીની નિશાની દાખલ . . . . . . અને રાષ્ટ્રીય મહાસભાના અન્યાયી રાજ્યમાંથી આખરે આપણે છૂટ્યા, તે માટે ખુદાનો પાડ માનવાને માટે ઉજવવો."
—એમ. એ. ઝીણા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શાવવાની જરૂર છે કે, જે દિવસે મુક્તિ દિનની ઉજવણીઓ હિન્દભરમાં પૂર બહારમાં ચાલી રહી હતી, તે દિવસ પૂર્વે જ જુદા જુદા પ્રાન્તોના ગવર્નરોએ રાજવહીવટનો કુલ કાબૂ સંભાળી લીધો હતો, અને અમર્યાદ આપખુદ શાસનના અમલનો આરંભ થઈ ચૂક્યો હતો. હિન્દુ મહાસભા કે મુસ્લિમ લીગ, એમાંથી એકે સંસ્થાને આ હકીકતમાં કંઈ વાંધો લેવા જેવું જડ્યું નહોતું. કદાચ એમ હશે કે, એકસો ને પચાસ વર્ષના લાંબા ગાળા સુધી આપખુદ રાજ્યઅમલના અનુભવથી રીઢા થઈ ગયેલા એ લોકોને આપખુદ અમલની સખતાઈ હવે ખૂંચતી નથી, અને આટલા લાંબા ગાળાની ટેવથી તેમના ચારિત્ર્યનું એક એવું લક્ષણ જ ઘડાઈ ગયું છે.

બીજા એક લક્ષણમાં પણ હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગ વચ્ચેનું સગપણ અચૂક જોવાનું મળે છે. એ છે તે બંનેએ ચલાવેલો રાષ્ટ્રીય મહાસભાનો એકધારો વિરોધ, અને તેની સામેના તેમના ટીકાના પ્રહારો. કેમ જાણે હિન્દની પ્રજાની ગરીબી, તેની નિરક્ષરતા અને તેની પરાધીનતા, એ બધાંની જવાબદારી રાષ્ટ્રીય મહાસભાની ન હોય !

આટલી ઝીણવટથી થયેલા પરીક્ષણને અંતે કોમી રાષ્ટ્રવાદનું સાચું પોત પરખાઈ આવે છે. તે રાષ્ટ્રવાદ ખૂન અને ખંજરની ભાષામાં વાતો કરે છે, છતાં બિસ્માર્ક છાપના રાષ્ટ્રવાદના મૂળ આધાર જેવા, પરદેશી સત્તાના અપ્રતિહત, કઠોર વિરોધનું તેના કાર્યોમાં કોઈ ઠેકાણે દર્શન થતું નથી. આમ જોતાં કોમી રાષ્ટ્રવાદ હિંસાની શક્તિ પરની પોતાની શ્રદ્ધાની જાહેરાત કર્યા કરે છે, અને લોકશાહીનો વિરોધ કરે છે, તે છતાં તેને બિસ્માર્કની અસલ છાપના રાષ્ટ્રવાદ તરીકે ઓળખાવી શકાય તેમ નથી. બહુ બહુ તો તેને વિષે એમ કહી શકાય કે, બિસ્માર્કે પ્રતિપાદેલા સિદ્ધાંતોમાંથી ફૂટી નીકળેલી, રાષ્ટ્રવાદનું નામ ધારણ કરનારી એ એક નકલી વસ્તુ છે, અને તેની અસલ નેમ, આમજનતાને ભમાવીને તેના દિલ પર પોતાના પ્રગતિવાદી લક્ષણની ખોટી છાપ પાડીને સત્તાનાં સ્થાનોએ પહોંચી જવાતું હોય, તો પહોંચી જવાની છે.

કેમ કે, મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા, બંનેએ એવી શોધ કરી છે કે, આપણે રાષ્ટ્રીય મહાસભાને ઉતારી પાડીને જ ફાલી શકીશું. બેશક એક બીજો વિકલ્પ સ્વીકારવો હોય તો તેમની સામે પડેલો છે. પરદેશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારની સામે પડીને તે બન્ને ધારે તો પોતપોતાનો વિકાસ સાધી શકે. પરંતુ એ વસમી વાત છે, કોઈ પણ સંજોગોમાં જીવલેણ સાહસનું કાર્ય છે. તેને પરિણામે એવું બનવાનો સંભવ રહે છે કે, તે બન્ને સંસ્થાઓનો આખો પાયો જ ઊડી જાય, ને પછી પેલા "ભાષણના તખ્તાના ફિલ્ડ માર્શલો"નો કોઈ ભાવ પણ ન પૂછે. ઉપરાંત યુદ્ધે તેમને પોતાનું મહત્ત્વ વધારી દેવાની એક અણધારેલી દુર્લભ સંધિ મેળવી આપી છે. ૧૯૪૦ની સાલની શરૂઆતમાં શ્રી. ઝીણાએ આ વાત ચોખ્ખા શબ્દોમાં જણાવી હતી:

સૌ કોઈને યાદ હશે કે, યુદ્ધ જાહેર થયું ત્યાં સુધી વાઇસરૉયને કદી મારા દરજ્જાનો ખ્યાલ આવ્યો નહોતો, ને તેને એમ લાગતું હતું કે, બસ આ ગાંધી જ દેશમાં એક મહત્ત્વનો માણસ છે. આજે જેનો આગેવાન થવામાં હું માન સમજું છું, તે મધ્યવર્તી ધારાસભાના મુસ્લિમ લીગ પક્ષના કરતાં એક વધારે મોટા અને મહત્ત્વના પક્ષનો હું ઘણા વખત સુધી આગેવાન રહ્યો હતો. પરંતુ આજ પહેલાં વાઇસરૉયને આ ઝીણા કોણ છે, તે જાણવાની પણ પડી નહોતી.[૩૫] શ્રી. સાવરકરે દર્શાવ્યું છે કે, યુદ્ધના સંજોગોના અણીના પ્રસંગે સરકારને 'રાષ્ટ્રીય મહાસભા વત્તા મુસ્લિમ લીગ બરાબર હિન્દના લોકો' એ પેલા જૂના સમીકરણને ભૂલી જવાની ફરજ પડી છે, અને હવે તે નવો દાખલો શીખી છે કે, 'હિન્દુ મહાસભા, મુસ્લિમ લીગ અને રાષ્ટ્રીય મહાસભા, એ ત્રણ મળીને તેમની બરાબર હિન્દી પ્રજાના પ્રતિનિધિત્વનો સરવાળો થાય છે.'[૩૬]

આ ભૂમિકામાં જોઈએ, તો રાષ્ટ્રીય મહાસભાને ઉતારી પાડવાના તે બંને સંસ્થાઓના પ્રયાસથી અચરજ પેદા થતું નથી, કેમ કે મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાને પોતપોતાનું મહત્ત્વ વધારવાનો એ એકમાત્ર રસ્તો દેખાય છે. ભાષાશાસ્ત્રીઓ જેમ કવિઓની મહેનત પર જીવે છે, તેમ આ બંને સંસ્થાઓ રાષ્ટ્રીય મહાસભાની મહેનત પર જીવવા માગે છે. પાછલાં ચાર વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય મહાસભા પર તેમની ટીકાના પ્રહારોની એકધારી ઝડી વરસતી રહી છે, અને ધ્યાનમાં લેવા

---

૩૫. ૧૯૪૦ની સાલના માર્ચ માસમાં લાહોર મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકને પ્રમુખપદેથી કરેલા ભાષણમાં.

૩૬. મદુરામાં ૧૯૪૦ની સાલના ડિસેમ્બર માસમાં મળેલી હિન્દુ મહાસભાની બેઠકના પ્રમુખ તરીકેના ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું એ છે કે, તે બંને સંસ્થાઓની ટીકાઓ પરસ્પરનો છેદ ઉડાવી દે છે. ૧૮૩૭ની સાલના ડિસેમ્બર માસની ૧૫મી તારીખે શ્રી. ઝીણાએ લાહોર મુકામે જાહેર કર્યું હતું કે,

જ્યારથી તે લોકોએ (રાષ્ટ્રીય મહાસભાએ) જે છ પ્રાંતોમાં તેમને વધુમતી મળી છે, તે છ પ્રાંતોમાં પોતાની સરકારો રચી છે, ત્યારથી તેમનાં વચનો, કાર્યો અને કાર્યપદ્ધતિથી તેમણે સાફ બતાવી આપ્યું છે કે, મુસ્લિમોએ તેમને હાથે ન્યાય અથવા પ્રામાણિક વર્તન મળે, એ આશા છોડી દેવી.

તે જ દિવસે ભાઈ પરમાનંદે કરાંચીમાં કરેલા એક ભાષણમાં જણાવ્યું હતું કે,

છ હિંદુ પ્રાંતોમાં અત્યારે રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાનમંડળો રાજસત્તાનો વહીવટ કરે છે, અને બાકીના ચાર કે પાંચ પ્રાંતોમાં મુસ્લિમ પ્રધાનમંડળોની રચના કરવામાં આવેલી છે. હિંદુ પ્રાંતોનો વહીવટ કરનારાં રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાનમંડળોનું વલણ મને જરાયે સમજાતું નથી. હિંદુઓ કે રાષ્ટ્રીય મહાસભાની જરાયે પરવા રાખ્યા વિના પોતાની કોમનાં હિતોનું જતન કરવાની મુસ્લિમ પ્રધાનમંડળોને પૂરેપૂરી છૂટ છે, ત્યારે રાષ્ટ્રીય મહાસભાનાં આ પ્રધાનમંડળો રાષ્ટ્રીય મહાસભાના મુસ્લિમોને અનુકૂળ કાર્યક્રમને વરેલાં છે, અને મુસ્લિમોની કદી ન પૂરી શકાય તેવી કોમી ભૂખને સંતોષવાને એકેએક પ્રયત્ન કરવાને ઉત્સુક રહે છે. આ આખી પરિસ્થિતિનું નિષ્પક્ષપણે અવલોકન કરનાર કોઈ પણ માણસને સાફ દેખાશે કે, મુસ્લિમ પ્રાંતોમાં વસતા હિંદુઓએ જો પોતાનાં હિતોનું સંરક્ષણ કરવું હોય, અને આબરૂભેર તેમ જ સ્વાભિમાન સાચવીને જીવવું હોય, તો તેમનો એક હિંદુ પક્ષના ઝંડા નીચે એક થયા વિના છૂટકો નથી.[૩૭]

દેશી રજવાડાંઓની પ્રજાની રાજકીય સુધારાઓ મેળવવા માટેની, તેમ જ જવાબદાર રાજ્યતંત્રોની સ્થાપના માટેની હિલચાલોને ટેકો આપવાની

---

૩૭. સિંધ હિંદુ પરિષદને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં. વળી જુઓ: "બંગાળમાં, સરહદના પ્રાંતમાં, સિંધમાં અને જેમાં હિંદુ વસ્તીની વધુમતી છે તેવા સંયુક્ત પ્રાંતમાં પણ, પ્રાંતિક સ્વરાજની સ્થાપના થયા પહેલાં હિંદુઓની જે સ્થિતિ હતી, તેના કરતાં રાષ્ટ્રીય મહાસભાના અમલ દરમિયાન વધારે કથળી છે, એ વાત શું સાચી નથી?" — ૧૯૩૯ની સાલના ફેબ્રુઆરી માસમાં ભરાયેલી બંગાળ હિંદુ મહાસભા પરિષદને પ્રમુખપદેથી શ્રી. વી. ડી. સાવરકરે આપેલા ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા માર્ગદર્શન કરાવવાની રાષ્ટ્રીય મહાસભાની નીતિને વિષે પણ આવી જ જાતની પરસ્પર વિરોધી ટીકાઓનો મારો ચલાવવામાં આવ્યો હતો. હિંદુ મહાસભાએ તે નીતિને નીચેના શબ્દોમાં વખોડી કાઢી હતી :

હિંદુ મહાસભા જાહેર કરે છે કે, રાષ્ટ્રીય મહાસભાની નીતિ ઉપર ઉપરથી વાજબી ભાસે તેવા જવાબદાર રાજ્યતંત્રોની માગણીના ઓઠા નીચે હિંદી દેશી રજવાડાંઓને દબાવવાની, અને તેમના આંતરિક વહીવટમાં દખલગીરી કરવાની છે. વળી રાષ્ટ્રીય મહાસભાની આ વિષયને લગતી પ્રવૃત્તિઓ હૈદરાબાદ, ભોપાલ, ભાવલપુર, રામપુર અને મલેરકોટલા વગેરે જેવાં મુસ્લિમ રજવાડાંઓને લગભગ વેગળાં રાખીને એકલાં હિંદુ રજવાડાંઓ પૂરતી જ ચલાવવામાં આવે છે, અને તેમના પર જ એકાગ્ર કરવામાં આવી છે, તેથી તે નીતિ સર્વ દેશી રજવાડાંઓમાં જવાબદાર રાજતંત્રોની સ્થાપનાના આશયથી પ્રેરાયેલી હોય એમ લાગતું નથી; અને તેથી હિંદુ મહાસભા જાહેર કરે છે કે, રાષ્ટ્રીય મહાસભાની આ પ્રકારની પ્રવૃત્તિઓ હિંદુ રજવાડાંઓની કનડગત કરવાને માટે ચલાવવામાં આવે છે, અને ખાસ કરીને ત્રાવણકોર, મૈસૂર અને વડોદરા જેવાં આગળ વધેલાં અને સારા રાજવહીવટવાળાં હિંદુ રજવાડાંઓમાં તોફાનની ઉશ્કેરણી કરવાને માટે તે પોતાના સામર્થ્યનો ગેરઉપયોગ કરે છે, એ સિવાય તેની નીતિનો બીજો કશો અર્થ થતો નથી.૩૮

અને બીજી બાજુથી મુસ્લિમ લીગે રાષ્ટ્રીય મહાસભાની દેશી રજવાડાંઓમાં દરમિયાનગીરી કરવાની નીતિને મુસ્લિમ-વિરોધી નીતિ તરીકે ઓળખાવીને વખોડી કાઢી. ૧૯૩૮ની સાલના ડિસેમ્બર માસમાં પટના મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકમાં દેશી રજવાડાંઓ વિષેનો ઠરાવ રજૂ કરતાં શ્રી. હસન ઇમામે જણાવ્યું હતું કે, હિન્દુ વસ્તીની વધુમતીવાળાં કેટલાંક રજવાડાંઓમાં પ્રત્યક્ષ તેમ જ અપ્રત્યક્ષ રીતે દખલગીરી કરવામાં "રાષ્ટ્રીય મહાસભાનો હેતુ જે બતાવવામાં આવે છે તે નથી, પણ જુદો જ છે. અમુક ચોક્કસ રજવાડાંઓ પર, અને ખાસ કરીને હૈદરાબાદ પર તેનો વહીવટ એક મુસ્લિમ રાજકર્તાના હાથમાં છે, તેટલા જ કારણસર જાતજાતના આક્ષેપો કરવામાં આવ્યા છે, પરંતુ, જે કાશ્મીરના રજવાડાનો

---

૩૮. ૧૯૩૯ની સાલના ડિસેમ્બર માસમાં નાગપુર મુકામે ભરાયેલી હિંદુ મહાસભાની બેઠકે મંજૂર કરેલો ઠરાવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા હિંદુ છે, ત્યાંની મુસ્લિમ કોમની ફરિયાદો વિષે તેને કશું કહેવા જેવું લાગતું નથી."

રાષ્ટ્રીય મહાસભાનું દરેકેદરેક કાર્ય હિંદુ મહાસભાને હિંદુવિરોધી લાગે છે, અને મુસ્લિમ લીગને મુસ્લિમ-વિરોધી દેખાય છે. રાષ્ટ્રીય મહાસભાની દરેક વાતને મચડી તેને જુઠ્ઠાણાંથી ભરેલો વળ આપીને તે બંને પોતપોતાને માટે ટેકો મેળવવાની, અને પોતાની તાકાત વધારવાની આકાંક્ષા રાખે છે.

મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભા, બંનેની દૃષ્ટિથી પાછલાં હજાર વર્ષનો હિંદનો ઇતિહાસ કેવળ કલેશ અને ઘર્ષણનો ઇતિહાસ છે. તેમની દૃષ્ટિથી તે ઇતિહાસનો હિંદી પ્રજાને મળેલો વારસો પરસ્પર વેરભાવનો, અને યુદ્ધની પરંપરાનો છે. રાષ્ટ્રીય મહાસભા આસ્તે આસ્તે હિંદમાંથી નામશેષ થઈ જાય, એમ તે બંને ઇચ્છે છે, કે જેથી ત્યાર પછી તે બંને એ પરંપરાને આગળ ચલાવીને તેમાંથી બંને કોમ વચ્ચેના ઝઘડાને કોઈ ચોક્કસ નિકાલને રસ્તે ચઢાવી શકે. પરંતુ તેમની ધારેલી, પરસ્પરને થકવવાની લાંબી લડાઈ ધૂમાતી હશે, તે દરમિયાન હિંદની મુક્તિની લડતનું શું થશે? આ પરસ્પર ઉચ્છેદક યુદ્ધથી સરવાળે ત્રીજા પક્ષને એટલે કે ત્રિકોણના પાયાને જ લાભ થવાનો છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે, આપણા દેશના કોમી રાષ્ટ્રવાદો બિસ્માર્કની અસલ છાપના રાષ્ટ્રવાદો નથી, પરંતુ નામ અને દેખાવ પૂરતા જ તે છાપના છે.

૨

'લઘુમતી કોમ'ના એક બીજા આગળ પડતા આગેવાન ડૉ. ભીમરાવ આંબેડકરે પાકિસ્તાનનું ફિલસૂફીની દૃષ્ટિથી સમર્થન કરવાને, અને તેને રાજકારણની દૃષ્ટિથી આધાર આપવાને હમણાં હમણાં એક ગ્રંથ[૩૯] લખ્યો છે. તેમાં તેમણે મુસ્લિમોમાં હિંદથી અલગ પડવાની જે ભાવના પ્રગટ થઈ છે, તે માટે બે મુખ્ય કારણો દર્શાવ્યાં છે. તેમણે ગણાવેલું પહેલું કારણ રાષ્ટ્રીય મહાસભાની સરકારોએ મુસ્લિમો પર ગુજારેલા 'અત્યાચારો' છે.

---

૩૯. 'થૉટ્સ ઑન પાકિસ્તાન' (પાકિસ્તાન વિષે વિચારો), મુંબઈની થૅકર ઍન્ડ કંપની તરફથી ૧૯૪૦ની સાલમાં પ્રસિદ્ધ થયેલું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે વરસ અને સાત મહિના સુધી ચાલેલા રાષ્ટ્રીય મહાસભાના રાજ-વહીવટથી મુસ્લિમોની આંખો ખૂલી ગઈ છે, અને તેને પરિણામે તે લોકો રાષ્ટ્રીય મહાસભાના સૌથી કડવા દુશ્મનો બન્યા છે. મુસ્લિમ લીગે સાફ સાફ જાહેર કર્યું છે કે, રાષ્ટ્રીય મહાસભાના અમલ દરમિયાન મુસ્લિમો પર ખરેખર જુલમો ગુજારવામાં આવ્યા હતા, અને તેમના પર દમન ચલાવવામાં આવ્યું હતું. મુસ્લિમ લીગે નીમેલી બે સમિતિઓએ તે જુલમો અને દમનના હેવાલો તૈયાર કર્યા છે, એમ કહેવાય છે.૪૦

જે વિદ્વાન ડૉકટર સાહેબ સામાન્યપણે હિન્દના કોમી સવાલની, અને તેમાંયે વિશેષે કરીને મુસ્લિમ કોમના દાવાની આટઆટલી ઝીણી વિગતોમાં ઊતર્યા છે, તેમણે રાષ્ટ્રીય મહાસભા પર મૂકવામાં આવેલા આરોપોને અંગે તે ફરિયાદને સાચી ઠરાવવાને માટે પ્રથમ દર્શને કંઈ પુરાવો મળે છે કે નહીં, તેની તપાસ કરવાની દરકાર કરી નથી, એ આપણું દુર્ભાગ્ય છે, અને તેથી ખૂબ અચરજ પણ થાય છે.

મુસ્લિમ લીગે રાષ્ટ્રીય મહાસભાના અમલની સામે 'જુલમ'નો આરોપ વારંવાર કર્યો છે. પરંતુ આજની ઘડી સુધી તે આરોપોની નથી તપાસ થઈ કે નથી તે સાબિત થયા. શ્રી. ફઝલૂલ હકે એક વખત પંડિત જવાહરલાલ નેહરુને પડકાર કર્યો હતો કે, હું તે આરોપો સાબિત કરી આપીશ. તે ઉપરથી પંડિત નેહરુ શ્રી. હકે સૂચવ્યું હતું તે મુજબ તેમની સાથે, આ વાતમાં સાચું શું છે તેની ખાતરી કરવાને દેશભરમાં ફરવાને સંમત થયા હતા. શ્રી. હકે પંડિતજી સાથે થયેલો આ કબાલો હજી પૂરો કર્યો નથી, અને તે કેમ બન્યું તેનાં કારણો હજી સંપૂર્ણપણે જાણવામાં આવ્યાં નથી.

૧૯૩૯ ની સાલના ઑક્ટોબર માસની ૫ મી તારીખે રાષ્ટ્રીય મહાસભાના તે સમયના પ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદે શ્રી. ઝીણાને એક પત્ર લખ્યો હતો, અને તેમાં જણાવ્યું હતું કે,

> અખિલ હિન્દ મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિએ દિલ્હી મુકામે મળીને હાલમાં મંજૂર કરેલા ઠરાવમાં પ્રાન્તિક સરકારો વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રાન્તિક સ્વરાજની સ્થાપનાને પરિણામે ઘણા પ્રાન્તોમાં હિન્દુઓનું તે તે પ્રાન્તોની મુસ્લિમ લઘુ-

૪૦. ૩૯માં ઉલ્લેખેલું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતી કોમો પર વર્ચસ્વ જામ્યું છે, અને તેથી મુસ્લિમોનાં જીવન અને સ્વતંત્રતા, મિલકતો અને આબરૂ, જોખમમાં આવી પડયાં છે, એટલું જ નહીં, પણ જુદા જુદા પ્રાન્તોની રાષ્ટ્રીય મહાસભાની સરકારોના અમલમાં મુસ્લિમોના ધાર્મિક અધિકારો તેમ જ તેમની સંસ્કૃતિ પર રોજ રોજ આક્રમણ થયા કરે છે, ને તેમનો ઉચ્છેદ થઈ રહ્યો છે. અમને એમ લાગે છે કે, આ આક્ષેપો તદ્દન પાયા વગરના છે . . . જે જે સરકારો સામે આવી જાતના આક્ષેપો કરવામાં આવ્યા છે, તેમણે જ્યારે જ્યારે એ પ્રકારના આક્ષેપો થયા છે ત્યારે તે બાબતમાં તપાસ ચલાવી છે, ને તેમનો ઇન્કાર કર્યો છે. આ પૂર્વે એક પ્રસંગે આ જાતના આરોપોને લગતા ચોક્કસ દાખલાઓની કોઈ નિષ્પક્ષ અધિકારી મારફતે તપાસ કરાવવાની અમારી તત્પરતા અમે જાહેર કરી હતી. અમારો દૃઢ અભિપ્રાય છે, અને મને વિશ્વાસ છે કે, તમે પણ અમારી સાથે સંમત થશો કે, આ પ્રકારના આક્ષેપો જ્યારે ગંભીરપણે કરવામાં આવે ત્યારે તેમને વિષે તપાસ થવી જોઈએ, અને તેમને આમ કે તેમ, સાચા કે ખોટા સાબિત કરી લેવા જોઈએ. આ આરોપોને અંગેના ચોક્કસ દાખલાઓ વિગતે રજૂ કરવામાં આવે, અને તેમને વિષે આ જાતનો માર્ગ લેવાય એમ અમે ઇચ્છીએ છીએ. તમારી જો સંમતિ હોય તો હિન્દના સૌથી વડા ન્યાયાધિકારી, સમવાયી રાજ્યતંત્રની સૌથી વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સર મૉરિસ ગ્વાયરને આ બાબતની તપાસ હાથ ધરવાને અમે વિનંતિ કરીએ.

શ્રી. ઝીણાએ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખની આ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. તેમણે જવાબમાં લખ્યું:

અત્યારે આ બાબતની નામદાર વાઇસરોય વિચારણા કરે છે, અને જે પ્રાંતોમાં રાષ્ટ્રીય મહાસભાની સરકારો વહીવટ કરે છે, તે પ્રાંતોના મુસલમાનોને પોતાની સલામતીની લાગણી સંપૂર્ણપણે પાછી બેઠી થાય અને તેમને પૂરેપૂરું સમાધાન થાય, તે માટેની અમારી માગણીઓ તેમ જ જરૂરિયાતોને પૂરી કરવાને અંગે જે કંઈ કરવું જરૂરી હશે તે કરવાને, અને તે માટેનાં પગલાં લેવાને તે નામદાર યોગ્ય અધિકાર ધરાવે છે.

આ પછી ત્રણ અઠવાડિયાંનો ગાળો વીતે, તે પહેલાં જ યુદ્ધના સવાલને અંગે રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં, અને શ્રી. ઝીણાએ રાષ્ટ્રીય મહાસભાની સામે રજૂ કરેલા તહોમતનામાને વિષે નામદાર વાઇસરોયનો શો અભિપ્રાય થયો હતો, તે જાણવાનો પ્રસંગ ન આવ્યો. પોતે કરેલા આક્ષેપોની તપાસ કરવાને માટે એક શાહી કમિશનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિમણૂકની માગણી ત્યાર પછી શ્રી. ઝીણાએ કરી હતી, પરંતુ તે માગણીને સરકારે નામંજૂર કરી હતી, અને બીજે કોઈ પણ સ્થળેથી તેને ટેકો મળ્યો નહોતો. એટલે પેલા 'અત્યાચારો' આજની ઘડી સુધી તપાસ વિનાના અને પુરવાર થયા વિનાના આક્ષેપો જ રહ્યા છે.

મુસલમાનોની અલગપણાની લાગણી ઊભી થઈ, તેનું ડૉ. આંબેડકરે આપેલું બીજું કારણ વધારે રસિક છે, અને તેટલું જ મહત્ત્વનું છે. તે કારણ આપતાં તેમણે એકલા મુસ્લિમોના જ નહીં, બીજી લઘુમતી કોમોના વલણનો પણ આપણને ખ્યાલ આપ્યો છે.

> રાષ્ટ્રીય મહાસભા તેમના સ્વાભિમાનને ઓળખે, અને સ્વીકારે તે વાતની મુસ્લિમો અને બીજી લઘુમતી કોમોને વધારે પડી છે. તે સર્વને પણ પોતપોતાની ગૌરવની લાગણી છે, અને તેને તે બધી સુવર્ણના બદલામાં પણ છોડવાને તૈયાર નથી. તે બધી લઘુમતી કોમોને સ્વતંત્ર તેમ જ સમાન દરજ્જાના ભાગીદારો તરીકે સ્વીકારીને, અને રાજવહીવટની સત્તામાં તેમના અસરકારક પ્રતિનિધિઓને હિસ્સો આપવાનું કબૂલ રાખીને રાષ્ટ્રીય મહાસભાએ પોતાની ચોખ્ખી દાનતની સાબિતી આપવી જોઈએ.[૪૧]

ડૉકટર સાહેબનું આ આખું વિધાન અત્યંત ઝીણવટથી તપાસવા જેવું છે. આને અંગે વિચારવાનો પહેલો જે સવાલ ઊભો થાય છે તે એ છે કે, આ લઘુમતીઓ કોણ કોણ છે? મહાત્મા ગાંધીએ તે સવાલનો નીચેના શબ્દોમાં જવાબ આપેલો છે :

> તે બધી (લઘુમતીઓ) ધાર્મિક, રાજકીય અને સામાજિક એમ અનેક પ્રકારની છે: જેમ કે, મુસલમાનો (ધાર્મિક); અસ્પૃશ્ય વર્ગો (સામાજિક); વિનીતો (રાજકીય); રજવાડાંઓ (સામાજિક); બ્રાહ્મણો (સામાજિક); લિંગાયતો (સામાજિક); શીખો (સામાજિક?) ખ્રિસ્તીઓ— પ્રૉટેસ્ટંટ પંથના અને રોમન કૅથલિક પંથના (ધાર્મિક); જૈનો (સામાજિક?); જમીનદારો (રાજકીય?); . . . . આ બધા જે વર્ગો મેં ગણાવ્યા છે, તેમની એકેએકની સાથે રાષ્ટ્રીય મહાસભાને કામ લેવાની ફરજ પડી છે. મેં આપેલી યાદી સંપૂર્ણ નથી. તે માત્ર વાતના મુદ્દાને સમજાવવા પૂરતા દાખલાઓની યાદી છે. તેને લંબાવવી હોય તો ગમે તેટલી લંબાવી શકાય.[૪૨]

---

૪૧. ૩૯ માં ઉલ્લેખેલું પુસ્તક.

૪૨. 'હરિજન' ૧૬, ઑકટોબર, ૧૯૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. આંબેડકર જણાવે છે તે મુજબ શું આ લઘુમતીઓની સાથે "સમાન અને સરખા દરજ્જાના ભાગીદારો" તરીકેનું વર્તન રાખવાનું છે? અને શું તે સર્વને રાજવહીવટની સત્તામાં હિસ્સો આપવો, એવી તેમની સલાહ છે?

આ સવાલના જવાબમાં કદાચ એવી દલીલ રજૂ કરવામાં આવે કે, આટલા બધા વ્યાપક અર્થમાં લઘુમતી કોમોને રાજવહીવટની સત્તામાં હિસ્સો આપવાનો આ સવાલ નથી, પરંતુ માગણી એવી છે કે, મહત્ત્વની લઘુમતી કોમોના 'અસરકારક પ્રતિનિધિઓ'ને તે સત્તામાં હિસ્સો મળવો જોઈએ. ત્યારે "લઘુમતી કોમોના આવા અસરકારક પ્રતિનિધિઓ કોને ગણવા? તે બધા કોણ કોણ છે?" આપણે મહાન મુસ્લિમ કોમનો જ વિચાર કરીએ. શું મુસ્લિમ લીગને મુસ્લિમ કોમની અસરકારક પ્રતિનિધિ સંસ્થા તરીકે સ્વીકારી લેવી જોઈતી હતી? ૧૯૩૭ની સાલમાં થયેલી પ્રાન્તિક ધારાસભાઓની ચૂંટણીઓમાં આવેલાં પરિણામોથી એ નિર્ણયને સમર્થન મળતું નથી, કેમ કે તે પરિણામોનું નીચે આપેલું પત્રક જુદી જુદી પ્રાન્તિક ધારાસભાઓમાં લીગના પ્રતિનિધિઓનું બળ કેટલું હતું, તે સ્પષ્ટપણે દર્શાવે છે.

પ્રાન્ત	મુસ્લિમ લીગ	બીજા મુસ્લિમ સમૂહો
મદ્રાસ	૧૧	૧૭
મુંબઈ	૨૦	૯
બંગાળ	૪૦	૭૭
યુક્ત પ્રાન્ત	૨૭	૩૭
પંજાબ	૧	૮૩
બિહાર	૦	૩૯
મધ્ય પ્રાન્ત	૦	૧૪
આસામ	૯	૨૫
વાયવ્ય સરહદનો પ્રાન્ત	૦	૩૬
ઓરિસ્સા	૦	૪
સિન્ધ	૦	૩૬
કુલ	૧૦૮	૩૭૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે અલબત્ત આ જ જો મુસ્લિમ લીગની સિદ્ધિ હોય, તો તેને મુસ્લિમ કોમની અસરકારક પ્રતિનિધિ સંસ્થા તરીકે કેવી રીતે સ્વીકારી શકાય? અમને આશા છે કે, કોઈ પણ કોમના 'અસરકારક આગેવાનો'-ને તે કોમની વધુમતીનો ટેકો હોવો જોઈએ, એ વાતની સામે તકરાર ઉઠાવવામાં નહીં આવે.[૪૩]

પરંતુ આ બાબતમાં આના કરતાંયે બીજી વધારે મોટી મુશ્કેલી રહેલી છે. ડૉ. આંબેડકર મુંબઈ પ્રાન્તની ધારાસભામાં દલિત વર્ગોના 'અસરકારક પ્રતિનિધિ' તરીકે બેસતા હતા, કે જે સ્વતંત્ર મજૂરપક્ષે રાષ્ટ્રીય મહાસભાની સરકારને સ્થાને પોતાની સરકાર રચવાની ઉમેદથી લોકોના મતોની માગણી કરી હતી, તેના આગેવાન તરીકે બેસતા હતા? આ સંજોગોમાં રાષ્ટ્રીય મહાસભાએ, અને સાચું પૂછો તો કોઈ પણ માણસે કોમી તાંતણાથી રાજકીય તાંતણાને જુદો કેવી રીતે તારવી કાઢવો?

મુસ્લિમ લીગની બાબતમાં પણ તેના કોમી અને રાજકીય સ્વરૂપ વચ્ચેનો ભેદ છેક અર્થ વગરનો નથી. મદ્રાસની સરકારના એક ખરીતામાં જણાવવામાં આવ્યું છે તે મુજબ,

> આમ છતાં, (મુસ્લિમ લીગ અને રાષ્ટ્રીય મહાસભા) એ બંને પક્ષો વચ્ચેનો ભેદ કેવળ કોમી છે, અને રાજકારણના સિદ્ધાંતોને લગતો નથી, એમ માની લેવામાં ભૂલ થશે. પરસ્પર હરીફાઈ કરતા એ બે પક્ષો વચ્ચેના ભેદનું વર્ણન જો રાજકારણની ભાષામાં કરવું હોય, તો તેમને અનુક્રમે પ્રગતિવાદી અને ઉદ્દામ પ્રગતિકારક પક્ષો તરીકે ઓળખાવી શકાય. પ્રત્યક્ષ

---

૪૩. "ચાલુ રાજબંધારણની વ્યવસ્થા નીચે બ્રિટિશ હિન્દની એકંદર અગિયાર પ્રાંતિક ધારાસભાઓમાંની પ્રતિનિધિઓની કુલ ૧૫૮૧ બેઠકો પૈકી ૪૮૦ બેઠકો મુસ્લિમો માટે અનામત રાખવામાં આવેલી છે. આ ૪૮૦ બેઠકો પૈકી મુસ્લિમ લીગના ઉમેદવારો ફક્ત ૧૦૪ બેઠકો મેળવી શક્યા છે, અને તેટલી બેઠકો દ્વારા કુલ મુસ્લિમ મતદારોના ૪.૬ ટકા મતદારોનું પ્રતિનિધિત્વ તેને મળેલું છે. (કુલ મુસ્લિમ મતદારો : ૭૩,૧૯,૪૪૫; મુસ્લિમ લીગના ઉમેદવારોને મળેલા મત : ૩,૨૧,૭૭૨.) સિન્ધ, પંજાબ, વાયવ્ય સરહદનો પ્રાન્ત, અને બિહાર એ ચાર પ્રાંતોમાં મુસ્લિમ લીગ પોતાના પક્ષનો એક પણ ઉમેદવાર ચૂંટાવવાને સમર્થ થઈ નહોતી." —આર. પામદત્ત. 'ઇન્ડિયા ટુડે' (આજનું હિન્દ), પા ૪૨૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેવારમાં અને પોતપોતાની નીતિનો અમલ કરવાને અંગેની બન્ને પક્ષોની કાર્યપદ્ધતિ વચ્ચે મોટો તફાવત છે, અને તેને લીધે તેમની બંનેની રાજકારણને નિહાળવાની દૃષ્ટિમાં અનેક બાબતોને અંગે તીવ્ર ભેદ ઊભા થાય છે.૪૪

તો શું ડૉકટર સાહેબ આંબેડકરની માગણીનો અર્થ એવો સમજવાનો છે કે, ઉદ્દામ પ્રગતિકારક રાષ્ટ્રીય મહાસભાએ 'પ્રગતિવાદી' મુસ્લિમ લીગની સાથે, અને અતિ ઉદ્દામ પ્રગતિકારક ભાસતા સ્વતંત્ર મજૂર પક્ષની સાથે રાજવહીવટની સત્તામાં સરખે હિસ્સે વહેંચણી કરવાની છે? અને સવાલ એ થાય છે કે, અસાધારણ આવડતની અપેક્ષા રાખતો આવો મેળ કોણે કેવી રીતે બેસાડવાનો છે?

આની સાથે વળી બીજી એક વાત ધ્યાનમાં લેવા જેટલી રસિક છે કે, જુદાજુદા સમૂહોને એકઠા કરીને રાજવહીવટ ચલાવવાની પદ્ધતિની જે લોકો આજે માગણી કરે છે, તે જ લોકો જ્યારે સત્તારૂઢ હતા ત્યારે તે પદ્ધતિનો ઉગ્ર વિરોધ કરતા હતા. મદ્રાસ પ્રાન્તની 'જસ્ટિસ પાર્ટી' એટલે કે, ન્યાય પક્ષના એક આગેવાન, બોબિલીના રાજાએ ૧૯૩૪ની સાલમાં નીચે મુજબની વાત કરી હતી:

આપણા દેશનાં હિતોનો વિચાર કરીને પ્રન્તિક સ્વરાજની સ્થાપનામાં કઈ કઈ બાબતો ગર્ભિત છે, અને તેનો અમલ કેવી રીતે થવાનો છે તે તમે સૌ સમજો એમ હું ઇચ્છું છું. મને લાગે છે કે, ચોખ્ખા ચટ પક્ષોની પદ્ધતિને બદલે જુદા જુદા સમૂહોને ભેગા કરીને સરકાર રચવાની પદ્ધતિને જો અવકાશ મળશે, તો તે ભારે દુર્ભાગ્યની વાત થવાની છે. અમે પોતે સત્તાના સ્થાનો પર આરૂઢ હોઈશું, કે વિરોધ પક્ષમાં બેસતા હોઈશું તેનો સવાલ નથી, પરંતુ મને ચોક્કસ લાગે છે, નાના નાના સમૂહોમાંથી મિશ્ર સરકાર રચવાની જે પદ્ધતિ દ્વિમુખી રાજવહીવટની પદ્ધતિના કરતાં પણ વધારે નુકસાનકારક નીવડશે, તેને ઉત્તેજન આપવું, અથવા તેને કોઈ પણ સ્વરૂપે નભાવી લેવી, એ રાષ્ટ્રીય હિતને ભારે નુકસાન પહોંચાડશે.૪૫

---

૪૪. કે. બી. કૃષ્ણે પોતાના 'પ્રૉબ્લેમ ઑફ માઈનોરિટીઝ, (લઘુમતી કોમોનો સવાલ) નામના પુસ્તકના ૪૫મા પાના પર આપેલું અવતરણ.

૪૫. ૧૯૩૪ની સાલના સપ્ટેમ્બર માસમાં મળેલી દક્ષિણ હિન્દના વિનીતોની પરિષદને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ રાષ્ટ્રીય મહાસભાએ 'રાષ્ટ્રીય હિતને થનારા ભારે નુકસાનને' ટાળવાને માટે પક્ષને ધોરણે સરકારોની રચના કરી, ત્યારે બીજા લોકોની સાથે આ ન્યાય પક્ષના લોકોએ પણ તેને 'એક પક્ષનો દોર ચલાવનારી સંસ્થા' તરીકે વખોડી કાઢી! અને ૧૯૪૦ની સાલમાં દક્ષિણ હિન્દના વિનીત મંડળે (હવે ન્યાય પક્ષના લોકો પોતાને આ નામે ઓળખાવે છે) દ્રવિડિસ્તાનને માટે એક અલગ રાજ્યની સ્થાપનાની માગણીનો ઠરાવ મંજૂર કર્યો છે!

વળી રાષ્ટ્રીય મહાસભાએ બીજા પક્ષોને રાજવહીવટની સત્તામાં હિસ્સો આપવો જોઈએ એવી અપેક્ષા રાખવામાં આવતી હોય, તો પરિણામે જે સરકાર રચાય તેનું કાર્ય શિસ્તને અનુસરીને ચાલે, તેમ જ તે સમર્થ બને તેટલા ખાતર રાજવહીવટની નીતિ અને કાર્યક્રમોને વિષે પહેલેથી તે પક્ષોની સાથે કોઈક પ્રકારની સમજૂતી મેળવી લેવાને રાષ્ટ્રીય મહાસભા હકદાર નથી શું? બધા કોમી પક્ષોએ રાષ્ટ્રીય મહાસભાની આવી જાતની સમજૂતી માટેની માગણીને અવગણી કાઢી નહોતી? અને રાષ્ટ્રીય મહાસભાએ કોમ કોમના આગેવાનોને પડતા મૂકીને મતદારો સાથે બારોબાર સીધો સંપર્ક સાધવાનો પ્રયાસ કરી જોયો, ત્યારે તે લઘુમતી કોમોની એકતાને ચૂંથી નાખવાનો પ્રયાસ કરે છે, એવો આરોપ તે તે કોમોના આગેવાનોએ તેના પર મૂક્યો નહોતો? જે જે પક્ષો વચ્ચે રાજવહીવટની સત્તાની સરખે હિસ્સે વહેંચણી થવી જોઈએ એમ કહેવામાં આવે છે, તે તે પક્ષો સાથે તે સત્તાનો કેવા પ્રકારનો ઉપયોગ કરવાનો છે તે વિષે કશી સમજૂતી કર્યા વિના જ રાષ્ટ્રીય મહાસભાએ તે વહેંચણી કરી આપવી જોઈએ, એવી માગણી કરવામાં આવે છે. કેનેડીના શબ્દોમાં કહીએ, તો આ પ્રકારની સમજૂતી વગરની સત્તાની વહેંચણીથી સરકારનું સ્વરૂપ 'જાતજાતનાં પ્રાણીઓ અને વસ્તુઓથી લદાયેલા, અને અફાટ દરિયામાં કોઈ પણ લક્ષ્ય રાખ્યા વિના ઘસડાતા વહાણના જેવું' થઈ જવાનો સંભવ રહેતો નથી શું?[૪૬]

અહીં એક બીજી ઊંડા મર્મથી ભરેલી હકીકત નોંધી લેવા જેવી છે. જે જે પક્ષોની રાષ્ટ્રીય મહાસભાની સામે ફરિયાદ છે, તેમાંથી કોઈને

---

૪૬. 'એસેઝ ઑન કૉન્સ્ટિટ્યૂશનલ લૉ' (રાજબંધારણના કાયદાના સિદ્ધાન્તો વિષે નિબંધો), પા. ૧૦૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમજનતાના જીવનના પાયારૂપ ગણી શકાય, એવી કોઈ જરૂરિયાતોને વિષે સાચી ફિકર પડી નથી. જે સત્તાને જીતી લેવા માટે તેમને કશી સહાય કરવી નથી, કે કશો ત્યાગ કરવો નથી, તે સત્તામાં ભાગ ભરવો એ જ એક વાત તેમના દિલમાં રમી રહી છે. તે લોકો રાષ્ટ્રીય મહાસભાની સીધા પ્રતિકારની પદ્ધતિને 'આત્મઘાતક તેમ જ વ્યર્થ'[૪૭] ગણાવીને તરછોડી કાઢે છે, અને છતાં તેને બદલે સત્તા પ્રાપ્ત કરવાને માટે ચાલુ રાજ્યતંત્ર પર હુમલો કરવાની બીજી કોઈ પણ રીત બતાવતા નથી. એટલે આ આખી વાતનું રહસ્ય એ લાગે છે કે, શ્રી. ઝીણા, શ્રી. સાવરકર અને શ્રી. આંબેડકરની મંડળીને પરદેશી શાસનકર્તાઓ પાસેથી નહીં, પણ રાષ્ટ્રીય મહાસભા પાસેથી સત્તા ખૂંચવી લેવી છે.

તેમની વાતોમાં રહેલું તથ્ય એ ન હોય, તો તે બધા રાષ્ટ્રીય મહાસભા આસ્તે આસ્તે નામશેષ થઈ જાય, અથવા તે જે કંઈ છે તે મટી જાય, તે માટે આટલી બધી જે આતુરતા બતાવે છે તેનો શો અર્થ છે? શ્રી. સાવરકર પૂછે છે,

> જ્યાં સુધી મુસ્લીમોને માટે અલગ મતદાર મંડળોની, અને તે સિવાયનાં સામાન્ય એટલે હકીકતમાં હિન્દુ મતદાર મંડળોની વ્યવસ્થા અમલમાં છે, ત્યાં સુધી મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા, એ બન્ને સંસ્થાઓને જ ચૂંટણીઓ લડી લેવાનું રાષ્ટ્રીય મહાસભા કેમ સોંપી દેતી નથી? સાચી હિન્દી રાષ્ટ્રીય સંસ્થા તરીકે રાષ્ટ્રીય મહાસભા કોઈ પણ એક વિશિષ્ટ કોમના મતદાર મંડળો સાથે એકરૂપ થઈને પોતાનો રાષ્ટ્રીય દરજ્જો ઉતારી પાડવાનું શા સારુ પસંદ કરે છે? અને પોતાનો મોભો સાચવીને શા માટે તદ્દન તટસ્થ રહીને ચૂંટણીઓની લડતમાંથી અળગી થઈ જતી નથી?

પરંતુ આ સવાલ પૂછી રહ્યા પછી તરત બીજી જ ક્ષણે, શ્રી. સાવરકર રાષ્ટ્રીય મહાસભાને હિન્દુ રાષ્ટ્રના કાર્યની સાથે એકરૂપ થઈને, તેને અપનાવી લેવાનો અનુરોધ કરે છે.[૪૮] મુસ્લિમ લીગ પણ રાષ્ટ્રીય

---

૪૭ ૧૯૩૭ની સાલના ઑક્ટોબર માસમાં લખનૌ મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકમાં શ્રી. ઝીણાએ આપેલા ભાષણમાં.

૪૮. ૧૯૩૯ની સાલના ડિસેમ્બર માસમાં કલકત્તા મુકામે મળેલી હિન્દુ મહાસભાની બેઠકને પ્રમુખપદેથી આપેલા ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસભાનું કોમી હિન્દુ સંસ્થામાં રૂપાન્તર થઈ જાય, તે માટે આતુરતાપૂર્વક ઝંખી રહી છે. મુસ્લિમ લીગના એક આગેવાન શ્રી. ખલિક-ઉઝ-ઝમાન ધમકી આપે છે કે, 'રાષ્ટ્રીય મહાસભા જો મુસ્લિમ કોંગ્રેસીઓની સલાહ પ્રમાણે વર્તવાનું ચાલુ રાખશે, તો હિન્દમાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યા વિના રહેવાનો નથી.'[૪૯] રાષ્ટ્રીય મહાસભા જો પોતાનું રાષ્ટ્રીય સ્વરૂપ જાળવી રાખશે, તો હિન્દમાં આંતરવિગ્રહ ફાટી નીકળશે, ને તે જો કોમી સંસ્થામાં પલટાઈ જશે તો કલહ ને ઝઘડાની ઘેરી છાયા આખા હિન્દ પર ફરી વળશે, એ વાતનો કોણ ઇન્કાર કરી શકશે? એટલે કે, કોમી રાષ્ટ્રવાદની વિચારસરણીનો ટાળી ન શકાય તેવું અંતિમ ભીષણ પરિણામ ઉપર જણાવ્યું તે પ્રકારનું છે. તેની વિચારસરણીથી, નથી હિન્દી રાષ્ટ્રની મુક્તિના સવાલનો ઉકેલ નીકળતો, નથી રાષ્ટ્રની ગરીબીનું નિવારણ થતું, નથી તેની પાસે યુદ્ધના પડકારનો કોઈ જવાબ. તે વિચારસરણીનો આદર્શ દેશને સુલેહશાન્તિ કે પ્રગતિના ભાવીની દિશામાં નહીં, પણ આંતરકલહના ભીષણ ભાવીને માર્ગે ખેંચી જાય છે.

૩

મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભાને મુકાબલે હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં સાચી ભારતીય પરંપરામાં દૃઢમૂળ થયેલો રાષ્ટ્રવાદનો આદર્શ મૂર્તિમંત થયો છે, અને તે આદર્શના ગર્ભમાં ભાવીને માટે ભારે આશા પોષણ મેળવી રહી છે. હિન્દી રાષ્ટ્રીય મહાસભાને ફાળે એક આખા અર્ધા સૈકાના ગાળા પર પથરાયેલી પુરુષાર્થની વિધવિધ સિદ્ધિઓ નોંધાયેલી છે, અને તેમને મુકાબલે દેશની સર્વ કોમી સંસ્થાઓની પ્રવૃત્તિઓ સાવ ઝાંખી પડી જાય છે, અને અર્થહીન દેખાય છે.

પોતાની સ્થાપનાની શરૂઆતથી રાષ્ટ્રીય મહાસભા એકએ મૂળભૂત સિદ્ધાંતોને દૃઢતાથી વળગી રહી છે. કોઈ પણ ન્યાત અથવા કોમ અથવા પ્રાંતના એકેએક હિંદીને સારુ, કોઈ પણ પ્રકારના ભેદ રાખ્યા વિના તેણે પોતાનાં દ્વાર ખુલ્લાં રાખેલાં છે. તેના પ્રારંભના વર્ષોના પ્રમુખોમાં અનુક્રમે એક ખ્રિસ્તી, એક પારસી અને એક મુસ્લિમનો

૪૯. ૧૯૪૦ની સાલના માર્ચ માસમાં લાહોર મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકમાં કરેલા ભાષણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાવેશ થયો હતો, તે હકીકત અર્થ વિનાની નથી. સર્વ કોમ, જાતિ, ધર્મ અને પ્રદેશનો સમાવેશ કરતા પોતાના જાતિ અથવા ધર્મની સંકુચિત ભાવનાથી પર રહેવાના આ લક્ષણની સાથે સાથે રાષ્ટ્રીય મહાસભાએ ભાવી હિંદી રાજ્યને માટે લોકશાહી રાજવહીવટના આદર્શની હમેશ હિમાયત કરેલી છે.

પ્રારંભમાં રાષ્ટ્રીય મહાસભાને પોતાનો આ આદર્શ કંઈક અસ્પષ્ટ સ્વરૂપે ભાસ્યો હતો, અને તેને તેણે પોતાનો માર્ગ કરતાં કરતાં ક્રમે ક્રમે વ્યક્ત કર્યો છે, એ વાત સાચી છે. પરંતુ જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તે આદર્શમાં ઊંડો સામાજિક અર્થ પુરાતો ગયો છે, અને તેણે એક પ્રબળ આધ્યાત્મિક પ્રેરણાનું સ્વરૂપ ધારણ કર્યું છે. લોકશાહીને વરેલા આ રાષ્ટ્રવાદના આદર્શનું હાર્દ મહાત્મા ગાંધીએ બીજી ગોળમેજી પરિષદના પોતાના પ્રારંભના ભાષણમાં નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યું હતું:

> હિન્દની ભૂમિ પર ચારે કોર પથરાયેલાં સાત લાખ ગામડાંઓમાં વસતા કરોડો મૂંગા અને અર્ધ ભૂખ્યા રહેતા લોકોની રાષ્ટ્રીય મહાસભા તત્ત્વતઃ પ્રતિનિધિ છે. હિન્દમાં અસ્તિત્વ ધરાવતાં રક્ષણને પાત્ર સર્વ હિતોએ આ મૂંગા અને અર્ધભૂખ્યા લોકોના હિતને વશ વર્તીને રહેવાનું છે, અને તે પૈકીના કોઈ પણ હિતને આ હિતની સાથે ખરેખર ઘર્ષણ થશે, તો રાષ્ટ્રીય મહાસભાની વતી જાહેર કરતાં મને જરાયે સંકોચ નથી થતો કે, રાષ્ટ્રીય મહાસભા આ કરોડો મૂંગા લોકોના હિતને ખાતર તેવાં સર્વ હિતોનો ભોગ આપશે, ને તેમને પડતાં મૂકશે.૫૦

એ યાદ રાખવું કે, આ કોઈ ચળવળખોર આગેવાનની ખાલી વાણીની છટા નથી, પરંતુ સમસ્ત પ્રજાની વતી બોલતા, અને પોતાના લોકો પ્રત્યેની ઊંડી પ્રીતિના ભાવથી પ્રેરાયેલા લોકમાન્ય આગેવાનના સાચા દિલના ઉદ્‌ગારો છે.

મૂળે બ્રિટિશ હકૂમતની શરૂઆતમાં નીપજેલા નવા કેળવાયેલા વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી રાષ્ટ્રીય મહાસભા આગળ જતાં હિંદના કરોડો લોકોની વસ્તીનાં સૌથી વ્યાપક હિતો, અને તેમની સુસ્થિતિની આકાંક્ષાઓ સાથે એકરૂપ થઈને પોતાના પાયાને વિસ્તારવામાં સફળ થઈ. એક સાદી હકીકત આ વાતને બહુ સચોટ રીતે દર્શાવે છે. બ્રિટિશ અમલનાં

૫૦. 'નેશન્સ વૉઇસ' (રાષ્ટ્રનો અવાજ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતનાં વર્ષોમાં હિંદના લોકો તેને માબાપ સરકારના નામથી ઓળખતા, અને એમ માનતા કે આપણા કલ્યાણની ચિંતા તેને છે. આજે ખુદ સરકારે પણ આ જાતનો દાવો કરવાનું છોડી દીધું છે, અને તેટલા જ પ્રમાણમાં હિન્દની મૂંગી વસ્તીની વતી તેના પ્રતિનિધિ તરીકે બોલવાનો અધિકાર રાષ્ટ્રીય મહાસભાએ મેળવ્યો છે. હિંદી પ્રજાની રાજકીય દૃષ્ટિમાં થયેલા ભારે પરિવર્તનનું આ ફેરફાર એક બાહ્યરૂપે દેખાતું લક્ષણ છે, અને તે દૃષ્ટિપરિવર્તન એક નવા પ્રકારના જે રાષ્ટ્રવાદે પોતાના આરાધ્ય દેવને સ્થાને રાષ્ટ્રને બદલે દરિદ્રનારાયણની સ્થાપના કરી છે, તેના વિકાસની સાથે સ્વભાવતઃ સંકળાયેલું છે. હિંદની પ્રજાની મુક્તિની આકાંક્ષાને ઝીલીને તેને યથાર્થ સ્વરૂપે વ્યક્ત કરવાનો રાષ્ટ્રીય મહાસભાએ પ્રયાસ કર્યો છે, અને તે આકાંક્ષાનાં અનેકવિધ સ્વરૂપોને પોષીને વિકસાવવાને તેણે સમજપૂર્વક મથામણ કરી છે. અને જેટલા પ્રમાણમાં ભારતના દીન, હીન અને કચડાયેલા લોકોની અવ્યક્ત જરૂરિયાતોને તેણે વફાદાર રહેવાનો પ્રયત્ન કર્યો છે, તેટલા પ્રમાણમાં તેણે રાષ્ટ્રવાદના પોતે વિકસાવેલા આદર્શના વિશિષ્ટ ખ્યાલને વ્યાપક તેમ જ ઊંડા મર્મથી ભરેલું સ્વરૂપ આપ્યું છે. ૧૯૩૦ની સાલથી દરેક વર્ષની ૨૬મી જાન્યુઆરીને દિને સ્વાતંત્ર્યની જે પ્રતિજ્ઞા ગંભીરપણે ફરી ફરીને કરવામાં આવે છે, તેના સાચા અને દૃઢ નિશ્ચયના ઉદ્‌ગારોમાં રાષ્ટ્રીય મહાસભાના રાષ્ટ્રવાદના આદર્શનો સાર મૂર્તિમંત થયેલો છે.

અમે માનીએ છીએ કે, પોતાના વિકાસને માટે પૂરેપૂરી તક મળે તેટલા ખાતર, પોતાની મુક્તિ મેળવવાનો, પોતાની મજૂરીથી નિપજાવેલાં ફળોનો ઉપભોગ કરવાનો, અને જીવનની સર્વ પ્રકારની જરૂરિયાતોને પ્રાપ્ત કરવાનો હિંદના લોકોનો કોઈથી ઝૂંટવી ન શકાય તેવો અધિકાર છે.

વળી અમે એમ પણ માનીએ છીએ કે, જો કોઈ રાજ્યતંત્ર લોકોના અધિકારોને ઝૂંટવી લે, અને તેમનું દમન કરે, તો લોકોને તે રાજ્યતંત્રમાં ફેરફાર કરવાનો અગર તેને નાબૂદ કરવાનો વધારાનો અધિકાર છે. હિંદમાં અમલ ચલાવતી બ્રિટિશ સરકારે કેવળ હિંદના લોકોની સ્વતંત્રતા જ હરી લીધી નથી, હિંદની આમજનતાનું શોષણ કરીને, તેને આધારે જ તે નભે છે, અને તેણે અર્થવ્યવસ્થાની દૃષ્ટિથી સંસ્કૃતિની દૃષ્ટિથી તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિથી હિંદની પાયમાલી કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી અમે માનીએ છીએ કે, હિંદે બ્રિટન સાથેના સંબંધો તોડી નાખીને પૂર્ણ સ્વરાજ્યની એટલે કે, સંપૂર્ણ સ્વતંત્રતાની સ્થાપના કરવી જોઈએ.

અમે સ્વીકારીએ છીએ કે, મુક્તિ મેળવવાને માટેનો સૌથી અસરકારક માર્ગ હિંસાનો નથી.

શાન્તિની અને ન્યાયની કાર્યપદ્ધતિને અનુસરીને હિંદે તાકાત કેળવી છે, આત્મવિશ્વાસ સંપાદન કર્યો છે, અને સ્વરાજ્યના ધ્યેયની દિશામાં લાંબી મજલ કાપી છે, અને એ જ કાર્યપદ્ધતિ દ્વારા અમારો દેશ સ્વતંત્રતાની સ્થાપના કરશે.

અમારી એવી શ્રદ્ધા છે કે, સામાન્ય અહિંસક કાર્યને માટે, અને ખાસ કરીને સીધા પ્રતિકારને માટેના અહિંસક કાર્યને માટે ખાદી, કોમ કોમ વચ્ચેની એકતા, અને અસ્પૃશ્યતાનિવારણના કાર્યક્રમના સફળ અમલની જરૂર છે. ન્યાત કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના માણસ માણસ વચ્ચે ભાઈચારાની લાગણી ફેલાવવાને જેટલી મળે તેટલી બધી સંધિઓનો ઉપયોગ અમે કરીશું. જેમની ઉપેક્ષા થઈ છે, તે સર્વ લોકોને અજ્ઞાન તેમ જ ગરીબીમાંથી ઊંચે લાવવાને, અને જે પછાત તેમ જ દલિત ગણાય છે, તે સર્વ લોકોનાં હિતોને આગળ વધારવાને અમે મહેનત કરીશું.

માણસે માથે લીધેલા પુરુષાર્થના દરેક કાર્યની માફક આ શબ્દોમાં દર્શાવેલા ઉદાત્ત આદર્શને અમલમાં મૂકવાનો રાષ્ટ્રીય મહાસભાનો પ્રયાસ હમેશાં સફળ થયો નથી, એ વાત સાચી છે, પરંતુ એ આદર્શના ધર્મને જેટલા પ્રમાણમાં વફાદાર રહીને તે વળગી રહી છે, તેટલા પ્રમાણમાં હિંદના લોકોની શ્રદ્ધા અને ભક્તિ તેણે સંપાદન કરી છે.

આ રાષ્ટ્રવાદની વિચારસરણીના પાયામાં રહેલી કાર્યપદ્ધતિ સત્યાગ્રહની છે. આમજનતાની સાથે, અને તેની આકાંક્ષાઓની સાથે કાયમ એકરૂપ થયા વિના સત્યાગ્રહની કાર્યપદ્ધતિનું ચેતન એકધારું જાળવી શકાતું નથી.[૫૧]

૫૧. "દક્ષિણ આફ્રિકામાં આપણા હજારો દેશબાંધવોની સાથે ઘાડા સંબંધમાં આવવાનો અધિકાર મેં ભોગવ્યો હતો. ત્યાં મને લગભગ હમેશ એવો અનુભવ થયો છે કે, જેટલા પ્રમાણમાં જેની પાસે સંપત્તિ વધારે, તેટલા પ્રમાણમાં તેનો નૈતિક અધઃપાત પણ મોટો. ઓછામાં ઓછું મારે કહેવું હોય તો હું એમ કહું કે, જેટલા પ્રમાણમાં આપણા ગરીબ દેશબાંધવોએ સત્યાગ્રહની નૈતિક લડતને અપનાવી હતી, તેટલા પ્રમાણમાં આપણા પૈસાદાર વર્ગના લોકો તેને અપનાવી શક્યા નહોતા. સૌથી ગરીબ માણસની સ્વાભિમાનની લાગણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી સત્યાગ્રહ લોકશાહીની પદ્ધતિની સાથે કાયમનો સંકળાયેલો છે. રાષ્ટ્રીય મહાસભાના રાષ્ટ્રવાદના આદર્શની સાધનાનું સાધન, અને તેને પ્રત્યક્ષ સિદ્ધ કરવાનો અમલી ઉપાય આમજનતાની અહિંસક પરંતુ દૃઢ નિશ્ચયથી પ્રેરિત પ્રવૃત્તિ છે, અને તેથી રાષ્ટ્રીય મહાસભાનો રાષ્ટ્રવાદ લોકશાહીની સ્થાપના કરવાના, તેમ જ આમજનતાની સામાજિક જરૂરિયાતોને પૂરી પાડવાના ધ્યેયને વરેલો છે. જેટલા પ્રમાણમાં તે રાષ્ટ્રવાદ લોકોનો સત્યાગ્રહનો જુસ્સો કેળવવાને સમર્થ થશે, તેટલા પ્રમાણમાં તે એવા લોકશાહી પદ્ધતિના રાજ્યની રચના કરી શકશે, જે એક બાજુથી સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષામાંથી, અને બીજી બાજુથી પૈસાવાળાઓના વર્ચસ્વમાંથી મુક્ત હશે. જેટલા પ્રમાણમાં તે રાષ્ટ્રવાદ સત્યાગ્રહના માર્ગમાંથી, અને પોતાના આદર્શમાંથી વિચલિત થશે, તેટલા પ્રમાણમાં તેની તાકાત ઓછી થશે.

પરંતુ હિન્દ અનેક, વિવિધ પ્રકારના લોકોની ભૂમિ છે, તેથી તે સર્વ લોકોનો વિશ્વાસ સંપાદન કરવાને માટે હિન્દી લોકશાહી રાજ્યનો પાયો બહુ વ્યાપક રાખવો જોઈશે. આ વાતનો બરાબર ખ્યાલ રાખીને રાષ્ટ્રીય મહાસભાએ લઘુમતી કોમો તરફ હંમેશ ઉદારભાવથી ભરેલી નીતિ અખત્યાર કરી છે. લઘુમતી કોમોના અધિકારો વિષે તેણે હમણાં (૧૯૩૮) મંજૂર કરેલા ઠરાવમાં જાહેર કરવામાં આવ્યું છે કે,

> તેનો (રાષ્ટ્રીય મહાસભાનો) પ્રથમ ધર્મ અને મૂળભૂત નીતિ, હિન્દમાં વસતી સર્વ લઘુમતી કોમોના ધાર્મિક, ભાષાને અંગેના, તેમ જ સંસ્કૃતિને અંગેના અધિકારોને સંરક્ષણ આપવાની છે, જેથી તે સર્વને એવો વિશ્વાસ બેસે કે, રાષ્ટ્રીય મહાસભા જે કોઈ (રાજ્યવ્યવસ્થાની) યોજનામાં સંમત થશે, તેમાં આપણો સંપૂર્ણ વિકાસ સાધવાને આપણને પૂરેપૂરો અવકાશ મળશે, અને હિન્દી રાષ્ટ્રના રાજકીય, આર્થિક તેમ જ સાંસ્કૃતિક જીવન (ની ખિલવણી)માં આપણે સંપૂર્ણપણે ભાગ લઈ શકીશું.

સામાજિક પ્રગતિની ભાવનાની પ્રેરણાથી ઓતપ્રોત થયેલી, ઉદાર અને લોકશાહી રાજ્યપદ્ધતિની સ્થાપનાની નીતિ અખત્યાર કરીને જ રાષ્ટ્રીય મહાસભા હિન્દના લોકોની ભક્તિ સંપાદન કરવાની આશા રાખી શકશે.

જેટલી દુભાઈ હતી, તેટલી પૈસાવાળા માણસની દુભાઈ નહોતી." — એસ ડી. જાવડેકરે પોતાના 'આધુનિક ભારત' નામના મરાઠી ગ્રંથના પાન ૬૦૮ પર આપેલું મહાત્મા ગાંધીના વચનનું અવતરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલા વ્યાપક પાયા પર વિકસેલો હિન્દી રાષ્ટ્રવાદનો આદર્શ 'એક રાષ્ટ્ર એક રાજ્ય'ના સંકુચિત સિદ્ધાન્તને વરેલો નહીં હોય. "હિન્દની ભૌતિક રચના જુઓ, કે ભારતની બૌદ્ધિક પ્રણાલીને નિહાળો; બંને રીતે તે પોતે તેના તત્ત્વવેત્તાઓએ દુનિયાને ઉપદેશેલા, અનેક રૂપોમાં વાસ કરતા એક તત્ત્વના સિદ્ધાંતનો પ્રત્યક્ષ આદર્શ નમૂનો છે."[૫૨] આ અર્થગર્ભ વાક્યથી હેવેલ પોતાના આર્યશાસન વિષેના વિખ્યાત ગ્રંથનો પ્રારંભ કરે છે, અને સાચે જ તે વાક્યમાં સમાયેલું વિધાન હિન્દી પ્રશ્નના અંતરંગને સચોટપણે વ્યક્ત કરે છે. પોતાની સમૃદ્ધ વિવિધતાથી યુક્ત હિન્દ યુરોપમાં રાષ્ટ્ર શબ્દનો જે સંકુચિત અર્થ થઈ ગયો છે, તેવું રાષ્ટ્ર કોઈ કાળે નહીં થઈ શકે. ભારતના કવિતત્ત્વવેત્તાએ એક પ્રસંગે દર્શાવ્યું હતું, તે પ્રમાણે હિન્દ જો એવી જાતનું રાષ્ટ્ર બનવાનો પ્રયાસ કરશે, તો તે ડહાપણવગરનું કાર્ય થશે.

> આપણી પાસે જે કંઈ છે તે ખરચીને આપણે જો રાજકીય રાષ્ટ્રીયતાની સંકુચિત ભાવના સિદ્ધ કરવાની આકાંક્ષા રાખીશું, તો ઇંગ્લંડના દરિયાઈ કાફલાની સાથે હરીફાઈ કરી શકે તેવો દરિયાઈ કાફલો ઊભો કરવાની મહત્ત્વાકાંક્ષાથી, સ્વિટ્ઝરલૅન્ડનો મુલક પોતાનું સર્વસ્વ હોડમાં મૂકે તેટલી જ તે વાત મૂરખાઈભરેલી થશે.[૫૩]

હિન્દ પોતાના રાષ્ટ્રીય જીવનમાં વહેતા અનેક પ્રવાહોને એક સમાન રાજકીય પાત્રમાં પ્રેરી શકશે, તો જ તે જગતમાં ચાલી રહેલી હરીફાઈમાં ટકી શકશે, અને પોતાનું નિર્મિત ભાવી સિદ્ધ કરવાને સમર્થ થશે. હિન્દી રાષ્ટ્રીયતાનું સૂક્ષ્મ સત્ય એક બાજુ પર મુસ્લિમ લીગની અળગાપણાની ભાવનાની અતિશયોક્તિ, અને બીજી બાજુથી હિન્દુ મહાસભાની સર્વને પોતાના આદર્શમાંથી બાદ રાખવાની ભાવનાની અલ્પોક્તિ, એ બન્નેની વચ્ચે કયાંક નાજુકપણે, પકડી ન શકાય એવી રીતે ચમકી રહ્યું છે. પરંતુ એ સત્યના પાયા ઉપર જ રાષ્ટ્રીય મહાસભા પોતાનો સ્વતંત્ર રાજ્યનો અનેક ખંડોથી શોભતો વિશાળ મહાલય રચવાનો પ્રયાસ કરી રહેલી છે.

---

૫૨. ઈ. બી. હેવેલ, 'ધિ હિસ્ટરી ઑફ આર્યન રૂલ ઇન ઇન્ડિયા' (હિન્દના આર્યશાસનનો ઇતિહાસ), પા. ૩.

૫૩. રવીન્દ્રનાથ ટાગોર: 'નૅશનૅલિઝમ' (રાષ્ટ્રવાદ), પા. ૧૦૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દના લોકશાહી રાષ્ટ્રવાદે સમજવું જોઈશે કે, તેની પ્રજાના વૈવિધ્યમાં જ તેનું સાચું સામર્થ્ય સમાયેલું છે. આપણા મુલકના લોકોના વિકાસને માર્ગ આજ સુધી જે જે પરંપરાએ ઉજ્જવળ કર્યો છે, તે સર્વેની પ્રામાણિકતાનો આદર કરવાથી જ સમર્થ હિન્દી લોકશાહી રાજ્યનો આદર્શ સિદ્ધ થઈ શકશે. જે મૂળભૂત અધિકારોનો હિન્દી રાજ્યના બંધારણના કાયદામાં સમાવેશ કરવાનો છે, તેનો આધાર પણ ઉપરના વાક્યમાં દર્શાવ્યો છે તે જ છે, અને તે અધિકારોના લેખથી હિન્દી રાજ્યના એકેએક રાષ્ટ્રિકને સ્વતંત્રતાની બાંયધરી મળી રહેશે. ઉપરાંત, હિન્દી રાષ્ટ્રવાદ જુદાં જુદાં રાજ્યોએ પોતપોતાનો વિસ્તાર કરીને એક સુલેહશાન્તિ ભરેલી સમવાયી રાજ્યતંત્રની વ્યવસ્થાના એકમમાં સમાઈ જવું જોઈએ, એ વાતનો પણ સ્વીકાર કરે છે. પંડિત જવાહરલાલ નેહરુએ વારંવાર દર્શાવ્યું છે તે મુજબ, એ માર્ગે જ એક ડહાપણભરેલી વ્યવસ્થા આખી દુનિયાને માટે સ્થાપી શકાશે. બીજું, સમવાયી રાજતંત્રની વ્યવસ્થામાં રાષ્ટ્રના આ પ્રકારે થતા વિસ્તારથી રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના વહેવારમાં હિંસાને અવકાશ નહીં મળે, અને પરિણામે વેપાર વધારવાનાં રાષ્ટ્રીય સાહસો આપોઆપ જ અટકી જશે. હમણાં જ મહાત્મા ગાંધીએ પોતાની અનુપમ શૈલીથી કહ્યું છે, તે પ્રમાણે હિન્દીઓ પછી બ્રહ્મદેશમાં જશે તો પણ બંદૂકો ખભે ભેરવીને નહીં જાય. વળી સમવાયી રાજ્યતંત્રની સ્થાપનાથી એક રાષ્ટ્રની બીજા રાષ્ટ્ર ઉપર થતી જબરદસ્તીનો ડર પણ દૂર થાય છે.

ચાલુ જમાનાના યુરોપના ઇતિહાસને વિષે ગંભીરપણે વિચાર કરવાની જે કોઈ તસ્દી લેશે, તેને એ વાત સાફ દેખાશે કે, સમવાયી રાજ્યતંત્રનો આદર્શ, રાજકારણને લગતા તરંગો કરનારા કોઈ માણસનું મિથ્યા સ્વપ્નું નથી, પરંતુ સંગીન પ્રકારનો અને ડહાપણથી ભરેલો રાજકીય ખ્યાલ છે. સર્વોપરીસત્તાધારી રાષ્ટ્રીય રાજ્યોની સામે બે અપ્રિય વિકલ્પોનો જે વિષમ પ્રશ્ન ખડો થયો છે, તેમાંથી બચવાને સમવાયતંત્રની દિશામાં સુલેહશાન્તિથી આગળ વધવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો હોય, એમ લાગતું નથી. દરેક અલગ રાષ્ટ્રનું અલગ સ્વતંત્ર રાજ્ય હોવું જોઈએ, એમ કહેવું એ હવે સંગીન તેમ જ ડહાપણભરેલો રાજકીય ખ્યાલ રહ્યો નથી. આથી પણ આગળ વધીને એમ કહી શકાય કે, દરેક રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્શે સમવાયી રાજ્યતંત્રના આદર્શની ભૂમિકામાં જ વ્યાપક થવું જોઈએ, કેમ કે, ગણતરીનાં રાષ્ટ્રોને જ અલગ રાષ્ટ્રીય રાજ્યોના છૂટા છૂટા સ્વયં-સંપૂર્ણ એકમો બનવાનું પરવડી શકે તેમ છે. અને છતાં જો રાષ્ટ્રીય રાજ્યો એ દિશામાં જ આગળ વધવાની જક પકડી બેસશે, તો તેમનું ભાવી સ્વતંત્રતાનું નહીં, પણ પરાધીનતાનું જ થવાનું છે. સમસ્ત જગતની નૂતન રાજકીય વ્યવસ્થાના એક અંગરૂપ થવું હોય, તો આપણી રાષ્ટ્રીય પ્રવૃત્તિએ હવે કઈ દિશામાં આગળ પ્રગતિ કરવાની છે, તે પંડિત જવાહરલાલ નેહરુએ યથાર્થપણે દર્શાવ્યું છે.

> આખી દુનિયાને માટેની નૂતન રાજકીય વ્યવસ્થા, અથવા તેનું સમવાયી રાજ્યતંત્ર નજીકના ભવિષ્યમાં નહીં સ્થપાય, તો ચીન, બ્રહ્મદેશ, લંકા, અફ્ઘાનિસ્તાન, ઈરાન વગેરે આપણા પડોશી મુલકો સાથે એક સમવાયી રાજ્યતંત્રમાં જોડાઈને ઘાડા સંબંધથી બંધાવાનું આપણે પસંદ કરીશું.૫૪

રાષ્ટ્રવાદનો આ પ્રકારનો આદર્શ મુસ્લિમ લીગ તેમ જ હિન્દુ મહાસભા, એ બંનેના પડકારનો મુકાબલો કરી શકશે, તથા સિજવિકને નામે હિંદના રાજકીય દરજ્જાના સવાલનો મુદ્દો, અને તેના ભાવીના સવાલનો મુદ્દો, એ બંનેને ભેળી દઈને બુદ્ધિભ્રમ પેદા કરનારા ડૉ. આંબેડકર જેવા લોકોના પડકારને પણ ઝીલી શકશે. હિંદ અનેક પ્રજાઓનું વતન છે, તે વાતનો એવો અર્થ ખસૂસ થતો નથી કે, હિન્દની ભૂમિ પર વસતી એકે-એક પ્રજાનો પોતાના અલગ, સર્વોપરીસત્તાધારી રાજ્યની સ્થાપનાનો શોખ પૂરો પડવો જોઈએ. સાચું ડહાપણ એ છે કે, બીજા લોકોએ કરેલી ભૂલો પરથી યોગ્ય બોધ લેવો જોઈએ, અને તેથી જે જે રાજકીય સિદ્ધાન્તની વિચારસરણીઓ ઇતિહાસના વિકાસ દરમિયાન ખોટી સાબિત થઈ છે, તેમના ગમે ત્યારે દગો દે તેવા પાયા પર આપણી મુક્તિની ઇમારત ઊભી કરવાની ભૂલ આપણે ન કરવી જોઈએ. દરેક અલગ રાષ્ટ્રને માટે અલગ રાજ્યની માગણી કરવી, અને તે માગણીના સમર્થનમાં મિલનો હવાલો આપવો, એનો અર્થ એટલો જ થાય છે કે, ગઈ કાલની ભૂલને આજનો નિયમ બનાવીને આપણે આપણું રાજકીય

---

૫૪ 'ધિ યુનિટી ઑફ ઇન્ડિયા' (હિન્દની એકતા), હિન્દી આવૃત્તિનું પાનું ૩૯૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવી તે ભૂલને આધારે ઘડવા માગીએ છીએ. આવી મૂર્ખાઈના રસ્તાને છેડે ઘોર આફત ઊભેલી છે, એ વાતની કોઈએ શંકા ન રાખવી.

કેમ કે, આપણે આ પહેલાંના એક પ્રકરણમાં જોયું છે તે પ્રમાણે, જે રાષ્ટ્રવાદ સમવાયી રાજ્યતંત્રના આદર્શનો અંગીકાર કરશે, જે લોકશાહીની વિચારસરણીમાં દૃઢમૂલ થયેલો હશે, અને દુનિયાને માથે કાયમ ઝઝૂમતા યુદ્ધના ભયનો જે સફળપણે મુકાબલો કરી શકશે, તે જ રાષ્ટ્રવાદ આધુનિક દુનિયાની ખેંચાતાણમાંથી જીવતો બહાર નીકળી શકશે. રાષ્ટ્રીય મહાસભામાં મૂર્તિમંત થયેલા હિન્દી રાષ્ટ્રવાદને તેની સત્યાગ્રહની કાર્યપદ્ધતિ લોકશાહીના આદર્શના દૃઢ પાયા પર સ્થાપિત કરે છે, એટલું જ નહીં, પણ તે કાર્યપદ્ધતિ પોતાના અહિંસા વિષેના દૃઢ આગ્રહ વડે આધુનિક જમાનાને માથે યુદ્ધનો જે કાયમનો ભય ઝઝૂમ્યા કરે છે, તેનો મુકાબલો કરવા અંગેની સંગીન, મૂલ્યવાન શક્યતાઓની દિશા બતાવે છે. આજની દુનિયામાં રાષ્ટ્રના પરસ્પરાવલંબનની જે ભૂમિકા નિર્માણ થઈ છે, તેમાં કોઈ પણ રાષ્ટ્ર એકલું જાતે જાતે યુદ્ધના જોખમમાંથી ઊગરી શકે તેમ નથી, અને હિંસાની તાકાત કેળવીને તેને પહોંચી વળવાની વાત તો ઘણાં રાષ્ટ્રને માટે એક વ્યર્થ સાહસ સમાન થાય તેમ છે. ધારો કે એવું સાહસ કોઈ રાષ્ટ્રે માથે લીધું જ, તો પણ તેનું ભૂંડામાં ભૂંડું પરિણામ એ થાય કે, તેનો સમૂળ ઉચ્છેદ થઈ જાય, ને તેનું નામનિશાન ન રહે; અને સારામાં સારું પરિણામ આવે, તો પણ જે એ વસ્તુઓને કારણે રાષ્ટ્રવાદનો આદર્શ આપણી નિષ્ઠાને પાત્ર બને છે, તે વ્યક્તિનું સ્વાતંત્ર્ય અને સર્વ લોકોની આર્થિક સુસ્થિતિ, એ બંનેને તે રાષ્ટ્રે જતી કરવી પડે. વળી, આધુનિક જમાનામાં યુદ્ધની પદ્ધતિમાં શસ્ત્રસરંજામનું જે યંત્રીકરણ થયું છે, અને તેને પરિણામે તેની સર્વનો કોળિયો કરી જવાની જે શક્તિ નિર્માણ થઈ છે, તેને કારણે યુદ્ધની આસપાસ ક્ષાત્રવટની ભાવનાનું જે મોહક આકર્ષણ રહેતું હતું, તે પણ નાબૂદ થયું છે. યુદ્ધની ઘટના હવે ચડસાચડસીએ ચઢેલી બે હિંસક શક્તિઓ વચ્ચેની આંધળી લડાઈ જેવી બની ગઈ છે, અને તે લડાઈમાંથી નૈતિક કે આધ્યાત્મિક, સર્વ ગણતરીઓને બાજુએ હટી જવું પડે છે. એબ્રેહામ લિંકને ગુલામીની પ્રથાને વખોડી કાઢી હતી, કારણ કે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થામાં ગુલામની જેટલી અવનતિ થાય છે, તેટલો જ તેના માલિકનો પણ અધઃપાત થાય છે. આ જ વાત આધુનિક યુદ્ધવહેવારને પણ લાગુ પડે છે, કેમ કે યુદ્ધ કરવાને માટેનો તમારો અસલ હેતુ ગમે તેટલો ન્યાયી અને ઉમદા હોય, તો પણ આખરે યુદ્ધ તેને નીચો પાડી નાખ્યા વિના રહેતું નથી. તમારા દુશ્મનની સામે તમે લડવા નીકળો, પછી તેનાં હથિયારો કરતાં તમારાં હથિયારોને સવાયાં કર્યાં વિના તેને હરાવવાની આશા તમે કેવી રીતે રાખી શકો ?

સત્યાગ્રહની કાર્યપદ્ધતિ આ બધી મુશ્કેલીઓમાંથી ઉકેલનો રસ્તો બતાવે છે, અને છતાં અન્યાય દૂર કરવાના, અને ન્યાયની સ્થાપના કરવાના કાર્યને અંગે લાચાર બની જતી નથી, કારણ કે તે પદ્ધતિમાં બંધારણીય ચળવળની સુલેહભરેલી પદ્ધતિને માન્યતા આપવામાં આવેલી છે, અને તેની સાથે જ તે પદ્ધતિના સફળ અમલને માટે યુદ્ધથી કેળવાતા શિસ્ત, આત્મત્યાગ અને લડાયક ખમીરનું ખડતલપણું, એ સર્વ ગુણોની સાધનાની જરૂર સ્વીકારવામાં આવેલી છે. આજે જે દુનિયા કેવળ ભૌતિક સિદ્ધિઓ મેળવવાની પાછળ પડેલી છે, તેમાં મુક્તિ અને શાન્તિની સ્થાપનાની પોતાની લડતમાં સફળ થવાને માટે જરૂરી નૈતિક અને આધ્યાત્મિક સાધનો સત્યાગ્રહ દરેક વ્યક્તિને પૂરાં પાડે છે.

હિન્દી રાષ્ટ્રવાદના આદર્શની આપણે અત્યાર સુધી જે વિચારણા કરી, તેનો સમારોપ કરીને આપણે કહી શકીશું કે, જે આદર્શ હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં મૂર્તિમંત થયો છે, અને જેનું તે પ્રતિપાદન કરે છે, તેમાં મૅઝિનીના રાષ્ટ્રવાદનો આદર્શ સમાઈ જાય છે, અને યુદ્ધના પડકારને પહોંચી વળવા માટેની જરૂરી સાધનાની દિશા બતાવીને તે રાષ્ટ્રવાદના આદર્શના વિકાસમાં તેણે પોતાનો વિશિષ્ટ ફાળો આપ્યો છે. મૅઝિનીના રાષ્ટ્રવાદનો આદર્શ યુરોપભરમાં નિષ્ફળ થયો, તે આજે પાછો હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં મૂર્તિમંત થયો છે. રાષ્ટ્રીય મહાસભાને આજે આપણે જે સ્વરૂપે ઓળખીએ છીએ, તેના ઘડવૈયા ગાંધીજીને આ વાતનું છેક ૧૯૦૮ની સાલ જેટલું આગળથી ભાન થયું હતું એમ લાગે છે. કેમ કે, તેમણે તે સાલમાં લખ્યું હતું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેઝિનીનું ઇટાલી હજી ગુલામીની દશા ભોગવે છે. રાષ્ટ્રીય મુક્તિની લડતને નામે ઓળખાયેલા યુદ્ધમાં ઇટાલીની પ્રજા બેહરીફ રાજાઓની વચ્ચે ચાલતી શેતરંજની રમતનાં પ્યાદાં જેવી બની ગઈ હતી. તે મુલકના મજૂરી કરનારા વર્ગો તો હજી દુઃખી જ રહ્યા છે, તેના લોકોની સ્થિતિ પણ હજી પહેલાં જેવી હતી તેવી જ રહી છે. મને ખાતરી છે કે હિન્દમાં તમારે એવી સ્થિતિ ઊભી કરવી નથી. હું માનું છું કે, સરકારના વહીવટની લગામ જ તમારે હાથ કરવી નથી, પણ હિન્દના કરોડો લોકોને તમારે સુખી કરવા છે. એટલી વાત તો તમે કબૂલ કરશો જ કે, હિન્દના જુદા જુદા દેશી રાજાઓના અમલ નીચે વસતી પ્રજા દુઃખમાં પિલાઈ રહી છે; તે રાજાઓ તેમને દયાહીન થઈને કચડે છે. મારી દેશભક્તિ મને એવું નથી શીખવતી કે, અંગ્રેજોને જ હિન્દમાંથી મારે કાઢી મૂકવા, અને પછી પ્રજાને દેશી રાજાઓની એડી નીચે કચડાવા દેવી. હું તો અંગ્રેજોના જુલમની જેમ સામે થાઉં, તેમ હિન્દના દેશી રાજાઓના જુલમની પણ સામે થાઉં. મારે મન સ્વદેશભક્તિ એટલે મારી આખી પ્રજાનું સુખ અને કલ્યાણ. . . . . ."૫૫

હિન્દી રાષ્ટ્રવાદના આદર્શના અનન્ય પ્રતિપાદકનો દરજ્જો ધરાવનારા પુરુષે, આ ઉદાત્ત શબ્દોમાં તે આદર્શનું હાર્દ રજૂ કરેલું છે.

---

૫૫. 'હિન્દ સ્વરાજ' (૧૯૩૮ની આવૃત્તિ), પા. ૯૭–૧૦૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧ મું

હિન્દુ કોમવાદ

હિંદના કોમી ત્રિકોણનું સ્વરૂપ ઘડવામાં હિંદુ વલણે નાનોસૂનો ભાગ ભજવેલો નથી. હિંદુ કોમવાદે એક બાજુથી મુસ્લિમ કોમવાદને બહેકવાનું કારણ આપ્યું છે, અને બીજી બાજુથી તેના પ્રતિકારમાં તે પણ બહેકતો ગયો છે. બંને કોમવાદો પરસ્પર પોષણ મેળવીને માત્યા છે, એ વાતનો ઇન્કાર થઈ શકે તેમ નથી. બંને કોમવાદની ભાવનાઓએ એકબીજાને પેદા થવાને જરૂરી કારણ પૂરું પાડ્યું છે, અને પેદા થયા પછી ખીલવાને માટે જરૂરી ઉત્તેજન પણ પૂરું પાડ્યું છે.

એકંદરે, હિન્દુ સમાજવ્યવસ્થાના અંતરંગમાં રહેલી જ્ઞાતિવ્યવસ્થાની પ્રથા, અને લોકશાહીની અથવા રાષ્ટ્રવાદની ભાવના, એ બંનેનો પરસ્પર મેળ ખાતો નથી, એવી દલીલ વારંવાર અને સચોટપણે કરવામાં આવી છે.[૧] ઇતિહાસકારોએ એવી દલીલ કરી છે કે, જ્ઞાતિવ્યવસ્થાનાં બંધનોને પરિણામે માણસની સામાજિક વૃત્તિને પૂરેપૂરી વ્યક્ત થવામાં જે અંતરાય પેદા થાય છે, તે જ ઇસ્લામની ચઢાઈની સામે થતાં વેંત હિંદુ રાજ્યવ્યવસ્થા તૂટી પડી, તેને માટે જવાબદાર છે.[૨] ભૂતકાળમાં ડૂબકી મારવામાં નાહક વખત બગાડવાને બદલે રાષ્ટ્રીય ભાવનાના વિકાસની દૃષ્ટિથી, અને લોકશાહી પદ્ધતિની દૃષ્ટિથી જ્ઞાતિવ્યવસ્થાની જે ટીકા કરવામાં આવી છે, અને તેની જે ખામીઓ બતાવવામાં આવી છે, તે ટૂંકમાં રજૂ કરીને આપણી ચર્ચા આપણે આગળ ચલાવીશું.

સમગ્ર સમાજના બંધારણની સાથે જેમનો મેળ ખાતો નથી, એવા સ્વરત તેમ જ સ્વહિતનો જ ખ્યાલ રાખનારા નાના નાના વાડાઓમાં

---

૧ જુઓ : કે. એમ. પનિક્કર; 'કાસ્ટ ઍન્ડ ડેમોક્રસી' (જ્ઞાતિવ્યવસ્થા અને લોકશાહી).

૨. જુઓ : એચ. જી. રૉલિનસન : 'ઇન્ડિયા' (હિન્દ), પા. ૨૧૧-૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજની સમગ્ર રાજકીય ભાવનાને વહેંચી નાખનારી જ્ઞાતિવ્યવસ્થાની ભાવના, રાજકારણની દૃષ્ટિથી પ્રજાઓની એકતાની ભાવનાને ચૂંથી નાખનારું સૌથી જોરાવર વલણ છે, એમ સાબિત થયું છે. લોકોની પરસ્પર પ્રીતિની ભાવનાને વ્યાપક બનાવવાને બદલે જ્ઞાતિવ્યવસ્થા તેનો સંકોચ કરી નાખે છે, અને એક પ્રજાજનના બીજા પ્રજાજન સાથેના વહેવારને બહુ ટૂંકો કરી નાખે છે. વળી ભારતીય સમાજવ્યવસ્થાની સૌથી પ્રભાવશાળી સંસ્થા તરીકે જ્ઞાતિએ સામાજિક સંગઠનનાં એકેએક સ્વરૂપને માટે નમૂનો પૂરો પાડ્યો છે, ને તે દરેક પર પોતાના રંગનો પટ ચઢાવ્યો છે. પરિણામે આખા સમાજનું વલણ ઉત્તરોત્તર નાના નાના વિભાગોની મર્યાદામાં ભરાઈ જઈને નાના નાના વાડાઓ પ્રત્યેની નિષ્ઠાની ભાવનામાંથી સમાધાન મેળવવાનું થઈ ગયું છે. મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને ખુદ બ્રિટિશ લોકો પર પણ જ્ઞાતિ-વ્યવસ્થાની ભાવનાની અસર પહોંચી છે, અને પોતપોતાના સામાજિક જીવન પર જ્ઞાતિવ્યવસ્થાના ઘાટની છાપ બેસતી અટકાવવાને તે બધા સમર્થ થયા નથી. આમ હિન્દમાં જ્ઞાતિભાવનાની સર્વવ્યાપી અસર થયેલી જોવાની મળે છે.

મુસ્લિમોની હિન્દ પર ચઢાઈ થઈ તે પછી હિન્દુ સમાજ વિજેતાઓને પોતાની સાથે એકરસ કરવામાં નિષ્ફળ નીવડ્યો, એટલે કે પોતાની જ્ઞાતિવ્યવસ્થાની ચઢતી ઊતરતી શ્રેણીઓની વ્યવસ્થામાં તેમને ઘટતું સ્થાન ન આપી શક્યો; એટલે તેણે તેમને પારકા અને અસ્પૃશ્ય ગણ્યા, ને તે વ્યવસ્થામાંથી બાદ રાખી અળગા કાઢ્યા. આઠસો વરસના ગાળા પછી બ્રિટિશ લોકોએ હિન્દની ભૂમિનો કબજો કર્યો, ત્યારે તેમની સાથે પણ હિન્દુ સમાજે એ જ પ્રકારનું વલણ અખત્યાર કર્યું. પરંતુ મુસ્લિમો જ્યાં સુધી રાજકર્તા વર્ગ તરીકે હિન્દમાં વસ્યા હતા, ત્યાં સુધી હિન્દુઓની સામાજિક અળગાપણાની લાગણીની તેમને બહુ પડી નહોતી; પારકા માનેલા લોકો પ્રત્યેની હિન્દુઓની સૂગથી તેઓ અકળાયા નહોતા, અને તેની સામે તેમણે વાંધો ઉઠાવ્યો નહોતો. પરંતુ મુસ્લિમોની રાજકીય સત્તા જતી રહી, ત્યાર પછી હિન્દુઓનું આ સામાજિક સુગાળવાપણું તેમને ખૂબ સાલવા લાગ્યું. વળી, પાછલી ત્રણેક પેઢી દરમિયાન હિન્દુઓમાં અને મુસ્લિમોમાં નવોત્થાનની જે હિલચાલો શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ, તેને પરિણામે હિન્દુઓના અતડાપણાનું, અને મુસ્લિમોનું તેની સામેના વિરોધનું, એ બન્ને લક્ષણો વધારે દૃઢ થતાં ગયાં. એક નામાંકિત અહરાર આગેવાને હાલમાં પ્રસિદ્ધ કરેલા એક પુસ્તકમાં[3] આપણા કોમી સવાલની આ બાજુનું સંપૂર્ણ વિવરણ કર્યું છે, અને તે ધ્યાનમાં લેવા જેવું છે.

> આર્ય વંશના મુસલમાનો, સુફી પંથને અનુસરનારા મુસલમાનો, ઉચ્ચ કુળોમાં જન્મેલા મુસલમાનો અને સારી કેળવણી પામેલા મુસલમાનો, સર્વે પ્રત્યે, કોઈ પણ જાતનો અપવાદ રાખ્યા વિના, અને સરખી રીતે હિન્દુ સમાજ અસ્પૃશ્યો જેવું વર્તન રાખતો આવ્યો છે. તમે અણીશુદ્ધ રાષ્ટ્રવાદી હો કે પાકા ચુસ્ત ગાંધીવાદી હો, કોઈ પણ હિન્દુને તમે જણાવો કે હું મુસલમાન છું, એટલે તે તરત તમારા તરફ અસ્પૃશ્યના જેવું વર્તન રાખવા માંડશે. આવી જાતની વર્તણૂક રાખવાને હિન્દુઓને પોતાની દૃષ્ટિથી ગમે તેટલું સમર્થન મળે છે, એમ લાગતું હોય, અને મુસ્લિમો તરફના તેમના વર્તનની બાબતમાં તે લોકો નિર્દોષભાવનો ગમે તેટલો દાવો કરતા હોય, પરંતુ ન્યાયને ખાતર તેમણે એટલું કબૂલ કરવું જોઈશે કે, મુસ્લિમો પોતાના તરફના આવા વર્તનને કારણે હિન્દુઓ તરફ કડવાશની લાગણી રાખે, તો તેમાં તેમનાથી મુસ્લિમોનો વાંક કાઢી શકાય તેમ નથી.[4]

ઉપર ટાંકેલા ફકરામાં અતિશયોક્તિનો જે અંશ છે, તેની વાત જવા દઈએ, તો પણ તેમાં તથ્યનો ઘણો અંશ રહેલો છે, એ વાતની તકરાર થઈ શકે તેવી નથી. સામાજિક સુગાળવાપણાના પોતાના વલણથી હિંદુઓ પોતાની જાતને અને બીજા લોકોને કેટલી હાનિ કરે છે, તે તેઓ સમજતા નથી. આમ બરાબર રીતે જોઈએ, તો હિંદુઓનું એ સુગાળવાપણું આખરે અસ્પૃશ્યતા સુધી પહોંચી ગયું છે. ગાંધીજીને કોમી સવાલનું આ પાસું અજાણ્યું નથી, અને કોમી વિખવાદ પર તેની કેવી અસર થઈ છે, અને થાય છે તે પણ તેઓ બરાબર જાણે છે. હમણાં જ 'હરિજન'ના એક અંકમાં તેમણે લખ્યું છે કે, "અસ્પૃશ્યતાની ભાવનાને હું આપણી પાયમાલીનું તેમ જ હિંદુ-મુસ્લિમ વિસંવાદનું મૂળ કારણ લેખું છું."[5]

---

૩ 'પાકિસ્તાન એન્ડ અનટચેબિલિટી' (પાકિસ્તાન અને અસ્પૃશ્યતા), લેખક : ચૌધરી અફઝલ હક, (મક્તબ-ઇ-ઉર્દૂ, -લાહોર).

૪. ૩માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૪૭.

૫. ૨૫મી મે, ૧૯૪૦નું 'હરિજન.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકશાહી રાજ્યપદ્ધતિને અનુસરીને રચાયેલી દુનિયાભરને માટેની વ્યવસ્થામાં, હિંદુ સમાજે બીજા સમાજો સાથે ઘર્ષણમાં આવ્યા વિના સમાવું હોય, તો તેણે પોતાનાં ભિન્નભિન્ન અંગો વચ્ચે સમાનતાનું ધોરણ સ્થાપવું જોઈશે, એ વાતનો ઇન્કાર થઈ શકે તેમ નથી. પરંતુ ડૉ. લતીફ દલીલ કરે છે[૬] તે મુજબ કહેવું કે, હિંદુ સમાજની પ્રકૃતિ જ એવી છે, કે તેનાથી એવું સમાનતાનું ધોરણ સિદ્ધ થઈ શકે તેમ નથી, એ છેલ્લે પાટલે બેસવા જેવું છે. હિંદુઓની અળગાપણાની ભાવનાનો વિરોધ મુસ્લિમો પોતાની અળગાપણાની ભાવના કેળવીને વ્યક્ત કરે છે, તે બેશક આપણું કમનસીબ છે.[૭] જેટલા પ્રમાણમાં આપણે લોકોમાં સામાજિક તેમ જ સંસ્કૃતિને અંગેનો વહેવાર પરસ્પર મુક્તપણે ચાલવા દઈશું, તેટલા જ પ્રમાણમાં આપણે કોમી સવાલનો ઉકેલ કાઢવાને સફળ થઈશું.

૨

પાછલા એક પ્રકરણમાં અમે દર્શાવ્યું છે કે, હિંદમાં બે 'રાષ્ટ્રવાદો' અસ્તિત્વમાં છે. પોતે હમણાં લખેલા એક પુસ્તકમાં ડૉ. વેણીપ્રસાદ આખરે એ જ નિર્ણય પર આવે છે, અને એ બન્ને રાષ્ટ્રવાદનાં વલણોને "પ્રતિપાદનની સગવડને ખાતર આધુનિકતાની અને નવોત્થાનની વિચારસરણીઓ"ના નામથી ઓળખાવે છે. ડૉ. વેણીપ્રસાદ લખે છે કે, "એ

---

૬ સૈયદ અબ્દુલ લતીફ: 'ધિ મુસ્લિમ પ્રૉબ્લેમ ઇન ઇંડિયા' (હિંદનો મુસ્લિમ પ્રશ્ન), પા. ૪-૯.

૭. જુઓ: "શાહપુર જિલ્લાના જબ્બી ગામમાં બે મોલવીઓ પહોંચી ગયા. . . . તેમણે ગામના મુસ્લિમ વતનીઓને બિનમુસ્લિમ રહેવાસીઓની દુકાનોનો બહિષ્કાર કરવાની, અને ગામની નદીનું પાણી બીજા લોકો વાપરે તે સામે વિરોધ ઉઠાવવાની સલાહ આપી. પરિણામે અલબત્ત એક નાની ઝપાઝપી થઈ, અને તે પછી સમાધાનને અંગે એવી દરખાસ્ત કરવામાં આવી કે, ગેર–મુસ્લિમોનો નદીમાંથી પાણી લેવાનો હક માન્ય રાખવો, પણ તેમને તે ભાગમાં નહાવાધોવાની છૂટ ન આપવી. ગામના બિનમુસ્લિમ આગેવાને આ શરતો વધારે પડતી સખતાઈભરેલી છે, એમ જણાવીને તેમની સામે વાંધો ઉઠાવ્યો, એટલે મુસ્લિમો પાછા ઉશ્કેરાઈ ગયા, અને તેમનામાંથી કેટલાકે તેની પાછળ પડીને, તેને પથ્થર મારી મારીને પૂરો કર્યો." — કૌંડિન્ય: 'ફેડરેશન ઑર પાર્ટિશન' (સમવાયી રાજ્યતંત્ર કે મુલકની વહેંચણી), પા. ૩૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને વલણોના એકબીજા પર થતા કાર્યને પરિણામે રાજકારણને અંગેની જે વૃત્તિ નિર્માણ થઈ છે, તેમાંથી આપણો હિંદુ-મુસ્લિમ પ્રશ્ન પેદા થયો છે."[૮]

કોમી પ્રશ્નની ચર્ચા કર્યા પછી બીજા એક લેખકે પણ આ જ પ્રકારના નિર્ણયો તારવ્યા છે:

પરાધીન દેશોમાં રાજકીય ગુલામીના પ્રતિકારની ભાવનામાંથી નીપજેલી અસરે બે સ્વરૂપો ધારણ કર્યાં. . . . . . . આ રીતે એક બાજુથી હિન્દમાં વેદના યુગની પુનઃસ્થાપના કરવાની, ઈરાનમાં દારાના યુગની અને પહેલવી વંશનું ગૌરવ કરવાની, તુર્કીમાં સમસ્ત તુરાની પ્રજાઓને એક કરવાની અને ચીનમાં કોન્ફ્યૂશિયસના પ્રાચીન ઉપદેશો અનુસાર જીવન ઘડવાની, વગેરે હિલચાલો ઉત્પન્ન થયેલી આપણે જોઈએ છીએ. . . . .

આ પ્રકારની વિચારસરણીને વરેલા લોકો પોતાના રાજકીય વિચારોને કોમી અથવા ધાર્મિક ભાષામાં વ્યક્ત કરે, એ તદ્દન સ્વાભાવિક અને અનિવાર્ય હતું. આ વિચારસરણીવાળા લોકોનો રાષ્ટ્રવાદ હિન્દમાં અનિવાર્ય રીતે આર્ય સમાજ અને આશ્રમોની સાથે સંકળાયો, અને ઈરાનના રાજકીય આગેવાનોને મુશ્તહાદને અનુસરવું પડ્યું. . . . .

આ નવા આદર્શમાં હિન્દના મુસ્લિમને ક્યાંયે સ્થાન નહોતું, એ તો દેખીતું જ છે. વૈદિક યુગની અથવા વૈદિક સંસ્કૃતિની પુનઃસ્થાપનાની ઘોષણાઓથી તેને કોઈ જાતની અભિમાન કે ગૌરવની લાગણી થતી નહોતી, કેમ કે, વેદના જમાનામાં તેની હસ્તી જ નહોતી, અને પોતાના રાજકીય સ્વામીઓની નકલ કરવાનું પણ તેણે શરૂ કર્યું નહોતું, એટલે આધુનિકતાની વિચારસરણીમાં અંગ્રેજોની નકલ કરીને સવાઈ અંગ્રેજ બનવાને પણ તે અસમર્થ હતો. એટલે તેને પણ, પોતાની પરાધીન દશાનું વિસ્મરણ થાય તે માટે, અને પોતાનું સ્વાભિમાન જાગતું રાખવાને માટે, કોઈક પ્રકારની નવી ભાવનાસૃષ્ટિ નિર્માણ કર્યા વિના છૂટકો નહોતો. તેથી તેણે ઇસ્લામની પરાક્રમકથાઓ સંભારવા માંડી, બગદાદ અને ગ્રાનાદાની યશોગાથાઓનું સ્મરણ કરીને તેમનાં યશોગાન કરવા માંડયાં; મુસ્લિમોનું જે એક જમાનામાં આખી દુનિયા પર વર્ચસ્વ જામ્યું હતું, તે જમાનાને યાદ કરવા માંડયો, અને આજના જમાનાના તુર્કોના કે આરબોના જે જે વિજયો થતા હતા, તેમની સાથે આત્મીયતા કેળવવા માંડી. રેઝા શાહ પહેલવી અને મુસ્તફા કમાલની એકેએક જીતની ખબર સાંભળીને તે પુલકિત થઈ ઊઠતો, અને તેનું દિલ અભિમાનથી છલકાઈ જતું. તેણે એવી ભાવના કેળવવા માંડી,

૮. 'ધિ હિંદુ-મુસ્લિમ ક્વેશ્ચન્સ' (હિંદુ-મુસ્લિમ પ્રશ્નો), પા. ૧૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તે એમ માનવા લાગ્યો કે, આ મારી પરાધીન દશા તો કાળની ઘટમાળમાં જે વારાફેરા અનિવાર્યપણે સૌને નસીબે આવે છે, તેનું એક અપ્રિય અંગ છે. તેને એમ લાગતું કે, યુદ્ધની એક લડાઈમાં મારો પાસો નસીબ-જોગે અવળો પડી ગયો છે, અને તેથી મારે હવે બીજા સારા દિવસની વાટ જોવાની છે. તે માનવા લાગ્યો કે, હું તો કદી પરાધીન હતો જ નહીં, પરાધીન તો છે આ હિન્દુઓ, કેમ કે, તેનો મુલક પરદેશીઓના કબજામાં છે; મારું વતન ક્યાં હિન્દ છે? મારું ઘર ને વતન તો તુર્કી ને ઈરાન છે, જે મુલકોએ આખી દુનિયામાં પોતાનાં પરાક્રમોનો ડંકો વગાડ્યો છે. અને તે પછી તે પણ પોતાના બીજા દેશબાંધવો એટલે કે, હિન્દુઓની માફક પોતાની વિશિષ્ટ ભાવનાસૃષ્ટિને પ્રત્યક્ષ કરવાને નીકળી પડ્યો. અને આજેયે તેની વણઝાર આગેકૂચ કરતી આગળ વધી રહી છે. અને આમ કોમવાદને સંપૂર્ણ સજ્જ થઈને હિન્દની ભૂમિ પર પ્રવેશ કરતો આપણે જોઈ શકીએ છીએ.

આ રીતે બન્ને કોમોએ, હિંદુઓએ અને મુસ્લિમોએ એકસરખા પરંતુ છૂટા છૂટા માર્ગો ગ્રહણ કર્યા, છતાં આપણે યાદ રાખવું જોઈએ કે, કોમવાદ પણ રાષ્ટ્રવાદનો જ એક પ્રકાર છે.[૯]

મુસ્લિમો કરતાં હિંદુઓની નવોત્થાનની આ પ્રવૃત્તિ ઐતિહાસિક તેમ જ સામાજિક કારણોને લીધે વહેલી શરૂ થઈને આગળ વધી હતી. અને પાછલા પ્રકરણમાં જે કારણોની ચર્ચા કરવામાં આવી છે, તેમને લીધે હિંદુઓને પોતાની કોમવાદની લાગણીને મુસ્લિમોની કોમવાદની ભાવનાના કરતાં રાષ્ટ્રવાદની ભાવના સાથે સમાન દેખાડવાનું વધારે સહેલું પડતું હતું. પરંતુ પરાધીન દેશોમાં નવા ઉદય પામતા રાષ્ટ્રવાદની હિલચાલનું એક અનિવાર્ય અંગ લેખી શકાય, તેવી હિંદુ કોમની નવોત્થાનની પ્રવૃત્તિની વિચારસરણીએ હિંદના કોમી સવાલને વધારે અટપટો બનાવી દીધો છે, એ વાતનો ઇન્કાર થઈ શકે તેમ નથી.

કોમી સવાલને અંગે ઊભા થયેલા આ ગૂંચવાડાના નિરાકરણનો માર્ગ એક જ છે. તે માર્ગ એ છે કે, ધર્મ અને સંસ્કૃતિ એ બે તદ્દન ભિન્ન વસ્તુઓ છે, એ હકીકતને ઓળખીને તેના પર ભાર મૂકવો જોઈએ, અને સાથે સાથે આપણે એમ પણ સમજવું જોઈએ કે, બે ભિન્ન ધર્મ-

---

૯. બાકર અલી મિરઝા, 'હિંદુ–મુસ્લિમ પ્રૉબ્લેમ' (હિંદુ–મુસ્લિમ પ્રશ્ન), પા. ૫૧–૫૪.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થાને અનુસરનારા લોકો પણ સંસ્કૃતિના એક સમાન વારસાને સરખી રીતે કીમતી ગણીને જાળવવાને સમર્થ થાય છે. ગ્રીક લોકો ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ નહોતા, છતાં સમસ્ત યુરોપના સર્વ લોકોએ ગ્રીસને ચરણે બેસીને સંસ્કૃતિના પાઠ લીધા હતા, અને આજે પણ એજિયન સમુદ્રમાં આવેલા એ નાનકડા ટાપુઓના સંસ્કૃતિને અંગેના ઋણનો કોઈ યુરોપવાસી ઇન્કાર નહીં કરે. એથીયે વધારે પાસે આવીને જોઈએ, તો ચીનની કથા પણ એવી જ છે; અને સમસ્ત ચીનના લોકો તેની સંસ્કૃતિને ડુબાડી દઈ નામશેષ કરવાને અંધકારનાં જે બળો આજે તેને માથે ઝઝૂમી રહ્યાં છે, તેમનો જે ભવ્ય પ્રતિકાર કરી રહ્યા છે, તે પ્રતિકારના સામર્થ્યના કરતાં, તેના યુગોથી ઊતરી આવેલા ઇતિહાસમાં બીજી કોઈ વધારે યશસ્વી સિદ્ધિ જવલ્લે જ જોવાની મળશે. એ પ્રતિકારનું રહસ્ય બેશક એ જ છે કે, ચીનના લોકો પૈકીનો ચીનનો એકેએક વતની એમ સમજે છે કે, બૌદ્ધ, ઇસ્લામ કે ખ્રિસ્તી ધર્મ જેવા અંગત ધર્મની માન્યતા કરતાં, સમગ્ર ચીન અને તેની સંસ્કૃતિ કેટલીયે વિશેષ મૂલ્યવાન છે, અને તેને વિષેની તેની નિષ્ઠા તેની અંગત ધર્મભાવનાથી પર છે.

પરસ્પરની ધર્મવિષયક માન્યતાઓમાં માથું માર્યા વિના હિંદુઓ અને મુસ્લિમોએ પોતાના સમાન સાંસ્કૃતિક વારસાને વિષેની નિષ્ઠાની પૂરતી સાબિતીઓ આજ સુધીમાં આપેલી છે. આપણી સામાજિક નીતિરીતિઓના ઘાટોમાં, આપણી આમજનતાની રહેણીકરણીની ટેવો અને શોખોમાં, અને તેથીયે વિશેષ આરસ અને પથ્થરમાં કોતરાયેલાં આપણાં શિલ્પોમાં, અને આપણા સંગીતમાં તે સમાન વારસાની કોઈથી ઇન્કાર ન થઈ શકે તેવી સ્પષ્ટ છાપ ઊઠેલી આપણે જોઈ શકીએ છીએ. તાજમહાલ કે અજન્ટા, આગ્રા મસ્જિદની લાવણ્યમયી રેખાઓ કે કોણાર્કની સ્વતઃસિદ્ધ ભવ્યતા, એ સર્વને વિષે આપણે સર્વે સરખા જ મગરૂર છીએ. ગૌરવની આપણી આ લાગણીની સાથે આપણી ધાર્મિક માન્યતાઓને કશો જ સંબંધ નથી કેમ કે, એ બધી કૃતિઓ કાળના સર્વભક્ષી ગ્રાસમાંથી માનવીના આત્માએ ચિરકાળને માટે બચાવી લીધેલી ગૌરવભરી સિદ્ધિઓ છે.

૭ હજાર વર્ષના કાળના અંતરને ભેદીને ઊતરી આવેલા સળંગ ઇતિહાસ અને સંસ્કૃતિનો દાવો કરનારી વિશાળ ભૂમિમાં આમ બને, તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશું જ નવાઈ પામવા જેવું નથી; ઊલટું એમ જ બને એમ આપણે સમજવું જોઈએ. હિંદ હમેશ હિંદી માત્રની ભૂમિ હતી, અને હજીયે સર્વ હિંદીઓની ભૂમિ જ રહેશે, અને જે કોઈ તેને પોતાની માતા તરીકે સ્વીકારશે, તેમને સર્વને પોતાની સર્વોત્તમ સમૃદ્ધિ આપતી રહેશે. જે ધાર્મિક વિખવાદો આજે તેને વ્યથિત કરી રહેલા ભાસે છે, તે માત્ર તેના ઇતિહાસના વહેણની સપાટીની ઉપર ઉપરની હિલચાલો અથવા તરંગો છે, અને તેના અંતરમાં વહેતા ઘટનાઓના શાન્ત, ધીર, ગંભીર પ્રવાહને તે સ્પર્શ પણ કરતા નથી.

૩

હિંદના ઇતિહાસના પાયામાં રહેલી આ હકીકતને યથાર્થપણે ઓળખવાની અશક્તિ, અને હિંદુઓની વિશિષ્ટ જ્ઞાતિવ્યવસ્થા, એ બે કારણો હિંદુ કોમવાદની લાગણીએ હમણાં હમણાં પાછળથી કંઈક અંશે જે દુઃખદ સ્વરૂપ ધારણ કર્યું છે, તેને માટે જવાબદાર છે.

મિન્ટો-મોર્લીને નામે ઓળખાયેલા સુધારાઓ, અને મુસ્લિમ કોમને કરી આપવામાં આવેલી અલગ મતદારમંડળોની જોગવાઈ, એ બે કારણોને લીધે હિન્દુ કોમના માનસ પર જબરી અસર થઈ હતી, અને તેથી ૧૯૦૯ની સાલના ઑક્ટોબર માસમાં લાહોર મુકામે મળેલી પંજાબ હિન્દુ પરિષદ પંજાબના હિન્દુઓના હિતોનું સંરક્ષણ કરવાના સ્પષ્ટ આશયથી બોલાવવામાં આવી હતી. ભાઈ પરમાનંદના અભિપ્રાય મુજબ લાહોરમાં મળેલી આ પરિષદમાં હિન્દુ મહાસભાનું મૂળ જડે છે, કેમ કે, લાહોરની પરિષદના ઠરાવો, "ત્યાર પછીથી જે જે હિન્દુ પરિષદો ભરાઈ હતી અને હજીયે ભરાય છે, તે સર્વ પૈકીની લગભગ એકેએકમાં જે ઠરાવો મંજૂર થતા હતા અને હજીયે કરવામાં આવે છે, તેમની ભાવના વ્યક્ત કરે છે."[૧૦] આ વાત જો સાચી હોય, તો આજે આપણે હિન્દુ મહાસભાને જે સ્વરૂપે

---

૧૦. 'એ રિવ્યૂ ઑફ ધિ હિસ્ટરી ઍન્ડ ધિ વર્ક ઑફ ધિ હિન્દુ મહાસભા ઍન્ડ ધિ હિન્દુ સંગઠન મૂવમેન્ટ (હિન્દુ મહાસભાના અને હિન્દુ સંગઠનની હિલચાલના ઇતિહાસ તેમ જ કાર્યની સમાલોચના) નામના ઇન્દ્રપ્રસાદના, નવી દિલ્લીની અખિલ ભારતીય હિન્દુ મહાસભાએ પ્રસિદ્ધ કરેલા પુસ્તકની પ્રસ્તાવનામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખીએ છીએ, તે કેવા પ્રકારના માનસિક વાતાવરણમાં અસ્તિત્વમાં આવી હતી, તેની આપણને કંઈક ઝાંખી થાય છે.

તારીખની બાબતમાં હજી સર્વ બાજુથી સંમતિ મળતી નથી, છતાં હિન્દુ મહાસભાનું પહેલું મહત્ત્વનું અધિવેશન ૧૯૨૩ની સાલમાં કાશીમાં મળ્યું હતું, એમ નિર્વિવાદ કહી શકાય. ત્યાં હિન્દુ "મહાસભાના નિયમોમાં સુધારાઓ કરવામાં આવ્યા હતા, અને મહાસભાની સભા સમક્ષ રજૂ કરવાના ઠરાવોના મુસદ્દાઓ ઘડવામાં આવ્યા હતા. ત્યાર પછી હિન્દુ મહાસભાની પ્રાન્તિક અને બીજી શાખાઓ સંગઠિત થવા લાગી."[૧૧]

૧૯૨૪ની સાલના ડિસેમ્બર માસમાં હિન્દુ મહાસભાની એક ખાસ બેઠક બેલગામ મુકામે ભરવામાં આવી. તે બેઠક રાષ્ટ્રીય મહાસભાના મંડપમાં જ મળી હતી, અને તેમાં અલીભાઈઓ, ડૉ. મહમૂદ, મૌલાના હઝરત મોહાની અને મૌલાના અબુલ કલામ આઝાદ, તેમ જ બીજા રાષ્ટ્રીય મહાસભાના આગેવાનોએ હાજરી આપી હતી. પ્રમુખસ્થાન ફરીથી પંડિત માલવીએ લીધું હતું.

હિન્દુ મહાસભા એક કોમી સંસ્થા છે, એવી ટીકાનો જવાબ આપતાં પ્રમુખે જણાવ્યું:

> કોઈ પણ હિન્દુ જો રાષ્ટ્રીય મહાસભાનો વિરોધ કરે, તો તે શરમાવા જેવું ગણાય. અમારો આશય, રાષ્ટ્રીય મહાસભાની પુરવણીરૂપ થઈને તેને વધારે મજબૂત કરવાનો છે. હિન્દુ મહાસભાનું સંગઠન કરવાની જરૂર એટલા કારણસર ઊભી થઈ છે કે, રાષ્ટ્રીય મહાસભા રાજકીય કાર્ય કરનારી સંસ્થા હોવાથી, જુદીજુદી કોમોના સામાજિક તેમ જ બિનરાજકીય ક્ષેત્રોમાં ઊભા થતા સવાલોને પૂરતો ન્યાય આપી શકતી નથી, તે ખોટ પુરાય.

હિન્દુ મહાસભાની પ્રવૃત્તિ તત્ત્વતઃ સંસ્કૃતિને અંગેની પ્રવૃત્તિ છે, એ વાત પર ભાર દઈને વધારામાં પંડિત માલવીએ એ હકીકત પર વજન આપ્યું કે, આ સંસ્થા "અહિંસાને વરેલી છે, અને ખોટી લાગણીઓ અથવા પૂર્વગ્રહોને હિંસાથી નહીં પણ પ્રેમથી મિટાવવાનો આશય રાખે છે."[૧૨]

હિન્દુ મહાસભાની પ્રવૃત્તિ રાજકારણને લગતી નથી, પણ સંસ્કૃતિને અંગેની છે, અને રાજકીય સવાલોની બાબતમાં તે રાષ્ટ્રીય મહાસભાની

---

૧૧. ૧૦માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૧–૧૨.

૧૨. 'ધિ ઇન્ડિયન ઍન્યુઅલ રજિસ્ટર,' ૧૯૨૪, ભા. ૨ જો, પા. ૪૮૪–૮૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે રહીને ચાલશે, એ વાત સ્પષ્ટ કરવાની પંડિત માલવીની આતુરતા આપણે અહીં જોઈ શકીએ છીએ.

પરંતુ હિન્દુ મહાસભાની આ બેઠકમાં મંજૂર થયેલા ઠરાવો પૈકીનો એક ઠરાવ સહેજ જુદો સૂર ઉઠાવે છે.

> હિન્દુ મહાસભા હિન્દુઓની સામાજિક તેમ જ ધાર્મિક પ્રગતિને અર્થે કાર્ય કરશે, અને ઉપરાંત રાજકીય પ્રશ્નોને અંગે હિન્દુ કોમનો અભિપ્રાય શો છે, તે ખોળી કાઢીને તેને એકાગ્ર કરીને વ્યક્ત કરશે.

સાચું જોઈએ તો અભિપ્રાયો વ્યક્ત કરવા, અને તેમને અમલમાં મૂકવાને માટે નીતિ નક્કી કરીને અખત્યાર કરવી, એ બે બાબતોને જુદી પાડનારી રેખા અત્યંત બારીક છે, અને તે મુજબ આપણે આગળ જતાં જોઈશું કે, બહુ થોડાં વર્ષો વીતે તે પહેલાં હિન્દુ મહાસભાની પ્રવૃત્તિ પર સ્પષ્ટ અને ભિન્ન રાજકીય રંગનો પટ ચઢવાનો છે.

સર પ્રફુલ્લચંદ્ર રાયને કંઈક આવો જ ડર લાગ્યો હોય એમ જણાય છે કેમ કે, કલકત્તા મુકામે મળેલી ત્યાર પછીની હિન્દુ મહાસભાની બેઠકની સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકે બોલતાં તેમણે હિન્દુ મહાસભાને એવી સલાહ આપી હતી કે, "હિન્દુ મહાસભાએ પોતાની પ્રવૃત્તિ હિન્દુ કોમમાં ઘર કરી ગયેલા સડાઓને દૂર કરવા પૂરતી, કોમની આંતરિક શુદ્ધિ કરવા પૂરતી અને હિન્દુ કોમના જુદા જુદા વાડાઓને તેમ જ ન્યાતોને એકત્ર કરીને તેને સમર્થ બનાવવા પૂરતી જ મર્યાદિત રાખવી જોઈએ."[૧૩]

એ જ બેઠકને પ્રમુખપદેથી બોલતાં લાલા લાજપતરાયે, હિન્દુઓ ત્યાર સુધી જે રાષ્ટ્રીય નીતિને અનુસર્યા હતા તેનું હોંસભેર સમર્થન કર્યું. વધારામાં તેમણે જણાવ્યું કે, હિન્દુ મહાસભા સર્વ કોમો, સર્વ વર્ગો અને સર્વ હિતોને યોગ્ય ન્યાય આપવાના સિદ્ધાન્તના પાયા પર રચાયેલી રાષ્ટ્રીય સરકારની સ્થાપનાને માટે મથે છે. ઉપરાંત પોતાના ભાષણમાં તેમણે આગ્રહ કર્યો કે, હિન્દુઓએ કોઈ પણ ગણતરીથી રાષ્ટ્રીય મહાસભાનો ત્યાગ કરવો નહીં, અને કહ્યું કે, "હિન્દુઓએ કેવળ શુદ્ધ કોમી સવાલોનો સંબંધ હોય તે સિવાય રાષ્ટ્રીય મહાસભાના કાર્યક્ષેત્ર પર જરાયે આક્રમણ ન કરવું."

---

૧૩. 'ધિ ઇન્ડિયન એન્યુઅલ રજિસ્ટર,' ૧૯૨૫, ભા. ૧લો, પા. ૩૭૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમય દરમિયાન શુદ્ધિ અને સંગઠનની પ્રવૃત્તિઓને પરિણામે બન્ને કોમો વચ્ચેના સંબંધો ખૂબ તંગ થવા લાગ્યા હતા. વળી એ પ્રવૃત્તિઓનો આખો રંગ સ્પષ્ટપણે રાજકીય હતો, તે હકીકતને લીધે પરિસ્થિતિ વિશેષ તંગ થઈને બગડી હતી.[૧૪] બીજું, રાષ્ટ્રીય મહાસભાની કોમી પ્રશ્નોને જોવાની દૃષ્ટિ હિંદુ મહાસભાની દૃષ્ટિથી પાયામાં જ ભિન્ન હતી. એટલે તે બન્ને સંસ્થાઓના માર્ગો જુદા ફંટાય, એ અપરિહાર્ય થઈ ગયું હતું. હિંદની પરિસ્થિતિ જ એવી છે કે, તેમાં કોઈ પ્રશ્નો શુદ્ધ કોમી પ્રકારના ગણી શકાય એવી સ્થિતિએ રહેતા જ નથી. આપણા રાષ્ટ્રીય જીવનના આખા પોતમાં કોમી વલણોના ધાગાઓ, છૂટા ન તારવી શકાય તેવી રીતે, એવા તો વણાઈ ગયેલા છે કે, વધારે વ્યાપક રાજકીય તેમ જ રાષ્ટ્રીય પ્રશ્નો પ્રત્યેનું આપણું સૌનું વલણ, આપણા કોમી સવાલો વિષેના વલણની અસરથી મુક્ત રહી શકતું નથી.

હિંદુ મહાસભાની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું. કલકત્તા મુકામે મળેલી હિંદુ મહાસભાની બેઠકને પ્રમુખપદેથી, શ્રી. કેળકરે મહાસભાનો મુખ્ય ઉદ્દેશ હિંદુ સમાજના પુનરુદ્ધારનો છે, એ વાત પર ફરીને ભાર દીધો ખરો, પરંતુ ત્યાર પછીના વર્ષમાં દિલ્લી મુકામે હિંદુ મહાસભાએ એક મહત્ત્વનો રાજકીય નિર્ણય કર્યો. એ સમય દરમિયાન રાષ્ટ્રીય મહાસભાએ પોતાનો ધારાસભાઓના બહિષ્કારનો કાર્યક્રમ રદ કરીને સ્વરાજ પક્ષની સ્થાપના કરી હતી. દિલ્લી મુકામે મળેલી હિંદુ મહાસભાની બેઠકે ધારાસભા પ્રવેશનો ઠરાવ મંજૂર કરીને સભાને એવો અધિકાર આપ્યો કે, "મહાસભાએ (ધારાસભા પ્રવેશના કાર્યક્રમને અંગેનાં) હિંદુ હિતોનું રક્ષણ કરવાના આશયથી જ્યાં જરૂર પડે ત્યાં, પોતાના પક્ષના ઉમેદવારો ચૂંટણીઓને માટે ઊભા કરવા ઉપરાંત બીજાં ઘટતાં પગલાંઓ લેવાં."

---

૧૪. જુઓ: "હિંદ જેવા દેશમાં . . . શુદ્ધિની પ્રવૃત્તિ કેવળ ધાર્મિક અથવા ધર્મસિદ્ધાંતોને લગતી તાત્ત્વિક પ્રવૃત્તિ રહેતી નથી, પરંતુ તે રાજકીય અને રાષ્ટ્રીય રંગે રંગાયેલી વધારે વ્યાપક હિલચાલનું સ્વરૂપ પકડે છે" — વી. ડી. સાવરકર: 'એ રિવ્યૂ ઑફ ધિ હિસ્ટરી ઍન્ડ વર્ક ઑફ ધિ હિંદુ મહાસભા' (હિંદુ મહાસભાના ઇતિહાસ અને કાર્યની સમાલોચના) નામના પુસ્તકની પ્રસ્તાવના, પા. ૧૧–૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બેઠક વખતે પંડિત મોતીલાલ નેહરુએ હિંદુ મહાસભા સમક્ષ એક નોંધ રજૂ કરી, તેમાં તેની નીતિમાં કરવામાં આવેલા આ ફેરફારને અંગે લેવામાં આવેલા માર્ગને વિષે પોતાની નાપસંદગી વ્યક્ત કરી, અને દર્શાવ્યું કે, હિંદુ મહાસભાનો પોતાનો એવો કોઈ ખાસ રાજકીય કાર્યક્રમ નથી; પરંતુ "તેણે પોતાના કાર્યને માટે જે રાજકીય પક્ષોની વચ્ચે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ વચ્ચેના અંતર જેટલા ભેદો છે, તેવા પક્ષોને પોતાના ઝંડા નીચે એકઠા કર્યા છે." તે નોંધમાં તેમણે જણાવ્યું હતું કે,

તો પછી તે (હિંદુ મહાસભા) એક રાજકીય કાર્યક્રમની દોરવણી કરનારા પક્ષ તરીકે કેવી રીતે કાર્ય કરી શકશે? મહાસભા જે ઉમેદવારોને ચૂંટણીઓમાં ઊભા રહેવાને માટે પસંદ કરશે, તે સર્વની લાયકાતનો નિર્ણય તેમના રાજકીય અભિપ્રાયોને અનુસરીને કરવામાં નહીં આવે, પરંતુ કોમી હિતોને સંરક્ષણ આપવાની જેટલી લાગણી તે લોકો બતાવશે, તેને અનુસરીને કરવામાં આવશે. એ તો દેખીતું જ છે કે, કોમી હિતોને સંરક્ષણ આપવાની લાગણી, સરકારના એક ચુસ્ત વફાદાર આદમીને હોય, તેવી જ એક ચુસ્ત અસહકારી રાષ્ટ્રીય મહાસભાવાદીને પણ હોય.

કોમી રાજકીય પક્ષના રાજકારણનું આ સચોટ પૃથક્કરણ હિંદુ મહાસભાને વિષે સરવાળે તદ્દન સાચું ઠર્યું છે. 'પૂર્ણ સ્વરાજ'ની સ્થાપનાને વિષે એક ઠરાવ મંજૂર રાખ્યા પછી, હિંદુ મહાસભાએ પોતાના એ ઉદ્દેશની સિદ્ધિને માટે રાજકીય કાર્યની કોઈ પદ્ધતિ ખીલવી નથી. અને તેનું કોમી પ્રશ્નો વિષેનું વલણ રાષ્ટ્રીય મહાસભાના તે જ વિષયના વલણથી સાવ ઊલટું હોવાથી તે એવી સ્થિતિમાં આવી પડી છે કે, પોતાના વલણનો અંગીકાર કર્યા પછી રાષ્ટ્રીય મહાસભાનો એકેએક બાબતમાં સરિયામ વિરોધ કર્યા વિના તેનો છૂટકો થતો નથી.

ગૌહત્તી મુકામે ભરાયેલી પોતાની ખાસ બેઠકમાં હિન્દુ મહાસભાએ સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂનના કૃત્યને વિષે પોતાની ઊંડી નફરતની લાગણી વ્યક્ત કરતો ઠરાવ મંજૂર રાખ્યો. બીજા એક ઠરાવથી તેણે હિન્દુઓને એવો અનુરોધ કર્યો કે, સંયુક્ત હિન્દી રાષ્ટ્રના વિકાસનો જેનાથી સાધારણ રીતે અવરોધ થાય છે એવું લાગે, તેવું કોઈ પણ કાર્ય તમારે કરવું નહીં.

ત્યાર પછીનાં થોડાંક વર્ષો દરમિયાન સાયમન કમિશનના બહિષ્કારને અંગેના જે પ્રચંડ ખળભળાટે દેશ આખાને હલાવી મૂક્યો હતો, તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ મહાસભાની પ્રવૃત્તિઓ છેક ઢંકાઈ ગઈ હતી. તે અપૂર્વ રાષ્ટ્રીય ક્ષોભની પ્રચંડ ગર્જનામાં કોમવાદનો અવાજ દબાઈ ગયો હતો.

કોમી ચુકાદાની જાહેરાત થયા પછી, અને રાષ્ટ્રીય મહાસભાએ ધારાસભાઓને લગતી પ્રવૃત્તિઓ પાછી શરૂ કરી, એટલે કોમી રાજકારણની પ્રવૃત્તિ ફરી એક વાર મોખરે આવી. ૧૯૩૨ની સાલમાં દિલ્લી મુકામે મળેલી હિન્દુ મહાસભાની બેઠકને પ્રમુખપદેથી શ્રી. એન. સી. કેળકરે કોમી ચુકાદાને, અને ધારાસભાઓના બહિષ્કારની નીતિને, બન્નેને વખોડી કાઢ્યાં; કોમી ચુકાદો અન્યાયી હતો તે કારણે, અને ધારાસભાઓના બહિષ્કારની નીતિ આત્મઘાતી હતી તે કારણે.

ત્યાર પછીના વર્ષમાં હિન્દુ મહાસભાએ રાષ્ટ્રીય મહાસભાનો જાહેર રીતે વિરોધ શરૂ કર્યો. તે સાલમાં હિન્દુ મહાસભાની બેઠક અજમેરમાં મળી હતી. ભાઈ પરમાનંદ પ્રમુખ હતા. પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં તેમણે જણાવ્યું :

> મને એવી અંતઃપ્રેરણાની ઊર્મિ થાય છે કે, નૂતન હિન્દની રાજકીય સંસ્થાઓમાં હિન્દની પ્રમુખ કોમ તરીકેના હિન્દુઓના દરજ્જાનો, અને તેમના જવાબદાર સ્થાનનો સ્વીકાર કરવામાં આવે, તો તે લોકો ગ્રેટબ્રિટનની સાથે સહકાર કરવાને ખુશીથી તત્પર થશે.

તેમની દૃષ્ટિથી ગ્રેટ બ્રિટનને હિન્દુઓનો દરજ્જો સ્વીકારવાની ફરજ પાડવાની એકમાત્ર કાર્યપદ્ધતિ એ હતી કે, હિન્દુ સંગઠનની પ્રવૃત્તિને મજબૂત કરવી.

સ્વાગત સમિતિના પ્રમુખે રાષ્ટ્રીય મહાસભાની નીતિ પર હુમલો કરીને જણાવ્યું કે, રાષ્ટ્રીય મહાસભાના આગેવાનોના મગજમાં જે ગોટાળો ઘર કરી બેઠો છે, તે જ હિન્દુઓની આજની રાજકીય અવદશાનું કારણ છે. અને તેણે વધારામાં ઉમેર્યું કે, આમ છતાં જો હિન્દુઓ રાષ્ટ્રીય મહાસભાની પાછળ ચાલવાની જક નહીં છોડે, તો તેમનાં માથાં આખરે ખડકોની સામે અફળાઈને ફૂટી જવાનાં છે.

વર્ગ યુદ્ધના સિદ્ધાન્તની સામે અણગમો પ્રદર્શિત કરતા, અને ધારાસભાઓનો કબજો લેવાના નિર્ણયના ઠરાવો, આ જ બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૩૪ની સાલના જુલાઈ માસની ૮ મી તારીખે હિન્દુ મહાસભાની કાર્યવાહક સમિતિ નવી દિલ્લીમાં મળી. તેણે પંડિત માલવીએ અને શ્રી. અણેએ રાષ્ટ્રીય મહાસભાની પાર્લામેન્ટરી બોર્ડ એટલે કે, ધારાસભાઓના કામકાજનું નિયંત્રણ કરનારા મંડળનો ત્યાગ કર્યો, તે માટે તેમનું અભિનંદન કર્યું. ધારાસભાઓની ચૂંટણીઓને માટે મતદારોને ઉદ્દેશીને જાહેરનામાનો જે ખરડો સમિતિએ તૈયાર કર્યો, તે કોમી ચુકાદાના વિરોધના પાયા પર રચાયેલો હતો.

૧૯૩૫ની સાલમાં કાનપુર મુકામે મળેલી બેઠકમાં, હિન્દુ મહાસભાએ પોતાના એક ઠરાવથી એવી જાહેરાત કરી કે, હિન્દનું રાજ્યબંધારણ ઘડવાને માટે બ્રિટિશ પાર્લામેન્ટ અસમર્થ છે, અને તેથી હિન્દુ મહાસભા હિન્દના શહેનશાહને હિન્દી લોકોના સહકારથી હિન્દનું રાજ્યબંધારણ તૈયાર કરવાની વિનંતિ કરે છે. વળી એવું પણ સૂચવવામાં આવ્યું હતું કે, બંધારણ ઘડનારી લોકપ્રતિનિધિ સભાની અવહેવારુ પદ્ધતિને બદલે સાચી સંગીન યોજના હિન્દુ મહાસભાએ દર્શાવી છે, તે જ છે.

૧૯૩૭ની સાલની નાતાલની રજાઓ દરમિયાન હિન્દુ મહાસભાની બેઠક અમદાવાદ મુકામે મળી. શ્રી. સાવરકરે ત્યાં હિન્દુ મહાસભાના ઉદ્દેશની વ્યાખ્યા કરી કે,

> હિન્દુ જાતિ, હિન્દુ સંસ્કૃતિ અને હિન્દુ સમાજવ્યવસ્થાને નભાવવાં, તેમનું જતન કરવું અને તેમને આગળ વધારવાં, તેમ જ હિન્દુ રાષ્ટ્રના ગૌરવને વધારવું; એ સર્વ વસ્તુઓ સિદ્ધ કરવાને ખાતર સંપૂર્ણ સ્વરાજ પ્રાપ્ત કરવું, એટલે કે, સર્વ વાજબી સાધનો દ્વારા હિન્દુસ્તાનની નિરપેક્ષ રાજકીય સ્વતંત્રતાની સ્થાપના કરવી.

નાગપુર મુકામે મળેલી તે પછીની હિંદુ મહાસભાની બેઠક આગળ તેને પ્રમુખપદેથી આપેલા લંબાણ ભાષણમાં શ્રી. સાવરકરે પોતાના હિંદુ રાષ્ટ્રના આદર્શની વિચારસરણીનું વિગતે નિરૂપણ કરીને જણાવ્યું કે,

> હવે પછી અમારું રાજકારણ શુદ્ધ હિંદુ રાજકારણ રહેશે, અને તેનું ઘડતર ને તેની કસોટી કેવળ હિંદુ આદર્શને અનુસરીને કરવામાં આવશે, જેથી અમારા હિંદુ રાષ્ટ્રનું એકીકરણ, તેનું સામર્થ્ય, તેની સ્વતંત્રતા અને તેનો જીવનવિકાસ, એ સર્વની ખિલવણીમાં સહાય થાય.

આ ધ્યેયની સિદ્ધિને અર્થે તેમણે સર્વ હિંદુઓને એક થવાની, અને ઉત્તરોત્તર હિંદુવિરોધી બનતી જતી રાષ્ટ્રીય મહાસભા પાસેથી (બાળબોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે કરેલું છે) સત્તાનો કબજો પડાવી લેવાની જોરદાર હાકલ કરી. હિંદી રાષ્ટ્રીય મહાસભાની રાષ્ટ્રીયતાની ધૂનને માત કરવાને માટે, અને ભારતની ભૂમિ પર હિંદુ રાજ્યસત્તાનો ઝંડો ફરકાવી તેને સમર્થ સ્થિતિએ લઈ જવાને માટે તેમણે નીચે દર્શાવેલી કાર્યપદ્ધતિનું પ્રતિપાદન કર્યું:

> (૧) રાષ્ટ્રીય મહાસભાનો બહિષ્કાર કરવો, (૨) રાષ્ટ્રીય મહાસભાના પક્ષના ઉમેદવારોને ચૂંટણીઓમાં મત ન આપવા અને (૩) પૂરેપૂરી લાયકાત ધરાવનારા, નિવડેલા અણિશુદ્ધ હિંદુ રાષ્ટ્રવાદીઓને જ મત આપવા.

ત્યાર પછી બીજે વર્ષે કલકત્તામાં શ્રી. સાવરકરે પાછલા વર્ષમાં જે લાગણીઓ વ્યક્ત કરી હતી, તે જ પાછી વ્યક્ત કરીને હિંદુ શબ્દની હવે તો નામીચા થઈ ગયેલા નીચેના શ્લોકથી વ્યાખ્યા કરી:

आसिन्धुसिन्धुपर्यन्ता यस्य भारतभूमिका।
पितृभूः पुण्यभूश्चैव स वै हिन्दुरिति स्मृतः॥

આ ઉપરાંત તેમણે હિંદુ સમાજવ્યવસ્થા, હિંદુત્વ અને હિંદુ રાજ્ય, એ સર્વની વિગતે વ્યાખ્યા કરી. અલબત્ત હમેશની જેમ રાષ્ટ્રીય મહાસભાની નીતિરીતિની ટીકા તો હતી જ.

હિંદુ મહાસભાનું આટલું વર્ણન તેનાં અસલ લક્ષણોને દર્શાવવાને માટે પૂરતું થશે. હિંદુ મહાસભાની આખી દૃષ્ટિ તેના કોમવાદના ધખારાને કારણે સાવ વિકૃત થઈ ગયેલી છે. જેમ જેમ વરસો વીતતાં ગયાં છે તેમ તેમ તે સંસ્થાએ પોતે માથે લીધેલી સંસ્કૃતિની સુધારણાની પ્રવૃત્તિઓને વિસારે પાડીને ઉત્તરોત્તર રાજકીય સંસ્થાનું સ્વરૂપ કેવી રીતે ધારણ કર્યું, તે વાતને અહીં સ્ફુટ કરીને દર્શાવવાનું રસપ્રદ થાય તેમ છે. આને માટે એક જ દાખલો બસ થશે. હિંદુત્વ અને હિંદુ રાજ્યને નામે સોગંદ ખાનારા તેના સર્વ હિમાયતીઓના કરતાં સરવાળે એકલા ગાંધીજીએ હરિજનોના ઉદ્ધારને અર્થે વધારે કાર્ય કરેલું છે. આ કાર્યને અંગેની હિંદુ મહાસભાના પ્રમુખ થયા તે પહેલાંની અને તે પછીની શ્રી. સાવરકરની પ્રવૃત્તિઓમાં પડી ગયેલો ભેદ, કોમી સંસ્થાઓની પ્રકૃતિ અને પ્રગતિશીલ રાજકીય તેમ જ સામાજિક કાર્ય વચ્ચે રહેલો મૂળગત ભેદ બરાબર સ્ફુટ કરે છે. હિંદુ મહાસભાના પ્રમુખપદની જવાબદારી સ્વીકાર્યા પછી શ્રી. સાવરકરે અસ્પૃશ્યતાની સામેની પોતાની ઉગ્ર લડતનું કાર્ય છોડી દીધું છે, એ વાતને છેક અકસ્માતમાં કાઢી નાખી શકાય તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકીય બાબતોને અંગેનું હિંદુ મહાસભાનું વલણ પણ આવું જ વિકૃત થયેલું છે. હિંદનું રાજબંધારણ તૈયાર કરવાને માટે લોકપ્રતિનિધિ સભાની યોજનાની અવેજીમાં, હિંદના શહેનશાહે હિંદના લોકોની સહાયથી તે બંધારણ ઘડવું, એવી નવાઈભરેલી યોજનાની તેણે સૂચના કરી છે! આ સૂચના એટલી બધી ઢંગધડા વગરની અને વાહિયાત છે કે, તેનાથી હિંદુ મહાસભાનું ધ્યાન કેવા પ્રકારના નાદાન રાજકારણના ખ્યાલોમાં રોકાયેલું રહે છે તેનો ખ્યાલ કરવામાં આપણને સહાય ન થતી હોત, તો અમે તેનો ઉલ્લેખ પણ ન કર્યો હોત. બીજી એક વાત પણ અહીં સ્પષ્ટપણે દર્શાવવા જેટલી મહત્ત્વની છે કે, હિંદુ મહાસભા રાજસત્તાનો કબજો કરવાનો જે ખ્યાલ રાખે છે તે બ્રિટિશ સત્તા પાસેથી નહિ, પણ રાષ્ટ્રીય મહાસભા પાસેથી પડાવી લેવાનો ખ્યાલ છે, કેમ જાણે આ ભૂમિમાં સત્તાનું ઉગમસ્થાન રાષ્ટ્રીય મહાસભા ન હોય!

જે કોમી સંસ્થા પોતાનો વાસ્તવિક કાર્યપ્રદેશ છોડીને રાજકારણની સાથે ખેલ કરવાની અનધિકાર ચેષ્ટામાં પ્રવૃત્ત થાય છે, તેની દૃષ્ટિ આ પ્રમાણે વિકૃત થઈ જાય એ અનિવાર્ય છે કેમ કે, રાજકારણની પ્રવૃત્તિનો પ્રેરક હેતુ કોઈ પણ એક સમાજની સ્વહિતબુદ્ધિ હોય છે, અને સમસ્ત પ્રજાની મૂળગત સામાજિક પ્રગતિની પ્રેરણાને વ્યક્ત કરવાનો હોતો નથી, અને તેને પરિણામે તે સંસ્થાને અપરિહાર્ય રીતે પોતાની જાતિ વિષેના ગુમાનની, પોતાની કોમના સુગાળવાપણાની અને પોતાના સંકુચિત વિશિષ્ટત્વની લાગણીઓ કેળવવાને રસ્તે ચઢવું પડે છે. લાખો હરિજનો અને અબ્રાહ્મણો જેની સમાજવ્યવસ્થાના અંકુશોથી હેરાન થઈને તેને તોડવાને તત્પર થયા છે, તે હિંદુ સમાજને એક હિંદુ રાષ્ટ્ર ગણવાગણાવવાની વાતો કરવી, એનો અર્થ તો એટલો જ થાય છે કે, એવી વાતો કરનારા લોકોને રાષ્ટ્રીયતાના મૂળ ખ્યાલનું જરાયે ભાન નથી. હિંદુ સમાજનો આ પ્રકારનો પુનરુદ્ધાર રાષ્ટ્રીય મહાસભાને, કે મુસ્લિમ લીગને, કે આમ જુઓ તો કોઈ પણ પક્ષને ગાળો ભાંડવાથી સિદ્ધ થવાનો નથી. હમણાં જ પ્રસિદ્ધ થયેલું પાકિસ્તાન વિષેનું એક પુસ્તક[૧૫] દર્શાવે છે તે મુજબ, તે પુનરુદ્ધાર તે

૧૫ એસ એલ. કરંદીકર: 'પાકિસ્તાનચેં સંકટ' (પાકિસ્તાનની આફત).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ યુવાન સ્ત્રીપુરુષો સિદ્ધ કરી શકશે, જે બધાં હિંદુ સમાજ પરનું આ કાળું કલંક ધોઈ કાઢવાને મિશનરીઓના ઉત્સાહથી પ્રેરિત થશે, અને તે કાર્યને માટે પોતાનાં જીવન સમર્પણ કરશે. અમને એવો વિશ્વાસ છે કે, હિંદુ સમાજના પુનરુદ્ધારના કાર્યને વરેલાં આવાં સ્ત્રીપુરુષો વખત જતાં સમજતાં થશે કે, તેમને આ દેશમાં જે સવાલોનો મુકાબલો કરીને તેમનો ઉકેલ કાઢવાનો છે, તે એકલા હિંદુ સમાજના વિશિષ્ટ પ્રશ્નો નથી, પરંતુ સમસ્ત હિંદના લોકોની સામે આવીને ઊભા રહેલા સામાજિક પ્રશ્નો છે. આટલી સમજ કેળવાયા પછી તે બધાંને આપણા લોકોની દશાને ઓળખવાની સાચી, સપ્રમાણ, વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત થશે, અને તેને અનુસરીને તે બધાં આપણી પ્રજાની મુક્તિ તેમ જ ઉદ્ધાર સાધવાને જરૂરી એવા પૂરતા તેમ જ અસરકારક રાજકીય ઉપાયો યોજશે, ને તેમનો અમલ કરશે.

હિંદુ મહાસભાને આ પ્રકારની સામાજિક પ્રગતિની ઊંડી પ્રેરણા જાગી હોય એવું લાગતું નથી, કેમ કે, જે વિધવિધ પ્રવૃત્તિઓથી રાષ્ટ્રીય મહાસભા આપણા કરોડો મૂગા દેશબાંધવોના બીજી રીતે દીન, હીન જીવનમાં આશાના પ્રકાશનું એકાદ કિરણ પ્રગટાવવાની મથામણ કરે છે, તે પ્રવૃત્તિઓનો હિંદુ મહાસભા શા સારુ વિરોધ કરે છે, તેનો ખુલાસો આ પ્રેરણાના અભાવ સિવાય બીજો કોઈ મળતો નથી. હકીકતમાં હિંદુ મહાસભા રાજસત્તાનો કબજો કરવાના રાજકારણને વરેલી છે, અને તે કબજો મેળવવાની મથામણમાં હિંદમાં અસ્તિત્વ ધરાવતા બ્રિટિશ રાજના કરતાં પણ આ રાષ્ટ્રીય મહાસભા તેને વધારે મોટો અને વધારે ભયાનક પ્રતિસ્પર્ધી ભાસે છે.

આમ આપણે જોઈ શકીએ છીએ કે, પોતપોતાના જુદાજુદા માર્ગોએ મુસાફરી કરીને આખરે આપણી કોમી સંસ્થાઓ એક જ લક્ષ્ય પાસે આવીને ઊભી રહી છે. રાષ્ટ્રીય મહાસભાએ લાંબા ગાળા સુધી ચલાવેલી લડતો અને મેળવેલી સિદ્ધિઓ દ્વારા જે કંઈ થોડીઘણી તાકાતની કમાણી કરી છે, તે તાકાતને ઢીલી કરવાના કોઈને ન ગમે તેવા કાર્યમાં આપણે તે બન્નેને રોકાયેલી જોઈએ છીએ; અને સિમલાને પાંચસેમે મજલે બેઠેલી બ્રિટિશ રાજસુંદરી તેમના પર કદરનાં અને પ્રોત્સાહનનાં સ્મિત વેરી રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું

પાકિસ્તાનની હિલચાલનું રહસ્ય

શ્રી. મહમદ અલી ઝીણાએ પોતાના અને પોતાના સહકાર્યકરોના લખેલા કેટલાક લેખોનો સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે, જેમાં તેમના કહેવા પ્રમાણે "અખિલ હિંદ મુસ્લિમ લીગના લાહોરના ઠરાવની સમજૂતી અને ચોખવટમાં ખૂબ ફાળો આપે એવા પુખ્ત વિચારણાને અંતે ઘડાયેલા અભિપ્રાયોનો" સમાવેશ કરવામાં આવેલો છે.[૧] આટલા પ્રમાણભૂત ગણી શકાય એવા પુસ્તકમાં પાકિસ્તાનની મૂળ કલ્પનાના ઉગમનો ખ્યાલ નીચેના શબ્દોમાં આપવામાં આવેલો છે:

> એ વાત સારી પેઠે જાણીતી થયેલી છે કે, પાકિસ્તાનનો ખ્યાલ પ્રથમ મરહૂમ હઝરત અલ્લામા ઇકબાલના મગજમાં સ્ફુર્યો હતો. તેમણે તેને પ્રગટ કર્યો તેની સાથે તેની સામે સારી પેઠે વિરોધી ટીકાઓ કરવામાં આવી હતી, અને કેટલાક ટીકાકારો તો તેને હસી કાઢવાની હદ સુધી પહોંચી ગયા હતા. એમ કહેવામાં આવ્યું હતું કે, ઇસ્લામના કવિ-ફિલસૂફની કલ્પના, બીજા કવિઓનું થાય છે તેમ તેમની બુદ્ધિને ઉઠાવીને ભાગી ગઈ છે; તેમનો પાકિસ્તાનનો ખ્યાલ એક કવિના કાવ્યમય કલ્પનાતરંગથી વિશેષ કશું નથી; અને તેથી પ્રત્યક્ષ વહેવારને અંગે તેની કશી જ કિંમત નથી. પરંતુ આ પ્રકારની ટીકાઓ કરનારા લોકો ટીકા કરવાની સગવડને ખાતર એક મહત્ત્વની વાત વીસરી ગયા હતા કે, ઇકબાલ જેવો પુરુષ કેવળ જોડકણાં જોડનારો ભાટ નહોતો; તેમનો દરજ્જો તેથી કેટલોયે ઊંચો હતો. . . . સાચું જોતાં તેઓ તેમના જમાનાના આયના જેવા હતા; પોતાના લોકોની સર્વોચ્ચ આકાંક્ષાઓને તેમણે વાણીમાં મૂર્ત કરી હતી.[૨]

પાકિસ્તાનના ખ્યાલના ઉગમને વિષે એડવર્ડ થૉમસનનો પણ કંઈક આવો જ અભિપ્રાય થયો હતો. તેણે એક વખત 'ધિ ઑબ્ઝરવર' નામના પત્રમાં તે વાત કહી બતાવી, એટલે ઇકબાલે તાબડતોબ તેની ભૂલ સુધારી.

---

૧. 'ઇંડિયાઝ પ્રૉબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂટશન' (હિંદનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ), પ્રસ્તાવના.

૨. ૧ માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૦૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(મિ. થૉમસન લખે છે કે) ઇકબાલ મારા મિત્ર થાય, એટલે તેમણે તરત મારા ગલત ખ્યાલને સુધાર્યો. તેમને 'પોતાની વિશાળ, શિસ્ત વગરની અને ભૂખે મરતી ભૂમિ પર' જે અંધાધૂંધીનો ભય ઝઝૂમી રહેલો લાગતો હતો, તેની વાત કર્યા પછી આગળ વધીને તેમણે જણાવ્યું કે, મને લાગે છે કે પાકિસ્તાનની યોજના, બ્રિટિશ સરકારને માટે આફતરૂપ છે, હિંદુ કોમને માટે આફતરૂપ છે અને મુસ્લિમ કોમને માટે આફતરૂપ છે. 'પણ હું મુસ્લિમ લીગનો પ્રમુખ રહ્યો, એટલે તેનું સમર્થન કરવાની મારી ફરજ છે'. ૩

પાકિસ્તાનની આખીયે હિલચાલમાં આ પ્રકારની દિલને રુચે તેવી વાતો માની લેવાની વિચારસરણી, અને સહેજે દેખાઈ આવે તેવા વિરોધો ઠેર ઠેર માલૂમ પડે છે. પરંતુ તેમ છતાં એક ચોક્કસ નેમ નજરમાં રાખીને તે હિલચાલનું સંચાલન કરવામાં આવે છે.

એ નેમ છે રાજસત્તાનો કબજો કરવાની. હમણાં હમણાં યુરોપના રાજકારણમાં બની રહેલી ઘટનાઓ પરથી સૂચન તેમ જ દાખલો લઈને મુસ્લિમ લીગના આગેવાનોએ રાજસત્તાનો કબજો મેળવવા માટે એક ચોક્કસ કાર્યપદ્ધતિ અખત્યાર કરી છે. એ કાર્યપદ્ધતિના અમલને અંગેનું પહેલું પગલું છે ફાવે તેવી, અત્યંત વધારે પડતી, હદ બહારની માગણીઓ કરવાનું.

૧૯૨૮ની સાલમાં મુસ્લિમોની માગણીઓને પાછળથી જે ચૌદ મુદ્દાઓ તરીકે ઓળખાયા છે, તેમાં સમાવવામાં આવી હતી. તે માગણીઓમાં બીજી અનેક માગણીઓની સાથે એક એવી સૂચના કરવામાં આવી હતી કે, "સમવાયી ઘટકોને સંપૂર્ણ સ્વશાસનના અધિકારો આપનારી, અને શેષ સત્તાઓના અધિકારો તેમની પાસે રહેવા દેનારી સમવાયી રાજ્યતંત્રની પદ્ધતિ હિંદની પરિસ્થિતિને બરાબર બંધબેસતી આવે તેવી એક માત્ર પદ્ધતિ છે." આ પ્રકારના ઢીલા સમવાયી રાજતંત્રના બંધારણની માગણીની સાથે એક નોંધવા જેવી શરતી કલમ જોડવામાં આવી હતી :

> અને એમ જરૂરનું લાગે છે કે, બંધારણમાં એવી જોગવાઈ રાખવામાં આવે કે, હિંદી રાજબંધારણનો અમલ ચાલુ થયા પછી હિંદી સમવાયી તંત્રમાં સમાયેલાં સર્વ રાજ્યોની સંમતિ વિના, મધ્યવર્તી ધારાસભા બંધારણના કાયદામાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહિ. (બાળબોધ અમે કરેલું છે.)

---

૩. એડવર્ડ થૉમસન : 'એનલિસ્ટ ઇન્ડિયા ફૉર ફ્રીડમ!' (હિંદને મુક્તિના યુદ્ધમાં લડવાને ભરતી કરો!), પા. ૫૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનો અર્થ એવો થયો કે, સમવાયી ઘટકો પૈકીનું કોઈ પણ એક રાજ્ય વાંધો ઉઠાવે તો બંધારણમાં ફેરફાર થઈ ન શકે! દુનિયાભરમાં આજે અમલમાં છે તેમાંના એકે સમવાયી રાજ્યતંત્રના બંધારણમાં, બંધારણના ફેરફારને અંગેની આવી જાતની કલમ રાખવામાં આવેલી નથી. જરૂર લાગતી હોય તો બંધારણને લગતો ફેરફાર કરવાને ⅔, કે પછી ¾ રાજ્યોની વધુમતીની જોગવાઈની શરત રાખી શકાય, અથવા "હિંદુ" તેમ જ "મુસ્લિમ" રાજ્યો પૈકી દરેક વર્ગનાં રાજ્યોની અલગ અલગ ⅔ વધુમતી હોવી જોઈએ, એવી શરત રાખવામાં આવે એ સમજી શકાય તેવી વાત છે. પરંતુ સર્વ રાજ્યોની સંમતિનો આગ્રહ રાખવાની વાતનો અર્થ તો એટલો જ થાય છે કે, આડાઈના જક્કીપણાને ઉત્તેજન આપવું.

અવળચંડી અને પ્રમાણ બહારની માગણીનો આ કંઈ અપવાદરૂપ દાખલો નથી. ૧૯૩૪ની સાલમાં સરકારે સરકારી નોકરીઓમાં કોમવાર ભરતીનું પ્રમાણ નક્કી કરીને તેને લગતા હુકમો પ્રસિદ્ધ કર્યા. તેમને વિષે અખિલ હિંદ મુસ્લિમ લીગની પરિષદે પોતાની નામંજૂરી દર્શાવી, કારણ કે,

> સરકારી નોકરીઓમાં મુસ્લિમોના પ્રતિનિધિત્વનું પ્રમાણ ધારાસભાઓમાં તેમના પ્રતિનિધિત્વના જે ૩૩⅓ ટકા છે તે ધોરણે ૩૩⅓ ટકા ન રાખતાં, તેમની વસ્તીને ધોરણે ૨૫ ટકાનું ઠરાવ્યું છે, તેથી સરકાર મુસ્લિમોને સંબંધ છે ત્યાં સુધી આ બાબતમાં તેમનાં નોકરીઓને લગતાં હિતોને સંરક્ષણ આપવામાં, અને તેમની સાથે ન્યાયી તેમ જ પ્રામાણિક વર્તન રાખવામાં નિષ્ફળ નીવડી છે.

કોઈ પણ એક કોમને ધારાસભાઓમાં વધારાનું પ્રતિનિધિત્વ મળે, એ સમજાય તેવી વાત છે. પરંતુ નોકરીઓમાં પણ તે વધારાનું પ્રતિનિધિત્વ માગે, એ હદ બહારની અને બેશરમ માગણી છે. હિન્દના રાજવહીવટમાં પોતાને પચાસ ટકાનો એટલે કે, અરધોઅરધ હિસ્સો મળવો જોઈએ, એ પ્રકારની મુસ્લિમ લીગે પાછળથી કરવા માંડેલી માગણી તેના આ જૂના વલણમાંથી જ નીપજેલી છે.

શ્રી. ઝીણાએ આ કાર્યપદ્ધતિને ખૂબ ઝીણવટ અને ચતુરાઈથી ખીલવીને સંપૂર્ણતાની હદે પહોંચાડી છે. એક બે દાખલાઓથી આ મુદ્દો સ્પષ્ટ થશે. ૧૯૩૫ની સાલમાં શ્રી. ઝીણા અને ડૉ. રાજેન્દ્રપ્રસાદની વચ્ચે કોમી સવાલના નિરાકરણને અંગે લંબાણ મસલતો ચાલી હતી. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાટાઘાટોને અંતે સમજૂતીનો એક કરાર પણ ઘડવામાં આવ્યો હતો. પરંતુ આખરે તે સમજૂતી તૂટી પડી. તેનું કારણ એ નહોતું કે, "કૉંગ્રેસવાદીઓ તે કરાર સાથે સંમત થયા નહોતા, પરંતુ એ હતું કે, હિન્દુ મહાસભાના જે આગેવાનોની સમજૂતીના કરાર પર સહી મળવી જોઈએ એવી શ્રી. ઝીણાએ જક પકડી હતી, તે લોકો તે કરાર સાથે સંમત થયા નહોતા."[૪] રાષ્ટ્રીય મહાસભા તરફથી મુસ્લિમ લીગને બન્ને સંસ્થાઓ વચ્ચે થયેલી સમજૂતીની યોજનાનો સ્વીકાર કરવાને સારી પેઠે આગ્રહ કરવામાં આવ્યો હતો, અને તેણે લીગને એવી ખાતરી પણ આપી હતી કે, "એ યોજનાનો જે હિન્દુઓ વિરોધ કરશે તેની સાથે રાષ્ટ્રીય મહાસભા લડી લેશે. પરંતુ શ્રી. ઝીણાને આટલી ખાતરી પૂરતી ન લાગી, અને બીજી બાજુથી હિન્દુ મહાસભાએ પણ આ કરારમાં સંમત થવું જોઈએ એવી તેમની માગણી પૂરી કરવાનું બની શકે એમ નહોતું, એટલે આ આખી વાતને પડતી મૂકવી પડી."[૪] એટલે કે ૧૯૩૫ની સાલમાં રાષ્ટ્રીય મહાસભાના હિન્દુઓના પ્રતિનિધિ તરીકેના દરજ્જાના અધિકારને વિષે શ્રી. ઝીણાને ખાતરી નહોતી, અને તેથી તેનો તે દરજ્જો માન્ય રાખવાને તે તૈયાર નહોતા. રાષ્ટ્રીય મહાસભાની સાથે સમજૂતી થાય, તે ઉપરાંત તે સમજૂતીના કરાર પર હિન્દુ મહાસભાની મંજૂરીની મહોરની અપેક્ષા રાખવામાં આવી હતી.

પરંતુ ત્યાર પછી ૧૯૩૮ની સાલ વીતે તે પહેલાં જ શ્રી. ઝીણાની દૃષ્ટિમાં રાષ્ટ્રીય મહાસભા એક હિન્દુ સંસ્થામાં પલટાઈ ગઈ હતી. તે સાલમાં તેમણે રાષ્ટ્રીય મહાસભાના આગેવાન શ્રી. ગાંધીને "દેશભરના હિન્દુઓના પ્રતિનિધિના દરજ્જાથી" પોતાની સાથે વાતચીત કરવાને જણાવ્યું.[૫] આગળ ચાલતાં ૧૯૪૧ની સાલ સુધી પહોંચતામાં તો શ્રી. ઝીણાની નજરે રાષ્ટ્રીય મહાસભાનું લક્ષણ વળી પાછું બદલાઈ ગયું હતું. તે સમયે તે "દેશભરના હિન્દુઓની પ્રતિનિધિ સંસ્થા રહી નહોતી; હવે તે ઉપલી ન્યાતોના સવર્ણ હિંદુઓ સિવાય બીજા કોઈની પ્રતિનિધિ સંસ્થા

---

૪. 'ધિ ઇન્ડિયન ઍન્યુઅલ રજિસ્ટર', ૧૯૩૭, ભાગ પહેલાનાં પાનાં ૨૨૯–૩૧ પર ટાંકેલા ડૉ. રાજેન્દ્રપ્રસાદના વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા નિવેદનમાંથી.

૫. 'નેહરુ–ઝીણા કૉરસ્પૉન્ડન્સ' (નેહરુ–ઝીણા પત્રવહેવાર), પા. ૮૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતી."[૬] આમ આપણે જોઈએ છીએ કે, લીગના રાજસત્તાનો કબજો કરવાના રાજકારણની જરૂરિયાત મુજબ રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિ તરીકેના દરજ્જાનું લક્ષણ પણ બદલાયા કરે છે.

૧૯૩૫ની સાલથી ૧૯૪૧ની સાલના ગાળામાં રાષ્ટ્રીય મહાસભાને આમજનતાનો વધારે ટેકો મળવા લાગ્યો હતો, અને તેટલા પ્રમાણમાં તેનો પાયો વધારે વ્યાપક થયો હતો. "ઉપલી ન્યાતોના સવર્ણ હિન્દુઓ" એ ગાળા દરમિયાન વળ્યા હશે તો હિન્દુ મહાસભા તરફ વળ્યા છે, અને તે ગાળામાં તે સંસ્થા વધારે મજબૂત થયેલી દેખાય છે. હિન્દના રાજકીય જીવનમાં થઈ રહેલાં આ પરિવર્તનો ધ્યાનમાં લેતાં, મુસ્લિમ લીગે રાષ્ટ્રીય મહાસભાનાં લક્ષણો પોતાની જરૂર પ્રમાણે વખતોવખત જુદી જુદી રીતે ઓળખાવ્યાં છે, તે વાતમાં ઊંડો મર્મ રહેલો માલૂમ પડે છે.

મુસ્લિમ લીગના બીજી રીતે ચિત્રવિચિત્ર ભાસતા ઇતિહાસમાં એક વલણ એકધારું ઊતરી આવતું નજરે પડે છે. તે વલણ છે હિન્દમાં મુસ્લિમો લઘુમતીમાં હોવાથી તેમના સંરક્ષણ માટેના સલામતીઓના ઉપાયોની ખોજનું. પરંતુ હવે મુસ્લિમ લીગે એવી શોધ કરી છે કે, હિન્દના મુસ્લિમો એક અલગ રાષ્ટ્ર છે, અને તેથી હિન્દી રાષ્ટ્રીય મહાસભા જ્યારે તેમનો એક લઘુમતી કોમ તરીકે ઉલ્લેખ કરે છે, ત્યારે લીગ તેના પર ઘુરકિયું કરીને હલ્લો ચઢાવે છે!

આ રાષ્ટ્રીય મહાસભાની ભાષામાં લઘુમતી કોમ અને મુસ્લિમ કોમ, એ બે પદો સમાનાર્થ પર્યાયો બની ગયા છે. તો પછી હિન્દુઓની વસ્તી વાયવ્ય સરહદના પ્રાન્તમાં, બલુચિસ્તાનમાં, સિન્ધમાં, પંજાબમાં, બંગાળમાં અને કાશ્મીરમાં લઘુમતીમાં છે, તે છતાં તે લોકો તેમને લઘુમતી કોમને નામે કેમ ઓળખાવતા નથી? મુસ્લિમોને હમેશ લઘુમતી કોમ ગણાવીને સાચું જુઓ તો રાષ્ટ્રીય મહાસભાએ હિન્દની પ્રજા એક રાષ્ટ્ર નથી, એ હકીકતનો જ સરવાળે એકરાર કર્યો છે.[૭]

---

૬. પૂર્વે ઉલ્લેખેલું જમાલુદ્દિન અહમદનું પુસ્તક, પા. ૮૧.

૭. 'ઇન્ડિયાઝ પ્રૉબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂશન' (હિન્દનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ), પા. ૧૨૫.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમો હિન્દમાં એક લઘુમતી કોમ છે, એ વાતને તો સલામતીઓની યોજનાની આખી ઇમારતના પાયામાં પુરાયેલા પથ્થર લેખે માનવામાં આવતી હતી. આજે હવે એવું દર્શાવવામાં આવે છે કે, એ વાત મુસ્લિમોને ગળે રાષ્ટ્રીય મહાસભાએ ભેરવેલું ઘંટીનું પડિયું છે.

મુસ્લિમ લીગની કાર્યપદ્ધતિનું અસલ પોત પારખવાની સામગ્રી તો હમણાં હમણાં તેણે જે પ્રચાર ચાલુ કર્યો છે, તેનું ઝીણવટથી પૃથક્કરણ કરવાથી મળે છે.

૧૯૩૫ના હિન્દી સરકારની રચનાને લગતા કાયદાથી ઘડવામાં આવેલા નવા બંધારણને વિષે ૧૯૩૬ની સાલમાં મુસ્લિમ લીગે એક સર્વગ્રાહી ઠરાવ મંજૂર કર્યો હતો. પ્રાન્તિક સરકારોની રચનાને લગતા તે બંધારણના વિભાગને વિષે તે ઠરાવમાં આ પ્રમાણે જણાવવામાં આવેલું છે :

> લીગનો એવો અભિપ્રાય છે કે, બંધારણના કાયદાના પ્રાન્તિક સરકારોની રચનાને લગતા વિભાગમાં ઘણાં એવાં વાંધાભરેલાં લક્ષણો છે, જેમને લીધે પ્રધાનમંડળનો તેમ જ ધારાસભાનો, શાસન તેમ જ વહીવટના આખા ક્ષેત્ર પરનો કાબૂ નહિ જેવો, અને તેને અંગેની તેમની જવાબદારી નકામી બની જાય છે. તે છતાં દેશમાં હાલમાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે તે ધ્યાનમાં લેતાં, તેટલા ભાગનો જેટલો કામમાં આવે તેટલો ઉપયોગ કરી લેવો જોઈએ.

વળી જુઓ : જમાલુદ્દિન અહમદના પૂર્વે ઉલ્લેખેલા પુસ્તકનું પાનું ૪૯ : "રાષ્ટ્રીય મહાસભાએ રજૂ કરેલી દરખાસ્તોમાં, લઘુમતી કોમોનો જે ઉલ્લેખ કરવામાં આવેલો છે, તે એક હડહડતું જુઠાણું છે. એક તો તે લોકો (રાષ્ટ્રીય મહાસભા) નવ કરોડની વસ્તીવાળી મુસ્લિમ પ્રજાને દેશના બીજા નાના નાના સમૂહોની માફક એક લઘુમતી કોમમાં ખપાવી કાઢવાની હિંમત કરે છે, જ્યારે મુસ્લિમો પોતે એક રાષ્ટ્ર છે એવો દાવો કરે છે, અને તેમનો તે દાવો તદ્દન સાચો છે."

અહીં એક વાત ધ્યાનમાં લેવા જેટલી રસિક છે કે, છેક ૧૯૩૭ની સાલના ઑક્ટોબર માસમાં ખુદ શ્રી ઝીણાએ મુસ્લિમોનો એક લઘુમતી કોમ તરીકે ઉલ્લેખ કરવાની "હિંમત કરી હતી." "અખિલ હિન્દ મુસ્લિમ લીગ ચોક્કસપણે અને સ્પષ્ટપણે મુસલમાનોના તેમ જ બીજી લઘુમતી કોમોના હકો અને હિતોનું અસરકારક રીતે સંરક્ષણ કરવાના ધ્યેયને વરેલી છે." (બાળબોધ અમે કરેલું છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી જે વાત ધ્યાનમાં લેવાની છે તે એ છે કે, પ્રજાનું ભલું અથવા બૂરું કરવાની કોઈ પણ જાતની સાચી સત્તા લોકોના ચૂંટેલા પ્રધાનોને સોંપવામાં આવી નથી, એવું લીગ તે સમયે માનતી હતી.

ત્યાર પછી લીગ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલો આ વિષયને લગતો બીજો મહત્ત્વનો દસ્તાવેજ તેનું ચૂંટણીઓને અંગે મતદારોને ઉદ્દેશીને થયેલું (જૂન ૧૯૩૬માં) જાહેરનામું ગણાય. મુસ્લિમ લીગના બંધારણ પ્રત્યેના વલણનો સમારોપ કરીને તે જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે,

> જુદી જુદી ધારાસભાઓમાં અમારા જે પ્રતિનિધિઓ જશે, તે બધા નીચે જણાવેલા મુખ્ય સિદ્ધાન્તોને અનુસરીને કાર્ય કરશે, એવી અપેક્ષા અમે રાખીએ છીએ. (૧) હાલનું પ્રાન્તિક સરકારોને લગતું બંધારણ, અને મધ્યવર્તી સરકારને વિષે જે બંધારણની યોજનાની દરખાસ્ત કરવામાં આવી છે તે બંધારણ, એ બન્નેને બદલે તત્કાળ લોકશાહી પદ્ધતિનું સ્વરાજ ચાલુ કરવામાં આવે; (૨) અને દરમિયાન મુસ્લિમ લીગના જુદી જુદી ધારાસભાઓમાં બેસનારા પ્રતિનિધિઓ, રાષ્ટ્રીય જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં લોકોને જેટલો વધારેમાં વધારે લાભ થઈ શકે, તેટલો લાભ બંધારણના અમલમાંથી ઉઠાવવાને માટે ધારાસભાઓનો ઉપયોગ કરે. જ્યાં સુધી અલગ મતદાર મંડળોની પ્રથા અમલમાં છે, ત્યાં સુધી તેમાંથી ફલિત થતા એક ઉપસિદ્ધાન્ત લેખે મુસ્લિમ લીગનો એક અલગ પક્ષ રચવાની જરૂર રહે છે, છતાં લીગ પક્ષના આદર્શો અને ઉદ્દેશોની સાથે બીજા જે કોઈ ધારાસભ્યોના સમૂહોના ઉદ્દેશો અને આદર્શો સમાન હશે અને તેમની સાથે મેળ ખાય એવા હશે, તે સર્વ સમૂહોની સાથે છૂટથી સહકાર કરવામાં આવશે. લીગ સર્વ મુસલમાનોને અપીલ કરે છે કે, આર્થિક અથવા એવી જ કોઈ બીજી ગણતરીની લાલચને વશ થઈને તેમણે કોમની એકતામાં ફૂટ પાડે તેવી રીતે પોતાના મતાધિકારનો દુરુપયોગ થવા ન દેવો.

આ જાહેરનામામાં મતદારોને આપવામાં આવેલું "લોકશાહી પદ્ધતિના સંપૂર્ણ સ્વરાજ"નું વચન ચૂંટણીઓ થઈ રહી કે લગભગ તરત જ મુસ્લિમ લીગે વિસારી મૂક્યું. ૧૯૪૦ની સાલમાં શ્રી. ઝીણાએ લખ્યું હતું કે, "પશ્ચિમની લોકશાહી રાજ્યશાસનની પદ્ધતિ હિન્દને તદ્દન પ્રતિકૂળ છે, અને તે પદ્ધતિ હિન્દને માથે મારવામાં આવી છે, તે જ હિન્દની રાજ્યસંસ્થાને લાગુ પડેલો રોગ છે."[૮] બીજા વચનની પણ એવી જ દશા થઈ.

૮. 'ટાઈમ એન્ડ ટાઈડ' (સામયિક), ૧૯મી જાન્યુઆરી, ૧૯૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીય મહાસભા સામે વિરોધ સંગઠિત કરવામાં આવ્યો તેનું કારણ એ નહોતું કે, તે સંસ્થાએ "લોકોના ઉદ્ધારને અર્થે બંધારણમાંથી ખેંચી શકાય તેટલો વધારેમાં વધારે લાભ ઉઠાવવાની વાતની ઉપેક્ષા કરી હતી." લીગે જાહેર કરેલો આ વિષયને લગતો પોતાનો નિર્ણય તો તેણે પોતે જ લગભગ વિસારી મૂક્યો હતો. પરંતુ રાષ્ટ્રીય મહાસભાનો વિરોધ કરવાનું કારણ હતું તેણે મુસ્લિમો પર જે 'અત્યાચારો' કરવા માંડ્યા હતા તે. 'અત્યાચારો'ને અંગેની આખી હિલચાલ કેવા ઢંગધડા વગરના અને નજીવા પાયા પર ઊભી કરવામાં આવી હતી, તે આપણે આ પૂર્વે જોઈ ગયા છીએ.[૯]

મુસ્લિમ લીગ રાષ્ટ્રીય મહાસભા સામે અકળાઈ ઊઠી હતી તેનું સાચું કારણ તો એ હતું કે, રાષ્ટ્રીય મહાસભાએ પક્ષને ધોરણે સરકારો રચી હતી. પરંતુ પ્રાન્તોમાં સંયુક્ત પ્રધાનમંડળો સ્થપાયાં નહોતાં, તેને માટેની જવાબદારીનો હિસ્સો મુસ્લિમ લીગને માથે પણ અમુક પ્રમાણમાં રહેલો છે. પોતાના ચૂંટણી અંગેના જાહેરનામામાં મતદારોને આપેલું ત્રીજું વચન ખુદ મુસ્લિમ લીગે જ પાળ્યું નહોતું. સમાન રાજકીય તેમ જ આર્થિક કાર્યક્રમ અને નીતિ જો અખત્યાર કર્યાં હોત, તો રાષ્ટ્રીય મહાસભાની સાથે સહકારથી કાર્ય કરવાનું લીગને મુશ્કેલ થાય તેમ નહોતું. પંડિત નેહરુએ આ બાબતમાં ચોખ્ખા શબ્દોથી બાંયધરી આપી હતી.

> રાષ્ટ્રીય મહાસભાએ એક ચોક્કસ કાર્યક્રમને અમલમાં મૂકવાને માટે, અને એક સ્પષ્ટ નીતિને આગળ ધપાવવાને અર્થે ધારાસભાઓમાં પ્રવેશ કર્યો છે. તે કાર્યક્રમ અને તે નીતિને આગળ વધારવાને માટે રાષ્ટ્રીય

---

૯. આ વિષયને અંગે પ્રસિદ્ધ કરેલા પોતાના એક નિવેદનમાં મૌલાના અબુલ કલામ આઝાદે કહ્યું છે કે, " . . . હું ટૂંકમાં એટલું જ જણાવીશ કે, આ આખા ગાળા દરમિયાન મારા જાણવામાં આવેલી એક પણ ફરિયાદને મેં ઝીણવટભરી તપાસ કર્યા વિના છોડી નહોતી. આ વિષયમાં મારું વલણ કેટલી હદ સુધી કડક તેમ જ છૂટછાટ વિનાનું રહેતું હતું, તે મારા સહકાર્યકરો બરાબર જાણે છે . . . આવી બાબતોને લગતા તુમારો જાતે જોઈને એકેએક મુદ્દાની કડક તપાસ કરવાનું કામ મારે માટે સામાન્ય થઈ પડ્યું હતું."—જુઓ : 'મૌલાના અબુલ કલામ આઝાદ' (અંગ્રેજી), લેખક : મહાદેવ દેસાઈ, પ્રકાશક, જ્યૉર્જ ઍલન ઍન્ડ અનવીન, ૧૯૪૧, પા. ૧૪૭ અને તે પછીનાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસભા, કોઈ પણ ધારાસભામાં વધુમતીમાં હોય કે લઘુમતીમાં હોય, તે બન્ને સ્થિતિમાં બીજા ધારાસભ્યોના સમૂહોની સાથે ખુશીથી સહકાર કરશે. આ ધોરણે સંયુક્ત પ્રધાનમંડળોની સ્થાપનાનો ખ્યાલ પણ મારી નજર બહાર નથી.૧૦

લીગની સાથે આ પ્રકારની કોઈક સમજૂતી કરવાને તેમણે ઘણી માથાફોડ કરી જોઈ. ૧૯૩૭ની સાલના નવેમ્બર માસમાં તેમણે મુસ્લિમ-લીગના એક આગેવાન નવાબ મહમદ ઇસ્માઈલખાનને લખ્યું હતું કે,

રાજકારણને અંગે આપણા મતભેદો કયા છે, તે હું બરાબર સમજી શકતો નથી. . . . રાષ્ટ્રીય મહાસભાની કઈ ચોક્કસ નીતિઓ, અને તેના કયા ચોક્કસ કાર્યક્રમો અથવા સિદ્ધાન્તો સાથે તમે સંમત નથી થતા, તે મને જણાવશો ? તમે અને ખલિક-ઉઝ-ઝમાને મળીને અમને જણાવ્યું હતું કે, તમે લોકો રાષ્ટ્રીય મહાસભાના વર્ધા-કાર્યક્રમની સાથે સંમત છો, એ તમને યાદ હશે. એ કાર્યક્રમ ઘણો વ્યાપક છે, અને અમે જે જે બાબતોની હિમાયત કરીએ છીએ તે પૈકીની લગભગ બધી તેમાં સમાઈ જાય છે.૧૧

નવાબ સાહેબે આ સવાલનો ચાલીકીથી ઉડાઉ જવાબ આપ્યો.

તમે આપણા મતભેદોના મુદ્દાઓની ચોખવટ કરવાને માટે પુછાવવાની મોટી મહેરબાની મારા પર કરી છે, પરંતુ જે વર્ધા કાર્યક્રમને તમે સારી પેઠે વ્યાપક ગણાવો છો, તેને ધોરણે ધારાસભાઓમાં કાર્ય કરવાની અમારી તત્પરતા ધ્યાનમાં લઈને હવે તમે હજી અમારાથી કઈ કઈ બાબતોમાં જુદા પડો છો, તે તમારે દર્શાવવાનું રહે છે.૧૨

પંડિત નેહરુ આ ખુલાસો મેળવવાને માટે શ્રી. ઝીણા તરફ વળ્યા ત્યાંથી પણ તેમને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. તેથી દાંતે આવી જઈને તેમણે શ્રી. ઝીણાને લખ્યું:

મને એવો ડર રહે છે કે, આપણા પરસ્પરના પત્રોમાં તેની તે જ વાતોનું પીંજણ થયા કરે છે. હું તમને વારેવારે પુછાવ્યા કરું છું કે, આપણી વચ્ચે તકરારના મુદ્દાઓ કયા છે તે તમે મહેરબાની કરીને ચોક્કસ લખી જણાવો... ... ...પરંતુ આપણી ચર્ચાને પ્રસ્તુત હોય એવી

૧૦. 'નેહરુ–ઝીણા કોરસપોન્ડન્સ' (નેહરુ–ઝીણા પત્રવહેવાર), પા. ૭૨.
૧૧. ૧૦ માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧–૨.
૧૨ ૧૦માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાબતો કઈ છે? એમ બને કે હું બૂઠો હોઉં, અથવા આ સવાલની અટપટી ગૂંચોનો પૂરેપૂરો પરિચય હજી મને ન થયો હોય, અને જો એમ હોય તો મને સમજ પાડવા જેટલી તસ્દી લેવાની મહેરબાનીને પણ શું હું લાયક નથી? ૧૩

આ આવેશભર્યા ઉકળાટનો શ્રી. ઝીણાએ જવાબ વાળ્યો: "તમે કદાચ અમારા ચૌદ મુદ્દાઓ વિષે તો સાંભળ્યું હશે."૧૪ આથી વળી પંડિત નેહરુએ જવાબમાં લખ્યું: "એ ચૌદ મુદ્દાઓ તો હવે વાસી થઈ ગયા છે. તેમાંના ઘણાખરામાં કરવામાં આવેલી માગણીઓ કોમી ચુકાદાથી અને બીજી રીતે પૂરી થઈ ગયેલી છે."૧૫ મુસ્લિમ લીગના પ્રમુખ સાહેબે આનો જે જવાબ વાળ્યો તેનો સાર એક વાક્યમાં આ પ્રમાણે આવી જાય છે કે, "અમને એ યાદી ગમે તેટલી લંબાવતાં ક્યાં નથી આવડતું?"૧૬ મુસ્લિમ લીગે બીજા ઘાટ ઘડી રાખેલા હતા, એટલે તેણે રાષ્ટ્રીય મહાસભાએ મિત્રભાવે લંબાવેલો હાથ તરછોડી કાઢ્યો.

૧૯૩૮ની સાલના જૂન માસમાં મુસ્લિમ લીગે નીચે મુજબની અગિયાર માગણીઓ રાષ્ટ્રીય મહાસભાની આગળ મૂકી:

૧. 'વંદે માતરમ્' ના ગીતનો ત્યાગ કરવામાં આવે;

૨. પ્રાન્તોના પ્રદેશોની નવેસરથી વહેંચણી અગર ગોઠવણી કરવામાં આવે, તો તેનાથી જે પ્રાન્તોમાં અત્યારે મુસ્લિમ વસ્તીની બહુમતી હસ્તીમાં છે, તેના પર અસર ન થવી જોઈએ;

૩. મુસ્લિમોના ગોવધના રિવાજમાં માથું મારવામાં ન આવે;

૪. મુસ્લિમોના આઝાન પોકારવાના અને બીજી ધાર્મિક વિધિઓ કરવાના અધિકારોમાં કોઈ પણ પ્રકારની દખલગીરી ન થાય;

૫. અંગત જીવનને લગતા મુસ્લિમોના કાયદાને અને તેમની સંસ્કૃતિને, બંધારણના કાયદામાં સંરક્ષણની બાંયધરી આપવામાં આવે;

૬. રાજની નોકરીઓમાં મુસ્લિમોના હિસ્સાનું પ્રમાણ મુકરર કરીને બંધારણના કાયદામાં આમેજ કરવામાં આવે;

---

૧૩. ૧૦માં ઉલ્લેખેલું પુસ્તક, પા. ૪૯.
૧૪. ,, ,, ,, પા. ૫૩.
૧૫. ,, ,, ,, પા. ૬૫.
૧૬. ,, ,, ,, પા. ૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. કોમી ચુકાદા સામેનો પોતાનો વિરોધ રાષ્ટ્રીય મહાસભાએ ખેંચી લેવો, અને હવે પછી તેને રાષ્ટ્રવાદના ઇન્કાર તરીકે ઓળખાવવામાં ન આવે;

૮. કાયદાથી એવી બાંયધરી આપવામાં આવે કે, (રાજકાજમાં) ઉર્દૂના ઉપયોગ પર કાપ મૂકવામાં નહિ આવે;

૯. કોમી ચુકાદામાં જે સિદ્ધાન્તો સમાવવામાં આવેલા છે તેમને ધોરણે એટલે કે, અલગ કોમી મતદાર મંડળોને અને વસ્તીની સંખ્યાને ધોરણે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મુસ્લિમ કોમના પ્રતિનિધિઓ લેવામાં આવે;

૧૦. ત્રિરંગી રાષ્ટ્રધ્વજની રચનામાં ફેરફાર કરવામાં આવે, અને તેમ ન થાય તો મુસ્લિમ લીગના ધ્વજને સમાન દરજ્જાનું મહત્ત્વ આપવામાં આવે;

૧૧. મુસ્લિમ લીગના હિન્દના મુસ્લિમોની એકમાત્ર અધિકારયુક્ત પ્રતિનિધિ સંસ્થા તરીકેના દરજ્જાનો સ્વીકાર કરવામાં આવે.

આ બધી શરતો જોઈ જવાથી તરત જ ધ્યાનમાં આવી જશે કે, આખી વાતનો ડંખ વીંછીના ડંખની પેઠે પૂછડીને છેડે રહેલો છે. જે છેલ્લી માગણી છે, તે તદ્દન નવાઈભરેલી અને સૌથી મહત્ત્વની છે. એ માગણી કરવામાં આવી ત્યાર પછી તે તરત જ લીગના પ્રચાર માટેનું એક સબળ હથિયાર બની ગઈ. મંત્રણાને અંગે કરવામાં આવેલી માગણીની દરખાસ્તને એક સ્વીકારાયેલી શરતના વિધાનમાં પલટી નાખી, રાષ્ટ્રીય મહાસભા હવે તે શરતનો અમલ કરતી નથી એમ જણાવી તેની સામે જેહાદ શરૂ કરવામાં આવી હતી!

(આંધ્ર પ્રાન્તની મુસ્લિમ લીગ પરિષદના) પ્રમુખે, કેટલાક મુસ્લિમોને મુસ્લિમ લીગથી અળગા કરવાની પ્રવૃત્તિ કરીને રાષ્ટ્રીય મહાસભા મુસ્લિમોમાં ફૂટ પડાવવાના પ્રયાસો કરે છે, તે વાતનો ઉલ્લેખ કર્યો હતો. વધારે મુસ્લિમોને પોતાના સભ્યો તરીકે નોંધવાના રાષ્ટ્રીય મહાસભાના પ્રયત્નોને મુસ્લિમોની એકતાને ચૂંથી નાખવાની નેમથી કરવામાં આવેલું દુશ્મનાવટનું કૃત્ય લેખવામાં આવે એ તદ્દન સ્વાભાવિક હતું.[૧૭]

શ્રી. ઝીણાએ પણ જાહેર કર્યું કે,

આમ જનતા સાથે સંપર્ક સાધવાના ઓઠા નીચે મુસ્લિમ આમ જનતા સાથે સંપર્ક સાધવાના રાષ્ટ્રીય મહાસભાના પ્રયાસની નેમ મુસ્લિમોમાં

---

૧૭. 'ધિ ઇન્ડિયન ઍન્યુઅલ રજિસ્ટર', ૧૯૩૯, ભાગ ૨ જો, પા. ૩૭૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂટ પાડી, તેમને કમજોર કરીને આખરે છિન્નભિન્ન કરવાની છે, અને તેમને તેમના માન્ય, અધિકૃત આગેવાનોથી અળગા કરવાનો એ પ્રયાસ છે ૧૮

એટલે કે લીગે હવે સર્વ લોકોને નોટિસ આપી કે, "અમારી મુસ્લિમ કોમથી દૂર રહેજો", ને પછી મુસ્લિમોમાં કાર્ય કરવાનો એક પોતાનો જ અધિકાર છે, એવો સિદ્ધાન્ત સ્થાપીને તે મુજબનો વહેવાર શરૂ કર્યો. પરંતુ મુસ્લિમ લીગે અખત્યાર કરેલું આ વલણ પહેલી નજરે દેખાય છે તેટલું નિર્દોષ નથી. એ વલણનો કેવળ મુસ્લિમ કોમની સંસ્કૃતિને અંગેની અથવા ધાર્મિક એકતાની સાથે સંબંધ નહોતો. તેનો અર્થ તો એવો થતો હતો કે, મુસ્લિમોની રાજકીય એકતાની બાબતમાં પણ કોઈએ વચ્ચે ન પડવું. તે સિદ્ધાન્તને અનુસરીને હરકોઈ મુસ્લિમના પોતાને રુચે તે રાજકીય સંસ્થામાં દાખલ થવાના અધિકારનો ઇન્કાર કરવામાં આવે છે. એકલી મુસ્લિમ લીગ દ્વારા જ તેના રાજકીય અભિપ્રાયો વ્યક્ત થઈ શકે ! આ સિદ્ધાન્તને માન્ય રાખવામાં આવે, તો લીગ સિવાયના દેશના બીજા રાજકીય પક્ષોને મુસ્લિમોના રાજકીય અભિપ્રાયો પર અસર પાડવાનો પ્રચાર કરવાનો પોતપોતાનો અધિકાર જતો કરવો પડે છે. અને સૌથી બૂરી વાત તો એ છે કે, મુસ્લિમ લીગની આ પ્રકારની માગણીનો સ્વીકાર કરવાથી સરવાળે હિન્દી રાષ્ટ્રવાદના આદર્શની સિદ્ધિની વાત પાયામાંથી જ ઊડી જાય છે.

> અમુક એક ધાર્મિક સંપ્રદાયના લોકોના સમૂહમાં રાષ્ટ્રીય મહાસભાએ કાર્ય ન કરવું જોઈએ, એ દલીલ રાષ્ટ્રીય મહાસભાને કદી માન્ય નહીં થાય, કેમ કે એ દલીલનો સ્વીકાર કરતાંની સાથે જ તેનું રાષ્ટ્રીય લક્ષણ નાબૂદ થઈ જાય છે. આ દલીલને જો તે માન્ય રાખે, તો તેણે બીજા એવા જ પ્રકારના સમૂહોમાં કાર્ય કરવાનું માંડી વાળવું પડે, અને આખરે પોતાની હસ્તી મિટાવી દેવી પડે.૧૯

આમ એક વરસનો ગાળો વીતે તે પહેલાં જ મુસ્લિમ લીગે પોતાના ચૂંટણીના જાહેરનામા દ્વારા મતદારોને આપેલું એકેએક વચન

---

૧૮. ૧૯૩૭ની સાલમાં લખનૌ મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકને પ્રમુખપદેથી કરેલા ભાષણમાં.

૧૯. 'નેહરુ-ઝીણા કૉરસપૉન્ડન્સ' (નેહરુ-ઝીણા પત્રવહેવાર), પા. ૧૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાળવાનું માંડી વાળ્યું હતું, કેમ કે, તે વચનોનો અમલ કરવા જતાં તેને રાષ્ટ્રીય મહાસભાના જેવો જ માર્ગ લેવો પડયો હોત. પરંતુ એવો રસ્તો લેવાની મુસ્લિમ લીગની જરાયે તૈયારી નહોતી, અને તેથી પોતાનું સામર્થ્ય વધારવાને માટે તેને બીજો રસ્તો શોધવાની ફરજ પડી. મુસ્લિમ કોમની અળગાપણાની ભાવનાને ભડકાવી મૂકવામાં તે માર્ગ તેને દેખાતો હતો.

> ઘણા મોટા ભાગના લોકો પ્રકૃતિથી જીવન પ્રત્યેના સામાન્ય વલણમાં એટલા બધા સ્ત્રૈણ અથવા કાયર હોય છે કે, તેમની સર્વ પ્રવૃત્તિઓ અને વિચારો ઠરેલ વિચારણાથી પ્રેરિત થતાં નથી, પરંતુ તેને બદલે તેમની લાગણી અને ભાવનાથી પ્રેરિત થાય છે. વળી આ લાગણી બહુ અટપટી અથવા સંકુલ હોય છે, એવું પણ નથી. તે તદ્દન સીધી, સાદી અને અખંડ હોય છે. . . . . મોટા મોટા માનવસમૂહોની માનસિક દશા બાળકના જેવી અથવા પ્રારંભિક અવસ્થાની હોય છે, તેના અચૂક જ્ઞાનની સાબિતી અત્યાચારોને લગતા પ્રચારમાંથી જડી આવી હતી.[૨૦]

હિટલરના આ શબ્દો મુસ્લિમ લીગે પોતાને વિષે લખ્યા હોત તો ચાલત. ૧૯૩૭-૩૮નાં વરસો દરમિયાન રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાન-મંડળો સામે, તેમણે મુસ્લિમો પર અત્યાચારો કરવા માંડયા છે, એવું જણાવીને તેને અંગેની એક અત્યંત કુશળતાથી સંગઠિત કરીને યોજેલી પ્રચારની લડત મુસ્લિમ લીગે ચલાવી હતી. તેને પરિણામે હવે લીગ જે બીજી ચાલ ચાલવા માગતી હતી, તેને માટેની ભૂમિકા તૈયાર થઈ ગઈ હતી.

૧૯૩૮ની સાલના ઓકટોબર માસમાં શ્રી. ઝીણાને પ્રમુખપદે મળેલી સિન્ધ પ્રાન્તિક મુસ્લિમ લીગ પરિષદે નીચેનો ઠરાવ મંજૂર કર્યો:

> સિન્ધ પ્રાન્તિક મુસ્લિમ લીગ પરિષદનો એવો અભિપ્રાય છે કે, હિન્દના વિશાળ ખંડની ભૂમિની કાયમની શાન્તિના હિતને અર્થે, અને તે ભૂમિમાં વસતાં હિન્દુઓ અને મુસ્લિમોને નામે ઓળખાતાં બે રાષ્ટ્રોની સંસ્કૃતિના અબાધિત વિકાસનાં, તેમની આર્થિક તેમ જ સામાજિક સ્થિતિની સુધારણાનાં, તેમ જ તેમના રાજકીય આત્મનિર્ણયના અધિકારોની સિદ્ધિનાં હિતોને અર્થે હિન્દના બે વિભાગ કરીને બે સમવાયી રાજ્યતંત્રો એટલે કે, એક મુસ્લિમ રાજ્યોનું સમવાય તંત્ર અને બીજું બિનમુસ્લિમ રાજ્યોનું સમવાયતંત્ર સ્થાપવામાં આવે, એ તદ્દન જરૂરનું છે. . . .

૨૦. ઍડોલ્ફ હિટલર: 'મીં કાંફ' (મારું જીવનકાર્ય), રેનાલ હિચકોક આવૃત્તિનું પા. ૨૩૭-૩૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૪૦ની સાલના માર્ચ માસનો મુસ્લિમ લીગનો લાહોર મુકામે થયેલો ઠરાવ વધારે સ્પષ્ટ શબ્દોમાં ફરીથી આની આ જ માગણી રજૂ કરે છે. પરંતુ એ બન્ને ઠરાવો હિન્દના મુલકની વહેંચણીની યોજનાઓ વિષે સરખા જ અસ્પષ્ટ છે. આ યોજનાઓથી "બન્ને રાષ્ટ્રોની સંસ્કૃતિઓનો અબાધિત વિકાસ, તેમની આર્થિક તેમ જ સામાજિક સ્થિતિની સુધારણા અને તેમના રાજકીય આત્મનિર્ણયના અધિકારની સિદ્ધિ" થવાની છે, એવી ખાતરી આપવામાં આવેલી છે. પરંતુ, એ યોજનાઓનું ચોક્કસ સ્વરૂપ શોધી કાઢવાને માટે આપણે લીગના હિમાયતીઓએ પેદા કરેલું ઢગલાબંધ સાહિત્ય ઉથલાવી જવું પડે છે. બેશક, તે સાહિત્યમાંનું કેટલુંક અર્ધસત્તાવાર ગણાય તેવું છે, અને બીજું કેટલુંક લીગની માન્યતાની મહોરની છાપ વિનાનું છે. પરંતુ તે આખું સાહિત્ય અત્યંત રસપ્રદ તેમ જ વિષયને પ્રસ્તુત છે. એ બધા સાહિત્યમાં હિન્દના મુલકની વહેંચણીની જુદી જુદી યોજનાઓની ચર્ચા અને વિચારણા રજૂ કરવામાં આવી છે ખરી, પરંતુ દરેક યોજનાના ઘાટમાં કંઈ ને કંઈ ફેર છે. અહીં આપણે એ બધી જુદી જુદી યોજનાઓનું વિગતે પરીક્ષણ કરવાની જરૂર નથી; કેમ કે ડૉ. રાજેન્દ્રપ્રસાદે તે કાર્ય કરેલું છે.[૨૧] આપણે અહીં માત્ર એટલી જ તપાસ કરવા માગીએ છીએ કે, પેલા ઠરાવમાં જે ઉદ્દેશો દર્શાવવામાં આવેલા છે, તે બધા આ યોજનાઓ દ્વારા કેટલા કેટલા પ્રમાણમાં પાર પડે છે.

'પંજાબી' પોતાની યોજના પોતાના 'કૉનફિડરસી ઑફ ઇન્ડિયા' એટલે કે, હિન્દી રાજ્યોનો સમવાયસંઘ નામના પુસ્તકમાં રજૂ કરીને વધારામાં જણાવે છે કે,

> બે રાષ્ટ્રોનો સમાવેશ કરનારા, ત્રણ ભાષાઓ બોલનારા, અને પાંચ પક્ષોના બનેલા સમવાયી સંઘનો આ ખ્યાલ નવાઈ ભરેલો અને ઇતિહાસમાં અપૂર્વ હશે ખરો, પરંતુ અવહેવારુ નથી. આ સંઘની વ્યવસ્થામાં વાયવ્ય વિભાગમાં આવેલા સમવાયી રાજતંત્રમાં હિન્દુ વસ્તીની વધુમતી ઘટી ગયેલી હશે, પરંતુ તેમાં હિન્દુ રાજાના શાસન નીચેની મુસ્લિમ વસ્તીવાળું

૨૧ 'પાકિસ્તાન' (અંગ્રેજી), મુંબઈના એલાઈડ પબ્લિશર્સે પ્રસિદ્ધ કરેલું પુસ્તક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશ્મીરનું રાજ્ય આવેલું હશે, અને હિન્દુસ્તાનના સમવાયી તંત્રમાં મુસ્લિમ વસ્તીની લઘુમતી હશે, પરંતુ મુસ્લિમ નિઝામની હકૂમત નીચેનું હિન્દુ વસ્તીવાળું હૈદ્રાબાદનું રાજ્ય આવેલું હશે, એટલે તે બન્ને તંત્રોની સ્થાપનાથી પરસ્પરની હિન્દુ તેમ જ મુસ્લિમ લઘુમતીની વસ્તીની સલામતીની બાંયધરી આપોઆપ મળી રહેશે.

આમ આપણને સમજાય છે કે, 'પંજાબી'એ રજૂ કરેલી આખી યોજના જામીનગીરીના સિદ્ધાન્તને અનુસરીને કરવામાં આવેલી છે.

હિન્દની ભૂમિને સંસ્કૃતિને ધોરણે જુદા જુદા પ્રાદેશિક વિભાગોમાં વહેંચી નાખીને પછી તે વિભાગોને રાજ્ય સંઘોના એક સમવાયી તંત્રમાં જોડવાની યોજના ડૉ. અબ્દુલ લતીફે ઘડી કાઢી છે.[૨૨] આ બધા પ્રાદેશિક વિભાગોને વસ્તીની દૃષ્ટિથી એકરૂપ કરવાને ખાતર, તેમણે એક વિભાગમાંથી બીજામાં મોટા પાયા પર વસ્તીની ફેરબદલી કરવાનો ખ્યાલ રાખેલો છે. વાયવ્ય અને પૂર્વ વિભાગોનાં મુસ્લિમ રાજ્યો ઉપરાંત તેમની યોજનામાં બીજાં બે મુસ્લિમ રાજ્યો રચવાની માગણી કરવામાં આવેલી છે. તે પૈકીની એક માગણી એવી છે કે, "પતિયાલાના રાજ્યની પૂર્વ સરહદથી માંડીને સીધી લીટીમાં આગળ વધતી, અને રસ્તામાં રામપુરના રાજ્યની ફરતે ફરીને તેને સમાવી લેતી સરહદમાં આવી જતો એક વિભાગ" રચીને તેમાં સંયુક્ત પ્રાન્તોમાં અને બિહારમાં વસતા મુસ્લિમોની એક કરોડ ને વીસ લાખ જેટલી મોટી વસ્તીને એકત્ર કરવી. આને તેમણે દિલ્લી-લખનૌ રાજ્યને નામે ઓળખાવ્યું છે.

વિન્ધ્ય અને સાતપૂડાની દક્ષિણે વસતા મુસ્લિમો નાનીમોટી વસાહતોમાં આખા દક્ષિણ હિન્દના મુલક પર વેરાયેલા છે, અને તેમની એકંદર સંખ્યા એક કરોડ ને વીસ લાખથીયે વધારે છે. તેમને માટે પણ એક પ્રાદેશિક વિભાગ કોતરી કાઢવો જોઈએ. દક્ષિણના પ્રદેશની કરનૂલ અને કુડપ્પા થઈને ઠેઠ મદ્રાસ શહેર સુધી પહોંચતા મુલકની એક સાંકડી પટ્ટી હૈદ્રાબાદ અને વરાડના સંયુક્ત રાજ્યને સોંપીને તેના મુલકની સાથે જોડી દેવાથી, આ પ્રાદેશિક વિભાગની જોગવાઈ થઈ શકે તેવી છે. વળી મુસ્લિમોમાં એવી વિચારસરણી ધરાવનારું એક વગદાર મંડળ છે, જેને બીજાપુર થઈને પશ્ચિમના સમુદ્રકિનારા સુધી સ્વતંત્ર

૨૨. 'મુસ્લિમ પ્રૉબ્લેમ્સ ઇન ઇન્ડિયા' (હિન્દના મુસ્લિમ પ્રશ્નો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગ મળે તે વધારે પસંદ છે. કોરોમાંડલ અને મલબાર કિનારાઓ પર જમાનાઓથી વસતી એક મોટી વેપારી અને દરિયાઈ સફરો ખેડનારી મુસ્લિમ વસ્તીને વસાવવાને માટે ઠેઠ સમુદ્ર સુધી પહોંચતા મુલકની એક પટ્ટીની પણ જરૂર પડશે.

આશરે એક કરોડ ને વીસ લાખ જેટલી સંખ્યાની નાની મુસ્લિમ વસ્તીને સારુ આવડો મોટો પ્રદેશ જુદો કાઢી આપવાના સમર્થનમાં એવું કારણ આપવામાં આવ્યું છે કે, "દક્ષિણ હિન્દના મુસ્લિમોએ પાછલા થોડાક દાયકાઓમાં વસ્તીનો વધારો અસાધારણ વેગથી કરી બતાવ્યો છે, અને એ જ વેગથી તેમની વસ્તી ભવિષ્યમાં પણ વધતી રહે, તો તેમના ફેલાવા માટેના પ્રદેશનો ખ્યાલ પણ રાખવો જોઈશે." વળી વાયવ્ય અને દિલ્લી-લખનૌ વિભાગોના સાંકડા પ્રદેશોની વધારાની મુસ્લિમ વસ્તીની ભીડને ફેલાવાને પણ આ વિસ્તારોમાં હાલમાં તેમ જ ભવિષ્યમાં જોગવાઈ કરી રાખવી જોઈએ. ડૉ. લતિફની યોજના આ રીતે હિન્દના મુસ્લિમોને ફેલાવાને માટેના આગળથી અનામત રાખવામાં આવેલા પ્રદેશોની એક પ્રકારની વિચારસરણીનું પ્રતિપાદન કરે છે. અને ઉપરાંત તેમની યોજનામાં મુસ્લિમ વસ્તીવાળા પ્રાદેશિક વિભાગો ભેગાં કલકત્તા અને મદ્રાસનાં બે બંદરો પણ જોડી દેવાની દરખાસ્ત કરવામાં આવેલી છે!

અલીગઢના બે અધ્યાપકો સૈયદ ઝફરુલ હસન અને મહમદ અફઝલ હુસેન કાદરીએ તૈયાર કરેલી અલીગઢ યોજનાને નામે ઓળખાયેલી યોજનામાં પણ વરાડ અને કર્ણાટકના પ્રદેશો હૈદરાબાદ રાજ્યને પાછા સોંપીને વિસ્તારવામાં આવેલા નિઝામના સ્વતંત્ર રાજ્યની માગણી કરવામાં આવેલી છે. પાકિસ્તાનની માગણી આ રીતે હિન્દના વાયવ્ય અને ઈશાન ખૂણામાંથી નીકળીને ઠેઠ દક્ષિણ સુધી ફેલાય છે. પરંતુ આ ઉપરાંત આ બે અધ્યાપકોએ બે નવી જ સૂચનાની દરખાસ્તો કરેલી છે. એક દરખાસ્ત એવી છે કે, પચાસ હજારથી વધારે વસ્તીવાળા એકેએક કસ્બાને અથવા શહેરને સ્વતંત્ર શહેરને દરજ્જે મૂકીને સ્વશાસનના અધિકારો ખૂબ છૂટથી આપવા.

(આ યોજનાના) પુરસ્કર્તાઓએ હિન્દુઓ અને મુસ્લિમોની ઝેકોસ્લોવાકિયાના રાજ્યમાં વસતા ઝેક અને સુડેટન જર્મન લોકો સાથે સરખામણી કરી છે, તો તે જ સરખામણીને જરા આગળ વધારીને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્ર શહેરોને ડાન્ઝીગ સાથે સરખાવવામાં વાંધો નથી; અને પછી આપણે એટલી જ આશા રાખવી રહી કે, આ સરખામણીની પાછળ યુરોપના ઇતિહાસની હિન્દમાં પુનરાવૃત્તિ થાય, અને હિન્દને . . . આ સ્વતંત્ર શહેરોને નામે ઓળખાયેલાં શહેરોને — હિન્દનાં ડાન્ઝિગોને ખરેખર મુક્ત કરવાને મંડાયેલું યુદ્ધ જોવાનો વારો આવે, એવો આશય રાખવામાં આવેલો નથી.[૨૩]

સ્પેનના સરમુખત્યાર જનરલ ફ્રાન્કોનાં લશ્કરની ચાર કતારો માડ્રિડ શહેરને ચારે બાજુથી ઘેરી લેવાને કૂચ કરી રહી હતી, ત્યારે તેણે એવી બડાશ હાંકયાનું કહેવાય છે કે, ઘેરાયેલા શહેરમાં મારી પાંચમી કતાર મેં રાખેલી છે. અલીગઢની યોજના રજૂ કરનારા અધ્યાપક સાહેબોએ આવી પાંચમી કતારોની જોગવાઈ રાખવાની કાળજી લીધી હોય એમ જણાય છે. તેમનો દાવો એવો છે કે, હિન્દની ભૂમિના હિન્દુસ્તાન અને પાકિસ્તાન એવા બે ભાગ કર્યા પછી પણ સર્વ મુસ્લિમોને એક અલગ રાષ્ટ્ર તરીકે સ્વીકારવાના છે, અને તે મુસ્લિમોના રાજકીય અભિપ્રાયો વ્યક્ત કરનારી, અને તેમના અમલને માટે પ્રવૃત્તિ કરનારી એક માત્ર અધિકારયુક્ત સંસ્થા કેવળ મુસ્લિમોની જ બનેલી એક રાજકીય સંસ્થા રહેશે. આ રીતે મુસ્લિમ લીગ હિન્દના મુલકમાંથી સ્વતંત્ર મુસ્લિમ રાજ્યોના મુલકો કાતરી કાઢવા માગે છે એટલું જ નહીં, પણ બૃહત્ મુસ્લિમ રાજ્યની ભાવનાના આદર્શને વરેલી મુસ્લિમ લઘુમતીઓના સમૂહો પણ હિન્દુસ્તાનના એકેએક વિભાગમાં ઠેર ઠેર વસાવવાનો ઇરાદો રાખે છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેટલી રસિક છે કે, મુસ્લિમ રાજ્યોમાં વસતા હિન્દુઓને આવા જ પ્રકારના અધિકારો આપવાની વાતનો ઉલ્લેખ કોઈ ઠેકાણે કરવામાં આવ્યો નથી.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે, હિન્દના મુલકની વહેંચણીની જે જુદી જુદી યોજનાઓની વિચારણા કરવામાં આવી છે, તે બધી "હિન્દના વિશાળ ખંડની ભૂમિની કાયમની સુલેહશાન્તિનાં હિતો જાળવવાની બુદ્ધિથી"[૨૪] તૈયાર કરવામાં આવેલી નથી, પરંતુ બીજા જ

૨૩ રાજેન્દ્રપ્રસાદ: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૩૯–૪૦.

૨૪. સિન્ધ પ્રાન્તિક મુસ્લિમ લીગ પરિષદનો ઠરાવ.

હિન્દના મુલકની પાકિસ્તાન અને હિન્દુસ્તાનનાં બે રાજ્યોમાં વહેંચણી થશે, તે પછી પણ "બે રાષ્ટ્રોના સિદ્ધાન્ત" ની આફત હિન્દની ભૂમિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ હેતુઓ પાર પાડવાના આશયથી ઘડવામાં આવેલી છે. આ બધી યોજનાઓમાં સંસ્કૃતિના વિકાસને અંગેની અને સામાજિક તેમ જ આર્થિક પ્રગતિની બાબતોને વિષે એકે શબ્દ જોવાનો મળતો નથી.

વિચારસરણીને અંગેના આ જાતના એકાંગી વલણનું પ્રતિબિમ્બ મુસ્લિમ લીગના રોજબરોજના રાજકારણમાં પડ્યા વિના રહ્યું નથી. ૧૯૩૮ની સાલમાં મુંબઈ પ્રાન્તની ધારાસભામાં રાષ્ટ્રીય મહાસભાના પ્રધાનમંડળે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લગતા કાયદાનો એક ખરડો મંજૂરીને માટે રજૂ કર્યો હતો. તેમાં અલગ મતદાર મંડળોની જોગવાઈ રાખવામાં આવી હતી, પરંતુ તેની સાથે એક એવો વિકલ્પ જોડવામાં આવ્યો હતો કે, જે લોકોને સંબંધ આવતો હોય તેમની મરજી હોય, તો સંયુક્ત મતદારમંડળોની પ્રથા તેમણે અખત્યાર કરવી. આ વિકલ્પ ચૌદ મુદ્દાઓ પૈકીના પાંચમા મુદ્દામાં રજૂ કરવામાં આવેલી માગણીને અનુસરીને જ રાખવામાં આવ્યો હતો. તે પાંચમા મુદ્દામાં જણાવવામાં આવ્યું હતું કે,

> કોમી સમૂહોના પ્રતિનિધિઓ મોકલવાનું હાલની માફક અલગ મતદાર મંડળો દ્વારા ચાલુ રાખવામાં આવશે, પરંતુ કોઈ પણ કોમને, તે જ્યારે ઇચ્છે ત્યારે પોતાનાં અલગ મતદાર મંડળોનો ત્યાગ કરીને સંયુક્ત મતદાર મંડળોની પ્રથા સ્વીકારવાની છૂટ રહેશે.

પરંતુ, મુંબઈ ધારાસભામાં બેસનારા મુસ્લિમ લીગ પક્ષના ધારાસભ્યોના સમૂહે આ ખરડાનો સજ્જડ વિરોધ કર્યો હતો, અને મુંબઈ પ્રાંતના રાષ્ટ્રીય

માથે ઝઝૂમતી રહેશે, એ વાત એડવર્ડ થોમસને પોતાને શ્રી ઝીણા સાથે થયેલી નીચે આપેલી જે વાતચીતનું બયાન આપ્યું છે, તે ઉપરથી સ્પષ્ટ થાય છે: "સાચે જ મિ. ઝીણા, એકેએક પ્રાંતમાં, એકેએક શહેરમાં અને એકેએક ગામમાં એકબીજાની સામે ઘૂરકતાં બે રાષ્ટ્રોની વાત તમે કરો છો?" "હા, દરેક પ્રાન્તમાં, દરેક શહેરમાં, અને દરેક ગામમાં સામસામે ઊભેલાં બે રાષ્ટ્રોની આ વાત છે, અને એ જ આ સવાલનો એક માત્ર ઉકેલ છે." "મિ. ઝીણા, મારે કહેવું જોઈએ કે, આ તો બહુ ભયાનક ઉકેલ કહેવાય!" "એ ઉકેલ ભયાનક હશે ખરો, પણ એ જ હિન્દુ-મુસ્લિમ સવાલનો એક માત્ર ઉકેલ છે." —'એનલિસ્ટ ઇન્ડિયા ફોર ફ્રીડમ!' (હિન્દને મુક્તિના યુદ્ધમાં લડવાને ભરતી કરો!), પા. પર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસભાના પ્રધાનમંડળે પેલી વિકલ્પવાળી કલમ ખરડામાં ચાલુ રહેવા દીધી, તે વાતને અત્યાચારોના જે આરોપો રાષ્ટ્રીય મહાસભાની સામે મૂકવામાં આવ્યા હતા, તે પૈકીના એક આરોપ તરીકે ગણવામાં આવી હતી!

બાળકોને માટે લખાયેલી પેલી અદ્ભુત રસની પરીકથામાં વર્ણવવામાં આવેલા શીંગના છોડની માફક મુસ્લિમ લીગની માગણીઓ કૂદકે ને ભૂસકે વધતી જ રહે છે, અને હાલકોકિલાના રંગનું વર્ણન કરવાનું જેમ અશકય હોય છે, તેમ તે માગણીઓનું ચોક્કસ લક્ષણ કદી બાંધી શકાતું નથી. તમે તેમના સ્વરૂપને ઓળખીને એકાદ સ્પષ્ટ ખ્યાલ બાંધી રહો ન રહો, તેટલામાં તો તે બધી બદલાઈ ને વધી ગયેલી હોય છે! મુસ્લિમ લીગની ચળવળ ચલાવવાની કાર્યપદ્ધતિનું આ એક મૂળગત લક્ષણ છે. 'જ્યાં સુધી અલગ મતદાર મંડળોની પ્રથા અમલમાં છે, ત્યાં સુધી તેમાંથી ફલિત થતા ઉપસિદ્ધાંત રૂપે' ૧૯૩૬ની સાલમાં મુસ્લિમ લીગ પક્ષની રચના કરવામાં આવી હતી.[૨૫] ત્યાંથી આગળ વધીને ૧૯૩૮ના એપ્રિલ માસ સુધીમાં લીગે 'રાષ્ટ્રીય મહાસભાની સાથે સંપૂર્ણ પણે સમાન દરજ્જાનો દાવો' કરવા માંડ્યો હતો.[૨૬] ૧૯૩૮ની સાલના ઑગસ્ટ માસમાં એવી જાહેરાત કરવામાં આવી કે, મુસ્લિમ લીગ 'હિન્દના મુસ્લિમોની વતી બોલનારી, તેમની એકમાત્ર યોગ્ય અધિકારવાળી અને પ્રતિનિધિ રાજકીય સંસ્થા છે.'[૨૭] ૧૯૩૮ની સાલના ઑકટોબર માસમાં હિંદમાં બે સમવાયી રાજ્યતંત્રોની સ્થાપના કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી.[૨૮] ૧૯૩૯ની સાલના પ્રારંભમાં શ્રી. ઝીણાએ હિંદના રાજવહીવટમાં પચાસ ટકા હિસ્સાનો દાવો રજૂ કર્યો — હિંદની એકતાને છિન્નભિન્ન ન કરી નાખવી હોય તો તેના બદલામાં કિંમત લેખે આ માગણી કરવામાં આવી હતી. ૧૯૩૯ની સાલના ઑકટોબર માસમાં

---

૨૫ મુસ્લિમ લીગનું ચૂંટણીનું જાહેરનામું, (૧૯૩૬).

૨૬. કલકત્તા મુકામે ભરાયેલી અખિલ હિન્દ મુસ્લિમ લીગની ખાસ બેઠકને પ્રમુખપદેથી શ્રી. એમ. એ. ઝીણાએ આપેલા ભાષણમાં.

૨૭. તે સમયના રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ શ્રી. સુભાષ બોઝને શ્રી. ઝીણાએ લખેલા પત્રમાં.

૨૮. સિંધ પ્રાન્તિક મુસ્લિમ લીગ પરિષદના ઠરાવમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનાથી આગળનું એક પગલું ભરવામાં આવ્યું. તે સમયે જાહેર કરવામાં આવ્યું કે, મુસ્લિમ હિંદ

મુસ્લિમો તેમ જ બીજી લઘુમતી કોમો પર હિન્દુ વધુમતી કોમનું વર્ચસ્વ જામે તેનો, અને તેથી મુસ્લિમ હિન્દની પરાધીન દશા થઈ જાય તેનો વિરોધ કરે છે; વળી લોકશાહી રાજવહીવટની પ્રથાના, તેમ જ પાર્લામેન્ટની પદ્ધતિના શાસનના ઓઠા નીચે જે 'સમવાયી રાજ્યતંત્રના ધ્યેય'ને પરિણામે વધુમતી કોમના રાજ્યનો અમલ ખસૂસ કરીને સ્થપાયા વિના રહે નહીં, તેનો મુસ્લિમ હિંદ કાયમનો વિરોધ જાહેર કરે છે. જે દેશની પ્રજામાં ભિન્ન ભિન્ન રાષ્ટ્રીય એકમોનો સમાવેશ થાય છે, અને જેનું એક રાષ્ટ્રીય રાજ્ય કદી રચી શકાય તેમ નથી, તે દેશના લોકોની પ્રકૃતિને આ જાતનું રાજબંધારણ તદ્દન પ્રતિકૂળ છે.[૨૯]

મુસ્લિમ લીગને હવે પાકિસ્તાનની માગણી રજૂ કરવાનો સમય પાકી ગયેલો લાગતો હતો. લીગના પ્રચારકોએ તે માટેની ભૂમિકા તૈયાર કરી રાખી હતી, અને સરકારને પણ એ વાત ભાવતી હતી.[૩૦] તેથી ૧૯૪૦ની સાલના માર્ચ માસમાં હવે તો નામીચો થઈ ગયેલો પેલો લાહોરનો ઠરાવ મુસ્લિમ લીગે મંજૂર કર્યો. પુખ્ત વિચારણાને અંતે લીગ એવા નિર્ણય પર આવી હતી કે, રાજબંધારણની જે યોજનામાં હિંદના વાયવ્ય અને પૂર્વ વિભાગો જેવા જે પ્રદેશોના વિસ્તારોમાં મુસ્લિમોની સંખ્યાની દૃષ્ટિથી વધુમતી છે, તે પ્રદેશોનાં "સ્વતંત્ર રાજ્યો" રચવામાં નહીં આવ્યાં હોય તેવી "કોઈ પણ યોજના આ દેશમાં અમલમાં આવી શકે તેવી નથી અગર મુસ્લિમોને માન્ય થાય તેમ નથી."

૧૯૪૧ની સાલના એપ્રિલ માસમાં મદ્રાસ મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકમાં પાકિસ્તાનની સ્થાપનાને મુસ્લિમ લીગે પોતાનું ધ્યેય બનાવ્યું. વળી, તે જ બેઠકમાં મુસ્લિમ લીગે દ્રવિડિસ્તાનના રાજ્યની સ્થાપનાની માગણી રજૂ કરી, અને એ રીતે પોતાના લાહોરના ઠરાવને વ્યાપક બનાવીને

---

૨૯. મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિનો ઠરાવ.

૩૦. જુઓ: "ગઈ પાનખર ઋતુમાં (એટલે કે ૧૯૩૯ની સાલના ઑગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમિયાન) પાકિસ્તાનના ખ્યાલને વિષે નોકરશાહીનાં કેટલાંક ચોક્કસ મંડળો ખૂબ ઉત્સુકતા બતાવતાં હતાં, તે જોઈને મને અચરજ થયું હતું." — એડવર્ડ થૉમસનનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૫૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના અમલના ક્ષેત્રમાં બિનમુસ્લિમ લોકોનો પણ સમાવેશ કરી લીધો. ૧૯૩૮ ની સાલના ઑકટોબર માસમાં સિંધ પ્રાંતિક મુસ્લિમ લીગ પરિષદમાં એવી સૂચના કરવામાં આવી હતી કે, "હિંદને બે સમવાયી રાજ્યતંત્રોમાં વહેંચી નાખવું: એક મુસ્લિમ રાજ્યોનું સમવાયી તંત્ર અને બીજું બિન-મુસ્લિમ રાજ્યોનું સમવાયી તંત્ર." હવે ૧૯૪૧ ની સાલમાં બિનમુસ્લિમ રાજ્યોના વળી બીજા બે વિભાગો કરવાની સૂચના કરવામાં આવી: એક આર્ય લોકોના રાજ્યોનો વિભાગ અને બીજો દ્રવિડ લોકોના રાજ્યોનો વિભાગ. મુસ્લિમ લીગના પ્રભાવના ક્ષેત્રનો આ પ્રકારનો વિસ્તાર અત્યંત ચતુરાઈથી અને કુશળતાથી સાધવામાં આવ્યો હતો. મુસ્લિમ લીગની કલકત્તા મુકામે મળેલી બેઠકમાં શ્રી. ઝીણાએ જણાવ્યું હતું કે,

> મુસ્લિમ લીગ એકલા મુસ્લિમોનાં હિતોને ખાતર લડત કરતી નથી, પરંતુ તેનો દાવો તેમ જ માગણી એવી છે કે, હિંદમાં વસતી બીજી બધી મહત્ત્વની લઘુમતી કોમોને પણ પોતાની સલામતી લાગવી જોઈએ, તેમને ભારતની ભૂમિ પર પોતાના યોગ્ય દરજ્જાનું સ્થાન મળવું જોઈએ, અને સવર્ણ હિંદુઓના શાસન તથા જુલમ નીચે પિલાતા રહેવાને બદલે સ્વતંત્ર નાગરિકો તરીકેના અધિકારો અને હકોનો ઉપભોગ તેમને પણ પ્રાપ્ત થવો જોઈએ.

આ જાતનું સામાન્ય પ્રકારનું વિધાન કરતી વખતે દ્રવિડિસ્તાનની સ્થાપનાની માગણીની ભૂમિકા તૈયાર કરવાના આશયથી, તેને સામા પક્ષના દિલને ભેદે એટલું અણિયાળું કરવામાં આવ્યું હતું. મદ્રાસ મુકામે મળેલી લીગની બેઠકને સંબોધીને કાઇદે આઝમે તિરસ્કારપૂર્વક સવાલ કર્યો કે,

> હિંદની વસ્તીના કેવળ ત્રણ ટકા જેટલા લોકો (બ્રાહ્મણો) જુદા જુદા વ્યૂહો ગોઠવીને, તેમ જ ચૂંટણીના પ્રચારની ચાલાકી ભરેલી રીતો અખત્યાર કરીને શું શું કરી શકે છે તેનો ખ્યાલ કરો! ત્રણ ટકાના એ લોકોએ વધુમતીના રાજ્યનો વહીવટ હાથ કરી લીધો છે. લોકશાહી, લોકશાહી કહેવાય છે તે શું આ જ છે કે?

આમ મુસ્લિમ કોમની એકતા જાળવવાના તેમ જ સ્થાપવાના હેતુથી જે હિલચાલ શરૂ કરવામાં આવી હતી, તે આખરે હિંદુ કોમની એકતા પર આક્રમણ કરવાની હદે પહોંચી ગઈ. એમ લાગે છે કે, જાણે લીગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું સામ્રાજ્ય સ્થાપવાને માટે હિંદની એકતાની ભાવનાને ચૂંથી નાખ્યા વિના બીજો રસ્તો દેખાતો નથી.

પોતે તૈયાર કરેલા માલને જુદી જુદી જરૂરિયાતોવાળા લોકોને ગળે ભેરવવાને માટે, તે માલ બનાવનારાઓ જેવી જાતની વાતોની ચાલાકી અજમાવે છે, તેવી જ ચાલાકીભરેલી ઉસ્તાદીથી લીગ પોતે પેદા કરેલા પાકિસ્તાનના ખ્યાલને જુદા જુદા લોકોને ગળે ઉતારવાને માટે કામ લે છે. જાહેર પ્રજાની આગળ અનેક પ્રકારની લલચાવનારી દલીલો સાથે તે ખ્યાલને રજૂ કરવામાં આવે છે. ખૂબીની વાત એ છે કે, તે દલીલો પૈકીની કેટલીક પરસ્પર વિરોધી તેમ જ પરસ્પર ઉચ્છેદક હોય છે!

(પ્રચારની કળામાં એક્કો ગણાયેલો હિટલર લખી ગયો છે કે) મોજમજા ભોગવી ભોગવીને ઓચાઈ ગયેલા થોડાક માલિકોના દિલમાં રસ જગાડવાનો પ્રચારકાર્યનો હેતુ હોતો નથી. તેનો મૂળ હેતુ આપણી વાતની પ્રતીતિ શોષાતી આમજનતાના ચિત્તમાં દૃઢ કરવાનો છે. . . . આ રીતે આપણા સૂત્ર પર આપણે બધી બાજુથી પ્રકાશ નાખવો જોઈએ, પરંતુ એ પ્રકાશના પરાવર્તનથી નિર્માણ થતા એકેએક પ્રતિબિંબમાં હમેશ અને ફરી ફરીને આપણું સૂત્ર જ આવીને ઊભું રહેલું જોઈએ.૩૧

અને પાકિસ્તાનના સૂત્રનો આખોયે પ્રચાર હિટલરે બતાવેલા આ સિદ્ધાન્તને ખ્યાલમાં રાખીને કરવામાં આવે છે.

પાકિસ્તાનની સ્થાપનાની આડે ઊભા રહેલા જે અંતરાયને તરપી જવાની મુશ્કેલી વધારેમાં વધારે જણાઈ છે, તે અલગ મુસ્લિમ રાજ્યની સ્થાપનાની સામેના શીખ લોકોના વિરોધનો છે. એ પ્રકારના રાજ્યમાં શીખ કોમ લઘુમતીમાં રહેવાની. આજની હિંદની સ્થિતિની જ ત્યાં પુનરાવૃત્તિ થાય છે. ફેર એટલો કે, એ રાજ્યમાં હિંદુઓનો ભાગ મુસ્લિમોએ ભજવવાનો છે, અને પ્રમુખ લઘુમતી કોમને સ્થાને મુસ્લિમોની જગ્યાએ શીખો છે. દુર્ભાગી હિંદુઓ તરફથી જે દલીલો આજે કરવામાં આવે છે, અને જે બધી દલીલોને મુસ્લિમ લીગે તિરસ્કારપૂર્વક ઉગ્રતાથી વખોડી કાઢી છે, તેની તે જ દલીલો તે હવે બેશરમ થઈને શીખોને ગળે ઉતારવા માગે છે!

---

૩૧. ઍડોલ્ફ હિટલર: 'મીં કાંફ' (મારું જીવનકાર્ય), પા. ૨૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુક્ત હિંદમાં પંજાબ પ્રાંતનું સ્થાન મહત્ત્વનું રહેવાનું નથી; તેમાં તેનાં હિતોને મધ્યવર્તી સરકારના તંત્રમાં પૂરતું સંરક્ષણ નહિ મળે, અને આજે તેનું સ્વતંત્ર, સ્વયંસંપૂર્ણ આર્થિક ઘટક તરીકેનું જે મહત્ત્વનું સ્થાન છે, તે તેમાં તેને ગુમાવવું પડશે. વાયવ્યમાં તેમ જ દક્ષિણ દિશામાં પંજાબની સરહદો સ્વાભાવિક રીતે લંબાવાથી, અને તેમાં કાશ્મીર, વાયવ્ય સરહદનો પ્રાંત, સિંધ અને બલુચિસ્તાનના પ્રદેશોનો સમાવેશ થવાથી બૃહત્ પંજાબનો જે મુલક નિર્માણ થાય છે તે સાચું જોતાં, શીખ લોકોએ પોતાના ગૌરવ અને આબાદીના જમાનામાં જે પ્રાચીન ઐતિહાસિક રાજ્યને એકત્ર રાખવાની મથામણ કરી હતી, તે જ રાજ્યનો પુનરુદ્ધાર છે, અને હવે પછી તો તે રાજ્યને મુસ્લિમોની તેમ જ શીખોની ભેગી તાકાતનો આધાર મળે છે. દરેક સાચા પંજાબીનો ધર્મ પોતાના વતનનાં હિતોને પોતાના દિલમાં પ્રથમ સ્થાન આપવાનો પ્રયાસ કરવાનો છે, અને પોતાનો મુલક તેને અસલ દરજ્જેથી ઊતરી જાય તેવી કોઈ પણ યોજના સાથે તેણે કદી સંમત થવું ન જોઈએ.૩૨

પરંતુ કોઈ એમ કહે કે, સંયુક્ત હિંદ સાચું જોતાં, મુસ્લિમોએ પોતાની આબાદી અને ગૌરવના જમાનામાં જે પ્રાચીન ઐતિહાસિક રાજ્યને એકત્ર રાખવાની મથામણ કરી હતી, તે જ રાજ્યનો પુનરુદ્ધાર છે, અને હવે પછી હિંદુઓ અને મુસ્લિમોના ભેગા સામર્થ્યનો આધાર તેને મળવાનો છે, તો લીગ તે વાતને હડહડતો ધર્મદ્રોહ ગણે છે. કોઈ લીગવાદીને એવી સલાહ આપવામાં આવે કે, દરેક સાચા હિંદીનો ધર્મ પોતાના વતનનાં હિતોને પોતાના દિલમાં પ્રથમ સ્થાન આપવાનો પ્રયાસ કરવાનો છે, અને પોતાનો મુલક જે વ્યવસ્થામાં તેને અસલ દરજ્જેથી ઊતરી જાય તેવી કોઈ પણ વ્યવસ્થાની યોજના સાથે તેણે કદી સંમત થવું ન જોઈએ, તો તેનો મિજાજ બગડી જાય છે. પણ લીગની નફટાઈની ધૃષ્ટતા એટલી હદે પહોંચી છે કે, એ જ સલાહ તે શીખોને આપે છે.

હિંદની બાબતમાં જે ધાર્મિક ભેદોને સામાજિક દૃષ્ટિથી સૌથી વધારે અર્થપૂર્ણ અને મહત્ત્વના સમજવામાં આવે છે, તે ભેદોને પાકિસ્તાનની બાબતમાં નજીવા તેમ જ બિનજરૂરી ગણી, તેને બદલે જાતિની એકરૂપતાની દલીલ પર વજન આપવામાં આવે છે.

---

૩૨. 'ઇંડિયાઝ પ્રૉબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂશન' (હિંદનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ), પા. ૬૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકિસ્તાનના રાજ્યમાં એક મહત્ત્વની હિંદુ લઘુમતી કોમ છે. પાકિસ્તાની હિંદુઓ વતનનાં સાચાં સંતાનો છે, અને પોતાના મુસ્લિમ દેશબાંધવોની જાતિમાંથી જ ઊતરી આવેલાં છે. . . . શીખો પણ અસલ નમૂનાના નમૂનેદાર પાકિસ્તાનીઓ છે.૩૩

પરંતુ હિંદી રાષ્ટ્રવાદીઓ જ્યારે ધાર્મિક ભેદોને નજીવા ગણાવી, હિંદના ઘણાખરા વિભાગોમાં વસતા હિંદુઓ અને મુસ્લિમો એક જ જાતિમાંથી ઊતરી આવેલા છે, એ વાત પર ભાર મૂકે છે, ત્યારે લીગવાદીઓ તેમની દલીલને અત્યંત નપાવટ દલીલ ગણી કાઢે છે.

હિંદના મુલકની વહેંચણીના દાવાના સમર્થનમાં ચોખા ખાનારા દક્ષિણવાસીઓ અને ઘઉં ખાનારા ઉત્તરવાસીઓના માનસિક બંધારણના ભેદોને બહુ મહત્ત્વ આપવામાં આવે છે. પરંતુ ઇસ્લામના રસાયણમાં આ બધા ભારે ભેદો ઓગળી જાય છે, અને ચોખા ખાનારો બંગાળી તેમ જ ઘઉં ખાનારો પંજાબી, બન્ને મળીને પોતાની એકતાની એવી લાગણી બતાવતા જણાય છે, જે દક્ષિણવાસીએ તેમ જ ઉત્તરવાસીએ તો કદી અનુભવી પણ નહિ હોય!

વળી આ આખા પ્રચારમાં પાકિસ્તાનના અસલ મુદ્દાને વિષે જાણી જોઈને અત્યંત અસ્પષ્ટતા રાખવામાં આવેલી છે. તે મુદ્દાને કાયમ જાહેર પ્રજાની આગળ ધરી રાખવામાં આવે છે, પણ તેમાં કઈ કઈ બાબતો સમાયેલી છે, તે કદી સ્પષ્ટ કરવામાં આવતું નથી. મદ્રાસ મુકામે મળેલી મુસ્લિમ લીગની બેઠકમાં લીગનું ધ્યેય બદલીને પાકિસ્તાનનું રાખવાનું ઠરાવવામાં આવ્યું, ત્યારે પરિષદમાં ભેગા મળેલા શ્રોતાઓની લાગણીને ઉત્તેજીને અત્યંત તીવ્ર બનાવવાને ખાતર શ્રી. ઝીણાએ જાહેર કર્યું હતું કે,

મારાથી જેટલી સ્પષ્ટતા થઈ શકે તેટલી બધી સ્પષ્ટતા કરીને હું તમને સાફ સાફ જણાવવા માગું છું કે, અખિલ હિંદ મુસ્લિમ લીગનો ઉદ્દેશ એ છે કે, અમે વખત જતાં આખરે પોતાનું સંરક્ષણ, ચલણ, હૂંડિયામણ વગેરે બાબતો પર પૂરેપૂરા અંકુશની સત્તા ધરાવતું થાય, તેવું સંપૂર્ણ સ્વતંત્ર રાજ્ય હિંદના વાયવ્ય અને પૂર્વ વિભાગોના પ્રદેશોમાં સ્થાપવા માગીએ છીએ. કેન્દ્રમાં એકચક્રી સત્તા ધરાવતી અખિલ હિંદને માટેની એક સરકારની જોગવાઈવાળું સમસ્ત હિંદને માટેનું એક સળંગ રાજબંધારણ અમારે નથી

---

૩૩. અલ હમઝા: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૩૫–૩૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈતું, કોઈ પણ સંજોગોમાં નથી જોઈતું. અમે એ વાત કોઈ દિવસ કબૂલ રાખવાના નથી. હું તમને ફરીથી સાફ વાત કરીને જણાવું છું કે, તમે જો એક વાર એ વાત કબૂલ રાખી, તો મુસ્લિમોનું નામનિશાન રહેવાનું નથી.

પરંતુ આનાથી જુદા, કદાચ શંકા અને આશંકાઓથી ભરેલા વાતાવરણમાં, શ્રી. ઝીણાએ આવી સાફ વાતો કરી તેનાથી ત્રણ જ માસ પહેલાં લીગના બીજા એક આગેવાને જુદો જ સૂર છેડ્યો હતો.

લાહોરના અમારા ઠરાવનો જો શાન્તચિત્તે અને ઝીણવટથી વિચાર કરવામાં આવશે તો માલૂમ પડશે કે, સરવાળે તેમાં એટલી જ માગણી કરવામાં આવી છે કે, હિન્દના જે પ્રાંતોમાં મુસ્લિમ વસ્તીની વધુમતી છે એમ સ્વીકારવામાં આવેલું છે, તેમને નવેસરથી ગોઠવીને એવા વિસ્તારોની રચના કરવી કે, જેમનાં રાજ્યો આખરે સર્વોપરી સત્તા ધારણ કરતાં થાય. આ પ્રદેશમાં આવેલા રાજવહીવટને અંગેના ઘટકો સ્વરાજની સત્તા ભોગવતા હશે, એટલે કે, સર્વોપરી સત્તા ધારણ કરશે. આમ થશે એટલે આ નવા ઘટકોનાં આજે જે સ્વરૂપો તેમ જ લક્ષણો છે, તે જ કાયમ રહેશે. હિન્દના બીજા વિભાગોમાંથી આ પ્રદેશોમાં વસ્તીની અદલાબદલી કરવાનો, અથવા મુસ્લિમો આજે જ્યાં વસે છે, ત્યાંથી તેમને લાવીને આ પ્રદેશોમાં વસાવવાનો કોઈ ખ્યાલ રાખવામાં આવેલો નથી. . . . આ પ્રદેશોને અંગે સર્વોપરીસત્તાધારી એવા જે વિશેષણનો પ્રયોગ ઠરાવમાં કરવામાં આવેલો છે, તેને લીધે કદાચ તેમના (બિન-મુસ્લિમોના) દિલમાં શંકાકુશંકા ઊભી થતી હશે. પરંતુ, આ ખ્યાલ પણ કોઈ એવો નવો ખ્યાલ નથી કે, જેને કારણે ગેર-મુસ્લિમોને કોઈ જાતની નવાઈ થવી જોઈએ. પહેલાં સાયમન કમિશનને અંગે, અને પાછળથી ગોળમેજી પરિષદને અંગે રાજબંધારણનો મુદ્દો મોખરે આવ્યો હતો, ત્યારે મુસ્લિમોએ પોતાના તરફથી જે માગણીઓ ઘડીને રજૂ કરી હતી, તેમને ઝીણવટથી તપાસવામાં આવશે તો માલૂમ પડશે કે, મુસ્લિમો પહેલેથી જ સ્વરાજની સંપૂર્ણ સત્તા ધરાવતાં રાજ્યોના સમવાય તંત્રની માગણી કરતા આવ્યા છે; અને તેનો અર્થ લગભગ સર્વોપરીસત્તાધારી રાજ્યોની માગણીના જેવો જ થાય છે. અહીં એટલું દર્શાવી શકાય કે, એ ઠરાવમાં એવું કશું નથી, જેથી આ સર્વોપરીસત્તાધારી રાજ્યોને બીજાં તેવાં જ સર્વોપરીસત્તાધારી રાજ્યો સાથે એક સમવાયી રાજ્યસંઘના સમૂહમાં ભેગાં થવામાં અંતરાય ઊભો થાય. જો સર્વ પક્ષો વચ્ચે પૂરતી શુભેચ્છાની લાગણી પ્રવર્તતી હશે, અને પરસ્પર જે શંકા-કુશંકાઓ સેવવામાં આવે છે, તેમનું જો નિરસન થાય તો હિન્દમાં કોઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારનો રાજ્યસંઘોનો સમૂહ અસ્તિત્વમાં આવશે, એની મને જરાયે શંકા નથી.[૩૪]

આમ મુસ્લિમ લીગ હિંદી રાજ્યના બે ભાગ કરવાની, એક સમવાયી રાજ્યતંત્ર સ્થાપવાની અને સર્વોપરીસત્તાધારી રાજ્યોનો એક સંઘ કાઢવાની, એમ ત્રણ જુદી જુદી વાતો એકી વખતે કરે છે! જુદે જુદે સમયે આ રીતે જુદા જુદા સૂરો છેડવામાં આવે છે, તે કંઈ અકસ્માત નથી. જાણીબૂઝીને ચલાવવામાં આવતા, અને કુશળતાપૂર્વક યોજવામાં આવેલા પ્રચારનું એ પણ એક અંગ છે.

આ પ્રચારની નેમ બે છે: મુસ્લિમ સમાજનાં વિધવિધ તત્ત્વોને આકર્ષીને લીગમાં એકઠાં કરવાની, અને મુસ્લિમ લીગના દુશ્મનોને ગોટાળામાં નાખી દેવાની.[૩૫] આ બન્ને નેમ એકીસાથે પાર પાડવાને માટે સમય સમયને અનુસરીને પરસ્પર વિરોધી સૂરો છેડતા રહેવાની જરૂર પડે છે. ખેડૂતોની એક સભાને ઉદ્દેશીને એક નાઝી પ્રચારકે કહ્યું હતું કે, "આપણે ઊંચા ભાવો માગતા નથી, આપણે નીચા ભાવો માગતા નથી, આપણે ચાલુ સ્થિર ભાવો પણ માગતા નથી; આપણને તો બસ નૅશનલ સોશિયૅલિસ્ટ એટલે કે રાષ્ટ્રીય સમાજવાદી અથવા નાઝી ભાવો જોઈએ છે;" અને સભાએ તેને તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધો હતો. તે જ પ્રમાણે મુસ્લિમ લીગ જાહેર કરે છે કે, "અમારે સમવાય તંત્ર જોઈતું નથી, સર્વોપરીસત્તાધારી રાજ્યોનો સંઘ અમને નહીં ખપે, મુલકની વહેંચણી કરવાનો આગ્રહ અમે નહીં રાખીએ, પણ અમારે તો બસ પાકિસ્તાન, પાકિસ્તાન ને પાકિસ્તાન જોઈએ."

---

૩૪. ૧૯૪૦ની સાલના ડિસેમ્બર માસમાં ભરાયેલી સંયુક્ત પ્રાન્તની મુસ્લિમ લીગ પરિષદ્‌ને પ્રમુખપદેથી નવાબ મહમદ ઇસ્માઇલ ખાને આપેલા ભાષણમાં.

૩૫. જુઓ: "મારા વિરોધી પર મારા સંકલ્પનું દબાણ લાવવાને મારે શું કરવું જોઈએ? પ્રથમ તો મારે તેની સંકલ્પશક્તિને છિન્નભિન્ન કરીને પાંગળી કરી નાખવી જોઈએ, પછી તેના પોતાના જ મનમાં ગોટાળો ઊભો કરવાને તેની ભાવનાઓને પરસ્પર અથડાવી મારવી જોઈએ, અને તેને ભ્રમમાં નાખી દેવો જોઈએ." —'હિટલર સ્પીક્સ' (હિટલર ઉવાચ) નામના પુસ્તકમાં ૨૨૦મા પાના ઉપર રૌશનિંગે ટાંકેલું હિટલરનું વચન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યેય અથવા ઉદ્દેશને અંગેની આ જાતની શિથિલતાની સાથે સાથે સંસ્થાની શિસ્તના કાબૂની લગામ સખત રાખવામાં આવે છે. તેથી લીગની ઇમારતની રાજકીય કમાનના આધારરૂપ સૂત્ર એ છે, કે લીગ એકલી જ સર્વ મુસ્લિમોની પ્રતિનિધિ થઈ શકે, કે તેમની વતી બોલી શકે. આવી જ જાતનાં બીજાં સંગઠનોની બાબતમાં બને છે૩૬ તેમ મુસ્લિમ લીગની કાર્યપદ્ધતિમાં ધ્યેય પ્રત્યેની નિષ્ઠાનું સ્થાન સંસ્થા પ્રત્યેની નિષ્ઠાને આપવામાં આવેલું છે.

યુરોપમાં હિટલરની જે ઢબે ચડતી થઈ, અને યુરોપના રાજકારણમાં ૧૯૩૭ની સાલ પછીથી ખાસ કરીને તેની મુત્સદ્દીગીરીને આંખને આંજી નાખે તેવી જે અનેક સફળતાઓ મળી, તેમની લીગના રાજકારણ પર ઊંડી અસર થઈ છે, અને તે અસર તેની કાર્યપદ્ધતિને અણુઅણુએ વ્યાપી વળી છે. મુસ્લિમ લીગ હિંદની એકતાને ચૂંથી નાખીને હિટલરની અદાથી રાજ્યસત્તાના સ્થાન પર આરૂઢ થવાની હોંસ રાખે છે.૩૭ મુસ્લિમ લીગ

---

૩૬. જુઓ પિટર ડ્રૂકર: 'ધિ એન્ડ ઑફ ધિ ઇકોનૉમિક મૅન' (કેવળ અર્થ સાધવાના હેતુથી પ્રવૃત્ત માનવનો અંત), આખા પુસ્તકમાં ઠેરઠેર.

૩૭. જુઓ: "મિ ઝીણાનું પોત હવે બરાબર પ્રકાશ્યું છે. હિંદને છિન્નભિન્ન કરવાનો પોતાનો અસલ હેતુ બર લાવવામાં જેનાથી મદદ ન થતી હોય, તેવી રાજ્યશાસનની કોઈ પણ યોજનાથી, યુદ્ધ ચાલે છે તે ગાળા દરમિયાન પણ તેમને હવે સમાધાન થાય તેમ નથી. . . . જે સાત પ્રાંતોમાં બંધારણનો અમલ મોકૂફ રાખવામાં આવ્યો છે, તે પૈકીના છ પ્રાંતોમાં હિંદુઓની વધુમતી હોવાથી તેમની રાજકીય સત્તા અને પ્રભાવ જતાં રહ્યાં છે. હવે જો આડાઈ અને જક્કીપણાને વળગી રહેવાથી, અને ધાકધમકીઓના પ્રયોગથી રાજ-બંધારણના વિકાસની પ્રગતિ અટકી પડી છે, તેવી ને તેવી સ્થિતિ યુદ્ધના અંત સુધી ચાલુ રાખી શકાય, તો હિંદુઓને ફરી પાછી રાજકીય સત્તા મળે તેવા સંજોગો બહુ ઓછા થઈ જાય છે. દરમિયાન યુદ્ધના વાતાવરણથી ડોળાયેલી લાગણીઓથી પહોંચતી તાણનો લાભ લઈ અંગ્રેજ–મુસ્લિમ મૈત્રીની સ્થાપનાના પ્રયત્નો જારી રાખવામાં આવશે, અને અછૂત વર્ગોના, અથવા 'જસ્ટિસ પાર્ટી' (ન્યાય પક્ષ)ના અથવા પોતાની પાંખમાં ભરાવાને ખુશી હોય તેવા કોઈ પણ પક્ષના વહારીનો સ્વાંગ સજીને શ્રી. ઝીણા હિંદુઓમાં વધારેને વધારે ભાગલાઓ પાડવાનો એકેએક પ્રયત્ન કરી જોશે. રાજકારણના અંકગણિતની આ તરકીબથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કંઈ કરે છે, તેનાથી આખરે આ હેતુ બર આવવો જોઈએ. હિંદની એકતાની ભાવનાને ચૂંથી નાખવાનો પોતાનો વ્યૂહ જ્યાં સુધી તેને પોતાનું વર્ચસ્વ જમાવીને સ્થાપિત નહીં કરી આપે, ત્યાં સુધી લીગને નથી જોઈતું કોમી સવાલનું સમાધાન, કે નથી જોઈતું બંધારણના સવાલનું નિરાકરણ. મુસ્લિમોના એક માત્ર પ્રતિનિધિના પોતાના દરજ્જાની વાતો શું, કે તેમને માટે અલગ સ્વતંત્ર રાજ્યની સ્થાપનાના દાવાની વાતો શું, રાષ્ટ્રીય મહાસભાના મુસ્લિમો પરના અત્યાચારની વાતો શું, કે તેની બધી ધાકધમકીની અને ચેતવણીની વાતો શું, મુસ્લિમ લીગની એકેએક ચાલ ને એકએક ચાળો, બધું સરવાળે સત્તાના ગઢ સુધી પહોંચી જઈ તેનો કબજો લેવાના ચાલાકીભરેલા એક જ વ્યૂહનાં જુદાં જુદાં અંગો છે, અને બીજું કંઈ જ નથી. પાકિસ્તાનની સ્થાપના માટે મુસ્લિમ લીગે માંડેલી હિલચાલની એ જ એક નેમ છે, અને તે પ્રવૃત્તિનું અંતિમ સમર્થન પણ એ જ છે. તે સિવાયની મુસ્લિમ લીગની બીજી બધી વાતો અજ્ઞાણ, અને ગમે તેવી વાતો માની લેનારાં ભોળાં ટોળાંઓને ફોસલાવીને છેતરવાની ભાષાના ખાલી આડંબરયુક્ત શણગારો છે.

આખરે શ્રી. ઝીણા કેવળ દશ કરોડ મુસ્લિમોના જ નહીં, પણ દક્ષિણ હિંદમાં વસતા છ કરોડ અબ્રાહ્મણોના એટલે કે, હકીકતમાં હિંદના વતનીઓની વધુમતી સંખ્યાના પ્રતિનિધિને દરજ્જે પહોંચી જવાની ઉમેદ રાખે છે.

આજના સંજોગોમાં જે બાબતો હિંદની એકતાના ભાગલા પાડી નાખે છે તેમના પર ભાર દેવો, અને જે બાબતો હિંદની પ્રજાને એક કરે છે તેમની અવગણના કરવી, એ રાજકીય સફળતાની દૃષ્ટિ રાખનારને માટે ડહાપણભરેલો રસ્તો છે, કેમ કે, તેથી દેશની રાજકીય ગૂંચનું નિરાકરણ નહીં થાય, અને અલબત્ત પરિણામે શ્રી. ઝીણા હિંદના સર્વોપરી સ્વામીને દરજ્જે ચાલુ રહી શકે." — બિનપક્ષી (સપ્રુ) પરિષદની કાયમી સમિતિનું નિવેદન. વળી જુઓ: "મારા મન પર એવી છાપ પડી છે કે, તેઓ (શ્રી. ઝીણા) જ્યાં સુધી રાજકર્તા લોકો ઉપરાંત લાગતાવળગતા બધા પક્ષોને પોતાની શરતો પ્રમાણે વર્તવાની ફરજ પડે તેટલી લીગની સ્થિતિ મજબૂત નહીં કરી શકે, ત્યાં સુધી રાજકીય પરિસ્થિતિનું નિરાકરણ ઇચ્છતા નથી." — સર તેજ બહાદુર સપ્રુને લખેલા (૨૫મી જાન્યુઆરી, ૧૯૪૧ ના) મહાત્મા ગાંધીના પત્રમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩ મું

પાકિસ્તાનનાં સંભવિત પરિણામ

હિન્દના મુલકની વહેંચણીની કોઈ પણ પ્રમાણભૂત યોજનાને અભાવે તેનાં પરિણામો કેવાં આવશે, તેનો ખ્યાલ બાંધવાનું કામ કઠણ છે; બહુ બહુ તો આજની સ્થિતિમાં તે પરિણામોની વિગતોમાં ઊતર્યા વિના તેમની કંઈક સામાન્ય રૂપરેખા દોરી શકાય. મુસ્લિમ લીગે વહેંચણીની વિગતોની વાત મોઘમ રાખવાનું પસંદ કર્યું છે; કદાચ તેનાં સંભવિત પરિણામોની ઝીણવટભરી તપાસમાંથી બચવાને ખાતર જ તેણે એવી સ્પષ્ટતા કરવાનું માંડી વાળ્યું હોય. પરંતુ આખી પરિસ્થિતિના અભ્યાસનું કાર્ય માથે લેનાર કોઈ પણ વ્યક્તિ એવી જાતની તપાસના કાર્યને છોડી ન શકે, કેમ કે, હિંદના મોટા ભાગના લોકોને આવડું મોટું સાહસ ખેડવાથી આખરે જે દુઃખ અને કલેશરહિત સ્થિતિ મેળવી આપવાનો કોલ આપવામાં આવેલો છે, તે ખરેખર પ્રાપ્ત થવાની છે કે નથી, તેની પ્રતીતિ કરાવ્યા વિના તે સાહસમાં ખેંચવા ન જોઈએ.

આપણે પાછળના પ્રકરણમાં જોયું છે કે, પાકિસ્તાનની જુદી જુદી યોજનાઓ પૈકીની જે યોજનાઓમાં હદ બહારની માગણીઓ કરવામાં આવેલી છે, તેમના અમલથી અપાર નુકસાન થવાનો સંભવ રહે છે. તે યોજનાઓનો અમલ થાય, તો પરસ્પર વેર અને ભયની લાગણીઓથી ભરેલું એવું ભાવી નિર્માણ થાય છે, જેને પરિણામે હિંદ આખરે છિન્ન-ભિન્ન થઈ જશે, અને છતાં તેને આજે વ્યથિત કરી રહેલી રાજકીય તેમ જ સામાજિક અસ્વસ્થતાનો અંત નહીં આવે, ને તે વધારે ઉગ્ર બનશે. પરંતુ પાકિસ્તાનની સ્થાપનાને લગતી હદ બહારની માગણીઓને બાજુએ રહેવા દઈ તેને લગતી નરમ કહી શકાય તેવી માગણીઓનો વિચાર કરીએ છીએ, ત્યારે પણ તેમાંથી નીપજતી આફતની આશંકાનું નિવારણ થતું નથી. તે માગણીઓ પણ નુકસાન કરે એવાં પરિણામોથી મુક્ત નથી. મુલકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેંચણી કરવાથી હિંદુ–મુસ્લિમ સવાલનો ઉકેલ તો નથી જ નીકળતો, ઊલટો તે વધારે અટપટો ને ગૂંચવણભરેલો બને છે, અને વધારામાં હિંદની રાજકીય મુક્તિનો શુભ દિન દૂર જાય છે. હિંદના મુલકની વહેંચણી, હિંદની રાજ્ય સંસ્થા પર પડેલા ઘાને રુઝવનારી ઔષધિનું કાર્ય કરવાને બદલે તેને વધારે ચૂંથી નાખે એવા તેજાબનું કાર્ય કરે છે.

હિંદની ભૂમિની વહેંચણી કરીને તેમાંથી ત્રણ કે તેનાથીયે વધારે રાજ્યોની સ્થાપના કરવાથી મુસ્લિમોની સ્થિતિ સુધરશે, એવી ગણતરી રાખવામાં આવેલી છે. પરંતુ એ ખ્યાલનું બરાબર પૃથક્કરણ કરવામાં આવે, તો ઊલટું એવું માલૂમ પડે છે કે, તેનાથી બીજી નવી મુશ્કેલીઓ ઊભી થવાનો સંભવ છે, જેમને પરિણામે સામાન્યપણે બધા મુસ્લિમોની, અને વિશેષે કરીને જ્યાં તેમની વસ્તી લઘુમતીની છે તે પ્રાન્તોના મુસ્લિમોની સ્થિતિ આજે છે તેનાથીયે વધારે બગડશે. ખુદ વાયવ્ય પ્રદેશના અને પૂર્વ પ્રદેશના પ્રાન્તોની જ વાત લઈએ, તો પણ એટલું સ્પષ્ટ થાય છે કે, તેમને સમવાય તંત્રની કોઈ પણ યોજનામાં સ્વશાસનના અધિકારો મોટા પ્રમાણમાં પ્રાપ્ત થશે, પરંતુ તે પ્રાન્તોનાં સ્વતંત્ર રાજ્યોની રચના થશે, એટલે તે બધામાં મોટે ભાગે વસતા મુસ્લિમોને પાછા પડવાનો પ્રસંગ આવશે. સિંધના વડા પ્રધાન શ્રી. અલ્લાબક્ષે પોતાના પ્રાન્તની આ બાબતને અંગેની લાગણી નીચેના શબ્દોમાં વ્યક્ત કરી છે :

> વાયવ્ય સરહદનો પ્રાન્ત, બલુચિસ્તાન, અને સિંધ વગેરે સ્વશાસનનો અધિકાર ધરાવનારા જે પ્રાન્તોમાં મુસ્લિમોની સારી જેવી બહુમતી છે, અને જેમને આજે મધ્યવર્તી સરકાર તરફથી નાણાંની તેમ જ સંરક્ષણ અંગેની સહાય મળે છે, તે બધા પ્રાન્તોને પોતાની આજની સ્થિતિના બદલામાં ઘણી મોટી મુસ્લિમ વસ્તીવાળો હોય, છતાં તેવા બીજા કોઈ નવા રચાયેલા રાજ્યમાં લઘુમતીનો દરજ્જો સ્વીકારવાનું નહીં રુચે.[1]

વળી કીડીદર ઊભરાતી વસ્તીવાળું, છતાં નબળાં આર્થિક સાધનો ધરાવતું પૂર્વ પ્રદેશનું રાજ્ય શ્રી. અલ્લાબક્ષે જ યથાર્થ રીતે વર્ણવ્યું છે તે પ્રમાણે 'અલગ પાડેલા રોગીઓના બંધિયાર વાડા' જેવું બની જશે.

---

૧. 'ધિ ઇન્ડિયન ઍન્યુઅલ રજિસ્ટર', ૧૯૪૦, ભાગ ૧લો, પા. ૩૨૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ હિન્દથી અળગા પડવાની યોજનાનો ખરો ભાર તો મુસ્લિમોની વસ્તી આજે જે પ્રાંતોમાં લઘુમતીમાં છે, તે પ્રાંતોના મુસ્લિમોને માથે આવશે. હિન્દુઓની લાગણીઓ સારી પેઠે ઉશ્કેરાયેલી હશે, એટલે તે લોકો મુસ્લિમોની અળગા થવાની, અને ઉપરાંત નવા રચાનારા હિન્દુ રાજ્યમાં તેમને માટેની સલામતીઓની, એ બન્ને વાતોની સાથે કદી સંમત નહીં થાય. સલામતીઓની વાતનો પાયો જ એ છે કે, બન્ને કોમોનું રાજ્ય એક હોય, અને બન્નેની રાષ્ટ્રીયતાની ભાવના સમાન હોય. એ સમાન રાષ્ટ્રીયતાની ભાવનાનો જ સદંતર ઇન્કાર કરવામાં આવતો હોય, અને બન્નેનું એક રાજ્ય જો વિખેરી નાખવામાં આવતું હોય, તો પછી મુસ્લિમોનો સલામતીઓનો દાવો સ્વીકારવામાં નહીં આવે. હિંદુ કોમની દલીલ એવી હશે કે, 'હિંદુસ્તાન'માં રહી જનારા બે કરોડ મુસ્લિમોનાં હિતોનું જો સલામતીઓના ઉપાયોથી પૂરતું રક્ષણ થઈ શકતું હોય, તો હિન્દમાં આજે જે નવ કરોડ મુસ્લિમો વસે છે, તેમનાં હિતોની સલામતીને માટે તેવા ઉપાયો પૂરતા તો શું, જરૂર કરતાંયે વધારે થશે. મુસ્લિમો એક વખત હિન્દના રાજ્યને વિખેરી નાખીને પોતાનું અલગ રાજ્ય (કે રાજ્યો) સ્થાપે તો પછી કુદરતી રીતે જ હિન્દુ રાજ્યમાં પોતાની ભાવનાઓને સ્વતંત્ર રીતે જુદી વ્યક્ત કરવાને સ્વતંત્ર માર્ગો અનામત રાખવાનો અધિકાર તેમણે જતો કરવો જોઈએ. ધારો કે, હિન્દુઓ પાકિસ્તાનની સ્થાપનાની વાત સાથે સંમત થશે, તો પણ 'હિન્દુસ્તાન'ના રાજ્યમાં બે ભિન્ન સંસ્કૃતિઓની, અને બે ભિન્ન રાષ્ટ્રીયતાની વાત પડતી મૂકવાની શરતે જ તે વાત કબૂલ રાખશે. હિન્દુઓનું આ પ્રકારનું વલણ મુસ્લિમ લીગને અવળચંડુ તેમ જ 'અત્યાચારી' લાગે એમ બને, પણ અહીંથી આપણે હિન્દુઓની 'લાગણી-ઓ'ના ધૂંધળા પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ, તેથી તે વાતને લંબાવવાનો કશો અર્થ નથી. એટલી એક વાત ખરી કે, અલગ રાજ્ય અને સલામતીઓ, બન્ને વાતો એકી સાથે બની શકે એમ દેખાતું નથી.

'હિન્દુસ્તાન'ના મુસ્લિમોનો આજે જે રાજકીય દરજ્જો છે, તેના કરતાં તેમની સ્થિતિ વધારે કફોડી થઈ જશે એટલું જ નહીં, પણ તેમની આખી કોમનો આજે જે એકંદર દરજ્જો છે, તેને પણ ધક્કો પહોંચશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ લાગે છે. પાકિસ્તાન વિષેના પોતાના નાના પુસ્તકમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે આ મુદ્દાને જુદો તારવીને બરાબર સ્પષ્ટ કરી બતાવ્યો છે.

યુક્ત પ્રાંતની અને બિહારની મુસ્લિમ લઘુમતી કોમોમાંથી ભારે સંસ્કારી લોકોનો વર્ગ તે તે પ્રાંતોને મળતો આવ્યો છે, અને તે વર્ગ હિન્દુઓના કરતાં સંખ્યામાં નાનો હોય છે, તે વાત બાદ કરતાં તેમના કરતાં બુદ્ધિમાં, કેળવણીમાં અને ખુદ આર્થિક સ્થિતિમાં પણ કોઈ રીતે ઊતરતો નથી. આ વર્ગને શું હિન્દુ કોમની દયા પર છોડી દેવાનો છે? વળી એ વાત પણ શું સાચી નથી કે, આ બે પ્રાંતોમાંથી જ દેશના કેળવાયલા મુસ્લિમો પૈકીનો મોટો ભાગ આવે છે? તો પછી તે લોકોનું શું થવાનું છે?[૨]

આ પ્રાન્તોમાંથી મુસ્લિમ લીગને પોતાનો શ્રેષ્ઠ, તેમ જ તેની વિચારસરણીના સિદ્ધાંતો ઘડનારો વર્ગ આજે મળી રહે છે. તે વર્ગના લોકોને 'હિન્દુ-સ્તાન'ના રાજ્યમાં પરદેશી ગણવામાં આવશે, ને તેમને સંઘરવા કોઈ તૈયાર નહીં થાય; અને બંગાળના મુસ્લિમો પોતાના બિનબંગાળી ધર્મબાંધવો પ્રત્યે જે જાતનું વૈમનસ્ય આજે બતાવે છે, તે લાગણી જો ભવિષ્યનું સૂચન કરતી હોય, તો એ વર્ગના લોકોને મુસ્લિમ રાજ્યોમાં પણ ખાસ આવકાર મળે એવો સંભવ દેખાતો નથી.[૩]

વસ્તીની અદલાબદલીની ગોઠવણથી આ પરિસ્થિતિમાં ફેર પાડી તેને સુધારી શકાય ખરી. એવી ફેરબદલીથી વૈમનસ્યનાં ઘણાં કારણો દૂર થાય છે, અને બધાં રાજ્યોમાં વસનારા લોકો એક જ પ્રકારના થાય છે. ડૉ. એસ. એ. લતીફે પોતાના 'મુસ્લિમ પ્રૉબ્લેમ્સ ઇન ઇંડિયા' (હિંદના મુસ્લિમોના પ્રશ્નો) નામના પુસ્તકમાં આવી જાતની એક યોજનાની દરખાસ્ત રજૂ કરેલી છે. પરંતુ 'પંજાબી'એ પોતાના 'કૉનફિડરસી ઑફ ઇંડિયા' (હિંદી રાજ્યસંઘોનો સંઘ) નામના પુસ્તકમાં ગણતરી કાઢીને બતાવ્યું છે તે મુજબ વસ્તીની આવી જાતની અદલાબદલીની અસર હિંદની કુલ વસ્તીના આશરે બે તૃતીયાંશ જેટલા હિસ્સાની સંખ્યાને પહોંચે છે. એનો અર્થ એવો થાય છે કે, ઇતિહાસમાં પૂર્વે કદી અજમાવવામાં આવ્યો નથી, તેવડા

---

૨. 'પાકિસ્તાન' (અંગ્રેજી), પા. ૩૦.

૩. જુઓ: તા. ૧૧-૯-૧૯૪૧ના 'અમૃત બઝાર પત્રિકા'ના અંકમાં પ્રસિદ્ધ થયેલું શ્રી. ફઝલુલ હકનું નિવેદન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા પાયા પર માણસોને પોતાનાં વતનમાંથી સમૂળ ઉખેડીને બીજે સ્થળે લઈ જઈને વસાવવાં. આ યોજનાની સામે લોકોનો જબરો વિરોધ થવાનો સંભવ છે, અને તેના અમલથી લાગતાવળગતા કોટયવધિ લોકોને પાર વિનાની વિટંબણાઓ વેઠવાનો વારો આવશે. વળી અસલના જમાનામાં મિસરના ફેરો નામથી ઓળખાતા રાજાઓએ અસામાન્ય શક્તિ તેમ જ આવડતની અપેક્ષા રાખનારી, વસ્તીની આવી જે ફેરબદલીઓ કરેલી કહેવાય છે, તેવી જ જાતની આ ફેરઅદલીનો અમલ જો લાગતાવળગતા લોકોની મરજી વિરુદ્ધ જઈને કરવામાં આવશે, તો તેમાંથી શાંતિ સ્થપાવાનો સંભવ બહુ ઓછો રહે છે. અને, એમ માની લઈએ કે, આટલા મોટા પાયા પર હિજરત કરીને લોકો બીજી ભૂમિ પર જઈને વસવાટ કરવાની વાતને અનુકૂળ થશે, તો પણ તેવી હિજરતમાંથી સ્થાવર મિલકતોના નિકાલને લગતી, ને એવી જ બીજી બેસુમાર મુશ્કેલીઓ પેદા થશે, ને પરિણામે પાકિસ્તાન અને 'હિંદુ-સ્તાન'નાં રાજ્યો વચ્ચેના સંબંધો બગડીને નવા નવા ઝઘડાઓ ઊભા થશે. વળી વસ્તીની અદલાબદલી નહીં થાય, તો પાકિસ્તાનના રાજ્યમાં ગેર-મુસ્લિમ વસ્તીનું એક મોટું તત્ત્વ રહી જશે. (મુસ્લિમ લીગ જ્યાં સુધી પાકિસ્તાનના રાજ્યની સીમાઓ ચોક્કસ મુકરર કરી નહીં આપે, ત્યાં સુધી તેની આ ગેર-મુસ્લિમ વસ્તી કેવડી થશે, તેની ગણતરી કાઢવાનું શક્ય નથી.) હવે મુસ્લિમ લીગ જો આ બિન–ઇસ્લામી વસ્તીની ઉપેક્ષા કરવાની ધારણા રાખતી હોય તો જુદી વાત છે, નહીં તો ઇસ્લામી ધોરણની જે રાજ્યસંસ્થા તે વિકસાવવા માગે છે, તેને સફળતાપૂર્વક કેવી રીતે ખીલવી શકશે? પાકિસ્તાનના રાજ્યમાં વસતાં હિંદુ તેમ જ શીખ તત્ત્વો પોતાના કાયદેસરના હકો અને તેમના સંરક્ષણ માટેની, બંધારણમાં ફરમાનરૂપે સ્પષ્ટ નમૂદ કરેલી સલામતીઓની માગણી કરશે, એટલે તેને પરિણામે નવીન પાકિસ્તાની રાજ્યના ઇસ્લામી–કરણના વેગ પર અંકુશ આવીને ઊભો રહેશે. અને ઇસ્લામને ધોરણે એક વિશિષ્ટ રાજ્યસંસ્થા વિકસાવવાનો મુસ્લિમ લીગનો અંતિમ ઉદ્દેશ જ જો આમ બર ન આવતો હોય, તો પછી હિંદના મુલકના ટુકડા કરવાનો કશો અર્થ છે ખરો?

એક રાષ્ટ્રીય ભાવનાના પાયા પર રચાયેલા રાજ્યના વિકાસમાં આવતા અંતરાયો આમ હિંદના મુલકની વહેંચણી કરવાથી દૂર થતા નથી. ઊલટું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કંઈ ગૂંચો એ સવાલને અંગે આજે નડે છે, તે તેવી ને તેવી જ કાયમ રહેવાની છે.

વાયવ્ય વિભાગના પ્રદેશનો વિસ્તાર બેશક ઘણો મોટો છે; પરંતુ તે પ્રદેશમાં વસતા લોકો એક પ્રદેશના રહેવાવાળા છે, અને તે પૈકીના ઘણા મોટા ભાગના લોકોનો ધર્મ એક છે, એ બે બાબતો બાદ કરતાં તેમનું બીજું એકે સમાન લક્ષણ નથી. એટલા વિસ્તારમાં કંઈ નહીં તો ઓછામાં ઓછી પાંચ ભાષા બોલાય છે, અને ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં તે વિસ્તારના લોકો એક હતા, એવો દાવો ભાગ્યે જ થઈ શકે. આ વિભાગના રાજ્યમાં જેમનો સમાવેશ થશે, તે બધા લોકો જેવા કે, શીખો અને મુસ્લિમો, પઠાણો અને પંજાબીઓ, બલુચો અને સિન્ધીઓ, તે પ્રદેશમાં બ્રિટિશ હકૂમત સ્થપાઈ તે પૂર્વે કદી એક સ્થિર રાજ્યસત્તાના અમલ નીચે ભેગા વસ્યા નથી; અને તેમના પૈકીના કેટલાક લોકોમાં નજીકના જ ભૂતકાળના પરસ્પર વર્તનની કડવી સ્મૃતિઓ જેટલા પ્રમાણમાં છે, તેટલા પ્રમાણમાં દેશના બીજા કોઈ ભાગમાં ભાગ્યે જ અસ્તિત્વમાં હશે. . . . . . . હવે આ વાયવ્ય વિભાગના પ્રદેશના રાજ્યની સ્થાપનાની દરખાસ્ત જ જો આટલી શંકાસ્પદ ગણવામાં આવતી હોય. . . . . . તો હિંદુ રાજ્યોના સમવાયતંત્રની વાત તો વળી વધારે વાહિયાત છે.[૪]

સાચું જોતાં આ આખા સવાલની ગૂંચો હિંદી પ્રજાના જીવનના સળંગ પોતમાં વણાઈ ગયેલી છે, અને મુલકની વહેંચણી કરીને તે સવાલનું નિરાકરણ કરવાનો આશય રાખવામાં આવતો હોય, તો તેના આધારરૂપ તાણાના જે જે ધાગાઓ છે, તે એકેએકને હિંદી સમાજજીવનના અસલ પોતને ચીરીને છૂટો પાડવો પડે એમ છે.

ડૉ. લતીફ પાકિસ્તાનની હિમાયત એવી આશાથી કરે છે કે, બીજી અનેક બાબતોની સાથે બન્ને કોમ વચ્ચે જે પરસ્પર વહેમ છે, તે પાકિસ્તાનની સ્થાપનાથી ટળી જશે. અહીં તેમના પોતાના જ શબ્દો ઉતારવાનું વધારે ઠીક થશે.

હિંદ પરના બ્રિટિશ વર્ચસ્વમાંથી તે મુક્ત થાય, તો હિંદુઓને એવો ભય રહે છે કે, હિન્દની વાયવ્ય સરહદ તરફથી મુસ્લિમોનો રાજકીય પ્રભાવ તેના પર ફરીથી વિસ્તાર પામશે. આ ભયનું કારણ એ છે કે, હિંદની વાયવ્ય સરહદની બાજુ પર ઠેઠ આટલાન્ટિક મહાસાગરના કિનારા સુધી

૪. ડૉ. રાજેન્દ્રપ્રસાદનું પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૩૧–૩૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથરાયેલા મુસ્લિમ દેશોનો એક સમૂહ આવેલો છે, તે સમૂહના દેશોમાં સર્વ મુસ્લિમોની એકતાની ભાવના ધીરે ધીરે કેળવાતી જાય છે, અને તે ભાવનાની કેળવણીને પરિણામે એવાં નવાં બળો મુક્ત થઈને વેગવાન થવાનો સંભવ છે, જેમને સંતોષવાને ખાતર દુનિયાના જુદા જુદા વિભાગો વચ્ચે રાજ્યસત્તાની નવેસરથી વહેંચણી અથવા રચના કરવાની જરૂર પડશે. . . . બીજી બાજુથી મુસ્લિમોને એમ લાગ્યા વિના રહેતું નથી કે, આ જાતની (હિંદના આંતરિક વહીવટના કાબૂની) સત્તા જો હિંદને સુપરત કરવામાં આવશે, તો અમારે કાયમને માટે હિંદુઓના તાબામાં રહેવું પડશે, અને અમારી સંસ્કૃતિને ધોરણે સ્વતંત્ર જીવન ખીલવવાનો ઝાઝો અવકાશ અમને નહીં મળે. બન્ને પક્ષોને આવા જે પરસ્પર વહેમો રહેલા છે તે સાચા છે, અને હિંદને કાયમની શાન્તિ તેમ જ સુખની જો પ્રાપ્તિ કરવી હોય, તો તે વહેમોને કાયમના મિટાવવાની જરૂર રહે છે.[૫]

બન્ને કોમોને પરસ્પરને વિષે રહેતા આ વહેમો દૂર કરવાના ઉપાય તરીકે તેમણે પોતાની અલગ અલગ સાંસ્કૃતિક પ્રદેશો વસાવવાની યોજનાની દરખાસ્ત રજૂ કરી છે. પરંતુ આ બાબતમાં આશાનો જે ઉત્સાહ તેઓ અનુભવે છે, તેમાં ભાગ ભરવાનું, અને તેમની તર્કસરણી સમજવાનું કામ કઠણ છે. હિન્દુ કોમને મુસ્લિમોને વિષે જે વહેમ રહે છે, તે વિષેનું ડૉ. લતીફનું વિધાન આપણે સ્વીકારી લઈએ, તો વાયવ્ય સરહદ પર નવું મુસ્લિમ રાજ્ય પ્રગટ થવાથી હિન્દુઓનો તે વહેમ મટવાનો સંભવ બહુ લાગતો નથી; ઊલટું, તે રાજ્યની સ્થાપનાથી તો જે 'પ્રભાવ'નો ભય હિન્દુઓને લાગે છે, તે તેમને માથે કાયમ ઝઝૂમી રહેલી રાજ્યસત્તાનું સ્વરૂપ ધારણ કરશે, અને તેથી તેમને એવું લાગવાનો વધારે સંભવ રહે છે કે, આજ સુધી જે એક દુશ્મન કોમ હતી તે હવે એક દુશ્મન રાજ્યને દરજ્જે ચઢી ગઈ છે. કોમ કોમ વચ્ચે વહેમનું જે વાતાવરણ પ્રવર્તે છે, તે સ્વચ્છ થવાને બદલે પાકિસ્તાનની સ્થાપનાથી પરસ્પર ગેર-સમજૂતીનું ગંદુ વાતાવરણ વધારે ઘાડું બનવાનો સંભવ રહે છે.

વળી આર્થિક દૃષ્ટિથી વિચાર કરતાં પણ એમ લાગે છે કે, મુલકની વહેંચણી કરવાથી બન્ને રાજ્યોની સ્થિતિ આજે છે, તેનાથી વધારે

---

૫ 'મુસ્લિમ પ્રૉબ્લેમ્સ ઇન ઇન્ડિયા' (હિન્દના મુસ્લિમોના પ્રશ્નો), પા. ૨૩. અલ હમઝા : 'પાકિસ્તાન : એ નેશન' (પાકિસ્તાન એક રાષ્ટ્ર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથળી જશે. હિન્દની અર્થવ્યવસ્થા મિશ્ર પ્રકારની છે. એક મુસ્લિમ પત્રકારે ઘઉં ઉગાડનારા પાકિસ્તાનની અને ડાંગર ઉગાડનારા 'હિંદુસ્તાન'ની વચ્ચે રહેલા ભેદને, તેમ જ ઊંટને આધારે નભતી વાયવ્ય વિભાગની અર્થવ્યવસ્થા, અને નાળિયેરના ફળ પર નભતી દક્ષિણ વિભાગની અર્થવ્યવસ્થા, એ બન્ને વચ્ચેના ભેદને મોટું રૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે! એ વર્તમાન્ પત્રકારે ઘડીભર થોભી જઈ રાગદ્વેષથી પર થઈને જો આખા વિષયનો વિચાર કર્યો હોત, તો તેને તરત પ્રતીતિ થાત કે, હિન્દની અર્થવ્યવસ્થાનું આ પ્રકારનું વૈવિધ્ય એ જ તેનું સામર્થ્ય છે. કોલસા જેવી એક રાજ્યની નૈસર્ગિક સાધનસામગ્રીની બીજા રાજ્યની શણ જેવી સામગ્રીનો પૂરેપૂરો ઉપયોગ કરવાને માટે જરૂર રહેવાની છે. આપણી આમજનતાની ભીષણ ગરીબીના જે સવાલનો આપણે ઉકેલ કાઢવાનો છે, તે સમસ્ત હિન્દની સર્વ સાધનસામગ્રી એકઠી કરીને જ કાઢવાની આપણે આશા રાખી શકીએ. આપણો વિશાળ દેશ પોતાની વિધવિધ આર્થિક સાધનસામગ્રીથી એટલો ભરપૂર છે કે, રીતસર જીવવાને માટે બીજા પ્રદેશોમાં જઈને વસવાની, અથવા બીજા મુલકો જીતી લઈને તેમનો કબજો કરવાની આપણને જરાયે જરૂર નથી. પરંતુ જે ક્ષણે આપણે આપણા દેશના ટુકડાઓ પાડી તેમનાં નાનાં નાનાં અલગ અલગ રાજ્યો સ્થાપીશું, તે જ ક્ષણે આપણે માટે એ જાતની જરૂર ઊભી થશે, અને યુદ્ધના ઉપાયનું શરણું લીધા વિના તે કદી સંતોષી નહીં શકાય.

મુલકના ભાગલા પાડવાની કોઈ પણ સ્પષ્ટ યોજનાને અભાવે, નવાં રાજ્યોની સાધનસામગ્રી કેટલી અને કેવી રહેશે તેનો આંક કાઢવાનું કામ કઠણ છે. વળી, દેશની આર્થિક સંપત્તિને લગતા જે આંકડાઓ આજે ઉપલબ્ધ છે, તે બધા આજના પ્રાંતોને ધોરણે મેળવીને તૈયાર કરવામાં આવેલા હોવાથી, તેમના પરથી ભાવીનો ચોક્કસ ખ્યાલ બાંધવાનું અશક્ય છે કેમ કે, મુલકની વહેંચણી થયા પછી પંજાબ અને બંગાળના આજના પ્રાંતોમાંથી ઘણા 'હિન્દુ' જિલ્લાઓ છૂટા પડી જશે.

બંગાળની બાબતમાં તો એ આંકડાઓ છેક જ ગેરરસ્તે દોરી જાય એટલા દૂષિત છે કેમ કે, તે આંકડાઓમાં કલકત્તાની ગંજાવર ઔદ્યોગિક પેદાશના આંકડાઓનો સમાવેશ થઈ જાય છે, અને ન્યાયી વહેંચણીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ સિદ્ધાંતને અનુસરીને કલકત્તાને પૂર્વના મુસ્લિમ રાજ્યમાં નાખી શકાય તેમ નથી. પૂર્વ પાકિસ્તાનને જે આર્થિક સાધનસામગ્રી પ્રાપ્ત થવાની છે, તેના આંકનો સાચો ખ્યાલ બાંધવાને માટે આજના બંગાળ પ્રાંતના આંકડાઓમાં કલકત્તાના વિસ્તારના આંકડાઓનો સમાવેશ કરવામાં આવેલો હોવાથી તે જરાયે આધાર રાખી શકાય તેવા રહેતા નથી. પશ્ચિમ–'હિંદુ' બંગાળ અને પૂર્વ–'મુસ્લિમ' બંગાળને લગતા આંકડાઓને જુદા તારવવાનું છેક અશક્ય છે.

આ પ્રકરણની સાથે જોડવામાં આવેલા આંકડાઓના પરિશિષ્ટમાં, આજે જે આંકડાઓ મળી શકે છે તેમને આધારે કુદરતી આર્થિક સાધન-સામગ્રીની વહેંચણી કેવા પ્રકારની થશે, તે જેટલી બને તેટલી હદ સુધી દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. એ પરિશિષ્ટમાં આપવામાં આવેલાં પત્રકો ૧ થી ૩ પંજાબ અને બંગાળ પ્રાંતની આજની સરહદો સ્વીકારીને તેમને આધારે તૈયાર કરવામાં આવેલાં છે. પત્રક ૫ અને ૭ પણ એ જ આધાર લઈને તૈયાર કરેલાં છે, પરંતુ પત્રક ૪ અને ૬ વાયવ્ય તેમ જ પૂર્વના પ્રાંતોમાંથી મોટા ભાગની હિંદુ વસ્તીવાળા જે વિસ્તારો છૂટા પાડવાના છે, તેમને અલગ કર્યા પછી જે મુસ્લિમ વિસ્તારો શેષ રહે છે, તેમને લગતાં છે. આ પત્રકો પરથી જે તફાવત જણાઈ આવે છે તે નજીવો નથી. ખેતીની પેદાશને અંગેનો તફાવત નાનોસૂનો નથી, પરંતુ ઔદ્યોગિક ઉત્પાદનમાં જે તફાવત પડી જતો માલૂમ પડે છે, તે જોઈને તો આભા થઈ જવાય છે. પત્રક ૧ અને ૩ માં આપેલા આંકડાઓ કોમી પ્રદેશોની સંભવિત સરહદોને આધારે જુદા તારવવામાં આવેલા નથી તેથી બેશક, કેવળ પરિસ્થિતિનું સૂચન થાય તેટલા પૂરતા જ ઉપયોગી છે. પાકિસ્તાનની આર્થિક સાધનસામગ્રીનો અંદાજ તેમને આધારે કાઢી શકાય તેમ નથી. આખા પૃથક્કરણનો સરવાળે વિચાર કરતાં એ બધા આંકડાઓ 'હિંદુસ્તાનને' પક્ષે ઘણા વધારે અનુકૂળ નીવડે એવો સંભવ રહે છે.

વાયવ્ય વિભાગના પ્રાદેશિક વિસ્તારની પાસે હિન્દના કુલ મોસમી ઉદ્યોગોના ૧૫ ટકા, અને આખું વર્ષ ચાલતા ઉદ્યોગોના માત્ર ૯.૭ ટકા ઉદ્યોગો રહે છે. આ પૈકીના પહેલા ગણાવેલા એટલે કે, મોસમી ઉદ્યોગોમાં હિન્દનાં તે તે મોસમ પૂરતાં ચાલુ રહેતાં કારખાનાંઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કરતા મજૂરોની એકંદર સંખ્યાના ૧૫ ટકા મજૂરોને, અને પાછળથી ગણાવેલા એટલે કે, આખું વર્ષ ચાલુ રહેતા ઉદ્યોગોના હિન્દુસ્તાનભરનાં કારખાનાંઓમાં રોકાતા મજૂરોની એકંદર સંખ્યાના માત્ર ૪ ટકા જેટલા મજૂરોને કામ મળશે. મોટે ભાગે હિન્દુઓથી વસેલો કલકત્તાનો વિસ્તાર છૂટો પાડી લીધા પછી શેષ રહેતા પૂર્વ વિભાગના પ્રાદેશિક વિસ્તારની સ્થિતિ પણ વાયવ્ય વિભાગના પ્રાદેશિક વિસ્તારની સ્થિતિની સરખામણીમાં જરાયે સારી રહેતી નથી. ખેતીની બાબતમાં 'હિન્દુ-સ્તાન'માં માથા દીઠ ખેડાતી જમીનનું ક્ષેત્રફળ એક એકર રહેશે, જ્યારે પાકિસ્તાનમાં પોણો એકર જેટલું હશે.

નીચે ગોઠવેલું પત્રક બન્ને રાજ્યોની સાધનસંપત્તિની વહેંચણીનો કામચલાઉ અને તરત ધ્યાનમાં આવે તેવો ખ્યાલ આપે છે.

ધાન્ય : 'હિંદુ-સ્તાન'ને ચોખ્ખો ફાયદો.
તેલીબિયાં : પાકિસ્તાનને ભાગે મોટી ખોટ.
ખાંડ : 'હિન્દુ-સ્તાન'ને ફાળે સંગીન લાભ.
કપાસ : 'હિન્દુ-સ્તાન'ને હિસ્સે સંગીન ફાયદો.
શણ : પાકિસ્તાનને સહેજ અનુકૂળ.
કોલસો : 'હિન્દુ-સ્તાન'ને અનુકૂળ.
લોખંડની કાચી ધાતુ } લગભગ આખી
મેંગેનીઝ : } પેદાશ 'હિન્દુ-સ્તાન'માં

આ રીતે એ વાત સ્પષ્ટ થાય છે કે, પાકિસ્તાનનું રાજ્ય ખેતીવાડીની પેદાશને અંગે વધારે ગરીબ હશે એટલું જ નહીં, પણ તેના ઉદ્યોગોના વિકાસની શક્યતાઓ પર પણ સારી પેઠે કાપ પડશે. તે રાજ્યમાં લોઢાની અને કોલસાની પેદાશમાં ખાધ પડશે એટલે તેનો ઔદ્યોગિક વિકાસ પાંગળો થઈ જશે. ઔદ્યોગિક કારખાનાંઓ ચલાવવાને માટેનું જરૂરી બળ પૂરું પાડવાનો બીજો રસ્તો પાણીના ધોધ અને એવાં જ બીજાં સાધનોથી વીજળીની શક્તિ પેદા કરવાનો છે. પરંતુ તે રસ્તો લેવાનું મોંઘું પડી જાય તેવું હોવાથી પાકિસ્તાનથી લઈ શકાશે એમ લાગતું નથી. શણના ઉદ્યોગનો તકરારી મુદ્દો બાજુએ રાખીને વાત કરીએ, તો પણ પાકિસ્તાનને કપાસ, કાપડસૂતર, ખાંડ, લોઢું, પોલાદ અને રસાયણી પદાર્થોના ઉદ્યોગો વિના ચલાવવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુલકની વહેંચણીમાં ગર્ભિત રહેલી નાણાને અંગેની સ્થિતિની હવે આપણે વિચારણા કરીએ. પાકિસ્તાનના રાજ્યમાં આવેલા ઘટકો પૈકીના ઘણા પ્રાન્તો, જેમને ખાધવાળા પ્રાન્તો તરીકે ઓળખવામાં આવે છે તે પૈકીના હશે. નાણાં વિષયક સ્થિતિનું તેમનું આજનું સદ્ધરપણું, મધ્યવર્તી સરકાર તરફથી તેમને જે સહાય મળે છે, તેના પર નભેલું છે. ૧૯૪૨ ની સાલ સુધીમાં સિન્ધ અને વાયવ્ય સરહદના પ્રાન્તોને કેન્દ્રમાંથી કરોડો રૂપિયા સહાય લેખે મળ્યા હશે. હિન્દની બે અલગ અલગ રાજ્યોમાં વહેંચણી થશે, તે પછી આ બધો બોજો પાકિસ્તાનના રાજ્યની મધ્યવર્તી સરકારને માથે પડશે.

પંજાબ તેમ જ બંગાળ પ્રાંતના મોટી હિન્દુ વસ્તીવાળા વિસ્તારો તે તે પ્રાન્તમાંથી છૂટા પડી જશે, એટલે પાકિસ્તાનની સ્થિતિ વળી વધારે ખરાબ થશે. ડૉ. આંબેડકરે કાઢેલી ગણતરી મુજબ તે રાજ્યની સરકારી મહેસૂલી આવક અરધોઅરધ ઘટી જશે.[૬] ચોક્કસ આંકડાઓથી આ વાતને દર્શાવવી હોય તો એમ કહેવાય કે, પાકિસ્તાન અને પૂર્વ વિભાગના મુસ્લિમ રાજ્યની ભેગી સરકારી વાર્ષિક મહેસૂલી આવક ૬૦ કરોડ ઓછા ૨૪ કરોડ (મુખ્યત્વે હિન્દુઓથી વસેલા પ્રદેશોમાંથી થતી સરકારી આવક) એટલે કે, ૩૬ કરોડ રૂપિયા થશે અને 'હિન્દુ-સ્તાન'ની ૯૬ કરોડ વત્તા ૨૪ કરોડ એટલે કે, ૧૨૦ કરોડ રૂપિયાની થશે. વળી, આ રીતે પાકિસ્તાનની સરકારી મહેસૂલી આવક મર્યાદિત થશે એટલું જ નહીં, પણ તે આવકના મુખ્ય એટલે કે, જમીન મહેસૂલ જેવાં સાધનો વિકાસક્ષમ નહીં હોય, અને તેનાં ખીલવી શકાય તેવાં કસ્ટમ જકાત અને આવકવેરાનાં સાધનો બહુ જૂજ રહેશે. (આ પ્રકરણના પરિશિષ્ટનું પત્રક ૮ જોવું.)

વળી, ધ્યાનમાં રાખવા જેવી એક બાબત એવી છે કે, પાકિસ્તાનના પ્રદેશમાં આજે માથા દીઠ કરનો ભાર 'હિન્દુ-સ્તાન'ના પ્રદેશના તે જ પ્રકારના ભારના કરતાં વધારે છે એટલે કે, પાકિસ્તાનમાં તે પ્રમાણ રૂ. ૭·૫ નું છે, અને 'હિન્દુ-સ્તાન'માં રૂ. ૫·૩ નું છે. વળી, અલગ સ્વતંત્ર રાજ્યનો દરજ્જો ધારણ કર્યા પછી, તેને જે ઘટિત શણગારો ધારણ કરવા પડશે તેને કારણે આ ભારમાં વળી વધારો થશે.

૬. બી. આર. આંબેડકર: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૬૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત બીજો પણ એક ગૂંચવણ ઊભી કરનારો મુદ્દો વિચારવાનો રહે છે. મુસ્લિમ પ્રદેશોમાં મૂડી ઘણીખરી હિંદુઓના હાથમાં એકઠી થયેલી છે.[૭] દાખલા તરીકે, વાયવ્ય સરહદ પ્રાંતમાં વસતા હિંદુઓ તે પ્રાંતમાંથી સરકારને મળતા આવકવેરાનો ૮૦ ટકા જેટલો હિસ્સો ભરે છે. બંગાળમાં એવી જ સરકારી આવકનો પોણો ભાગ હિંદુઓ તરફથી સરકારને મળે છે. ઉપરાંત, તે પ્રાન્તના વકીલાતના ધંધાનો આશરે ૮૭ ટકા જેટલો, તબીબી ધંધાનો આશરે ૮૦ ટકા જેટલો અને શરાફી, વીમાના તથા હૂંડિયામણના ધંધાનો આશરે ૮૩ ટકા જેટલો હિસ્સો હિંદુઓના હાથમાં છે. પાકિસ્તાનનું જે નવું રાજ્ય સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવેલી છે તે રાજ્યમાં આવેલાં મુખ્ય શહેરોમાં મોટા ભાગની વસ્તી હિંદુઓની છે, એ વાતનું રહસ્ય પણ ધ્યાનમાં લેવા જેવું છે.[૮] પંજાબનાં ગામડાંઓના જીવનમાં નાણાંની ધીરધાર કરનારા હિંદુ શાહુકારો જે અગત્યનું અને કાબૂદાર સ્થાન ભોગવે છે, તે વાત ધ્યાન પર લઈને એક આખા અર્ધા સૈકાથી તેને વિષે અફસોસ વ્યક્ત કરવામાં આવે છે.[૯] હવે નાણાંને લગતાં આ હિતોને જો નભાવી રાખવામાં આવશે, તો જે 'બનિયા સામ્રાજ્યશાહી' પર મુસ્લિમ લીગના લોકો પોતાનો પ્રચંડ રોષ વરસાવે છે, તે જ એક અથવા બીજે સ્વરૂપે પાછી ચાલુ નહીં રહે?

અલબત્ત એમ કહી શકાય કે, આ શાહુકારો અને મૂડીદારોની મૂડીનો સરકાર પ્રજાના હિતને અર્થે કબજો લઈ લેશે, પરંતુ મૂડી જપ્ત કરવાની આ પ્રકારની ચાલને પરિણામે પાકિસ્તાનને 'હિંદુ-સ્તાન'ની સાથે ઘર્ષણમાં આવવું પડશે કેમ કે, તે રાજ્ય મુસ્લિમ રાજ્યમાં વસતી પોતાની લઘુમતી કોમનાં હિતોનું સંરક્ષણ કરવાને કુદરતી રીતે જ ઉત્સુક હશે. મર્યાદિત

---

૭. જુઓ: 'ઇંડિયાઝ પ્રોબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂશન' (હિંદનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ), પા. ૩૫.

૮. કુલ વસ્તી પૈકી બિનમુસ્લિમ વસ્તીના હૈદરાબાદ (સિંધ)માં ૭૦.૮, કરાંચીમાં ૫૩.૧, સક્કરમાં ૬૦.૧, બન્નુમાં ૬૬.૭ અને ડેરા ઇસ્માઈલખાનમાં ૪૫ ટકા છે.

૯. જુઓ: એસ. એસ. થોરબર્ન: 'મુસલમાન્સ ઍન્ડ મની લેન્ડર્સ ઇન ધિ પંજાબ' (પંજાબના મુસ્લિમો અને તેમના શાહુકારો), (૧૮૮૨).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થિક સાધનસામગ્રી, મૂડીનો અભાવ અને સમસ્ત હિંદના ભાગલા પડી જવાને કારણે પાકિસ્તાનના રાજ્યની ધીરધારને અંગે ઘટી જતી આંટ, એ બધાં કારણોને લીધે પોતાની પ્રજાને ધીરે ધીરે કોતરી ખાઈ જતી ગરીબીના પ્રશ્નનો મુકાબલો કરી તેનો સફળતાથી ઉકેલ કાઢવાને માટે પોતાની અર્થવ્યવસ્થાનું નવેસરથી સંગઠન કરીને તેની નવી રચના કરવાનું, અથવા કોઈ મોટા પાયા પરના ઔદ્યોગિક વિકાસનો કાર્યક્રમ હાથ ધરવાનું પાકિસ્તાનને અશક્ય થઈ જશે એમ લાગે છે. આનો અર્થ એવો કરવાનો નથી કે, હિંદુ રાજ્યને આવા સવાલો મૂંઝવવાના નથી. સાચી હકીકત એ છે કે, હિંદના મુલકના ભાગલા પાડી નાખવાથી સરવાળે બન્ને રાજ્યોને હાનિ પહોંચવાની છે. એ રીતે એમાંથી એકે રાજ્યના એકે સવાલનો ઉકેલ નીકળવાનો નથી. તે રસ્તો લેવાથી બન્ને કોમ વચ્ચે પરસ્પર ફરિયાદોનો અને વૈમનસ્યનો વારસો ભાવી પેઢીને માટે નિર્માણ થશે. હિંદુ-મુસ્લિમ સવાલના ઉકેલનો મુસ્લિમ લીગે શોધી કાઢેલો આ નુસખો બન્ને રાજ્યોને પરસ્પર તિરસ્કાર અને ભયની લાગણીઓની એવી રેલમાં ઘસડી જશે કે, જેમાંથી તે બન્નેમાંથી એકે તરીને બહાર નહીં આવી શકે, અને કદાચ આવી શકશે, તો કેટલી મહેનતે તેની ગણતરી થઈ શકે તેવી નથી.

બન્ને રાજ્યોની સરહદો નક્કી કરવાના કામમાંથી નાના તરેહની મુશ્કેલીઓનો રાફડો ફાટશે. આને અંગે એવા જીવ સટોસટના મતભેદોના મુદ્દાઓ પેદા થવાનો સંભવ છે, જેમને વિષે અત્યંત દૃઢ રહીને એમાંથી એકે પક્ષ નમતું આપવાનો નથી. કલકત્તાનું શહેર અને તેની આસપાસ આવેલા ઔદ્યોગિક વર્તુળનો સમાવેશ હિન્દુ રાજ્યમાં કરવામાં આવશે, કે મુસ્લિમ રાજ્યમાં? બંગાળના આ પહેલાં જે ભાગલાઓ પડ્યા હતા તે વખતે (૧૯૦૫ની સાલમાં) તેને હિન્દુ વિભાગમાં રાખવામાં આવ્યું હતું. આ વખતે તેની ખોટ ખમી લેવાને હિન્દુઓ તૈયાર થશે ખરા? અને કલકત્તાના શહેર વિનાના મુસ્લિમ રાજ્યને પોતે માથા વિનાનું ધડ રહી જાય છે, એવી લાગણી નહીં થાય? અથવા હૈદરાબાદનો સવાલ લો. તેનું એક સ્વતંત્ર મુસ્લિમ રાજ્ય સ્થાપવાની મુસ્લિમ લીગની માગણી સાથે હિંદુઓ કદી સંમત થશે ખરા? આવા જે અનેક સવાલો ઊભા થશે, તેમનો સુલેહશાન્તિથી અથવા સમજાવટથી નિકાલ થાય તેવી જરાયે આશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતી નથી. દરેક કોમને એમ લાગશે કે, સામાવાળાઓની માગણીઓ હદ બહારની છે એટલું જ નહીં, પણ અશક્ય છે. અને પછી દરેકને સામાવાળાઓ પોતાની તદ્દન સાદી, સરળ, વાજબી માગણીઓને જાણી જોઈને ન સમજવા જેટલા બૂઠ્ઠા તેમ જ આડા થતા જોઈને નવાઈ થવા માંડશે. આને પરિણામે બન્ને કોમ વચ્ચે વારંવાર કટોકટીની સ્થિતિ ઉત્પન્ન થશે, અને પછી બન્ને પક્ષોના હાવકા, મધ્યમમાર્ગીઓનું સ્થાન ઉન્મત્ત, જહાલ લોકો લઈ લેશે. આજથી જ આવી જાતનું વલણ બન્ને કોમોમાં દઢ થતું જાય છે, તે જોઈ શકાય છે. આગળ જતાં રાજકીય બાબતોમાં કડક, અણનમ વલણ લેવાની બન્ને પક્ષોની વૃત્તિ હજી વધારે જોર પકડશે. બંને પક્ષો સમાન પ્રકારના, છતાં એક બીજાથી અળગા રહેવાના જે દાવાઓ કરે છે, તેમાંથી નિર્માણ થતી પરિસ્થિતિના આખા પોતમાં વણાઈ ગયેલી ગૂંચોને કારણે હિંદના મુલકની વહેંચણી કરવાના પ્રયાસોમાંથી કોઈ પણ વાતને અંગે પહેલ કરવાનું કામ બંને કોમોના જહાલ લોકોના હાથમાં રફતે રફતે ચાલી જશે.[૧૦]

મુલકની વહેંચણી કરીને બંને રાજ્યોની સ્થાપના થઈ રહેશે, તે પછી પણ તે બંને એટલે કે, હિંદુ અને મુસ્લિમ રાજ્યોમાં બીજી કોમની વસ્તીનાં છૂટાંછવાયાં ટાપાંઓ રહી જશે, અને તેથી પોતપોતાની કોમના બૃહદ્‌રાજ્યની ભાવના સેવનારી લઘુમતી કોમોની હસ્તીને કારણે બંને રાજ્યોની સુલેહશાંતિ અને સલામતી કાયમ જોખમમાં રહેશે. પરિણામે, ભારતની આખી ભૂમિ પર ભય અને વહેમ, અને તે બંનેના સંતાન સમા રક્તપાતના ત્રાસનો દોર જામી જશે. બૃહદ્‌રાજ્યની ભાવનાની વૃત્તિમાંથી બચી શકાય તેમ લાગતું નથી કેમ કે, મુલકની વહેંચણી કરીને અલગ અલગ રાજ્યોની સ્થાપના કર્યા પછી પણ મુસ્લિમ લીગ 'હિંદુ-સ્તાન'માં રહી ગયેલા મુસ્લિમોનું સંગઠન કરી તેમને દોરવણી આપવાની ઉમેદ રાખે છે. હિંદુઓ આવી જ જાતની માગણીનો પોતાનો દાવો આગળ કરીને મુસ્લિમોની માગણીના દાવાનો પ્રતિકાર કર્યા વિના

૧૦. આવા જ બીજા રસપ્રદ દાખલાઓ જોવા હોય, તો ક્રેઈન બ્રિન્ટનનું 'ધિ એનેટોમી ઓફ રેવોલ્યુશન' (ક્રાન્તિનાં અંગ-ઉપાંગોનું પૃથક્કરણ) નામના પુસ્તકનાં પાનાં ૧૪૮ થી ૨૧૨ જોવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા જ રહેવાના છે? બંને રાજ્યોને આ રીતે રાજ્ય પ્રત્યેની શંકા-ભરેલી વફાદારીવાળી સારી પેઠે સંગઠિત થયેલી લઘુમતીઓની બલા વળગેલી રહેશે. એક રાજ્ય બીજા રાજ્યની તાકાત અને એકીની ભાવનાને આ હથિયાર વાપરીને ઢીલી કરવાની લાલચમાંથી બચે એવું લાગતું નથી કેમ કે, એવી લાલચને રોકવાને માણસને જે જાતનું ડહાપણ મળેલું છે, તેના કરતાં ચઢિયાતા ડહાપણની જરૂર રહે છે.

બન્ને રાજ્યો પોતાની દરેક નિષ્ફળતાની જવાબદારી પોતાના રાજ્યમાં વસતા પારકા લોકોના સમૂહને માથે ઓઢાડવાનો પ્રયત્ન કરશે; પોતાની પ્રજાની જે જે દુર્દશાનો ઉપાય કરવાને રાજ્ય અસમર્થ નીવડશે તે સર્વ દુર્દશાનાં રાક્ષસી બળો અપરિહાર્ય રીતે તેને પોતાના રાજ્યમાં વસતા પારકા લોકોના સમૂહમાં મૂર્તિમંત થયેલાં ભાસશે. રાજ્ય અને તેમાં વસતી લઘુ-મતી કોમ વચ્ચે વૈમનસ્યના જે જે પ્રસંગો ઊભા થશે, તે દરેકની માઠી અસર બન્ને રાજ્યોના સંબંધો પર થયા વિના રહેવાની નથી. આપણું સામાજિક જીવન આ રીતે પરસ્પર અવિશ્વાસની લાગણીને લીધે કડવું ઝેર જેવું બની જશે.

ક્લેશમાંથી જન્મ પામેલાં, પરસ્પર દુશ્મનાવટના વાતાવરણમાં જીવન ગાળતાં, અને આજકાલ પ્રચલિત થયેલો ઉપયોગી શબ્દપ્રયોગ વાપરીને કહીએ, તો પાંચમી કતારોની આફતથી હંમેશ વ્યથિત રહેતાં નવાં સ્થપાયેલાં હિન્દુ અને મુસ્લિમ રાજ્યોને પોતાની સર્વ સાધનસામગ્રીનું સત્ત્વ લશ્કરી તૈયારી કરવાને માટે ખરચવું પડશે. મુલકની વહેંચણી થવાથી હિન્દની કુદરતી અને શાસ્ત્રીય રીતે રચાયેલી ગણી શકાય તેવી સરહદો નાશ પામશે, અને તેમને બદલે ઇતિહાસે જે સરહદો વારંવાર આમથી તેમ બદલાતી રહી છે એવી શાખ પૂરી છે એવી સહેજે તોડી શકાય તેવી સરહદો નિર્માણ થશે. બંને રાજ્યોની પરસ્પર દુશ્મનાવટની લાગણીના વાતાવરણમાં આવી જાતની ખુલ્લી, અરક્ષિત સરહદો, બંને રાજ્યોને કાયમના ભયનું અને સામા રાજ્ય પર આક્રમણ કરવાની કાયમની લાલચનું કારણ બનશે. એમ લાગે છે કે, કુદરતી રીતે વિકસેલા માતૃભૂમિના અખંડ દેહનો તેનાં સંતાનો વિચ્છેદ કરશે, તો પ્રકૃતિ તેમને યુદ્ધના ભયાનક સંહારમાં સંડોવીને જાણે તે અત્યાચારનું વેર લીધા વિના રહેવાની નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દની ભૂમિની વહેંચણી ક્લેશ વિના થઈ શકવાની નથી, નવાં સ્થપાયેલાં અલગ અલગ રાજ્યો વચ્ચે ઘર્ષણ થયા વિના રહેવાનું નથી, અને તેથી તેમાંથી ફલિત થતા વાતાવરણમાં કોઈ પણ રાજ્ય પોતે જે આદર્શો સિદ્ધ કરવાની ઉમેદ રાખતું હશે, તેમને પ્રત્યક્ષ અમલમાં ઉતારવાનું કામ પાર પાડવાની આશા રાખી શકવાનું નથી.

બંને રાજ્યોમાં પારકા લોકોથી વસેલાં નાનાં નાનાં ટાપાંઓ હસ્તી ધરાવતાં હશે, અને બન્ને કોમ વચ્ચેના સંબંધોનો સવાલ એ પડોશી રાજ્યોની ચડસાચડસીની સ્થિતિએ પહોંચ્યો હશે, એટલે તેનું નિરાકરણ યુદ્ધ કર્યા વિના બીજી કોઈ રીતે થઈ શકવાનું નથી. એટલે કે, સાધારણ પવનની આફતને ટાળવાને આપણે વંટોળની સહાય લેવાં તત્પર થયા છીએ.

પાકિસ્તાનની સ્થાપના થશે અને તેનું અસ્તિત્વ જ્યારે એક સિદ્ધ થયેલી હકીકતનું સ્વરૂપ લેશે, ત્યારે ભવિષ્યમાં કરવાની આ બધી ગણતરીઓ છે એ ખરું, પરંતુ દરમિયાન હિન્દુઓ અને મુસ્લિમોને ગળચીથી પકડીને એક સરખી રીતે ગૂંગળાવી રહેલી, અને તેમના બંનેના પર ચાલતી બ્રિટિશ હકૂમતની પકડનું શું? હિન્દના મુલકની વહેંચણી કરવાના પોકારથી તેની મુક્તિ મેળવવાના સવાલના ઉકેલની કોઈ નવા પ્રકારની દૃષ્ટિ પ્રાપ્ત થતી હોય, તો જ તે પોકારનો કંઈક અર્થ છે. પાકિસ્તાનની સ્થાપનાના પોકારથી આ પ્રકારની નવી દૃષ્ટિ આપણને ન મળતી હોય, તો તેને માટેની હિલચાલ રચનાત્મક નહીં, કેવળ નિષેધાત્મક સ્વરૂપની થઈ જાય છે. તે હિલચાલ, 'બ્રિટન વિરુદ્ધ હિન્દ' એવો જે પ્રમુખ વિરોધ આજે દેશની સામે ઊભો છે, તેના પરથી જનતાનું ધ્યાન બીજા નજીવા વિરોધ પર વાળીને બ્રિટિશ રાજ સામેના પ્રતિકારની ચાલુ લડતની તાકાતને નબળી પાડે છે.

સાચી હકીકત એ છે કે, આપણા દેશમાં આપણને રુચે તેવા સ્વરૂપની જે સરકાર, અથવા રાજબંધારણને લગતી જે વ્યવસ્થા આપણે સ્થાપવા માગતા હોઈએ તે જો આપણી પ્રજાની સંમતિના પાયા પર સ્થાપવી હોય, તો જ્યાં સુધી બ્રિટિશ લોકો આપણા જ ઘરમાં માલિકનું સ્થાન પચાવી પાડીને જામી પડેલા છે, ત્યાં સુધી તે બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકવાનું નથી. બીજી બધી બાબતોને વિષે આપણા ગમે તેવા ઉગ્ર મતભેદો હોય તેનો કશો વાંધો નથી, પરંતુ આપણે સર્વેએ આ કસોટીના મુદ્દા વિષે એક મત થયા વિના, અને હિન્દ કોઈ કાળે પણ સ્વતંત્ર થાય એવી આપણે આકાંક્ષા રાખતા હોઈએ, તો તેની મુક્તિને અર્થે સંયુક્ત રાષ્ટ્રીય મોરચો રચ્યા વિના આપણો છૂટકો નથી.

એક વાત હજી કહેવાની બાકી રહે છે. પાકિસ્તાનની સ્થાપનાનાં સંભવિત પરિણામોની ચર્ચા કરતી વખતે આપણે હિન્દુ અને મુસ્લિમ, બંનેના ચિત્તની કોર પરના મૂઢગ્રાહોના ધૂંધળા પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. મુલકની વહેંચણીની વાતો ચાલતી હશે, ત્યારે તેની ગરમીમાં બંનેમાંથી એકે પક્ષ પ્રમાણનું ભાન રાખશે, એવી અપેક્ષા રાખવી નકામી છે. એક કોમ તરફથી થતા દાવાના પ્રતિકારમાં બીજી કોમ જે સામા દાવા રજૂ કરશે અને પરસ્પર ચેતવણીઓ અને ધાકધમકીઓ આપવાનું જે વાતાવરણ જામશે, તેમાંથી પેદા થતા ઉગ્ર વાદાવાદના કોલાહલમાં બુદ્ધિ બિચારી મૂંગી થઈને દબાઈ જશે. પછી આ દેશના ભાવીનો નિર્ણય કરવાનું કાર્ય ઠરેલ રાજપુરુષોના હાથમાં રહેવાનું નથી, એક ધૂનના ખ્યાલની મદિરા પીને ઉન્મત્ત થયેલા બંને પક્ષોના જહાલ લોકોને હાથે ચઢશે. અલગ સર્વોપરી-સત્તાધારી રાજ્યની સ્થાપના વિષેની મુસ્લિમોની શ્રદ્ધાના પ્રતિકારમાં હિન્દુઓ હિન્દની અસલ અખંડિતતા વિષેની તેવી જ દૃઢ શ્રદ્ધા કેળવશે. આ પ્રકારની મૂઢ શ્રદ્ધાઓને બુદ્ધિની કે લાગણીશૂન્ય તર્કની કસોટીએ ચઢાવી શકાય તેવા સ્વરૂપમાં મૂકી શકાતી નથી. આ પ્રકારની મૂઢ શ્રદ્ધાઓની લાગણીઓ માનવચિત્તની કોર પર રમતા મૂઢગ્રાહોના પ્રદેશને અનેક સ્થળે સ્પર્શ કરે છે. અને તેથી એવું બનવાનો પૂરેપૂરો સંભવ છે કે, માણસોના મૂઢગ્રાહો તેમની બુદ્ધિ પર સવાર થશે એટલે તે બધા પોતાના મતભેદોને શમાવીને સંપની તાકાત કેળવવાને બદલે પરદેશી અમલની શરમ અને દુઃખ વેઠવાનું બહેતર માનવાને ખુશીથી તૈયાર થશે. પોતાનો મહાન દેશ આજે જે કંઈ છે, ભૂતકાળમાં જે કંઈ હતો, અને ભવિષ્યમાં વિશેષે કરીને જે કંઈ હશે, તે જાણનારા કોઈ પણ સાચા હિન્દીનું દિલ તેના આ પ્રકારના ભાવીની કલ્પનાથી ભરાઈ આવ્યા વિના રહેવાનું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪ મું

ઉપસંહાર

૧

આપણા દેશના કોમી સવાલના સ્વરૂપનું આપણે અહીં સુધી જે પૃથક્કરણ કર્યું, તે પરથી આપણે કેટલાક એવા સ્પષ્ટ નિર્ણયો તારવી શકીએ, જેમને આધારે હિંદુ મુસ્લિમ પ્રશ્નનો ઉકેલ કાઢી શકાય.

જે સ્વરૂપે તે સવાલ આપણી સામે ઊભો છે, તે મોટે ભાગે બ્રિટિશ લોકોએ નિર્માણ કરેલો છે, એવું અમે દર્શાવ્યું છે. બ્રિટિશ લોકોએ હિંદ પર ચલાવેલા રાજ્યઅમલના વિશિષ્ટ લક્ષણને લીધે તેમને બન્ને કોમ વચ્ચેનું અંતર વધે તેવી નીતિ અખત્યાર કરવાની ફરજ પડી હતી, અને જ્યાં લગી તે રાજ્યઅમલના એ લક્ષણમાં પલટો નહીં થાય ત્યાં સુધી બન્ને કોમ વચ્ચે પડી ગયેલું અંતર પુરાવાનું નથી.

હિંદુઓ અને મુસ્લિમો આટલી એક હકીકતને યથાર્થ સ્વરૂપે ઓળખતા થાય કે, દેશની સર્વોપરી જરૂરિયાત તેને પરદેશી અમલમાંથી મુક્ત કરવાની છે, અને તે વાત પર એકમત થાય, તેમ જ તે જરૂરિયાત બાકીની બીજી જરૂરિયાતો કરતાં પ્રથમ પૂરી કરી લેવી જોઈએ એમ માનતા થાય, તો આપણા કોમી સવાલના ઉકેલના માર્ગ પર આપણે લાંબી મજલ કાપી ગણાય. કેમ કે, એકલા હિંદુઓ અથવા એકલા મુસ્લિમો પોતાની મેળે આ દેશને પરદેશી શાસનના દોરમાંથી મુક્ત કરીને તેની સ્વતંત્રતા સ્થાપવાને સમર્થ નથી, એ વિષે કોઈએ ગફલતમાં રહેવા જેવું નથી. હા, એવું બનવાનો પૂરેપૂરો સંભવ છે કે, હિંદને વળગી રહેવાની બીજી કોઈ આશા દેખાતી નહીં હોય ત્યારે છેવટના ઉપાય તરીકે બ્રિટિશ લોકો હિંદના વાયવ્ય વિભાગમાં એક મુસ્લિમ રાજ્ય સ્થાપીને પાકિસ્તાનને હિંદુસ્તાનમાંથી અલગ પાડવાની વાત માની જાય. પરંતુ આ અલગ મુસ્લિમ રાજ્ય બ્રિટિશ લોકોએ ઉદાર દિલથી મુસ્લિમોને આપેલી સ્વતંત્ર બક્ષિસ નહીં હોય, તેમની રાજસત્તાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાક નજીવા અંશની શરતી ફેરબદલી હશે. બ્રહ્મદેશના મુલકને હિંદથી છૂટો પાડવામાં આવ્યો તેથી બ્રહ્મદેશના લોકોને સ્વરાજ મળી ગયું નહોતું. પાકિસ્તાનને નસીબે આનાથી કોઈ વધારે સારી સ્થિતિ આવવાની છે, એવી આશા રાજકારણના વહેવારોનું અજ્ઞાન સૂચવે છે.

બીજી બાજુથી હિન્દુઓ પણ નાટકી અદાથી મુસ્લિમોને કહે કે, "જુઓ, તમે જો અમારી સાથે ચાલશો તો સારી વાત છે; તો તમારી સાથે રહીને, અને તમે અમારી સાથે નહીં ચાલો તો તમારા વિના પણ અમે એકલા એકલા મુક્તિના ધ્યેય તરફ કૂચ કરી જઈશું", તો એ વાત પણ એટલી જ આત્મઘાતક નીવડવાની છે. પાછલાં થોડાંક વર્ષોના અનુભવથી આવી વધારે પડતી આશા રાખવાને કોઈ આધાર મળતો નથી. હિંદુ મહાસભાના મગજ પર અહીં મુસ્લિમોનું વર્ચસ્વ થવાનું છે, એવા ભયનું ભૂત સવાર થયેલું છે, અને પરિણામે તે બ્રિટિશ સત્તાની પાંખમાં વધારે ને વધારે ભરાતી જાય છે. આ દેશમાં ચાલતા બ્રિટિશ તંત્ર પર હિન્દુ મહાસભાએ સામી છાતીનો હુમલો કર્યો હોય, એવા પ્રસંગનો એકે દાખલો જોવાનો મળતો નથી. પોતાની બધી શક્તિ તે રાષ્ટ્રીય મહાસભાની તેમ જ મુસ્લિમોની ખાલી ટીકા કરવામાં વેડફી નાખે છે, અને નેપાળનું નાનકડું હિન્દુ રાજ્ય હિંદુઓને મુક્ત કરીને તેમનો ઉદ્ધાર કરશે એવી શ્રદ્ધા પર તેણે પોતાની બધી મદાર બાંધી હોય એમ લાગે છે. મુસ્લિમોના જુલમ નીચે કચડાતા હિંદુઓને મુક્ત કરવાને ગંગાનાં મેદાનો પર ઊતરી આવતાં નેપાળના હિંદુ રાજાનાં શસ્ત્રસજ્જ સૈન્યોની વાતો ખરેખર કરુણ ન હોત, તો હિન્દુ મહાસભાના પ્રમુખને મોઢેથી સાંભળીને સાચે જ રમૂજ ઊપજે છે. આ બધી વાતનો સરવાળે એવો અર્થ થાય છે કે, હિંદુઓ અને મુસ્લિમોને પોતાના દેશની સ્વતંત્રતા મેળવવી હોય, તો તેમણે ભેગા મળીને લડત કરવી જોઈશે.

આ ભૂમિકામાં ગોઠવીને જોવાથી આપણે આપણા કોમી સવાલને ઓળખવાની સપ્રમાણ, સાચી દૃષ્ટિ મેળવવાને સમર્થ થઈએ છીએ, અને તે દૃષ્ટિ મેળવ્યા પછી તેનું નિરાકરણ નવાઈ ઉપજાવે તેટલું સહેલું થઈ જાય છે. એક વખત હિંદુઓ અને મુસ્લિમો હિંદની મુકિતના સવાલને વિષે એકમત થઈ જાય, અને તે જીવસટોસટના મુદ્દાને ખાતર સંયુક્ત મોરચો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચવાને તત્પર થાય, તો આપણા બાકીના બીજા સવાલો તો માત્ર વિગતો નક્કી કરવા પૂરતી બાબતો રહે છે. હિંદની મુક્તિને માટે ખેડવાના પુરુષાર્થમાં સાથે મળીને વેઠેલાં કષ્ટોથી, અને ભેગા મળીને સિદ્ધ કરેલા વિજયોથી હિંદુઓ અને મુસ્લિમોને પરસ્પર વજ્રના બંધથી બાંધનારાં નવા બંધો ઘડાશે. મુક્તિની લડત દરમિયાન પરસ્પર વિશ્વાસ તેમ જ શુભેચ્છાની જે ભાવનાઓ કેળવાશે, તે આજે પ્રવર્તતી પરસ્પર વહેમ અને ભયની લાગણીઓનું સ્થાન લેશે, અને અંતરાયો ઊભા કરનારો ત્રીજો પક્ષ દૂર થયો હશે એટલે પરસ્પર સમજૂતીનું કાર્ય સરળ થઈ જશે એટલું જ નહીં, પણ હકીકતમાં સિદ્ધ થશે.

આપણો કોમી સવાલ આ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે એવી આપણા સૌની અંતરની આકાંક્ષા હોવી જોઈએ, અને તે સ્થિતિ નજીક લાવવાની જવાબદારી મુખ્યત્વે હિંદુઓને માથે રહે છે. લઘુમતી કોમોને લગતો એક-એક સવાલ સાચું જોતાં વધુમતી કોમને ઉકેલવાનો સવાલ છે, અને બન્ને કોમો પૈકી હિંદુઓની કોમ મોટી હોવાથી મુસ્લિમોને રહેતા વહેમ અને ભય મિટાવવાનો, દેશની મુક્તિની લડતમાં તેમને એક હરોળમાં લાવવાનો, અને તેટલા ખાતર બની શકે તેટલી વધારેમાં વધારે છૂટછાટ મૂકવાનો ધર્મ હિંદુઓને પ્રાપ્ત થાય છે. ગાંધીજીએ મુસ્લિમોને કોરો ચેક આપવાની જે વાત કરી છે તે સરવાળે દેખાય છે તેટલી હાસ્યાસ્પદ દરખાસ્ત નથી કેમ કે, તે એક લાંબી કારણપરંપરાની પ્રક્રિયાના અંતિમ ફળરૂપ છે. તે કારણપરંપરાના અંગભૂત જે મુદ્દાઓ છે તે એ છે કે, આપણને બીજી કોઈ પણ બાબતના કરતાં બ્રિટિશ અમલના દોરમાંથી મુક્તિ મેળવવાની સૌથી પહેલી જરૂર છે, અને જ્યાં સુધી હિંદુઓ અને મુસ્લિમો ભેગા મળીને હિંદની મુક્તિને અર્થે લડવા તૈયાર ન થાય, ત્યાં સુધી તે મેળવવાનો ખ્યાલ પણ થઈ શકે તેવો નથી. રાષ્ટ્રીય મહાસભાને પોતાની કારકિર્દીની શરૂઆતથી હમેશ આ વાતનું બરાબર ભાન રહેલું છે, અને કોમી ત્રિકોણની બ્રિટિશ ભુજા સાથે કોઈ પણ પ્રકારની મૈત્રી કરીને પોતાની લડતો લડવાનો તેણે હમેશ ઇન્કાર કર્યો છે. વિચારવાન ગણાતા અને ડાહ્યામાં ખપતા ઘણા માણસોએ આ મુદ્દાને વિષે આવું અણનમ વલણ રાખવાને માટે રાષ્ટ્રીય મહાસભાને માથે દોષ મૂકેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હિન્દની એકતાની ભાવના ચૂંથાઈ રહી છે, અને તેમાંથી નાના નાના વાડાઓમાં ભરાઈ બેસવાની બેકાબૂ વૃત્તિ શરૂ થઈ છે. તેને રોકવાને માટે અમારી સાથે કાર્ય કરવામાં તમે જો તમારા પ્રભાવનો ઉપયોગ કરો, અને હિન્દના ભાગલા પડી જતા અટકાવી તેને અખંડ રાખવામાં અમને મદદ કરો, તો હિન્દુ વધુમતી કોમને બેશક જેમાં સારો સરખો ભોગ આપવો પડે તેવી છૂટછાટો મૂકવી પડે, તેવાં બંધારણને લગતાં પગલાંઓની ચર્ચા તમારી સાથે કરવાને અમે તૈયાર છીએ', એમ જો રાષ્ટ્રીય મહાસભાના આગેવાનો બ્રિટિશ સરકારને જણાવે, તો તેની જોરાવર અસર થયા વિના ન રહે.[1]

હમણાં જ પ્રસિદ્ધ થયેલા એક પુસ્તકમાંથી લીધેલો આ ઉતારો, રાષ્ટ્રીય મહાસભા જો સંયુક્ત હિન્દુ-મુસ્લિમ મોરચાની વાત છોડી દેવા તૈયાર થાય, તો તેની સાથે સમજૂતી કરવાને બ્રિટિશ સરકારની તત્પરતા કેટલી છે, તેનું સૂચન કરે છે.

૨

આપણી મુક્તિના મૂળભૂત મુદ્દાની સાથે ગાઢ સંબંધ ધરાવતો બીજો સવાલ ભાવી હિન્દી રાજ્યસંસ્થાના સ્વરૂપનો છે. આ બાબતમાં પણ એ તો દેખીતું જ છે કે, ભાવી હિન્દી રાજ્યસંસ્થા લોકશાહી પદ્ધતિના સમવાય તંત્રના કોઈક ઢીલા ઘાટની રાખીને તેમાં બની શકે તેટલી વધારેમાં વધારે સત્તાઓ સમવાયી ઘટકોને સોંપવી જોઈશે, એ વાત સ્વીકાર્યા વિના આપણે છૂટકો નથી. આ પ્રકારના રાજ્યતંત્રની સ્થાપનાથી જે સમવાયી રાજ્યોમાં મુસ્લિમોની વધુમતી હશે, તે સર્વેમાં તેમનાં હિતોને આપોઆપ સંરક્ષણની બાંયધરી મળી રહેશે. જે રાજ્યોમાં મુસ્લિમોની વસ્તીની લઘુમતી હશે, તે રાજ્યોમાં તેમની સંસ્કૃતિને અંગેની તેમ જ ધાર્મિક સ્વતંત્રતાની સલામતીની બાંયધરીને માટે બંધારણના કાયદામાં ખાસ જોગવાઈ રાખવી પડશે. વળી ઉત્તર હિંદમાં વસતી હિંદુ લઘુમતી કોમોને પણ આવા જ પ્રકારના અધિકારોની સલામતીની બાંયધરી આપવી જોઈશે. હિંદી રાજ્યમાં વસતા એકેએક પ્રજાજનના મૂળભૂત હકોનો એક લેખ બંધારણમાં આમેજ કરવામાં આવે, તો તેનાથી જુદી જુદી

૧. સર જ્યૉર્જ શુસ્ટર અને ગાય વિન્ટે લખેલું પુસ્તક 'ઇન્ડિયા એન્ડ ડેમોક્રસી' (હિન્દ અને લોકશાહી), પા. ૩૫૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઘુમતી કોમોની સાંસ્કૃતિક તેમજ ધાર્મિક સ્વતંત્રતાની સલામતીનો આશય પૂરેપૂરો પાર પડશે. પરંતુ તે લેખનું સ્વરૂપ લોકશાહી રાખવું પડશે કેમ કે, લોકશાહી રાજવહીવટની પદ્ધતિમાં અનેક ઊણપો જણાઈ છે તે વાત સાચી હોવા છતાં, આજ સુધી અજમાવવામાં આવેલી રાજ્યશાસનની સર્વ પદ્ધતિઓ પૈકી તે એક જ પદ્ધતિ એવી માલૂમ પડી છે, જે માણસોને પોતાના સર્જક વ્યક્તિત્વને ખીલવવાને પૂરતો અવકાશ આપનારા વ્યક્તિગત સ્વાતંત્ર્યનો ઉચ્છેદ કર્યા વિના સર્વ લોકોની આર્થિક સમાનતા સિદ્ધ કરવાને સમર્થ થાય છે.

તેથી, આમજનતાની આર્થિક સુસ્થિતિના, તેમ જ બહોળામાં બહોળા જનસમુદાયમાં વ્યાપક થયેલી સ્વતંત્રતાના રક્ષણના કાર્યને પોતાનું પ્રથમ કર્તવ્ય સમજનારા સ્વતંત્ર લોકશાહી પદ્ધતિના રાજ્યનો આદર્શ આપણે રાખવો જોઈશે.

રાજ્યમાં વસતા જુદા જુદા લોકો અથવા કોમો વચ્ચેના સંબંધોને અંગે બાંધછોડ કરીને સુમેળ સિદ્ધ કરવાને અર્થે ઘણી વિગતો સૂચવી શકાય તેવી છે. પરંતુ પ્રો. લાસ્કીએ બહુ ઔચિત્યપૂર્વક દર્શાવ્યું છે તે મુજબ તે વિગતો રાજ્યશાસનની વિચારસરણીના સિદ્ધાન્તોને લગતી નથી, પરંતુ રાજવહીવટની કળા તેમ જ આવડતને લગતી છે. એક વાર હિંદુઓ તેમ જ મુસ્લિમોને પરસ્પર વિશ્વાસ તેમ જ આસ્થા બંધાઈ જશે, પછી તે બન્ને મળીને રાજ્યશાસનની કળા અસાધારણ કુશળતાથી ખીલવશે, અને તેમાં અનન્ય યશ મેળવશે એ વિષે જરાયે શંકા નથી.

૩

મુક્તિ તેમ જ લોકશાહી રાજ્યપદ્ધતિના સિદ્ધાન્તો વિષે મૂળભૂત સંમતિની જરૂરને વિષે જેટલો ભાર મૂકવામાં આવે તેટલો ઓછો છે કેમ કે, હમણાં હમણાં એવું માનવામનાવવાની ફેશન થઈ પડી છે કે, હિંદની પરિસ્થિતિને લોકશાહી રાજવહીવટની સંસ્થાઓ અનુકૂળ નથી. મુસ્લિમ લીગનો લોકશાહી વિરુદ્ધનો પ્રચાર તેની પોતાની ચળવળને આગળ ધપાવવાના આશયથી પ્રેરાયેલો છે એમ ગણી લઈને તેની કદાચ આપણે ઉપેક્ષા કરીએ, તો પણ સર જ્યૉર્જ શુસ્ટર જેવા ટીકાકારોનાં વચનો પર વધારે ધ્યાન આપવાની જરૂર રહે છે. સર જ્યૉર્જ કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી સામાન્યપણે કહીએ તો એટલી વાત સ્પષ્ટ થાય છે કે, અત્યાર સુધી ઇંગ્લંડમાં ખીલેલી અને (તત્ત્વત: બે પક્ષોને ધોરણે) ચાલતી પાર્લામેન્ટની પદ્ધતિની લોકશાહી રાજ્યવ્યવસ્થા હિંદની જરૂરિયાતોને ફાવતી આવે તેવી લાગતી નથી — મધ્યવર્તી અથવા સમવાયી તંત્રની સરકારને માટે તો ફાવતી નહીં જ આવે, ઘણુંખરું પ્રાંતિક સરકારોને માટે પણ અનુકૂળ નહીં થાય.[૨]

૧૯૩૫ના બંધારણના કાયદા મુજબ રચાયેલી પ્રાંતિક સરકારોની કામગીરીનું, અને રાષ્ટ્રીય મહાસભાએ તેમાં જે મહત્ત્વનો ભાગ લીધો હતો તેનું ઊંડું નિરીક્ષણ કરીને સર જ્યૉર્જ શુસ્ટરે આ નિર્ણય તારવ્યો છે. રાષ્ટ્રીય મહાસભાએ પોતાના પ્રધાનો સાથે જે રીતે કામ લીધું તેનાથી અકળાઈને, અને યુદ્ધની કટોકટીને પ્રસંગે તેણે જે વલણ રાખ્યું તેનાથી ઘણું કરીને ભડકી ગયા હતા, તેથી સર જ્યૉર્જ શુસ્ટર અને શ્રી. ગાય વિન્ટ એવા સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવાને પ્રવૃત્ત થયા છે કે, રાષ્ટ્રીય મહાસભા જાતે લોકશાહી પદ્ધતિને વિષે શ્રદ્ધા રાખતી નથી, અને તેણે જે થોડો સમય રાજ્યસત્તાનો અધિકાર ભોગવ્યો, તે સમયના અવલોકન પરથી તેનું અસલ પોત પરખાઈ ગયું છે. અને વધારામાં તે બન્ને જણાવે છે કે, લોકશાહી રાજવહીવટની પદ્ધતિ હિંદને ફાવતી આવે તેવી નથી.

> જેટલા પ્રમાણમાં પાર્લામેન્ટની પદ્ધતિનો અર્થ રાષ્ટ્રીય મહાસભાનું પોતાનું રાજ થાય છે, તેટલા પ્રમાણમાં રાષ્ટ્રીય મહાસભાને પાર્લામેન્ટની પદ્ધતિથી સંતોષ છે; પરંતુ રાષ્ટ્રીય મહાસભાની લોકશાહી પદ્ધતિ વિષેની શ્રદ્ધાની સાચી કસોટી તો ત્યારે થશે, જ્યારે લોકલાગણીમાં પલટો આવશે, ને તેને સત્તાનાં સ્થાનથી લાંબા વખત સુધી દૂર રહેવું પડશે.[૩]

રાષ્ટ્રીય મહાસભા પર જે આરોપ કરવામાં આવે છે તેનું તાત્પર્ય એવું છે કે, પોતાનાં પ્રધાનમંડળોનું નિયંત્રણ કરવાને તેણે ધારાસભાના સભ્યો સિવાયના લોકોનું બનેલું એક મંડળ સ્થાપ્યું, પોતાના સિવાયના બીજા કોઈ પણ રાજકીય પક્ષને માટે રાજવહીવટ ચલાવવાનું અશક્ય કરી મૂક્યું, ધારાસભાઓને અંગેનો પોતાનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં બ્રિટિશ રાજકર્તા પ્રત્યે, તેમ જ હિંદના લોકો પ્રત્યે નાદાનીભરેલી બેજવાબદારી બતાવી, અને સૌથી વિશેષ તો લઘુમતી કોમોને અસંતુષ્ટ રાખી; આ બધાં

---

૨. સર જ્યૉર્જ શુસ્ટર: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૩૭૬.

૩. ગાય વિન્ટ: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૬૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણોથી રાષ્ટ્રીય મહાસભાએ રાજવહીવટની પાર્લામેન્ટની પદ્ધતિની સાચી પરંપરા અપનાવવાની, તેમ જ તેનો અમલ કરવાની પોતાની અશક્તિ પૂરવાર કરી છે.

આ આરોપ ગંભીર છે, અને તેથી તેનો થોડો વિચાર કરી લઈએ. સૌથી પ્રથમ તો ગ્રેટ બ્રિટનની સર્વસત્તાધારી પાર્લામેન્ટ, અને હિંદના પ્રાંતોમાં સ્થાપવામાં આવેલા તેના નકલી નમૂનાઓ, એ બન્ને વચ્ચે સરખામણી કરવી, એ ખામોશ રાખીને ઓછામાંઓછું કહીએ, તો જરાયે વાજબી નથી. પંડિત જવાહરલાલ નેહરુએ હમણાં જ દર્શાવ્યું છે તે મુજબ પાર્લામેન્ટનું અસ્તિત્વ જ જ્યાં નથી, ત્યાં તેને લગતા કાર્યક્રમની વાતોની દલીલ તદ્દન હાસ્યાસ્પદ થાય છે. પંડિત નેહરુના કહેવાનો આશય એવો હતો કે, પાર્લામેન્ટની પદ્ધતિનો અસલ રાજવહીવટ આ દેશમાં કદી સ્થપાયો નથી. રાષ્ટ્રીય મહાસભાએ ધારાસભાઓને અંગેના જે કાર્યક્રમનો અંગીકાર કર્યો હતો તે તેનું મૂળ ધ્યેય નહોતું, પરંતુ સામ્રાજ્યવાદની સામે ચારે બાજુથી તે જે લડત ચલાવીં રહી છે, તેનો એક વ્યૂહ હતો. આ સંજોગોમાં રાષ્ટ્રીય મહાસભાને પોતાની ધારાસભાઓને લગતી આખી પ્રવૃત્તિ પર કડક અંકુશ સ્થાપવાની જરૂર પડી હતી. બ્રિટિશ રાજકર્તા પ્રત્યેની તેની જવાબદારીનો સવાલ તો ઊભો જ થતો નથી. અને રાષ્ટ્રીય મહાસભા હિન્દની પ્રજા પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરવાને અસમર્થ નીવડી છે, તે દલીલના જવાબમાં તો એટલું જ કહેવું પૂરતું થશે કે, ધારાસભાઓની નવી ચૂંટણીઓને માર્ગે તે જવાબદારી અદા કરવાની તેને તક જ આપવામાં આવી નથી. લોકશાહીની પદ્ધતિ અનુસાર લોકોનો વિશ્વાસ કોના પર છે તેનો નિર્ણય કરવાનો ચૂંટણીઓ જ એક સર્વસંમત ઉપાય હોવાથી, લોકશાહીની પરંપરામાં કેળવાયેલા અંગ્રેજોને આ દલીલનું વાસ્તવિકપણું સ્વીકારવામાં કશો સંકોચ રહેવો ન જોઈએ.

અને આખરે રહી અલબત્ત, જેમના વિના કદી ચાલ્યું નથી તે લઘુમતી કોમો, અને તેમના અસંતોષની વાત. આને અંગે અમે આ પહેલાં જ દર્શાવ્યું છે કે, રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાનમંડળો જે પ્રાંતોનો વહીવટ કરતાં હતાં, તે પ્રાંતોના ગવર્નરો તે પ્રધાનમંડળોએ જે નીતિ અખત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી હતી તેને પરિણામે લઘુમતી કોમોનાં હિતોને બાધા કરનારી કોઈ જાતની અસર થયાનો એક પણ દાખલો બતાવી શક્યા નહોતા. લઘુમતી કોમો દુભાઈ હતી તે પ્રાંતોના વહીવટમાં લોકશાહીની પદ્ધતિ નિષ્ફળ નીવડી હતી તે કારણે નહીં, પણ બીજાં જ કારણોસર.

સર જ્યૉર્જ શુસ્ટરની દલીલોને હજી જરા આગળ ચાલીને તપાસીએ. તેમણે એમ પણ માની લીધું છે કે, વારાફરતી રાજ્યવહીવટ ચલાવતા કેવળ બે રાજકીય પક્ષોને ધોરણે જ લોકશાહી રાજવહીવટ શક્ય થાય છે. આમ માની લેવાને માટે ખરેખર કશો જ આધાર નથી. પાર્લમેન્ટની પદ્ધતિના રાજવહીવટને અંગે ખુદ ઇંગ્લંડમાં પાછલાં થોડાં વર્ષો દરમિયાન જે અનુભવ થયો છે તેની વાત બાજુએ રાખીએ, તો પણ અમેરિકાનો દાખલો તો આપણે હમેશ બતાવી શકીએ છીએ. ત્યાં એક જ રાજકીય પક્ષનાં માણસોની બનેલી સરકારોએ ચાલુ કેટલાંયે વર્ષો સુધી રાજવહીવટ ચલાવ્યો છે. પરંતુ તેટલા પરથી કોઈએ એવું સૂચવવાની મૂર્ખાઈ કરી નથી કે, લોકશાહી રાજવહીવટની પદ્ધતિ અમેરિકાની પરિસ્થિતિને પ્રતિકૂળ છે.

એકંદર અવલોકન કરતાં લોકશાહી સરકારો લોકશાહી પદ્ધતિની છે કે નથી તે પારખવાની કસોટી એવી માલૂમ પડે છે કે, એક સરકાર લોકોનો અથવા તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો વિશ્વાસ ગુમાવે, તો તેને સ્થાને બીજી સરકારને રાજવહીવટનો કાબૂ લેવાની જોગવાઈ હોવી જોઈએ. કોઈ પણ દેશમાં રાજકીય પક્ષોની સંખ્યા કેટલી છે, અથવા કોઈ રાજકીય પક્ષના ધારાસભાના કાર્ય પર નિયંત્રણ રાખનારું મંડળ ધારાસભાના સભ્યો સિવાયના બીજા લોકોનું બનેલું છે કે નથી, એવી જાતના મુદ્દાઓ આ ચર્ચાને સાચું જોતાં જરાયે પ્રસ્તુત નથી. પક્ષનું કામકાજ શિસ્તને અનુસરીને ચાલે તેટલા ખાતર બ્રિટિશ પ્રજાના પાર્લમેન્ટને લગતા રાજકીય પક્ષો પણ સૌસૌના પક્ષના નિયામકમંડળના કાબૂમાં રહીને કાર્ય કરે છે. રાષ્ટ્રીય મહાસભાના જુદી જુદી ધારાસભાઓમાં કાર્ય કરતા પક્ષો પણ આ જ સર્વમાન્ય રિવાજને અનુસર્યા હતા, અને રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાનમંડળોએ પોતાની જગ્યાઓનાં રાજીનામાં આપ્યાં તે પછી તે પક્ષોએ પોતાની સરકારોને સ્થાને બીજી સરકારોની રચના થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં અંતરાય ઊભો કર્યો નહોતો.[4] આવી જાતની બીજી સરકારોની સ્થાપનાનું કાર્ય પાર ન પડ્યું, તે કોઈ પણ હિસાબે રાષ્ટ્રીય મહાસભાની જવાબદારી કે દોષ નથી. આવા સંજોગોમાં પાર્લામેન્ટના રિવાજને

---

૪. "મિ. એમેરી હમેશ કહ્યા કરે છે કે, આપણા (બ્રિટિશ) રાજકીય પક્ષોથી ઊલટી રીતે રાષ્ટ્રીય મહાસભા પોતાના પક્ષનાં હિતોને સમસ્ત રાજ્યનાં હિતોના કરતાં પ્રથમ સ્થાન આપે છે, અને ૧૯૩૭ની સાલની ચૂંટણીઓમાં સફળ થયા પછી મુસ્લિમો, તેમ જ તેવા બીજા પોતાના જ પક્ષના હિમાયતીઓમાંથી સરકારો રચીને તેણે એ વાત પુરવાર કરી છે. હવે સાચી વાત એ છે કે, આ રીતે વર્તવામાં રાષ્ટ્રીય મહાસભા પોતાના અધિકારની મર્યાદામાં રહીને, તથા તેની પાસે જે જાતના વર્તનની અપેક્ષા રાખવામાં આવી હતી તે જ રીતે બરાબર વર્તી હતી. કોઈ પણ બ્રિટિશ રાજકીય પક્ષે ચૂંટણીમાં સફળ થયા પછી પોતાના હારી ગયેલા વિરોધીઓને પોતાના પ્રધાનમંડળોમાં સામેલ થવાને નોતર્યા હોય, એવો કોઈ દાખલો છે ખરો? બીજું, રાષ્ટ્રીય મહાસભાએ પોતાનાં પ્રધાનમંડળોને પાછાં બોલાવી લીધાં ત્યારે એવું બુમરાણ મચાવવામાં આવ્યું હતું કે તોબા, તોબા, આ તો ફાસીવાદ છે, ને એક જ પક્ષનો જુલમી દોર છે! મારો સવાલ એ છે કે, આમાં પણ બ્રિટિશ રિવાજથી જુદું શું હતું? મજૂર પક્ષના રાજકીય વર્તન પર મજૂર સંઘોનો જે પ્રભાવ પડે છે, તેના સવાલમાં મારે અહીં ઊતરવું નથી. પરંતુ કાર્લટન ક્લબમાં થયેલી (કૉન્ઝર્વેટીવ પક્ષની) નામીચી થઈ ગયેલી એક સભાનો જ હું ઉલ્લેખ કરીશ. પક્ષના વડા નિયામકે (તા. ૧૯ ઑક્ટોબર, ૧૯૨૨ ને દિવસે) 'એક ચપટી વગાડીને આખા પક્ષને ભેગો કર્યો હતો', અને લૉર્ડ બર્કનહેડે પાછળથી જેને 'નમૂનેદાર બેવફાઈ અને કૃતઘ્નતાના કૃત્ય' તરીકે વર્ણવ્યું હતું, તેવા એક જ ફરમાનથી તે સભાએ કૉન્ઝર્વેટીવ પક્ષના પ્રધાનોને પ્રધાનમંડળમાંથી પાછા બોલાવી લીધા હતા. મને લાગે છે કે, આપણા આગેવાનો જે પ્રમાણે વર્તે છે, બરાબર તેવી જ રીતે રાષ્ટ્રીય મહાસભાના આગેવાનોએ પણ કામ લીધું હતું, એ વાત તમારા ધ્યાનમાં આવી હશે. વધારામાં યાદ રાખવાનું એટલું છે કે, હિંદી રાષ્ટ્રીય મહાસભાના આગેવાનો જ્યારે આ પ્રકારનું વર્તન કરે છે, ત્યારે તેમને એટલું ભાન હોય છે કે, અમારે માથે હિંદી રાષ્ટ્રનું ઘડતર કરવાની અને તેને સ્વતંત્ર મૂકી જવાની જવાબદારી છે, જ્યારે અહીં ઇંગ્લંડમાં આપણી સ્વતંત્રતા ક્યારની સિદ્ધ થઈ ચૂકેલી છે." — તા. ૯મી ઑગસ્ટ, ૧૯૪૧ના 'ન્યુ સ્ટેટ્સમૅન ઍન્ડ નેશન' પત્રના અંકમાં એડવર્ડ થૉમસને લખેલા પત્રમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસરીને ખરી રીતે નવી ચૂંટણીની માગણી કરવાને બદલે એક રાજકીય પક્ષની લોકશાહી વહીવટ વિષેની શ્રદ્ધાને વિષે સવાલ ઉઠાવવામાં આવે, એ તદ્દન ગેરવાજબી છે.

પાર્લામેન્ટની પદ્ધતિના રાજ્યશાસનને વિષેના રાષ્ટ્રીય મહાસભાના વલણનું પૃથક્કરણ કરતાં ગાય વિન્ટે જે તરેહવાર વિધાન કર્યું છે, તેને ધ્યાનમાં લેવાની જરૂર નથી, છતાં તેને અંગે એટલું દર્શાવવું પૂરતું થશે કે, ૧૯૧૯ની સાલથી આજ સુધીમાં રાષ્ટ્રીય મહાસભા એક જ વખત સત્તા પર આરૂઢ થઈ છે; અને તેણે તે સત્તાનો આપમેળે ત્યાગ કર્યો તે ઉપરથી એવું જરાયે પુરવાર થતું નથી કે, રાષ્ટ્રીય મહાસભાને મન પાર્લામેન્ટની પદ્ધતિનો રાજવહીવટ અને પોતાનું રાજ, એ બે વસ્તુઓ સમાન છે.

આખી વાતનું રહસ્ય એવું લાગે છે કે, આમજનતામાં જાગેલા જે પ્રચંડ ક્ષોભને પરિણામે રાષ્ટ્રીય મહાસભા હિંદના મોટા ભાગના પ્રાંતોમાં સત્તાનાં સ્થાનોનો કબજો લઈ શકી, તેનાથી સર જ્યોર્જ શુસ્ટર અને શ્રી. ગાય વિન્ટ, બન્ને જણ ભડકી ગયા હતા. નહીં તો, તે બે જણ એક આખી પ્રજા પર એવી જાતનો આરોપ મૂકવાને તૈયાર ન થાત કે, તે લોકશાહી સ્વરૂપના રાજવહીવટને માટે નાલાયક છે.

પરંતુ તેમની દલીલનો હજી વધારે વિચાર કરીએ. લોકશાહી જો હિંદને અનુકૂળ નથી, તો તેને બદલે બીજી કઈ વ્યવસ્થા તે મહાનુભાવો સૂચવે છે? સર સિકંદર હયાતખાને એક એવી યોજનાની દરખાસ્ત કરી હતી કે, દેશનાં સર્વ પ્રમુખ હિતોનું પ્રતિનિધિત્વ ધરાવનારા ત્રીસ કે ચાળીસ સભ્યોની બનેલી એક નાની સભામાંથી મધ્યવર્તી સરકારના પ્રધાનમંડળની પસંદગી કરવી. સર જ્યોર્જ શુસ્ટર સર સિકંદર હયાતખાનની આ દરખાસ્તને પસંદગી આપવાનું વલણ બતાવે છે. બિરેલ નામના રાજકીય વિષયોના લેખકે એક વખત વિલાયતની ઉમરાવોની સભાને વિષે કહ્યું હતું કે, "તે બધા (ઉમરાવોની સભાના સભ્યો) પોતાની જાત સિવાય કોઈના પ્રતિનિધિઓ નથી. અને બેશક પોતાનાં મતદાર મંડળોનો (એટલે કે પોતાનો) સંપૂર્ણ ટેકો તેમને હમેશ મળ્યા કરે છે". સર સિકંદર હયાતખાનની સૂચવેલી સભાનો પાયો આ 'ઉમરાવોની સભાના જેવો જ હશે, અને એ પ્રકારની વ્યવસ્થામાં કાબૂનું સ્થાન હમેશ બ્રિટિશ રાજકર્તાની પાસે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા હિંદનો વહીવટ કરનારા તેના પ્રતિનિધિની પાસે જ રહેશે. સર જ્યૉર્જ શુસ્ટર નીચે મુજબ લખીને એ વાતનો ચોખ્ખા શબ્દોમાં એકરાર કરે છે:

> મને એમ લાગે છે કે, નિષ્પક્ષપણે લવાદી કરવાનો અધિકાર ધરાવનારી કોઈક સત્તાની હાજરીથી આખા કોમી સવાલના ઉકેલની ચાવી મળી રહે છે. મને એમ પણ ભાસે છે કે, હિંદની રાજ્યવ્યવસ્થામાં બ્રિટિશ રાજકર્તાના કર્તવ્યોનો પ્રદેશ યોગ્ય રીતે ખીલવવાથી લાંબે ગાળે આવી જાતની સત્તાની સ્થાપનાની સિદ્ધિ ઉત્તમ પ્રકારે થઈ રહેશે.[૫]

આખા સવાલનો ગૂંચવણભરેલો મુદ્દો જ આ છે કેમ કે, સર જ્યૉર્જ શુસ્ટર અને રાષ્ટ્રીય મહાસભાની દૃષ્ટિમાં જે ખરો ભેદ રહેલો છે, તે અહીં બરાબર સ્ફુટ થાય છે. આ દેશના રાજવહીવટમાં બ્રિટિશ રાજકર્તાનું કોઈ પણ જાતનું સ્થાન રાખવાનો રાષ્ટ્રીય મહાસભા ખ્યાલ કરતી નથી, જ્યારે બીજી બાજુથી હિંદની રાજ્યવ્યવસ્થામાં બ્રિટિશ રાજકર્તાને મહત્ત્વનું કાર્ય બજાવવાનું રહેશે, એવું હજીયે માનનારા લોકોની ખોટ નથી.

છેવટે જે મુદ્દો યાદ રાખવાનો છે તે એ છે કે, રાષ્ટ્રીય મહાસભાને આજ ને આજ જે સવાલનો ઉકેલ કાઢવાનો છે, તે લોકશાહી કે એક પક્ષના દોરની વચ્ચે પસંદગી કરવાને લગતો નથી, પરંતુ હિંદની બ્રિટિશ રાજના દોરમાંથી મુક્તિ મેળવવાને લગતો છે. ગાય વિન્ટ એવું દર્શાવે છે કે, રાષ્ટ્રીય મહાસભા એક જ પ્રકારની વિચારસરણી ધરાવનારા લોકોની બનેલી સંસ્થા નથી, પરંતુ બ્રિટિશ રાજ સામેના વિરોધની સમાન લાગણીને લીધે એકઠા રહેતા ભિન્ન ભિન્ન વિચારસરણીઓને અનુસરનારા લોકોનો શંભુમેળો છે.[૬] એ વાત જો સાચી હોય, તો તો આ હાલકા લોકોને ડરવાનું કશું જ કારણ નથી કેમ કે, રાષ્ટ્રીય મહાસભાનું બ્રિટિશ રાજનો વિરોધ કરવાનું કાર્ય સમાપ્ત થશે, ને હિંદ બ્રિટિશ રાજની પકડમાંથી મુક્ત થશે, એટલે સ્વાભાવિક રીતે જ મહાસભાના ટુકડાઓ પડી જશે, અને આજે તેમાં જુદી જુદી વિચારસરણીઓને અનુસરનારા જે જે સમૂહો છે, તે સર્વ નવા પક્ષોની રચના કરીને પોતાને નવે નામે ઓળખાવતા થશે.

૫. પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૪૩૯.
૬. પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૧૯૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું બન્યા પછી હિંદના લોકો પર પોતાનો એકપક્ષી દોર ઠોકી બેસાડવાને દેશમાં રાષ્ટ્રીય મહાસભાનું અસ્તિત્વ જ નહીં હોય, એટલે દાવકા વિચારો ધરાવનારા ઠરેલ મુત્સદ્દીઓને બંધારણને લગતા જે જે પ્રયોગો કરવા હશે, તે બધા પ્રયોગો એકબીજાની લાગણીઓ સાચવીને મીઠાશથી આદરવાને તેમને ખુલ્લું મેદાન મળી રહેશે. પરંતુ લોકશાહી રાજવહીવટની પ્રથા હિંદની પરિસ્થિતિને પ્રતિકૂળ છે એવી વાત માની લઈને દલીલની શરૂઆત કરવી, અને પછી તેના સમર્થનમાં રાષ્ટ્રીય મહાસભા જેટલો સમય અધિકાર પર આરૂઢ હતી, તે સમય દરમિયાનની તેની કામગીરીને પુરાવારૂપે રજૂ કરવાની અવળચંડી તર્કસરણીની પ્રામાણિકતા વિષે ગંભીર સવાલ ઊઠ્યા વિના રહેતો નથી.

એટલે, બધી વાતોની ગણતરી કરીને આપણે આપણા આદર્શનો ધ્વજ લોકશાહીના સ્તંભ પર ચઢાવવો, એ જ રસ્તો આપણે માટે સૌથી ડહાપણભરેલો છે કેમ કે, બીજે કોઈ પણ રસ્તે ચઢવામાં લોકશાહીની પ્રથા જતી કરવી પડે તે ભય તો રહેલો જ છે, ઉપરાંત તેની સાથે ખુદ મુક્તિનું ને સ્વતંત્રતાનું ધ્યેય પણ આપણે જતું કરવું પડે છે.

૪

આ બધી રાજકીય વિચારણા દ્વારા આપણને કોમી ત્રિકોણની બ્રિટિશ બાજુ દૂર કરવા પૂરતી સહાય થાય છે, પરંતુ આપણા કોમી સવાલની ગૂંચને જે સામાજિક આધાર છે, તેના નિરાકરણમાં આપણે સર્વેએ આપણો સૌ સૌનો નાનો નાનો ફાળો આપવો જોઈશે કેમ કે, આ નિરાકરણને અંગે આપણે નાનાં નાનાં અને ઘણી વાર તો નજરે પણ ન પડે એવાં કાર્યોના પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ, જેમની સરવાળે ઊપજતી અસરને પરિણામે સામાજિક વાતાવરણને નામે ઓળખાવી શકાય તેવી એક સર્વવ્યાપક પરિસ્થિતિ નિર્માણ થાય છે. અને આ વિષયમાં પણ ગાંધીજીના વલણમાં રહેલું ડહાપણ આપણને પ્રત્યક્ષ થાય છે. તેમણે વારંવાર સ્પષ્ટ કર્યું છે, તે મુજબ કરારો કરવાથી અથવા બાંયધરીઓ આપવાથી આપણે આપણા કોમી સવાલનો ઉકેલ કાઢી શકવાના નથી, હૃદયપરિવર્તનથી જ તેનો ઉકેલ આવવાનો છે, એ હૃદયપરિવર્તનની પ્રક્રિયામાં લાખો હિંદુઓ તેમ જ લાખો મુસ્લિમોની પરસ્પર શુભેચ્છાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણીને વ્યક્ત થવાને પૂરેપૂરો અવકાશ મળશે, ને પરિણામે બન્ને કોમ વચ્ચે પરસ્પર સાચી ઓળખ કેળવવામાં જે નાની નાની મુશ્કેલીઓના અંતરાયો છે, તે દૂર થઈ જશે. અને કોમી સવાલના ઉકેલને માટે આ પ્રકારની સમભાવની દૃષ્ટિ કેળવવામાં પહેલ કરવાની જવાબદારી, બેશક હિંદુઓને માથે આવે છે. હિંદુધર્મની સર્વધર્મસમભાવની ઉદાર ભાવનાની, અને તેના સર્વને પોતાની વ્યવસ્થામાં સમાવી લેવાના સર્વવ્યાપક સામર્થ્યની સ્તુતિનાં ગીતો આપણે ગાયા કરીએ, અને પ્રત્યક્ષ અમલમાં તે સમભાવ કે તે સર્વવ્યાપકતાનું સામર્થ્ય, બેમાંથી એકેની પ્રતીતિ કોઈને ન કરાવીએ, તો તે ગીતોનો ઝાઝો અર્થ રહેતો નથી. સાચું જોતાં વહેમ અથવા અણભરોસાની લાગણી ભયનું કારણ છે, અને પરિણામ પણ છે. એક પઠાણ ગુજરાતમાં જેટલો ભયંકર દેખાય છે, તેટલો સરહદના પ્રાંતમાં કદી નહીં લાગે, અને પઠાણગ્રંથી જેવો શબ્દપ્રયોગ વાપરવાની છૂટ લઈને એમ કહી શકાય કે, તે ગ્રંથી ઉકેલવાનો એકમાત્ર ઉપાય પઠાણને વધારે સારી રીતે પિછાનવાનો પ્રયાસ કરવાનો છે.

આપણા મુસ્લિમ પડોશીઓની સાથે મૈત્રી વધારવાનો સૌથી સહેલો અને દેખીતો ઉપાય તેમના રિવાજો, તેમની સંસ્કૃતિ અને તેમની ભાષા સાથે સમજપૂર્વક પરિચય કેળવવાનો છે. ઇંગ્લંડના રાજા આઠમા હેન્રીએ એક પછી એક કરેલી તેની અનેક પત્નીઓનાં નામ ગોખીને યાદ રાખવા કરતાં હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિના અત્યંત ફલપ્રદ નીવડેલા સંપર્કના અભ્યાસમાંથી કેટલોયે વધારે ફાયદો થાય તેવો છે. પરંતુ આ પ્રકારના જ્ઞાનને માટે ખાસ પ્રયાસ કર્યા વિના તે મળી શકે તેવું નથી, અને તેથી તે મેળવવાને આપણે સર્વેએ ખાસ પુરુષાર્થ કરવાની જરૂર રહે છે. જે લોકો અંગ્રેજી શીખવાની પાછળ આખી જિંદગી બગાડે છે, ને છતાં સરવાળે સારું અંગ્રેજી શીખી રહેતા નથી, તેમને ફારસી કે ઉર્દૂ શીખવાની વાત કાઢતાંની સાથે હાહાકાર મચાવતા જોઈને ખરેખર કૌતુક થાય છે. આમ જુઓ, તો અંગ્રેજી જેવી તદ્દન પારકી, તેમ જ ખરેખર અઘરી ભાષાની આંટીઘૂંટીઓ પર કાબૂ મેળવવાના કરતાં એક સામાન્ય હિંદીને ફારસી કે ઉર્દૂ પર કાબૂ મેળવવાનું કેટલુંયે સહેલું પડે તેવું છે. અમારા કહેવાનો આશય એવો નથી કે, અંગ્રેજી શીખવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ કશું પાપ છે, પરંતુ જે મહત્ત્વની વાત યાદ રાખવાની છે તે એ છે કે, આ બાબતમાં સાચી સપ્રમાણ દૃષ્ટિ કેળવીને તેની સહાયથી જે વસ્તુઓ પ્રથમ સ્થાનની અધિકારી છે, તેમને આપણા ઘડતરમાં પ્રથમ સ્થાન આપતાં આપણે શીખવું જોઈશે.

આવી જ જાતની બીજી અનેક સૂચનાઓ કરી શકાય. કોમ કોમ વચ્ચે સંપર્કના પ્રસંગોની યોજના, હિંદુ અને મુસ્લિમ શાળાઓ તેમ જ વિદ્યાપીઠો વચ્ચે વિદ્યાર્થીઓની અદલાબદલી, અરે, આપણા દેશના એક છેડાથી બીજા છેડા સુધીનો કેવળ પ્રવાસ, એ બધા અને એમના જેવા બીજા ઉપાયોથી આપણા પૂર્વગ્રહોમાંથી મુક્તિ મેળવવામાં, અને આપણા મહાન દેશના સમૃદ્ધ વૈવિધ્યનું યથાર્થ જ્ઞાન મેળવવામાં આપણને સહાય થાય છે. આટલી વ્યાપક, સપ્રમાણ દૃષ્ટિએ નિહાળવાથી પછી હિંદુઓ અને મુસ્લિમો પરસ્પર મેળ વગરના, પરસ્પર અપરિચિત અને પરસ્પર પારકા લોકોના સમૂહો જેવા ભાસતા નથી, એક સમાન રાષ્ટ્રીય વારસાના મગરૂર માલિકો દેખાય છે.

૫

એકબીજાની સંસ્કૃતિનો યથાર્થ પરિચય કરવાના આ પ્રયાસોની સાથે સાથે, આપણે આપણી આમજનતામાં પહોંચવાની મહેનત કરવી જોઈશે, અને આપણા રાજકીય આદર્શને વિષે તેના દિલમાં સમભાવ તેમ જ નિષ્ઠા પ્રગટાવવી જોઈશે. આપણા સામાન્ય જનસમુદાય પૈકીનો ઘણો મોટો ભાગ રાષ્ટ્રીય મહાસભાને અનુસરતો થયો છે, તે વાત સાચી હોવા છતાં આપણે એટલું સ્વીકારવું જોઈએ કે, રાષ્ટ્રીય મહાસભાએ હજી વિશાળ હિંદુ આમજનતાની કોરને કેવળ સ્પર્શ કર્યો છે, અને મુસ્લિમ સામાન્યવર્ગની સાથેનો તેનો સંપર્ક તો ખરેખર નજીવો રહ્યો છે. પંડિત જવાહરલાલ નેહરુની મુસ્લિમ આમજનતા સાથે સંપર્ક સાધવાની યોજનાના અમલમાંથી મોટું ફળ મેળવવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. પરંતુ મુસ્લિમ આમજનતા સાથે સંપર્ક સાધવાની યોજનાનો અમલ કરવાને નિમાયેલી સમિતિએ પોતાનું નિવેદન કદી પ્રસિદ્ધ કર્યું નથી, અને તેમ કેમ બન્યું તેનાં કારણો પણ હજી જાણવાનાં મળ્યાં નથી; વળી, તેને અંગેનું કામ પણ શરૂઆતથી જ ઉત્સાહ વગર માથે લેવામાં આવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું, અને કદી દઢતાથી ચાલુ રાખવામાં આવ્યું નહોતું. અમારો એવો અભિપ્રાય છે કે, કોમી સવાલના ઉકેલ માટે મુસ્લિમ આમજનતા સાથે સંપર્ક સાધવાને અંગે ખૂબ ફળદાયી નીવડે તેવા આ માર્ગની પૂરતી અજમાયશ થઈ નથી.

કેમ કે સાચું જોતાં, આપણી આમજનતાને જીવનના જે જે વિષમ પ્રશ્નોનો મુકાબલો કરવો પડે છે, તે હિંદુને માટે શું, કે મુસ્લિમને માટે શું, હિંદની સમસ્ત વસ્તીને માટે એક જ પ્રકારના છે, અને તેથી તેમના ઉકેલ માટેના પ્રયાસોથી આપણા સમાજના કોમી કે ધાર્મિક ધોરણે બંધાયેલા વાડાઓની મર્યાદાઓ ભેદાયા વિના રહેવાની નથી. કોમી સવાલના ઉકેલને અંગે આર્થિક દૃષ્ટિથી જે કાર્ય કરવાની મોટી મોટી વાતો થાય છે, ને જેનો અમલ નજીવો અથવા નહીં જેવો જ થાય છે, તે કાર્યની હિંમતભેર વ્યવસ્થિત યોજના કરીને તેને સમજપૂર્વક અનુસરવામાં આવે, તો તેમાંથી ઘણાં કીમતી ફળો નીપજ્યા વિના રહેવાનાં નથી. પોતાની ગરીબી તેમ જ વિટંબણાઓના મૂળ કારણનું ભાન આપણી આમજનતાને જેમ જેમ થતું જશે, તેમ તેમ તે પોતાની અનેકવિધ ઉપાધિઓના પ્રમુખ કારણનો ઉચ્છેદ કરવાને આગળ પડનારા લોકોને વધારે ને વધારે અનુસરતી થશે, એ વિષે કોઈ જાતની શંકા નથી. ખરી વાત એવી છે કે, હિંદુ-મુસ્લિમ સવાલના ઉકેલને અંગેની આર્થિક દૃષ્ટિ અપનાવવાથી મુસ્લિમ આમજનતાની સાથે વધારે ગાઢ સંપર્કમાં આવવાનો કીમતી માર્ગ ખુલ્લો થાય છે, અને તે સંપર્કને પરિણામે તેને આપણી સચ્ચાઈ તથા શુભ નિષ્ઠાની પ્રતીતિ થવાની છે.

પરંતુ આ રસ્તો લેવાથી ઝટ ઝટ સારાં પરિણામો આવવા માંડશે, એવી અપેક્ષાથી તે રસ્તો પકડવાનો અર્થ નથી; ઊલટું તે માર્ગે પ્રારંભમાં થોડી નિરાશા મળવાની છે, એમ સમજીને તેને માટે આપણે તૈયાર રહેવું જોઈશે કેમ કે, બધી વાત કરી રહ્યા પછી આપણે એટલું યાદ રાખવાનું છે કે, હિંદની આમજનતા, હિંદુઓ અને મુસ્લિમો બન્ને હજી પોતપોતાની ન્યાતો, જાતો, સંપ્રદાયો તેમ જ ધર્મોની ભાવનાના બંધનમાં પડેલા છે. તે બધા ઊંડી ધર્મભાવનાને રંગે રંગાયેલી પોતાની જીવનભરની આદતોનો થોડા મહિના, કે થોડાં વર્ષોના ગાળામાં ત્યાગ કરી દેશે, એવી વધારે પડતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપેક્ષા આપણે રાખવી ન જોઈએ. પરંતુ ખાન અબ્દુલ ગફારખાન જેવા પુરુષોએ આ ક્ષેત્રમાં જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેમાંથી આશા અને ઉત્સાહ તથા હિંમતની પ્રેરણા મેળવીને આપણે એ કાર્યમાં મંડી રહેવું જોઈશે. ખાન અબ્દુલ ગફારખાને વાયવ્ય સરહદના પ્રાન્તની મુસ્લિમ આમ-જનતાની સેવાને અર્થે અનન્ય ભક્તિથી કાર્ય કર્યું છે, અને તેને પરિણામે તે આમજનતાના દિલમાં તેમણે એવું સ્થાન મેળવ્યું છે, જેને રાજકીય ક્ષેત્રમાં કાર્ય કરનારા તેમના કોઈ પણ હરીફથી પડકાર થઈ શકતો નથી, ને જેના પર તેમાંના કોઈથી આક્રમણ પણ થઈ શકતું નથી.

૬

મુસ્લિમ કોમનો હિંદમાં કેવો દરજ્જો છે, તે વિષય પર લખનારા ઘણા લોકોએ દર્શાવ્યું છે તે મુજબ તેને હિંદમાં વસતી એક લઘુમતી કોમ તરીકે તે શબ્દના અસલ ચોક્કસ અર્થમાં ઓળખાવી શકાય તેમ નથી. તેમની વસ્તીની સંખ્યા સંગીન છે, અને તેઓ આખા મુલક પર ઠેર ઠેર પથરાયેલા છે. રાજકારણની ભાષામાં આ હકીકતનો અર્થ એવો થાય છે કે, મુસ્લિમોની પાકિસ્તાનના અલગ રાજ્યની સ્થાપના માટેની ચળવળ ખરી રીતે દેશના રાજવહીવટમાં પોતાને સારુ હિસ્સો મેળવવા માટેની લડત છે. પાકિસ્તાનની બીજી બધી રીતે નુકસાનકારક હિલચાલનો, અથવા મુસ્લિમ લીગની લોકશાહી તથા બહુમતીના શાસન વિષેની અણ-ગમાની લાગણીનો આ સિવાય બીજો કોઈ બુદ્ધિમાં ઊતરે તેવો ખુલાસો મળી શકતો નથી. એ બાબતમાં અલબત્ત જરાયે શંકા નથી કે, દેશની બિનસલામતીમાં પોતાને પણ જોખમ છે, એવી લાગણી મુસ્લિમ કોમને થાય એ જરૂરનું છે. એનો અર્થ એ છે કે, હિંદના ભાવીને વિષે તેમ જ હિતને વિષે મુસ્લિમ કોમને ફિકર પેદા થવી જોઈએ, અને તેટલા ખાતર રાજવહીવટની સત્તાનાં સ્થાનો પર પહોંચવાના માર્ગો તેમને માટે મોકળા રાખવા જોઈએ. અને આ મુદ્દાને અંગે અમે એવું સૂચવવાની હિંમત કરીએ છીએ કે. પાકિસ્તાનના અલગ રાજ્યની સ્થાપનાનો આકરો ઉપાય લીધા વિના પણ તેવા માર્ગો શોધી કાઢવાને આપણે સમર્થ છીએ. આ પહેલાં એક પ્રકરણમાં અમે દર્શાવ્યું છે કે, મુસ્લિમ પ્રાન્તોને નામે ઓળખાતા પ્રાન્તો પૈકીના મોટા ભાગનાના વહીવટનો કાબૂ આજે પણ મુખ્યપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમોનાં બનેલાં પ્રધાનમંડળોને હસ્તક છે, અને આજે હસ્તી ધરાવતા પ્રાન્તોની સરહદોમાં થોડોઘણો ઘટતો ફેરફાર કરવાથી તે પ્રાન્તોને હજીયે વધારે એકરૂપ બનાવવાનું શક્ય છે. ગમે તે પ્રકારનું રાજ્યબંધારણ અમલમાં હશે, તો પણ એ પ્રાન્તોનો વહીવટ મુસ્લિમ પ્રધાનોને હસ્તક જ રહેવાનો છે. ઉપરાંત, પ્રજાજનોના મૂળભૂત અધિકારોનો એક લેખ બંધારણમાં આમેજ કરવાથી, અમેરિકાના સંયુક્ત રાજ્યોના બંધારણમાં છે તેવી જોગવાઈ રાખીને સમવાયતંત્રની સેનેટ એટલે કે ઉપલી ધારાસભામાં સર્વ સમવાયી ઘટકોને એકસરખું પ્રતિનિધિત્વ આપવાથી, જરૂરી સંખ્યાનાં સમવાયી રાજ્યો કોઈ પણ પગલાંનો વિરોધ કરે તો તેને નામંજૂર કરવાનો અધિકાર માન્ય રાખવાથી, અને વહીવટી તંત્રના નિર્ણયોને બંધારણની દૃષ્ટિથી તપાસી તેમનો અર્થ કરવાની સત્તા ધરાવનારી સ્વતંત્ર અદાલતોની સ્થાપનાથી, મધ્યવર્તી સરકાર ગમે તેવી પરિસ્થિતિમાં પણ તૂટી ન જાય તેટલી સ્થિતિસ્થાપક રહી શકશે, અને તેમાં એક કોમ પર બીજીનું વર્ચસ્વ જામી જવાનો ભય નહીં રહે.

આ પ્રકારની વ્યવસ્થાથી મુસ્લિમોને પોતાની સલામતી માટે જેટલી બાંયધરી જોઈએ છે, તે બધી મળી રહેવાનો પૂરેપૂરો સંભવ છે, અને તેનાથી આ દેશને માથે તેના મુલકની વહેંચણીની જે આફત ઝઝૂમી રહેલી છે, તે પણ ટળી જશે. આવી વ્યવસ્થા સ્થાપવાના કાર્યમાં મુસ્કેલીઓ બેશક રહેલી છે, પરંતુ તે વ્યવસ્થાનો જે વિકલ્પ છે તે એટલો બધો ખતરનાક છે કે, આપણે બધાએ પરસ્પર બાંધછોડનો તેમ જ શુભેચ્છાનો જુસ્સો કેળવીને એક થયા વિના છૂટકો નથી.

અમેરિકાનાં સંસ્થાનો વિષે કરેલા એક ભાષણના એક ફકરામાં બર્કે દર્શાવ્યું છે કે, કોરી લાગણી, શૂન્ય હકીકતો અથવા કાયદાથી મળેલા હકો કે સલામતીઓના કરારોથી પરસ્પર બંધાઈને માણસો એકઠાં નથી રહેતાં; રક્તસંબંધના અને એક ભૂમિ પ્રત્યેની નિષ્ઠાનાં બંધનોથી, સાથે મળીને વેઠેલાં કષ્ટો અને ભોગવેલા આનંદોનાં બંધનોથી, અને કાળ જે અપ્રત્યક્ષ સ્મૃતિઓને પ્રજાજીવનના આખા પોતમાં વણી લે છે તે સ્મૃતિઓનાં બંધનોથી બંધાઈને એકત્ર રહે છે. માણસોને પરસ્પર બાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રાખનારા સાચા બંધ બર્ક જે ગણાવ્યા છે તે છે, અને તેજ તેમને પરસ્પર કલેશને સમયે આખરે આધાર આપીને એકત્ર નભાવી રાખે છે.

હિન્દની ભૂમિ પર વસનારા આપણને સર્વેને આ જ જાતનાં રક્ત-સંબંધનાં તેમ જ સ્મૃતિનાં બંધનો આધાર આપીને એકત્ર રાખે છે. હિન્દમાં વસતા કરોડો હિન્દીઓને મન એક અને અખંડ ભારત કેવળ ભૂગોળની એક ભૌતિક હકીકત જ નથી, સૂક્ષ્મ આધ્યાત્મિક તેમ જ હૃદયની લાગણીઓના રંગે રંગાયેલી ભાવના છે. કાંચનજંઘાનાં ઉન્નત શિખરોથી માંડીને ધનુષ્કોડી આગળ જ્યાં ભારતના ચરણોને મહાસાગર પખાળે છે તે સમુદ્ર કિનારા સુધીની આખી ભૂમિ પર, તેની એકેએક ગિરિશિલામાં ને સરિતાનાં પાત્રમાં, તે ભૂમિના ખૂણેખૂણામાં જ્યાં જ્યાં માનવીના આત્માએ સ્થૂળ પ્રકૃતિ પર પોતાની જીવન્ત છાપ અંકિત કરેલી છે તે એકેએક સ્થળમાં હિન્દી માત્રને પોતાની રાષ્ટ્રીય સંસ્કૃતિની સ્પષ્ટ ઊઠેલી છાપનું દર્શન થાય છે, અને તે સર્વ સ્થળોમાંથી તેને હિન્દુસ્તાનનું અદ્ભુત રહસ્યમય સંગીત સંભળાયા કરે છે. હિન્દુઓ અને મુસ્લિમો, બન્નેએ તે સંગીતના સૂરોને પકડીને અમર કાવ્યોમાં તેમ જ ગીતોમાં બાંધી લીધેલા છે. તેજ સંગીતના સૂરોની પ્રેરણાને વશ રહીને આપણે આપણાં હૃદયોને પ્રોત્સાહિત કરવાનાં છે, આપણા ભાવીનો આશા તેમ જ ઉત્સાહથી સામનો કરવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૧ લું

સરકારી નોકરીઓમાં કોમવાદ

૧૮૩૩ની સાલના ચાર્ટર ઍક્ટ (ઇસ્ટ ઇન્ડિયા કંપનીને મળેલા પટાના દર વીસ વરસે નવેસરથી થતા બ્રિટિશ પાર્લામેન્ટના કાયદા)માં એવું જાહેર કરવામાં આવ્યું હતું કે, "હિન્દના કોઈ પણ વતનીને તેના ધર્મ, જન્મસ્થાન અને વંશના, અથવા તે સર્વ પૈકીના કોઈ પણ એક કારણસર મજકુર (ઇસ્ટ ઇંન્ડિયા) કંપનીમાં કોઈ પણ જગ્યા પર, કે અધિકાર પર કે નોકરીમાં લેવાને નાલાયક ઠરાવવામાં નહીં આવે", પરંતુ બ્રિટિશ પાર્લામેન્ટે ૧૮૭૦ની સાલમાં ગવર્ન્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ (હિન્દના શાસનને લગતો કાયદો) મંજૂર કર્યો, ત્યાં સુધી એ જાહેરાતનો અમલ થયો નહોતો, અને તે એક શુભેચ્છા વ્યક્ત કરવા પૂરતી કાગળ પર જ રહી હતી. એ કાયદાની ૬ઠ્ઠી કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, 'જેમની લાયકાત અને આવડત સાબિત થયાં હોય' તેવા હિંદના વતનીઓને, નોકરીઓ માટેની લાયકાત નક્કી કરવાને લંડનમાં જે પરીક્ષાઓ લેવામાં આવે છે તે લીધા વિના સીધા મુલકી વહીવટનાં ખાતાંઓમાં નોકરીએ રાખી શકાશે. આ કલમને અમલમાં મૂકવાને માટે જે નિયમો ઘડવાના હતા, તે છેક ૧૮૭૯ની સાલમાં ઘડાયા, અને તેમાં એવી જોગવાઈ કરવામાં આવી કે, હિંદી સનદી નોકરીઓમાં જે નવા લોકોને દર વરસે ભરતી કરવામાં આવે તે પૈકીના છઠ્ઠા ભાગના, હિંદના કાયદેસરના વતનીઓને પ્રાન્તિક સરકારોની ભલામણથી ગવર્નર જનરલની કાઉન્સિલે નીમી લેવા. પરંતુ આ નિયમોની પૂરેપૂરી અને જોઈએ તેવી અજમાયશ કરવામાં આવી નહોતી. ૧૮૮૬ની સાલમાં હિંદની સરકારી નોકરીઓને અંગે એક કમિશનની નિમણૂક કરવામાં આવી હતી. તેણે કરેલી ભલામણોનો સરકારે જે અર્થ કાઢ્યો, તે મુજબ દર વરસે ભરતી કરવામાં આવતા માણસોની સંખ્યાના છઠ્ઠા ભાગને બદલે ૧૮૯૨ની સાલમાં હિંદી સનદી નોકરોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે જગ્યાઓ પૂરવામાં આવી, તેની સંખ્યાના છઠ્ઠા ભાગની જગ્યાઓ હિંદીઓને માટે અનામત રાખવામાં આવી. પ્રત્યક્ષ અમલમાં આ ભલામણોને વળી આનાથી પણ મોળી કરી નાખવામાં આવી. મૂળ નિયમ પ્રમાણે હિંદના કાયદેસરના વતનીઓને માટે ૧૦૬ જગ્યાઓ અલગ કાઢવી જોઈતી હતી, પણ બ્રિટિશ સરકારના હિંદ ખાતાના મંત્રી (સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇન્ડિયા)એ માત્ર ૯૬ જગ્યાઓની એક યાદી મંજૂર રાખી, અને ત્યાર પછી પણ જે જગ્યાઓ સૌથી ઊંચા પગારની અને સૌથી મહત્ત્વની હતી તે બાદ કરીને તે સંખ્યા ૬૧ની કરી નાખવામાં આવી.

૧૮૯૨ની સાલમાં સરકારી નોકરીઓમાં હિન્દીઓનું પ્રમાણ નીચે મુજબ હતું :[1]

૧ વાર્ષિક ૫ થી ૧૦ હજાર રૂપિયાનો પગાર મેળવનારા અમલદારો				૨ વાર્ષિક ૧૦ હજાર અને તેથી વધારે રૂપિયાનો પગાર મેળવનારા અમલદારો		
હિન્દી	યુરેશિયન	યુરોપિયન		હિન્દી	યુરેશિયન	યુરોપિયન
૪૨૧	૯૬	૧૨૦૭	મુલકી ખાતું	૫૫	૧૦	૧૨૧૧
૨૫	૨૬	૧૬૯૯	લશ્કરી ખાતું	૧	૧	૮૫૪
૮૫	૩૯	૫૪૯	જાહેર બાંધકામ ખાતું	૩	૪	૨૩૯
૪	૩	૨૨	સ્થાનિક સ્વરાજની-આવકને લગતું ખાતું	૧	–	૯
–	–	–	રેલ્વે ખાતું	૦	–	૧૦૫
૫૩૫	૧૬૪	૩૪૭૭	કુલ	૬૦	૧૫	૨૩૧૩
૧૨૮	૪	૮૩.૨	કુલ સંખ્યાના ટકા	૨.૫	.૦૬૨૫	૯૬.૮૭૫

ત્યાર બાદ વીસ વરસ રહીને સરકારી નોકરીઓના હિન્દીકરણને લગતી એક બીજી તપાસ ૧૯૧૩–૧૫ની સાલ દરમિયાન ઇસલિંગ્ટન કમિશને કરી. તે તપાસમાં પણ ઝાઝો સુધારો થયેલો માલૂમ પડ્યો નહોતો.

૧. શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેએ વેલ્બી કમિશન સમક્ષ આપેલી જુબાનીને આધારે આ આંકડાઓ મૂકવામાં આવેલા છે. તે કમિશનના હેવાલમાંથી સવાલ નં. ૧૮૩૩૧નો જવાબ જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	હિન્દીઓ	ઍંગ્લો ઇન્ડિયનો	યુરોપિયનો
માસિક રૂા ૨૦૦ અને તેથી વધારે પગાર મેળવનારા	૪૫૭૩	૧૫૯૩	૪૯૯૮
માસિક રૂા. ૧૦૦૦ અને તેથી વધારે પગાર મેળવનારા	૧૪૨	૭૧	૧૫૯૫
માસિક રૂા. ૩૦૦૦ અને તેથી વધારે પગાર મેળવનારા	૦	૧	૯૩

તે સમયે (૧૯૧૩ ની સાલમાં) બ્રિટિશ હિન્દમાં હિન્દને પોતાનું વતન બનાવીને રહેલા યુરોપિયનોની સંખ્યા ૧,૦૦,૦૦૦ ની, ઍંગ્લો ઇન્ડિયનોની ૧૦૨,૦૦૦ ની અને એશિયાવાસીઓની ૨૪,૨૦,૦૦,૦૦૦ ની હતી. એનો અર્થ એવો થયો કે, તે સમયે હિન્દને પોતાનું પોતાનું વતન બનાવીને વસેલા યુરોપિયનો પૈકી ૪૫ માંથી ૧ને અને ઍંગ્લો ઇન્ડિયનો પૈકી ૬૪ માંથી ૧ને સારી આવક થાય એવા પગારની સરકારી નોકરી હતી, અને તેથી ઊલટું એશિયાવાસીઓનું તે જ જાતનું પ્રમાણ ૫૩,૦૦૦ ની સંખ્યાએ ૧ નું હતું.૨

મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાઓથી તરત જ આ પરિસ્થિતિમાં ઘણા દૂરગામી ફેરફારો થયા. તે સુધારાઓ પ્રમાણે અમલમાં આવેલા રાજ-બંધારણના અમલના પહેલા જ વર્ષમાં લગભગ ૨૦૦ જેટલા યુરોપિયન અમલદારો પોતે બજાવેલી નોકરીના સમયના પ્રમાણમાં જેટલું પેન્શન મળે તે લઈને નોકરી છોડી ગયા કેમ કે, તેમણે એમ માન્યું કે, નવા રાજકીય સુધારાઓથી નોકરીના સંજોગોમાં મોટો ફેર પડ્યો છે. ૧૯૨૪ની સાલ સુધીમાં આ રીતે નોકરી છોડી જનારા યુરોપિયન અમલદારોની સંખ્યા ૩૪૫ સુધી પહોંચી. ઉપરાંત સનદી નોકરીઓમાં પ્રવેશ કરનારા નવા યુરોપિયનોની સંખ્યા પણ ઘટી. હિંદી સનદી નોકરી (ઇંડિયન સિવિલ સર્વિસ)માં લંડનમાં ભરતી થનારા લોકોની સરેરાશ

૨. વિલિયમ રોય સ્મિથ: પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૨૦૯–૧૦. વળી જુઓ: "૧૯૧૫ની સાલ સુધીમાં કુલ હિન્દી સનદી મુલકી નોકરો (ઇન્ડિયન સિવિલ સર્વિસ) પૈકીના માત્ર પાંચ ટકા હિન્દીઓ હતા."– થોમસન ઍન્ડ ગૅરેટ, પૂર્વે ઉલ્લેખેલું પુસ્તક, પા. ૫૩૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંખ્યા ૧૯૧૪ના મહાયુદ્ધ પહેલાંનાં કેટલાંયે વર્ષો દરમિયાન દર વરસે ૫૩ની રહેતી હતી, અને તે પૈકી ૯૩·૪ ટકા બ્રિટિશ અને ૬·૬ ટકા હિંદીઓ હતા. ૧૯૨૧ થી ૧૯૨૩ ના ત્રણ વર્ષના ગાળામાં, એ બન્ને વર્ષો ગણી લેતાં વાર્ષિક સરેરાશ બ્રિટિશ લોકોની ૨૦ની અને હિંદીઓની ૨૧ની આવતી હતી. પરંતુ એ બન્ને સરેરાશ સંખ્યાઓ વચ્ચેનો સાચો તફાવત ખરી રીતે આના કરતાં પણ વધારે રહેતો હતો કેમ કે, જે બ્રિટિશ ઉમેદવારો પરીક્ષાઓ પાસ કરીને લાયક નીવડતા, તે પૈકીના કેટલાક નોકરી પર ચઢતા નહોતા. વળી હિંદી સરકારનાં તબીબી, કેળવણી અને ખેતીવાડી ખાતાંઓની નોકરીઓમાં યુરોપિયન લોકોની ભરતી લગભગ તદ્દન અટકી ગઈ હતી.

૧૯૨૪ની સાલમાં ફેરહેમના લૉર્ડ લીને પ્રમુખપદે નીમાયેલા એક કમિશને એવી સૂચના કરી કે, હિંદી સનદી નોકરીઓની ૨૦ ટકા જગ્યાઓ પ્રાંતિક નોકરીઓમાં નોકરીઓ કરતા અમલદારોને ઉપર ચઢાવીને, ૪૦ ટકાની જગ્યાઓ યુરોપિયનોને સીધા ભરતી કરીને, અને ૪૦ ટકા હિંદીઓને સીધા ભરતી કરીને પૂરવી. હિંદી પોલીસ ખાતાના નોકરોની ભરતી કરવાને આ જાતનું પ્રમાણ અનુક્રમે ૨૦, ૫૦ અને ૩૦ ટકાનું સૂચવવામાં આવ્યું હતું. વળી કમિશનની એક સૂચના એવી હતી કે, ધારાસભામાંથી નિમાયેલા પ્રધાનોને સોંપવામાં આવેલાં પ્રાંતિક સરકારોનાં ખાતાંઓમાં એટલે કે, કેળવણી, ખેતીવાડી, ઢોરોનાં દવાખાનાંઓના, હિંદી ઇજનેરોના અને જંગલ ખાતાંઓમાં (૭૫ ટકા હિંદી અને ૨૫ ટકા યુરોપિયનોની) પ્રાંતોમાંથી સીધી ભરતી કરી લેવી.

એ જ વરસમાં નોકરીઓમાં કોમવાર ભરતીનું પ્રમાણ દાખલ કરવામાં આવ્યું. વહીવટમાં શરૂ કરવામાં આવેલા રિવાજને હિંદી સરકારના ગૅઝેટના પહેલા ભાગમાં (જુલાઈ ૭, ૧૯૩૪) પ્રસિદ્ધ થયેલા એક ઠરાવથી કાયદાની મંજૂરી આપવામાં આવી. ગૅઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા નિયમો મુજબ અખિલ હિંદને ધોરણે ભરતી કરવામાં આવતા લોકો પૈકી 'હિંદીઓની સીધી ભરતી કરીને પૂરવાની બધી ખાલી જગ્યાઓની એકંદર સંખ્યાના ૨૫ ટકાની જગ્યાઓ મુસ્લિમોને માટે, અને ૮$\frac{1}{3}$ ટકાની જગ્યાઓ બીજી લઘુમતી કોમોને માટે અલગ રાખવાનું' ઠરાવવામાં આવ્યું. બીજા નિયમોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ટકાવારીમાં ફેરફાર ન થાય તેવી જોગવાઈ કરવામાં આવી. 'સ્થાનિક વસ્તીમાંથી ભરતી કરવામાં આવતા' નોકરોની સંખ્યાને લગતા એ જ જાતના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા.

આ પ્રકારની સરકારી નીતિની જે અસર કોમી લાગણીઓના વિકાસ પર, અથવા કોમ કોમ વચ્ચેના સંબંધો પર થઈ, તે એટલી બધી દેખીતી છે કે, તે વિષે વધારે વિગતે અને ભાર મૂકીને ચર્ચા કરવાની જરૂર નથી. એવી દલીલ થઈ શકે કે, સરકારી નોકરીઓની આ જાતની કોમવાર વહેંચણી તદ્દન શુદ્ધ ભાવે કરવામાં આવી હતી. પરંતુ સારામાં સારા આશયોનું પારખું પણ આખરે તો તેનાં જે પરિણામો આવે તે પરથી જ મેળવવાનું રહે છે. વળી બીજું એ કે, સરકારી નોકરીઓની જગ્યાઓની એકંદર સંખ્યામાંથી યુરોપિયનોને માટે અનામત રાખવામાં આવેલા બહુ મોટા પ્રમાણને લીધે હિંદીઓને ભાગે રહેતી જગ્યાઓનું ક્ષેત્ર બહુ મર્યાદિત થઈ ગયું હતું. તે ક્ષેત્રના હવે વધારે ફકડા પડી ગયા, અથવા કહો કે પાડવામાં આવ્યા. પરિણામ એવું થયું કે, લોભાવે એવી જગ્યાઓ જેમ જેમ ઓછી થતી ગઈ તેમ તેમ તેમનું આકર્ષણ અલબત્ત વધતું ગયું, અને અંતે તેમાંથી કોમ કોમ વચ્ચે કડવાશ પણ તે જ પ્રમાણમાં પેદા થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૨ જું

કોમવાદ અને સરકારના ચાલુ ધોરણનો સંબંધ

બ્રિટિશ સરકારની હિંદ વિષેની નીતિ પર આપણા કોમી રાજકારણની જે અસર પડતી આવી છે, તેનું અવલોકન કરવા જેવું અને બોધક થાય તેવું છે. બ્રિટિશ સરકારની વતી બોલનારા અધિકારીઓનાં હમણાં હમણાં થયેલાં નિવેદનો પરથી માલૂમ પડે છે કે, હિંદના કોમવાદીઓની વાતોને ઉત્તેજન ન આપવાની વાત તો આઘી રહી, ઊલટું હિંદની બંધારણીય પ્રગતિને રૂંધવાને માટે તેમની જ દલીલો સ્વીકારી તે દલીલોનો ઉપયોગ કરવામાં સરકારને સંકોચ થયો નથી. ઉપરાંત, લોકશાહી પદ્ધતિના બંધારણથી જેનો રાજવહીવટ ચાલતો હોય, એવા સ્વતંત્ર સંસ્થાનની અહીં સ્થાપના કરીને હિંદી રાજબંધારણના વિકાસને પરિપૂર્ણ કરવાનાં ભૂતકાળનાં વચનોમાંથી ગમે તેમ કરીને નીકળી જવાના જાણીબૂઝીને થતા પ્રયાસોની પણ એ નિવેદનોમાંથી સાબિતીઓ મળે છે.

આ પ્રકારના આક્ષેપનો જવાબ આપતાં આમની સભામાં કરેલા એક ભાષણમાં (૧૯૩૯ ની સાલના ઑકટોબર માસની ૨૬ તારીખે) સર સેમ્યુઅલ હોરે જણાવ્યું હતું કે,

> આ વિષયમાં અમે અમારી સાફ દાનત બતાવી આપેલી છે. કોમી ચુકાદાનો નિર્ણય આપીને અમે તેની સાબિતી આપી છે. ધારો કે, અમારી ઇચ્છા હિંદના લોકોમાં ફૂટ પાડીને તેમના પર અમારું વર્ચસ્વ ચાલુ રાખવાની હોત, તો અમે તેમને જરૂર કહી શકત કે, 'જુઓ, તમારા કોમી મતભેદોને પહેલા મિટાવીને પછી અમારી પાસે આવો; જ્યાં સુધી એ મતભેદોનું નિરાકરણ તમે કર્યું નથી, ત્યાં સુધી બંધારણને લગતી કોઈ જાતની પ્રગતિ થઈ શકવાની નથી'.

પરંતુ ત્યાર પછીના બનાવો તેમ જ ઉક્તિઓથી હિંદી પ્રજામાં ફૂટ પાડીને પોતાનું વર્ચસ્વ ચાલુ રાખવાની બ્રિટિશ પ્રજાની આકાંક્ષા પ્રગટ થતી દેખાય છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સલામતીઓની, અને તેને અંગેની બ્રિટિશ પ્રજાની જવાબદારીઓને લગતી વિધવિધ કલમોથી ૧૯૩૫નો હિંદી સરકારના બંધારણને લગતો કાયદો ઘણો ગૂંચવણભરેલો થયો છે તે વાત સાચી હોવા છતાં સરવાળે તે કાયદાની રચના નિઃશંકપણે પાર્લામેન્ટની પદ્ધતિની લોકશાહીના ઘાટ પર થયેલી છે. તે રાજબંધારણના અમલને લગતી સૂચનાઓનો જે ખરીતો પ્રાન્તોના ગવર્નરોને આપવામાં આવ્યો હતો, તે સ્પષ્ટપણે બતાવે છે કે, નવા બંધારણનો આશય, પ્રોફેસર ડાઇસીએ જેને કેબિનેટ પદ્ધતિને નામે ઓળખાવી છે, તેની અહીં સ્થાપના કરવાનો હતો; પરંતુ એ બંધારણના પ્રાંતિક વિભાગનો અમલ શરૂ થયા પછી તરત સરકારને સમજ પડી ગઈ લાગે છે કે, બંધારણમાં રાખવામાં આવેલા અનેક અંકુશોની અને સમતુલાઓની જોગવાઈઓ છતાં, તેના અમલથી હિંદી રાષ્ટ્રવાદ આખરે સરકારને કફોડી સ્થિતિમાં મૂકી શકે એટલો જોરાવર થઈ જશે.

એવું દેખાય છે કે, આ સકંજામાંથી છટકવાને જે બારીની સરકારને અત્યંત જરૂર હતી, તે કોમવાદીઓની બેફામ ઉક્તિઓમાંથી તેને મળી ગઈ છે. હિંદી પ્રજામાં કોમ કોમ વચ્ચે એકીનો જે અભાવ છે, તેનો ઉપયોગ ઘણા વખતથી ગવર્નરો અને વાઇસરૉયને વિશેષ જવાબદારીઓની સંભાળને લગતા અધિકારોથી સજ્જ કરવાને થતો આવ્યો હતો, પરંતુ લોકશાહી પદ્ધતિની સરકાર ન સ્થાપવાના કારણ તરીકે કદી થયો નહોતો. લોકશાહી પદ્ધતિનું રાજબંધારણ સ્થાપવાના વચનમાંથી બ્રિટિશ લોકો કેવી રીતે આસ્તે આસ્તે ખસતા જાય છે, તે આપણે હવે તપાસીએ.

યુદ્ધપ્રવૃત્તિને અંગેના સરકારના પ્રયાસોમાં સમસ્ત હિંદની પ્રજાનો સંયુક્ત ટેકો મેળવવાની ઇન્તેજારીથી વાઇસરૉયે ૧૯૩૯ની સાલના ઑકટોબર માસની ૧૮મી તારીખે જે જાહેરાત કરી હતી, તેમાં એટલું જણાવીને સંતોષ માન્યો હતો કે, “તેમના (એટલે કે લઘુમતીઓના) અભિપ્રાયો તેમ જ હિતોને (હિંદી રાજબંધારણમાં) જે સુધારાવધારા કરવાનો ખ્યાલ રાખવામાં આવ્યો હશે, તે કરતી વખતે પૂરતું વજન આપવાની સ્પષ્ટ ખાતરી આપવામાં આવે છે”.

વાઇસરૉયે જે દિવસે પોતાની જાહેરાત કરી, તે જ દિવસે તે સમયના બ્રિટિશ સરકારના હિંદ ખાતાના મંત્રી લૉર્ડ ઝેટલૅન્ડે ઉમરાવોની સભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમક્ષ જે નિવેદન કર્યું, તેમાં આ જ મુદ્દો તેણે જુદા શબ્દોમાં પરંતુ વધારે ચતુરાઈથી રજૂ કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, "વધુમતી કોમના નિરંકુશ વર્ચસ્વમાંથી નીપજતાં જે પરિણામોનો, સાચી રીતે કે પછી ખોટી રીતે લઘુમતી કોમોને ભય રહે છે, તેમની સામે તે બધી કોમો સલામતીઓની આગ્રહપૂર્વક માગણીઓ કરતી આવી છે".[૧] (બાળબોધ અમારું કરેલું છે.)

યુદ્ધ જેમ જેમ આગળ વધતું ગયું અને કંઈક અંશે બ્રિટિશ લોકોની વિરૂદ્ધમાં જતું ગયું, અને રાષ્ટ્રીય મહાસભા સરકારની બાજીમાં ફસાય એવો સંભવ ઓછો થતો ગયો, તેમ તેમ બ્રિટિશ પ્રજા તરફથી ઉચ્ચારાતાં વચનોમાં પહેલાં જે સંકોચ કે અસ્પષ્ટતા જણાતી હતી, તે પણ ઊડી ગઈ. ૧૯૪૦ની સાલના ઑગસ્ટ માસની ૮મી તારીખે પાછળથી ખૂબ ગવાયેલી જે જાહેરાત વાઇસરોયે કરી હતી, તેમાં તેણે જણાવ્યું કે,

> એ તો કહેવાની પણ જરૂર નથી કે, તેઓ (બ્રિટિશ સરકાર) હિંદમાં શાંતિ તેમ જ સુસ્થિતિ જાળવવાની પોતાની ચાલુ જવાબદારી, જે રાજ્યતંત્રના અધિકારનો હિંદના રાષ્ટ્રીય જીવનનાં અંગભૂત મોટાં મોટાં અને સમર્થ તત્ત્વો ઇન્કાર કરતાં હોય, તેવા રાજ્યતંત્રને સોંપી દેવાનો ખ્યાલ રાખી ન શકે. અને ઉપરાંત, તેઓ (બ્રિટિશ સરકાર) તે તત્ત્વોને જબરદસ્તીથી એ પ્રકારના રાજ્યતંત્રના તાબામાં રાખી આપવામાં પક્ષકાર પણ ન થઈ શકે.

સવાલ એ થાય છે કે, ૧૯૩૫ના રાજબંધારણના કાયદા પ્રમાણેનું શાસન શું આ પ્રકારનું શાસન હતું? હિંદના અગિયારમાંથી સાત પ્રાંતોમાં

---

૧. લઘુમતી કોમોને જે ભયો અથવા આશંકાઓ રહે છે, તે સાચા છે કે ખોટા છે, તે જણાવવાનો જવાબદાર બ્રિટિશ રાજપુરુષો લગભગ એક પેઢીથીયે વધારે સમયના ગાળાથી એકધારો ઇન્કાર કરતા આવ્યા છે. 'નરો વા કુંજરો વા' જેવી આ જે વલણની તેમને આદત પડી ગઈ છે. તેના દાખલાને માટે ટી. ડબલ્યુ. હોલ્ડરનેસનું લખેલું 'પીપલ્સ ઍન્ડ પ્રૉબ્લેમ્સ ઑફ ઇન્ડિયા' (હિંદના લોકો અને પ્રશ્નો) નામનું ૧૯૧૨ની સાલમાં 'હોમ યુનિવર્સિટી લાઇબ્રેરી' તરફથી પ્રસિદ્ધ થયેલું પુસ્તક જોવું: "સાચી રીતે કે પછી ખોટી રીતે, મુસ્લિમ આગેવાનો એમ માનતા હતા કે, મુસલમાનોની અલગ સ્વતંત્ર કોમ લેખે જેમાં જોગવાઈ કરવામાં નહીં આવી હોય તેવા રાજ્યશાસન માટે લોકોના પ્રતિનિધિઓ ચૂંટવાની કે નીમવાની કોઈ પણ વ્યવસ્થા અથવા પદ્ધતિથી તેમનાં હિતોને ખસૂસ નુકસાન થશે."— પા. ૨૪૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બંધારણ પ્રમાણેનું રાજ્યશાસન બે વર્ષ અને સાત મહિના સુધી અમલમાં હતું, તે દરમિયાન 'એવાં તત્ત્વો' પર જબરદસ્તી કરવામાં આવી હતી? તો પછી તે પ્રાન્તોના ગવર્નરો તે જબરદસ્તીનો જુલમ અટકાવવાને વચ્ચે કેમ ન પડ્યા? અને એ પ્રકારનાં અન્યાયનાં કાર્યોને વિષે તે બધા હજી પણ ચૂપ કેમ રહ્યાં છે? 'એવાં તત્ત્વો'એ જે આક્ષેપો કર્યા છે 'તે સાચી રીતે કરવામાં આવ્યા હતા કે ખોટી રીતે કરવામાં આવ્યા હતા'? પરંતુ પોતાની જાહેરાત કરતી વખતે આવા આનુષંગિક પ્રશ્નોનો જવાબ આપવાની વાઇસરૉયે અલબત્ત, કુદરતી રીતે જ દરકાર રાખી નહોતી.

પરંતુ, રાજબંધારણને અંગેના સવાલની પ્રગતિ હમણાંની કટોકટીના મહિનાઓ દરમિયાન ખોટકી પડી છે, અને તે મહિનાઓ દરમિયાન ૧૯૩૫ના બંધારણના કાયદાને લગતી વલણમાં જે પીછેહઠ શરૂ થઈ છે, તેમાંથી આ સવાલોના જવાબો ગર્ભિત રીતે મળી રહે છે. જે વાઇસરૉયે ૧૯૩૯ની સાલના ઑકટોબર માસમાં '૧૯૩૫ના કાયદાના મૂળગત સંગીનપણા વિષે પોતાની શ્રદ્ધા ફરી એક વાર દૃઢપણે દર્શાવી હતી', તેણે જ ૧૯૪૦ની સાલના ઑગસ્ટ માસમાં એવી શોધ કરી કે, '(તે કાયદો) જે આશયથી ઘડવામાં આવ્યો હતો, તે આશય હવે પાર પડી શકે એવું લાગતું નથી'. વળી તે જ ભાષણમાં તેણે વધારામાં જાહેર કર્યું કે, હવે પછી બંધારણના વિકાસને અંગેનું જે પગલું લેવામાં આવશે તેમાંથી '૧૯૩૫ના કાયદાના કોઈ પણ ભાગની, અથવા જે નીતિ અને જે યોજનાના પાયા પર તેની રચના કરવામાં આવી હતી તે નીતિ અથવા તે યોજનાના કોઈ પણ અંગની ફરી તપાસણી કરવાની વાતને બાદ રાખવામાં આવતી નથી'.

આ જ સમય દરમિયાન બ્રિટિશ સરકારના હિંદ ખાતાના નવા મંત્રી મિ. ઍમેરીએ એવી શોધ કરી કે, "સામાજિક તેમ જ ધાર્મિક વિષયો પ્રત્યેની દૃષ્ટિમાં, અને ઐતિહાસિક પરંપરાઓ તેમ જ સંસ્કૃતિમાં તેમની (મુસલમાનોની) અને તેમના બીજા દેશબાંધવોની વચ્ચે જે તફાવત છે, તે એટલો બધો ઊંડો ઊતરેલો છે કે, તેવો તફાવત એ જ જાતના યુરોપમાં હસ્તી ધરાવતા તફાવતો કરતાં વધારે ઊંડો નહીં જતો હોય, તો તેટલો ઊંડો તો છે જ". "હિંદી રાજબંધારણના ચાલુ કાયદાની રચનાની સાથે તેમની (મુસ્લિમોની) જે તકરાર છે કે, તે રચનાથી મધ્યવર્તી સરકારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ વધુમતી કોમને અત્યંત વધારે પડતી સત્તાઓ મળે છે", તે તકરારમાં તથ્ય રહેલું છે, એ પણ તેણે સ્વીકાર્યું. વળી આગળ વધીને તેણે જણાવ્યું કે, "તે લોકો (મુસ્લિમો) હવે પછીની બંધારણને લગતી જે ચર્ચાઓ થાય, તેમાં સ્વતંત્ર હસ્તી ધરાવતા વાસ્તવિક ઘટક તરીકે ગણાવાના પોતાના હકનો દાવો કરે છે".

ત્યાર પછી મુસ્લિમોના એ દાવાને ટેકવી આપવામાં મિ. ઍમેરીએ ઝાઝી વાર ન લગાડી. ૧૯૪૦ની સાલના ઑગસ્ટ માસની ૧૪ મી તારીખે તેણે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે, "વધુમતીને ધોરણે નિર્ણય કરવાની પ્રથા લોકશાસનની પદ્ધતિનું સારભૂત તત્ત્વ નથી, પરંતુ રાજકીય વહેવારો સુગમ રીતે ચલાવવા પૂરતી એક સગવડભરેલી રીત માત્ર છે". લઘુમતી કોમની આડાઈને બીજું વધારાનું સમર્થન આપવાના હેતુથી, અને તેમ કરીને વધુમતી કોમના અધિકારો પર અંકુશ મૂકવાના આશયથી મિ. ઍમેરીએ લઘુમતી કોમને, "સ્વતંત્ર હસ્તી ધરાવતા એક વાસ્તવિક ઘટકને" દરજ્જે ચઢાવી આપી, અને વધુમતી કોમને "કેવળ સંખ્યાની વધુમતી" લેખે ગણાવીને ઉતારી પાડી. કેમ જાણે "કેવળ સંખ્યાની વધુમતી" સિવાય બીજી કોઈ જાતની વધુમતીઓ હસ્તી ધરાવતી ન હોય! અને સ્વતંત્ર હસ્તી ધરાવતા એક વાસ્તવિક ઘટકના દાવાઓ, અને તેને સાચી રીતે કે પછી ખોટી રીતે લાગતા ભયોને "કેવળ સંખ્યાની વધુમતી"ના હકોના કરતાં વધારે મહત્ત્વના સમજવામાં આવે છે!

૧૯૪૦ની સાલના માર્ચ માસમાં, લાહોર મુકામે ભરાયેલી મુસ્લિમ લીગની બેઠકે આંધળાને પણ સૂઝે તેવી રીતે કરવામાં આવેલો બ્રિટિશ સરકારનો આ ઇશારો ઉપાડી લીધો, અને આખરે પાકિસ્તાન વિષેનો ઠરાવ કર્યો. ૧૯૪૦ની સાલના ઑગસ્ટ માસમાં તે ઠરાવને પોતાની ગર્ભિત સંમતિ દર્શાવતાં મિ. ઍમેરીએ જાહેર કર્યું કે, "ખરેખર, એવું બનવાનો સંભવ લાગે છે કે, રાજબંધારણના ચાલુ કાયદાના ચોકઠામાં જે સમજૂતી થઈ ન શકે એવી માલૂમ પડે છે, તે ચાલુ યોજના કરતાં તદ્દન નવા જ પ્રકારના ઉપાયોની યોજનાથી શક્ય થશે". પોતાના બંધારણના ઉદ્દેશની કલમમાં પાકિસ્તાનની સ્થાપનાનું ધ્યેય દાખલ કરીને, તથા પાકિસ્તાનની માગણીની સાથે દ્રવિડિસ્તાનની માગણી ઉમેરીને લીગે આ સૂચનનો જવાબ વાળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનો જવાબ વાળવાનો પોતાનો વારો આવ્યો, ત્યારે મિ. એમેરીએ ૧૯૪૧ની સાલના એપ્રિલ માસની ૨૨મી તારીખે આપેલા ભાષણમાં નીચેના શબ્દો ઉચ્ચાર્યા: "(૧૯૩૫ ના) રાજ્યબંધારણના કાયદામાં મધ્યવર્તી સરકારની જે પદ્ધતિનો ખ્યાલ રાખવામાં આવેલો છે, તેનાથી અથવા મધ્યવર્તી સરકાર અને પ્રાંતો વચ્ચે કોઈક પ્રકારનો સંબંધ રહેવો જ જોઈએ એવા ખ્યાલથી હિંદી રાજપુરુષોએ બંધાઈ જવાની જરાયે જરૂર નથી." અખિલ હિંદના એક અખંડ સમવાયતંત્રના ખ્યાલને ચાલાકીથી ઉડાવી દઈ, પાકિસ્તાન અને દ્રવિડિસ્તાન વગેરે જેવા ભાતભાતના તરેહવાર ખ્યાલોને માટે આ રીતે રસ્તો મોકળો કરવાની પેરવી થતી દેખાય છે.

રાષ્ટ્રીય મહાસભા દ્વારા જ્યારે વધુમતીનું શાસન વ્યક્ત થયું, ત્યારે તે મુસ્લિમ લીગને ફાવ્યું નહીં.[૨] સરકારને પણ તે પરવડતું નથી. ૧૯૪૧ની સાલના નવેમ્બર માસની ૧૮મી તારીખે મિ. એમેરીએ જે ભાષણ કર્યું તેમાં મુસ્લિમ લીગની અને બ્રિટિશ સરકારની દૃષ્ટિનો કેવો મેળ ખાઈ ગયો છે, તે બરાબર સ્પષ્ટ રીતે તરી આવે છે:

> બ્રિટનની પાર્લામેન્ટની પદ્ધતિને ધોરણે ચાલેલા પ્રાંતિક સ્વરાજના અનુભવથી મુસ્લિમોને અને રજવાડાંઓને સાચી રીતે કે પછી ખોટી રીતે એવી પ્રતીતિ થઈ છે કે, તે લોકો એક કેન્દ્રમાંથી ચાલતા એવા કોઈ પણ શાસનતંત્રને તાબે રહી ન શકે, જેમાં વહીવટ ચલાવનારી કારોબારીને પાર્લામેન્ટના ધોરણની વધુમતી પર સીધો આધાર રાખવો પડતો હોય, કેમ કે (તેમને એમ લાગે છે કે) પ્રાંતિક સ્વરાજનો અનુભવ જો કંઈક દિશા બતાવતો હોય તો તેવી કારોબારી રાષ્ટ્રીય મહાસભાના સર્વોપરી અધિકારી મંડળની તાબેદારી ઉઠાવનારું એક આજ્ઞાધારક મંડળ જ થઈ રહેશે. (બાળબોધ અમે કરેલું છે.)

શ્રી. ઝીણાએ પ્રાંતિક સ્વરાજના અનુભવ પરથી જે બોધ તારવ્યો, તે જ મિ. એમેરીએ પણ તારવ્યો છે, અને તેથી તે બન્ને જણ પાર્લામેન્ટની પદ્ધતિની લોકશાહીમાંથી ફલિત થતા અનિવાર્ય પરિણામમાંથી બારી કાઢીને, હવે ગમે તેમ કરીને હવે છટકી જવા માગે છે.

---

૨. આને અંગે ઓરિસ્સા પ્રાંતમાં નવી રચાયેલી બિનમહાસભાવાદી સરકાર પ્રત્યે મુસ્લિમ લીગે ઉપકારની લાગણીથી જે તટસ્થતા રાખી છે, તેની સરખામણી તેના હમેશના લોકશાહીવિરોધી વલણ સાથે કરવા જેવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૩ જું

પાકિસ્તાન

ઇસ્લામના જ્ઞાનકોશમાં (૧૯૩૭ ની સાલમાં પ્રસિદ્ધ થયેલી પુરવણી નં. ૪ ના પાન ૧૭૪ પર) પાકિસ્તાન શબ્દની નીચે મુજબ સમજૂતી આપવામાં આવેલી છે :

"પાકિસ્તાનનો અર્થ થાય છે પાક લોકોની ભૂમિ. પાક — શુદ્ધ, સ્વચ્છ — શબ્દનો યથાર્થ તરજુમો અંગ્રેજી ભાષામાં થઈ શકે તેમ નથી કેમ કે, તેમાં એક મુસ્લિમની દૃષ્ટિથી જીવનમાં જે કંઈ ઉમદા અને પવિત્ર છે, તે સર્વનો સમગ્રપણે સમાવેશ થાય છે. પાકિસ્તાન નામનો ઉપયોગ — જો કે સરકારી રાહે નહીં — આજના હિંદના મુલકના વાયવ્ય પ્રદેશમાં આવેલા પાંચ મુસ્લિમ પ્રાંતોના પ્રદેશને માટે કરવામાં આવે છે, અને તે પ્રદેશના પંજાબ, અફઘાનિસ્તાન (વાયવ્ય સરહદનો પ્રાંત, જેના વતનીઓ મુખ્યત્વે અફઘાનો છે), કાશ્મીર, સિન્ધ અને બલુચિસ્તાન, એ પાંચ ઘટકોનાં નામોની અંગ્રેજી જોડણીમાંથી અક્ષરો લઈ, તે વિસ્તારમાં આવેલા સમગ્ર પ્રદેશને ઓળખાવવાને માટે, અને અસલ હિંદુસ્તાનથી તેની એક ઐતિહાસિક, રાષ્ટ્રીય તથા રાજકીય ઘટક તરીકેની સ્વતંત્ર હસ્તીને જાળવી રાખવાના આશયથી, પાકિસ્તાન રાષ્ટ્રીય પ્રવૃત્તિના પ્રણેતા શ્રી. સી. રહમત અલીએ ૧૯૩૩ની સાલમાં યોજ્યું હતું. . ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૪ થું

પત્રક ૧લું

ખનિજ નીપજ — ૧૯૩૬

(એક હજારનો એકમ ગણીને એકંદર ઊપજ સમજવાની છે.)

ખનિજ પદાર્થો	બ્રિટિશ હિંદ	પૂર્વ વિભાગનો પ્રદેશ	વાયવ્ય વિભાગનો પ્રદેશ	બંને વિભાગોનો સરવાળો	હિંદુસ્તાન
કોલસો	૨૦,૫૮૬	૬,૬૬૮	૧૬૦	૬,૮૨૮	૧૩,૭૫૮
પેટ્રોલ (ગેલન)	૬૯,૨૪૨	—	૪,૩૯૭	૪,૩૯૭	૬૪,૮૪૫
ક્રૂમાઈટ (ટન)	૨૮	—	૨૧	૨૧	૭
કાચું લોઢું (ટન)	૧,૩૭૬	—	—	—	૧,૩૭૬
કાચું મેન્ગેનીઝ	૬૨૫	—	—	—	૬૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રક ૨જું

મોસમી ઉદ્યોગો – ૧૯૩૭

ઉદ્યોગ	બ્રિટિશ હિંદ		પૂર્વ વિભાગનો પ્રદેશ		વાયવ્ય વિભાગનો પ્રદેશ		બંને વિભાગોનો સરવાળો		હિંદુસ્તાન	
	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો
અનાજ, પીણાં, તંબાકુ	૧,૨૮૬	૧,૪૪,૨૧૭	૨૮૨	૨૨,૮૩૨	૫૧	૩,૦૮૦	૩૩૩	૨૫,૯૧૨	૯૫૨	૧,૧૮,૩૦૫
રસાયણી પદાર્થો, રંગો વગેરે	૨૩	૨,૩૧૩	૧	૧૯૫	—	—	૧	૧૯૫	૨૨	૨,૧૧૮
કાગળ અને છાપકામ	—	—	—	—	—	—	—	—	—	—
કપાસ લોઢવાનાં જિન અને ગાંસડી બાંધવાનાં પ્રેસ	૧,૮૩૮	૧,૪૬,૯૦૯	૭૭	૧૯,૩૨૨	૪૧૭	૩૯,૩૪૫	૪૯૪	૫૮,૬૬૭	૧,૩૪૪	૮૮,૨૪૨
પરચૂરણ	૨૧	૯૮૧	—	—	૧૩	૪૫૭	૧૩	૪૫૭	૮	૫૨૪
એકંદર સરવાળો	૩,૧૬૮	૨,૯૪,૪૨૦	૩૬૦	૪૨,૩૪૯	૪૮૧	૪૨,૮૮૨	૮૪૧	૮૫,૨૩૧	૨,૩૨૭	૨,૦૯,૧૮૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રક ૩ જું

આખું વર્ષ ચાલુ રહેતા ઉદ્યોગો – ૧૯૩૭

ઉદ્યોગો	બ્રિટિશ હિંદ		પૂર્વ વિભાગનો પ્રદેશ		વાયવ્ય વિભાગનો પ્રદેશ		બંને વિભાગોનો સરવાળો		હિંદુસ્તાન	
	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો	સંખ્યા	રોકાયેલાં મજૂરો
કાપડ–સૂતર	૬૭૪	૮,૦૭,૫૨૭	૧૬૮	૩,૧૯,૨૫૨	૮૬	૧૦,૮૩૬	૨૫૪	૩,૩૦,૦૮૮	૪૨૦	૪,૭૭,૪૩૯
ઇજનેરી	૮૩૬	૨,૦૧,૩૦૧	૨૬૬	૭૮,૧૬૦	૯૭	૧૮,૯૪૯	૩૬૩	૯૭,૧૦૯	૪૭૩	૧,૦૪,૧૯૨
ખનિજ અને ધાતુઓ	૧૨૬	૫૦,૯૨૩	૧૦	૧૭,૪૪૨	૫૦	૨,૪૮૭	૬૦	૧૯,૯૨૯	૬૬	૩૦,૯૯૪
અનાજ, પીણાંઓ, તંબાકુ	૧,૨૪૯	૭૮,૬૪૫	૩૯૧	૨૩,૭૪૦	૮૪	૪,૬૯૬	૪૭૫	૨૮,૪૩૬	૭૭૪	૫૦,૨૦૯
રસાયણી પદાર્થો, રંગો વગેરે	૫૧૦	૫૩,૯૭૭	૧૦૧	૧૬,૩૭૪	૨૮	૨,૫૬૪	૧૨૯	૧૮,૯૩૮	૩૮૧	૩૫,૦૩૯
કાગળ અને છાપકામ	૪૪૬	૪૭,૮૯૨	૧૧૬	૧૬,૮૬૭	૪૧	૪,૨૩૯	૧૫૭	૨૧,૧૦૬	૨૮૯	૨૬,૭૮૬
લાકડું, કાચ અને પથ્થર વગેરે પર થતું કામ	૩૧૪	૪૦,૮૧૧	૫૦	૭,૦૭૩	૨૩	૩,૦૫૩	૭૩	૧૦,૧૨૬	૨૪૧	૩૦,૬૮૫
કપાસ લોઢવાનાં જિન અને ગાંસડીઓ બાંધવાનાં પ્રેસ	૧૮૪	૨૭,૬૪૯	૩૩	૧૯,૫૬૩	૪	૧૮૮	૩૭	૧૯,૭૫૧	૧૪૭	૭,૮૯૮
કાચાં ચામડાં અને જનાવરોની ખાલ પર થતું કામ	૪૩	૧૧,૮૧૬	૮	૩,૫૩૧	૩	૧૩૫	૧૧	૩,૬૬૬	૩૨	૮,૧૫૦
પરચૂરણ	૧૫૫	૪૪,૩૫૩	૫૪	૧૯,૦૯૯	૨૭	૭,૫૦૩	૧૮	૨૬,૬૦૨	૭૪	૧૭,૭૫૧
એકંદર સરવાળો	૪,૫૩૭	૧૩,૬૪,૮૯૪	૧,૧૯૭	૫,૨૧,૧૦૧	૪૪૩	૫૪,૬૫૦	૧,૬૪૦	૫.૭૫,૭૩૧	૨,૮૯૭	૭,૮૯,૧૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રક ૪ થું

જમીનના ક્ષેત્રફળનું વર્ગીકરણ — ૧૯૩૬ – ૧૯૩૭

(એકર ૧૦૦૦ ના એક એકમ લેખે)

પ્રદેશ	જંગલો	ખેતીને માટે કામમાં ન લઈ શકાય એવી	પડતર રાખવામાં આવેલી જમીન સિવાયના ખેતી થઈ શકે એવા ખરાબાઓ	ચાલુ પડતર	ચોખ્ખું ખેડાણ	કુલ ક્ષેત્રફળ
બ્રિટિશ હિંદ	૮૯,૧૭૩	૧,૫૫,૦૦૪	૧,૫૪,૩૦૨	૪૮,૬૩૮	૨,૩૧,૮૮૫	૬,૭૯,૦૦૨
પૂર્વ વિભાગનો પ્રદેશ	૮૨૦	૫,૩૪૫	૨,૭૮૯	૧,૯૪૦	૧૮,૪૯૧	૨૯,૪૫૭
વાયવ્ય વિભાગનો પ્રદેશ	૨,૨૭૫	૨૩,૨૫૩	૨૦,૧૮૮	૭,૫૭૭	૨૨,૨૨૬	૭૫,૭૧૭
બંને વિભાગોનો સરવાળો	૩,૦૯૫	૨૮,૫૯૮	૨૨,૯૭૭	૯,૫૧૭	૩૦,૭૧૭	૧,૦૫,૧૭૪
હિંદુસ્તાન	૮૬,૦૭૮	૧,૨૬,૪૦૬	૧,૩૧,૩૨૫	૩૯,૧૨૧	૧,૯૧,૧૬૮	૫,૭૩,૮૨૮

પત્રક ૫ મું

પ્રદેશ	જંગલો	ખેતીને માટે કામમાં ન લઈ શકાય એવી	પડતર રાખવામાં આવેલી જમીન સિવાયના ખેતી થઈ શકે એવા ખરાબાઓ	ચાલુ પડતર	ચોખ્ખું ખેડાણ	કુલ ક્ષેત્રફળ
બ્રિટિશ હિંદ	૮૯,૧૭૩	૧,૫૫,૦૦૪	૧,૫૪,૩૦૨	૪૮,૬૩૮	૨,૩૧,૮૮૫	૬,૭૯,૦૦૨
પૂર્વ વિભાગનો પ્રદેશ	૪,૪૫૫	૯,૬૯૨	૫,૯૫૦	૪,૬૯૧	૨૪,૪૬૬	૪૯,૨૫૫
વાયવ્ય વિભાગનો પ્રદેશ	૩,૦૪૬	૨૯,૩૫૦	૨૨,૭૩૧	૮,૭૩૬	૩૪,૯૩૫	૯૮,૭૮૦
બંને વિભાગોનો સરવાળો	૭,૫૦૧	૩૯,૦૪૨	૨૮,૬૬૩	૧૩,૪૨૭	૫૯,૪૦૧	૧,૪૮,૦૩૫
હિંદુસ્તાન	૮૧,૬૭૨	૧,૧૫,૯૬૨	૧,૨૫,૬૩૯	૩૫,૨૧૧	૧,૭૨,૪૮૪	૫,૩૦,૯૬૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રક ૬ ઠ્ઠું

જુદાં જુદાં તૂલ અને તેમનું ક્ષેત્રફળ — ૧૯૩૬ - ૧૯૩૭

(એકર ૧૦૦૦ ના એક એકમ લેખે)

	અનાજ					તેલી બિયાં	ખાંડ	રેસાઓવાળી વનસ્પતિ		
પ્રદેશ	ડાંગર	ઘઉં	કુમ્બુ અથવા બાજરી	ચણા (કઠોળ)	કુલ	કુલ	શેરડી	કપાસ	શણ	કુલ
બ્રિટિશ હિંદ	૬૯,૪૫૫	૨૫,૨૫૦	૧૧,૪૫૧	૧૫,૭૯૬	૨,૦૪,૦૩૬	૧૭,૭૯૪	૪,૨૮૫	૧૫,૩૫૭	૨,૫૪૦	૧૮,૬૫૮
પૂર્વ વિભાગનો પ્રદેશ	૧૬,૭૧૮	૧૩૩	—	—	૧૮,૨૧૬	૮૯૬	૨૬૬	—	૧,૯૬૨	૨,૦૦૨
વાયવ્ય વિભાગનો પ્રદેશ	૧,૧૮૨	૮,૨૫૭	૨,૦૬૬	૨,૦૭૭	૧૭,૮૩૯	૯૨૯	૨૯૫	૩,૦૬૨	—	૩,૦૮૧
બંને વિભાગોનો સરવાળો	૧૭,૯૦૦	૮,૩૯૦	૨,૦૬૬	૨,૦૭૭	૩૬,૦૫૫	૧,૮૨૫	૫૬૧	૩,૦૬૨	૧,૯૬૨	૫,૦૮૩
હિંદુસ્તાન	૪૫,૨૪૧	૧૬,૮૬૦	૯,૩૮૫	૧૩,૭૧૯	૧,૬૭,૯૮૧	૧૫,૯૬૯	૩,૭૨૪	૧૨,૨૯૫	૫૭૮	૧૩,૫૭૫

પત્રક ૭ મું

	અનાજ					તેલી બિયાં	ખાંડ	રેસાઓવાળી વનસ્પતિ		
પ્રદેશ	ડાંગર	ઘઉં	કુમ્બુ અથવા બાજરી	ચણા (કઠોળ)	કુલ	કુલ	શેરડી	કપાસ	શણ	કુલ
બ્રિટિશ હિંદ	૬૯,૪૫૫	૨૫,૨૫૦	૧૧,૪૫૧	૧૫,૭૯૬	૨,૦૪,૦૩૬	૧૭,૭૯૪	૪,૨૮૫	૧૫,૩૫૭	૨,૫૪૦	૧૮,૬૫૮
પૂર્વ વિભાગનો પ્રદેશ	૨૧,૯૯૩	૧૫૦	૨	૨૪૨	૨૩,૭૨૫	૧,૧૦૧	૩૫૫	. ૫૮	૨,૧૫૫	૨,૨૫૫
વાયવ્ય વિભાગનો પ્રદેશ	૨,૨૨૧	૧૧,૩૯૬	૩,૭૮૧	૫,૧૩૮	૨૮,૬૩૪	૧.૪૪૭	૬૨૬	૩,૮૨૪	—	૩,૮૭૭
બંને વિભાગોનો સરવાળો	૨૪,૨૧૪	૧૧,૫૪૬	૩,૭૮૩	૫,૩૮૦	૫૨,૩૫૯	૨,૫૪૮	૯૮૧	૩,૮૮૨	૨,૧૫૫	૬,૧૩૨
હિંદુસ્તાન	૪૫,૨૪૧	૧૩,૭૦૪	૭,૬૬૮	૧૦,૪૧૬	૧,૫૧,૬૭૭	૧૫,૨૪૬	૩.૩૦૪	૧૧,૪૭૫	૩૮૫	૧૨,૫૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રક ૮ મું

પ્રાંત	પ્રાંતિક સાધનોમાંથી પ્રાંતિક સરકારોને થતી આવક રૂપિયા	મધ્યસ્થ સરકારને મળેલાં સાધનોમાંથી તેને થતી આવક રૂપિયા
મદ્રાસ	૧૬,૧૩,૪૪,૫૨૦	૯,૫૩,૨૬,૭૪૫
મુંબઈ	૧૨,૪૪,૫૯,૫૫૩	૨૨,૫૩,૪૪,૨૪૭
બંગાળ	૧૨,૭૬,૬૦,૮૯૨	૨૩,૭૯,૦૧,૫૮૩
યુક્ત પ્રાંત	૧૨,૭૯,૯૯,૮૫૧	૪,૦૫,૫૩,૦૩૦
બિહાર	૫,૨૩,૮૩,૦૩૦	૧,૫૪,૩૭,૭૪૨
મધ્ય પ્રાંત અને વરાડ	૪,૨૭,૪૧,૨૮૦	૩૧,૪૨,૬૮૨
આસામ	૨,૫૮,૪૮,૪૭૪	૧,૮૭,૫૫,૯૬૭
ઓરિસ્સા	૧,૮૧,૯૯,૮૨૩	૫,૬૭,૩૪૬
પંજાબ	૧૧,૩૫,૮૬,૩૫૫	૧,૧૮,૦૧,૩૮૫
વાયવ્ય સરહદનો પ્રાંત	૧,૮૦,૮૩,૫૪૮	૯,૨૮,૨૯૪
સિંધ	૩,૭૦,૨૯,૩૫૪	૫.૬૬,૪૬,૯૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયને લગતાં પુસ્તકો

જે પુસ્તકોનાં નામ આગળ * નિશાની છે, તેમાંથી કોમી સવાલને અંગેની વધારે ટૂંકાણમાં અને સીધી માહિતી મળશે.

*** અલ હમઝા**

પાકિસ્તાન — એ નેશન (પાકિસ્તાન — એક રાષ્ટ્ર)

*** અહમદ જમાલુદ્દીન**

ધિ ઇન્ડિયન કૉન્સ્ટિટ્યૂશનલ ટૅંગલ (હિંદી રાજ્યબંધારણનું કોકડું)

*** આંબેડકર, બી. આર.**

થૉટ્સ ઑન પાકિસ્તાન (પાકિસ્તાન વિષે વિચારો)

*** ઇન્દ્ર પ્રકાશ**

ધિ હિસ્ટરી ઑફ હિન્દુ મહાસભા (હિન્દુ મહાસભાનો ઇતિહાસ)

ઈશ્વરી પ્રસાદ

હિસ્ટરી ઑફ મુસ્લિમ રૂલ ઇન ઇન્ડિયા (હિન્દના મુસ્લિમ શાસનનો ઇતિહાસ)

ઍક્ટન, લૉર્ડ

હિસ્ટરી ઑફ ફ્રીડમ ઍન્ડ અધર એસેઝ (સ્વતંત્રતાનો ઇતિહાસ અને બીજા નિબંધો)

ઑસબૉર્ન, આર.

ધિ સાયકૉલૉજી ઑફ રિઍક્શન (પ્રગતિવિરોધનું માનસ)

કરંદીકર

ગાંધી–મુસ્લિમ કૉન્સ્પિરસી (ગાંધી–મુસ્લિમ કાવતરું)

કરંદીકર, એસ. એલ

પાકિસ્તાનચેં સંકટ (મરાઠી) (પાકિસ્તાનની આફત)

કુમિંગ, સર જૉન (સં.)

રિવીલિંગ ઇન્ડિયાઝ પાસ્ટ (હિન્દના ભૂતકાળનું દર્શન)

*** કૃષ્ણ કે. આર.**

ધિ પ્રૉબ્લેમ ઑફ માઇનૉરિટીઝ ઇન ઇન્ડિયા (હિન્દની લઘુમતી કોમોનો પ્રશ્ન)

કે, સર જૉન અને માલેસન, કર્નલ જી. બી.

હિસ્ટરી ઑફ ધિ ઇન્ડિયન મ્યુટિની–૬ વૉ. (હિન્દી બળવાનો ઇતિહાસ–૬ ભાગ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રેનેડી, ડબલ્યુ. પી. એમ.
એસેઝ ઇન કૉન્સ્ટિટ્યૂશનલ લૉ (રાજબંધારણના કાયદા વિષે નિબંધો)

*** કૈલાસચન્દ્ર**
ધિ ટ્રૅજેડી ઑફ ઝીણા (ઝીણા, એક કરુણ કથા)

ક્રોટમૅન, જે.
ઇયર્સ ઑફ ડેસ્ટિની — ઇન્ડિયા, ૧૯૨૬–૧૯૩૨ (ભાવીનાં વર્ષો — હિન્દ, ૧૯૨૬–૩૨)

કૉટન, સર હેન્રી
ઇન્ડિયા, ઓલ્ડ ઍન્ડ ન્યુ (હિન્દ, નવું અને જૂનું)

કૉબન આલ્ફ્રેડ
ડિક્ટેટરશિપ (સરમુખત્યારશાહી)

***કૌણ્ડિન્ય**
ફેડરેશન ઓર પાર્ટિશન ? (સમવાયતંત્ર કે મુલકની વહેંચણી ?)

ક્રોસમૅન, આર. એચ. એસ.
ધિ ગવર્ન્મેન્ટ ઍન્ડ ધિ ગવર્ન્ડ (શાસક અને શાસિત)

ગાડગીલ, ડી. આર.
ઇન્ડસ્ટ્રીયલ એવૅાલ્યુશન ઇન ઇંડિયા (હિંદમાં ઔદ્યોગિક વિકાસ)

ગાંધી, એમ. કે.
હિન્દ સ્વરાજ (અંગ્રેજી)
'યંગ ઇન્ડિયા'

ગુરુમુખ નિહાલસિંઘ
લૅન્ડમાર્ક્સ ઇન ઇન્ડિયન કૉન્સ્ટિટ્યૂશનલ ઍન્ડ નૅશનલ ડૅવેલપમૅન્ટ (હિન્દી રાજબંધારણના અને રાષ્ટ્રીય વિકાસના સીમાસ્તંભો)

ગૅરેટ જી. ટી.
લિગસી ઑફ ઇન્ડિયા (હિન્દનો વારસો)

ગૅરેટ, જી. ટી. અને થૉમ્સન ઍડવર્ડ
રાઈઝ ઍન્ડ ફુલફિલમૅન્ટ ઑફ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા (હિંદમાં બ્રિટિશ અમલનો ઉદય અને તેની સાર્થકતા)

ગ્રેહામ, લેફ. ક. જી. એફ. આઈ.
ધિ લાઈફ ઑફ સર સૈયદ અહમદ ખાન (સર સૈયદ અહમદ ખાનનું ચરિત્ર)

ગ્રેહામ પોલ, મેજર ડી. અને શિવરાવ, બી.
ધિ પ્રૉબ્લેમ ઑફ ઇંડિયા (હિન્દનો કોયડો)

ઘુર્યે, જી. એસ.
કાસ્ટ ઍન્ડ રેસ ઇન ઇન્ડિયા (હિન્દમાં જ્ઞાતિ અને જાતિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*ચક્રવર્તી, અતુલાનંદ
હિન્દુઝ ઍન્ડ મુસલમાન્સ ઑફ ઇન્ડિયા (હિન્દના હિન્દુઓ અને મુસલમાનો)
ચિન્તામણિ, સી. વાય.
ઇન્ડિયન પૉલિટિક્સ સિન્સ ધિ મ્યુટિની (હિન્દનું બળવા પછીનું રાજકારણ)
ચિન્તામણિ, સી. વાય. અને મસાણી, એમ. આર.
ઇન્ડિયાઝ કૉન્સ્ટિટ્યૂશન ઍટ વર્ક (હિન્દી રાજબંધારણનો અમલ)
ચીઝની, કર્નલ જી. સી.
ઇન્ડિયન પૉલિટી (હિન્દી રાજ્યવ્યવસ્થા)
ચૅકોટિન, સર્જ
ધિ રેપ ઑફ ધિ માસીઝ (આમજનતા પર અત્યાચાર)
ચૌધરી, નીરદ સી.
ધિ ડિફેન્સ ઑફ ઇન્ડિયા (હિન્દનું સંરક્ષણ)
જાવડેકર, એસ. ડી.
આધુનિક ભારત (મરાઠી)
ઝફર, એસ. એન.
સમ કલ્ચરલ આસ્પેક્ટ્સ ઑફ મુસ્લિમ રૂલ ઇન ઇન્ડિયા (હિન્દના મુસ્લિમ-શાસનનાં કેટલાંક સાંસ્કૃતિક અંગો)
ઝાકી અલી
ઇસ્લામ ઍન્ડ ધિ વર્લ્ડ (ઇસ્લામ અને જગત)
*ઝીણા, એમ. એ.
ઈન્ડિયાઝ પ્રૉબ્લેમ ઑફ હર ફ્યુચર કૉન્સ્ટિટ્યૂશન (હિન્દનો પોતાના ભાવી રાજબંધારણનો સવાલ)
*ઝીણા–નેહરુ
કૉરસપૉન્ડન્સ (પત્રવહેવાર)
ટાગોર, રવીન્દ્રનાથ
નૅશનૅલિઝમ (રાષ્ટ્રવાદ)
ટૉરેન્સ, ડબલ્યુ. એમ.
એમ્પાયર ઇન એશિયા (એશિયામાં સામ્રાજ્ય)
ડાઈસી, એ. વી.
લૉ ઍન્ડ પબ્લિક ઓપિનિઅન ઇન ઇંગ્લંડ ડ્યુરિંગ ધિ નાઈન્ટીન્થ સૅન્ચ્યુરી (ઓગણીસમા સૈકા દરમિયાન ઇંગ્લંડમાં કાયદા કાનૂન અને પ્રજામત)
ડ્રકર, પિટર
ધિ ઍન્ડ ઑફ ઇકૉનૉમિક મૅન (કેવળ અર્થપ્રેરિત માનવનો અંત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાચન્દ

ઇન્ફ્લુઅન્સ ઑફ ઇસ્લામ ઑન ઇન્ડિયન કલ્ચર (ભારતીય સંસ્કૃતિ પર ઇસ્લામની અસર)

***તુફૈલ અહમદ માંગલોરી, મૌલાના સૈયદ**

મુસલમાનોંકા રોશન મુસ્તકબીલ (મુસલમાનોનું ઉજ્જવળ ભાવી)

થૉમ્સન, એડવર્ડ

એનલિસ્ટ ઇન્ડિયા ફૉર ફ્રીડમ! (હિન્દને સ્વાતંત્ર્યના યુદ્ધ માટે ભરતી કરો!)

ધિ અધર સાઇડ ઑફ ધિ મેડલ (ઢાલની બીજી બાજુ)

જુઓ : ગૅરેટ

થૉરબર્ન, એસ. એસ.

મુસલમાન્સ ઍન્ડ મની લેન્ડર્સ ઇન ધિ પંજાબ (પંજાબના મુસલમાનો અને તેમના શાહુકારો)

દત્ત, આર. સી.

ઇન્ડિયા ઇન ધિ વિક્ટોરિયન એજ (વિક્ટોરિયાના જમાનાનું હિન્દ)

દત્ત, આર. પામ

ઇન્ડિયા ટુડે (આજનું હિન્દ)

દલાલ, એમ. એન.

વિધર માઇનૉરિટીઝ ? (લઘુમતી કોમો કયે રસ્તે ?)

દેસાઈ, મહાદેવ

મૌલાના અબુલ કલામ આઝાદ (અંગ્રેજી)

નટેશન, જી. એ. (સં.)

એમિનન્ટ મુસલમાન્સ (નામાંકિત મુસલમાનો)

નદવી, મૌલાના સૈયદ સુલેમાન

અરબ ઔર ભારત કે સંબંધ (હિન્દી)

નેહરુ, જવાહરલાલ

ઑટોબાયૉગ્રાફી (આત્મકથા)

એઇટીન મન્થ્સ ઇન ઇન્ડિયા (હિન્દમાં અઢાર માસ)

ગ્લિમ્પ્સિઝ ઑફ વર્લ્ડ હિસ્ટરી (જગતના ઇતિહાસનું રેખાદર્શન)

રિસન્ટ એસેઝ ઍન્ડ રાઇટિંગ્ઝ (હમણાંનાં નિબંધો અને લખાણો)

ધિ યુનિટી ઑફ ઇન્ડિયા (હિન્દની એકતા)

*જુઓ : ઝીણા

પનિક્કર, કે. એમ.

કાસ્ટ ઍન્ડ ડેમૉક્રસી (જ્ઞાતિવ્યવસ્થા અને લોકશાહી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*પંજાબી
ધિ કૉનફિડરસી ઑફ ઇન્ડિયા (હિન્દનો સમવાયી રાજ્યસંઘ)

પ્રિટ, ડી. એન.
મસ્ટ ધિ વૉર સ્પ્રેડ ? (શું યુદ્ધ બધે ફેલાવું જ જોઈએ ?)

પ્રુદોમ
યુને પ્રિન્સિપ ફેદરેતિફ (ફ્રેન્ચ)

બસુ, મેજર બી. ડી.
રાઈઝ ઑફ ધિ ક્રિશ્ચિયન પાવર ઇન ઇન્ડિયા (હિન્દમાં ખ્રિસ્તી સત્તાનો ઉદય)

બારકર, અર્નેસ્ટ
નૅશનલ કૅરેક્ટર (રાષ્ટ્રીયતાનાં લક્ષણો)

બુચાન, જૉન
લૉર્ડ મિન્ટો (અંગ્રેજી)

બુચાનન, ડી. એચ.
ધિ ડેવલમેન્ટ ઑફ કૅપિટૅલિસ્ટ એન્ટરપ્રાઈઝ ઇન ઇન્ડિયા (હિંદમાં મૂડીવાદી સાહસનો વિકાસ)

*બેનીપ્રસાદ
હિંદુ-મુસ્લિમ ક્વેશ્ચન્સ (હિંદુ-મુસ્લિમ પ્રશ્નો)

બેસન્ટ, ઍની
હાઉ ઇન્ડિયા રૉટ ફૉર ફ્રીડમ (હિન્દી સ્વાતંત્ર્યનું ઘડતર)

બોવેન, એચ. સી.
મહોમડૅનિઝમ ઇન ઇન્ડિયા (હિન્દમાં ઇસ્લામ)

મજમુદાર, અંબિકાચરણ
ઇન્ડિયન નૅશનલ એવોલ્યુશન (હિંદી રાષ્ટ્રીયતાનો વિકાસ)

મરી, જે. મિડલટન
ધિ ડિફેન્સ ઑફ ડેમોક્રસી (લોકશાહીના બચાવમાં)

*મિરઝા, અખતર હુસેન
તારીખ-ઇ-મુસ્લિમ લીગ (ઉર્દૂ) (મુસ્લીમ લીગની તવારીખ)

*મિરઝા, બાકરઅલી
ધિ હિંદુ-મુસ્લિમ પ્રૉબ્લેમ (હિંદુ-મુસ્લિમ પ્રશ્ન)

મસાણી, એમ. આર.
જુઓ : ચિન્તામણિ

*મહમદ અલી, મૌલાના
પ્રેસિડૅન્શિયલ ઍડ્રેસ, ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ, કોકનદ (હિંદી રાષ્ટ્રીય મહાસભાના કોકનદ અધિવેશનના પ્રમુખ તરીકેનું ભાષણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*મહમદ, મિરઝા
મુસલમાન-ઇ-હિંદકી હયાતી સિયાસી (ઉર્દૂ) (મુસ્લિમ હિંદનું આધુનિક રાજકારણ)

મહેતા, અશોક
ઇન્ડિયન શિપિંગ — એ કેસસ્ટડી ઑફ ધિ વર્કિંગ ઑફ ઇમ્પિરિયેલિઝમ (હિંદનું વહાણવટું — સામ્રાજ્યવાદની કરણીનો એક દાખલો)

માલેસન, કર્નલ જી. બી.
જુઓ : કે

મિલ, જે. એસ.
કનસિડરેશન્સ ઑફ રેપ્રેઝેન્ટેટિવ ગવર્ન્મેન્ટ (લોકોના પ્રતિનિધિઓથી ચાલતા શાસન વિષે વિચારો)

મૅકડોનાલ્ડ, રામ્સે
ધિ અવેકનિંગ ઑફ ઇન્ડિયા (હિંદની જાગૃતિ)

મૅકમુન, સર જ્યૉર્જ
જુઓ : લોવેટ

મૅકાર્ટની, સી. એ.
નૅશનલ સ્ટેટ્સ ઍન્ડ નૅશનલ માઇનોરિટીઝ (રાષ્ટ્રીય રાજ્યો અને રાષ્ટ્રીય લઘુમતીઓ)

મૅઝિની, જી.
ઇટાલી, ઑસ્ટ્રિયા ઍન્ડ ધિ પૅપસી (ઇટાલી, ઑસ્ટ્રિયા અને પોપની હકૂમત)
ફેઈથ ઍન્ડ ધિ ફ્યુચર (શ્રદ્ધા અને ભાવી)

મૅનશાર્ટ, કિલફર્ડ
ધિ હિન્દુ-મુસ્લિમ પ્રૉબ્લેમ (હિન્દુ-મુસ્લિ પ્રશ્ન)

મૉરલી, વાઈકાઉન્ટ
રિફ્લેક્શન્સ વૉ. ૨ (સંસ્મરણો ભા. ૨)

*મોરેસ, ઍફ. આર.
પ્રમોશન ઑફ ઇન્ટર કોમ્યુનલ ગુડવિલ ઍન્ડ હાર્મની ઇન ઇન્ડિયા (હિંદમાં કોમી ભાઈચારાની ભાવનાની અને કોમી મેળની ખિલવણી)

યુસુફઅલી, એ.
કલ્ચરલ હિસ્ટરી ઑફ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા (હિંદના બ્રિટિશ અમલનો સાંસ્કૃતિક ઇતિહાસ)

*રહમત, અલી
કૉન્ત્રિબ્યૂશન એલ એતુદ દુ કૉન્ફ્લિકત હિંદુ-મુસલમાન (ફ્રેન્ચ) (હિંદુ-મુસ્લિમ પ્રશ્નના નિરાકરણમાં એક ફાળો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

***રાજેન્દ્રપ્રસાદ**

પાકિસ્તાન (અંગ્રેજી)

રિપોર્ટ ઓફ ઇન્ડિયન કૉન્સ્ટિટ્યૂશનલ રિફોર્મ્સ–૧૯૧૯ (હિંદી રાજબંધારણના સુધારાઓનો હેવાલ–૧૯૧૯)

રિપોર્ટ ઑફ ધિ ઇન્ડિયન સ્ટૅચ્યુટરી કમિશન (સાયમન કમિશન) (સાયમન કમિશનનો હેવાલ)

રિપોર્ટ ઑફ ધિ ઑલ પાર્ટીઝ કૉન્ફરન્સ (નેહરુ રિપોર્ટ) (સર્વ પક્ષીય પરિષદનો હેવાલ)

રિપોર્ટ ઑફ ધિ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (પાર્લામેન્ટની સંયુક્ત સમિતિનો હેવાલ)

રિપોર્ટ ઑફ ધિ સિડીશન કમિટી (રોલેટ રિપોર્ટ) (રાજદ્રોહના ગુનાને અંગે તપાસ કરવાને નિમાયેલી સમિતિનો હેવાલ–રોલેટ રિપોર્ટ)

રેનાં

દિસ્કોર્સ એત કૉન્ફરન્સ (ફ્રેન્ચ) (ભાષણો અને ચર્ચાઓ)

રેનોલ્ડ્ઝ, રેજિનોલ્ડ

ધિ વ્હાઇટ સાહિબ્ઝ ઇન ઇન્ડિયા (હિંદમાં વસતા ગોરા સાહેબો)

રોનાલ્ડશે, ધિ અર્લ ઑફ

ધિ લાઈફ ઑફ લૉર્ડ કર્ઝન – વૉ. ૨ (લૉર્ડ કર્ઝનનું ચરિત્ર ભા. – ૨ જો)

રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનેશનલ એફેર્સ

નૅશનૅલિઝમ (રાષ્ટ્રવાદ)

રૉય સ્મિથ, વિલિયમ

નૅશનૅલિઝમ ઍન્ડ રિફૉર્મ ઇન ઇન્ડિયા (હિંદમાં રાષ્ટ્રવાદ અને રાજકીય સુધારાઓ)

રૉશનિંગ, હરમેન

ધિ રેવોલ્યુશન ઑફ ડિસ્ટ્રક્શન (ઉચ્છેદક ક્રાન્તિ)

હિટલર સ્પીક્સ! (હિટલર ઉવાચ!)

***લતીફ, અબ્દુલ**

ધિ મુસ્લિમ પ્રૉબ્લેમ ઇન ઇન્ડિયા (હિંદનો મુસ્લિમ પ્રશ્ન)

લિપ્સન, ઈ.

યુરોપ ઇન ધિ નાઈન્ટીન્થ સેન્ચુરી (ઓગણીસમા સૈકાનું યુરોપ)

લાસ્કી, એચ. જે.

ડેન્જર્સ ઑફ બીઈંગ એ જેન્ટલમૅન (સદ્‌ગૃહસ્થ થવાનાં જોખમ)

એ ગ્રામર ઑફ પૉલિટિક્સ (રાજ્યશાસ્ત્રનું વ્યાકરણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોવેલ, સર વર્નોન અને મેકમુન, સર જ્યૉર્જ
ધિ આર્મીઝ ઑફ ઇન્ડિયા (હિંદનાં સૈન્યો)

***વિન્ટ, ગાય**
જુઓ : શુસ્ટર

વુલ્ફ, લ્યુશિયેન
લાઈફ ઑફ લૉર્ડ રિપન વૉ. ૨ (લૉર્ડ રિપનનું ચરિત્ર – ભા. ૨ જો)

શર્મા, શ્રીરામ
ધિ રિલિજિયસ પૉલિસી ઑફ ધિ મુગલ એમ્પરર્સ (મોગલ બાદશાહોની ધર્મ વિષયક નીતિ)

શિવરાવ, બી.
જુઓ : ગ્રેહામ પોલ

શુસ્ટર, સર જ્યૉર્જ અને વિન્ટ, ગાય
ઇન્ડિયા એન્ડ ડેમોક્રસી (હિન્દ અને લોકશાહી)

શેલવણકર
ધિ પ્રૉબ્લેમ ઑફ ઇન્ડિયા (હિન્દનો પ્રશ્ન)

સીતારામૈયા, પટ્ટાભી
હિસ્ટરી ઑફ ધિ ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ (હિન્દી રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ)

સીલી, સર જૉન
ધિ એક્સપાન્શન ઑફ ઇંગ્લંડ (ઇંગ્લંડના સામ્રાજ્યનો વિસ્તાર)

***સેન, ધીરેન્દ્રનાથ**
ધિ પ્રૉબ્લેમ ઑફ મઇનૉરિટીઝ (લઘુમતી કોમોનો સવાલ)

સૅબાઈન, જી. એસ.
એ હિસ્ટરી ઑફ પૉલિટિકલ થિયરી (રાજકારણના સિદ્ધાન્તોનો ઇતિહાસ)

સૈયદ અહમદ ખાન, સર
કૉઝિઝ ઑફ ઇન્ડિયન રિવોલ્ટ (હિંદી બળવાનાં કારણો)
કલેક્ટેડ સ્પીચિઝ (સંગ્રહિત ભાષણો)

હક, ચૌધરી અફ્ઝલ
પાકિસ્તાન ઍન્ડ અનટચેબિલિટી (પાકિસ્તાન અને અસ્પૃશ્યતા)

હંટર, સર ડબ્લ્યુ. ડબ્લ્યુ.
ધિ ઇન્ડિયન મુસલમાન્સ (હિન્દી મુસ્લિમો)

હાલી, મૌલાના અલ્તાફ
હયાતે જાવિદ (ઉર્દૂ) (અમર જીવન – સર સૈયદ અહમદ ખાનનું જીવન ચરિત્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિટલર, ઍડોલ્ફ

મીં કાંફ (મારું જીવનકાર્ય)

હિલ, એચ. સી. (સં.)

બેંગાલ ઇન ૧૮૫૬–૫૭ (૧૮૫૬–૫૭નાં વરસોનું બંગાળ)

હેવેલ ઈ. બી.

હિસ્ટરી ઑફ આર્યન રૂલ ઇન ઇન્ડિયા (હિંદનાં આર્યશાસનનો ઇતિહાસ)

ઇન્ડિયન આરકિટેક્ચર (હિન્દી સ્થાપત્ય)

હોબસન, જે. એ.

ઇમ્પિરિયેલિઝમ (સામ્રાજ્યવાદ)

હોબહાઉસ એલ. ટી.

મેટાફિઝિકલ થિયરી ઑફ ધિ સ્ટેટ (રાજ્યસંસ્થા વિષેની આધ્યાત્મિક વિચારસરણી)

અનેક દૈનિક પત્રોની ફાઈલો ઉપરાંત અમે આ પ્રશ્નને અંગે 'હરિજન', 'મૉડર્ન રિવ્યૂ', 'ઇન્ડિયન રિવ્યૂ', અને 'હિન્દુસ્તાન રિવ્યૂ', એ બધાં સામાયિકોની ફાઈલોનો પણ ઉપયોગ કર્યો છે.

'ધિ ઇન્ડિયન એન્યુઅલ રજિસ્ટર' નામના અત્યંત ઉપયોગી પ્રકાશનમાંથી પણ અમને કીમતી સહાય મળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. રાજગોપાલાચારીની ઉકેલની યોજના

હિંદી રાષ્ટ્રીય મહાસભા અને અખિલ હિંદ મુસ્લિમ લીગની વચ્ચેની સમજૂતીના કરાર માટેની શરતોના પાયાના મુદ્દાઓ, જેમને વિષે ગાંધીજી અને શ્રી. ઝીણા સંમત થાય છે, અને જે કરાર મહાસભા તેમ જ લીગ પાસે મંજૂર કરાવવાને તે બંને જણ અનુક્રમે કોશિશ કરશે, તે નીચે પ્રમાણે છે:

(૧) નીચે રજૂ કરવામાં આવેલી સ્વતંત્ર હિંદના બંધારણને માટેની શરતોને માન્ય રાખીને, મુસ્લિમ લીગ હિંદની સ્વતંત્રતાની માગણીને ટેકો આપશે, અને વચગાળાના સમયને માટે કામચલાઉ વચગાળાની સરકાર રચવામાં રાષ્ટ્રીય મહાસભાની સાથે સહકાર કરશે. (નોંધ: વચગાળાનો સમય એટલે પૂર્ણ સ્વતંત્રતા સિદ્ધ થાય તે પૂર્વેનો સમય.)

(૨) યુદ્ધનો અંત આવે, તે પછી હિંદના વાયવ્ય અને પૂર્વ વિભાગોમાંથી ચોક્કસ મુસ્લિમ વધુમતીની વસ્તીવાળા, પાસે પાસે આવેલા જિલ્લાઓની સરહદો આંકવાને માટે એક કમિશન નીમવાનાં આવશે. આ પ્રમાણે આંકવામાં આવેલી સરહદોમાં સમાતા વિસ્તારોમાં વસતા સર્વ લોકોની બધી પુખ્ત ઉંમરની વ્યક્તિઓને મતાધિકાર આપીને, અથવા બીજી કોઈ વહેવારુ મતાધિકારની પદ્ધતિથી મતગણતરી કરવામાં આવશે, અને તે અનુસાર હિંદુસ્તાનમાંથી છૂટા પડવા અંગેના સવાલનો નિર્ણય કરવામાં આવશે. જો હિંદુસ્તાનથી અલગ સર્વોપરી સત્તા ધારણ કરનારું રાજ્ય સ્થાપવાની તરફેણમાં વધુમતી નિર્ણય આપશે, તો સરહદ પર આવેલા જિલ્લાઓના, બેમાંથી ગમે તે એક રાજ્યમાં રહેવાની પસંદગીના અધિકારને બાધ ન આવે તે રીતે તે નિર્ણય અમલમાં મૂકવામાં આવશે.

(૩) સમસ્ત વસ્તીની મતગણતરી થાય તે પૂર્વે પોતપોતાની દૃષ્ટિ રજૂ કરવાની સર્વે પક્ષોને છૂટ રહેશે.

(૪) જુદા પડવાનું નક્કી થાય, તો મુલકનો બચાવ, વેપાર, વહેવારનાં સાધનો અને બીજી આવશ્યક બાબતોને માટેની સલામતીઓની શરતો પરસ્પર સમજૂતીથી નક્કી કરવામાં આવશે.

(૫) વસ્તીની કોઈ પણ પ્રકારની ફેરબદલી લાગતાવળગતા લોકોની સંપૂર્ણ સ્વેચ્છાને ધોરણે થશે.

(૬) બ્રિટન તરફથી હિંદના શાસન માટેની સંપૂર્ણ સત્તા અને જવાબદારીની ફેરબદલી કરવામાં આવશે, તો જ આ શરતો બંધનકર્તા ગણાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હિંદી રાજ્યસંઘમાં) પ્રાન્તોના ન જોડાવાના અધિકાર વિષે રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિનો

ઠરાવ

"કોઈ પણ એક પ્રાન્ત પોતાની ઇચ્છા ન હોય તો (હિંદી રાજ્ય-સંઘમાં) ન જોડાય, એ જાતનો નવાઈભરેલો સિદ્ધાન્ત આગળથી સ્વીકારી લેવામાં આવેલો હોવાથી, હિંદની એકતાના ખ્યાલને ભારે ફટકો પડચો છે, અને ટંટો જગાડનારા એ સિદ્ધાન્તને કારણે પ્રાન્તોમાં નાના તરેહની મુશ્કેલીઓ વધશે એમ લાગે છે. વળી એ સિદ્ધાન્તને લીધે હિંદનાં દેશી રજવાડાંઓને હિંદી રાજ્યસંઘમાં સમાઈ જવામાં બીજી નવી મુશ્કેલીઓ ઊભી થાય, એવો પણ સંભવ રહે છે. હિંદી રાષ્ટ્રીય મહાસભા હિંદની મુક્તિ અને હિંદની એકતાના ધ્યેયને વરેલી છે, અને જે આધુનિક દુનિયામાં લોકોનાં દિલ અનિવાર્ય રીતે વધારે ને વધારે વ્યાપક સમવાયી રાજ્યતંત્રોની દૃષ્ટિ તરફ વળતાં થયાં છે, તે દુનિયામાં હિંદની એકતામાં ખંડ પાડવાનો ખ્યાલ લાગતાવળગતા બધા લોકોને નુકસાનકારક થાય તેવો અને વિચારતાં કષ્ટ થાય તેવો છે. આમ છતાં, કોઈ પણ એક પ્રાદેશિક એકમના લોકોને તેમના જાહેર થયેલા અને સ્પષ્ટ રીતે સ્થાપિત થયેલા સંકલ્પની વિરુદ્ધ જઈને હિંદી રાજ્યસંઘમાં બળજરીથી રાખવાનો વિચાર આ સમિતિ કરી શકતી નથી. આ ધોરણ સ્વીકાર્યા પછી પણ આ સમિતિને એમ લાગે છે કે, જુદા જુદા એકમોને એક સમાન અને સહકારભરેલું રાષ્ટ્રીય જીવન વિકસાવવામાં મદદરૂપ થાય, એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની બધી કોશિશ થવી જોઈએ. એ સિદ્ધાંતનો સ્વીકાર કરવાની વાતમાંથી એવું અનિવાર્યપણે ફલિત થાય છે કે, આજે એવા કોઈ પણ ફેરફારો ન કરવા, જેથી નવી મુશ્કેલીઓ ઊભી થાય, અને તે તે પ્રદેશોના મોટા મોટા સમુદાયો પર (તેમને હિંદી રાજ્યસંઘમાં રાખવાને માટે) બળજબરી કરવાનો પ્રસંગ આવે."

—અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિનો તા. ૨૭ એપ્રિલનો સર સ્ટેફર્ડ ક્રિપ્સને મોકલી આપવામાં આવેલો ઠરાવ. આ ઠરાવ ૧૯૪૨ની સાલના એપ્રિલ માસની ૧૦ તારીખે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવાને માટે આપવામાં આવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધી — ઝીણા પત્રવહેવાર

[ગાંધીજી અને શ્રી. મહમદઅલી ઝીણા વચ્ચે એકંદરે ચૌદ મુલાકાતો મુંબઈ મુકામે થઈ હતી. તે પૈકીની પહેલી ૧૯૪૪ની સાલના સપ્ટેમ્બર માસની ૯મી તારીખે, અને છેલ્લી તે જ માસની ર૭મી તારીખે થઈ. પહેલાં એવું નક્કી થયું હતું કે, બન્ને આગેવાનોએ ૧૯મી ઑગસ્ટને દિવસે મળવું, પણ શ્રી. ઝીણાની માંદગીને કારણે તે તારીખ બદલવી પડી હતી. તેમની વચ્ચે થયેલી મુલાકાતો બહુ ખુલ્લા દિલની અને મૈત્રીભરેલી થઈ હતી, એમ જણાવવામાં આવ્યું છે. મુલાકાતો ચાલતી હતી તે દરમ્યાન તેમણે પત્રવહેવાર પણ કર્યો હતો. તે પત્રવહેવાર સપ્ટેમ્બર માસની ર૭મી તારીખે છાપાંઓમાં પ્રસિદ્ધ કરવાને માટે આપવામાં આવ્યો હતો. તે આખો પત્રવહેવાર નીચે આપવામાં આવેલો છે.]

૧

સપ્ટેમ્બર ૧૦, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

ગઈ કાલે (તા. ૯ સપ્ટેમ્બરે) આપણા બે વચ્ચે જે વાતચીતો થઈ તે ઉપરથી હું એમ સમજ્યો છું કે, તમે મારી સાથે હિન્દુ-મુસ્લિમ પ્રશ્નના નિરાકરણની, એક વ્યક્તિ તરીકે, નહીં કે હિન્દુઓના કે રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિના દરજ્જાથી ચર્ચા કરવા માગો છો. વળી હું એમ પણ સમજ્યો છું કે, તમે એવા પ્રતિનિધિત્વનો અધિકાર મેળવ્યો નથી, એટલે કુદરતી રીતે જ મેં એ વાત તમારા ધ્યાન પર આણી કે, મારી સાથે મસલત કરવાને માટે, અને બની શકે તો હિન્દુ-મુસ્લિમ પ્રશ્ન વિષે કોઈ પ્રકારની સમજૂતીનો કરાર કરવાને માટે સામા પક્ષે યોગ્ય અધિકાર તેમ જ પ્રતિનિધિત્વ ધરાવનારી વ્યક્તિ હોવી જોઈએ. વળી મેં તમને એ પણ જણાવ્યું છે કે, તમે જે સ્થિતિ સ્વીકારી છે તેને માટે આધાર હોય એવો એકે દાખલો નથી, અને તેથી આ વાતચીતોને અંગે મારી દૃષ્ટિથી અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે.

તમે જાણો છો કે, હું મુસ્લિમ હિંદ તેમ જ મુસ્લિમ લીગની વતી તે સંસ્થાના પ્રમુખ તેમ જ પ્રતિનિધિના દરજ્જાથી, અને તેથી તેના બંધારણ, નિયમો અને ધારાઓની મર્યાદામાં રહીને જ તમારી સાથે વાતો કરી શકું. હું માનું છું કે, તમને એ વસ્તુનો બરાબર ખ્યાલ છે, અને તમે એ વાત સ્વીકારશો પણ ખરા કે, હિન્દુ મુસ્લિમ-પ્રશ્નનું નિરાકરણ એ આપણી પ્રગતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડે આવતો સૌથી પ્રથમ અને મુખ્ય અંતરાય છે, અને જ્યાં સુધી એ બન્ને રાષ્ટ્રોના પ્રતિનિધિઓ ભેગા બેસીને વિચારણા ન ચલાવે, ત્યાં સુધી આ વિષયમાં આગળ રસ્તો કેવી રીતે નીકળી શકશે, તે મારા ખ્યાલમાં આવતું નથી.

આમ છતાં, મેં તમને માર્ચ ૧૯૪૦ નો લીગે મંજૂર કરેલો લાહોરનો ઠરાવ સમજાવ્યો, અને તે ઠરાવના પાયામાં રહેલા તેમ જ મૂળભૂત સિદ્ધાન્તો તમે સ્વીકારો એવો આગ્રહ કરી જોયો પરંતુ તમે તે ઠરાવનો વિચાર સરખો કરવાની ના પાડી એટલું જ નહીં, પણ તે ઠરાવમાં દર્શાવવામાં આવેલા પાયાની સામેના તમારા વિરોધ પર ભાર મૂકયો અને કહ્યું કે, "આપણા બે વચ્ચે તો એક મહાસાગર પડેલો છે". એટલે પછી બીજો કોઈ રસ્તો સૂચવવાની મેં માગણી કરી, ત્યારે તમે શ્રી રાજગોપાલાચારીની તમે માન્ય રાખેલી દરખાસ્ત આગળ ધરી. આપણે તેની ચર્ચા કરી જોઈ, અને તે દરમ્યાન તે યોજનાના જુદા જુદા મુદ્દાઓ અસ્પષ્ટ તેમ જ આકાર વગરના માલૂમ પડયા, અને કેટલાક મુદ્દાઓની ચોખવટની જરૂર હતી. એટલે તે આખી યોજનાનો ચોક્કસ અર્થ શો થાય છે, અને તેના ગર્ભમાં કઈ કઈ વસ્તુઓ સમાયેલી છે તેનો મારો ખ્યાલ સ્પષ્ટ થાય તેટલા ખાતર તે યોજનામાં જે દરખાસ્તો કરવામાં આવેલી છે, તેની સમજૂતી અને સ્પષ્ટતા કરવાની મેં માગણી કરી.

થોડી ચર્ચા બાદ તમે મને એવી વિનંતી કરી કે, મારા ખ્યાલ પ્રમાણે જે મુદ્દાઓની સમજૂતી તેમ જ ચોખવટ કરવાની જરૂર હોય, તે મારે લખી કાઢીને તમને મોકલી આપવા. આપણે સોમવાર તા. ૧૧ સપ્ટેમ્બરને દિવસે ૫–૩૦ કલાકે ફરીથી મળીએ તે પહેલાં તે મુદ્દાઓનો લેખિત જવાબ આપવાનું તમે સ્વીકાર્યું છે. તો જે મુદ્દાઓની ચોખવટ થાય એ જરૂરનું છે, તે હું નીચે મુજબ લખી મોકલું છું.

(૧) પ્રસ્તાવનાને અંગે: આપણા બે વચ્ચે જો કોઈ સમજૂતી થાય, તો તમે પોતે એ સમજૂતનો કરાર કયા દરજ્જાના અધિકારથી કરશો ?

(૨) કલમ ૧: "સ્વતંત્ર હિન્દના બંધારણ"નો જે ઉલ્લેખ આ કલમમાં થયો છે, તે વિષે મારે પ્રથમ એ જાણવું છે કે, આ કયા બંધારણની વાત છે, તેને કોણ ઘડવાનું છે અને તેનો અમલ ક્યારે થવાનો છે ?

વળી, ઉકેલ માટે સૂચવવામાં આવેલી યોજનાના ખરડામાં એમ કહેવામાં આવ્યું છે કે, "મુસ્લિમ લીગ હિન્દની સ્વતંત્રતાની માગણીને મંજૂર રાખે છે". આનો અર્થ અખિલ હિન્દ મહાસભા સમિતિએ ૧૯૪૨ ના ઑગસ્ટ માસમાં કરેલા ઠરાવમાં રાષ્ટ્રીય મહાસભાની હિન્દની સ્વતંત્રતાની માગણીને જે સ્વરૂપ આપવામાં આવ્યું છે તે કરવાનો છે, કે બીજો કોઈ? અને જો તેમ ન હોય, તો આ વાક્યનો શો અર્થ સમજવો? કેમ કે, મુસ્લિમ લીગે કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પોતાના ઠરાવોથી જ નહીં, પણ તેના બંધારણમાં જે ઉદ્દેશનો સમાવેશ કરવામાં આવેલો છે તે દ્વારા જાહેર કર્યું છે કે, અમે આ ઉપખંડની મુક્તિ અને સ્વતંત્રતાને માટે કાર્ય કરીએ છીએ, અને તે પાકિસ્તાન અને હિન્દુસ્તાન બન્નેને અનુલક્ષીને છે.

વળી એમ કહેવામાં આવ્યું છે કે, મુસ્લિમ લીગ "વચગાળાના સમયને માટે એક કામચલાઉ વચગાળાની સરકાર રચવામાં રાષ્ટ્રીય મહાસભાની સાથે સહકાર કરશે". આવી જાતની સરકાર કયા પાયા ઉપર અથવા કયે ધોરણે ઊભી થવાની છે અથવા રચાવાની છે, તે હું જાણવા માગું છું. તમારી પાસે આની કોઈ સંપૂર્ણ ચોક્કસ યોજના હોય તો મને જણાવવા મહેરબાની કરશો.

(૩) કલમ ૨: આ કલમમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કમિશનની નિમણુક કોણ કરશે, અને પોતાની તપાસ પરથી તે જે નિર્ણયો બાંધીને ભલામણો કરશે તેમને અમલમાં કોણ મૂકશે? તેમાં જણાવવામાં આવેલા "ચોક્કસ વધુમતી" શબ્દોનો અર્થ શો છે? સમસ્ત વસ્તીની મત-ગણતરીની દરખાસ્ત કરવામાં આવેલી છે, તે જિલ્લાવાર થવાની છે કે કોઈ બીજે ધોરણે? સમસ્ત વસ્તીની આવી જાતની મતગણતરી પુખ્ત ઉંમરની દરેક વ્યક્તિને મતાધિકાર આપીને કરવી કે બીજી કોઇ વહેવારુ મતાધિકારની પદ્ધતિથી કરવી, તે કોણ નક્કી કરશે અથવા તે બાબતનો નિર્ણય કોણ આપશે? ઉપર જણાવેલી સમસ્ત વસ્તીની મતગણતરીથી જે નિર્ણય થાય અથવા જે ફેંસલો આવે તેને અમલમાં કોણ મૂકશે? આજના પ્રાન્તોની સરહદોમાંથી નવી હદો આંકીને જુદા પાડવામાં આવેલા જિલ્લાઓને જ ગમે તે એક રાજ્યમાં જોડાવા માટેની પસંદગીનો અધિકાર મળશે, કે અત્યારે જે સરહદો હસ્તીમાં છે તેમની અંદર આવેલા જિલ્લાઓને પણ બન્નેમાંથી ગમે તે એક રાજ્યમાં જોડાવાની પસંદગીનો અધિકાર મળશે?

(૪) કલમ ૩: આ કલમમાં "બધા પક્ષો" એમ કહેવામાં આવ્યું છે, તે બધા પક્ષો એટલે કોણ કોણ?

(૫) કલમ ૪: આ કલમમાં જે "પરસ્પરની સમજૂતી"નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે કયા તંત્ર દ્વારા અને કઈ સંસ્થા મારફતે થવાની છે, તે પણ હું જાણવા ઇચ્છું છું. "બચાવ, વેપાર અને વહેવારનાં સાધનો તથા બીજા જરૂરી હેતુઓને અંગેની સલામતીઓ"નો અર્થ શો કરવાનો છે? કોની સામે સલામતીઓ?

(૬) કલમ ૬: "બ્રિટન તરફથી હિન્દના શાસન માટેની સંપૂર્ણ સત્તા અને જવાબદારીની ફેરબદલી કરવામાં આવશે, તો જ આ શરતો બંધનકર્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાશે". આ ફેરબદલીથી સત્તા કોના હાથમાં, કયા તંત્ર અને સંસ્થા દ્વારા, અને ક્યારે જવાની છે, તે પણ હું જાણવા ઇચ્છું છું.

સમજૂતી અને ચોખવટ માટેના અત્યારે મને જે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સૂઝ્યા છે તે ઉપર મુજબ છે. હું આશા રાખું છું કે, મેં જે જુદા જુદા સવાલો કર્યા છે તેને વિષે તમે મને પૂર્ણ વિગતે જવાબો આપશો, જેથી તમારી દરખાસ્તોને બરાબર સમજીને હું તેમની તુલના કરી શકું, અને તેમને યોગ્ય ન્યાય આપી શકું.

તમારો વિશ્વાસુ
મ. અ. ઝીણા

૨

સપ્ટેમ્બર ૧૧, ૧૯૪૪.

વહાલા કાઇદે આઝમ,

તમારો પત્ર મને ગઇ કાલે બપોરના ૩-૩૦ કલાકે મળ્યો. તે વખતે હું મુલાકાતોમાં રોકાયેલો હતો. ત્યાર પછી વહેલામાં વહેલી તકે આ જવાબ આપું છું.

મેં તમને મારા પત્રમાં જણાવેલું છે, રાજાજીની ઉકેલની યોજનામાં એ વાત ગર્ભિત રીતે રહેલી છે, અને મેં જાહેરમાં પણ કહેલું છે કે, તમારી સાથે વાતચીત કરવાને હું એક વ્યક્તિ તરીકે આવું છું. હિન્દુ મુસ્લિમ એકતાની સ્થાપનાને હું મારા જીવનનું મિશન સમજું છું. મારા અંતરનું સમાધાન તે એકતાની સ્થાપનામાં છે, કોઈ બીજો હેતુ પાર પાડવાને તેની સિદ્ધિની હું ઝંખના કરતો નથી. પરંતુ પરદેશી રાજ્યની સત્તાને જ્યાં સુધી અહીંથી કાઢવામાં નહીં આવે, ત્યાં સુધી તેની સિદ્ધિ થઈ શકે તેમ નથી. તેથી આત્મ-નિર્ણયના અધિકારના પ્રત્યક્ષ અમલ માટેની પહેલી શરત હિન્દમાં સમાતા બધા પક્ષો અને સમૂહોના સહકાર્યથી હિન્દની સ્વતંત્રતા મેળવવી, એ છે. કમનસીબે જો આ જાતનું સહકાર્ય અશક્ય હોય, તો પણ તે સ્વતંત્રતાની પ્રાપ્તિને માટે મારો તો હિન્દનાં જેટલાં તત્ત્વોને ભેગાં કરી શકાય તેટલાંને એકઠાં કરીને લડી લીધા વિના છૂટકો નથી.

પ્રતિનિધિનો દરજ્જો ધારણ કરવાની અથવા સ્વીકારવાની મેં ના પાડી છે, અને છતાં આપણી વાતચીત ચાલુ રાખવાનું તમે માન્ય રાખ્યું છે, તેથી હું રાજી થયો છું. બેશક, મારે તમારી સાથે જે સમજૂતી થાય તેનો રાષ્ટ્રીય મહાસભાની પાસે સ્વીકાર કરાવવાને મારી બધી લાગવગનો ઉપયોગ કરવાને હું બંધાયેલો છું. રાજાજીની ઉકેલની યોજના પ્રથમ તમારે સ્વીકારવી, અને ત્યાર પછી લીગની આગળ તેની મંજૂરીને માટે રજૂ કરવી. એ સમજથી ઘડાયેલી છે એ વાતની મારે તમને યાદ આપવાની જરૂર છે ખરી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી અને મારી દૃષ્ટિ વચ્ચે મહાસાગર પડેલો છે એમ મેં કહેલું, તે વાત સાચી છે. પરંતુ મારું કહેવાનું લીગના ઠરાવને ઉદ્દેશીને નહોતું. તે ઠરાવ અસ્પષ્ટ છે. રાજાજીએ તેમાંથી સત્ત્વ તારવીને તેને આકાર આપ્યો છે

હવે તમારા મુદ્દાઓ વિષે.

(૧) આનો જવાબ મેં ઉપર આપી દીધો છે.

(૨) બ્રિટિશ સત્તા અહીંથી ખસી જાય તે પછી તેનું સ્થાન લેનારી જે કામચલાઉ સરકારનો રાજાજીની ઉકેલની યોજનામાં ખ્યાલ કરવામાં આવેલો છે, તે પોતે અથવા તો તેણે એ જ કાર્યને માટે ખાસ રચેલું કોઈ અધિકાર-યુક્ત મંડળ બંધારણ ઘડી કાઢશે. સ્વતંત્રતાની માગણી, એટલે આજે જેવું છે તે સમસ્ત હિન્દની સ્વતંત્રતાની માગણી. કામચલાઉ વચગાળાની સરકાર કયે ધોરણે રચવી, તે વિષે લીગ અને મહાસભા સમજૂતી કરી લેશે.

(૩) કમિશનની નિમણૂક કામચલાઉ સરકાર કરશે. "ચોક્કસ વધુમતી" એટલે સિન્ધ, બલુચિસ્તાન અને સરહદના પ્રાન્તમાં છે તેવી બિનમુસ્લિમ વસ્તીના કરતાં મુસ્લિમ વસ્તીની વધુમતી. સમસ્ત વસ્તીની મતગણતરી અને મતાધિકાર, એ બે બાબતોનું નિરાકરણ ચર્ચાથી કરવાનું રહેશે.

(૪) "બધા પક્ષો" એટલે હિતસંબંધ ધરાવતા બધા પક્ષો.

(૫) "પરસ્પર સમજૂતી" એટલે કરાર કરનારા પક્ષો વચ્ચેની સમજૂતી "બચાવ વગેરે માટેની સલામતી"નો અર્થ હું અંકુશની સત્તા ધરાવતું મધ્યવર્તી અથવા સહકાર્ય કરતું મંડળ, એવો કરું છું. "સલામતી" એટલે સમાન હિતોને જે કોઈ બાધા કરે તે સર્વની સામે સલામતી

(૬) સત્તાની ફેરબદલી કરીને તે રાષ્ટ્રને એટલે કે, કામચલાઉ સરકારને સોંપવામાં આવશે. સત્તાની ફેરબદલી બ્રિટિશ સરકાર સુલેહભરેલી રીતે કરી આપશે એવો આ યોજનામાં ખ્યાલ રાખવામાં આવ્યો છે. હું પોતે તો તે ફેરબદલી જેટલી થઈ શકે તેટલી વહેલી થવી જોઈએ, એવી ઇચ્છા રાખું.

તમારો વિશ્વાસુ

મો. ક. ગાંધી

૩

સપ્ટેમ્બર ૧૧, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

આજે બપોરના ૫ કલાકે તમારો ૧૧ મી સપ્ટેમ્બરનો પત્ર મને મળ્યો. હું જોઉં છું કે, તમે એક વ્યક્તિ તરીકે જ મને મળવાનો આગ્રહ રાખો છો. એ બાબતને અંગેના મારા વિચારો મેં તમને જણાવ્યા છે. આપણી વાતચીતોમાં તમે જે જાતનો દરજ્જો અખત્યાર કર્યો છે, તેને કોઈ પણ જાતનો આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનેલા દાખલાનો આધાર નથી. અને મેં તમારી વાતને સંમતિ આપી છે એમ મહેરબાની કરીને માની ન લેશો. આમ છતાં આપણી ચર્ચા મેં આગળ ચાલવા દીધી કેમ કે, જો બની શકતું હોય તો મારી દૃષ્ટિનો તમારી પાસે સ્વીકાર કરાવવાને હું કુદરતી રીતે જ આતુર છું. મેં તમારી આગળ એવો આગ્રહ કર્યો હતો કે, માર્ચ ૧૯૪૦ ના લાહોરના ઠરાવમાં ટૂંકમાં જણાવવામાં આવ્યું છે. તે મુજબ હિંદના પાકિસ્તાન અને હિંદુસ્તાન એવા બે વિભાગો કરવા, ને તે પછી તરત જ તેને અંગેની વિગતો નક્કી કરવી, એ જ હિંદી પ્રશ્નના ઉકેલનો એક માત્ર ઉપાય છે. તમે જણાવો છો કે, લાહોરનો ઠરાવ અસ્પષ્ટ છે. તે ઠરાવના મુદ્દાઓની ચોખવટ અથવા ખુલાસો કરવાનું તમે કહેતા નથી, પણ તેને બદલે તે ઠરાવના પાયાની સામેનો, અને તેમાં સમાવવામાં આવેલા મૂળભૂત સિદ્ધાંતોનો તમારો દૃઢ વિરોધ સાચું જોતાં તમે દર્શાવ્યો છે તેથી લાહોરનો ઠરાવ કેવી રીતે અને કઈ બાબતોમાં સંદિગ્ધ છે, તે હું તમારી પાસે જાણવા ઇચ્છું છું. રાજાજીએ તે ઠરાવનું સત્ત્વ તારવીને તેને આકાર આપ્યો છે, એ તમારી વાત સાથે હું સંમત થઈ શકતો નથી. એથી ઊલટું, અખિલ હિંદ મુસ્લિમ લીગની કાઉન્સિલની સભા સમક્ષ તા. ૩૦ મી જુલાઈ, ૧૯૪૪ ને દિવસે કરેલા મારા ભાષણમાં મેં દર્શાવ્યું હતું, તે પ્રમાણે રાજાજીએ તે ઠરાવને બેડોળ કરી નાખ્યો છે એટલું જ નહીં, પણ તેનાં અંગોને ખંડિત કર્યાં છે.

તમે જણાવો છો કે, "આત્મનિર્ણયના પ્રત્યક્ષ અમલને માટેની પહેલી શરત હિંદમાં સમાતા બધા પક્ષો અને સમૂહોના સહકાર્યથી હિન્દની સ્વતંત્રતા મેળવવી, એ છે. કમનસીબે આ જાતનું સહકાર્ય અશક્ય હોય, તો પણ તે સ્વતંત્રતાની પ્રાપ્તિને માટે મારો તો હિંદનાં જેટલાં તત્ત્વોને ભેગાં કરી શકાય તેટલાંને એકઠાં કરીને લડી લીધા વિના છૂટકો નથી". મારો અભિપ્રાય એવો છે કે, આમ કહીને તમે મેં વારંવાર જણાવ્યું છે, તે મુજબ મુદ્દાની વાતનો સ્વાભાવિક ક્રમ ઉલટાવી નાખો છો, અખિલ હિંદ મુસ્લિમ લીગની નીતિ અને જાહેરાતોનો સરિયામ વિરોધ કરો છો, અને ઑગસ્ટ, ૧૯૪૨ના અખિલ હિંદ મહાસભા સમિતિના ઠરાવને દૃઢતાથી વળગી રહો છો. હિંદના લોકોની મુક્તિ અને સ્વતંત્રતા મેળવવાને માટે જે પ્રથમ મહત્ત્વની વસ્તુ છે તે એ છે કે, હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સમજૂતી થવી જોઈએ.

બેશક, તમારી સાથે જે સમજૂતી થાય તેને રાષ્ટ્રીય મહાસભાની મંજૂરી મેળવી આપવાને તમે તમારી તેના પરની બધી લાગવગનો ઉપયોગ કરવાને બંધાઓ છો, તે માટે મારે તમારો આભાર માનવો જોઈએ. પરંતુ મારી સમજ પ્રમાણે આટલું જ પૂરતું નથી,. અને છતાં તેથી મને કીમતી સહાય થાય છે, એ વાતનો હું સ્વીકાર કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામચલાઉ વચગાળાની સરકાર જે ધોરણે રચાવાની છે, તે ધોરણના પાયાનો તમારો ખ્યાલ શો છે તે મને મહેરબાની કરીને જણાવો, એવી તમને હું ફરીને વિનંતી કરું છું. મહાસભા અને લીગ વચ્ચેના કરાર મુજબ તે આખરે નક્કી થશે એ વાત સાચી છે છતાં હું એમ માનું છું કે, ન્યાયને ખાતર કંઈ નહીં તો તમારી પોતાની કલ્પનાનો ઝાંખો ખ્યાલ અથવા આછી રૂપરેખા તમારે મને આપવી જોઈએ કેમ કે, અત્યાર સુધીમાં તમે તે વિષે કંઈક વિચાર તો કર્યો જ હશે, અને તેનું કંઈ સ્પષ્ટ ચિત્ર ખડું કરીને તેને બરાબર સમજી શકું, તેટલા ખાતર કામચલાઉ વચગાળાની સરકારની રચનાને અંગેની તમારી દરખાસ્તો અથવા યોજના શી છે, તે મારે જાણી લેવી જોઈએ.

કમિશનના નિર્ણયોની ભલામણોને અમલમાં કોણ મૂકશે, એ વિષેના મારા સવાલનો જવાબ તમે આપ્યો નથી, અને "ચોક્કસ વધુમતી" એટલે "સિન્ધ, બલુચિસ્તાન અથવા સરહદના પ્રાંતમાં છે તેવી બિનમુસ્લિમ વસ્તીના કરતાં મુસ્લિમ વસ્તીની સ્પષ્ટ વધુમતી" એમ જે તમે કહો છો, તેથી "ચોક્કસ વધુમતી"નો તમે કેવો અર્થ કરો છો તેનો હું બરાબર ખ્યાલ કરી શકતો નથી. રાજાજીની ઉકેલની યોજનામાં સમસ્ત વસ્તીની મતગણતરીનો અને તેને અંગેના મતાધિકારનો ખ્યાલ રાખવામાં આવ્યો છે, તેનું સ્વરૂપ કોણ નક્કી કરશે તે વિષેના મારા સવાલનો તો તમે જવાબ પણ આપ્યો નથી.

ચોથા મુદ્દાના જવાબમાં જે તમે જણાવો છો કે, "બધા પક્ષો" એટલે "હિતસંબંધ ધરાવતા બધા પક્ષો", તે જવાબથી કશી ઝાઝી સ્પષ્ટતા થતી નથી.

તમે જણાવો છો કે, "પરસ્પર સમજૂતી" એટલે "કરાર કરનારા પક્ષો વચ્ચેની સમજૂતી". એક વખત તમારા ખ્યાલ મુજબની વચગાળાની કામચલાઉ સરકાર સ્થપાય, પછી કરાર કરનારા પક્ષો કયા બાકી રહે છે? "બચાવ વગેરે બાબતોની સલામતીઓની સત્તાનો અમલ કરનારા, અંકુશની સત્તા ધરાવનારા મધ્યવર્તી અથવા સહકાર્ય કરતા મંડળ"ની નિમણૂક કોણ કરશે, અને એવી જાતનું મધ્યવર્તી અથવા સહકાર્ય કરનારું મંડળ કયા સિદ્ધાન્તો અનુસાર, કેવી જાતના તંત્ર અને સંસ્થા દ્વારા અને કોના અંકુશ તથા હુકમ નીચે રહીને કાર્ય કરશે?

તમે જણાવો છો કે, "સત્તાની ફેરબદલી કરીને તે રાષ્ટ્રને એટલે કે, કામચલાઉ સરકારને સોંપવામાં આવશે." આટલા જ કારણસર તો તમારા ખ્યાલ મુજબની કામચલાઉ સરકારની તમે કરેલી વિચારણાની પૂરેપૂરી વિગતો હું જાણવા માગું છું.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

સપ્ટેમ્બર ૧૩, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

૧૨ મી સપ્ટેમ્બરે સવારે આપણી વાતચીત આગળ ચલાવવાને તમે આવ્યા, ત્યારે તમે મને એવું જણાવવાની મહેરબાની કરી હતી કે, રાત્રે ૧૦-૩૦ કલાકે મળેલા સપ્ટેમ્બર ૧૧ મીના મારા પત્ર પર ધ્યાન આપવા જેટલો તમને વખત મળ્યો નહોતો. આજે પણ આપણે મળ્યા તે પહેલાં તેનો જવાબ આવ્યો નહોતો, અને હું હજી તેની રાહ જોઉં છું. તેથી મારા ૧૧ મી સપ્ટેમ્બરના પત્રમાં જે જુદા જુદા મુદ્દાઓ જણાવેલા છે, તેમનો બને તેટલો જલદી મને જવાબ મળે એટલી મહેરબાની કરશો.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

૫

સપ્ટેમ્બર ૧૪, ૧૯૪૪.

વહાલા કાઇદે આઝમ,

તમારો તા. ૧૩ મીનો પત્ર મળ્યો. આપણી મસલત દરમિયાન હું કંઈક એવું સમજ્યો હતો કે, મારા જવાબની તમને ઉતાવળ નથી. તેથી આપણી વાતચીતો જેમ જેમ આગળ ચાલતી જાય, અને પરસ્પર મૈત્રીનું નિખાલસપણું જામતું જાય તેમ તેમ ચોખવટ પણ આપોઆપ થતી જશે, અને પછી આપણે આપણી વચ્ચે થયેલી સમજૂતી કેવળ નોંધી લેવાની રહેશે—આવી જાતની આશા રાખીને મેં તમારા કાગળની બાબત કંઈક નિરાંતથી હાથ પર લેવા ધારી હતી. પરંતુ આને અંગેની જે બીજી દૃષ્ટિ છે તે હું સમજું છું, એટલું જ નહીં, તેની કદર પણ કરું છું. આપણે કોઈ પણ બાબત માની લઈને ચાલવું ન જોઈએ. રાજાજીની ઉકેલની યોજના યથાર્થપણે સમજવામાં તમને જે મુશ્કેલીઓ લાગે છે, તેમની મારે ચોખવટ કરવી જોઈએ, તે જ પ્રમાણે તમારે તમારી એટલે કે, ૧૯૪૦ ના મુસ્લિમ લીગના લાહોરના ઠરાવની ચોખવટ કરવી જોઈએ

લાહોરના ઠરાવની બાબતમાં આપણે આપણી વાતચીત દરમિયાન સંમત થયા છીએ, તે મુજબ હું એક જુદો જ પત્ર લખીશ.

મને એવી આશા રહે છે કે, આપણી ચર્ચાને અંતે આપણને બન્નેને એમ લાગશે કે, રાજાજીએ લાહોરના ઠરાવને બેડોળ નથી કર્યો, કે તેનાં અંગો ખંડિત નથી કર્યાં, બલ્કે તે ઠરાવનો સાર પકડીને તેને આકાર આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાજીની યોજના વિષેના તમારા અણગમાનો ખ્યાલ રાખીને હાલ તુરતપૂરતી તો તેને મેં મારા મગજમાંથી દૂર કરી છે, અને આપણા બે વચ્ચે પરસ્પર સમજૂતીની સમાન ભૂમિકા મળી રહેશે એ આશામાં મેં મારુ આખું ધ્યાન લાહોરના ઠરાવ પર એકાગ્ર કર્યું છે.

આટલું તમારા પત્રના પહેલા ફકરા વિષે.

બીજા ફકરાની બાબતમાં મારો અભિપ્રાય હજીયે દૃઢ છે કે, જ્યાં સુધી આપણે ત્રીજા પક્ષને હિન્દમાંથી હાંકી ન કાઢીએ, ત્યાં સુધી આપણે એકબીજા સાથે શાન્તિપૂર્વક રહી શકવાના નથી. આનો અર્થ એમ ન કરશો કે, આપણા બે વચ્ચેની જીવંત શાન્તિ સ્થાપવાના કાર્ય માટે સાધનો અથવા ઉપાયો શોધવાને માટે હું કશો પ્રયત્ન કરવાનો નથી.

કામચલાઉ વચગાળાની સરકાર કયા પાયા પર રચાવી જોઈએ, તે વિષેના મારા ખ્યાલ વિષે તમે પૂછ્યું છે. મારા મગજમાં એ વિષેની જો કોઈ યોજના હોત, તો હું તે તેમને જણાવ્યા વિના ન રહેત. મારો ખ્યાલ એવો છે કે, આપણે બન્ને સંમત થઈ શકીએ, તો પછી બીજા પક્ષોની સાથે મસલત કરવાનું કામ આપણા બન્નેનું રહેશે. અત્યારે તો હું એટલું જ કહી શકું કે, કોઈ પણ કામચલાઉ સરકાર આજની ઘડીએ તેના પર બધા લોકોને ભરોસો બેસે તેવી જાતની થાય, તે માટે બધા પક્ષોના પ્રતિનિધિત્વવાળી હોવી જોઈએ. એ ઘડી જ્યારે આવશે ત્યારે મારું સ્થાન કોઈ યોગ્ય અધિકાર ધારણ કરનારી વ્યક્તિએ લીધું હશે. આમ છતાં, જો તમે મને તમારે પક્ષે વાળી શકયા હશો, અથવા મેં તમને મારે પક્ષે વાળી લીધા હશે, અથવા આપણે બન્ને પરસ્પર એકબીજાને પક્ષે વાળીને જુદાં જુદાં શરીરો દ્વારા કાર્ય કરતા એક જ દિલના થયા હોઈશું, તો તમારે હંમેશ મને તમારી સેવામાં હાજર રહેલો ગણી લેવો.

ત્રીજા મુદ્દાની બાબતમાં જણાવવાનું કે, કમિશનની નિમણૂકનો અધિકાર કામચલાઉ સરકારનો રહેશે. એટલે તે જ તેના નિર્ણયો અને ભલામણોને અમલમાં મૂકવાનાં પગલાં લેશે. મેં એમ માન્યું હતું કે, આગળ જે જવાબ મેં આપેલો તેમાં એ વાત સમાઈ જાય છે. રાજાજી મને જણાવે છે કે, તેમની યોજનામાં "ચોક્કસ વધુમતી" એ પદ કાયદાની સામાન્ય ભાષામાં, જ્યારે બે કરતાં વધારે સમૂહોની સાથે કામ લેવાનું હોય છે ત્યારે જે અર્થમાં વપરાય છે, તે અર્થમાં વપરાયેલું છે. હું તો મારા જ જવાબને વળગી રહું છું. પરંતુ તમારા ખ્યાલમાં જો કોઈ ત્રીજો અર્થ હોય, તો તેનો સ્વીકાર કરવાને તમે મને સમજાવી શકશો.

સમસ્ત વસ્તીની મતગણતરીનું, અને તેને માટેના મતાધિકારનું સ્વરૂપ આપણે અત્યારે જો નક્કી નહીં કરીએ, તો તે નક્કી કરવાનું કાર્ય કામચલાઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકાર પર છોડવું પડશે. હું માત્ર એટલું કહીશ કે, તે મતગણતરીનો નિર્ણય પાકિસ્તાનના વિસ્તારમાં વસતા સર્વ રહેવાસીઓ પૈકીની પુખ્ત વયની બધી વ્યક્તિઓને મતાધિકાર આપીને કરવો.

ચોથા મુદ્દાની બાબતમાં જણાવવાનું કે, "બધા પક્ષો"નો અર્થ આ વાદગ્રસ્ત મુદ્દાઓ વિષે અભિપ્રાયો ધરાવનારા હું, તમે અને બીજા બધા. જ્યાં જ્યાં લોકશાહી પદ્ધતિ સંપૂર્ણપણે અથવા અંશતઃ અમલમાં છે, ત્યાં ત્યાં જે રીતે જાહેરના અભિપ્રાય પર શાન્તિમય સાધનો દ્વારા અસર કરવાનો પ્રયત્ન થાય છે, તે રીતે જાહેરના અભિપ્રાયને કેળવવાનો પ્રયાસ તે બધા પક્ષોએ કરવો જોઈશે, અને તેઓ તેમ કરશે.

પાંચમાની બાબતમાં જણાવવાનું કે, સમસ્ત વસ્તીની મતગણતરીથી જો હિન્દના ભાગલા પાડવાનો નિર્ણય થાય, તો કામચલાઉ સરકાર તેને અંગેના સુલેહના કરારો અને સમાન હિતોના વહીવટને અંગેની સમજૂતીના કરારનો ખરડો તૈયાર કરશે. પરંતુ તે કરારને બન્ને રાજ્યોએ અનુમતિ આપીને મંજૂર કરવાના રહેશે. સમાન હિતના વિષયોને લગતી સમજૂતી અને તેમના વહીવટ માટે જોઈતું તંત્ર શરૂઆતમાં કામચલાઉ સરકાર યોજી લેશે, પરંતુ પાછળથી તે બન્ને પ્રદેશોની સરકારો એ કાર્યને માટે જે મંડળોની નિમણૂક કરશે, તેમની વચ્ચેની સમજૂતીનો વિષય ગણાશે.

છઠ્ઠાની બાબતમાં મને આશા છે કે, ઉપર જે કંઈ જણાવ્યું છે તે પછી કોઈ ખાસ જવાબ આપવાની જરૂર રહેવી ન જોઈએ.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

૬

સપ્ટેમ્બર ૧૪, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

તમારો તા. ૧૪મી સપ્ટેમ્બરનો પત્ર મને આજે ૪-૪૫ કલાકે મળ્યો. તમે જણાવો છો તે પ્રમાણે તે મારા ૧૩મી સપ્ટેમ્બરના પત્રના જવાબમાં નથી, પણ ૧૧મી સપ્ટેમ્બરના પત્રના જવાબમાં લખાયેલો છે, અને આ કંઈક સરતચૂક થયેલી લાગે છે. તે જવાબને માટે હું તમારો આભાર માનું છું.

લાહોરનો ઠરાવ કઈ રીતે અને કઈ બાબતોમાં 'અસ્પષ્ટ' છે તે દર્શાવવાને જે પત્ર લખવાનું તમે વચન આપ્યું છે, તે બની શકે તેટલો વહેલો મોકલી આપવા મહેરબાની કરશો.

ગાંધી-રાજાજી યોજનાની અંદર જે એમ કહેવામાં આવ્યું છે કે, "મુસ્લિમ લીગ હિન્દની સ્વતંત્રતાની માગણીને માન્ય રાખે છે", તે બાબતમાં મેં મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦મી સપ્ટેમ્બરના પત્રમાં પૂછ્યું હતું કે, "અખિલ હિન્દ મહાસભા સમિતિના, ઑગસ્ટ ૧૯૪૨ના મુંબઈમાં થયેલા ઠરાવમાં કૉંગ્રેસની સ્વતંત્રતાની માગણીને જે સ્વરૂપ આપવામાં આવ્યું છે, તેવો એનો અર્થ સમજવાનો છે? અને તેમ ન હોય તો એ વાક્યનો બીજો કયો અર્થ કરવાનો છે"? તમારા ૧૧મી સપ્ટેમ્બરના પત્રમાં તમે આનો એવો જવાબ આપ્યો છે કે, "આજે હિન્દ જેવું છે તેવા આખા હિંદની સ્વતંત્રતાનો એ વાક્યમાં ખ્યાલ રાખવામાં આવેલો છે". તેથી મારે ફરી પૂછવું પડે છે કે, આનો અર્થ શું એવો છે કે સ્વતંત્રતાની જે માગણી કરવામાં આવી છે, તે સંયુક્ત હિંદની સ્વતંત્રતાની માગણી છે? મને લાગે છે કે, તમે આ મુદ્દાની સમાધાનકારક ચોખવટ કરી નથી.

આ કલમના બીજા ભાગની બાબતમાં તે યોજનામાં આગળ ચાલીને એમ કહેવામાં આવ્યું છે કે, "વચગાળાના સમયને માટેની કામચલાઉ વચગાળાની સરકાર રચવાના કામમાં મુસ્લિમ લીગ રાષ્ટ્રીય મહાસભા સાથે સહકાર કરશે". મારા ૧૦ મી સપ્ટેમ્બરના કાગળમાં આને અંગે મેં તમને વિનંતી કરી હતી કે, "આ જાતની જે સરકાર રચવાની છે, તે કયા પાયા પર અને કયે ધોરણે રચાશે તે મને જણાવવાની મહેરબાની કરશો, અને તમારી પાસે એને લગતી કોઈ ચોક્કસ યોજના હોય તો મહેરબાની કરીને તે મને જણાવશો". અત્યારે ૧૧ મી સપ્ટેમ્બરના તમારા જે પત્રનો હું જવાબ લખું છું, તેમાં તમે આ બાબતના જવાબમાં જણાવ્યું છે કે, "કામચલાઉ વચગાળાની સરકારની રચનાના પાયાના ધોરણ વિષે લીગ અને મહાસભા વચ્ચે સમજૂતી કરી લેવાની રહેશે". પરંતુ આ મુદ્દાની ચોખવટ કરવાની, અથવા આવી જાતની સરકારના સ્વરૂપની કંઈક રૂપરેખા આપવાની મેં જે માગણી કરી છે, તેનો આ જવાબ નથી. હું આશા રાખું છું કે, જ્યારે હું આ પ્રમાણે ઉકેલની યોજના મુજબની કામચલાઉ વચગાળાની સરકાર વિષેની દરખાસ્તની કંઈક આછી રૂપરેખા આપવાની તમને વિનંતી કરું છું, ત્યારે એવી રૂપરેખા જાણવાથી મને તે સરકારને વિષે કંઈક ખ્યાલ આવે એવો જે આશય મેં રાખ્યો છે, તેની તમે કદર કરી શકશો.

અલબત્ત, એ વાત હું બરાબર સમજું છું કે, આવી જાતની વચગાળાની કામચલાઉ સરકારમાં સર્વે પક્ષોનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ, અને તેનું લક્ષણ એવું જોઈએ કે, આજની ઘડીએ તેને વિષે બધા પક્ષોને ભરોસો બેસે.

વળી, એ પણ હું બરાબર સમજી શકું છું કે, જ્યારે એ મુદ્દાનો નિકાલ કરવાનો ચોક્કસ પ્રસંગ આપણી ચર્ચા દરમિયાન ઊભો થશે, ત્યારે તેને અંગે અમુક વસ્તુઓ આપોઆપ આવીને મળી રહેશે. પરંતુ આપણે આ યોજનાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોષકારક નિકાલ કરી શકીએ, તે પહેલાં મારે ફરી એક વાર જણાવવું પડે છે કે, ઉકેલની એ યોજનાની દરખાસ્ત તમારા તરફથી આવતી હોવાથી, તમારા ખ્યાલ મુજબની તેમ જ તમે વિચારેલી કામચલાઉ વચગાળાની સરકારના સ્વરૂપની ઝાંખી સરખી પણ કલ્પના તમારે જ મને આપવી જોઈએ.

હું જે બાબતો જાણવા માગું છું તે આ છે. આવી કામચલાઉ સરકારની સત્તા અને અધિકાર કેવા હશે? તેની રચના કેવી રીતે થશે, તે જવાબદાર કોને રહેશે અને તેમાં કોનો કોનો સમાવેશ કરવામાં આવશે? વગેરે. ઉકેલની ગાંધી–રાજાજી યોજનાના પ્રણેતા તમે છો, તેથી તમારે જ મને તે સરકારની આકૃતિનો ઝાંખો સરખો પણ ખ્યાલ આપવો જોઈએ, જેથી તે યોજનાના આ ભાગનો શો અર્થ થાય છે, તેની મને સમજ પડે.

મારા ૧૧ મી સપ્ટેમ્બરના પત્રના જવાબમાં ૧૪મી સપ્ટેમ્બરે જે પત્ર લખ્યો છે તેમાં તમે મને જણાવો છો કે, "મારા મગજમાં કોઈ યોજના હોત તો મેં તે તમને જરૂર જણાવી હોત". તે પછી તમે આગળ જણાવો છો કે, "મારો કંઈક એવો ખ્યાલ છે કે, આપણે બન્ને સમજૂતી પર આવી શકીએ, તો બીજા પક્ષો સાથે મસલત કરવાનું કામ આપણા બન્નેનું રહેશે". પણ વાતનો ખરો મુદ્દો જ આ છે. જ્યાં સુધી તમારી પાસેથી મને ગમે તેવી આછી કેમ ન હોય, પણ કંઈક રૂપરેખા અથવા યોજના મળે નહીં, ત્યાં સુધી સમજૂતી કરવાને માટે આપણે ચર્ચા શાની કરીએ?

બીજી બાબતોને લગતી તમે જે વધારાની ચોખવટ કરી છે, તે મેં ધ્યાનમાં રાખી છે, અને તે વિષે તમને વધારે દબાણ કરવાનું હું જરૂરી માનતો નથી. જો કે કેટલીક ચોખવટથી મારું હજુ પૂરતું સમાધાન થયું નથી.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

૭

સપ્ટેમ્બર ૧૫, ૧૯૪૪

વહાલા કાઇદે આઝમ,

સપ્ટેમ્બર ૧૩ મીને દિવસે આપણે જે વાતચીત થઈ હતી, તેને અનુસરીને આ પત્ર મેં લખેલો છે.

હાલતુરતને માટે રાજાજીની યોજના મેં મારા ખ્યાલમાંથી દૂર કરી છે, અને હવે તમારી મદદથી મુસ્લીમ લીગના લાહોર મુકામે થયેલા વિખ્યાત ઠરાવને સમજવાને મેં મારું ધ્યાન એકાગ્ર કરવા ધાર્યું છે.

એટલું તો તમારે સ્વીકારવું પડશે કે, અસલ ઠરાવમાં બે ભિન્ન રાષ્ટ્રોના સિદ્ધાન્તનો ઉલ્લેખ નથી. આપણી ચર્ચા દરમિયાન તમે ખૂબ લાગણીપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દલીલ કરી છે કે, હિંદની ભૂમિ પર બે રાષ્ટ્રો એટલે કે, હિંદુઓ અને મુસ્લિમો એવાં બે ભિન્ન રાષ્ટ્રો વસે છે. અને જેમ હિંદના પ્રદેશમાં હિંદુઓની વતનની ભૂમિ છે, તેમ મુસ્લિમોની વતનની ભૂમિ પણ છે.

જેમ જેમ આપણી દલીલ આગળ વધે છે તેમ તેમ તમારું ચિત્ર મને વધારે ને વધારે ભયજનક લાગે છે. જો તે ચિત્ર વાસ્તવિક હોત, તો હું જરૂર તેની માહિતીને વશ થાત. પણ મને ભય છે, અને તે હવે વધતો જાય છે કે, એ ચિત્ર તદ્દન અસ્વાભાવિક છે. ધર્માન્તર કરીને પોતાના અસલ ધર્મનો ત્યાગ કરનારા લોકોના એક સમૂહે અને તેમના વંશજોએ પોતાના પૂર્વજોથી પોતે એક ભિન્ન રાષ્ટ્ર છે, એવો દાવો કર્યો હોય તેનો બીજો દાખલો ઇતિહાસમાં મને જડચો નથી. ઇસ્લામે હિંદમાં પ્રવેશ કર્યો, તે પૂર્વે જો તેની ભૂમિ પર વસતા લોકોનું એક રાષ્ટ્ર હતું, તો તેનાં સંતાનોના ઘણા મોટા ભાગે ધર્માન્તર કર્યું હોવા છતાં, તે એક જ રાષ્ટ્ર રહેવું જોઈએ.

અમે એક ભિન્ન રાષ્ટ્ર છીએ એવો જે દાવો તમે કરો છો, તે આ મુલકની તમે જીત કરી તેના અધિકારથી નથી કરતા, પરંતુ તમે ઇસ્લામનો અંગીકાર કર્યો છે, તે કારણે કરો છો. હિંદની સમસ્ત વસ્તી જો ઇસ્લામનો અંગીકાર કરે, તો તેથી તમે જે બે ભિન્ન રાષ્ટ્રો ગણાવો છો તે એક રાષ્ટ્ર બને ખરું? બંગાળીઓ, ઉડિયાઓ, આંધ્રો, તામિલો, મહારાષ્ટ્રીઓ, ગુજરાતીઓ વગેરે બધા લોકો જો ધર્માન્તર કરીને ઇસ્લામનો અંગીકાર કરે, તો તેથી તેમના બધાનાં જે વિશિષ્ટ લક્ષણો છે, તે ભૂંસાઈ જાય ખરાં?

આ સર્વ લોકો રાજકીય દૃષ્ટિથી એક થયેલા છે કેમ કે, તે બધા એક પરદેશી સત્તાના અંકુશ નીચે છે, અને આજે તે બધા મળીને પોતાની પરાધીન દશાને દૂર કરવાને મથે છે.

કોઈ પણ એક લોકસમૂહ એક વિશિષ્ટ અને ભિન્ન રાષ્ટ્રનો દરજ્જો ધરાવે છે કે નહીં, તેનો નિર્ણય કરવાની એક નવી જ કસોટી તમે દાખલ કરતા લાગો છો. તમારી કસોટીને હું જો માન્ય રાખું, તો મારે તમારા જ દાવાના જેવા બીજા ઘણા દાવાઓનો પણ સ્વીકાર કરવો પડે, અને પરિણામે મારી સામે કદી ન ઉકેલી શકાય તેવો સવાલ આવીને ઊભો રહે. આપણે બધા મળીને એક રાષ્ટ્ર છીએ એ હકીકતની સાચી અને ઉપરાંત યોગ્ય કસોટી આપણે સર્વે સમાન રીતે રાજકીય પરાધીનતા ભોગવીએ છીએ, તે વાતમાંથી ઊભી થાય છે. જો હું અને તમે મળીને આપણા સંયુક્ત પુરુષાર્થથી આ પરાધીનતાને દૂર કરી શકીએ, તો તે પુરુષાર્થની વેદના દ્વારા આપણે રાજકીય દૃષ્ટિથી એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઘડાશું. એ દરમિયાન જો આપણે આપણી મુક્તિનું એક અત્યંત મૂલ્યવાન વસ્તુ તરીકે જતન કરતાં શીખ્યા નહીં હોઈએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અંદર અંદર ઝઘડાઓ કરીને, પોતાની વજ્ર જેવી પકડમાં આપણને મજબૂતપણે દબાવી રાખનારા એક સમાન માલિકને અભાવે, નાની નાની પ્રજાઓના નાના નાના સમૂહોમાં છૂટા પડી જવાનો પ્રયત્ન કરીશું. આપણને આવી અધોગતિએ જતાં કોઈ વસ્તુ રોકી શકવાની નથી કેમ કે, આપણે માથે કોઈ માલિકને બેસાડવાને તેની શોધમાં આપણને જવું પડવાનું નથી. એ માલિકની ગાદી કદી ખાલી રહી નથી, અને તેની ગાદીની માલકીનો દાવો કરનારા લોકોની ખોટ પડવાની નથી.

મારી સમજની આટલી ભૂમિકા રજૂ કર્યા પછી, તમારા ઠરાવનો સ્વીકાર કરવામાં મને જે મુશ્કેલીઓ લાગે છે, તે હું જણાવું.

(૧) લાહોરના ઠરાવમાં પાકિસ્તાનનો ઉલ્લેખ નથી. પંજાબ, અફઘાનિસ્તાન, કાશ્મીર, સિંધ અને બલુચિસ્તાન, એ પ્રદેશોનાં નામોની અંગ્રેજી જોડણીમાંથી અક્ષરો ભેગા કરીને મૂળ જે નામ બનાવવામાં આવ્યું હતું, તેમાં એ જ બધા પ્રદેશો સમાય છે? અને નહીં તો પાકિસ્તાન શબ્દનો બીજો શો અર્થ છે?

(૨) પાકિસ્તાનનું ધ્યેય શું દુનિયા પર ઇસ્લામનું વર્ચસ્વ જમાવવાનું છે?

(૩) હિંદી મુસ્લિમોને બીજા કોઈ પણ હિંદીથી જુદા પાડનારી વસ્તુ તેમના ધર્મ સિવાય બીજી કોઈ છે ખરી? એક તુર્ક અથવા એક અરબથી એક હિંદી મુસ્લિમ ભિન્ન છે કે નથી?

(૪) જે ઠરાવની ચર્ચા થાય છે, તેમાં વપરાયેલા "મુસ્લિમો" એ શબ્દનો શો અર્થ છે? ભૌગોલિક હિંદના મુસ્લિમો, કે પાકિસ્તાનનું જે રાજ્ય સ્થપાવાનું છે, તેના મુસ્લિમો?

(૫) આ ઠરાવ કયા આશયથી કરવામાં આવ્યો છે? મુસ્લિમોને સંબોધીને તેમની ભાવના કેળવવાના આશયથી, કે સમસ્ત હિંદના રહેવાસીઓને અપીલ કરવાના આશયથી, કે પરદેશી રાજકર્તાઓને આખરી લડતનું કહેણ મોકલવાના આશયથી?

(૬) "સ્વતંત્ર રાજ્યો"ના ઘટકો એકત્ર કરીને જે બે પ્રદેશોને અસ્તિત્વમાં લાવવાનો ખ્યાલ છે, તે દરેકના એવા ઘટકોની સંખ્યા ચોક્કસ છે ખરી?

(૭) સીમાઓ આંકી આપવાનું કાર્ય બ્રિટિશ અમલની હસ્તી દરમિયાન થવાનું છે?

(૮) આ છેલ્લા સવાલનો જવાબ જો હા હોય, તો તેનો એ અર્થ નથી થતો કે, પ્રથમ આ દરખાસ્તને બ્રિટને માન્ય રાખવી અને હિંદના લોકોની સ્વતંત્ર સંકલ્પબુદ્ધિમાંથી તેનો ઉગમ અને વિકાસ થયેલો ન હોવા છતાં, બ્રિટને તે હિંદને માથે મારવી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯) આ "સ્વતંત્ર રાજ્યો"ને ભૌતિક દૃષ્ટિથી અથવા બીજી રીતે, તેમના ટુકડાઓ પડી જશે તે છતાં લાભ થશે એ વિષેની પૂરતી તપાસ કરીને તમે તમારું પોતાનું પૂરતું સમાધાન કરી લીધું છે ખરું ?

(૧૦) આ સ્વતંત્ર સર્વસત્તાધારી રાજ્યો સરવાળે પોતાને તેમ જ હિંદના બાકીના ભાગને ભયરૂપ ગરીબ રાજ્યોનો એક સમૂહ નહીં બને, તે વિષે તમારે મારા મનનું સમાધાન કરવાનું રહે છે.

(૧૧) આ ઠરાવનો સ્વીકાર કરવાથી, સમસ્ત હિંદની સ્વતંત્રતા તથા તેની સુસ્થિતિ કેવી રીતે અસ્તિત્વમાં આવશે, તે હકીકતોથી, આંકડાઓથી અથવા બીજી કોઈ રીતથી તમે મને દર્શાવી આપવાની મહેરબાની કરશો ?

(૧૨) દેશી રજવાડાંઓમાં વસતા મુસ્લિમોનું આ યોજનાને પરિણામે શું થવાનું છે ?

(૧૩) "લઘુમતી કોમો" એ શબ્દોની તમારી શી વ્યાખ્યા છે ?

(૧૪) ઠરાવના બીજા ભાગમાં જણાવવામાં આવેલી લઘુમતી કોમો માટેની "પૂરતી, અસરકારક અને સ્પષ્ટ ફરમાન જેવી સલામતીઓ"ની વ્યાખ્યા કરવાની તમે મહેરબાની કરશો ?

(૧૫) લાહોરના ઠરાવમાં કેવળ ઉદ્દેશનું જ વિધાન કરવામાં આવેલું છે, અને તેમાં એ ઉદ્દેશને અમલમાં મૂકવાને માટે જે સાધનો અથવા ઉપાયો જરૂરી હોય, તેમનો તથા તેમાંથી ફલિત થતી વાસ્તવિકતાઓનો કશો ખ્યાલ કરવામાં આવેલો નથી, એમ તમને નથી લાગતું ?

દાખલા તરીકે :

(ક) આ યોજના મુજબ જે પ્રદેશો અસ્તિત્વમાં આવવાના છે, તેમાં હાલમાં વસતા લોકોનો છૂટા પડવાને અંગે અભિપ્રાય લેવામાં આવશે ખરો ? અને જો તેવો અભિપ્રાય લેવાનો હોય, તો તેનો નિર્ણય કેવી રીતે મેળવવામાં આવશે ?

(ખ) લાહોરના ઠરાવમાં બચાવ વગેરે જેવી સમાન હિતની જે બાબતોનો ખ્યાલ રાખવામાં આવેલો છે, તેમના વહીવટને માટેની જોગવાઈ શી છે ?

(ગ) મુસ્લિમ લીગની નીતિથી જેમણે હંમેશ પોતાનો ભિન્ન મત દર્શાવ્યો છે, એવા મુસ્લિમોના કેટલાક સમૂહો છે. મુસ્લિમ કોમ પર લીગનો બહુ મોટો પ્રભાવ છે અને તે કોમમાં તેનો દરજ્જો ઊંચો છે, એ વાત સ્વીકારવાને હું તૈયાર છું, અને તેથી તો હું તમારી પાસે આવ્યો છું. પરંતુ, મુસ્લિમ કોમના આ સમૂહોને અને તેમના વિચારોને ટેકો આપનારા લોકોને એવો ભય હોય કે, આપણને આ બાબતમાં અભિપ્રાય દર્શાવવાનો નહીં જેવો જ અધિકાર છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેમનો તે ભય દૂર કરીને તેમની આ શંકાનું નિવારણ કરવાનો, અને તેમને આપણી સાથે લેવાનો આપણા બન્નેનો ધર્મ નથી?

(ઘ) તે તે પ્રદેશના હિતસંબંધ ધરાવતા, સર્વ લોકોની આગળ આ ઠરાવ માન્ય કરાવવાને રજૂ કરવો જોઈએ, એ જ મૂળ વાત પર આપણે પાછા આવીને નથી ઊભા રહેતા?

આ પત્ર હું લખતો જાઉં છું, અને એ ઠરાવના પ્રત્યક્ષ અમલની કલ્પના કરતો જાઉં છું, તેમ તેમ તેને પરિણામે સમસ્ત હિંદની પડતી સિવાય બીજું કશું મારી નજરે પડતું નથી. હિંદુ-મુસ્લિમ પ્રશ્નનો સાચો ઉકેલ શોધનાર એક નમ્ર વ્યક્તિ તરીકે હું તમારી પાસે આવ્યો છું. મારી જાત સિવાય બીજા કોઈનો હું પ્રતિનિધિ નથી, તો પણ મારી ઉમેદ સમસ્ત હિંદના સર્વ રહેવાસીઓની આકાંક્ષાના પ્રતિનિધિ થવાની છે. કેમ કે તે બધા, કોઈ પણ જાતના વર્ગ, ન્યાત કે કોમના ભેદભાવ વિના જે જે કષ્ટો અને અવદશા ભોગવે છે, તે બધાંનો હું જાતે અનુભવ કરું છું. હું જાણું છું કે, મુસ્લિમ આમજનતા પર તમારો અનન્ય પ્રભાવ પડે છે; હું તમારી પાસે માગું છું કે, તમારા એ પ્રભાવનો ઉપયોગ તમે તેમના સમગ્ર કલ્યાણને માટે કરો કેમ કે, બાકીના લોકોનું કલ્યાણ પણ તેમાં જ સમાયેલું છે.

ઉતાવળે લખેલા આ પત્રમાં હું તમને મારી મુશ્કેલીનું કેવળ સૂચન કરી શક્યો છું.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

૮

સપ્ટેમ્બર ૧૫, ૧૯૪૪

વહાલા કાઇદે આઝમ,

તમારો તા. ૧૪ મી સપ્ટેમ્બરનો પત્ર મને આજે સવારે ૯-૪૦ કલાકે મળ્યો. લાહોરના ઠરાવને લગતો જે પત્ર લખવાનું મેં તમને વચન આપ્યું હતું, તે પૂરો કરવાને મળસ્કે ત્રણ વાગ્યે હું ઊઠ્યો હતો. તમે જણાવો છો તેવી તારીખની કોઈ ભૂલ થઈ નથી કેમ કે, તમારા ૧૩ મીના યાદ દેવડાવનારા કાગળના જવાબમાં મેં તે પત્ર લખ્યો હતો.

સ્વતંત્રતાનો અર્થ ૧૯૪૨ ના અખિલ હિન્દ મહાસભા સમિતિના ઠરાવમાં તેનો જે ખ્યાલ રાખવામાં આવેલો છે, તે જ થાય છે. પરંતુ તે સંયુક્ત હિન્દના પાયા પર હવે નહીં હોય. આપણે જો કોઈ પણ સમજૂતી પર આવી શકીશું, તો તે સમજૂતીના પાયા પર તે સ્વતંત્રતાની માગણી કરવામાં આવશે. અલબત્ત, હું એમ સ્વીકારીને ચાલુ છું કે, આપણી સમજૂતીને દેશ સામાન્યપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્ય રાખશે. એ બધું કંઈક આવી રીતે બનશે. પ્રથમ આપણે આપણા ભેગા પ્રયાસથી આજે હિન્દ જેવો છે, તેની સ્વતંત્રતા સુધી પહોંચીશું. એવી રીતે સ્વતંત્ર થયેલું હિન્દ, જો હિતસંબંધ ધરાવતા બધા લોકો દેશના ભાગલા પાડવાનો નિર્ણય કરશે, તો પછી સરહદો આંકવાનું, સમસ્ત વસ્તીની મતગણતરી કરવાનું અને મુલકની વહેંચણીનું કાર્ય કરશે. રાજાજીની યોજનામાં આ બધી વસ્તુઓ ગર્ભિત રીતે રહેલી છે.

કામચલાઉ વચગાળાની સરકારની બાબતમાં મેં અત્યાર સુધીમાં જે જવાબ આપ્યો છે, તેમાં હું કંઈ ઉમેરી શકું એમ મને લાગતું નથી. આવી જાતની સરકારની યોજના મારી પાસે નથી. પરંતુ લાહોરના ઠરાવને અનુસરીને પણ વચગાળાની સરકાર જરૂરી છે, એટલે તમારી પાસે તેને લગતી જો કોઈ યોજના હોય, તો તેની ચર્ચા આપણે કરી શકીશું.

રાજાજીએ પોતાની યોજના શુભ નિષ્ઠાથી ઘડેલી છે. મેં પણ એટલી જ શુભ નિષ્ઠાથી તેનો સ્વીકાર કર્યો છે. આશા અમે એ રાખી હતી કે, તમે તેને અનુકૂળ દૃષ્ટિથી જોશો. અમને હજી પણ એમ લાગે છે કે, તે યોજના અત્યારના સંજોગોમાં જે હોઈ શકે તેમાં સૌથી સારી છે. આપણાથી જો બની શકે, તો આપણે બન્નેએ એ યોજનાના ખાલી ચોકઠામાં વિગતો પૂરવાની રહે છે. જે પ્રક્રિયામાંથી આપણે પસાર થવાનું છે, તેની સમજૂતી મેં તમને આપેલી છે. તમારો તેની સામે વાંધો નથી. મને જો એવી સરકાર રચવાનું કહેવામાં આવે, તો કામચલાઉ સરકારની રચના હું કેવી રીતે કરું તે કદાચ તમે મારી પાસેથી જાણવા માગતા હશો. એવી અણગમતી સ્થિતિ મારે માથે આવી જ પડે, તો તે સરકારમાં હિસ્સાનો દાવો કરતા બધા લોકોને મળીને તેમને સંતોષવાનો પ્રયાસ હું કરું. મારો સહકાર તો તે કામમાં હમેશ મળી શકશે.

"મારે જે જાણવું છે તે આ છે; આવી કામચલાઉ સરકારની સત્તા અથવા અધિકાર શું હશે? તેની રચના કઈ રીતે થશે? તે જવાબદાર કોને રહેશે?" એ બધું જે તમે પૂછ્યું છે, તેને અંગે હું તમારું સંપૂર્ણ સમાધાન કરી શકું છું. કામચલાઉ વચગાળાની સરકાર હાલની અથવા નવી ચૂંટાયેલી ધારાસભાને જવાબદાર રહેશે. યુદ્ધ દરમિયાન તે સરકાર, લશ્કરના વડા સેનાપતિની સત્તાને બાદ કરતાં બાકીની સર્વ સત્તા ધારણ કરશે, અને યુદ્ધ પછી હિંદના શાસનની કુલ સત્તા ધરાવશે. લીગ અને રાષ્ટ્રીય મહાસભા વચ્ચે થયેલી સમજૂતી, જેને બીજા પક્ષોએ માન્ય રાખી હશે, તેને અમલમાં મૂકવાનો અધિકાર પણ આ સરકારને રહેશે.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

સપ્ટેમ્બર ૧૭, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

તમારો ૧૫ મી સપ્ટેમ્બરનો પત્ર મળ્યો. તે માટે તમારો આભાર માનું છું. હું જોઉં છું કે, તમે "રાજાજીની યોજના"ને તમારા મગજમાંથી તરત પૂરતી દૂર કરી છે, અને તમારું ધ્યાન મુસ્લિમ લીગના ઠરાવ પર ગંભીરપણે એકાગ્ર કર્યું છે. તમે ઘણી વાર સ્પષ્ટ કર્યું છે, તે મુજબ મારી સાથે તમે તમારા વ્યક્તિગત દરજ્જાથી આ વાતચીતો ચલાવો છો, છતાં લાહોરના ઠરાવની તમને સમજૂતી આપવાની, અને તેનો સ્વીકાર કરવાનું તમને સમજાવવાની હું આજે મારી ફરજ સમજું છું. સારી જેવી સંખ્યાના બિનમુસ્લિમ હિંદીઓને અને પરદેશીઓના ઘણા મોટા સમૂહને મારી વાત સાચી છે, એમ સમજાવવામાં હું સફળ થયો છું, અને હિંદુ હિંદ પર તમારો અસાધારણ પ્રભાવ પડે છે તે જોતાં, અને જો કે તમે કોઈના પ્રતિનિધિના દરજ્જાથી અથવા અધિકારથી આ વાતચીતો મારી સાથે ચલાવતા નથી એ વસ્તુ ખ્યાલમાં હોવા છતાં, અને વળી જો કે તમારી સાથે કોઈ પણ પ્રકારની સમજૂતીને અંગેની મસલત કરવાને માટે, અને તેનો કરાર કરવાને માટે તમે યોગ્ય પ્રતિનિધિત્વનો દરજ્જો અથવા અધિકાર મેળવ્યો નથી, તેને લીધે મારી મુશ્કેલીઓ કાયમ રહેતી હોવા છતાં, જો હું તમને મારે પક્ષે વાળી શકું, તો તે મને ભારે મદદરૂપ થશે.

તમે તમારા સપ્ટેમ્બર ૧૧ મીના પત્રમાં એમ કહ્યું છે કે લાહોરનો ઠરાવ "અચોક્કસ" છે. તેથી કુદરતી રીતે જ મેં તમને એમ પૂછ્યું હતું કે, લાહોરનો ઠરાવ કઈ રીતે અને કઈ બાબતમાં અચોક્કસ છે, તે મને જણાવવાની મહેરબાની કરશો? અને હવે હું જેનો આ જવાબ લખું છું, તે ૧૫ મી સપ્ટેમ્બરનો તમારો પત્ર મને મળી ગયો છે.

તમારા પત્રના ત્રીજા ફકરામાં તમે લાહોરના ઠરાવ વિષે કોઈ બાબતની ચોખવટનો સવાલ કરતા નથી, પરંતુ મુસ્લિમો એક ભિન્ન રાષ્ટ્ર છે કે નથી, તે મુદ્દા વિષેના તમારા અભિપ્રાયો વ્યક્ત કરીને તેમનું પ્રતિપાદન કર્યું છે. આ મુદ્દો એવો છે, જે કેવળ પત્રવહેવાર દ્વારા ચર્ચી ન શકાય. એ મુદ્દાને વિષે ખૂબ ચર્ચા થઈ છે, અને તેને વિષેનું બહોળું સાહિત્ય પણ મળી શકે છે. આ ઉપખંડની ભૂમિ ઉપર વસતા મુસલમાનો અને હિંદુઓ બે મોટાં ભિન્ન રાષ્ટ્રો છે કે નથી, તે સવાલનો પૂરતો અભ્યાસ કરીને તેનો નિર્ણય તમારે જાતે કરી લેવો જોઈએ. આ વિષયને લગતાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે, પરંતુ હું તમને ડૉ. આંબેડકરનું પુસ્તક અને "એમ. આર. ટી."નું લખેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નૅશનૅલિઝમ ઇન કૉન્ફિલકટ ઇન ઇન્ડિયા' (હિંદમાં રાષ્ટ્રવાદનો ઝઘડો), એ બે પુસ્તકો જોઈ જવાની ભલામણ કરું છું. રાષ્ટ્રીયતાના દરજ્જાની કોઈ પણ વ્યાખ્યા અથવા કસોટીથી તપાસતાં મુસ્લિમો અને હિંદુઓ બે પ્રધાન રાષ્ટ્રો છે, એવો અમારો અભિપ્રાય થયેલો છે, અને અમે તેને દૃઢતાથી વળગી રહીએ છીએ. અમારા રાષ્ટ્રની લોકસંખ્યા દશ કરોડની છે એટલું જ નથી, અમારું રાષ્ટ્ર પોતાના વિશિષ્ટ સંસ્કારો અને સંસ્કૃતિ ધરાવે છે, તેની પોતાની ભાષા અને તેનું પોતાનું સાહિત્ય છે, તેની પોતાની કળા અને સ્થાપત્ય છે, તેની પાસે પોતાનાં વિશિષ્ટ નામો અને નામકરણની પદ્ધતિ છે, જીવનનાં મૂલ્યો તેમ જ પ્રમાણ ઓળખવાની વિશિષ્ટ દૃષ્ટિ છે, ઐહિક કાયદાની પદ્ધતિ અને નૈતિક નિયમોની સ્મૃતિઓ છે, જુદા રિવાજો અને અલગ પંચાંગ છે, અમારો પોતાનો ઇતિહાસ અને અમારી પ્રણાલીઓ છે, અમારી પોતાની ખાસ આવડતો અને વિશિષ્ટ મહત્ત્વાકાંક્ષાઓ છે; ટૂંકમાં, જીવનનું અમારું એક વિશિષ્ટ દર્શન અને જીવન વિષેની વિશિષ્ટ દૃષ્ટિ છે. આંતરરાષ્ટ્રીય કાયદાની એકેએક કસોટીથી તપાસતાં અમે નિર્વિવાદ એક રાષ્ટ્ર છીએ. હવે હું તમારા જુદા જુદા મુદ્દાઓનો જવાબ આપું.

(૧) તમારી વાત સાચી છે. ઠરાવમાં પાકિસ્તાન શબ્દનો ઉલ્લેખ નથી; હવે એ શબ્દનો અને લાહોરના ઠરાવનો એક જ અર્થ સમજવામાં આવે છે.

(૨) આ મુદ્દો લાહોરના ઠરાવની ચોખવટને અંગે ઊભો થતો નથી, છતાં તેના જવાબમાં હું એટલું જણાવું કે, એ એક ખોટો બાઉ છે.

(૩) હિન્દના મુસ્લિમો એક રાષ્ટ્ર છે, એ મારા જવાબમાં આ મુદ્દાનો જવાબ સમાઈ જાય છે; તમારા સવાલના છેવટના ભાગને વિષે જણાવવાનું કે, લાહોરના ઠરાવની ચોખવટના વિષયની સાથે આ સવાલ ભાગ્યે જ પ્રસ્તુત ગણાય.

(૪) "મુસ્લિમો" એ શબ્દનો શો અર્થ થાય છે, તે તમે ખરેખર નથી જાણતા?

(૫) લાહોરના ઠરાવની ચોખવટના વિષયને અંગે આ સવાલ પેદા થતો નથી.

(૬) ના. તે બધા પાકિસ્તાનના એક અખંડ રાજ્યના ઘટકો ગણાશે.

(૭) લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલો પાયાનો સિદ્ધાન્ત, અને બીજા સિદ્ધાન્તો માન્ય રાખવામાં આવશે કે તરત જ સરહદો નક્કી કરવાનું કામ હાથમાં લેવું પડશે.

(૮) (૭) મા પ્રશ્નના જવાબમાં (૮) મા પ્રશ્નનો મારો જવાબ આવી જાય છે.

(૯) ઠરાવની ચોખવટ સાથે સંબંધ ધરાવતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૦) (૯) માના જવાબમાં આ મુદ્દો સમાઈ જાય છે.

(૧૧) લાહોરના ઠરાવની ચોખવટને અંગે આ મુદ્દો ઉપસ્થિત થતો નથી; સાચે જ આ કંઈ લાહોરના ઠરાવના સ્પષ્ટીકરણને માટે પૂછેલું ન કહેવાય. મારાં અનેક ભાષણોથી મેં પોતે, અને પોતાના ઠરાવોમાં મુસ્લિમ લીગે દર્શાવ્યું છે કે, હિન્દના સવાલનો આ એક માત્ર ઉકેલ છે, અને હિન્દના લોકોની મુક્તિ અથવા સ્વતંત્રતા સિદ્ધ કરવાનો એ જ એક માત્ર રસ્તો છે.

(૧૨) "દેશી રજવાડાંઓમાં વસતા મુસ્લિમો": લાહોરના ઠરાવમાં બ્રિટિશ હિંદ પૂરતો જ વિચાર કરવામાં આવેલો છે; અને આ સવાલ લાહોરના ઠરાવની ચોખવટને અંગે ઉપસ્થિત થતો નથી.

(૧૩) "લઘુમતી કોમો" શબ્દની વ્યાખ્યા: તમે જાતે જ ઘણી વાર કહ્યું છે કે "લઘુમતી કોમો" એટલે "માન્ય થયેલી લઘુમતી કોમો".

(૧૪) લાહોરના ઠરાવમાં જણાવવામાં આવેલી "લઘુમતી કોમો"નાં હિતોના સંરક્ષણ માટેની "પૂરતી અસરકારક તેમ જ સ્પષ્ટ ફરમાન જેવી સલામતીઓ" પાકિસ્તાન અને હિંદુસ્તાન, એ બંને રાજ્યોએ પોતપોતાની "લઘુમતી કોમો" સાથે મસલત કરીને સમજૂતી કરવાનો વિષય છે.

(૧૫) લાહોરનો ઠરાવ કેવળ મૂળભૂત સિદ્ધાન્તો રજૂ કરે છે, અને તે સિદ્ધાન્તોને જ્યારે માન્ય રાખવામાં આવશે, ત્યારે તેમને લગતી વિગતો કરાર કરનારા પક્ષો નક્કી કરી લેશે.

(ક) ઠરાવની ચોખવટની દૃષ્ટિથી ઉપસ્થિત થતો નથી.

(ખ) ઠરાવની ચોખવટની દૃષ્ટિથી ઉપસ્થિત થતો નથી.

(ગ) મુસ્લિમ લીગ મુસ્લિમ હિંદની પ્રતિનિધિ, તેમ જ મુસ્લિમોને નામે બોલનારી એક માત્ર સંસ્થા છે.

(ઘ) ના. (ગ) નો જવાબ જોવો.

તમારા પત્રના છેલ્લા ફકરા વિષે જણાવવાનું કે, "આ કાગળ હું લખતો જાઉં છું અને એ ઠરાવના પ્રત્યક્ષ અમલની કલ્પના કરતો જાઉં છું, તેમ તેમ સમસ્ત હિંદની પડતી સિવાય બીજું કાંઈ મારી નજરે આવતું નથી", એમ તેમાં જણાવીને તમે લાહોરના ઠરાવની ચોખવટ મેળવી લીધા પહેલાં જ તેને વખોડી કાઢીને તેને વિષેનો તમારો નિર્ણય આપી દીધો છે. હું એમ સમજું કે, તમે મારી આગળ સ્પષ્ટ કર્યું છે તે પ્રમાણે તમે તમારી જાત સિવાય કોઈના પ્રતિનિધિ નથી, અને તમારો તે દરજ્જો માન્ય રાખીને માત્ર હિંદુ અને મુસ્લિમ, એ હિંદનાં બે મુખ્ય રાષ્ટ્રોને જ નહીં, પણ હિંદના તે સિવાયના બાકીના લોકોને મુક્તિ તેમ જ સ્વતંત્રતા સિદ્ધ કરવાને માર્ગે લઈ જવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય એક આ જ છે, એ વાત તમને સમજાવીને તમારો અભિપ્રાય બદલવાનો પ્રયાસ હું કરું છું. પરંતુ તમે જ્યારે આગળ વધીને એમ કહો છો કે, મારી ઉમેદ સમસ્ત હિંદના કુલ રહેવાસીઓના પ્રતિનિધિ થવાની છે, ત્યારે તમારું એ વિધાન મારે દિલગીરી સાથે કહેવું જોઈએ કે, હું માન્ય રાખી શકતો નથી.

એ વાત તો દીવા જેવી ચોખ્ખી છે કે, તમે હિંદુઓ સિવાય બીજા કોઈના પ્રતિનિધિ નથી, અને જ્યાં સુધી તમે તમારા સાચા દરજ્જાને અને સાચી વસ્તુસ્થિતિને ઓળખશો નહીં, ત્યાં સુધી તમારી સાથે દલીલ કરવામાં મને બહુ મુશ્કેલી પડે છે. ઉપરાંત, હિંદમાં આજે જે વસ્તુસ્થિતિ પ્રવર્તે છે, તેની વાસ્તવિકતા તમે ઓળખો એમ તમને સમજાવવામાં, તથા તેની તમને પ્રતીતિ કરાવવામાં વળી મને વધારે મુશ્કેલી નડે છે. બીજા અનેક લોકોને હું સફળપણે મારા અભિપ્રાયના કરી શક્યો છું, તેમ તમને પણ મારા અભિપ્રાયના કરવાની આશાથી હું તમારી સાથે દલીલ કરી રહ્યો છું.

આ પૂર્વે પણ મેં કહેલું છે કે, તમે એક મહાન વ્યક્તિ છો, અને હિંદુઓ પર, તેમાં યે ખાસ કરીને હિંદુ આમજનતા પર તમારો ભારે પ્રભાવ પડે છે. તેથી હું જે રસ્તો તમને બતાવું છું તેનો જો તમે સ્વીકાર કરો, તો કોઈ લઘુમતી કોમોના અથવા હિંદુઓના હિતને તમે જોખમમાં મૂકતા નથી, કે નુકસાન પહોંચાડતા નથી; ઊલટું મારો બતાવેલો રસ્તો તમે સ્વીકારશો, તો સૌથી વધારે ફાયદો તમારા હિંદુઓને જ થવાનો છે. મારી તો એવી ખાતરી થયેલી છે કે, એકલા મુસ્લિમોનું જ નહીં, પણ બાકીના હિંદની બધી વસ્તીનું સાચું કલ્યાણ લાહોરના ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણેની હિંદના મુલકની વહેંચણી કરવામાં રહેલું છે.

તમે તમારા પત્રમાં "સમસ્ત હિંદ"ની પડતીનો અને તેના લોકોનાં કષ્ટ અને અવદશાનો જે ઉલ્લેખ કરો છો, તેનો મને પણ જે રંજ થાય છે તે બીજા કોઈનેયે થતા રંજ કરતાં ઓછો નથી. પરંતુ હિંદના લોકોની એ અવદશાને માટે તમારી નીતિ અને તમારો કાર્યક્રમ, જેમને તમે જક્કીપણે વળગી રહ્યા છો, તે જ પ્રધાનપણે જવાબદાર છે કે નથી, તે વિચારવાનું હું તમને જ સોંપું છું. તમે જો કે આગ્રહપૂર્વક કહ્યા કરો છો કે, તમે તમારા અંગત દરજ્જાથી જ આ વાતચીતો ચલાવો છો, તે છતાં તમે તમારી નીતિ તથા કાર્યક્રમમાં ફેરફાર કરશો, એવી આશાથી હું તમારી સાથે આટલા બધા દિવસોથી દલીલો કર્યા કરું છું.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

સપ્ટેમ્બર ૧૯, ૧૯૪૪.

વહાલા કાઇદે આઝમ,

તમારા તા. ૧૭ મીના પત્રને માટે તમારો ઘણો આભાર માનું છું.

મારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે, તમારા પત્રમાંના (૧), (૨) અને (૯) સિવાયના બાકીના જવાબોથી મારું સમાધાન થયું નથી.

મારા બધા સવાલો કેવળ લાહોરના ઠરાવની ચોખવટ મેળવવાની દૃષ્ટિથી ઉપસ્થિત થતા ન હોય એમ બને, પરંતુ મારો દાવો એવો છે કે, હિંદુ-મુસ્લિમ સવાલના ઉકેલને અંગે સત્યની શોધ કરનાર એક નમ્ર વ્યક્તિ તરીકે તમારી પાસે હું આવ્યો છું, એટલે તે દૃષ્ટિથી તે સવાલો બહુ જ પ્રસ્તુત છે. દાખલા તરીકે મારા (૧૫) (ક) અને (ખ) સવાલોને લાહોરના ઠરાવની ચોખવટની દૃષ્ટિથી ઉપસ્થિત થતા નથી એમ જણાવીને તમે ઉડાવી દીધા છે, પણ તે સવાલોનો જવાબ મેળવ્યા સિવાય, કોઈ પણ માણસ લાહોરના ઠરાવમાં જે દાવો કરવામાં આવેલો છે, તે દાવાની સાથે સંમત થાય, અથવા તેના અમલનો ભાર ઉઠાવે, એવી અપેક્ષા તમારે ન રાખવી જોઈએ.

ડૉ. આંબેડકરનો નિબંધ કુશળતાથી લખાયેલો છે, તો પણ તેનાથી મારી કશી પ્રતીતિ થઈ નથી. તમે જે બીજા પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે, તે મારે દિલગીરી સાથે જણાવવું જોઈએ કે, મેં જોયું નથી

હિંદની સમગ્ર વસ્તીમાં સમાતા સર્વ લોકોના પ્રતિનિધિ થવાની મારી ઉમેદ છે, એમ જ્યારે હું કહું છું, ત્યારે તમે મારી તે વાતનો સ્વીકાર શા માટે કરી શકતા નથી? શું તમારી એવી ઉમેદ નથી? એકેએક હિંદીએ શું એવી ઉમેદ ન રાખવી જોઈએ? એ ઉમેદ કદી પાર ન પડે એમ બને, પરંતુ તે વાત અહીં મુદ્દાની નથી.

તમારો મારે વિષે જે અભિપ્રાય છે, તે છતાં તમે મારી સાથે ધીરજ રાખીને વાતચીતો ચલાવો છો, તે માટે હું તમારો અત્યંત ઋણી છું. મને એવી આશા છે કે, તમારી એ ધીરજ કદી નહીં ખૂટે, અને તમારે પક્ષે મને વાળવાના તમારા પ્રયાસોમાં તમે મંડ્યા રહેશો. મારા દૃઢ અભિપ્રાયોની સાથે અને મારા જે પૂર્વગ્રહો હોય તો તેમની સાથે પણ હું જેવો છું તેવો મને સ્વીકારવાને હું તમને વિનવું છું.

મારી નીતિ અને મારા કાર્યક્રમને વિષે તમારો જે નિર્ણય તમે આપ્યો છે, તેને વિષે આપણો મતભેદ રહેવાનો જ છે. કેમ કે, એ નીતિ અને એ કાર્યક્રમને વિષે મને જરા જેટલોયે પશ્ચાત્તાપ નથી. કોમી એકતાના એક ચાહક તરીકે મારો આશય મારી સેવા તમને અર્પણ કરવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ લાહોરના ઠરાવમાં કયા અર્થો સમાયેલા છે, તે પૂરેપૂરું સમજી લીધા વિના તેનો હું સ્વીકાર કરી લઉં, એવી અપેક્ષા મને આશા છે કે, તમે નહીં રાખતા હો. તમારો પત્ર જો આ વિષયમાં તમારો છેવટનો શબ્દ હોય, તો મને ઝાઝી આશા રહેતી નથી. હિંદમાં બે રાષ્ટ્રો છે કે નથી, તે સવાલને વિષેનો આપણો મતભેદ ઊભો રહેવા દઈને આત્મનિર્ણયના સિદ્ધાંતના પાયા પર હિંદુ-મુસ્લિમ સવાલના ઉકેલનો પ્રયાસ કરવાનું શું હજી આપણે માટે શક્ય નથી? એ પાયા પર જ હિંદુ-મુસ્લિમ પ્રશ્નનો ઉકેલ કાઢવાના હેતુથી હું તમારી પાસે આવ્યો છું. લાહોરના ઠરાવને અનુસરીને જે પ્રદેશોમાં મુસ્લિમ વસ્તીની વધુમતી છે, તેમને હિંદના મુલકમાંથી છૂટા પાડવાનું ગંભીર પગલું લેવાનું હોય, તો તે લેતાં પહેલાં તે વિસ્તારોમાં વસતા લોકોની આગળ તે વાત સ્પષ્ટતાથી ચોખ્ખેચોખ્ખી રજૂ કરવી જોઈએ, અને તેમની તે બાબતમાં સંમતિ લેવી જોઈએ.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

૧૧

સપ્ટેમ્બર ૨૧, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

તમારો ૧૯મી સપ્ટેમ્બરનો પત્ર મળ્યો છે. લાહોરના ઠરાવની અથવા તેના કોઈ ભાગની ચોખવટ કરવાને અંગેના તમારા બધા સવાલોના જવાબ મેં આપી દીધા છે, અને તમે એમ સ્વીકારો છો કે, "મારા બધા સવાલો લાહોરના ઠરાવમાં સમાયેલા બધા મુદ્દાઓની ચોખવટ કરવાની દૃષ્ટિથી ઊભા થતા ન હોય એમ બને", તેથી હું રાજી થયો છું. પરંતુ, તમે હજી તમારા (૧૫) (ક) અને (૧૫) (ખ) સવાલના મુદ્દાઓ પર ખાસ ભાર મૂકો છો.

મારે દિલગીરી સાથે જણાવવું જોઈએ કે, તે મુદ્દાઓને લાહોરના ઠરાવના અથવા તેના કોઈ ભાગના સંદર્ભ સાથે કોઈ જાતનો સંબંધ નથી. આપણા પત્રવહેવારમાં લાહોરના ઠરાવની ચોખવટના વિષયની તદ્દન બહારના એટલા બધા મુદ્દાઓને તમે ઘસડી લાવ્યા છો કે, મારે કમને તેમની ચર્ચા કરવી પડે છે. પ્રથમ હું તમારો સપ્ટેમ્બર ૧૧મીનો પત્ર લઉં છું.

તમે કહો છો: "હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપનાને હું મારા જીવનનું મિશન સમજું છું. મારા અંતરનું સમાધાન તે એકતાની સિદ્ધિમાં છે; કોઈ બીજો હેતુ પાર પાડવાને તેવી એકતાની હું ઝંખના કરતો નથી. પરંતુ પરદેશી રાજ્યની સત્તાને જ્યાં સુધી અહીંથી કાઢવામાં નહીં આવે, ત્યાં સુધી

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની સિદ્ધિ થઈ શકે તેમ નથી. તેથી આત્મનિર્ણયના સિદ્ધાંતના પ્રત્યક્ષ અમલ માટેની પહેલી શરત હિંદમાં સમાતા બધા પક્ષો અને સમૂહોના સહકાર્યથી હિંદની સ્વતંત્રતા મેળવવી, એ છે. કમનસીબે જો આ જાતનું સહકાર્ય અશક્ય હોય, તો પણ મારો તો તે સ્વતંત્રતાની પ્રાપ્તિને અર્થે હિંદનાં જેટલાં તત્ત્વોને ભેગાં કરી શકાય, તેટલાંને એકઠાં કરીને લડી લીધા સિવાય છૂટકો નથી."

તમારા આજ સુધીના પત્રોનો સાર એ છે કે, તમે આ નીતિને વરેલા છો, અને હજી તેને જ વળગી રહેવાના છો. ત્યાર પછીના તમારા ૧૪મી સપ્ટેમ્બરના પત્રમાં તમે ગાંધી-રાજાજી ઉકેલની યોજનાના મુદ્દાઓની ચોખવટ કરવાની મહેરબાની કરી હતી, અને પછી જણાવવાની કૃપા કરી હતી કે, "હાલ તુરત પૂરતી તો મેં તે યોજનાને મારા મગજમાંથી દૂર કરી છે, અને આપણા બે વચ્ચે પરસ્પર સમજૂતીની કોઈ સમાન ભૂમિકા મળી રહેશે, એ આશામાં મારું આખું ધ્યાન લાહોરના ઠરાવ પર એકાગ્ર કર્યું છે".

તમારા સપ્ટેમ્બર ૧૫મીના પત્રમાં તમે જણાવો છો: "સ્વતંત્રતાનો અર્થ ૧૯૪૧ના અખિલ હિંદ મહાસભા સમિતિના ઠરાવમાં તેનો જે ખ્યાલ કરવામાં આવેલો છે, તે જ થાય છે" આથી એ સ્પષ્ટ થાય છે કે, તમે તમારી નીતિમાં કશો ફેરફાર અથવા સુધારો કરવાને તૈયાર નથી, અને પહેલેથી તમારી જે નીતિ અને જે કાર્યક્રમ છે, તેને દૃઢતાથી વળગી રહેવાના છો; અને ૮ મી ઑગસ્ટ, ૧૯૪૨ના ઠરાવમાં કરવામાં આવેલી માગણીથી, માન્ય કરવામાં આવેલી અંતિમ નીતિ તેમ જ કાર્યક્રમથી, અને તે માગણીનો અમલ કરાવવાને માટેની પદ્ધતિ તથા સામુદાયિક સવિનયભંગનું હથિયાર ઉપાડવાની મંજૂરી આપવાથી તે નીતિ તેમ જ કાર્યક્રમની અંતિમ હદ આવી ગઈ છે. "મારી નીતિ અને કાર્યક્રમને વિષે તમે તમારો જે નિર્ણય આપ્યો છે, તેને વિષે આપણો મતભેદ રહેવાનો જ, કેમ કે, તે નીતિ અને કાર્યક્રમને માટે મને જરાયે પશ્ચાત્તાપ થતો નથી", એમ તમારા સપ્ટેમ્બર ૧૯ના પત્રમાં જણાવીને તે જ વાતની તમે વધારે સ્પષ્ટતા કરી છે. તમે જાણો છો કે, ઑગસ્ટ ૧૯૪૨નો ઠરાવ મુસ્લિમ હિંદની માગણીઓ અને આદર્શોનો વિરોધી છે.

વળી, આપણી ચર્ચાઓ દરમિયાન મેં તમને ગાંધી-રાજાજી યોજનાની ચોખવટ કરવાને કહેલું, ત્યારે તમે તમારા ૧૫મી સપ્ટેમ્બરના પત્રમાં નીચે પ્રમાણે જણાવવાની મહેરબાની કરી હતી: "હાલ તુરતને માટે રાજાજીની યોજનાને મેં મારા મગજમાંથી દૂર કરી છે, અને મુસ્લિમ લીગના લાહોર મુકામે થયેલા વિખ્યાત ઠરાવને તમારી મદદથી સમજવા પર મેં મારું આખું ધ્યાન ગંભીરપણે એકાગ્ર કર્યું છે." તમે મને એમ કહ્યું કે, તમારી દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજીને તેનો સ્વીકાર કરવાને હું તૈયાર છું, એટલે આપણે તેની વિધવિધ બાજુથી ચર્ચા કરી. તમે ઘણી વાર ભારપૂર્વક જણાવ્યું છે કે, મારી સાથેની આ વાતચીતો તમે તમારા અંગત દરજ્જાથી જ કરો છો તે છતાં, અને તમારા સપ્ટેમ્બર ૧૫મીના પત્રમાં લાહોરના ઠરાવને વિષે લખતાં તમે મને એમ જણાવ્યું હતું કે, "હિન્દુ-મુસ્લિમ પ્રશ્નનો સાચો ઉકેલ શોધનાર એક નમ્ર વ્યક્તિ તરીકે હું તમારી પાસે આવ્યો છું, જો કે હું મારી જાત સિવાય બીજા કોઈનો પ્રતિનિધિ નથી" એટલે, અને તમારી ખાતરી થાય તો, તમે તમારો અભિપ્રાય બદલવાને તૈયાર છો એમ જોઈને મેં તમારી સાથે તે ઠરાવની લંબાણપૂર્વક ચર્ચા કરી, અને તેને અંગે તમારે જે જે બાબતોનો ખુલાસો જોઈતો હતો, તે બધીનો ખુલાસો આપ્યો.

તમારા સપ્ટેમ્બર ૧૧મીના પત્રમાં તમે મને આ પ્રમાણે જણાવ્યું હતું: "તમારી અને મારી દૃષ્ટિ વચ્ચે એક મહાસાગર પડેલો છે, એમ મેં કહેલું તે વાત સાચી છે, પરંતુ મારું કહેવાનું લીગના લાહોરના ઠરાવને ઉદ્દેશીને નહોતું. તે ઠરાવ અસ્પષ્ટ છે" તેથી કુદરતી રીતે જ તેના જવાબમાં મારા ૧૧ મી સપ્ટેમ્બરના પત્રથી મેં તમને જણાવ્યું હતું કે, "તમે જણાવો છો કે, લાહોરનો ઠરાવ 'અસ્પષ્ટ' છે; તે ઠરાવના મુદ્દાઓની ચોખવટ અથવા ખુલાસો કરવાને તમે મને કહેતા નથી, પણ તેને બદલે તમે તે ઠરાવના પાયાની સામેનો, અને તેમાં સમાવવામાં આવેલા મૂળભૂત સિદ્ધાન્તોનો તમારો દૃઢ વિરોધ જ સાચું જોતાં દર્શાવ્યો છે. તેથી લાહોરનો ઠરાવ કઈ રીતે અને કઈ બાબતોમાં અસ્પષ્ટ છે, તે હું જાણવા ઇચ્છું છું" અને ત્યાર પછી તમને જવાબ લખવાનું યાદ દેવડાવવાને માટે સપ્ટેમ્બર ૧૩મીએ બીજો પત્ર મેં લખ્યો, તેના જવાબમાં ૧૫ મી સપ્ટેમ્બરના તમારા પત્રમાં લાહોરના ઠરાવની ચોખવટની બાબતોની મર્યાદામાં ન રહેતાં બીજી કેટલીક બાબતો ઉમેરીને તમે મને લખ્યું. તમે જે વધારાની બાબતો ઉપસ્થિત કરી હતી, તેની તમારા ૧૫ મી સપ્ટેમ્બરના પત્રના જવાબમાં લખેલા મારા ૧૭ મી સપ્ટેમ્બરના પત્રમાં મેં ચોખવટ કરી હતી. તે જ પત્રમાં તમારે જેટલી ચોખવટ જોઈતી હતી, તે બધી કર્યા પછી મેં જણાવ્યું હતું કે, "આ ચર્ચામાં તમે કેટલીક એવી બાબતોને ઘસડી લાવ્યા છો, જેની ચર્ચા કેવળ પત્રવહેવારથી સમાધાનકારક રીતે થઈ ન શકે".

લાહોરના ઠરાવને અને તેના શબ્દોને સંબંધ છે, ત્યાં સુધી તમારે જેટલી ચોખવટ જોઈતી હતી, તેટલી બધી જ મેં અત્યાર સુધીમાં કરી દીધી છે. પરંતુ તમે વધારાની દલીલો, કારણો અને મુદ્દાઓ ઉઠાવ્યા કરો છો, અને બીજા બધા મુદ્દાઓની સાથે હિન્દમાં વસતા મુસ્લિમો એક અલગ રાષ્ટ્ર છે કે નથી, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્દાના વિવેચન પર મંડયા રહો છો, અને પછી આગળ વધીને કહો છો કે, "હિન્દમાં બે રાષ્ટ્રો છે કે નથી, તે સવાલને વિષેનો આપણો મતભેદ ઊભો રહેવા દઈને આત્મનિર્ણયના સિદ્ધાન્તના પાયા પર હિન્દુ – મુસ્લિમ સવાલના ઉકેલનો પ્રયાસ કરવાનું હજુ આપણે માટે શક્ય નથી શું ?"

મને એમ લાગે છે કે, "આત્મનિર્ણય" શબ્દના સાચા અર્થની બાબતમાં તમે ગોથાં ખાઓ છો. મેં ઉપર દર્શાવ્યું છે તે મુજબની આપણા આ પત્ર-વહેવાર દરમિયાન જે જે વિસંગતતાઓ અને પરસ્પર વિરોધી ભૂમિકાઓ તમે સ્વીકારી છે, તેમની વાત જવા દો. પરંતુ અમે એક પ્રાદેશિક એકમ તરીકે નહીં, પણ એક રાષ્ટ્ર તરીકે આત્મનિર્ણયના અધિકારનો દાવો કરીએ છીએ, અને અમારા મુસ્લિમ રાષ્ટ્ર તરીકેના દરજ્જામાં સ્વાભાવિક રીતે જ સમાઈ જતા એ અધિકારના જન્મસિદ્ધ હકનો અમલ કરવાનો અમારો ધર્મ છે, એ અમારી દૃષ્ટિને તમે સાચે જ નથી સમજી શકતા ? "આત્મનિર્ણય"નો અધિકાર એટલે કોઈક એક પ્રાદેશિક એકમનો આત્મનિર્ણયનો અધિકાર, એવા તે શબ્દ વિષેના ખોટા ખ્યાલમાં રહીને તમે વાત કરતા હો એમ લાગે છે. પરંતુ એવા કોઈ પણ પ્રાદેશિક એકમની સીમાઓ હજી આંકવામાં આવી નથી, તેનો આકાર નક્કી થયો નથી, અને અત્યારે સર્વોપરી અધિકાર ધારણ કરનારી મધ્યવર્તી સરકાર તરીકે કાર્ય કરતો કોઈ રાજ્યસંઘ અથવા રાજ્ય-બંધારણ હિન્દમાં અમલમાં નથી. હિન્દુ અને મુસ્લિમ, એ બે રાષ્ટ્રો વચ્ચેની સમજૂતીને અર્થે બે સ્વતંત્ર, સર્વોપરીસત્તાધારી રાજ્યોના પ્રદેશો સમસ્ત હિન્દના મુલકમાંથી કોતરી કાઢવાને માટે, તે મુલકની વહેંચણી કરવાનો અમારો દાવો છે, નહીં કે અત્યારે હિન્દમાં જે હસ્તી ધરાવતો નથી એવા કોઈક રાજ્ય-સંઘમાંથી અલગ પડી જવાનો, અથવા છૂટા થવાનો. અમે આત્મનિર્ણયના અધિકારના હકનો દાવો કરીએ છીએ તેનું વિધાન એવું છે કે, અમે એક અલગ, સ્વતંત્ર રાષ્ટ્ર છીએ, અને તે રાષ્ટ્ર તરીકે અમે મુસ્લિમો અને એકલા મુસ્લિમો જ તે અધિકારનો ઉપભોગ કરવાને હકદાર છીએ.

હવે મને એવી આશા રહે છે કે, તમારો (૧૫) (ક) સવાલ લાહોરના ઠરાવમાંથી કે તેના કોઈ ભાગમાંથી ઉપસ્થિત થતો નથી, એ વાત તમારા ખ્યાલમાં આવશે. તમારા (૧૫) (ખ) મુદ્દાને અંગે હવે હું જણાવું કે, લાહોરના ઠરાવની ચોખવટને અંગે તે ઉપસ્થિત નથી થતો કેમ કે, તે તો એક બાજુથી પાકિસ્તાને પસંદ કરેલું અને પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ ધરાવનારું, તેમ જ સર્વોપરી સત્તા ધારણ કરનારું તેનું બંધારણ ઘડનારું મંડળ, અને બીજી-બાજુથી હિન્દુસ્તાન અથવા હિતસંબંધ ધરાવતા બીજા કોઈ પક્ષનું એવા જ પ્રકારનું બંધારણ ઘડનારું મંડળ, એ બન્ને વચ્ચેની મસલતનો, વિચારણાનો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણયનો સવાલ છે. પાકિસ્તાન અને હિન્દુસ્તાન, એ બન્ને અલગ, સ્વતંત્ર, સર્વસત્તાધારી રાજ્યો છે, એ વાત માન્ય થાય તે પછી બચાવ, અને એવી જ બીજી બાબતો "સમાન હિત"ની બાબતો રહેતી નથી. હિન્દુ-મુસ્લિમ સવાલના ઉકેલની શોધ કરનારી એક નમ્ર વ્યક્તિ તરીકે તમારું હૃદયપરિવર્તન કરવાની ઉમેદથી લાહોરના ઠરાવની ચોખવટને અંગે તમારું સંપૂર્ણ સમાધાન થાય, એવી બાબતોનો અને ઉપરાંત તમે પુછાવેલી બીજી બાબતોનો પૂરેપૂરો ખુલાસો હવે તમને મળી જશે, એવી મને આશા રહે છે.

તમારો વિશ્વાસુ
મ. અ. ઝીણા

૧૨

સપ્ટેમ્બર ૨૨, ૧૯૪૪.

વહાલા કાઇદે આઝમ,

તમારા ગઈ કાલ (૨૧મી તારીખ)ના પત્રથી હું એટલો બધો અસ્વસ્થ થઈ ગયો હતો કે, આપણે રોજ જે વખતે મળીએ છીએ તે વખતે આજે મળીએ ત્યાં સુધી તમારા પત્રનો જવાબ આપવાનું મુલતવી રાખવાનો મેં વિચાર કર્યો હતો. આપણી મુલાકાત દરમિયાન હું જરાયે આગળ વધી શક્યો નથી, તો પણ તમારું લક્ષ્ય કઈ દિશામાં છે તે હું કંઈક સ્પષ્ટપણે જોઉં છું, એમ મને લાગે છે. બે રાષ્ટ્રોવાળા સિદ્ધાન્તનો હું જેમ જેમ વિચાર કરું છું, તેમ તેમ તે મને વધારે ને વધારે ભયજનક લાગતો જાય છે. તમે જે પુસ્તકની ભલામણ કરી છે, તેમાંથી મને કશી સહાય મળતી નથી. તેમાં કેવળ અર્ધ-સત્યો ભરેલાં છે, અને તેમાં તારવવામાં આવેલાં અનુમાનો તથા નિર્ણયોને કશો જ આધાર નથી, હિન્દના બીજા રહેવાસીઓથી હિન્દના મુસ્લિમો એક તદ્દન ભિન્ન રાષ્ટ્ર છે, એવું વિધાન હું સ્વીકારી શકતો નથી. કેવળ ખરાવી ખરાવીને વાત કરવી, એ કંઈ તે વાતની સાબિતી નથી. એ વિધાન સ્વીકારવાનાં પરિણામો અત્યંત જોખમકારક છે. એ સિદ્ધાન્તનો એક વાર સ્વીકાર કરી લો, એટલે હિન્દના ટુકડા પાડીને અસંખ્ય ભાગલા કરવાના દાવાઓની કંઈ હદ રહેવાની નથી, અને તેને પરિણામે હિન્દની પડતી થવાની છે તેથી આ વિષમ દશામાંથી ઉગરવાનો મેં એક રસ્તો બતાવ્યો છે. હિન્દના મુલકની વહેંચણી કર્યા વિના છૂટકો જ ન હોય, તો તે ભાઈભાઈ વચ્ચે મિલકતની વહેંચણી જે ધોરણે થાય છે, તે ધોરણે કરવી.

સમસ્ત વસ્તીની મતગણતરી કરવાની વાત તમને મંજૂર નથી, એમ લાગે છે. લીગનું મહત્ત્વ સ્વીકારવામાં આવેલું છે, તે છતાં જે જે લોકો પર હિન્દના મુલકની વહેંચણીની અસર થવાની છે, તે સર્વેને એ પ્રકારની વહેંચણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ છે, એ વાતની ચોક્કસ સાબિતી મળવી જોઈએ. મારા અભિપ્રાય મુજબ તે વિસ્તારમાં વસતા સર્વ લોકોએ હિન્દના મુલકની વહેંચણીના આ એક માત્ર અને ચોક્કસ મુદ્દા પર પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે દર્શાવવો જોઈએ. સાર્વત્રિક મતાધિકાર એ આ અભિપ્રાય જાણવા માટેની સૌથી ઉત્તમ પદ્ધતિ છે, પરંતુ એના જેવી જ બીજી કોઈ પદ્ધતિ સ્વીકારવાનો મને વાંધો નથી.

હિન્દી પ્રજાની બે ભુજાઓ વચ્ચે સમાન હિત રહેલું છે, એ ખ્યાલને તમે વગર તપાસે નામંજૂર કરો છો. હિન્દના મુલકના ભાગલા પાડવાની કોઈ પણ યોજનાની સાથે સાથે જ મુલકનું સંરક્ષણ, પરદેશો સાથેના સંબંધો, તેમ જ એવી બીજી સમાન હિતની બાબતોની સલામતીઓની જોગવાઈ વગરની કોઈ યોજનામાં હું મારી ખુશીથી સામેલ થઈ શકું તેમ નથી. ભૌગોલિક દૃષ્ટિથી જે એક સળંગ મુલક છે, તેમાં વસતા હિન્દના સર્વ લોકોને આપણી સ્વાભાવિક રીતે જ પરસ્પર ફરજો રહેલી છે એવું ભાન ન થાય, ત્યાં સુધી પોતાની સલામતી છે, એવો વિશ્વાસ પેદા નહીં થાય.

તમારો એ પત્ર દર્શાવે છે કે, આપણા બન્નેના અભિપ્રાય અને દૃષ્ટિ વચ્ચે મોટું અંતર છે. દાખલા તરીકે, તમે ઘણી વાર વ્યક્ત કરેલો તમારો અભિપ્રાય કે, ૧૯૪૨ નો મહાસભા સમિતિનો ઠરાવ હિન્દના મુસ્લિમોના આદર્શો અને માગણીઓનો વિરોધી છે. આવું તળિયાઝાટક વિધાન કરવાને કોઈ સાબિતી નથી.

આપણી વાતો કુંડાળામાં ફર્યા કરતી હોય એમ લાગે છે. તેમાંથી નીકળવાને મેં એક સૂચના કરી છે. મને એવી આશા છે કે, આપણે સમજૂતી પર આવવાનો દૃઢ નિશ્ચય કરેલો છે, એટલે આપણને રસ્તો બતાવવાને, અથવા જરૂર જણાય તો આપણી વાતનો લવાદ તરીકે ફેંસલો આપવાને કોઈ ત્રીજા પક્ષને, અથવા પક્ષોને આપણે બોલાવીએ.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

૧૩

સપ્ટેમ્બર ૨૩, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

તમારો ૨૨મી સપ્ટેમ્બરનો પત્ર મળ્યો તે માટે તમારો આભાર માનું છું. હિન્દની પ્રજાની બે ભુજાઓ વચ્ચે કોઈક સમાન હિત રહેલું છે, એ ખ્યાલને હું વિના તપાસે નામંજૂર કરું છું એમ તમે કહો છો, તેથી મને દિલગીરી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને હવે તમે તમારો (૧૫) (ખ) મુદ્દો સહેજ જુદી રીતે રજૂ કરીને જણાવો છો કે, "ભૌગોલિક દૃષ્ટિથી જે એક સળંગ મુલક છે, તેમાં વસતા હિન્દના સર્વ લોકોને આપણી સ્વાભાવિક રીતે જ પરસ્પર ફરજો રહેલી છે એવું ભાન ન થાય, ત્યાં સુધી પોતાની સલામતીને વિષે વિશ્વાસ પેદા નહીં થાય". આનો જવાબ મેં આપી દીધો છે કે, પાકિસ્તાન અને હિન્દુસ્તાન, અથવા હિતસંબંધ ધરાવતા કોઈ પણ પક્ષનાં બંધારણ ઘડનારાં મંડળોએ, પાકિસ્તાન અને હિન્દુસ્તાન એ બન્ને સ્વતંત્ર રાજ્યો છે, એ વાતને પાયામાં સ્વીકારીને, પરસ્પર મંત્રણા કરીને આવી બધી બાબતોનો નિકાલ કરવાનો રહેશે.

ઑગસ્ટ, ૧૯૪૨નો મહાસભા સમિતિનો ઠરાવ મુસ્લિમ હિન્દના આદર્શો અને માગણીઓનો વિરોધી છે એમ મેં જે જણાવ્યું, તે એક તળિયાઝાટક વિધાન છે એમ કહીને તમે જણાવો છો કે, એવા વિધાનને માટે કશી સાબિતી નથી, તેથી મને ખરે જ આશ્ચર્ય થાય છે. તે ઠરાવના સારભૂત મુદ્દાઓ નીચે પ્રમાણે છે:

(ક) સંપૂર્ણ સ્વતંત્રતા તરત આપવી અને સમવાયી ઘટકો અથવા પ્રાન્તોવાળા સંયુક્ત લોકશાહી પદ્ધતિના હિન્દના શાસનના સિદ્ધાન્તના પાયા પર એક મધ્યવર્તી સમવાયી સરકારની તરત જ રચના કરવી. આનો અર્થ એ કે, હિન્દુ રાજ સ્થાપવું.

(ખ) આ રીતે રચાયેલી રાષ્ટ્રીય સરકાર બંધારણ ઘડનારી લોકસભાની રચના માટેની યોજના ઘડી કાઢશે. તે સભા પુખ્ત વયની સર્વ વ્યક્તિઓના સાર્વત્રિક મતાધિકારથી ચૂંટાશે, અને તે હિંદી સરકારનું બંધારણ તૈયાર કરશે. આનો અર્થ એ થાય છે કે, બંધારણ ઘડનારી આ રીતે ચૂંટાયેલી લોકસભામાં હિન્દુઓની અસાધારણ મોટી એટલે કે, લગભગ ૭૫ ટકા વધુમતી રહેશે.

(ગ) મહાસભાની આ માગણીનો સરકાર પાસે અમલ કરાવવાને માટે ઑગસ્ટનો ઠરાવ મહાસભાના કુલ સરમુખત્યાર તરીકે તમે હુકમ આપો ત્યારે તમારી આજ્ઞા પ્રમાણે ચાલનારી સામુદાયિક સવિનય ભંગની લડત ઉપાડવાનો નિર્ણય દર્શાવે છે, અને તેને મંજૂરી આપે છે.

આ માગણી લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલી, અને મુસ્લિમ હિંદના આદર્શો તેમ જ માગણીઓને મૂર્તિમંત કરતી પાકિસ્તાનની માગણીની ધરમૂળથી તેમ જ તત્ત્વતઃ વિરોધી છે. અને આ જાતની માગણીને આમજનતાની સામુદાયિક સવિનય ભંગની લડત દ્વારા સરકાર પાસે મંજૂર કરાવવી, એ વાત પણ મુસ્લિમ હિંદના આદર્શો અને માગણીઓથી વિરોધી છે. અને જો તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી માગણી સિદ્ધ કરી શકો, તો હિંદના મુસ્લિમોને મરણતોલ ફટકો પડ્યા વિના રહે નહીં. તમારી અને મારી વચ્ચે થયેલા પત્રવહેવાર તેમ જ આપણી વચ્ચે થયેલી વાતચીતો પરથી હું જોઉં છું કે, હિંદના ભાવી પર ઊંડી અસર પહોંચાડનારા આ ઠરાવને હજી તમે વળગી રહો છો.

આપણી વાતચીતોને પહેલે જ દિવસે, તમે મને સ્પષ્ટપણે જણાવ્યું છે, અને આપણા પત્રવહેવાર દરમિયાન તેમ જ વાતચીતો દરમિયાન તમે વારંવાર કહ્યું છે કે, તમે તમારા અંગત દરજ્જાથી મારી પાસે આવ્યા છો. વળી તમે મને એવી ખાતરી આપી છે કે, હિંદુ-મુસ્લિમ પ્રશ્નના ઉકેલ માટે પ્રકાશ અને જ્ઞાન તમે ખોળો છો. ઉપરાંત, તમે કહ્યું હતું કે, તમે ખરેખર ગંભીરપણે લાહોરના ઠરાવને સમજવા માગો છો, અને તમારી પ્રતીતિ થાય, તો તેનો સ્વીકાર કરવાને તત્પર છો, તેથી તમારી ઇચ્છાઓને વશ થઈને આ બધા દિવસો દરમિયાન, આપણી લંબાણ વાતચીતો અને પત્રવહેવાર દ્વારા તમને મારે પક્ષે વાળવાને મેં એકેએક પ્રયાસ કરી જોયો છે. પરંતુ કમનસીબે, હું જોઉં છું કે તેમાં હું ફાવ્યો નથી. અને હવે જે કાગળનો હું આ જવાબ આપું છું, તેમાં તમે બીજી નવી જ સૂચનાઓ અથવા દરખાસ્તો કરો છો.

(૧) તમે કહો છો કે, "આ વિષમ દશામાંથી નીકળવાનો એક રસ્તો મેં બતાવ્યો છે. હિંદના મુલકની વહેંચણી કર્યા વિના છૂટકો જ ન હોય, તો ભાઈભાઈ વચ્ચે મિલકતની વહેંચણી થાય તે ધોરણે તે કરવી". સાચે જ, આનો શો અર્થ થાય છે, તે હું સમજી શકતો નથી. તમારા આ નવા વિચાર મુજબ કેવી રીતે અને ક્યારે મુલકના ભાગલા પડશે, અને લાહોરના ઠરાવમાં હિંદના મુલકના ભાગલા કરવાનો જે ખ્યાલ કરવામાં આવેલો છે, તેનાથી આ વિચાર કેટલા પ્રમાણમાં જુદો પડે છે, તે વાતની ઝાંખી રૂપરેખા આપી તમે મને તેની સવિસ્તર સમજૂતી આપો, એમ હું ઇચ્છું છું.

(૨) તમે કહો છો કે, "આપણને રસ્તો બતાવવાને અથવા તો જરૂર પડ્યે આપણી વાતનો લવાદ તરીકે ફેંસલો આપવાને કોઈ ત્રીજા પક્ષને, અથવા પક્ષોને આપણે બોલાવીએ". વારંવાર તમે મારી આગળ એ વાત સ્પષ્ટ કરી છે કે, હિંદુ–મુસ્લિમ પ્રશ્નના ઉકેલના એક નમ્ર શોધક તરીકે મારી સાથે તમે આ વાતચીતો કરો છો, એની હું તમને યાદ આપું ? તો પછી આપણને દોરવાને માટે અને આપણી વચ્ચે લવાદ તરીકે રહીને ફેંસલો આપનાર ત્રીજા પક્ષનો કે પક્ષોનો સવાલ ક્યાંથી ઊભો થાય છે ?

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

સપ્ટેમ્બર ૨૩, ૧૯૪૪

વહાલા કાઇદે આઝમ,

ગઈ કાલે સાંજની આપણી વાતચીત પછી મને સારું નથી લાગ્યું. આપણી વાતચીતો અને આપણો પત્રવહેવાર સમાન્તર રેખાઓ પર આગળ વધ્યા કરે છે, અને કોઈ પણ સ્થળે એકબીજાને સ્પર્શ કરતાં નથી. ગઈ કાલે સાંજે જ આપણી વાતચીતો ભાંગી પડવાની અણી પર આવી ગઈ હતી, પણ ઈશ્વરની મહેરબાની છે કે, આપણે છૂટા પડી જવાને રાજી નહોતા. તેથી આપણે આપણી ચર્ચા ચાલુ રાખી, અને હું મારી સાંજની જાહેર પ્રાર્થનાનો સમય સાચવી શકું, તેટલા ખાતર આપણે તેને મુલતવી રાખી.

આ મહત્ત્વની બાબતમાં કોઈ પણ જાતની ભૂલને અવકાશ ન રહે તેટલા ખાતર હું એમ ઇચ્છું છું કે, તમારી દૃષ્ટિથી મારે મારી સહી ચોક્કસપણે કયા લખાણ પર કરવાની છે, તે તમે મને લખીને આપો તો સારું.

આ તબક્કે આપણને સહાય કરવાને માટે બહારથી કોઈને મદદને માટે બોલાવવાની મારી સૂચનાને હું હજી વળગી રહ્યો છું

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

૧૫

સપ્ટેમ્બર ૨૩, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

તમારો ૨૩ મી સપ્ટેમ્બરનો પત્ર મને મળ્યો છે. આને અંગે તમારા ૨૨ મી સપ્ટેમ્બરના પત્રના જવાબમાં મેં લખેલો આજની તારીખનો પત્ર તમે જોઈ જશો? તેમાં મારે કશું નવું અથવા તાજું ઉમેરવાનું નથી. પરંતુ હું એટલું જણાવીશ કે, જ્યાં સુધી તમે કોઈના પ્રતિનિધિનો દરજ્જો, અને તેને માટેનો યોગ્ય અધિકાર મેળવ્યો નથી, ત્યાં સુધી કોઈકના પ્રતિનિધિ તરીકે તમારી સહી કોઈ પણ શરતોના કરાર પર મૂકવાની વાત આ દાખલામાં ઊભી થતી નથી.

મેં આ પૂર્વે જણાવ્યું છે, તે પ્રમાણે અમે માર્ચ, ૧૯૪૦ ના લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા પાયાના ધોરણને અને મૂળભૂત સિદ્ધાંતોને હજી વળગી રહીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપખંડના ભાવીને ખાતર, અને હિંદના લોકોના કલ્યાણને ખાતર સાચી વસ્તુસ્થિતિને ઓળખી, તમે તમારી નીતિ અને કાર્યક્રમમાં ફેરફાર અથવા સુધારો કરો, એવી હું એક વાર ફરીથી તમને અરજ કરું છું.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

૧૬

સપ્ટેમ્બર ૨૪, ૧૯૪૪.

વહાલા કાઈદે આઝમ,

મારા સપ્ટેમ્બર ૨૨ અને ૨૩ ના પત્રોના જવાબમાં લખેલા તમારા ૨૩ તારીખના બંને પત્રો મળ્યા છે.

મુસ્લિમ લીગના લાહોરના ઠરાવમાં સમાયેલા દાવાનું વાજબી રીતે સમાધાન થઈ શકે, તે માટે સમજૂતી પર આવવાના ઉપાયોની શોધ હું તમારી મદદથી કરી રહ્યો છું. તેથી મહાસભા સમિતિનો ઑગસ્ટનો ઠરાવ આપણે કોઈ સમજૂતી પર આવીએ તેને બાધા કરનારો નીવડશે, એવો કોઈ જાતનો ડર તમારે રાખવો નહીં. તે ઠરાવ હિંદ અને બ્રિટન વચ્ચેના સવાલને લગતો છે, અને તેથી આપણી સમજૂતીની આડે આવી શકે તેવો નથી.

હું એ વાત સ્વીકારીને ચાલું છું કે, હિંદને બે અથવા વધારે રાષ્ટ્રોનો બનેલો ગણવાનો નથી, પરંતુ ઘણાં અંગોનું બનેલું એક કુટુંબ સમજવાનું છે. તે અંગો પૈકી તેના વાયવ્ય પ્રદેશમાં, એટલે બલુચિસ્તાન, સિંધ, વાયવ્ય સરહદનો પ્રાંત અને પંજાબનો તે વિભાગ જેમાં મુસ્લિમોની બીજા બધા લોકોના કરતાં ચોક્કસ વધુમતી છે તે, અને બંગાળ તથા આસામના જે વિભાગોમાં તેમની વસ્તી ચોક્કસ વધુમતીમાં છે તે વિભાગો; એ બધા પ્રદેશમાં રહેતા મુસ્લિમો હિંદના બાકીના મુલકથી જુદા પડીને રહેવાની આકાંક્ષા રાખે છે.

મુસ્લિમ લીગે ૧૯૪૦ માં લાહોર મુકામે મંજૂર કરેલા ઠરાવમાં દર્શાવવામાં આવેલા સામાન્ય પાયાના સિદ્ધાન્તની સાથે હું સંમત થતો નથી, છતાં તે ઠરાવમાં સમાયેલો મુસ્લિમ લીગનો છૂટા પડવાનો દાવો, દેશને તેમ જ રાષ્ટ્રીય મહાસભાને, મારા નીચે દર્શાવેલા ધોરણ પર અને નીચે દર્શાવેલી શરતોએ સ્વીકારવાની ભલામણ કરવાને હું હજી તૈયાર છું.

રાષ્ટ્રીય મહાસભા અને લીગે મળીને મંજૂર રાખેલું એક કમિશન આ વિસ્તારોની સરહદો નક્કી કરશે. આ મુજબ જેની સરહદો આંકવામાં આવી હશે, તે વિસ્તારોના રહેવાસીઓની ઇચ્છાનો નિર્ણય તે વિસ્તારોમાં વસતા પુખ્ત ઉંમરના લોકોની મતગણતરીથી, અથવા બીજી એવી જ સમાન પદ્ધતિથી કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે લેવામાં આવેલો અભિપ્રાય જો જુદા પડવાની તરફેણમાં થશે, તો એ જુદાં જુદાં સ્વતંત્ર, સર્વોપરીસત્તા ધારણ કરનારાં રાજ્યની રચના કરી શકે, તે માટે હિન્દ પરદેશી રાજ્યની સત્તામાંથી સ્વતંત્ર થાય તે પછી જેટલું બની શકે તેટલું વહેલું આ વિસ્તારોનું અલગ રાજ્ય સ્થાપવામાં આવશે, એવી સમજૂતી કરી રાખવી.

અલગ પડવાને અંગેની સમજૂતીનો કરાર કરવામાં આવશે, અને તેમાં પરદેશો સાથેના સંબંધો, બચાવ, મુલકની અંદરનાં વહેવારનાં સાધનો, કસ્ટમ જકાત, વેપાર અને એવી જ બીજી બાબતો, જે કરાર કરનારા પક્ષો વચ્ચે અવશ્યપણે સમાન હિતની બાબતો ગણવામાં આવશે, તેમના કાબેલ અને સંતોષકારક વહીવટને માટેની જોગવાઈ રાખવામાં આવશે.

સંધિના આ કરારમાં બન્ને રાજ્યોમાં વસતી લઘુમતી કોમોના હકોના સંરક્ષણ માટેની સલામતીઓની શરતો રાખવામાં આવશે.

રાષ્ટ્રીય મહાસભા અને લીગ આ સમજૂતીને સ્વીકારે, તે પછી તરત જ તે બન્ને હિન્દની સ્વતંત્રતાની સિદ્ધિને માટે કઈ સમાન કાર્યપદ્ધતિ અખત્યાર કરવી, તેનો નિર્ણય કરશે.

આમ છતાં, રાષ્ટ્રીય મહાસભા સીધા હુમલાની જે કોઈ પદ્ધતિ અખત્યાર કરશે તેમાં લીગને ભાગ લેવાની ઇચ્છા ન હોય, તો તેમાંથી અલગ રહેવાની તેને સ્વતંત્રતા રહેશે.

આ શરતો સાથે તમે સંમત થતા ન હો, તો લાહોરના ઠરાવના શબ્દોને અનુસરીને મારે કઈ ચોક્કસ શરતોની રાષ્ટ્રીય મહાસભા તથા દેશને ભલામણ કરવાને બંધાવું, તે તમે મને જણાવી શકશો ખરા? આટલી મહેરબાની જો તમે કરો, તો આપણી વચ્ચે દૃષ્ટિભેદ રહેલો છે, તે છતાં કઈ સ્પષ્ટ શરતો સાથે મારે સંમત થવાનું છે, તેની મને ખબર પડશે.

તમારા સપ્ટેમ્બર ૨૩ ના પત્રમાં "લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા પાયાના અને મૂળભૂત સિદ્ધાન્તો"નો તમે ઉલ્લેખ કરેલો છે, અને મારે તે સ્વીકારવા એમ તમે જણાવેલું છે. મને લાગે છે કે, તે નીતિના સ્વીકારમાંથી જે પ્રત્યક્ષ પરિણામો ફલિત થાય છે, તેમનો સ્વીકાર કર્યા પછી તે સિદ્ધાન્તોનો મારી પાસે સ્વીકાર કરાવવાની જરૂર રહેતી નથી.

તમારો વિશ્વાસુ

મો. ક. ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

સપ્ટેમ્બર ૨૫, ૧૯૪૪.

વહાલા મિ. ગાંધી,

તમારો સપ્ટેમ્બર ૨૪ મીનો પત્ર મળ્યો છે, તે માટે તમારો આભાર માનું છું. લાહોરના ઠરાવના પાયાના અને મૂળભૂત સિદ્ધાન્તોને માન્ય રાખવાનો તમે ઇન્કાર કરી દીધો છે.

હિન્દના મુસ્લિમો એક રાષ્ટ્ર છે, એ વાતનો તમે સ્વીકાર કરતા નથી.

મુસલમાનોના આત્મનિર્ણયના અધિકારને તમે માન્ય રાખતા નથી.

આત્મનિર્ણયના તેમના સ્વાભાવિક અધિકારનો અમલ કરવાને માટે તેઓ એકલા જ હકદાર છે, એ વાત તમે સ્વીકારતા નથી.

પાકિસ્તાન હિન્દના વાયવ્ય અને ઈશાન ખૂણામાં આવેલા બે વિભાગોનું બનેલું છે, અને તે વિભાગોમાં બધું મળીને, લાહોરના ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણેના પ્રાદેશિક વધારાઘટાડાના કરારથી જેમની સરહદો નક્કી કરવામાં આવે તેવા સિન્ધ, બલુચિસ્તાન, વાયવ્ય સરહદનો પ્રાન્ત, પંજાબ, બંગાળ અને આસામ એ છ પ્રાન્તો આવેલા છે, એ વાતનો તમે સ્વીકાર કરતા નથી. આ પ્રદેશોને અલગ પાડીને તેમની સરહદો નક્કી કરવાની બાબત, ઉપર જણાવેલી મૂળભૂત સિદ્ધાન્તની બાબતોનો સ્વીકાર થાય તે પછી જ હાથ પર લઈ શકાય તેવી છે, અને તેને માટે જે તંત્ર યોજવાની જરૂર હોય તેટલા પૂરતી જ પરસ્પર સમજૂતી કરવાની હોય.

લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલી લઘુમતી કોમોનાં હિતોના સંરક્ષણ માટેની જરૂરી સલામતીની વાતનો સ્વીકાર તમે કરતા નથી, અને છતાં જેનો હું આ જવાબ આપું છું તે તમારા પત્રમાં તમે જણાવો છો કે, "મુસ્લિમ લીગના લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા દાવાનું વાજબી રીતે સમાધાન થઈ શકે તે માટે સમજૂતી પર આવવાના ઉપાયોની શોધ હું તમારી મદદથી કરી રહ્યો છું", અને પછી આગળ વધીને જણાવો છો કે, "તેથી મહાસભા સમિતિનો ઑગસ્ટનો ઠરાવ આપણે કોઈ સમજૂતી પર આવીએ તેને બાધા કરનારો નીવડશે, એવો કોઈ જાતનો ડર તમારે ન રાખવો".

આ પહેલાં જ મેં તમને સ્પષ્ટ ખુલાસો કરેલો છે કે, ઑગસ્ટનો ઠરાવ જેવો છે તે સ્વરૂપમાં આપણી વચ્ચેની સમજૂતીમાં અંતરાયરૂપ છે, કેમ કે, તે લાહોરના ઠરાવનો પાયામાંથી જ વિરોધ કરે છે. તે પછી તમે આગળ ચાલી જણાવો છો કે, "તે ઠરાવ હિન્દ અને બ્રિટન વચ્ચેના સવાલને લગતો છે અને તેથી આપણી સમજૂતીની આડે આવી શકે તેવો નથી". આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચર્ચાને અંગે અત્યારે બ્રિટન સાથે મારે કશી લેવાદેવા નથી, પરંતુ મેં આ પહેલાં જણાવેલું છે, તે મુજબ ઑગસ્ટનો ઠરાવ મુસ્લિમ લીગના આદર્શો તથા માગણીઓનો વિરોધી છે, તે જ વાતની સાથે મારે તો લેવાદેવા છે. વળી, અખિલ હિન્દ મહાસભા સમિતિની સભાએ ૧૯૪૨ની સાલના મે માસમાં અલ્લાહાબાદ મુકામે જગત નારાયણ લાલનો જે ઠરાવ મંજૂર રાખેલો છે, તે તો હજી ઊભો જ છે. નીચેના શબ્દોમાં તે ઠરાવ સાફ દર્શાવે છે કે,

"અખિલ હિંદ મહાસભા સમિતિનો એવો અભિપ્રાય છે કે, હિંદી રાજ્યસંઘમાંથી અથવા હિંદના સમવાયી રાજબંધારણના તંત્રમાંથી, તેના અંગભૂત કોઈ પણ રાજ્યને કે ઘટકને છૂટા પડી જવાની સ્વતંત્રતા આપીને, હિંદના સળંગ મુલકને ચૂંથી નાખવાની કોઈ પણ દરખાસ્ત, હિંદનાં જુદાં જુદાં રાજ્યોના તેમ જ પ્રાન્તોના, અને સમગ્રપણે આખા દેશના લોકોનાં હિતને બાધા કરનારી છે, અને તેથી રાષ્ટ્રીય મહાસભા એવી જાતની કોઈ પણ દરખાસ્ત સાથે સંમત નહીં થાય."

આ બે ઠરાવો જ્યાં સુધી ઊભા છે, ત્યાં સુધી તે બંને હિંદના પાકિસ્તાન અને હિંદુસ્તાન એવા બે ભાગલા કરવાના પાયાના ધોરણ પર સમજૂતી પર આવવામાં અંતરાયરૂપ છે. રાષ્ટ્રીય મહાસભા એ ઠરાવોમાં ફેરફાર અથવા સુધારો કરી શકે છે, પરંતુ તમે તો તમારા વ્યક્તિગત દરજ્જાથી મારી સાથે વાતો કરો છો, અને તે રીતે પણ તમે ઑગસ્ટના ઠરાવને દૃઢપણે વળગી રહ્યા છો, અને જગત નારાયણ લાલના ઠરાવને વિષે તમારું શું વલણ છે તેનો તો તમે કશો જ નિર્દેશ કરતા નથી. તમારા પોતાના જ શબ્દોમાં જણાવું, તો "રાજાજીએ લાહોરના ઠરાવને બેડોળ નથી કર્યો, અથવા તેનાં અંગો ખંડિત નથી કર્યાં, બલ્કે તે ઠરાવનો સાર પકડીને તેને આકાર આપ્યો છે", એમ તમે આગ્રહપૂર્વક કહેતા હતા, એટલે ગાંધી-રાજાજી યોજનાની આપણે ચર્ચા કરી હતી, અને ત્યાર પછી તમે એમ જણાવ્યું કે, "રાજાજીની યોજના વિષેના તમારા અણગમાનો ખ્યાલ રાખીને હાલ તુરતપૂરતી તો મેં તેને મારા મગજમાંથી દૂર કરી છે, અને આપણા બે વચ્ચે પરસ્પર સમજૂતીની સમાન ભૂમિકા મળી રહેશે એ આશાથી મારું આખુંયે ધ્યાન મેં હવે લાહોરના ઠરાવ પર એકાગ્ર કર્યું છે", ત્યારે પણ મેં એની એ જ વાત ફરી ફરીને સ્પષ્ટ કરી હતી.

પછી, મેં જ્યારે વધારે ચોખવટ માગી તે તમે મને તમારા ૧૫મી સપ્ટેમ્બરના પત્રથી આપી, અને તેની શરૂઆતમાં તમે જણાવ્યું કે, "રાજાજીની યોજનાને મેં મારા ખ્યાલમાંથી દૂર કરી છે, અને હવે તમારી મદદથી મુસ્લિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીગના લાહોર મુકામે થયેલા વિખ્યાત ઠરાવ ઉપર મેં મારું ચિત્ત એકાગ્ર કર્યું છે". અને તેથી, ત્યાર પછી ગાંધી–રાજાજી યોજનાને અંગે આપણી વિશેષ ચર્ચા ન થઈ, અને આપણી ચર્ચાની શરૂઆતથી જ મેં તમારા પ્રતિનિધિ તરીકેના દરજ્જાના અને અધિકારના જે સવાલનો નિર્દેશ કર્યો હતો, તે ઉપસ્થિત થયો નહીં કેમ કે, તમે મને લાહોરના ઠરાવના મૂળભૂત સિદ્ધાન્તોને વિષે તમને મારે પક્ષે વાળવાનું કામ સોંપ્યું હતું; અને ત્યારથી આપણે લાહોરના ઠરાવની લંબાણપૂર્વક ચર્ચા કરીને તેની વિરોધની અને તરફેણની દલીલો તપાસી છે, અને આખરે તેનો સ્વીકાર કરવાનો તમે ઇન્કાર કર્યો છે.

આપણો પત્રવહેવાર અને આપણી ચર્ચાઓને પરિણામે મને એમ માલૂમ પડ્યું છે કે, હિંદના મુલકના પાકિસ્તાન અને હિંદુસ્તાન, એવા બે વિભાગ કરવાનો સવાલ કેવળ તમારે હોઠે છે, હૈયે નથી અને પછી છેક છેલ્લી ઘડીએ એકાએક તમે એક નવી જ સૂચના કરો છો. તે તમારા ૨૨ મી સપ્ટેમ્બરના પત્રમાં કેવળ બે જ વાક્યોમાં તમે આ પ્રમાણે સમજાવી છે: "તેથી આ વિષમ દશામાંથી ઊગરવાનો એક રસ્તો મેં બતાવ્યો છે; હિંદના મુલકની વહેંચણી કર્યા વિના છૂટકો જ ન હોય, તો ભાઈભાઈ વચ્ચે મિલકતની વહેંચણી જે ધોરણે થાય, તે ધોરણે તે કરવી." એટલે કુદરતી રીતે જ મેં તમને પૂછ્યું કે, તમારી આ સૂચનાનો શો અર્થ થાય છે, તે તમે મને જણાવો, અને તમારા આ નવા ખ્યાલની ઝાંખી રૂપરેખા આપીને હિંદના મુલકની વહેંચણી ક્યારે અને કેવી રીતે થવાની છે તે, અને લાહોરના ઠરાવમાં તે વહેંચણીનો જે ખ્યાલ રાખવામાં આવેલો છે તેનાથી તમારી સૂચના કઈ રીતે જુદી પડે છે તે, એ બન્ને વાતોનો ખુલાસો કરવાની મેં તમને વિનંતી કરી. અને હવે, તમે તમારા ૨૪ મી સપ્ટેમ્બરના જે પત્રનો હું આ જવાબ લખું છું તેમાં તમારી સૂચનાનું વિગતે નિરૂપણ કરવાની મહેરબાની કરી છે. તેમાં તમે જણાવો છો કે, "મુસ્લિમ લીગે લાહોર મુકામે મંજૂર કરેલા ઠરાવમાં દર્શાવવામાં આવેલા સામાન્ય પાયાના સિદ્ધાંતોની સાથે હું સંમત થતો નથી, છતાં તે ઠરાવમાં સમાવવામાં આવેલો મુસ્લિમ લીગનો છૂટા પડવાનો દાવો, દેશને તેમ જ રાષ્ટ્રીય મહાસભાને, મારા ખ્યાલના નીચેના પાયા પર અને નીચેની શરતોથી સ્વીકારવાની ભલામણ કરવાને હું તૈયાર છું". એ શરતો સ્પષ્ટપણે દર્શાવે છે કે, તમે સ્વીકારેલા પાયા વચ્ચે, અને લાહોરના ઠરાવવામાં સમાવવામાં આવેલા પાયાના ધોરણ તેમ જ સિદ્ધાંતની વચ્ચે મૂળગત ભેદ રહેલો છે, અને તે તેનો વિરોધી છે. હવે હું તમે જણાવેલી શરતોની કલમો એક પછી એક લઉં છું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ક) "હું એ વાત સ્વીકારીને ચાલું છું કે, હિંદને બે અથવા વધારે રાષ્ટ્રોનો બનેલો ગણવાનો નથી, પણ તેને ઘણા અંગોનું બનેલું એક કુટુંબ સમજવાનું છે. તે અંગો પૈકી વાયવ્ય પ્રદેશમાં આવેલા, એટલે બલુચિસ્તાન, સિંધ, વાયવ્ય સરહદનો પ્રાંત અને પંજાબનો તે વિભાગ, જેમાં મુસ્લિમોની બીજા બધા લોકોના કરતાં ચોક્કસ વધુમતી છે તે, અને બંગાળ તથા આસામના તે ભાગો, જ્યાં તેમની વસ્તી ચોક્કસ વધુ મતીમાં છે; એ બધા પ્રદેશોમાં વસતા મુસ્લિમો હિંદના બાકીના મુલકથી જુદા પડીને રહેવાની આકાંક્ષા રાખે છે." આ શરતનો જો સ્વીકાર કરવામાં આવે, અને તેનો અમલ થાય, તો એ પ્રાન્તોની અત્યારની સરહદો તેમને ઓળખી પણ ન શકાય તેટલી ખંડિત થઈ જાય, અને પરિણામે અમારા હાથમાં તે પ્રાંતોનાં કેવળ છોતરાં જ રહી જાય, અને એ વાત લાહોરના ઠરાવથી વિરોધી છે.

(ખ) વળી, આમ ખંડિત કરીને આંકવામાં આવેલા વિસ્તારોમાં પણ આત્મનિર્ણયના અધિકારનો અમલ એકલા મુસલમાનો નહીં કરે, ઉપર પ્રમાણે જેમની સરહદો નક્કી થઈ છે તે વિસ્તારોના બધા રહેવાસીઓ મળીને કરશે; આ વાત પણ લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા પાયાના સિદ્ધાંતની વિરુદ્ધ છે.

(ગ) જો આખી વસ્તીનો અભિપ્રાય છૂટા પડવાની તરફેણમાં થશે, તો તેમને "હિંદુસ્તાન પરદેશી રાજ્યની સત્તામાંથી સ્વતંત્ર થાય, તે પછી જેટલું બને તેટલું વહેલું તે પ્રદેશનું એક અલગ રાજ્ય રચવા દેવામાં આવશે". આથી ઊલટું, અમારી દરખાસ્ત એવી છે કે, આપણે આપણી પોતાની પૂરેપૂરી સમજૂતી અત્યારે ને અત્યારે તત્કાળ કરી લેવી, અને ત્યાર પછી સંયુક્ત મોરચો રચી ભેગા મળીને પાકિસ્તાન અને હિન્દુસ્તાન એવા બે વિભાગના પાયાના ધોરણ પર હિંદુસ્તાનના લોકોની સ્વતંત્રતા સિદ્ધ કરવાને માટે આપણી પાસે જેટલી શક્તિ હોય, તેટલી બધી વાપરીને પૂરેપૂરો પ્રયાસ કરવો.

(ઘ) ત્યાર પછી તમે જણાવો છો કે, "અલગ પડવાને અંગેની સમજૂતીનો કરાર કરવામાં આવશે, અને તેમાં પરદેશો સાથેના સંબંધો, બચાવ, મુલકની અંદરનાં વહેવારનાં સાધનો, કસ્ટમ જકાત, વેપાર અને એવી જ બીજી બાબતો, જે કરાર કરનારા પક્ષો વચ્ચે અવશ્યપણે સમાન હિતની બાબતો ગણવામાં આવશે, તેમના કાબેલ અને સંતોષકારક વહીવટને માટેની જોગવાઈ રાખવામાં આવશે". આ મહત્ત્વની બાબતોનો વહીવટ જો કોઈ મધ્યવર્તી અધિકાર ધરાવનારું મંડળ કરવાનું હોય, તો તે બાબતોનો વહીવટ કરવાને માટે કેવા પ્રકારનો અધિકાર ધરાવનારું અને કેવું તંત્ર ઊભું કરવામાં આવશે, અને વળી તે તંત્ર કોને જવાબદાર રહેશે, તે તમે દર્શાવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. મેં તમને આ પૂર્વે ખુલાસો કરેલો છે, તે મુજબ લાહોરના ઠરાવ પ્રમાણે આ બધી બાબતો, જે કોઈ પણ રાજ્યના જીવન જેવી ગણાય, તે બધીને કોઈ પણ મધ્યવર્તી અધિકાર ધરાવતા મંડળને અથવા સરકારને સોંપી શકાય નહીં. એ બન્ને રાજ્યોની સલામતીની બાબત, અને બન્ને રાજ્યોનો મુલક ભૌગોલિક દૃષ્ટિથી સળંગ છે તે કારણે ઉપસ્થિત થતી સ્વાભાવિક તેમ જ પરસ્પર ફરજોની બાબત, એ બન્ને બાબતોનો વિચાર પાકિસ્તાન અને હિંદુસ્તાનનાં, અગર હિતસંબંધ ધરાવતા કોઈ પણ પક્ષના બંધારણ ઘડનારાં મંડળોએ બન્ને રાજ્યો સ્વતંત્ર છે તે ધોરણ સ્વીકારીને વિચારવાની રહેશે. લઘુમતી કોમોના હકોના સંરક્ષણને માટેની સલામતીઓ વિષે મેં આ પૂર્વે જ ખુલાસો કરેલો છે કે, લઘુમતીઓને સંરક્ષણ આપવાના સવાલનું વિધાન લાહોરના ઠરાવમાં સંપૂર્ણપણે કરવામાં આવેલું છે.

આ ઉપરથી તમે જોઈ શકશો કે, તમારી નવી દરખાસ્તોનો આખો પાયો લાહોરના ઠરાવનો ધરમૂળથી વિરોધ કરે છે, અને મેં તમને આ પૂર્વે આપણા પત્રવહેવારમાં અને આપણી ચર્ચાઓ દરમિયાન દર્શાવ્યું છે, તે મુજબ તમારી પાસેથી તમારા વ્યક્તિગત દરજ્જાથી કરવામાં આવેલી કોઈ પણ જુદી દરખાસ્તોનો વિચાર કરવાનું, અથવા કોઈ પણ જાતની સમજૂતી કે તેના કરાર કરવાનું મારે માટે અત્યંત મુશ્કેલ છે, સિવાય કે, તે દરખાસ્તો તમે કોઈકના પ્રતિનિધિના દરજ્જાથી કરો. ગાંધી–રાજાજી યોજનાની બાબતમાં પણ આ જ મુશ્કેલી હતી અને તેને વિષેની આપણી ચર્ચાની છેક શરૂઆતમાં જ મેં તેની સ્પષ્ટતા કરી હતી, પરંતુ તમે જણાવેલું તે પ્રમાણે તે યોજના લાહોરના ઠરાવના સત્ત્વનો સ્વીકાર કરીને ઘડવામાં આવી છે, એટલે આપણે તેની ચર્ચા કરી જોઈ, પરંતુ તે યોજનામાં સમાયેલા મુદ્દાઓની મેં માગી તેવી ચોખવટ તમે મારી આગળ કરતા હતા તે દરમિયાન તમે તેને આપણી ચર્ચામાંથી દૂર કરી અને આપણે લાહોરના ઠરાવની મર્યાદામાં રહીને ચર્ચા શરૂ કરી, તેથી તે યોજનાને અંગે તમારા પ્રતિનિધિત્વના દરજ્જાનો સવાલ ઊભો નહોતો થયો. પરંતુ, તમારા સપ્ટેમ્બર ૨૪ મીના પત્રમાં હવે તમે તમારી જ પોતાની, અને તમે પોતે જ નક્કી કરેલા પાયાવાળી એક નવી દરખાસ્ત કરી છે, એટલે પેલી જ મુશ્કેલી પાછી મારી સામે આવીને ઊભી રહે છે, અને તેથી આ દરખાસ્તો તમે કોઈકના પ્રતિનિધિના દરજ્જાથી ન કરો, ત્યાં સુધી તેની આગળ વિચારણા કરવાનું મુશ્કેલ થાય છે.

તમારા પત્રનો સમારોપ કરતાં તમે કહ્યું છે કે, "તમારા ૨૩ મી સપ્ટેમ્બરના પત્રમાં, લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા પાયાના અને મૂળભૂત સિદ્ધાંતોનો ઉલ્લેખ તમે કરેલો છે, અને મારે તે સ્વીકારવા એમ તમે જણાવ્યું છે. મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ લાગે છે કે, આ જાતના સ્વીકારમાંથી જે પ્રત્યક્ષ પરિણામો ફલિત થાય છે તેમનો હું સ્વીકાર કરું છું, તે પછી તે સિદ્ધાંતોનો સ્વીકાર કરવાની મારે જરૂર ન રહેવી જોઈએ". તમારી આ વાતની સાથે પણ હું સંમત થઈ શકતો નથી. દેખીતી રીતે જ તમારી વાત સાચી નથી. અને તો પછી, લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા મૂળભૂત સિદ્ધાંતો સ્વીકારી લઈને તેમાંથી ફલિત થતી વિગતો વિષે સમજૂતી પર આવવાની વાતને તમે કેમ માન્ય રાખતા નથી?

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

૧૮

સપ્ટેમ્બર ૨૫, ૧૯૪૪.

વહાલા કાઇદે આઝમ,

કાલની આપણી વાતચીત પછી તમને કદાચ કંટાળા ભરેલો લાગે એવો આ પત્ર મોકલવાને હું તૈયાર થયો છું. મને આશા છે કે તમે એને બરદાસ્ત કરી લેશો.

રાજાજીની યોજના વિષે તેમની સાથે તમારે ગયા જુલાઈ મહિનામાં થયેલો પત્રવહેવાર, તે પછી તમે તેને વિષે મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિ સાથે કરેલી મસલત, અને આપણે બન્ને મળીએ એવી દરખાસ્તનો મારો તમારા પરનો પત્ર, એ ત્રણેને પરિણામે આપણી વાતચીતો ગોઠવાઈ છે. ગઈ કાલની મારી દરખાસ્ત લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલી મુદ્દાની બાબતોને સંતોષવાનો સાચા દિલનો પ્રયત્ન છે, તેથી એ દરખાસ્ત, જે કોમી એકતાનું કાર્ય પાર પાડવાને માટેની સેવાના એકમાત્ર હેતુથી કરવામાં આવેલી છે, તેને ફેંકી દેતાં પહેલાં તમે સો વખત વિચાર કરો એવી મારી માગણી છે. મારી તમને આજીજી છે કે, આ દરખાસ્તનો ઇન્કાર કરવાની જવાબદારી તમે ન લો. તે જવાબદારી તમારી કાઉન્સિલને માથે નાખો. તેને સંબોધવાની મને તક આપો. તેને પણ તે દરખાસ્ત નામંજૂર કરવા જેવી લાગે, તો તમે કાઉન્સિલને એવી સલાહ આપો કે, લીગની ખુલ્લી બેઠક આગળ તે રજૂ કરવામાં આવે, એમ હું તમારી પાસે માગું છું. મારી સલાહ જો તમને માન્ય થાય અને તમારી પરવાનગી મળે, તો લીગની ખુલ્લી બેઠકમાં હાજર રહીને તેને સંબોધવાને પણ હું રાજી છું.

આપણી વચ્ચેના મતભેદના મુદ્દાઓને અંગે લવાદીને માટે અથવા રસ્તો કાઢવાને બહારથી સહાય લેવાની મારી દરખાસ્તને વાળી કાઢવામાં તમે વધારે પડતી અને ખોટી વરણાગી અથવા ઝીણવટ કરો છો, એમ મને લાગે છે. હું તમારી પાસે કોઈના પ્રતિનિધિના દરજ્જાથી નહીં, પણ મારા અંગત દરજ્જાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો છું, અને છતાં હું તમારી સાથે સમજૂતી પર આવી શકું તો તે વાતનો રાષ્ટ્રીય મહાસભા અને મુસ્લિમ લીગ વચ્ચે સમજૂતી કરાવવામાં અને તેનો દેશની પાસે સ્વીકાર કરાવવામાં સારો સરખો ઉપયોગ થાય એમ છે, એમ આપણે બન્નેએ માનેલું છે.

તમને ખરેખર એમ લાગે છે કે, આપણી પરસ્પર પ્રતીતિ કરાવવાના પ્રયાસમાં ઉમેરો કરવાના હેતુથી બહારની મદદ, માર્ગદર્શન, સલાહ એટલું જ નહીં, પણ લવાદી જરૂર પડે તો સ્વીકારવી, એ આપણી ચર્ચામાં અપ્રસ્તુત છે, અથવા આપણી ચર્ચામાં ન દાખલ કરી શકાય એવું તત્ત્વ છે ?

તમારો વિશ્વાસુ

મો. ક. ગાંધી

૧૯

સપ્ટેમ્બર ૨૬, ૧૯૪૪

વહાલા મિ. ગાંધી,

તમારો સપ્ટેમ્બર ૨૫ નો પત્ર મળ્યો. ગયા જુલાઈ મહિનામાં રાજાજીની યોજનાને અંગે તેમની સાથે મારે થયેલા પત્રવહેવારને પરિણામે આપણી વાતચીતો ગોઠવાઈ છે એમ તમે કહો છો, તે તદ્દન ખોટું છે, અને તે વાતને હકીકતનો કોઈ આધાર નથી; અને "તેને અંગે લીગની કાર્યવાહક સમિતિ સાથે મેં મસલત કરી" એમ તમે કહો છો, તે પણ તેવું જ પાયા વગરનું છે. તમારો ૧૭ મી જુલાઈ, ૧૯૪૪નો લખેલો પત્ર, જે હું શ્રીનગરમાં હતો ત્યારે મને મળ્યો હતો, જેમાં આપણે મળીએ એવી લાગણીભરેલી વિનંતી તમે કરી હતી, અને જેમાં તમે છેવટે એમ જણાવ્યું હતું કે, " મને નિરાશ કરશો નહીં"; કેવળ તે પત્રના જવાબમાં જ આપણી મુલાકાતો ગોઠવાઈ છે. શ્રીનગરથી ૧૯૪૪ના જુલાઈ માસની ૨૪ મી તારીખે તમને લખેલા મારા જવાબમાં મેં તમને જણાવ્યું હતું કે, ઑગસ્ટ માસની અધવચના અરસામાં મારું મુંબઈ પાછા ફરવાનું થશે તે વખતે મુંબઈના મારા ઘરમાં તમને આવકાર આપવાને હું ખુશી છું. આ વાત અખિલ હિન્દ મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિ, અથવા અને તેની કાઉન્સિલની સભા થઈ અને તેને માટે હું લાહોર પહોંચ્યો, તે પહેલાં ઘણા વખત આગળ બની હતી. અને તમે જ્યારે અહીં આવ્યા ને તમે મને જણાવ્યું કે, તમે કેવળ તમારા અંગત દરજ્જાથી મારી સાથે વાતચીતો કરવાના છો તે વખતે મેં તમને સ્પષ્ટ ખુલાસો કર્યો હતો, અને આપણી વાતચીતો તેમ જ પત્રવહેવાર દરમિયાન તમને વારંવાર જણાવ્યું હતું કે, તમે જે સ્થિતિ અખત્યાર કરી છે, તેને માટે આગળ બનેલા કોઈ દાખલાનો આધાર નથી, અને વધારામાં મેં જણાવ્યું હતું કે, મસલત કરનારા બન્ને પક્ષો સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિનિધિત્વનો દરજ્જો ધરાવતા ન હોય, ત્યાં સુધી તેમની વચ્ચે મંત્રણાઓ ચલાવવાનું અને કોઈ પણ સમજૂતી પર આવવાનું શક્ય નથી; કેમ કે, એ સંજોગોમાં જે સમજૂતી કરવામાં આવે, તે કોઈ પણ એક સંસ્થાને કોઈ પણ અર્થમાં બંધનકર્તા થતી નથી; અને તમે તો કોઈ સમજૂતી થાય તો તેનો તમારા અંગત દરજ્જાથી રાષ્ટ્રીય મહાસભાને અને દેશને સ્વીકાર કરવાને કેવળ ભલામણ કરવાને જ બંધાતા હતા, અને મુસ્લિમ લીગના પ્રમુખ તરીકે મને તે સંપૂર્ણ રીતે બંધનકર્તા થાય. આમ એ આખો વહેવાર એકપક્ષી થઈ જાય છે. આ સ્થિતિ હું સ્વીકારી શકતો નથી. મને આશા છે કે, આ વહેવારમાં રહેલો અન્યાય, અને તેનાથી મને થતો મોટો ગેરલાભ તમે જુઓ છો. વળી, આ એટલી બધી સાદી અને સીધી વાત છે કે, તે કોઈ પણ માણસ સમજી શકે.

તમારી ગઈ કાલની દરખાસ્ત, જેનું તમે તમારા ૨૪ મી સપ્ટેમ્બરના પત્રમાં વધારે વિગતે નિરૂપણ કરેલું છે, તેનો જવાબ મેં આ પૂર્વે જ આપી દીધો છે. મુસ્લિમ લીગની કાઉન્સિલની સભાને સંબોધવાની પરવાનગીની, અને તમારી દરખાસ્ત તે લોકોને નામંજૂર કરવા જેવી લાગે, તો તેને મુસ્લિમ લીગની ખુલ્લી બેઠક આગળ રજૂ કરીને ખુલ્લી સભાને સંબોધવાની તમે માગેલી પરવાનગીની સૂચનાના સંબંધમાં મારે તમને જણાવવું જોઈએ કે, મુસ્લિમ લીગની કાઉન્સિલ અથવા તેની ખુલ્લી બેઠકની સભાના કામકાજમાં ભાગ લેવાનો અધિકાર અનુક્રમે તેના સભ્યને અને તેના પ્રતિનિધિને જ પ્રાપ્ત થાય છે. ઉપરાંત મને એમ લાગે છે કે, આ એક અત્યંત અસાધારણ અને પૂર્વે કદી ન થઈ હોય તેવી જાતની સૂચના છે. આમ છતાં તમારી સલાહને માટે હું તમારો આભારી છું.

બહારના કોઈ લોકોને આપણને રસ્તો બતાવવાને માટે, અથવા આપણી વચ્ચે લવાદી કરવાને માટે બોલાવવાની તમારી દરખાસ્તની બાબતમાં આ પહેલાં જ મેં તમને જવાબ આપી દીધેલો છે, અને તે જવાબ કાર્યપદ્ધતિને અંગેની ખાલી વરણાગી અથવા ઝીણવટ પૂરતો જ નથી, પરંતુ સંગીન મહત્ત્વનો છે.

રાષ્ટ્રીય મહાસભા અને લીગ વચ્ચે સમજૂતી કરાવવાની જેવી તમારી આતુરતા છે, તેવી જ મારી પણ છે.

અને છતાં મારે જણાવવું પડે છે કે, તમારી પ્રતીતિ કરાવવાની અને તમને મારે પક્ષે વાળી લેવાની મને જે ઉમેદ હતી, તે પાર પાડવામાં હું છેક નિષ્ફળ ગયો છું તેનો મને ખૂબ રંજ થયો છે.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

સપ્ટેમ્બર ૨૬, ૧૯૪૪

વહાલા કાઇદે આઝમ,

ગઇ કાલે મેં તમને જે પત્ર લખ્યો હતો, તેનો ખ્યાલ રાખીને મારા પોતાના જ વલણને હું અનુસર્યો હોત, તો આજે આપણી વાતચીત થાય ત્યાં-સુધી તમારા પત્રનો જવાબ આપવાનું મેં મોકુફ રાખ્યું હોત પરંતુ રાજાજીની સલાહને માન આપીને આપણી વચ્ચે ચાલતા પત્રવહેવારની સાંકળને પૂરી કરવાનું મેં યોગ્ય માન્યું છે.

મારા ૨૪મી તારીખના પત્રથી જે યોજના તમારી આગળ મેં રજૂ કરી હતી તેનાથી, અને રાજાજીએ તમારી આગળ રજૂ કરેલી ઉકેલની યોજનાની દરખાસ્તથી લાહોરના ઠરાવામાં જે કંઈ સમાવવામાં આવેલું છે, તે હકીકતમાં તમને મળી રહેતું હતું, અને તેની સાથે સાથે એ દરખાસ્તો દ્વારા જે વ્યવસ્થા થાત, તેને દેશ પાસે માન્ય કરાવવાને માટે જે કંઈ અત્યંત જરૂરનું હોય તેની પણ જોગવાઈ થઈ રહેતી હતી, એ વાત ન સમજવાને તમે કેમ મમત પકડી બેઠા છો, તે હું ખરેખર સમજી શકતો નથી, એટલું મારે કબૂલ કરવું જોઈએ. તમે જેને લાહોરના ઠરાવના પાયાના અને મૂળભૂત સિદ્ધાન્તો તરીકે ઓળખાવો છો, તેવી અમુક એક વિશિષ્ટ પ્રકારની વિચારસરણીનો મારે સ્વીકાર કરવો જોઈએ, એમ તમે કહ્યા કરો છો. અને મારી દલીલ એવી છે કે, હિન્દુ-મુસ્લિમ સવાલને અંગે જેમની દૃષ્ટિ વચ્ચે ભેદ છે, એવા આપણે બંનેને માટે સારામાં સારો અને સૌથી ડહાપણભરેલો રસ્તો એ છે કે, મુસ્લિમ લીગના ઠરાવમાં જે જાતની માગણી કરવામાં આવી છે તેને આકાર આપવો, અને આપણને બંનેને સંતોષ થાય તેવી રીતે તેની વિગતો ઘડી કાઢવી. હું એમ સમજું છું કે, રાજાજીની યોજનાનો ખ્યાલ આ દૃષ્ટિથી કરવામાં આવેલો છે, અને એ જ દૃષ્ટિથી આપણા બંને વચ્ચે જે વાતચીતો થઈ તે ધ્યાનમાં લઈને તે દરમિયાન તેની વિગતો ઘડવાનો પ્રયાસ મેં કર્યો છે. મારો દાવો એવો છે કે, મારી તેમ જ રાજાજીની યોજનાથી તમને લાહોરના ઠરાવનું સત્ત્વ મળી રહે છે. કમનસીબે તમે બંને યોજનાઓનો સ્વીકાર કરવાને ઇન્કાર કર્યો છે, અને તમે જે રીતે ઇચ્છો છો તે રીતે, અને તેમાંયે ખાસ કરીને તે ઠરાવનો અર્થ કરવાને અંગે જે દાવાઓ અને સિદ્ધાન્તોનો હું સ્વીકાર ન કરી શકું, કે દેશને સ્વીકારવાને સમજાવી ન શકું, તેમના પાયા પર લાહોરના ઠરાવનો સ્વીકાર હું કરી શકતો નથી.

કોઈના પ્રતિનિધિના દરજ્જાનો અધિકાર મેં મેળવ્યો નથી, એ વાતનો ડગલે ને પગલે તમે જે ઉલ્લેખ કરતા રહ્યા છો, તે મને સાચે જ અપ્રસ્તુત લાગે છે. હું તમને મળ્યો તે એટલા જ હેતુથી કે, તમે અને હું બંને મળીને કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાન કાર્યક્રમની પદ્ધતિને વિષે સમજૂતી પર આવીએ, અને તે પછી હું મારી પાસે જે કંઈ લાગવગ છે તેનો ઉપયોગ કરીને રાષ્ટ્રીય મહાસભા તેમ જ દેશ પાસે તેનો સ્વીકાર કરાવું. આપણી મસલતો હવે તમે તોડી નાખશો, તો તેનું કારણ એ નહીં હોય કે, મારી પાસે કોઈના પ્રતિનિધિત્વનો દરજ્જો નથી, અથવા લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા દાવાને અંગે તમને સંતોષ આપવાને હું ખુશી નથી.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

૨૧

સપ્ટેમ્બર ૨૬, ૧૯૪૪

વહાલા મિ. ગાંધી,

તમારો ૨૬મી સપ્ટેમ્બરનો પત્ર મળ્યો છે, અને તે તમે રાજાજીની સલાહથી લખ્યો છે, એ પણ મેં જોયું. બેશક, તમારી મરજી પડે તેની સલાહ પ્રમાણે તમે ચાલી શકો, પરંતુ હાલ તુરતને માટે મારે કેવળ તમારા એકલાની સાથે જ લેવાદેવા છે. વળી હું એ પણ જોઉં છું કે, આપણા પત્રવહેવાર દરમિયાન છેક છેલ્લી ઘડીએ અત્યાર સુધી જે ગાંધી-રાજાજી યોજનાને આપણી ચર્ચામાંથી દૂર રાખવામાં આવી હતી, તેને તમે પાછી તેમાં દાખલ કરી છે, અને આગળ ચાલીને તમે એમ જણાવો છો કે, તે યોજનાથી લાહોરના ઠરાવમાં જે કંઈ સમાવવામાં આવેલું છે, તે મને મળી રહે છે. વળી આગળ વધીને તમે જણાવો છો કે, છેલ્લામાં છેલ્લી જે દરખાસ્તો તમે રજૂ કરી છે, અને તમે તમારા ૨૪ મી સપ્ટેમ્બરના પત્રમાં જેનો ઉલ્લેખ કરેલો છે, તે દરખાસ્તો તે જ યોજનાના પાયા પર ઘડવાનો તમે પ્રયાસ કરેલો છે, અને તમે હજી પણ કહો છો કે, બંને દરખાસ્તોથી મને લાહોરના ઠરાવનું સત્ત્વ મળી રહે છે. તમારા આ પહેલાંના એક પત્રમાં તમે એવું વિધાન કરેલું છે કે, તમારી યોજનાથી લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા દાવાનો 'સાર' મને મળી રહે છે. હું એ બન્ને દરખાસ્તો વચ્ચે ઘાડા સગપણનો સંબંધ જોઉં છું, અને એ એક અથવા બીજી, બંને દરખાસ્તોનું સત્ત્વ એકનું એક જ છે; ફેર માત્ર એટલો કે ભાષા બન્નેની જુદીજુદી છે; અને મેં મારો અભિપ્રાય આ પૂર્વે જ જણાવેલો છે કે, મારા નિશ્ચિત મત મુજબ તે બંને દરખાસ્તો પૈકીની એકે લાહોરના ઠરાવના સાર કે સત્ત્વ સુધી પહોંચી શકતી નથી. ઊલટું, એ બંને દરખાસ્તોનો આશય મુસ્લિમ હિન્દની પાકિસ્તાનની માગણીને ઉડાવી દેવાનો છે. કોઈ પણ એક વિશિષ્ટ સિદ્ધાન્ત અથવા વિચારસરણી તમારે સ્વીકારવી, એવું મેં તમને કહ્યું નથી, અથવા લાહોરના ઠરાવમાં કોઈ નવા સિદ્ધાન્તો મેં દાખલ પાડ્યા નથી. તાત્ત્વિક વિચારસરણીઓ અને સિદ્ધાન્તો ઊભા કરવા, એ પંડિતોના શોખનો વિષય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની તે વાત ફરી ફરીને કરવાનું મને ગમતું નથી, છતાં તેમ કરવાની મને ફરજ પડે છે. તમે કોઈના પણ પ્રતિનિધિના દરજ્જાનો અધિકાર મેળવ્યો નથી, એ વાતના મેં કરેલા ઉલ્લેખો આપણી ચર્ચામાં સાચે જ અપ્રસ્તુત છે, એમ જે તમે જણાવો છો, તે વાતની સાથે હું સંમત થઈ શકતો નથી. એથી ઊલટું, મેં તમને એકથી વધારે વખત આ પૂર્વે ખુલાસો કરેલો છે, તે મુજબ આ ઉલ્લેખોનો આપણી મસલતની સાથે મહત્ત્વનો સંબંધ છે. તમે ફરી પાછું જણાવ્યું છે કે, કોઈ પણ એક સમાન કાર્યપદ્ધતિને વિષે આપણે બન્ને સંમત થઈ શકીએ, તો તે કાર્યપદ્ધતિનો રાષ્ટ્રીય મહાસભા તેમ જ દેશ પાસે સ્વીકાર કરાવવાને તમારી જે કંઈ લાગવગ છે તે બધીનો ઉપયોગ તમે કરી શકો. આપણી ચર્ચાની શરૂઆતથી જ આ પહેલાં આપેલાં કારણોસર મેં કહ્યું છે કે, હિન્દુ-મુસ્લિમ સમજૂતીને માટે તમારે પક્ષે આટલું જ પૂરતું નથી થતું. તમે જ્યારે તમારા તરફથી વળતી દરખાસ્તો રજૂ કરો છો, ત્યારે તમારા પ્રતિનિધિત્વના દરજ્જાના અધિકારનો સવાલ આપોઆપ ઊભો થાય છે, અને તે આપણી ચર્ચાને અપ્રસ્તુત છે, એમ તમે કેવી રીતે કહી શકો છો તે મારી સમજમાં આવતું નથી. ગમે તેવી મહાન વ્યક્તિ તરફથી કરવામાં આવતી દરખાસ્ત કોઈ પણ એક માન્ય સંસ્થાના સંપૂર્ણ અધિકારયુક્ત પ્રતિનિધિ દ્વારા રજૂ ન થાય, ત્યાં સુધી તેની વિચારણા કોઈ પણ બીજી જવાબદાર સંસ્થા કેવી રીતે અને કયે ધોરણે કરી શકે? એ ગમે તેમ હોય, હવે મારે એ મુદ્દાનું વધારે પીંજણ કરવાની જરૂર નથી કેમ કે, મારા આ પહેલાના પત્રોમાં મેં તે વિષે પૂરતો ખુલાસો કરેલો છે.

આપણી મસલતો તૂટી પડશે તો તેનું કારણ એ હશે કે, લાહોરના ઠરાવમાં સમાવવામાં આવેલા દાવાના સારની બાબતમાં તમે મારું સમાધાન કરી શક્યા નથી. અહીં સવાલ એ નથી કે, એવો સંતોષ મને આપવાને તમે રાજી છો કે નથી. હકીકત એ છે કે, તમે મને સંતોષ નથી આપી શક્યા. આપણી મસલતો તૂટી પડે એ વસ્તુ સાચે જ કમનસીબ છે. વાત એમ છે કે, કોઈ પણ માણસ તમારી સાથે સંમત નથી થતો, અથવા તમારા અભિપ્રાયથી જુદો પડે છે, તો તે સંજોગોમાં સાચા હમેશ તમે હો છો, અને ખોટો સામાવાળો હોય છે, એમ માનવામાં આવે છે; એટલે હવે પછીનું બીજું પગલું શું હશે તેનું મને ભાન છે. અને તે એ કે, મને ફજેત કરવો. તમારો સંદેશો મળે કે તરત જ તેમ કરવાને ટાંપીને બેઠેલા કેટલાક લોકો તમારા ટોળામાં છે, પરંતુ એવી બધી દમદાટી અને પરિણામોનો મુકાબલો મારે કરવો જ રહ્યો. અને હું તો મારા નિશ્ચિત અભિપ્રાયને અનુસરીને, અને મારા અંતઃકરણના ફરમાનને વશ રહીને જ ચાલી શકું.

તમારો વિશ્વાસુ

મ. અ. ઝીણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચિ

અકબર ૯, ૧૫, ૧૮; –ના હુકમથી રામાયણ મહાભારતનાં ફારસી ભાષાંતર ૧૩; –નો ધર્મસમભાવ ૧૦–૧૧
અખિલ હિંદ આઝાદ મુસ્લિમ પરિષદ ૫૮–૯
અખિલ હિંદ મુસ્લિમ લીગ –અને પ્રાંતિક સરકારની રચના ૨૭૪; –અને લોકશાહી પદ્ધતિ ૨૭૫; –અને હિંદુ મહાસભા વચ્ચે ઘર્ષણ ૨૧૮; –આમ સંપર્કનો વિરોધ કરે છે ૨૭૯–૮૦; –એક રાષ્ટ્રીય રાજ્યનો વિરોધ કરે છે ૨૮૮; –દ્રવિડિસ્તાન સૂચવે છે ૨૮૮; –બે સમવાયી રાજ્યતંત્રોની માગણી કરે છે ૨૮૧–૨; –મહાસભા સાથે મળીને હિંદના રાજબંધારણની યોજના ઘડવા સમિતિ નીમે છે ૩૭; –લોકશાહી વહીવટને ધુત્કારી કાઢે છે ૨૨૨; –સવિનય કાયદાભંગના કાર્યક્રમને ટેકો આપે છે ૪૩; –હિંદુ કોમની એકતા ઉપર આક્રમણ કરે છે ૨૮૯; –ના ઉદ્દેશો અને આશયો ૩૧; –ના ઉદ્દેશોમાં સુધારો ૩૬; –ના રાજકારણ ઉપર હિટલરની અસર ૨૯૫; –ના વિફળ રાજકારણની શિબ્લીએ કરેલી ટીકા ૩૨–૩; –ની અગિયાર માગણીઓ ૨૭૮–૯; –ની કચેરી અલીગઢથી લખનૌ જાય છે ૩૨; –ની ચળવળની કાર્યપદ્ધતિ ૨૮૭; –ની સ્થાપના ૩૧; –નું વાર્ષિક અધિવેશન ૧૯૦૮ — ૩૧
,, ૧૯૧૩ — ૩૬
,, ૧૯૧૫ — ૩૭
,, ૧૯૧૬ — ૩૮
,, ૧૯૧૭ — ૩૯
,, ૧૯૧૮ — ૪૦
,, ૧૯૧૯ — ૪૩
,, ૧૯૨૧ — ૪૩
,, ૧૯૨૩–૨૬ — ૪૪
,, ૧૯૨૭ — ૪૫
,, ૧૯૨૮–૨૯ — ૪૬
,, ૧૯૩૦–૩૪ — ૪૭
,, ૧૯૩૬ — ૪૭
,, ૧૯૩૭ — ૫૦
,, ૧૯૩૮(ખાસ)—૫૦
,, ૧૯૩૮ — ૫૧,૨૩૧
,, ૧૯૪૦ — ૫૪,૨૮૨
,, ૧૯૪૧ — ૫૯,૧૭૩,૨૮૮;
–નું ધ્યેય સરવાળે સત્તા કબજે કરવાનું ૨૯૬; –નું પ્રાંતિક ધારાસભાઓમાં બળ ૨૩૬–૭; –નો ઉદ્દેશ, પાકિસ્તાનની સ્થાપના ૬૦; –નો લાહોરનો ઠરાવ ૫૬–૭; –નો લોકશાહીનો વિરોધ ૩૧૮; –નો સ્વદેશીનો આદર્શ ૨૧૬
અજમલખાન, હકીમ ૩૬,૪૩
અજમેર ૧૫,૨૬૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઝીઝ ગુલ, મૌલવી ૩૭
અણે, શ્રી. ૨૬૫
'અત્યાચાર વિરોધી' લડતો ૨૧૬–૭
'અત્યાચારો' ૨૭૬,૨૮૧
અથર્વવેદ ૧૭૫
અનસારી, ડૉ. ૩૬,૪૦,૪૩
અનવર પાશા ૩૫
અફઘાનિસ્તાન ૨૧૫
અબ્દુલ બારી, મૌલાના ૪૦
અબ્દુરરહીમ ખાન-ઇ-ખાનાં ૧૫
અબ્દુલ લતીફ, ડૉ. ૫૨,૨૫૫, ૨૮૩–૪, ૩૦૦
અબ્રાહ્મણ ચળવળ ૮૬–૭
અમદાવાદ ૨૧૨,૨૬૫
અમીર ખુશરૂ ૧૨,૧૭
અમૃતસર ૩૧,૪૩
અલગ કોમી મતદાર મંડળો ૩૦,૮૧, ૮૨, ૮૪, ૮૫, ૯૧–૨, ૯૬, ૧૩૧, ૧૩૭,૧૪૦,૧૫૬,૨૨૧,૨૫૯,૨૮૬
અલી ઇમામ, સર ૪૬,૭૬(પા)
અલીગઢ ૨૨,૨૬,૩૧,૩૨,૭૧
અલીગઢ કૉલેજ ૨૪,૭૪;–ના યુરોપિયન પ્રિન્સિપાલોનો પ્રભાવ ૨૫; –ના યુરોપિયન પ્રિન્સિપાલોના પ્રભાવનો અંત ૩૨
અલીગઢ યોજના ૨૮૪–૫
અલીભાઈઓ ૪૦,૨૬૦
અલીમહમદ ભીમજી ૨૬
અલ્લાઉદ્દીન હુસેનશાહ સુલતાન–નો ધર્મસમભાવ ૧૦
અલ્લાબક્ષ, ખાન બહાદુર ૫૮–૯,૨૯૮
અલ્લાહાબાદ ૯૭
અવધમાં બળવાનું સ્વરૂપ ૧૨૦
અસહકાર ૪૧
અહમદનગર ૯
અહમદ સયીદ, મૌલાના ૪૩
અંગ્રેજી ભાષા ૧૨૧, ૩૨૬
અંગ્રેજી શિક્ષણ ૧૨૧, –અને હિંદુઓ ૧૨૨
અંગ્રેજોએ કરેલી આર્થિક લૂંટ ૧૧૮–૯
અંગ્રેજોનો મહાન ઇન્કાર ૧૧૮
અંજુમને ઉર્દૂ ૨૭; –ની સ્થાપના ૭૪

આગાખાન, નામદાર ૩૧, ૭૬ (પા) ૭૭, ૮૨, ૯૬, ૯૯; –મુસ્લિમ પ્રતિનિધિ મંડળના આગેવાન ૨૯; –લીગના પ્રમુખ ૩૨; –લીગના કાયમી પ્રમુખપદેથી રાજીનામું આપે છે ૩૭
આગ્રા ૨૪
આજમગઢ ૭૩
આઝાદ, મૌ. અબુલ કલામ ૩૪, ૩૬, ૩૭, ૫૭, ૨૬૦
આઝાદ મુસ્લિમ પરિષદ ૪૩
આત્મનિર્ણય ૪૦, ૧૮૯, ૨૦૩, ૨૦૬
આદિલશાહી સુલતાનો ૯
આર્યોનો હિંદ સાથે સંબંધ ૭–૮
આર્કિબાલ્ડ ૩૨, ૭૫–૭૬, ૭૭, ૧૧૬,
આર્યસમાજ ૧૨૬
આંબેડકર, ડૉ. ૧૯–૨૦, ૭૩, ૨૨૪, ૨૩૨, ૨૪૦, ૨૪૮

ઇકબાલ, સર મહમદ ૪૫, ૪૭, ૨૬૯–૭૦
ઇરાક ૨૨૭
ઇલિઝાબેથ ૧૧
ઇબ્રાહીમ લોદી ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્તંબૂલ ૩૫
ઇસ્લામનો હિંદુ વિચારસરણીમાં પ્રવેશ ૧૪
ઈરાન ૨૨૭
ઉર્દૂનો જન્મ ૧૫
ઉપનિષદોનું ફારસી ભાષાંતર ૧૩
એડવર્ડ છઠ્ઠો ૧૧
એના બાપ્ટિસ્ટો ૧૨૩
'એલિસ ઇન ધિ વન્ડર લૅંડ' ૧૬૦
એલ્ફિન્સ્ટન, માઉન્ટ સ્ટૂઅર્ટ ૧૦૩
ઍંગ્લિકન (પ્રૉટેસ્ટન્ટ) પંથ ૧૧
'ઍંગ્લો-મુસ્લિમ ડિફેન્સ એસોસિયેશન ૭૩; -ની લંડન શાખા ૭૪
ઐક્ય પરિષદ ૯૮
ઓ. કિનલી, મિ. જેમ્સ ૧૦૭
ઓબેદુલ્લા સિંધી, મૌલાના ૩૭
ઔદ્યોગિક ક્રાંતિ ૧૮૫
ઔરંગઝેબ ૧૩, ૧૮
કબીર ૧૩, ૧૪
कमळ ૨૧૬
કમાલ આતાતુર્ક ૧૬૫
કરાંચી ૨૩૦
કર્ઝન, લૉર્ડ ૨૮, ૭૭, ૭૮
કલકત્તા ૨૮, ૨૯, ૭૭, ૯૮, ૧૦૯, ૨૬૧, ૨૬૨
કાદરી, મહમદ અફઝલ હુસેન ૨૮૪
કાનપુર ૧૨૫, ૨૬૫
કાવૂર ૧૮૪
કાશી ૨૬૦
કાશ્મીર ૨૧૯, ૨૩૧
કિફાયતુલ્લા મુફતી, મૌલાના ૪૦, ૪૨-૩, ૫૯
કુબલાઈ ખાન ૮
કૅલોગ પૅક્ટ ૨૦૪ (પા)
કેળકર, શ્રી એન. સી. ૨૬૨, ૨૬૪
કૉટમેન જે. ૧૦૧
કોમી ચુકાદો ૯૪, ૯૫, ૯૭, ૧૮૫, ૨૧૭, ૨૬૪, ૨૬૫, ૨૭૮
કોમી ત્રિકોણ ૬૨, ૧૩૬; -ની ત્રણ બાજુઓ ૪; -ની ત્રણ ભુજાઓ ૩; -માં હિંદુઓનો ભાગ ૨૫૨
કોમી ધોરણ ૧૩૨, ૧૪૧-૨
કોમી ભાવના ૧૩૧-૫
કોમી રાજકારણ ૨૬૪
કોમી રાજકીય પક્ષ ૨૬૩
કોમી રાષ્ટ્રવાદ ૨૩૨ -નું પરિણામ ૨૪૧
કોમી સવાલ ૨૭૧; -અને આમ જનતાનો સંપર્ક ૩૨૭; -અને મૈત્રી ૩૨૬-૭; - અને રાજ્યવ્યવસ્થા ૩૨૯-૩૦; -અને સમભાવ ૩૨૬; -અને હૃદયપરિવર્તન ૩૨૫-૬; -ના ઉકેલ માટે દેશની મુક્તિની પહેલી જરૂર ૩૧૬; -ના ઉકેલની જવાબદારી પ્રધાનપણે હિંદુઓની ૩૧૬; -ના ત્રણ પક્ષકારો ૩; -ની આર્થિક બાજુ ૧૫૦; -ને નવી દૃષ્ટિએ જોવાની જરૂર ૫; -નો ઉકેલ અને પરદેશી અમલમાંથી મુક્તિ ૩૧૪; -નો જ્યૉર્જ શુસ્ટરે સૂચવેલો ઉકેલ ૩૨૪; -બ્રિટિશોએ ઊભો કરેલો ૩૧૪; -હિંદી રાજકારણને ઘેરી લે છે ૩
કોમી સંસ્થાઓ ૨૬૬; -મહાસભાની મહેનત પર જીવવા માગે છે ૨૨૯; -મહાસભાનું કોમી હિંદુ સંસ્થામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાંતર ઝંખે છે ૨૪૧; –ની લશ્કરી સામર્થ્ય અને પદ્ધતિ ઉપર શ્રદ્ધા ૨૨૫; –નો રાષ્ટ્રીયતાનો દાવો ૨૧૩; –નો લોકશાહીનો વિરોધ ૨૨૨; –નો હિંસા પ્રત્યે પક્ષપાત ૨૨૨; –માં પરદેશી રાજ્યના પ્રતિકારનો અભાવ ૨૨૬–૭; –માં લોકકલ્યાણની લાગણીનો અભાવ ૨૨૪
ક્રોમવેલ ૧૨૩

ખલિક-ઉઝ-ઝમાન ૨૭૭
ખાકસાર સંગઠન ૫૪, ૫૫
ખાન અબદુલ ગફારખાન ૩૨૯
ખાનસાહેબ, ડૉ. ૧૪૯
ખિલાફત ૪૦
ખિલાફત આંદોલન ૪૧
ખિલાફત પરિષદ ૪૧
ખ્વાજા અલ્તાફ હુસેન હાલી ૨૬

ગાલિબ ૧૨૧
ગાંધી, મહાત્મા ૪૦, ૫૧, ૧૫૯, ૨૧૯, ૨૩૫, ૨૪૨, ૨૪૭, ૨૫૦, ૨૬૫, ૨૭૨, ૩૧૬; –અને અસ્પૃશ્યતા ૨૫૪; –ના વલણમાં રહેલું ડહાપણ ૩૨૫; –ની લીગની બેઠકમાં હાજરી ૩૭
ગુજરાત ૧૫
ગોવધ ૭૧, ૭૨
ગોળમેજી પરિષદ ૨૯૩; –પહેલી ૧૬૪; –બીજી ૨૪૨; –ત્રીજી ૯૭
ગૌડ ૧૫
ગૌહત્તી ૨૬૩
ગ્રાનાદા ૨૫૬
ગ્રાંટ, મિ. જેમ્સ ૧૧૨
ગ્રીન, ટી. એચ. ૨૦૦
ગ્વાયર, સર મોરિસ ૨૩૪

ચિત્રકળામાં હિંદુમુસ્લિમ પરંપરાનો સમન્વય ૧૫
ચેમ્બરલેઈન, સર ઑસ્ટિન, ૨૦૪ (પા)
ચેમ્સ્ફર્ડ, લૉર્ડ ૮૪
ચૈતન્ય ૧૪
ચોવીસ પરગણાં ૧૨૪
ચૌદ મુદ્દાઓ ૨૭૦, ૨૭૮
ચૌરીચૌરા ૪૪

જજિયાવેરો ૧૦
જમાલ પાશા ૩૫
જમાલુદ્દીન અહમદ ૧૫૦
જમિયત-ઉલ-ઉલેમા-ઇ-હિંદ –ની સ્થાપના ૪૧–૨; –નો ફતવો ૪૨; –નો આઝાદ મુસ્લિમ પરિષદને ટેકો ૪૩; –નો ૩૦–૩૧ની સવિનય કાયદાભંગની હિલચાલને ટેકો ૪૩
જલિયાંવાલા બાગની કતલ ૪૩
જયપુર ૨૧૯
જયસિંગ ૧૮
જશવંતસિંગ ૧૮
જસ્ટિસ પાર્ટી ૮૬, ૮૭, ૨૩૮
જામિયામિલિયા ઇસ્લામિયાની સ્થાપના ૪૩
જોનપુર ૧૫, ૧૭

જ્ઞાતિવ્યવસ્થા ૨૫૨–૫૪

ઝફરુલ હસન, સૈયદ ૨૮૪
ઝફરુલ્લાખાન ૪૫, ૪૮
ઝા, મીર હુમાયુન ૨૬
ઝાંસી ૧૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીણા, મહમદઅલી ૩૭, ૪૫, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫, ૫૬, ૫૯, ૭૩, ૯૯, ૧૦૦, ૧૬૦, ૧૬૪, ૧૭૩, ૨૧૩, ૨૧૬, ૨૧૯, ૨૨૧, ૨૨૪, ૨૨૫, ૨૨૭, ૨૨૯, ૨૩૩, ૨૩૪, ૨૪૦, ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૭૭, ૨૮૯; –અને રાષ્ટ્રીય મહાસભા ૨૭૨–૩; –ના ચૌદ મુદ્દા ૧૪૨; –ની પરસ્પર વિરોધી વાતો ૨૯૦–૨૯૪

ઝૈન-ઉલ-આબિદ્દિન ૯; –નો ધર્મ-સમભાવ ૧૦

'ટાઇમ્સ' (લંડન) ૭૪

ટોડરમલ ૧૮

ટ્રિટ્સ્કે ૨૨૪

ટ્રૉટ્સ્કી ૨૦૯

ડેલ્હાઉસી, લૉર્ડ ૧૧૭

તકીઉદ્દીન ૮

'તરુણતુર્ક' હિલચાલ ૩૫–૬

તલાત પાશા ૩૫

તારાચંદ ૯ (પા)

તિલક ૧૭

તીતૂમિયાં ૧૨૩

થાણેશ્વર ૫૧

થૉમ્સન, એડવર્ડ ૧૦૧, ૨૬૯

દત્તાત્રેય ૧૩

દરિદ્રનારાયણ, રાષ્ટ્રવાદનો આરાધ્ય દેવ ૨૪૩

દારા શિકોહ ૧૨; –ના હુકમથી ઉપનિષદોનાં ફારસી ભાષાંતર ૧૩

દારૂબંધી ૧૪૭

દાર્જિલિંગ ૨૮

દિલ્હી ૧૫, ૧૮, ૪૩, ૪૮, ૧૨૫, ૨૬૨, ૨૬૪

'દૂરબીન' ૧૧૦ (પા)

દેવબંદ ૪૩

દેશી ભાષાઓ ૧૨૧

દૌલતખાન ૧૮

દ્રવિડિસ્તાન ૨૩૯

દ્વિમુખી રાજવહીવટ ૨૩૮

ધર્મ અને સંસ્કૃતિ ૨૫૭–૮

ધર્મસહિષ્ણુતા, હિંદુમુસ્લિમ રાજાઓની ૯

'ધિ ઑબઝર્વર' ૨૬૯

ધિ મહોમેડન ઍંગ્લો–ઓરિયેન્ટલ ડિફેન્સ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયા ૭૧

ધિ રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનૅશનલ ઍફેર્સ ૧૨૬

નદિયા ૧૨૩

નવાબ અમીર હસનખાન ૨૯

નવાબ મહમદ ઇસ્માઈલખાન ૨૭૭

નવાબ મોશીન-ઉલ-મુલ્ક ૨૬

નવાબ વિકાર ઉલ-મુલ્ક ૨૬, ૩૨

નવાબ સલિમુલ્લાખાન ૨૯, ૩૧, ૩૫

નવાબજાદા ખ્વાજા અતિકુલ્લાખાન ૨૯

નાનક ૧૩, ૧૪

નાગપુર ૨૧૮, ૨૬૫

નાયડુ, સરોજિની ૩૭, ૪૦

નિજામુદ્દીન ૮

નિઝામશાહો ૯

નિઝામુદ્દીન, સર જી. ૧૪૮

નિચાલતિજિન ૧૭

નૂરખાં ૧૮

નેપાલનું હિંદુ રાજ્ય ૩૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન ૧૭૯
નેહરુ, પંડિત જવાહરલાલ ૫૪, ૧૨૭, ૨૧૪, ૨૧૫, ૨૨૨, ૨૨૩, ૨૪૭, ૨૭૬, ૨૭૭, ૩૨૦, ૩૨૭
નેહરુ, પંડિત મોતીલાલ ૨૬૩
નેહરુ રિપોર્ટ ૪૬
ન્યાતની સંસ્થા ૧૨૯, ૧૩૦

પક્ષને ધોરણે સરકાર ૨૭૬
પટના ૨૩૧
પહેલવી રેઝાશાહ ૨૫૬
પંજાબ ૧૫૫; –હિંદુ પરિષદ ૨૫૯
'પંજાબી' ૩૦૦; –ની યોજના ૨૮૨–૩
પાકિસ્તાન ૯૯; –દિગ્વિજયી રાજ્ય ૧૬૩; –લીગનું ધ્યેય ૨૮૮; –સામે શીખોનો વિરોધ ૨૯૦–૨; –ની માગણી ૧૪૩, ૧૪૫; –ની સ્થાપના લીગનો ઉદ્દેશ ૬૦; –ની હિલચાલની નેમ ૨૭૦; –નો ઠરાવ ૫૬–૭; –નો પ્રથમ ખ્યાલ ઇકબાલનો ? ૨૬૯
પાણીપત ૮, ૫૧
પાર્લામેન્ટરી બોર્ડ ૨૬૫
પાંચમી કતાર ૨૮૫; –ની આફત ૩૧૧
પિલસુદસ્કી ૧૮૫
'પૂર્ણ સ્વરાજ્ય' ૨૬૩
પૃથ્વીસૂક્ત ૧૭૫
પ્રોટેસ્ટંટ પંથ ૧૧

ફખ્રુદ્દીન અહમદ ૮
ફઝલીહુસેન, મિયાં ૩૧
ફરીદપુર ૧૨૩
ફારસ ૮
ફારસીની વ્રજ ભાષા ઉપર અસર ૧૫; –હિંદીના શબ્દો લે છે ૧૫
ફિરોઝખાન નૂન, મલિક ૪૫
ફ્રાંકો, જનરલ ૨૮૫
ફ્રેંચાઇઝ કમિટી ૮૫

બગદાદ ૨૫૬
બદરુદ્દીન તૈયબજી ૨૬
બનિયા સામ્રાજ્યવાદ ૧૬૧, ૩૦૮
બર્ક ૧૯૩, ૧૯૬, ૩૩૦
બર્કનહેડ, લૉર્ડ ૪૫, ૯૮, ૧૦૨
બલબન, શહેનશાહ ૧૨
બસુ, ભૂપેન્દ્રનાથ ૮૬
બસુ, મેજર ૧૦૬ (પા)
બળવો (૧૮૫૭) ૨૧, ૬૨–૩, ૧૨૦, ૧૨૪–૭
બંગાળ ૧૦; –ના ખેડૂતોનાં બંડ ૧૨૪; –ના ભાગલાની યોજના ૨૮; –ના ભાગલા ૨૬ ૩૫; –ના ભાગલાનો વિરોધ ૭૭–૮; –નું પ્રધાન મંડળ ૧૫૫
બંગાળી ભાષા ૧૪
બંડ, ખેડૂતોનાં ૧૨૮
બાબર ૯
બિજનોર ૨૨
બિરબલ ૧૫
બિસ્માર્ક ૧૮૩
બીજાપુર ૯, ૧૫
બૃહત્ મુસ્લિમ રાજ્ય ૨૮૫
બેક, મિ. ૬૯–૭૦, ૭૩–૫, ૧૦૨
બૅનરજી, સુરેન્દ્રનાથ ૬૯
બે રાષ્ટ્રનો સિદ્ધાંત ૫૫
બોઆસ, ફ્રાન્ઝ ૧૭૬
બોઝ, સુભાષચંદ્ર ૨૨૧
બોડિન ૧૯૫
બોબિલીના રાજા ૨૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોસાંક્વેટ ૨૦૦
બ્રહ્મદેશ ૨૪૭
બ્રાઉન, ઇ. જી. ૩૪
બ્રિટિશ સંપર્ક ૧૨૦
બ્રેલવી, સયીદ અહમદ ૧૨૨

ભાઈ પરમાનંદ ૨૩૦, ૨૫૯, ૨૬૪

મદુરા ૨૨૬
મદ્રાસ ૨૬, ૨૮
મનુજાન ખાનુમ ૧૧૩
મનરો ૧૦૩
મનરો સિદ્ધાંત ૨૦૩
મરાઠી ભાષા ૯
મરે, પ્રો. ગિલ્બર્ટ ૨૦૩
મલબાર ૮
મલેક કાફૂર ૮, ૧૫
મસૂદ ૧૭
મહમદઅલી, મૌલાના ૩૬, ૩૭, ૩૯, ૮૨
મહમદ-ઉલ-હસન, મૌલાના ૪૨
મહમદ ગઝની ૧૬, ૧૭
મહમદ તઘલક ૧૮
મહમદ-બિન-કાસિમ ૨૧૫
મહમદ મોશીન, હાજી ૧૧૩-૪
મહમદ શફી-નવી લીગ સ્થાપે છે ૩૧
મહમદ સયીદ, મૌલાના ૪૦
મહમુદાબાદના રાજા ૩૯, ૫૦
મહમૂદ ડૉ. ૨૬૦
મહાજનો ૧૨૯-૩૦
મહાભારતનું ફારસી ભાષાંતર ૧૩
મહાયુદ્ધ-શરૂ ૩૬; -અંત ૪૦
મહાસભા (કૉંગ્રેસ), -કોમ, જાતિ, ધર્મ અને પ્રદેશની ભાવનાથી પર ૨૪૨; -બેલગામમાં ૨૬૦; 'મુસ્લિમ હિતની વિરોધી' ૨૧૩; -રાષ્ટ્રવાદના આદર્શની મૂર્તિ ૨૪૧; -લઘુમતી પ્રત્યે સદા ઉદાર ૨૪૫; -લીગ અને હિંદુ મહાસભાને કોમી જાહેર કરે છે ૨૧૩; -લોકશાહીની હિમાયતી ૨૪૨; -હિંદની મૂંગી વસ્તીની પ્રતિનિધિ ૨૪૩; -'હિંદુઓ પ્રત્યે દગાખોર' ૨૧૩; -ના જુલમોના તપાસની શ્રી ઝીણા ના પાડે છે ૨૩૪; -નાં પ્રધાન મંડળો ૨૩૦, ૨૩૪, ૩૨૦; -નાં પ્રધાનમંડળો રાજીનામાં આપે છે ૫૩; -નાં પ્રધાનમંડળોનું નિયંત્રણ ૩૧૯-૨૨; -નાં પ્રધાન મંડળોનો મુસ્લિમો પ્રત્યે વર્તાવ ૧૦૦; -ની પડખે ઊભા રહેનાર મુસ્લિમો ૨૬; -ની લીગે કરેલી ટીકા ૨૩૦; -ની સ્થાપના ૬૯; -ની સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા ૨૪૩; -ની હિંદુ મહાસભાએ કરેલી ટીકા ૨૩૦; -ને ચૂંટણીમાં મળેલો વિજય ૧૦૦; -નો જુલમ ૨૩૨-૫
મહેતા, અશોક ૮૯ (પા)
મહેન્દ્રપ્રતાપ, રાજા ૩૭
મહોમેડન એજ્યુકેશનલ કોન્ફરન્સ ૨૩
માર્કો પોલો ૮
માલવીય, પંડિત મદનમોહન ૩૭, ૯૭, ૨૧૭, ૨૬૦, ૨૬૫
માલ્ટા ૩૭, ૪૨
માળવા ૧૫
મિન્ટો, લૉર્ડ ૭૯, ૮૧, ૮૨ -નો મુસ્લિમ પ્રતિનિધિ મંડળને જવાબ ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિન્ટો મોર્લી સુધારા ૨૫૯
મિલ ૧૯૭
મિશ્ર સરકાર ૨૩૮
મીરત ૫૨
મુક્તિદિન ૫૪, ૧૫૯, ૨૨૭–૮
મુઝફ્ફરનગર ૨૬
મુનીર, ઓ. એમ. ૧૬
મુર્શિદાબાદ ૧૧૯
મુલકની વહેંચણી ૨૯૭–૩૧૨; –અને ઉદ્યોગો ૩૦૫–૬; –અને કુદરતી સરહદો ૩૧૧; –અને કુદરતી સંપત્તિ ૩૦૬; –અને ખેતી ૩૦૬; –અને ધીરધાર ૩૦૮–૯; –અને નાણાંકીય સ્થિતિ ૩૦૭–૮; –અને બંને કોમનો સંબંધ ૩૧૨; –અને બૃહદ્ રાજ્યની ભાવના ૩૧૦–૧૧; –અને સરહદ ઠરાવવામાં મુશ્કેલીઓ ૩૦૯–૧૦; –અને સાધન સામગ્રી ૩૦૪–૫; –અને હિંદનું સ્વાતંત્ર્ય ૩૧૨
મુસલમાન –વેપારી વસાહત ૭,–સૈનિકો મુસલમાન ચઢાઈનો સામનો કરે છે ૮–૯
મુસોલિની ૨૨૩
મુસ્તફા કમાલ ૨૫૬
મુસ્લિમ –પ્રતિનિધિ મંડળ ૨૯–૩૧, ૭૫–૭, ૮૨, ૯૬ –રાજ્યકર્તાઓ હિંદુ લશ્કરી અમલદારો રાખે છે ૯; –વિદ્વાનો હિંદીમાં લખવાનું શરૂ કરે છે ૧૫
મુસ્લિમો –લઘુમતી કોમ ૨૭૩–૪; –હિંદમાં કાગળનો ઉદ્યોગ દાખલ કરનાર ૧૭; –ને ઓછી રજા ૧૧૧; –ને કેળવણીમાં અન્યાય ૧૧૧–૪; –ને કોરો ચેક ૩૧૬; –ને સરકારી નોકરીમાંથી બાદ રાખ્યા ૧૧૦; –નો હિંદ સાથે પ્રથમ સંપર્ક ૬
મુંબઈ ૨૬, ૨૮, ૭૩
મૂઢગ્રાહ ૩૧૩, –રાજકારણમાં ૧૫૦; –ની વૃત્તિ ૧૯૧; –નું બળ ૪
મૅકડૉનાલ્ડ, રામ્સે ૮૨, ૧૦૨
'મૅકબેથ' ૧૪૪
મૅકમૂન, સર જ્યૉર્જ ૬૩
મૅઝિની ૧૮૨, ૨૦૯
મૅટરનિક ૧૭૯
મૅન્સફીલ્ડ, જનરલ ૧૧૭
મેરી ૧૧
મોગલ બાદશાહોની ધર્મ વિષયક નીતિ ૧૧–૨
મૉડ રૉયડન ૪૦ (પા)
'મોડર્ન રિવ્યૂ' ૪૭ (પા)
મોરિસન, મિ. થિયોડર ૭૪–૫
મોર્લી, લૉર્ડ ૮૨, ૮૩ (પા)
મોર્લીમિન્ટો યોજનામાં કોમી મતદાર મંડળ ૩૦
મોશીન–ઉલ–મુલ્ક, નવાબ ૨૭, ૭૫, ૭૬
મૉન્ટફર્ડ સુધારા ૮૬
મૉંટેગ્યુ ૮૪, ૮૫, ૮૬
યોગવાસિષ્ટનું ફારસી ભાષાંતર ૧૩
રઘુનાથ ૧૮
રજવાડાં ૯૩, ૧૫૨, ૨૩૦–૨; –'મુસ્લિમ' ૨૨૦; –'હિંદુ' ૨૨૦; –અને મહાસભા ૨૧૯; –અને લીગ ૨૧૯; –અને હિંદુ મહાસભા ૨૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતન ૧૮
રશીદ અહમદ ગંગોરી, મૌલાના ૨૯
રસખાં ૧૫
રાજકારણ ૧૩૮, –સત્તા કબજે કરવાના હેતુથી ખેલાતું ૪–૫
રાજાઓનો ઈશ્વરી અધિકાર ૨૦૦
રાજેન્દ્રપ્રસાદ, બાબુ ૧૩૭,૨૩૩,૨૭૧, ૨૮૨, ૩૦૦
રાજ્યસંસ્થા ૧૯૯;૨૨૪; –માં આદર્શવાદનાં પરિણામ ૨૦૦
રાનડે ૧૪(પા),૧૧૫
રામ અને રહીમનું મિલન ૧૪
રામકૃષ્ણ પરમહંસ ૭૭,૧૧૪
રામગઢ ૫૭
રામાનુજ ઉપર ઇસ્લામી વિચારની અસર ૧૪
રામાયણનું ફારસી ભાષાંતર ૧૩
રાય, પ્રફુલ્લચંદ્ર ૨૬૧
રાય, રાજા રામમોહન ૭૭,૧૧૪
રાવુત્તન ૮
રાષ્ટ્ર –અને રાજ્ય ૧૯૫; –ને બદલે દરિદ્રનારાયણ ૨૪૩
રાષ્ટ્રોનું સમવાયતંત્ર ૨૦૭
રાષ્ટ્રવાદ-કોમી ૨૨૬; –કોમી કે ધાર્મિક ૨૧૫; –કોમી, બિસ્માર્ક છાપનો ૨૨૫; –કોમીનું સાચું પોત ૨૨૮; –બિસ્માર્ક છાપનો ૧૯૨,૧૯૪–૫; –મુસ્લિમ ૨૧૪; –મૅઝિનીનો ૧૯૪; –હિંદનો, લોકશાહી ૨૪૭;-હિંદનો, મૅઝિનીના આદર્શનો ૨૫૦–૧; -હિંદી ૨૧૪; –હિંદીનું સ્વરૂપ ૨૪૯; –હિંદુ ૨૧૪; –અને નેપોલિયન ૧૯૯; –અને બિસ્માર્ક ૧૮૩–૪; –અને મિલ ૧૮૫; –અને મૅઝિની ૧૮૨–૩; –અને સામ્રાજ્યવાદ ૧૮૭; –ની કાર્યપદ્ધતિ સત્યાગ્રહી ૨૪૪–૫; –ની ભાવના ૧૭૬; –ની ભાવના જર્મનીમાં ૧૮૧–૨; –ની ભાવના મધ્ય યુરોપમાં ૧૮૦; –ની ભાવના યુરોપમાં ૧૭૦; –ની ભાવના સ્કેન્ડિનેવિયામાં ૧૮૦; –ની ભાવનાનો ક્રમવિકાસ ૧૯૨–૩; –નો ખ્યાલ આધ્યાત્મિક ૨૨૪; –નો પેગંબર મૅઝિની ૧૮૪; –નો બે રીતે વિકાસ ૧૮૨; –નો મીમાંસક મિલ ૧૮૪–૫
રાષ્ટ્રવાદી મુસલમાન પરિષદ ૪૬–૭
રાષ્ટ્રભાષા –ઉર્દૂ ૨૧૫; –હિંદી ૨૧૫–૬
રાષ્ટ્રસંઘ ૨૦૪–૫
રાષ્ટ્રીય મુસ્લિમ પક્ષ ૪૬
રાષ્ટ્રીય રાજ્યો ૧૯૭–૮; ૨૦૩
રાષ્ટ્રીય લિપિ ઉર્દૂ ૨૧૬; –હિંદી ૨૧૬
રાષ્ટ્રીય સમારંભ ૪૬
રિપન, લૉર્ડ ૬૫
રૂસો ૧૯૬
રેડ્ડી, સર કે. વી. ૮૭
રેનાં ૨૨૪
રેનાલ્ડશે, લૉર્ડ ૨૮
રોબેસ્પિયર ૧૨૩
રોમન કૅથલિક પંથ ૧૧
લખનૌ ૩૨,૪૬,૧૨૫; –નો રાજદરબાર ૧૨૦
લખનૌ કરાર ૩૭–૮, ૮૩, ૧૩૯
લઘુમતીઓ વિષે ગાંધીજી ૨૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લઘુમતી કોમ' ૨૩૨
લઘુમતી કોમો, યુરોપની ૧૭૦–૩
લબ્બે ૮
લંડન ૧૧૯
લાજપતરાય, લાલા ૨૬૧
લાહોરનો ઠરાવ ૨૯૮
લાસ્કી, પ્રોફેસર ૨૦૩, ૨૨૫, ૩૧૮
લિટન, લૉર્ડ ૨૪
'લિટરરી હિસ્ટરી ઑફ પર્શિયા' ૩૪
લિનલિથગો, લૉર્ડ ૫૪
લુતફુલ્લા, મૌલવી ૨૬
લોક પ્રતિનિધિ સભા ૨૨૧, ૨૬૫
લોકશાહી, –રાજકીય ૧૮૬; –સામાજિક ૧૮૬; –રાજ્યપદ્ધતિ ૩૧૮; –હિંદને પ્રતિકૂળ છે? ૩૨૦–૩
લોક સમસ્તના સામાન્ય સંકલ્પનો સિદ્ધાંત ૧૯૬
લૉરેન્સ, સર જૉન ૬૩
લૉવેટ, સર વર્ને ૬૩
લ્યૂથર ૧૨૩
વઝીર હસન, સર સૈયદ ૪૯
વર્ધા ૧૦૦
વર્ધાનો કાર્યક્રમ ૨૨૭
વર્સાઈના કરાર ૧૭૦–૨,૧૮૯–૯૦,૨૦૩
વસ્તીની ફેરબદલીનાં પરિણામો ૩૦૦–૧૨
વહાબી પંથ ૧૨૨–૬
वंदे मातरम् ૨૧૬
વાજીદઅલી શાહ ૧૨૦ (૫ા)
વિક્ટોરિયા રાણી ૧૧૦
વિજયનગરનું રાજ્ય ૯
વિનીત પક્ષનો જન્મ ૮૬
વિન્ટ, ગાય ૩૧૯
વિલ્સન, વૂડ્રો ૨૦૩
વીર બલ્લાળ રાજા ૮
વેણી પ્રસાદ, ડૉ. ૨૫૫
વ્રજભાષા ઉપર ફારસીની અસર ૧૫
વ્હાઈટ હૉલ ૧૦૦, ૧૦૩
શફી, સર મહમદ ૪૬
શરકી હુસેનશાહ ૧૭
શંકર ઉપર ઇસ્લામી વિચારની અસર ૧૪
'શાઅર-ઉલ-અજમ' ૩૪
શિબલી નુમાની, મૌલાના ૨૪ ૫,૨૬; –નો પરિચય ૩૪
શિવાજી–મુસ્લિમ લશ્કરી અમલદારો રાખે છે ૧૮
શુદ્ધિ ૨૬૨
શુસ્ટર, જ્યૉર્જ ૩૧૮–૯; –નો સૂચવેલો કોમી પ્રશ્નનો ઉકેલ ૩૨૪
શેખ-ઉલ-હિંદ-મહમદ-ઉલ-હસન ૩૭
શેરશાહ ૯; –નો ધર્મસમભાવ ૧૦
શૌકતઅલી, મૌલાના ૨૭
શ્રી ૨૧૬
શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું ફારસી ભાષાંતર ૧૩
સત્યાગ્રહી કાર્યપદ્ધતિ ૨૫૦
સપ્રુ, સર તેજ બહાદુર ૨૯૬
'સફરનામા' ૩૪
સમતુલા ૬૪–૫, ૬૭–૯, ૮૦,૮૮, ૯૦
સમવાય તંત્ર ૨૧૦,૨૪૭,૨૭૦, ૨૭૧, ૨૯૩–૪
સરકારી નોકરીમાં કોમવાર ભરતી ૨૭૧
સરમુખ્યતારી હકૂમત ૧૯૦–૧
સર્વોપરી સત્તાધારી રાજ્ય ૨૦૭–૯, ૨૧૦,૨૪૭,૨૯૩–૪
સલામતીઓ ૧૩૬, ૧૩૭, ૧૩૯, ૧૪૯, ૧૫૫–૬,૨૭૩,૩૧૭–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગઠન ૨૬૨, ૨૬૪
સંમિશ્રણ, ધર્મ અને તત્ત્વજ્ઞાનનું ૧૨; –સંગીતનું ૧૭, –સંસ્કૃતિનું ૧૨; –સ્થાપત્યનું ૧૫–૬
સંયુક્ત પ્રધાન મંડળો ૪૭, ૮૨, ૯૯, ૨૭૭, ૨૮૬, ૩૧૫–૭
સંસ્કૃતિ અને ધર્મ ૨૫૭–૮
સામ્રાજ્યવાદ ૧૮૭–૮
સાયમન, સર જોન ૯૮
સાયમન કમિશન ૪૫, ૨૬૩, ૨૯૩
સાવરકર, વી. ડી. ૨૧૨, ૨૧૮, ૨૧૯, ૨૨૨, ૨૨૪, ૨૨૫, ૨૨૯, ૨૪૦; –અને અસ્પૃશ્યતા ૨૬૬; –ની હિંદુ શબ્દની વ્યાખ્યા ૨૬૬; –ની સૂચવેલી કાર્યપદ્ધતિ ૨૬૬; –નો હિંદુ રાષ્ટ્રનો આદર્શ ૨૬૫
સિકંદર હયાતખાન ૫૫, ૩૨૩
'સિડિશન કમિટી રિપોર્ટ' (૧૯૧૮) ૩૬
સિરાજુદ્દીન ૮
સિવિલ સર્વિસની પરીક્ષા ૨૪, ૬૯
સિંધ ૨૧૫
સિંધ પ્રાંતિક મુસ્લિમ લીગ પરિષદ ૨૮૧
સિંહ, સર સત્યેન્દ્રપ્રસન્ન ૮૬–૭
સીદી મિસરી ૧૮
સીદી સંબલ ૧૮
સીદી હુલ્લાળ ૧૮
સીમલા ૩૧
'સીરત–ઉન–નબી' ૩૪
સીલી, સર જોન ૧૦૫
સુન્ની ૧૦૬
સુંદર પાંડે, રાજા ૮
સેન, દિનેશચંદ્ર ૧૪
સેન્ટ્રલ મહોમેડન એસોસિયેશન ૨૯
સૈયદ અહમદખાન, સર ૭૪; –અલીગઢની એમ. એ. ઓ. કૉલેજ સ્થાપે છે ૨૨; –અંગ્રેજોની તુમાખીની ઝાટકણી કાઢે છે ૨૩; –નું ઘર અને મિલકત બળવાખોરો લૂંટી લે છે ૨૨; –બળવા વિષે પુસ્તક લખે છે ૨૨; –મહોમેડન એજ્યુકેશન કૉન્ફરન્સ યોજે છે ૨૩; –મુસ્લિમોની વહારે ધાય છે ૨૧; –હિંદની એકતા વિષે ૧૬૪; –હિંદી પ્રજાની માગણીની હિમાયત કરે છે ૨૩–૪; –ની ભાવનામાં ફેરફાર થાય છે ૨૪
સૈયદ મહમદ ૩૧
સોમનાથ મહાદેવ ૧૭, ૧૦૬ (પા)
સોવિયેટ સમાજવાદી રાષ્ટ્રસંઘ ૨૦૬
સૌદા ૧૨૧
સ્ટૂઅર્ટ, સર હેરોલ્ડ ૮૨
'સ્ટેટ્સમેન' ૭૯, ૮૦, ૮૧
સ્ટ્રેચી, સર જોન ૭૪
હક, ફઝલુલ ૫૧, ૫૬, ૧૪૮, ૨૧૫, ૨૩૩
હક્સ્લે, આલ્ડુ ૧૦૪
હઝરત મોહાની, મૌલાના ૩૭, ૪૩–૪, ૨૬૦
હબીબુર રહેમાન, મૌલાના ૫૯
હરદયાળ, લાલા ૨૧૫
'હરિજન' ૨૫૪
હસન ઇમામ ૨૩૧
હિટલર ૨૨૩; –ની લીગના રાજકારણ ઉપર અસર ૨૯૫
હિંદ–સાથે આરબોનો સંબંધ ૭–૮ –ની સ્થાનિક બોલીઓ ઉપર પરભાષાની અસર ૧૪; –નું ભાવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજબંધારણ ૩૧૭; –માં ત્રણ રાષ્ટ્રવાદ ૨૧૪; –માં બે રાષ્ટ્ર ૨૧૨; –માં લોકશાહી ૩૧૯
હિંદી-ઉર્દૂનો વાદ ૨૭, ૭૪
હિંદી-બ્રિટિશ સંસર્ગ ૭
હિંદી બ્રિટિશ સંસ્કૃતિ ૭
હિંદી ભાષા ૧૫
હિંદી રાષ્ટ્રવાદ ૨૧૨
હિંદી રાષ્ટ્રીય મહાસભા, જુઓ મહાસભા
હિંદી લશ્કર –ની નવરચના ૬૪; –ની બાંધણી ૬૩, ૯૦
હિંદુ મહાસભા –અને ધારાસભા પ્રવેશ ૨૬૨; –કોમી સંસ્થા? ૨૬૦; –કોમી ચુકાદાને અને ધારાસભાના બહિષ્કારને વખોડે છે ૨૬૪; –શાહેનશાહને હિંદનું રાજ્ય-બંધારણ ઘડવા વિનવે છે ૨૬૫; –ની પ્રવૃત્તિ સાંસ્કારિક ૨૬૦; –ની પ્રવૃત્તિનો વિસ્તાર ૨૬૦–૧; –ની બેઠકો :
અજમેર –૨૬૪
અમદાવાદ –૨૧૨, ૨૬૫
કલકત્તા –૨૬૧–૨
કાનપુર –૨૬૫
કાશી –૨૬૦
ગૌહત્તી –૨૬૩
દિલ્હી –૨૬૨, ૨૬૪
નાગપુર –૨૬૫
બેલગામ (ખાસ) –૨૬૦
મદુરા –૨૨૬
–નું વિકૃત રાજકારણ ૨૬૭; –ને વર્ગયુદ્ધનો અણગમો ૨૬૪; –નો ઉદ્દેશ ૨૬૫
હિંદુ–મુસ્લિમ –અંતરાય વિષે ડૉ. આંબેડકર ૧૯–૨૦; –પ્રશ્ન ત્રિકોણાત્મક ૧૦૧; –પ્રશ્નની ઉત્પત્તિનાં કારણો ૨૫૬; –સંપર્ક ૬–૭; –સંસ્કૃતિ ૬; –હિતની એકતા ૮
હિંદુ રાજાના મુસ્લિમ સિપાઈઓ ૯
'હિંદુસ્તાન' ૨૯૯, ૩૦૦
હુગલી કૉલેજ ૧૧૩
હુમાયુ ૯
હુલ્લડો, ગળી ઉગાડનાર ખેડૂતોનાં ૧૨૫
હુસેન અહમદ નદવી, મૌલાના ૩૭,૪૩
હેગલ ૧૯૬, ૨૦૦
હેલી, મિ. ૧૧૧
હૅવેલ, મિ. –હિંદુ મુસ્લિમ સ્થાપત્ય વિષે ૧૫–૬
હેસ્ટિંગ્સ, વૉરન ૧૧૨
હૈદરાબાદ ૨૧૯–૨૦, ૨૩૧
હોબસન, જે. એ. ૧૮૬
હોબ્સ, ૧૯૫
હોર, સર સેમ્યુઅલ ૯૭–૮

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચવા જેવું કેટલુંક સાહિત્ય

આત્મકથા	ગાંધીજી	૨–૦–૦
'નીતિનાશને માર્ગે'	,,	૦–૮–૦
અનાસક્તિયોગ	,,	૦–૪–૦
ત્યાગમૂર્તિ	,,	૧–૦–૦
ગામડાંની વહારે	,,	૦–૨–૦
એક સત્યવીરની કથા	,,	૦–૨–૦
રાષ્ટ્રભાષા વિષે વિચાર	,,	૦-૧૨-૦
વર્ણવ્યવસ્થા	,,	૦-૧૨-૦
મંગળ પ્રભાત	,,	૦–૩–૦
વ્યાપક ધર્મભાવના	,,	૨–૦–૦
ધર્મમંથન	,,	૧–૮–૦
સર્વોદય	,,	૦–૩–૦
હિંદ સ્વરાજ	,,	૦–૬–૦
બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ	મહાદેવ દેસાઈ	૧-૧૨-૦
એક ધર્મયુદ્ધ	,,	૦–૬–૦
જીવતા તહેવારો	કાકા કાલેલકર	૧–૦–૦
ગીતાધર્મ	,,	૧–૦–૦
જીવનસંસ્કૃતિ	,,	...
જીવનવિકાસ	,,	...
કેળવણીના પાયા	કિ. ધ. મશરૂવાળા	૧–૦–૦
સ્ત્રી-પુરુષ-મર્યાદા	,,	૦-૧૨-૦
યંત્રની મર્યાદા	નરહરિભાઈ પરીખ	૦-૧૪-૦
કન્યાને પત્રો	,,	૦–૮–૦
ભારતસેવક ગોખલે	જુગતરામ દવે	૧–૮–૦
સર્વોદયની જીવનકળા	એલ. પી. જૅક્સ	૨–૦–૦
મનુષ્યની સર્વાંગીણ કેળવણી	,,	૦-૧૪-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવીતી	ધર્માનંદ કોસંબી	૧-૪-૦
વર્ધા શિક્ષણ યોજના		૧-૦-૦
સ્વદેશી સમાજ	રવીન્દ્રનાથ ટાગોર	૦-૮-૦
કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવી	રાધાકૃષ્ણન	૦-૧૪-૦
ઇંદુને પત્રો	જવાહરલાલજી	૧-૪-૦
જગતના ઇતિહાસનું રેખાદર્શન ૧-૨	,,	૧૧-૦-૦
મારી જીવનકથા	,,	૪-૦-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા		૧-૮-૦
ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ	જે. સી. કુમારપ્પા	૨-૦-૦
હિંદનું પ્રજાકીય અર્થશાસ્ત્ર	વિઠ્ઠલદાસ કોઠારી	૧-૮-૦
મારું ગામડું	બબલભાઈ મહેતા	૦-૧૦-૦
મારી વ્યાપક કેળવણી	બુકર ટી. વૉશિંગ્ટન	૧-૪-૦
મધુકર	વિનોબા ભાવે	૨-૦-૦
આહાર અને પોષણ	ઝવેરભાઈ પટેલ	૦-૮-૦
રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	મગનભાઈ દેસાઈ	૦-૬-૦
હિંદી સરકારની શિક્ષણ યોજના	વિઠ્ઠલદાસ કોઠારી	૦-૬-૦

"શિક્ષણ અને સાહિત્ય"

શિક્ષણ તથા સાહિત્ય અને રાષ્ટ્રની સમગ્ર પુનર્ઘટનાના પ્રશ્નોનો વ્યાપક દૃષ્ટિએ વિચાર અને ચર્ચા કરનારું માસિક પત્ર.

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦

જાનેવારી કે જુલાઈથી ગ્રાહક શરૂ કરવામાં આવે છે. એટલે વર્ષ વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થનારને તે તે મહિનાથી ચડેલા અંકો એક સાથે મોકલીને શરૂઆત કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar